સહીફએ કરબલા (ભાગ-૨)

(કરબલાનો ઇતિહાસ)

: લેખક :

હુજ્જતુલ ઇસ્લામ અલી નઝરી મુનફરીદ

: ગુજરાતી અનુવાદ :

ઈબ્રાહીમ બી. પટેલ

: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.) તથા આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.

અવર બેંકર્સ

નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

સહીફએ કરબલા

પ્રસ્તાવના

હઝરત આદમ(અલ.)ની સંતાન સદીઓ સુધી પરીક્ષાની ચાળણીમાં ચળાઇ અને સારા અને ખરાબ કામો કર્યા. એટલે સુધી કે ઘણું જ ગમનાક દશ્ય કરબલામાં જોવા મળ્યું. આ મંઝર ઇન્સાનના છેલ્લા શ્વાસ સુધી જમીન પર યાદગાર બનીને બાકી રહેશે. એમ લાગે છે કે અલ્લાહતઆલાએ કાએનાતને આશુરાની ઝોહરના કિસ્સાને જોવા માટે પેદા કરી છે.

વિશ્વના સર્જનની ફીલોસોફી, ઇન્સાનનો બધો જ ઇતિહાસ કરબલામાં સમેટાઈ ગયો અને આશુરની ઝોહરના તેની પરાકાષ્ઠાએ પહોંચી ગયો. દુનિયાએ કરબલામાં ઇન્સાન અને

શૈતાનનો જે મુકાબલો જોયો શું તેનાથી બેહતર જોઇ શકાય છે ? જાણે કે સમગ્ર ઇતિહાસમાં ઇન્સાન અને શૈતાન છૂપાઇને લડી રહ્યા હતા પણ કરબલામાં તલવારો જાહેરમાં આવી ગઇ. લાગે છે કે પુરો ઇતિહાસ કરબલાની પ્રસ્તાવના હતી.

ઈમામ હુસૈન(અલ.) તારીખના તમામ ઇન્સાનોના પ્રતિનિધિ છે અને યઝીદ ઈન્સાની શકલમાં પોતાની મોટી ગેંગ સાથે સૌથી મોટો શયતાન છે. શૈતાન અને ઇન્સાન ફક્ત અડધો દિવસ જ લડ્યા. આ જંગમાં ઇન્સાન લોહીલુહાણ થઇ ગયો તો પણ શૈતાન જીતી ન શક્યો. ઈમામ હુસૈન(અલ.) વિજેતા બન્યા. એટલા જ માટે શૈતાન આજે પણ ચીસો પાડીને રડી રહ્યો છે. જાહેરમાં ઈમામ હુસૈન(અલ.) અને તેમના અસ્હાબનું બેગુનાહ લોહી કરબલાની જમીન પર

વહી ગયું પરંતુ હકીકતમાં તે લોહી દુનિયાના મઝલુમ ઈન્સાનોની નસે નસમાં ફેલાઈ ગયું જે આજે પણ યઝીદ જેવા શૈતાનોની સામે મુકાબલો કરવા માટે મઝલુમોની તાકાત બની ગયું છે.

શૈતાનને ઘણો ઊંડો ઘા લાગ્યો. આ ઝખ્મ ખાધા પછી હંમેશા માટે તે ઇતિહાસમાં રૂસ્વા અને ઝલીલ થઇ ગયો. પરીણામે લોકોના દીલોમાંથી શૈતાનનો ડર નીકળી ગયો. જો ઈમામ હુસૈન(અલ.) જેવી હસ્તી કતલ થાય તો પછી હું શા માટે કતલ થવાથી ડરૂં! લોકોને આ વાતનું યકીન થઈ ગયું કે ગમે તેવા મોટા શયતાનનો મુકાબલો કરી શકાય છે, તેની સામે લડી શકાય છે અને તે પણ કફ્ત ૭૨ સાથીઓની મદદથી અને ભવિષ્યમાં ૩૧૩ સાથીઓની મદદથી ! ઈમામ હુસૈન(અલ.) માત્ર આ જ સંદેશ આપવા

માંગે છે કે આખો ઇતિહાસ આશુરાની પ્રસ્તાવના છે અને આશુરા આવતા ઇતિહાસ માટે પ્રસ્તાવના છે.

આશુરાનો બનાવ

ઇમામ હુસૈન(અલ.)નું જીવન અને આપનો ઈન્કિલાબ એક તાલીમી વિચારધારા અને બૌદ્ધિક વ્યવસ્થા છે. માનવ સમાજના ગૌરવ અને સન્માનના પરચમને બાકી રાખવા માટે એક રક્ષણાત્મક કિલ્લો છે.

હઝરત અબા અબ્દિલ્લાહ(અલ.) સ્વતંત્રતા, નિખાલસતા, તૌહિદ(એકશ્વરવાદ), અખ્લાક અને બહાદુરીનું પ્રતિક છે અને એક શબ્દમાં કહીએ તો ઈમામ હુસૈન(અલ.)ની હસ્તી જ બધી ભલાઇઓ છે.

આશુરાનો કિસ્સો એક ક્રાંતિ, પરિવર્તન અને ચળવળ છે. એવી ચળવળ છે જેનો એક બુલંદ ધ્યેય છે અને ભૂતકાળ તથા ભવિષ્ય તેના પર આધારિત છે. એટલા જ માટે અલ્લાહ તઆલાએ બધા જ અંબિયાને હુકમ આપ્યો છે કે આશુરાના બનાવ અને ઇમામ હુસૈન(અલ.)ની ચળવળને લોકો સામે બયાન કરે. અલ્લાહ તઆલાએ ઇમામ હુસૈન(અલ.)ના ઇન્કિલાબ વિશે જીબ્રઇલ(અલ.) દ્વારા હઝરત આદમ(અલ.), હઝરત નૂહ(અલ.), હઝરત ઈબ્રાહીમ(અલ.) અને બધા જ અંબિયા(અલ.)ને જાણકારી આપી છે અને અંબિયા(અલ.)એ પણ ઇમામ હુસૈન(અલ.)ની યાદને પોતાના દિલોમાં ઊતારી દીધી અને બતાવ્યું કે ઇમામ હુસૈન(અલ.)નો ઝિક્ર તમામ આસમાની મઝહબોમાં છે.

માટે આશુરા તે મહત્વપૂર્ણ અને હયાતબખ્શ ઝરણુ છે કે જેનાથી બધા ઈન્સાનોએ લાભ ઉઠાવ્યો છે. એટલે સુધી કે રસુલે અકરમ(અલ.)એ પણ ઈમામ હુસૈન(અલ.)ની વિલાદતના દિવસથી જ આપના આ અઝીમ અને ઈલાહી મકસદ વિશે સ્પષ્ટ રીતે બયાન કર્યું હતું. આ જ કારણ હતું કે આપ(સલ.) ઇમામ હુસૈન(અલ.)ની વિલાદતના દિવસે રડ્યા અને જ્યારે તેમને રડવાનું કારણ પૂછવામાં આવ્યું તો આપે ઇમામ હુસૈન(અલ.)ની શહાદત વિશે તેમની વિલાદતના પહેલા દિવસે જ બયાન ફરમાવ્યું.

અમીરૂલ મુઅમેનીન(અલ.) પણ જંગે સિફ્ફીનના સમયે એક વખત સ્વપ્નામાં કરબલાના બનાવને જોયો અને રડવા લાગ્યા. સહાબીઓએ સવાલ કર્યો : મૌલા, તમે શા માટે

રડો છો ? ફરમાવ્યું: મેં સ્વપ્નામાં જોયું કે મારો હુસૈન ખૂનના દરિયામાં તરફડી રહ્યો છે. ઇમામ ઝમાના(અલ.)નો નારો પણ 'યા લસારાતિલ હુસૈન' છે અને સૌથી પહેલી અવાજ જે ઇમામે ઝમાના(અલ.) આખા વિશ્વમાં પહોંચાડશે તે કરબલાના મકસદને જીવંત કરવો અને ઇમામ હુસૈન(અલ.)ના ઇન્કિલાબની હકીકતને બયાન કરવી છે.

આપણે પણ દરેક જુમ્આની સવારે રડતા રડતા અને આ વાક્ય ક્ન اَيْنَ الطَّالِبُ بَدَمِ الْمَقْتُولِ بِكَرْبَلاَ। કહેતા કહેતા ઇમામ હુસૈન(અલ.)ના ખૂનનો બદલો લેનાર અને આપના બાવફા સાથીઓનો ઇન્તેઝાર કરી રહ્યા છીએ. જેથી અલ્લાહતઆલાનો આપેલો વાયદો પુરો થાય. જેમકે કુરઆને કરીમમાં ફરમાવે છે :

وَلَقَدْ كَتَبْنَا فِي الزَّبُورِ مِنْ بَعْدِ الذِّكْرِ أَنَّ الْأَرْضَ يَرِثُهَا عِبَادِيَ الصَّالِحُونَ

અમે ઝબૂરમાં તૌરેત પછી લખ્યું છે કે જમીનના (હુકૂમતના) વારસદારો અમારા નેક અને લાયક બંદાઓ બનશે.

(સૂ. અંબિયા-૧૦૫)

વ્હાલા વાંચકો ! સહીફએ કરબલાનો બીજો ભાગ આપની સમક્ષ રજૂ કરતા ખુશી અનુભવીએ છીએ. આ કિતાબમાં કરબલાનો પુરો ઇતિહાસ ભરોસાપાત્ર સંદર્ભોથી વર્ણન કરવામાં આવ્યો છે. મૂળ કિતાબ ફારસી ભાષામાં છે. તેના લેખક ઇરાની આલીમે દીન હુજ્જતુલ ઇસ્લામ વલ મુસ્લેમીન અલી નઝરી મુન્ફરિદ સાહેબ છે. આ કિતાબનો અનુવાદ ઉર્દુમાં પણ થયો છે.

ફારસી અને ઉર્દુમાં આ કિતાબ એક જ ભાગમાં છપાઇ છે. પરંતુ ગુજરાતી અનુવાદમાં ૯૦૦ થી વધારે પેજ થઇ ગયા અને કિતાબનું વોલ્યુમ મોટું થઇ જવાના કારણે અમે તેને બે ભાગમાં વહેંચી છે. બંને ભાગમાં થઇને કુલ ૫૫ પ્રકરણ છે. પહેલા ભાગમાં ૧ થી ૧૬ પ્રકરણ છે જેમાં પહેલું પ્રકરણ પ્રકાશકના બે બોલથી શરૂ થાય છે અને ૧૬મું પ્રકરણ બની હાશીમના શહીદો પર કિતાબનો પહેલો ભાગ પૂરો થાય છે. એવી જ રીતે સહીફએ કરબલા ભાગ ૨માં ૧૭ થી ૫૫ પ્રકરણ છે જેમાં ૧૭મું પ્રકરણ ઇમામ હુસૈન (અલ.)ની ફરિયાદથી શરૂ થાય છે અને પ્રકરણ ૫૫માં જનાબે મુખ્તારની કબ્રની ચર્ચા પર આ કિતાબનો બીજો ભાગ પૂર્ણ થાય છે.

આશા રાખીએ છીએ કે અલ્લાહતઆલા આ નાની ઈબાદતને તેની બારગાહમાં કબૂલ ફરમાવે અને તમો પણ આપના જરૂરી અને લાભદાયક અભિપ્રાયથી અમને જરૂર મદદરૂપ બનશો. અંતમાં ઇસ્લામના તમામ શહીદો, ખાસ કરીને કરબલાના શહીદો, આ કિતાબને છપાવવામાં મદદરૂપ બનેલા મોમીનો અને અમારા વાલિદે બુઝુર્ગવાર મરહુમ ઇબ્રાહીમ બી. પટેલને તમારી વિશેષ દુઆઓમાં જરૂર યાદ રાખશો.

નાચીજ

મૌલાના શબ્બીરઅહમદ આઇ. પટેલ

અનુક્રમણીકા

વિગત	પેજનં.
પ્રસ્તાવના	૦૪
પ્રકરણ : ૧૭	
ઇમામ હુસૈન(અલ.)ની ફરીયાદ	૪૬
હઝરત સજ્જાદ(અલ.)ને વસીય્યત	૫૦
ઇમામ હુસૈન(અલ.)ની રવાનગી	૫૨
ઇમામ હુસૈન(અલ.)ની લડાઈ	૫૫
છેલ્લો ખુત્બો	૫૯
છેલ્લી વિદાય	૬૧
ફાડી ખાનાર જાનવરો જેવો હુમલો કરવો	૬૪
ત્રણ ફળવાળું (ત્રિપાંખિયું) તીર	૬૬

તંબુઓ ઉપર હુમલો	૬૮
ઇમામ હુસૈન(અલ.)ની દુઆ	૭૧
મુનાજાત	૭૪
શહાદત	૭૬
ઝયનબ(સલા.)ની ફરીયાદ	૭૮
હિલાલ બન નાફેઅ	૮૦
છેલ્લી ઘડીઓ	૮૨
કતલનો હુકમ	૮૪
કાતિલની ઓળખ	૮૫
ફરિશ્તાઓમાં હાહાકાર	૮૮
શહાદતની ખબર	૮૯
છેલ્લો શહીદ	૯૦
ઇમામનો ઘોડો ઝુલ્જનાહ	૯૧

ઇન્કિલાબ	૯૩
શહાદતની તારીખ	૯૯
ઇમામ(અલ.)ના મુબારક શરીર પર વાગેલા ઝખ્મોની સંખ્યા	૧૦૧
પ્રકરણ : ૧૮	
શહાદત પછી	૧૦૨
તંબુઓને તબાહ-બરબાદ કરવું	૧૦૬
હમીદા બિન્તે મુસ્લિમ	૧૧૧
તંબુઓમાં આગ લગાવવી	૧૧૩
ઇનામની દરખાસ્ત	૧૧૬
ઝુલ્મની પરાકાષ્ઠા	૧૧૭
જમ્માલનો કિસ્સો	૧૧૯
ઇમામ(અલ.)ના ઘાયલ સહાબીઓ	૧૨૦

જે શહીદોની માઓ કરબલામાં મૌજૂદ હતી	૧૨૨
અસહાબે રસૂલ(સલ.)	૧૨૪
પ્રકરણ : ૧૯	
કરબલાના શહીદોની સંખ્યા	૧૨૫
જે અન્સાર (મદદગારો) શહીદ નથી થયા	૧૨૮
જે લોકો ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી શહીદ થયા	૧૩૨
પ્રકરણ : ૨૦	
જનાબે મુસ્લિમ(અલ.)ના નાના બાળકો	૧૩૪
પ્રકરણ : ૨૧	

દુશ્મનનું નુકસાન	૧૫૧
શહાદતના સમયે ઇમામ(અલ.)ની ઉમર	૧૫૪
પવિત્ર સર મુબારક	૧૫૬
શહીદોના પવિત્ર સરોની વહેંચણી	૧૫૯
પ્રકરણ : ૨૨	
કરબલાથી સફર	૧૬૧
કેદીઓની સંખ્યા	૧૬૩
બની હાશિમના કેદી પુરૂષ	૧૬૪
બની હાશિમની કેદી સ્ત્રીઓ	૧૬૬
બની હાશિમ સિવાયની કેદી સ્ત્રીઓની સંખ્યા	૧૭૦
કેદીઓનો કાફલો	૧૭૪

જનાબે ઝયનબ(સલા.) મકતલમાં	૧૭૬
ઝયનબે કુબરા(સલા.)ના દર્દભર્યા શબ્દો	૧૭૮
પ્રકરણ : ૨૩	
જનાબે સકીના અને ઇમામ હુસૈન(અલ.)ની લાશ મુબારક	૧૮૩
શહીદોના પવિત્ર(પાક) શરીર	૧૮૭
એક વ્યક્તિનું અવલોકન	૧૮૮
દફન ક્રિયા	૧૯૦
લાશો દિવસે દફન થઈ કે રાતના	૧૯૭
ભાગ-૬	
પ્રકરણ : ૨૪	
કુફામાં કેદીઓનું દાખલ થવું	૧૯૮

સૌપ્રથમ ભાલા ઉપર ઉઠાવવામાં આવેલું સર મુબારક	૨૦૪
કાઠી વગરના ઊંટો	૨૦૮
ગયબી ખબરો	૨૧૨
હઝરત ઝયનબ(સલા.)નો ખુત્બો	૨૧૪
હઝરત ઉમ્મે કુલસૂમ(સલા.)નો ખુત્બો	૨૨૪
પ્રકરણ : ૨૫	
ઇમામ ઝયનુલ અબેદીન(અલ.)	૨૨૮
કૂફાનો દારૂલ અમારહ(ગવર્નર હાઉસ)	૨૩૬
ઇબ્ને ઝિયાદનો દરબાર	૨૩૮
ઇમામ સજ્જાદ(અલ.)ને કતલ	૨૪૨

કરવાનો હુકમ	
ઇમામ હુસૈન(અલ.)નું સર મુબારક	૨૪૫
ફૂફાનું કેદખાનું	૨૪૮
પ્રકરણ : ૨૬	
ઉબૈદુલ્લાહનો પત્ર યઝીદના નામે	૨૫૦
કેદીઓના દાખલ થયા પછી ફૂફાની પરિસ્થિતિ	૨૫૨
અબ્દુલ્લાહ બિન અફીફ અઝદી	૨૫૫
જુન્દબ બિન અબ્દુલ્લાહ	૨૬૫
ઉમર બિન સઅદનો પસ્તાવો	૨૬૬
મુખ્તાર દારૂલ અમારામાં	૨૬૯
પ્રકરણ : ૨૭	
મદીનામાં શહાદતે હુસૈન(અલ.)ની	૨૭૦

ખબર	
અબ્દુલ્લાહ બિન જઅફર	૨૭૪
ઉમ્મે સલમા(રઝિ.)	૨૭૭
ગયબી અવાજ	૨૭૮
મક્કામાં શહાદતની ખબર	૨૮૦
રબીઅ બિન ખયસમ	૨૮૩
ભાગ-૭	
પ્રકરણ : ૨૮	
ફૂફાથી શામ સુધી	૨૮૭
મન્ઝિલો - રોકાણો	૨૯૧
પ્રથમ મંઝિલ	૨૯૨
(૨) તકરીત	૨૯૫
(૩) મશહદુન નુકતા	૨૯૮

(૪) વાદીયુન નખલા	૨૯૯
(૫) મૂસેલ	૩૦૧
(૬) નસીબૈન	૩૦૪
(૭) અયનુલવરદહ	૩૦૭
(૮) રિક્કા	૩૦૮
(૯) જોસક	૩૦૯
(૧૦) દઅવાત	૩૧૦
(૧૧) હલબ	૩૧૨
(૧૨) કન્સીરીન	૩૧૩
(૧૩) મઅરતુન નોઅમાન	૩૧૯
(૧૪) શીઝર	૩૨૦
(૧૫) કફરતાલિબ	૩૨૧
(૧૬) સિબુર	૩૨૨

(૧૭) હમાત	૩૨૪
(૧૮) હુમ્સ	૩૨૬
(૧૯) બઅ્લબક	૩૨૮
અંબિયા અને પવિત્ર સર	૩૩૧
(૨૦) દમિશ્ક	૩૩૪
ભાગ-૮	
પ્રકરણ : ૨૯	
શામમાં દાખલ થવું	૩૩૭
શામના રહેવાસીઓના અકાઈદ અને ઝુકાવ	૩૩૭
સુહૈલ બિન સઅદ અસ્સાએદી	૩૪૪
ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ના અશઆર	૩૫૦

ઇબ્રાહીમ બિન તલહા	૩૫૨
પ્રકરણ : ૩૦	
દરબારે યઝીદ(લઅ.)	૩૫૩
સકીના બિન્તુલ હુસૈન(અલ.)	૩૬૮
પ્રકરણ : ૩૧	
યઝીદ શરાબ પીએ છે	૩૭૯
રૂમનો એલચી યઝીદના દરબારમાં	૩૮૧
ઝયનબે કુબરા(સલા.)નો ખુત્બો	૩૮૪
પ્રકરણ : ૩૨	
ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)નો ખુત્બો	૪૦૨
ઇમામ(અલ.)ના ખુત્બાની અસરો	૪૧૯
મિનહાલ બિન અમ્ર	૪૨૪

શામીઓને યઝીદથી નફરત	૪૨૬
હિન્દનું સ્વપ્ન	૪૨૮
શામમાં અઝાદારી	૪૩૪
ચોથા ઇમામ(અલ.)ની ત્રણ ઇચ્છાઓ	૪૩૬
ભાગ-૯	
પ્રકરણ : ૩૩	
શામથી મદીના સુધી રવાના થવું	૪૩૯
અરબઈન	૪૪૩
પ્રથમ અરબઈન	૪૫૧
કરબલામાં રોકાવવું	૪૬૧
કરબલાથી રવાનગી	૪૬૨
ભાગ-૧૦	

પ્રકરણ : ૩૪	
મદીનામાં દાખલ થવું	૪૬૬
બશીર મદીનામાં	૪૬૬
કરબલાના કાફલાનું સ્વાગત	૪૭૧
સુહાન બિન સઅસઆ	૪૭૬
મુહમ્મદ બિન હનફીયા	૪૭૮
મદીનામાં દાખલ થવું	૪૮૩
ઉમ્મે સલમા(રઝિ.)	૪૮૫
ઉમ્મુલ બનીન(સલા.)	૪૮૭
પ્રકરણ : ૩૫	
એહલેબૈત(અલ.)ની અઝાદારી	૪૯૧
જનાબે રૂબાબ ઇમામ હુસૈન(અલ.)ના પત્ની	૪૯૨

અકીલની દીકરીનો મરસીયો	૪૯૮
હઝરત સજ્જાદ(અલ.)નું આંસુ વહાવવું	૫૦૧
ઇમામ હુસૈન(અલ.) પર રસુલુલ્લાહ(સલ.)ના અસ્હાબનું રડવું	૫૦૪
જનાબે અકીલા (ઝયનબ સલા.)નો શોક	૫૦૫
યઝીદ અને ઈબ્ને મરજાનાનો શુક્ર અદા કરવું	૫૦૬
ભાગ-૧૧	
પ્રકરણ : ૩૬	
ઇમામ હુસૈન(અલ.)ની ઝિયારતની	૫૧૦

ફઝીલત	
ઝિયારત મુસ્તહબ છે કે વાજીબ	૫૧૬
સહીફએ ઇન્તેકામ (બદલાના પ્રત્યાઘાત)	૫૧૯
ભાગ-૧૨	
પ્રકરણ : ૩૭	
શીઆ ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી પસ્તાવો	૫૧૯
જેલમાંથી પત્ર	૫૨૨
યઝીદનો પત્ર	૫૨૪
તવ્વાબીન	૫૨૭
મુસય્યબ બિન નજ્બાનું પ્રવચન	૫૩૧
રૂફાઅહ બિન શદ્દાદનું પ્રવચન	૫૩૪

સુલેમાન બિન સુરદનું પ્રવચન	૫૩૬
પ્રકરણ : ૩૮	
મદાઇનના લોકો માટે પત્ર	૫૪૧
હકારાત્મક જવાબ	૫૪૨
બસરાના લોકોના નામે પત્ર	૫૪૩
યઝીદ હલાક થયો	૫૪૪
અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરની બયઅત	૫૪૮
જનાબે મુખ્તાર મક્કા જાય છે	૫૫૦
ઇબ્ને ઝિયાદ, યઝીદની હલાકત પછી	૫૫૫
પ્રકરણ : ૩૯	
આમીર બિન મસઉદ	૫૬૧
બસરાથી ભાગવું	૫૬૩

શામ તરફ	૫૬૫
અબ્દુલ્લાહ બિન યઝીદ અને ઈબ્રાહીમ બિન મોહમ્મદ	૫૬૯
અબ્દુલ્લાહ બિન યઝીદનું પ્રવચન	૫૭૧
તવ્વાબીનની ચળવળની શરૂઆત	૫૭૪
સુલેમાન બિન સુરદનો ખુત્બો	૫૭૬
અબ્દુલ્લાહ બિન સઅદ	૫૭૮
અબ્દુલ્લાહ બિન યઝીદ અને સુલેમાન બિન સુરદ	૫૮૦
તવ્વાબીન કરબલામાં	૫૮૫
પ્રકરણ : ૪૦	
કરબલાથી નીકળવું	૫૮૭

અબ્દુલ્લાહ બિન યઝીદનો પત્ર	૫૮૮
સુલેમાનનો પત્ર	૫૯૨
કરકસીયા	૫૯૪
શામથી લશ્કરનું નીકળવું	૫૯૬
અયનુલ વરદહ	૬૦૦
સુલેમાન બિન સુરદનો ખુત્બો	૬૦૧
પ્રકરણ : ૪૧	
હસીન અને શરજીલનું આગમન	૬૦૪
અદહમ બિન મુહરીઝનું આગમન	૬૦૭
સુલેમાનનું માર્યા જવું	૬૦૮
મુસય્યબ બિન નજબા	૬૦૯
અબ્દુલ્લાહ બિન સઅદ	૬૧૦
રૂફાઅહ બિન શદ્દાદ	૬૧૨

અબ્દુલ્લાહ બિન વાલ	૬૧૪
અબ્દુલ્લાહ બિન ઔફ બિન અહ્મર	૬૧૬
અબ્દુલ્લાહ ઇબ્ને અઝીઝ કિનાની	૬૧૯
કુફા પાછા ફરવું	૬૨૦
મદદ કરવી	૬૨૨
શામમાં તવ્વાબીનની ખબર	૬૨૪
ભાગ-૧૩	
પ્રકરણ : ૪૨	
જનાબે મુખ્તારની ચળવળ જનાબે મુખ્તાર	૬૨૫
જનાબે મુખ્તારની જવાની	૬૨૯
જનાબે મુખ્તારની વિશેષતાઓ	૬૩૦
અઇમ્મા(અલ.)ની નજરમાં જનાબે	૬૩૧

મુખ્તાર	
જનાબે મુખ્તાર હઝરત અલી(અલ.)ના ખોળામાં	૬૩૬
મઅબદ બિન ખાલિદ	૬૩૮
જનાબે મુખ્તારના ઘરે ઈમામના પ્રતિનિધિ	૬૪૦
જનાબે મુસ્લીમ(અલ.)ના ઇન્કેલાબના સમયે	૬૪૨
પ્રકરણ : ૪૩	
જનાબે મુખ્તાર અને જનાબે મીસમ	૬૪૫
જનાબે મુખ્તાર તવ્વાબીન પછી	૬૪૭
જનાબે મુખ્તારનો પત્ર	૬૫૨
જનાબે મુખ્તારની જેલથી આઝાદી	૬૫૫

અબ્દુલ્લાહ બિન મુતીઅ	૬૫૮
જનાબે મુખ્તારની ધરપકડનું કાવતરૂ	૬૬૧
અબ્દુર્રેહમાન બિન શુરૈહ	૬૬૩
જનાબે મુહમ્મદ બિન હનફીયા સાથે મુલાકાત	૬૬૫
મુહમ્મદ બિન હનફીયાની વાતો	૬૬૮
પ્રકરણ : ૪૪	
ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)થી રજા માંગવી	૬૭૦
કુફા પાછા ફરવું	૬૭૨
અબ્દુલ્લાહ બિન શુરૈહનું સમર્થન	૬૭૪
ઇબ્રાહીમ બિન માલીકે અશ્તર	૬૭૬

ઈબ્રાહીમનું બયઅત કરવું	૬૮૧
જનાબે મુખ્તારનો બળવો	૬૮૫
અયાસ બિન મઝારીબ	૬૮૭
પ્રકરણ : ૪૫	
બળવાનો હુકમ	૬૯૪
ઝહર બિન કૈસની ફૌજ પર હુમલો	૬૯૬
સુવૈદ બિન અબ્દુર્રહમાન	૬૯૭
અબુ ઉસ્માન નહ્દી અને શાકીર કબીલો	૭૦૧
કબીલએ ખસઅમ	૭૦૨
મસ્જિદમાં સભા	૭૦૩
નઇમનું માર્યા જવું	૭૦૫
પ્રકરણ : ૪૬	

જનાબે મુખ્તારની નાકાબંધી	૭૦૭
યઝીદ બિન અનસનું પ્રવચન	૭૦૯
રાશીદ બિન અયાસનું કતલ થવું	૭૧૧
હસ્સાન બિન કાએદ	૭૧૩
અમ્ર બિન હજ્જાજનો અભિપ્રાય	૭૧૬
ઇબ્ને મુતીઅનો ખુત્બો	૭૧૭
ઇબ્ને મુતીઅની નાકાબંધી	૭૧૮
કુફામાં પ્રવેશ	૭૨૦
નૌફલ બિન મુસાહિક	૭૨૨
પ્રકરણ : ૪૭	
દારૂલ અમારહની નાકાબંધી	૭૨૪
પ્રતિષ્ઠિત લોકો માટે અમાન	૭૨૭
જનાબે મુખ્તારનો ખુત્બો	૭૨૮

જનાબે મુખ્તારની બયઅત	૭૩૨
બયતુલમાલની વહેંચણી	૭૩૪
શહેરોમાં ગવર્નરોને મોકલવું	૭૩૭
મરવાન બિન હકમની હલાકત	૭૪૦
બદલાની શરૂઆત	૭૪૧
પ્રકરણ : ૪૮	
જનાબે મુખ્તારના નામે પત્ર	૭૪૩
અબ્દુર્રહમાનના નામે પત્ર	૭૪૪
શામના સેનાપતિઓનું માર્યા જવું	૭૪૯
ઇરાકના સેનાપતિની વફાત	૭૫૨
વરકા બિન આઝીબની સલાહ	૭૫૩
વરકા બિન આઝીબની ગેરસમજ	૭૫૫
યઝીદ બિન અનસની વફાતની	૭૫૬

ખબર	
કુફામાં કાવતરૂ	૭૫૮
અબ્દુર્રહમાન બિન મીખનફની સલાહ	૭૬૧
પ્રકરણ : ૪૯	
બળવો	૭૬૩
શીમ્રનું યમન કબીલાથી જુદા થવું	૭૬૫
બળવો કરનારાઓ સાથે જંગ	૭૬૮
માલીક બિન અમ્ર	૭૭૨
અબુલ કુલુસ	૭૭૩
રૂફાઅહ બિન શદ્દાદનું કતલ થવું	૭૭૫
પ્રકરણ : ૫૦	
કુફાથી ભાગવું	૭૭૮

અમ્ર બિન હજ્જાજ ઝુબૈદી	૭૮૧
અબ્દુલ્લાહ બિન મુતીઅ	૭૮૪
ઘરોને પાયમાલ કરવું	૭૮૫
ઈમામ હુસૈન(અલ.)નો કાતિલ	૭૮૯
ઈમામ હુસૈન(અલ.)ની લાશને પામાલ કરનારાઓને સજા	૭૯૩
દબ્બાબા	૭૯૫
ખુલીનું કતલ	૭૯૮
ઉમર બિન સઅદનું કતલ	૮૦૦
પ્રકરણ : ૫૧	
મદીનામાં સરો આવે છે	૮૦૭
શીમ્ર બિન ઝીલ જવશન	૮૧૦
સીનાન બિન અનસ	૮૧૪

હમીદ બિન મુસ્લીમ	૮૧૬
હુરમલા બિન કાહીલ	૮૧૮
હુરમલાના ઝુલ્મ	૮૨૩
હકીમ બિન તુફૈલ	૮૨૪
હકીમ બિન તુફૈલના ઝુલ્મો	૮૨૭
મુર્રેહ બિન મુન્કીઝ	૮૨૮
ઝૈદ બિન રૂકાદ	૮૨૯
અબુલ હુતુફ જોઅફી	૮૩૧
સાલેહ ઇબ્ને વહબ	૮૩૨
અબજર બિન કઅ્બ	૮૩૩
બજ્દલ બિન સુલૈમ	૮૩૬
અમ્ર બિન સબીહ	૮૩૭
સુરાકા બિન મીર્દાસ	૮૩૮

પ્રકરણ : ૫૨	
ઉબૈદુલ્લાહ બિન ઝીયાદની સાથે જંગ	૮૪૦
જનાબે મુખ્તારની વસીયત	૮૪૨
કુફાના લશ્કરનું નીકળવું	૮૪૩
ઉમૈર બિન હુબાબ	૮૪૫
ઇબ્રાહીમ બિન અશ્તરની તકરીર	૮૪૮
શામનું લશ્કર	૮૫૦
હુમલાની શરૂઆત	૮૫૧
ઉબૈદુલ્લાહ બિન ઝીયાદનું કતલ થવું	૮૫૫
હસીન બિન નુમૈરનું કતલ	૮૫૬
શરજીલનું કતલ થવું	૮૫૮

પ્રકરણ : ૫૩	
મુસિલ પર વિજય	૮૫૯
જનાબે મુખ્તારનું મદાઇન આવવું	૮૬૦
ઉબૈદુલ્લાહનું સર જનાબે મુખ્તાર પાસે	૮૬૨
ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝીયાદનું સર મોહમ્મદ બિન હનફીયા પાસે	૮૬૪
શોઅબે આરીમ	૮૭૨
બની હાશીમને મક્કાથી બહાર કાઢવું	૮૮૦
મુસઅબ બિન ઝુબૈર	૮૮૨
પ્રકરણ : ૫૪	
મુહલ્લબ બિન અબી સુફરહનું	૮૮૫

નીકળવું	
અબ્દુર્રેહમાન બિન મીખનફ	૮૮૬
બસરાથી મુસઅબનું નીકળવું	૮૮૮
ભૂલ કે દગો	૮૯૦
હુમલાની શરૂઆત	૮૯૨
સેનાની હાર	૮૯૬
કુફા તરફ	૮૯૮
હરૂવરાઅ	૮૯૯
ખોટો અભિપ્રાય	૯૦૩
પ્રકરણ : ૫૫	
મુખ્તારનો ઘેરાવ	૯૦૫
મુખ્તારનો અભિપ્રાય	૯૦૭
મુખ્તાર અને સાએબ બિન માલીક	૯૦૮

મુખ્તારની સાચી આગાહી	૯૧૦
જનાબે મુખ્તારનું કતલ થવું	૯૧૧
બુજૈર બિન અબ્દુલ્લાહ	૯૧૬
અબ્દુર્રહમાન બિન મુહમ્મદ બિન અશ્અસ	૯૧૮
મુસાફીર બિન સઇદ	૯૨૦
અબ્દુલ્લાહ બિન ઉમર	૯૨૨
જનાબે મુખ્તારની પત્નીઓ	૯૨૪
જનાબે મુખ્તારની લાશ	૯૨૭
કુફામાં જનાબે મુખ્તારની હુકૂમતનો સમયગાળો	૯૨૮
ઉરવહ બિન ઝુબૈર	૯૨૯
અબ્દુલ્લાહ બિન ઝુબૈર	૯૩૦
જનાબે મુખ્તારની કબ્ર	૯૩૨

પ્રકરણ : ૧૭

ઇમામ હુસૈન(અલ.)ની ફરીયાદ

જ્યારે ઇમામે હુસૈન(અલ.)એ પોતાના સહાબીઓને જોયા કે શહીદ થઇને કરબલાની જમીન પર સૂઈ ગયા છે અને હવે કોઈ નથી જે આપની મદદ કરે, અહલેબયત(અલ.) ચિંતાતુર છે. ચારે તરફ ગમ છવાએલો છે ત્યારે ઇમામ હુસૈન(અલ.)એ ઇબ્ને ઝિયાદના લશ્કરની સામે ઉભા થઈને ફરમાવ્યું :

هَلْ مِنْ ذَابٍّ يَذُبُّ عَنْ حَرَمِ رَسُوْلِ اللهِ ؟ هَلْ مِنْ مُوَحِّدٍ يَخَافُ اللهَ فِيْنَا؟هَلْ مِنْ مُغِيْثٍ يَرْجُو اللهَ فِيْ اِغَاثَتِنَا؟ هَلْ مِنْ مُعِيْنٍ يَرْجُوْا مَا عِنْدَ اللهِ فِي اِغَاثِنَا

"શું કોઈ છે જે હરમે રસૂલ(સલ.)નો બચાવ કરે ? શું તમારા દરમિયાન એવો એકેશ્વરવાદી

(અલ્લાહને એક માનનાર) છે જે અમારા ઉપર થતા ઝુલ્મોના વિષયમાં અલ્લાહથી ડરે ? શું કોઈ છે જે અમારી ફરીયાદ સાંભળીને અલ્લાહથી ઉમ્મીદવાર થઈ જાય ? શું કોઈ છે જે અમારી મદદ કરીને અલ્લાહથી અજર વ સવાબની ઉમ્મીદ રાખે?" (હયાતુલ ઇમામ હુસૈન(અલ.) ભાગ-૩ પા-૨૭૪)

હરમની સ્ત્રીઓએ જ્યારે ઇમામ હુસૈન(અલ.)ની અવાજ સાંભળી તો તેમનામાં એક શોરબકોર છવાઈ ગયો. ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) ઇમામ હુસૈન(અલ.)ની અવાજ સાંભળી તંબુથી બહાર નીકળી આવ્યા. બીમારીનો આ હાલ હતો કે તલવાર ઉઠાવી શકતા ન હતા. પરંતુ આ કમજોરી છતાં પણ મૈદાન તરફ ચાલ્યા. ઉમ્મે કુલ્સુમ પાછળ પાછળ અવાજ આપતા ચાલ્યા! ભત્રીજા પાછા ફરો ! ઇમામ ઝયનુલ

આબેદીન(અલ.) ફરમાવતા હતા. ફોઇમાં મને છોડી દો, જેથી ફરઝંદે રસૂલ(સલ.)નો બચાવ કરૂં.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : બહેન તેમને રોકી લો ! ડરૂં છું કે જમીન આલે મોહંમદ(સલ.)થી ખાલી ન થઈ જાય ! (બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૪૬)

ઇમામ હુસૈન(અલ.)ની આ ફરિયાદનો દુશ્મનના દિલ પર કોઈ અસર ન થયો. એટલા માટે આપ અસ્હાબની લાશો પાસે આવ્યા અને ફરમાવ્યું : "અય હબીબ ઇબ્ને મઝાહિર! અય ઝુહૈર બિન કૈન ! અય મુસ્લિમ બિન ઔસજા! અય બહાદુરો, અય જંગના ઝમાનાના ઘોડેસવારો ! ઉઠો હું તમને અવાજ આપી રહ્યો છું પરંતુ તમે મારી અવાજ સાંભળી નથી રહ્યા. હું તમને બોલાવી રહ્યો છું તમે કેમ નથી આવતા ? તમે સૂઈ રહ્યા છો ? મને ઉમ્મીદ છે કે ગાઢ નિદ્રા (ઊંઘ)થી બેદાર થઈ

જશો. આ આલે રસૂલ(સલ.)ની સ્ત્રીઓ છે તમારા પછી જેમનો કોઈ મદદગાર નથી. અય શરીફો નીંદથી ઉઠો ! અને આલે રસૂલ(સલ.)ને ઝાલિમોથી બચાવો." (અલ-મુફીદ ફી ઝિકરા અસ્સિબ્તિશ શહીદ પા-૧૧૫)

અમુક રિવાયતોમાં આવ્યું છે કે શહીદોની પાકીઝા લાશોમાં હરકત થવા લાગી. એટલા માટે કે પોતાના ઇમામની અવાજ પર લબ્બૈક કહે અને જાણે કે પોતાની હાલત અથવા ઝબાનથી આમ કહી રહ્યા હતા : અમે આપના હુકમ પર અમલ કરવા માટે તૈયાર છીએ. આપની રાહ જોઈ રહ્યા છીએ. (અલ-મુફીદ ફી ઝિકરા અસ્સિબ્તિશ શહીદ પા-૧૧૫)

હઝરત સજ્જાદ(અલ.)ને વસીય્યત

ઇમામ સજ્જાદ(અલ.)થી વર્ણન છે કે આપે ફરમાવ્યું: જે દિવસે વાલિદ શહીદ થયા તે દિવસે મને છાતીથી લગાવ્યા જ્યારે કે સંપૂર્ણ રીતે લોહીમાં ડૂબેલા હતા અને મને ફરમાવ્યું: દીકરા, હું તમને એક દુઆ બતાવું છું તેને યાદ કરી લો. આ દુઆ મારી વાલેદહ ફાતેમા ઝહેરા(સલા.)એ મને શીખવાડી હતી અને તેમને રસૂલ(સલ.)એ અને રસુલ(સલ.)એ જિબ્રઈલ(અલ.)થી વર્ણન કરી છે. જ્યારે કોઈ મોટી હાજત, સખત ગમ અને કોઈ મુશ્કેલ કામ હોય તો આ કહો :

بِحَقِّ يٰس وَالْقُرآنِ الْحَكِيْمِ وَبِحَقِّ طٰهٰ وَالْقُرآنِ الْعَظِيْمِ، يَا مَنْ يَقْدِرُ عَلٰى حَوائِجِ السَّائِلِيْنَ، يَا مَنْ يَعْلَمُ مَا فِي الضَّمِيْرِ، يَا مُنَفِّسًا عَنِ الْمَكْرُوْبِيْنَ، يَا مُفَرِّجًا عَنِ الْمَغْمُوْمِيْنَ، يَا رَاحِمَ

الشَّيْخِ الْكَبِيْرِ، يَا رَازِقَ الطِّفْلِ الصَّغِيْرِ، يَا مَنْ لَا يَحْتَاجُ إِلَى التَّفْسِيْرِ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ آلِ مُحَمَّدٍ وَافْعَلْ بِيْ كَذَا وَ كَذا۔

(નફસુલ મહમૂમ પા-૩૪૭)

"યાસીન અને કુરઆને હકીમનો વાસ્તો, તાહા અને અઝીમ કુરઆનનો વાસ્તો, અય તે જે સવાલ કરનારાઓની હાજતો પર કુદરત ધરાવે છે, અય તે જે અંત:કરણનો જાણકાર છે. અય પરેશાન લોકોની પરેશાનીઓને દૂર કરનાર, અય ગમગીન લોકોના ગમ દૂર કરનાર, અય વૃદ્ધો પર રહેમ કરવાવાળા, અય નાના બાળકને રિઝ્ક આપનાર, અય તે જેને બયાનની જરૂરત નથી મોહંમદ વ આલે મોહંમદ પર રેહમત નાઝિલ ફરમાવ અને મારૂં ફલાણું ફલાણું કામ કરી દે."

ઇમામ હુસૈન(અલ.)ની રવાનગી

વિદાય માટે ઇમામ હુસૈન(અલ.) તંબુમાં આવ્યા અને ફરમાવ્યું :

يَا سَكِيْنَةُ! يَا فَاطِمَةُ! يَا زَيْنَبُ! يَا أُمَّ كُلْثُوْمٍ! عَلَيْكُنَّ مِنِّي السَّلَامُ

"અય સકીના, અય ફાતેમા, અય ઝયનબ, અય ઉમ્મે કુલસુમ, તમારા પર મારા છેલ્લા સલામ!"

સકીનાએ રોઈને કહ્યું : બાબા ! શું મરવા માટે જઈ રહ્યા છો? ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: કઈ રીતે ન જઉં કે હવે કોઈ મદદગાર નથી. સકીનાએ કહ્યું : બાબા ! અમને અમારા દાદાના હરમમાં પાછા પહોંચાડી દો.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : જો પક્ષી હરોળને છોડી દેત તો આરામ કરી લેત. (આ

કહેવતનો ત્યાં ઉપયોગ થાય છે કે જ્યાં વ્યક્તિ કોઇ કામ કરવા માટે મજબુર હોય પણ તે કામથી ખુશ ના હોય.) આપ(અલ.)ની આ વાતો સાંભળીને હરમમાં રૂદન અને ફરીયાદની અવાજ બુલંદ થવા લાગી. ઇમામ હુસૈન(અલ.)એ તેમને તસલ્લી આપી અને ઉમ્મે કુલસુમને સંબોધીને ફરમાવ્યું : બહેન, હું તમને વસીય્યત કરૂ છું કે હોશ ન ગુમાવશો. તે જ વખતે સકીના રડતાં રડતાં ઇમામ હુસૈન(અલ.) પાસે આવ્યા. સકીનાથી આપને ખૂબ જ મોહબ્બત હતી. છાતીથી લગાવી અને આંસુ સાફ કરીને ફરમાવ્યું : અય સકીના, મારી શહાદત પછી તારે ઘણુ રડવું પડશે. તારા આંસુઓથી મારૂં દિલ ન તડપાવો. મારી જીંદગીમાં ન રડો અને જ્યારે શહીદ થઈ જાઉં તો મારા ગમમાં બેસશો. (નફસુલ મહમૂમ પા-૩૪૬)

ઇમામ મોહંમદ બાકિર(અલ.)થી વર્ણન છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.)ની શહાદતનો સમય નજીક આવ્યો તો આપે ફાતેમા કુબરાને બોલાવ્યા અને તેમને એક બંધ પત્ર આપ્યો અને અમુક વસીય્યતો કરી, પછી ફાતેમા કુબરાએ તે પત્ર અલી ઇબ્નુલ હુસૈન(અલ.)ને આપ્યો અને તેમનાથી અમારા સુધી પહોંચ્યો છે.

(બિહારૂલ અનવાર ભાગ-૪૬, પા-૧૭)

ઇમામ હુસૈન(અલ.)ની લડાઈ

ત્યાર પછી ઇમામ હુસૈન(અલ.) ખુલ્લી તલવાર લઈ દુશ્મનની સામે ઉભા થયા અને આ શેઅર પઢ્યા :

હું બની હાશિમ ખાનદાનનો પાક, પાકીઝા અલીનો દીકરો છું. મારા ગર્વ માટે આટલું પૂરતું છે કે મારા નાના રસૂલે ખુદા(સલ.) છે જે જમીન પર ચાલવાવાળાઓમાં સૌથી શ્રેષ્ઠ છે. મખ્લૂક દરમિયાન અમે અલ્લાહનો જ્વલંત દીવો છીએ. મારી વાલેદહ ફાતેમા બિન્તે રસૂલ(સલ.) છે. મારા કાકા જઅફર છે જેમને અલ્લાહે બે પાંખ આપી. અમારા દરમિયાન અલ્લાહની સાચી કિતાબ નાઝિલ થઈ. અમારા દરમિયાન હિદાયત અને વહ્યનો સારી રીતે ઝિક્ર થાય છે. તમામ લોકો માટે અમે અલ્લાહનું આશ્રયસ્થાન છીએ. અમે આ

જાહેરમાં અને છુપી રીતે બયાન કરીએ છીએ. અમે હૌઝે કૌસરના માલિક છીએ. અમે અમારા દોસ્તોને રસુલ(સલ.)ના પ્યાલાથી સંતૃપ્ત કરીશું અને આ વાતનો કોઈ ઇન્કાર નથી કરી શકતો. અમારા શીઆઓ બેહતરીન તાબેદાર છે અને કયામતના દિવસે અમારા દુશ્મનો નુકસાનમાં રહેશે. (અલ-એહતેજાજ ભાગ-૨, પા-૧૦૩)

પછી મુકાબલા માટે અવાજ આપી. જે પણ આપથી મુકાબલા માટે આવતો હતો તેને હલાક કરી નાખતા હતા. એટલે સુધી કે દુશ્મનના ઘણા બધા સિપાહીઓને જહન્નમમાં પહોંચાડી દીધા. લશ્કરની જમણી તરફ હુમલો કર્યો અને ફરમાવ્યું:

اَلْمَوْتُ اَوْلٰى مِنْ رُكُوْبِ الْعَارِ

وَالْعَارُ اَوْلٰى مِنْ دُخُوْلِ النَّارِ

ઝિલ્લત કબુલ કરવાથી બેહતર મૌત છે અને જહન્નમમાં જવાથી બેહતર ઝિલ્લત કબૂલ કરવું છે.

પછી લશ્કરની ડાબી તરફ હુમલો કર્યો અને ફરમાવ્યું:

اَنَا الْحُسَيْنُ بْنُ عَلِيّ

آلَيْتُ اَنْ اَنْثَنِي

اَحْمِيْ عِيالاتِ اَبِي

اَمْضِيْ عَلٰى دِيْنِ النَّبِيّ

હું હુસૈન ઇબ્ને અલી છું. મેં કસમ ખાધી છે કે હું પોતાને તમારા હવાલે નહીં કરૂં. હું મારા વાલિદના ખાનદાનનો બચાવ કરીશ અને નબીના દીનનું અનુસરણ કરીશ. (મકતલુલ હુસૈન(અલ.) મુકર્રમ પા-૨૭૪)

લખ્યું છે કે ઇમામ હુસૈન(અલ.)એ દુશ્મનોની ફોજમાંથી ઝખ્મીઓ સિવાય ૧૯૫૦ને કતલ કર્યા. એટલે સુધી કે ઉમર બિન સઅદે બુમો પાડીને કહ્યું : તબાહી છે તમારા પર ! જાણો છો કોની સાથે જંગ કરી રહ્યા છો ? આ અરબોને કતલ કરનારા અલી ઇબ્ને અબીતાલિબ(અલ.)ના ફરઝંદ છે. તેમના પર ચારેય તરફથી હુમલો કરો. આ સાંભળી ૧૮૦ નેઝા ચલાવનારા અને ૪૦૦૦ તીરઅંદાજોએ આપ પર હુમલો કર્યો. (મનાકિબ ઇબ્ને શહરઆશુબ ભાગ-૪, પા-૧૧૦)

છેલ્લો ખુત્બો

ઇમામ હુસૈન(અલ.)એ પોતાના છેલ્લા ખુત્બામાં સરળ અને છટાદાર બયાનથી દુશ્મનોને દુનિયાના ધોકામાં આવવાથી અને તેના પર ઘમંડ કરવાથી ડરાવ્યા. ઇતિહાસકારોના લખાણથી એવું માલુમ થાય છે કે આ જોશીલા ખુત્બા અને આપની શહાદત દરમિયાન ઘણુ ઓછું અંતર છે. ખુત્બો આ પ્રમાણે છે :

عِبَادَ اللهِ اِتَّقُوااللهَ وَ كُوْنُوْا مِنَ الدُّنْيَا عَلٰى حَذَرٍ فَاِنَّ الدُّنْيَا لَوْ بَقِيَتْ لِاَحَدٍ وَ بَقِيَ عَلَيْهَا اَحَدٌ لكانَتِ الْاَنْبِيَاءُ اَحَقُّ بِالْبَقَاءِ وَ اَوْلٰى بِالرِّضَاءِ وَ اَرْضٰى بِالْقَضَاءِ، غَيْرَ اَنَّ اللّٰهَ تَعَالٰى خَلَقَ الدُّنْيَا لِلْبَلَاءِ وَ خَلَقَ اَهْلَهَا لِلْفَنَاءِ، فَجَدِيْدُهَا بالٍ وَ نَعِيْمُهَا مُضْمَحِلٌّ وَ سُرُوْرُهَا مُكْفَهِرٌّ وَالْمُنْزِلُ بُلْغَةٌ وَالدَّارُ قَلْعَةٌ، فَتَزَوَّدُوا فَاِنَّ خَيْرَ الزَّادِ التَّقْوٰى وَاتَّقُوْا اللهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ۔

અલ્લાહના બંદાઓ ! અલ્લાહથી ડરો, દુનિયાથી પોતાનો દામન બચાવી રાખો, જો દુનિયા કોઈના માટે બાકી રહેત અને જો કોઈ દુનિયામાં હંમેશા બાકી રહેત તો અંબિયા(અલ.) બાકી રહેવા માટે વધુ પાત્ર હતા અને અલ્લાહની રઝા અને તેની કઝા પર રાજી રહેવાના વધુ હકદાર હતા. પરંતુ અલ્લાહે દુનિયાને આઝમાઇશ અને દુનિયાવાળાઓને ફના માટે પેદા કર્યા છે. અહીં નવી વસ્તુ જુની થઈ જાય છે અને તેની નેઅમતો ખતમ થઈ જાય છે અને તેની ખુશીઓ ગમમાં બદલાઈ જાય છે. દુનિયા રહેવાની જગ્યા નથી. બલકે સફરનું ભાથું તૈયાર કરવાની જગ્યા છે. તો પછી સફરનું ભાથું ભેગુ કરી લો અને બેહતરીન ભાથું તકવા છે. અલ્લાહથી ડરો. જેથી કામયાબ થઈ જાઓ.

(નફસુલ મહમૂમ પા-૩૫૫)

છેલ્લી વિદાય

પછી ઇમામ હુસૈન(અલ.) ફરીથી તંબુમાં આવ્યા. પોતાના અહલેબયત(અલ.)થી વિદાય થયા અને તેમને સબ્રની નસીહત કરી. અલ્લાહના અજર અને સવાબનો વાયદો કર્યો અને ફરમાવ્યું : પોતાનો પોશાક પહેરીને મુસીબતોનો મુકાબલો કરવા માટે અને સખ્તીઓને સહન કરવા માટે તૈયાર થઈ જાઓ. જાણી લો કે અલ્લાહ તમારો રક્ષણહાર છે. દુશ્મનના ત્રાસથી જલ્દી છુટકારો આપશે અને તમારો અંજામ સારો હશે અને તમારા દુશ્મનને મુસીબતોમાં નાખશે અને તમે જે ગમ, મુસીબત ઉઠાવશો તેના બદલામાં તમને નેઅમતો અને દરજ્જો આપશે, ઝબાનથી ફરીયાદ ન કરશો અને એવી વાત ન કહેશો જેનાથી તમારો મરતબો ઘટી જાય. (નફસુલ મહમૂમ પા-૩૫૫)

ત્યાર પછી ફરમાવ્યું : મારા માટે એવા કપડા લાવો જેની કોઈ લાલચ ન કરી શકે. હું તેને મારા કપડાની નીચે પહેરીશ. જેથી કોઈ તેને ન ઉતારે. તેથી આપના માટે ટૂંકો લિબાસ લાવવામાં આવ્યો. આપ(અલ.)એ ફરમાવ્યું: ના, આ ઝલીલ લોકોનો પોશાક છે. પછી પોતાના જૂના કપડા લીધા અને તેને બે ચાર જગ્યાએથી ફાડીને પહેરી લીધા. ત્યાર પછી પાયજામો માંગ્યો અને તેને પણ ફાડીને પહેરી લીધો.

જ્યારે મૈદાનની તરફ જઈ રહ્યા હતા તે સમયે પોતાની તે દીકરી તરફ ધ્યાન આપ્યું જે સ્ત્રીઓથી અલગ એક ખૂણામાં દીકરી રડી રહી હતી. તેની પાસે ગયા, દિલાસો આપ્યો અને આ રીતે કહ્યું:

"મારી વ્હાલી દીકરી ! આ છેલ્લી વિદાય છે. હવે કયામતના દિવસે હૌઝે કૌસર પાસે

મુલાકાત થશે. રડો નહીં, કૈદ થવા માટે તૈયાર રહો, બેહતરીન સબ્રને પોતાની આદત બનાવી લો અને જ્યારે મારા બદનના ટુકડે ટુકડા માટી પર પડેલા અને રગોથી લોહી વહેતું જુઓ તો સબ્ર કરશો." (અલ-મલહૂફ પા-૫૧૧)

ફાડી ખાનાર જાનવરો જેવો હુમલો કરવો

ઉમર બિન સઅદે ફૌજને કહ્યું : હમણા ઇમામ હુસૈન(અલ.) તંબુમાંથી પોતાના અહલેબયતથી વિદાય થઈ રહ્યા છે. હમણા જ તેમના પર હુમલો કરી દો, કેમ કે વિદાય પછી તમને એવા વેરવિખેર કરી નાખશે કે જમણી તરફ અને ડાબી તરફનું ભાન તમને નહીં રહે. ફૌજે આપ(અલ.) પર તીરોનો વરસાદ શરૂ કરી દીધો. ઘણાં બધા તીરો તંબુની ચાદર પર કાણા પાડી અમુક સ્ત્રીઓના પોશાકને પણ ફાડી નાખ્યા. આ સ્થિતિ જોઈને ઇમામ હુસૈન(અલ.)એ દુશ્મન પર ગુસ્સાવર સિંહની જેમ હુમલો કર્યો. જ્યારે કે દરેક તરફથી તીરોનો વરસાદ થઈ રહ્યો હતો. પરંતુ આપ(અલ.)એ તીરો માટે પોતાની છાતીને ઢાલ બનાવી દીધી હતી. (મકતલુલ હુસૈન મુકર્રમ પા-૨૭૭)

ઇમામ હુસૈન(અલ.)એ ઇબ્ને ઝિયાદના લશ્કરને સંબોધીને ફરમાવ્યું : તમે શા માટે મારી સાથે જંગ કરી રહ્યા છો? શું મેં કોઈ વાજિબ અમલ છોડ્યો છે અથવા કોઈ સુન્નત બદલી છે અથવા શરીઅતમાં ફેરફાર કર્યો છે ?

આ ગિરોહે જવાબ આપ્યો નહીં. પરંતુ આપના વાલિદ તરફથી અમારા દિલોમાં કીનો છે કે તેમણે બદર અને હુન્ૈનમાં અમારા બાપદાદાને કતલ કર્યા હતા. એટલા માટે આપથી જંગ કરીશું. (અલ-ઇમામુલ હુસૈન વ અસ્હાબોહુ પા-૨૦૬)

જ્યારે ઇમામ હુસૈન(અલ.)એ આ ગિરોહની આ વાત સાંભળી તો રડવા લાગ્યા. પછી જમણી ડાબી તરફ જોયું પરંતુ આપનો કોઈ મદદગાર ન હતો. બધા શહીદ થઇ ચુકયા હતા. (ઝરીઅતુન નજાત ગરમવર્દી પા-૧૩૪)

ત્રણ ફળવાળું (ત્રિપાંખિયું) તીર

ગરમીની સખ્તી અને જંગના કારણે આપ થાકી કયા હતા. જેથી એક ઘડી શ્વાસ લેવા માટે રોકાયા કે એક પથ્થર આપ(અલ.)ની પેશાની પર વાગ્યો. પોશાકથી લોહી સાફ કરવા ઇચ્છતા હતા કે ઝહેરમાં ડુબેલું ત્રણ ભાલનું તીર મુબારક છાતી પર અને અમુક રિવાયતો પ્રમાણે દિલ પર વાગ્યું.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : બિસ્મિલ્લાહે વ બિલ્લાહે અલા મિલ્લતે રસુલિલ્લાહી. આસમાનની તરફ મોઢું કર્યું અને કહ્યું : અય અલ્લાહ ! તું જાણે છે કે આ લોકો કોને કતલ કરી રહ્યા છે કે જેના સિવાય જમીન પર કોઈ ફરઝંદે રસુલ(સલ.)નથી. ત્યાર પછી પીઠની તરફથી તીર ખેંચી લીધું. લોહી પરનાલાની જેમ વહેવા લાગ્યું. લોહી હથેળીમાં લીધું અને આસમાનની તરફ ફેંકી

દીધું જેનું ટીપું પણ જમીન પર પાછું ન આવ્યું. પછી લોહી મુઠ્ઠીમાં લઈ અને તેને મોં પર લગાવ્યું અને ફરમાવ્યું : આ જ હાલમાં મારા નાના રસુલ(સલ.)ની મુલાકાત કરીશ અને કહીશ, અય અલ્લાહના રસુલ ! મને આ ગિરોહે કતલ કર્યો છે. (બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૫૩)

તંબુઓ ઉપર હુમલો

ઇમામ હુસૈન(અલ.) દુશ્મન સાથે જંગ કરતા રહ્યા. એટલે સુધી કે શિમ્ર બિન ઝિલજાશન ઇમામ અને તેમના અહલેબયતના ખયમાઓ વચ્ચે આવી ગયો. (મુસીરૂલ અહઝાન પા-૭૨)

ઇમામ હુસૈન(અલ.)એ ઇબ્ને ઝિયાદના લશ્કરને ફરમાવ્યું : અય અબુ સુફિયાનની તાબેદારી કરવાવાળાઓ! જો તમારો કોઈ દીન નથી અને કયામતના દિવસનો તમને કોઈ ડર નથી તો કમ સે કમ દુનિયામાં આઝાદ રહો. જો તમે અરબ છો તો પોતાના ખાનદાન તરફ પાછા ફરો.

શિમ્રે કહ્યું : અય ફરઝંદે ફાતેમા! શું કહી રહ્યા છો ? ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : હું તમારી સાથે અને તમે મારી સાથે જંગ કરી રહ્યા

છો પરંતુ સ્ત્રીઓનો શું વાંક છે? હદથી આગળ વધી જનારા પોતાના આ ગિરોહને કહી દો કે હું જીવતો છું ત્યાં સુધી એહલે હરમને કંઈ ન કહે.

શિમ્રે કહ્યું : ફરઝંદે ફાતેમા(સલા.) હું આવું જ કરીશ.

પછી લશ્કરને કહ્યું : એહલે હરમના તંબુ પર હુમલો ન કરો. બલકે હુસૈનની તરફ જાઓ. કસમ મારી જાનની તે કરીમ છે. આથી ફૌજ હથિયાર સાથે ઇમામ હુસૈન(અલ.)ની તરફ ચાલી, સખત જંગ શરૂ થઈ ગઈ. ફૌજ આપ(અલ.) પર અને આપ(અલ.) તેમના પર હુમલો કરતા હતા. તે સમયે આપ ખૂબ જ પ્યાસા હતા. બદન પર ૭૨ ઝખ્મ લાગી ચુકયા હતા. (અલ-મલહુફ પા-૫૦, બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૫૧)

કહેવાય છે કે આપના મુબારક બદન પર એટલા તીર વાગ્યા હતા કે આપ(અલ.)નું બખ્તર

શાહુડી (એક કાંટાવાળુ જાનવર)ની જેમ થઈ ગયું હતું. તીર બધા સામેની તરફ વાગ્યા હતા. (મનાકિબ ઇબ્ને શહરઆશુબ ભાગ-૪, પા-૧૧૧)

ઘણો સમય થઈ ગયો. કોઈનામાં હિંમત ન હતી કે આપ(અલ.)ને શહીદ કરે. દરેક ઝાલિમ બીજા ઝાલિમ પર છોડી દેતો હતો. શિમ્રે કહ્યું : અફસોસ છે તમારા પર ! તમારી માંઓ તમારા પર રડે, કોની રાહ જુઓ છો ? કતલ કરો, ઇમામ(અલ.) પર દરેક તરફથી લશ્કર ટૂટી પડ્યું. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪, પા-૭૮)

શીશ બિન રબઈ તલવાર લઈને ઇમામ હુસૈન(અલ.) તરફ વધ્યો. માથું શરીરથી અલગ કરવા ઇચ્છતો હતો કે ઇમામ હુસૈન(અલ.)એ તેની તરફ જોયું તો બુમો પાડતો પાડતો ભાગ્યો. (તઝલ્લુમુઝ ઝહરા પા-૨૧૧)

ઇમામ હુસૈન(અલ.)ની દુઆ

જ્યારે ઇમામ હુસૈન(અલ.)ને ઘણી જ તકલીફ પહોંચી તો આપ(અલ.)એ આસમાનની તરફ માથું ઉંચુ કર્યું અને કહ્યું :

اَللّٰهُمَّ مُتَعَالِي الْمَكَانِ عَظِيمُ الْجَبَرُوتِ شَدِيدُ المِحالِ غَنِيٌّ عَنِ الْخَلَائِقِ عَرِيضُ الْكِبْرِيَاءِقَادِرٌ علٰى مَا تَشَاءُ قَرِيبُ الرَّحْمَةِ صَادِقُ الْوَعْدِ سَابِغُ النِّعْمَةِ حَسَنُ الْبَلَاءِ قَرِيبٌ اِذَا دُعِيتَ مُحِيطٌ بِمَا خَلَقْتَ قَابِلُ التَّوْبَةِ لِمَنْ تَابَ اِلَيْکَ قَادِرٌ عَلٰى مَا اَرَدْتَ تُدْرِکُ مَا طَلَبْتَ شَكُورٌ اِذَا شُكِرْتَ ذَكُورٌ اِذا ذُكِرْتَ اَدْعُوکَ مُحْتَاجاً وَ اَرْغَبُ إِلَيْکَ فَقِيراً وَ اَفْزَعُ اِلَيْکَ خَائِفاً وَ أَبْكِي مَكْرُوباً وَ اَسْتَعِيْنُ بِکَ ضَعِيفاً وَ اَتوكَّلُ عَلَيْکَ كَافِياً، اَللّٰهُمَّ احْكُمْ بَيْنَنَا وَ بَيْنَ قَوْمِنَا فَاِنَّهُمْ غَرُّوْنَا وَ خَذَلُوْنَا وَ

غَدَرُوا بِنَا وَ نَحْنُ عِتْرَةُ نَبِيِّکَ وَ وُلْدُ حَبِيْبِکَ مُحَمَّدٍ صَلَّى اللهُ عَلَيْهِ وَ آلِهِ وَسَلَّمَ الَّذِى اصْطَفَيْتَهُ بِالرِّسَالَةِ وَائْتَمَنْتَهُ عَلَى الْوَحْيِ فَافْعَلْ لَنَا مِنْ اَمْرِنَا فَرَجاً وَ مَخْرَجاً يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ۔

(મકતલુલ હુસૈન(અલ.) મુકર્રમ પા-૨૬૨)

અય બુલંદ અને શ્રેષ્ઠ ખુદા, અય મહાન કુદરત અને સલતનત અને તદબીર ધરાવનાર, અય મખલૂકથી બેપરવા (બેનિયાઝ), વિશાળ બુઝુર્ગીના માલિક, દરેક વસ્તુ પર કુદરત ધરાવનાર, તારી રેહમત નજીક, વાયદાને પુરો કરવાવાળો, તારી નેઅમતો પૂર્ણ છે. તારી આઝમાઇશ બેહતરીન છે, જ્યારે પુકારવામાં આવે તો કરીબ છે. પોતાની મખલૂક પર વર્ચસ્વ ધરાવે છે. તૌબા કરનારની તૌબા કબૂલ કરે છે. જે વસ્તુનો ઇરાદો કરે છે તેના પર કુદરત રાખે છે. જે ઇચ્છે છે અંજામ આપે છે. જ્યારે તારી તારીફ કરવામાં આવે તો તેના પર બદલો આપે

છે. જ્યારે તને કોઈ યાદ કરે છે તો તું તેને યાદ કરે છે. હું તને જરૂરતના સમયે પુકારી રહ્યો છું. તારી તરફ ધ્યાન છે જ્યારે કે હું લાચાર છું. ડર અને ભયની સ્થિતિમાં તારી પાસે આશ્રય ચાહું છું. સખ્તીઓ પર આંસુ વહાવું છું. કમજોરીના સમયે તારાથી જ મદદ ચાહુ છું. તારા પર જ ભરોસો કરૂ છું. અમારા માટે તું કાફી છે. અય અલ્લાહ! અમારી અને અમારી કૌમ દરમિયાન ફેંસલો કરી દે. તેમણે મને ધોકો આપ્યો અને પછી એકલો છોડી દીધો અમે તારા નબી(સલ.)ની ઇતરત (અહલેબયત) છીએ અને તારા હબીબ મોહંમદ(સલ.)ની અવલાદ છીએ કે જેમને તેં રિસાલત સાથે મોકલ્યા અને તેમને પોતાની વહ્યના અમીન બનાવ્યા, તો અય સૌથી વધારે મહેરબાન! અમારા મામલામાં અમારા માટે વિશાળતા અર્પણ ફરમાવ.

મુનાજાત

ઇમામ હુસૈન(અલ.)એ પોતાની જિન્દગીની છેલ્લી ઘડીઓમાં અલ્લાહ સાથે આ રીતે મુનાજાત કરી :

صَبْراً عَلٰى قَضَائِکَ يَا رَبِّ، لَااِلٰهَ سِوَاکَ يَا غِيَاثَ الْمُسْتَغِيْثِيْنَ مَا لِي رَبٌّ سِوَاکَ وَلَا مَعْبُوْدٌ غَيْرُکَ، صَبْراً عَلٰى حِلْمِکَ يَا غِيَاثَ مَنْ لَا غِيَاثَ لَهُ يَا دَائِماً لَا نَفَادَ لَهُ يَا مُحْيِيَ الْمَوْتٰى يَا قَائِماً عَلٰى كُلِّ نَفْسٍ بِمَا كَسَبَتْ، اُحْكُمْ بَيْنِيْ وَ بَيْنَهُمْ وَ اَنْتَ خَيْرُ الْحَاكِمِيْنَ۔

(મકતલુલ હુસૈન મુકર્રમ પા-૨૭૩)

અય પરવરદિગાર ! તારી કઝા પર સબ્ર કરનાર છું. તારા સિવાય કોઈ મઅબુદ નથી. અય ફરિયાદ કરનારાઓની ફરિયાદ સાંભળનાર, તારા

સિવાય મારો કોઈ પરવરદિગાર નથી અને તારા સિવાય કોઈ મઅબુદ નથી. તારા હુકમ પર સબ્ર કરીશ. અય તેની ફરિયાદને સાંભળનારા જેનો તારા સિવાય કોઈ ફરિયાદ સાંભળનાર નથી. અય હંમેશા રહેવાવાળા અને મુરદાઓને જીવંત કરવાવાળા, અય પોતાની મખ્લૂકના કાર્યોને જોવાવાળા, તું મારા અને આ કોમની દરમિયાન ફેંસલો કરી દે કે તું બેહતર હુકમ કરવાવાળો છે.

શહાદત

જ્યારે પુષ્કળ ઝખ્મો અને પ્યાસની સખ્તીથી ઇમામ હુસૈન(અલ.) કમજોર થઈ ગયા તો શિમ્રે પોતાની ફોજને કહ્યું : હવે શું રાહ જોઈ રહ્યા છો ? હુસૈન(અલ.) ખૂબ જ ઝખ્મી છે. ભાલાઓથી તેમને શહીદ કરી દો. તમારી માં તમારા ગમમાં રડે, એમના પર ચારેય તરફથી હુમલો કરો!

ત્યાર પછી દરેક તરફથી ઇમામ(અલ.) પર હુમલા થવા લાગ્યા. હસીન બિન તમીમે આપ(અલ.)ના મોઢા પર એક તીર માર્યું અને અબુ અય્યુબ ગનવીએ આપના ગળા પર તીરથી કાણું પાડી દીધું. ઝરઆ બિન શરીકે ઇમામ(અલ.)ના બાજુ પર વાર કર્યો, સનાન બિન અનસે આપ(અલ.)ની પવિત્ર છાતી પર ભાલો માર્યો. સાલેહ બિન વહબે એક ભાલો આપ(અલ.)ના

પહેલુમાં માર્યો, જેનાથી જમીન પર પડી ગયા, ફરી બેઠા થયા અને ગળાથી તીર કાઢ્યું, તે સમયે ઉમર બિન સઅદ ઇમામ(અલ.)ની નજીક આવી ગયો. (બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૫૫)

ઝયનબ(સલા.)ની ફરીયાદ

ઝયનબે કુબરા ખૈમાથી બહાર નીકળ્યા અને ફરીયાદ કરી : વા અખાહ! વા સય્યદાહ ! (અય આકા)વા અહલેબયતાહ ! અય કાશ આસમાન જમીન પર પડી જાત, અય કાશ પહાડ ટુકડે ટુકડા થઈને વેરવિખેર થઈ જાત. (અલ-મલહુફ પા-૫૧, કામિલ બિન અસીર, ભાગ-૪, પા-૭૨)

ત્યાર પછી ઉમર બિન સઅદને સંબોધીને કહ્યું : બરબાદી છે તારા પર, અબુ અબ્દિલ્લાહને શહીદ કરી રહ્યા છે અને તું જોઈ રહ્યો છે. તેણે કોઈ જવાબ ન આપ્યો. ઝયનબ(સલા.)એ કહ્યું : લાનત છે તમારા પર, શું તમારામાં કોઈ મુસલમાન નથી? તેનો પણ કોઈ જવાબ ન મળ્યો. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨, પા-૧૧૨)

અમુક લોકોએ વર્ણન કર્યું છે કે આ સાંભળી ઉમર બિન સઅદ રડવા લાગ્યો, પરંતુ ઝયનબ(સલા.) તરફથી મોં ફેરવી લીધું. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪, પા-૭૮)

હિલાલ બિન નાફેઅ

હિલાલ બિન નાફેઅ કહે છે : અમે ઉમરે સઅદના સાથીઓ દરમિયાન ઉભા હતા. અચાનક જોયું કે કોઈ બુમો પાડી રહ્યું છે. અય અમીર મુબારક થાય, શિમ્રે હુસૈન(અલ.)ને કતલ કરી દીધા.

હિલાલ કહે છે : હું બે સફોની વચ્ચેથી નીકળ્યો અને ઇમામ(અલ.)ના જાન દેવાને જોવા લાગ્યો. અલ્લાહની કસમ! મેં તેમનાથી વધારે નુરાની અને નેક મકતૂલ લોહીમાં ડૂબેલા નથી જોયા. તેમના ચહેરાનું નૂર અને ખૂબસૂરતીના કારણે મારા મગજથી તેમના કતલનો વિચાર ભુસાઈ ગયો અને જ્યારે પાણીની એક ઘુંટ તલબ કરી તો મેં એક માણસને કહેતા સાંભળ્યું. તમને કદી પણ પાણી નહીં મળે, અહીં સુધી કે જહન્નમમાં

પહોંચશો અને ઉકળતુ પાણી પીશો. મેં ઇમામ(અલ.)નો જવાબ સાંભળ્યો કે આપે ફરમાવ્યું : હું મારા નાનાની પાસે જઈ રહ્યો છું અને જન્નતમાં તેમની સાથે રહીશ અને મીઠું પાણી પીશ અને જે કંઈ મારી સાથે કર્યું છે તેની શિકાયત કરીશ. આ વાત પર પૂરી ફૌજ એવી ગુસ્સામાં આવી ગઈ કે જાણે અલ્લાહે તેમના દિલમાં રહેમ પૈદા જ નથી કરી. મેં કહ્યું અલ્લાહની કસમ, હવે હું કોઈ કામમાં તમારો ભાગીદાર નહીં બનુ. (નફસુલ મહમૂમ પા-૩૬૬)

છેલ્લી ઘડીઓ

થોડીક વાર પછી જે વ્યક્તિ પણ કતલના ઇરાદાથી આપ(અલ.)ની પાસે આવતો ત્યાં જ પાછો ફરી જતો. આપ(અલ.)ને કતલ કરવાથી બચતા હતા. પછી સૌથી બદબખ્ત માણસ માલિક બિન નુમૈર કન્દી આવ્યો અને તલવારથી હુમલો કર્યો. જેનાથી પોતે કપાઈ ગયો અને માથાથી લોહી શરૂ થઈ ગયું. આપ(અલ.)એ તે બદબખ્તને ફરમાવ્યું : આ હાથથી તુ ન ખાઈ શકીશ અને ન પાણી પી શકીશ. અલ્લાહ તને ઝાલિમો સાથે ભેગો કરે. ત્યાર પછી તેની જીંદગી ફકીરી, ભૂખમરામાં ગુજરી અને તેના હાથ એવા થઈ ગયા કે જેવી રીતે લકવાગ્રસ્તના હોય છે. (અન્સાબુલ અશરાફ ભાગ-૩, પા-૨૦૩)

જ્યારે આપ(અલ.) ઘોડાથી જમીન પર આવ્યા તો જમણી બાજુ સુવા ચાહ્યું પણ ઝખ્મોના કારણે સુઈ ન શક્યા. પછી ડાબી બાજુ સુવા ચાહ્યુ પરંતુ ન સુઈ શક્યા. રેતી ભેગી કરીને તેના પર માથું રાખી સુઈ ગયા. ફૌજ આશ્ચર્યમાં હતી કે તેમની શું સ્થિતિ છે ? કારણ કે અમુક કહેતા હતા મૃત્યુ પામ્યા છે. અમુક કહેતા હતા હવે તેમનામાં લડાઈની શક્તિ નથી. (અલ-મુફીદ ફી ઝિકરિલ બસ્તીશ શહીદ પા-૧૨૩)

કતલનો હુકમ

ઉમર બિન સઅદે પોતાની જમણી તરફ ઉભેલા એક વ્યક્તિને કહ્યું : અફસોસ છે તારા પર ! ઉતરીને તેમને કતલ કરી દે. ખૂલીએ ઇમામ હુસૈન(અલ.)નું સર કલમ કરવામાં જલ્દી કરી કે સનાન બિન અનસ નખઈ(લઅ.) ઘોડાથી ઉતરીને આપ(અલ.)ના ગળા પર તલવાર ચલાવતો હતો અને કહેતો હતો : ખુદાની કસમ! હું આપનું સર કલમ કરીશ, જો કે મને ખબર છે કે આપ ફરઝંદે રસુલ છો અને આપની વાલેદહ સૌથી અફઝલ, શ્રેષ્ઠ છે. પછી આપ(અલ.)નું સર બદનથી જુદા કરી દીધું. (અલ-મલહુફ પા-૫૨)

કાતિલની ઓળખ

(૧) શિમ્ર બિન ઝિલજાશન, ઇબ્ને અબ્દુલ બરે ખલીફા બિન ખય્યાતથી વર્ણન કર્યું છે કે ઇમામ હુસૈન(અલ.)ને ઉમરે સઅદની ફૌજનો સરદાર શિમ્ર બિન ઝિલજાશને કતલ કર્યા છે. (અલ-ઇસ્તીઆબ ભાગ-૧, પા-૩૯૫, અબસારૂલ ઐન પા-૧૪) લખ્યું છે કે ઇમામના સીના પર સવાર થયો, જ્યારે આપ(અલ.)ને કતલ કરવા ચાહ્યું તો આપે ફરમાવ્યું: શું તું મને જાણે છે કે હું કોણ છું ?

શિમ્રે કહ્યું : સારી રીતે ઓળખુ છું. આપની વાલેદહ ફાતેમા(સલા.), વાલિદ અલી મુર્તઝા(અલ.) અને આપના નાના મોહંમદ મુસ્તફા(સલ.) છે. છતાં પણ હું તમને કતલ કરીશ મને કોઈ ડર નથી. ત્યાર પછી તલવારના બાર વારથી ઇમામ હુસૈન(અલ.)ને શહીદ કર્યા અને માથું

બદનથી જુદા કરી દીધું. (બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૫૬)

(૨) સનાન બિન અનસ નખઈ, તેણે ખુલીને કહ્યું : હુસૈન(અલ.)ના સરને બદનથી અલગ કર. જ્યારે ખુલીએ ઇમામ હુસૈન(અલ.)નું સર અલગ કરવા ચાહ્યું તો તેનું બદન કાંપવા લાગ્યું. સનાને તેને કહ્યું : ખુદા તારા હાથને લકવાગ્રસ્ત કરી દે, કેમ ધ્રૂજી રહ્યો છે ? પોતે ઘોડાથી ઉતર્યો અને ઇમામ હુસૈન(અલ.)નું સર બદનથી અલગ કરીને ખુલીને આપી દીધું. (કામિલ ઇબ્ને અસીર, ભાગ-૪, પા-૧૮, અન્સાબુલ અશરાફ ભાગ-૩, પા-૨૦૩)

(૩) ખુલી બિન યઝીદ, તેણે ઇમામ હુસૈન(અલ.) પર હુમલો કર્યો અને આપનું સર કલમ કરીને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની પાસે લઈ ગયો અને કહ્યું :

"મારો દામન સોના અને ચાંદીથી ભરી દો કે મેં મોટા બાદશાહને કતલ કર્યો છે. જે વાલિદૈનમાં સૌથી શ્રેષ્ઠ અને ખાનદાન અને વંશની રીતે સૌથી ઉચ્ચ હતા." (ઇસ્તીઆબ ભાગ-૧, પા-૩૯૩, કશકુલ ગુમ્મા ભાગ-૨ પા-૫૧, મનાકિબ ઇબ્ને શહરઆશુબ ભાગ-૪, પા-૧૧૧)

ફરિશ્તાઓમાં હાહાકાર

ઇમામ હુસૈન(અલ.) શહીદ કરી દેવામાં આવ્યા તો આસમાન પર ફરિશ્તાઓમાં કોલાહલ મચી ગયો અને અલ્લાહની બારગાહમાં અરજ કરી: હુસૈન(અલ.) તારા પસંદ કરેલા અને તારા રસુલ(સલ.)ના ફરઝંદ છે. અલ્લાહે ફરિશ્તાઓની સામે હઝરત કાએમ(અલ.)ની તસ્વીર જાહેર કરી અને ફરમાવ્યું : હું આ કાએમ ઇમામ મહદી(અલ.) દ્વારા હુસૈન(અલ.)ના ખૂનનો બદલો લઈશ. (કાફી ભાગ-૧, પા-૪૬૫)

શહાદતની ખબર

રિવાયત કરનાર કહે છે કે એક કનીઝ ઇમામ હુસૈન(અલ.)ના તંબુઓની તરફથી આવી. એક માણસે તેને કહ્યું : અય અલ્લાહની કનીઝ ! તારો મૌલા કતલ કરી દેવામાં આવ્યો છે.

કનીઝ કહે છે કે : હું દોડતી દોડતી હરમની પાસે ગઈ અને રડવા લાગી. અન્ય સ્ત્રીઓ પણ મારી સાથે રડવા લાગી.

(અલ-મલહુફ પા-૫૫)

છેલ્લો શહીદ

સુવૈદ બિન મુતાઅ ઘણા બધા ઝખ્મ ખાઈને પડી ગયા હતા. તે પહેલા હુમલામાં દુશ્મનોના તીરોથી ઝખ્મી થઈને પડી ગયા હતા અને બેહોશ થઈ ગયા હતા. જ્યારે તેમને હોશ આવ્યો તો કત્લે હુસૈનની અવાજ સાંભળી. પોતાનામાં ઉભા થવાની તાકાતનો એહસાસ કર્યો. જેથી પોતાની તલવાર લઈને ઉભા થયા અને ઘણી વાર સુધી દુશ્મનનો મુકાબલો કરતા રહ્યા કે ઉરવા બિન બતાન અને ઝૈદ બિન રૂકાદે તેમને કતલ કર્યા. ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓમાં સૌથી છેલ્લે તે શહીદ થયા. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪, પા-૭૯, અન્સાબુલ અશરાફ ભાગ-૩, પા-૩૦૪)

ઇમામનો ઘોડો ઝુલ્જનાહ

શહાદત પછી આપનો ઘોડો અવાજ કરતો અને રડતો રડતો ખૈમા તરફ દોડ્યો. ઇમામ હુસૈન(અલ.)ના ખૂનથી તેની પેશાની રંગીન હતી. (અલ-ફુતૂહ ભાગ-૫, પા-૨૨૦)

ઇમામ મોહંમદ બાકિર(અલ.)થી વર્ણન છે કે ઘોડો કહી રહ્યો હતો :

اَلظَّلِيمَةُ الظَّلِيمَةُ مِنْ اُمَّةٍ قَتَلَتْ اِبْنِ بِنْتِ نَبِيِّهَا

અફસોસ આ ઉમ્મતના ઝુલ્મ પર કે જેણે પોતાના નબીના નવાસાને કતલ કરી નાખ્યો. આવી ફરીયાદ કરતો તંબુઓ તરફ ચાલ્યો. (મકતલુલ હુસૈન મુકર્રમ પા-૨૮૩)

ઝિયારતે નાહિયામાં આવ્યું છે : જ્યારે હરમની સ્ત્રીઓએ આપ(અલ.)ના ઘોડાને સવારી વગર આ હાલતમાં જોયો કે પાલાન એક તરફ

ઝુકેલી હતી અને ઘોડાના ગળાના વાળ લોહીથી ભીના હતા. તો તેઓ ખુલ્લા માથે (પોતાના ચહેરાને વાળથી ઢાંકેલી સ્થિતિમાં) અને ચહેરા પર હાથ મારતા ખૈમાથી બહાર નીકળી આવી અને ઉંચા અવાજે રડતી રડતી મકતલ તરફ ચાલી. તે સમયે શિમ્ર મલઊન આપ(અલ.)ના મુબારક સીના પર સવાર હતો. એક હાથમાં આપની દાઢી પકડી હતી અને બીજા હાથથી તલવાર દ્વારા માથું શરીરથી અલગ કરી રહ્યો હતો.

(ઝરીઅતુન નજાત પા-૧૪૭)

ઇન્કિલાબ

આપ(અલ.)ની શહાદત પછી ફોજે તકબીર કહી! જમીનમાં સખત ધરતીકંપ આવ્યો. પૂર્વ અને પશ્ચિમમાં અંધકાર છવાઈ ગયો. લોકો ધરતીકંપ અને વીજળીના કડાકામાં ઘેરાઈ ગયા. આસમાનથી લોહીનો વરસાદ વરસ્યો, આસમાનથી એક ગૈબી અવાજ આવી. અલ્લાહની કસમ ! ઇમામ ઇબ્ને ઇમામ, ઇમામના ભાઇ અને ઇમામ હુસૈન ઇબ્ને અલી(અલ.)ની અવલાદ કતલ કરી દેવામાં આવી છે. (મલહૂફ પા-૫૩)

રિવાયત કરનાર કહે છે : તે સમયે ધૂળ, રજકણો, ધુમ્મસ સાથે આસમાન પર એવું લાલ તોફાન છવાઈ ગયું કે જેમાં હાથને હાથ દેખાતો ન હતો. આ લોકો વિચારવા લાગ્યા કે તેમના પર

અઝાબ નાઝિલ થઈ ગયો. આ તોફાન કલાકો શરૂ રહ્યું. (બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૨૦૬)

ઇમામ સાદિક(અલ.)એ ઝોરારહને ફરમાવ્યું: અય ઝોરારહ, હુસૈન(અલ.)ના ગમમાં ચાલીસ દિવસ સુધી આસમાનથી લોહીનો વરસાદ પડ્યો. જમીન પર ચાલીસ દિવસ સુધી અંધકાર છવાઈ રહ્યો, સુર્યગ્રહણ ચાલીસ દિવસ રહ્યું, પહાડોમાં ધરતીકંપ આવ્યો અને દરીયાના મોજાઓનો ઉગ્ર અફળાટ રહ્યો. (બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૨૦૬)

દાઉદ બિન ફરકદે ઇમામ સાદિક(અલ.)થી વર્ણન કર્યું છે કે આપ(અલ.)એ ફરમાવ્યું : જ્યારે ઇમામ હુસૈન ઇબ્ને અલી(અલ.) શહીદ કરી દેવામાં આવ્યા તો આસમાન અને જમીન એક વરસ સુધી રડ્યા જેવી રીતે યહ્યા બિન ઝકરીયા પર રડ્યા

હતા. આસમાનની લાલાશ જ તેનું રડવું છે. (બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૨૧૦)

મસઊદીની ઇસબાતુલ વસીય્યતમાં આવ્યું છે : રિવાયત છે કે ૧૪ દિવસ સુધી આસમાન ઇમામ હુસૈન(અલ.) પર રડ્યું, પુછવામાં આવ્યું : આસમાનના રડવાની નિશાની શું છે ? જવાબ આપવામાં આવ્યો, સૂરજ લાલાશમાં નીકળતો અને ડૂબતો હતો. (ઇસબાતુલ વસીય્યત પા-૧૬૭)

સુયુતીએ વર્ણન કર્યું છે કે જ્યારે હુસૈન ઇબ્ને અલી(અલ.) શહીદ કરી દેવામાં આવ્યા તો સાત દિવસ સુધી સૂરજની રોશની દીવાલો પર પીળી દેખાતી હતી અને અમુક સિતારા એકબીજાથી ટકરાઈ ગયા અને આશુરના દિવસે જે દિવસે આપ(અલ.) શહીદ થયા હતા, સૂર્યને ગ્રહણ લાગ્યું અને છ મહીના સુધી આસમાન લાલ રહ્યું. (તારીખુલ ખોલફા પા-૨૦૭)

ખલાદ કહે છે : ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી એક મુદ્દત સુધી સવારે અને અસરના સમયે દીવાલો પર લાલ નિશાન દેખાતા હતા. તે સમયે લોકોમાં ડર છવાએલો હતો કેમ કે આ તાજું લોહી હતું.

અબુ કબીલ કહેતા હતા : જ્યારે હુસૈન(અલ.)ને શહીદ કરી દેવામાં આવ્યા તો સૂરજને સખત ગ્રહણ લાગ્યું કે દિવસમાં તારા નજર આવવા લાગ્યા અને લોકો એવો ખ્યાલ કરતા હતા કે કયામત આવી ગઈ છે. (મુખ્તસર તારીખ ઇબ્ને અસાકિર ભાગ-૭, પા-૧૯૯)

ઇબ્ને હજરે સવાઇકમાં તિરમિઝીથી વર્ણન કર્યું છે કે ઉમ્મે સલમાએ રસુલે ખુદા(સલ.)ને ખ્વાબમાં જોયા કે આપ(સલ.)નો ચહેરો અને માથું ધુળ, માટીવાળું છે અને રડી રહ્યા છે. મેં તેનું કારણ જાણ્યું તો ફરમાવ્યું : હમણાં જ હુસૈન(અલ.)ને

લોકોએ કતલ કર્યા છે. (અલ-ઇમામુલ હુસૈન વ અસ્હાબોહુ પા-૩૩૬)

ઇમામ સાદિક(અલ.)થી રિવાયત વર્ણન થઇ છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.)ને તલવારો મારવામાં આવી અને આપ(અલ.) ઘોડાથી જમીન પર આવ્યા અને તે લોકો આપ(અલ.)નું સર કલમ કરવા માટે દોડ્યા તો અર્શથી મુનાદી(પોકારનારે) એ અવાજ આપી. અય તે ઉમ્મત જે પૈગંબર(સલ.) પછી પરેશાન અને ગુમરાહ થઈ ગઈ છે. અલ્લાહ તમને અઝહા અને ફિતરની તૌફીક નહીં આપે. (અલ્લાહ ખુશી મનાવવાની તૌફીક નહીં આપે.) (એલલુશ શરાએઅ ભાગ-૨, પા-૭૬)

જે દિવસે ઇમામ હુસૈન(અલ.) શહીદ થયા હતા તેની સાંજે મદીનાવાળાઓએ ગૈબી અવાજ સાંભળી કે કહે છે : રસૂલ(સલ.) પોતાની પેશાની પકડેલા છે, તેમના ગાલ પર આંસુ જારી છે,

હુસૈન(અલ.)ના માં-બાપ કુરૈશની મહાન વ્યક્તિઓ છે અને તેમના નાના બાપ-દાદાઓમાં સર્વશ્રેષ્ઠ છે. (અલ-બદાઅ વત્તારીખ ભાગ-૬, પા-૧૩)

શહાદતની તારીખ

ઇમામ હુસૈન(અલ.) જુમ્આના દિવસે દસ મોહર્રમ હિજરી સન ૬૧ના ઝોહરની નમાઝ પછી શહાદત પામ્યા. તે સમયે આપની ઉમર ૫૬ વર્ષ અને અમુક મહીના હતી. (મકાતિલુત્તાબેલીન પા-૭૮)

બિલાઝરીએ વર્ણન કર્યું છે કે આપ(અલ.)એ શનિવારના દિવસે આશુરના શહાદત પામી. કહેવામાં આવ્યું છે કે જુમ્આનો દિવસ હતો. (અન્સાબુલ અશરાફ ભાગ-૩, પા-૧૭૮)

ઇબ્ને શહર આશુબે વર્ણન કર્યું છે કે આપ(અલ.)એ દસ મોહર્રમ શનિવારના દિવસે શહાદત પામી. પછી લખે છે : કહેવામાં આવ્યું છે કે આપ(અલ.)એ જુમ્આના દિવસે ઝોહર પછી

શહાદત પામી. એક કથન આ છે કે શનિવારના દિવસે શહાદત પામી. (મનાકિબ ઇબ્ને શહર આશુબ ભાગ-૪, પા-૭૭)

ઇમામ(અલ.)ના મુબારક શરીર પર વાગેલા ઝખ્મોની સંખ્યા

રિવાયત આવી છે કે આપ(અલ.)ના કપડામાં તીરો, ભાલાઓ અને તલવારોના સેંકડોથી વધારે નિશાન જોવામાં આવ્યા. ઇમામ સાદિક(અલ.)થી વર્ણન છે કે ઇમામ હુસૈન(અલ.)ના બદન પર ૩૩ ઝખ્મ ભાલાના અને ૩૪ ઝખ્મ તલવારના જોવામાં આવ્યા. (અલ-મલહૂફ પા-૫૪, અન્સાબુલ અશરાફ ભાગ-૩, પા-૨૦૩)

પ્રકરણ : ૧૮

શહાદત પછી

કહેવામાં આવ્યું છે : ઇમામ(અલ.)ની શહાદત પછી દુશ્મનના સિપાહીઓએ ઇમામ હુસૈન(અલ.)ના લશ્કરનો પોશાક લૂંટવા માટે એક બીજા સાથે હરીફાઇ કરી. તબરીએ અબુ મિખનફથી વર્ણન કર્યું છે કે તે લોકોએ ઇમામ(અલ.)નો પોશાક ઉતારી લીધો. આપ(અલ.)નો પાયજામો બહર બિન કઅબ તમીમીએ લીધો. મલહૂફમાં રિવાયત છે કે તેના પગ સુકાઇ ગયા અને ચાલી નહોતો શકતો અને આપ(અલ.)નું પહેરણ ઇસ્હાક બિન હયાત હઝરમીએ પહેર્યો. જેના કારણે એના વાળ ખરી પડ્યા અને ઝલીલ, રૂસ્વા થઈ ગયો. આપ(અલ.)નો અમામો હબશ બિન મુરસદ અથવા જાબિર બિન યઝીદ લઈ ગયો અને પાગલ થઈ

ગયો. આપ(અલ.)ની ટોપી, માલિક બિન બશીર કુન્દી લઈ ગયો. જ્યારે તેની પત્નિને કિસ્સાની જાણ થઈ તો બંનેમાં ઝઘડો શરૂ થઈ ગયો. બાકી ઉમર ફકીરીમાં પસાર કરી અને આપ(અલ.)નું બખ્તર "બતરા" ઉમર બિન સઅદ લઈ ગયો. જ્યારે મુખ્તારે ઉમરે સઅદને કતલ કર્યો તો તે બખ્તર તેના કાતિલ અબી ઉમરાને આપ્યું. આપ(અલ.)નું બીજું બખ્તર માલિક બિન નુમૈરે ઉઠાવી અને પહેરી લીધું. તે પાગલ થઈ ગયો. આપ(અલ.)નો ટુવાલ કૈસ બિન અશઅસ લઈ ગયો. ખવારીઝમીએ વર્ણન કર્યું છે કે તે જુઝામની બીમારીમાં સપડાઈ ગયો. તેના ઘરવાળાઓ તેનાથી ભાગતા હતા, તેને કચરા, ગંદકીની જગ્યા પર નાખી દેવામાં આવ્યો હતો. ત્યાં જ મરી ગયો. મરતા પહેલાં જ કુતરૂ અને સુવ્વર તેનું ગોશ્ત ખાવા લાગ્યા હતા.

આપ(અલ.)ની નાલૈન(પગરખાં) કબીલા બની ઔદની એક વ્યક્તિએ લઈ લીધી હતી, અને તલવાર બની નહશલ કબીલાના એક માણસે ઉઠાવી ત્યાર પછી હબીબ બિન બુદૈલની પાસે આવી. મલહૂફે નકલ કર્યું છે કે આ ઝુલ્ફિકાર સિવાયની બીજી તલવાર હતી કેમ કે ઝુલ્ફિકાર નબુવ્વત અને ઇમામતના ખઝાનામાંથી એક છે.

ઇબ્ને શહર આશુબ કહે છે : આપ(અલ.)ની કમાન અને તેનાથી સંબંધિત વસ્તુઓ દહીલ બિન ખયસમા, જઅફી બિન શબીબ હઝરમી, જરીર બિન મસઊદ અને સઅલબા બિન અસવદ અવસીએ ઉઠાવી હતી અને આપ(અલ.)ની વીંટી સાથે આંગળી કાપી નાખી, આ તે વીંટી નથી જે નબુવ્વતના ખઝાનામાંથી છે. કારણ કે તેને ઇમામ હુસૈન(અલ.)એ જેવી રીતે શેખ સદૂક(રહ.)એ મોહમ્મદ બિન મુસ્લિમથી વર્ણન કર્યું છે હઝરત

અલી ઇબ્નુલ હુસૈન(અલ.)ની આંગળીમાં પહેરાવી દીધી હતી.

મોહમ્મદ બિન મુસ્લિમ કહે છે : મેં ઇમામ સાદિક(અલ.)ને ઇમામ હુસૈન(અલ.)ની વીંટી વિશે સવાલ કર્યો કે આપના પછી કોના હાથમાં પહોંચી ? અને કહ્યું કે જાણે આપની વીંટી દુશ્મન લઈ ગયા હતા ?

ફરમાવ્યું : લોકો જે કહે છે તે હકીકત નથી. હુસૈન(અલ.)એ પોતાના દીકરા અલી ઇબ્નુલ હુસૈન(અલ.)ને વસીય્યત કરી અને પોતાની વીંટી તેમની આંગળીમાં પહેરાવી અને હુક્મ તેમના સિપુર્દ કર્યા. (અલ-ઇમામુલ હુસૈન વ અસ્હાબોહુ પા-૩૬૧)

ઇબ્ને ઝાએદ કહે છે : ઇબ્ને ઝિયાદના લશ્કરે અન્ય શહીદોના પોશાક પણ લૂટી લીધા હતા. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૭૯)

તંબુઓને તબાહ-બરબાદ કરવું

હુસૈની તંબુઓને પાયમાલ કરવામાં પણ દુશ્મનો એકબીજાથી અગ્રેસર રહ્યા, એટલે સુધી કે સ્ત્રીઓના માથાની ચાદર પણ છીનવી લીધી. આલે રસૂલ(સલ.)ની દીકરીઓને બેપરદા કરી દીધી, જ્યારે કે તેઓ પોતાના રિશ્તેદારો, બુઝુર્ગોની જુદાઈમાં રડી રહી હતી.

હમીદ બિન મુસ્લિમે રિવાયત કરી છે કે મેં બની બકર બિન વાએલના કબીલાની એક શૌહરદાર સ્ત્રીને ઉમરે સઅદના લશ્કરમાં જોઈ હતી, જ્યારે તેણે જોયું કે આ ગિરોહે ઇમામ હુસૈન(અલ.)ની સ્ત્રીઓ અને તેમના તંબુઓ પર હુમલો કરી દીધો છે અને તંબુઓને પાયમાલ કરી રહ્યા છે તો તેણે હાથમાં તલવાર ઉઠાવી, તંબુઓ તરફ ગઈ અને પોતાના કબીલાવાળાઓને અવાજ આપી. અય આલે બકર બિન વાએલ, શું રસુલ(સલ.)ની દીકરીઓને લૂંટી રહ્યા

છો? અલ્લાહના ફરમાન સિવાય કોઈનો હુકમ નથી. ખૂને રસૂલનો બદલો લેવા માટે ઉઠો. આ સાંભળી તેનો પતિ તેને પકડીને તેની જગ્યા પર લઈ ગયો.

રિવાયત કરનાર કહે છે કે ઉમર બિન સઅદના લશ્કરે બીબીઓને તંબુઓથી કાઢીને તેમાં આગ લગાવી દીધી. તે ચાદર, મકના વગર આમ તેમ આશ્રય શોધી રહી હતી. (અલ-મલહૂફ પા-૫૫) તે સમયે લશ્કરના એક નીચ માણસે ઉમ્મે કુલસૂમના કાનની બુટ્ટી (ઇયરીંગ) છીનવી લીધી અને તે ખબીસે રડતા રડતા ફાતેમા બિન્તુલ હુસૈનના પગથી ઝાંઝર ઉતારી લીધી.

ઇમામ હુસૈન(અલ.)ની દીકરીએ તેને પુછ્યું: તુ કેમ રડી રહ્યો છે ? તેણે કહ્યું : કેમ ન રડું કે હું રસુલ(સલ.)ની દીકરીનો માલ લૂંટી રહ્યો છું. ફાતેમા બિન્તુલ હુસૈન(અલ.)એ જ્યારે તેની આ મોહબ્બત જોઈ તો તેને કહ્યું : તું આવું ન કર, તેણે કહ્યું : ડરૂં છું

કે બીજું કોઇ આ લઈ જશે. (અમાલી સદૂક મજલિસ ભાગ-૨ પા-૩૧)

તંબુનો બધો સામાન લૂટી ગયા, શિમ્રને તંબુમાં સોનાનો એક ટુકડો મળ્યો. તે તેણે પોતાની છોકરીને આપી દીધો કે પોતાના ઘરેણા બનાવી લે. આ સોનાના ટુકડાને તે સોની પાસે લઈ ગઈ. જ્યારે તેણે આગમાં નાખ્યો તો તે બળીને ખતમ થઈ ગયો. (હયાતુલ ઇમામિલ હુસૈન(અલ.) ભાગ-૩ પા-૩૦૧)

હમીદ બિન મુસ્લિમ કહે છે : અલ્લાહની કસમ! મેં જોયું કે ઉમરે સઅદના લશ્કરે તંબુઓ પર હુમલા કર્યા અને તેનો સામાન લૂટવા લાગ્યા. બીબીઓએ મુકાબલો કર્યો પરંતુ પરાજિત થઈ ગઈ અને તે બધો માલ લૂટી ગયા.

ત્યાર પછી પગપાળા ફોજની સાથે શિમ્ર અલી ઇબ્નુલ હુસૈન(અલ.)ના તંબુમાં આવ્યો. તે વખતે આપ(અલ.) સખત બીમાર હતા અને પોતાના બિસ્તર

પર સુતા હતા. સાથે આવવાવાળાઓએ શિમ્રને કહ્યું: આમને કતલ નહીં કરો?

હમીદ બિન મુસ્લિમ કહે છે : મેં કહ્યું : સુબ્હાનલ્લાહ! નવજવાનને (જો કે તે સમયે ઇમામ સજ્જાદ(અલ.)ની ઉમર ૨૩ વરસની હતી. પરંતુ આ વાત હમીદ બિન મુસ્લિમે તેમને કતલથી બચાવવા માટે કહી હતી. ઇસ્લામના શરૂઆતની જંગોના કાનૂનમાંથી આ પણ હતુ કે બાળકોને કતલ નહીં કરીએ.) પણ કતલ કરવામાં આવે છે? આ હજી નવજવાન છે અને તેના માટે બીમારી જ કાફી છે. મેં આગ્રહ કર્યો અને આપ(અલ.)ને કતલથી બચાવી લીધા. (મકતલુલ હુસૈન મુકર્રમ પા-૩૦૧)

શિમ્રે કહ્યું : મને ઇબ્ને ઝિયાદે આ હુકમ આપ્યો છે કે હુસૈનના દીકરાઓને કતલ કરી નાખું પરંતુ ઉમરે સઅદે મારા રસ્તાઓ બંધ કરી દીધા છે. ખાસ કરીને જ્યારે ઝયનબ બિન્તે અમીરૂલ

મોઅમેનીન(અલ.)ને આ ખબર પડી કે શિમ્રનો આ ઇરાદો છે તો આવ્યા અને ફરમાવ્યું : જ્યાં સુધી હું જીવું છું તે કદી પણ માર્યા નહીં જાય, જેથી તેનો ઇરાદો બદલાઇ ગયો.

ફાતેમા બિન્તુલ હુસૈન(અલ.) કહે છે : મેં એક માણસને જોયો કે તે ભાલાની અણીથી સ્ત્રીઓનો પીછો કરી રહ્યો છે અને સ્ત્રીઓ એકબીજાની પાસે આશ્રય લઈ રહી છે. તેમની ચાદરો અને ઝવેરાત છીનવી લેવામાં આવ્યા છે. જ્યારે તે વ્યક્તિએ મને જોઈ તો મારી તરફ આવ્યો, તો હું ડરીને ભાગી, તેણે મારો પીછો કર્યો અને ભાલાથી મારા ઉપર હુમલો કર્યો, હું મોઢાથી ઝમીન પર પડી ગઈ અને બેહોશ થઈ ગઈ. જ્યારે હોશ આવ્યો તો મેં મારા સર પાસે મારી ફોઇ ઉમ્મે કુલસુમને રડતા જોયા. (મકતલુલ હુસૈન મુકર્રમ પા-૩૦૦)

હમીદા બિન્તે મુસ્લિમ

હઝરત મુસ્લિમ બિન અકીલ(અલ.)ની આ દીકરીની ઉમર સાત વરસની હતી. તેમની વાલેદહ રૂકય્યા બિન્તે અલી બિન અબી તાલિબ(અલ.) હતા. જ્યારે ફોજે તંબુઓ પર હુમલો કર્યો હતો ત્યારે તે મૃત્યુ પામ્યા હતા. (મઆલિયુસ્સિબ્તૈન ભાગ-૧ પા-૩૬૬)

બિહારૂલ અનવારમાં લખ્યું છે કે આ મૌકા પર ઇમામ હસન(અલ.)નું એક છ વરસનું બાળક ઇમામ હુસૈન(અલ.)ની સાથે શહીદ થયું. તેનું નામ અહમદ બિન હસન(અલ.) હતું. (કરબલામાં ઇમામ હસન(અલ.)નું છ વરસનું બાળક ન હોઇ શકે. કેમ કે કરબલાનો કિસ્સો ઇમામ હસન(અલ.)ની શહાદતના અગ્યાર વરસ પછી બન્યો. જો કોઈ આવું બાળક શહીદ થયું છે તો તેની ઉમર વધારે

હશે.) આ બાળકની બે બહેનો ઉમ્મુલ હસન અને ઉમ્મુલ હુસૈન પણ ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી તે સમયે મૃત્યુ પામી હતી જ્યારે યઝીદની ફોજે ખયમાઓ પર હુમલો કર્યો હતો. (વસીલતુદ દારૈન પા-૪૯૭)

તંબુઓમાં આગ લગાવવી

દુશ્મને અહલેબયત(અલ.)ના તંબુઓને આગ લગાડવાનો ઇરાદો કર્યો, જ્યારે કે સ્ત્રીઓ અને બાળકો તંબુમાં જ હતા. આગ લઈને તંબુ તરફ આવ્યા. તેમનામાંથી એક કહેતો હતો : ઝાલિમોના તંબુઓને સળગાવી દો. તંબુમાં આગ લગાવી દેવામાં આવી, રસૂલ(સલ.)ની દીકરીઓ તંબુઓથી નીકળીને આમતેમ દોડવા લાગી અને આગની જ્વાળાઓ તેમની પાછળ ઉડતી જતી હતી. અમુક બાળકો આગથી બચવા અને ઝાલિમોથી અમાનમાં રહેવા માટે ફોઇના દામનમાં છુપાઈ જતા હતા. અમુક જંગલમાં નીકળી ગયા અને અમુક આ ઝાલિમોને ફરીયાદ કરી રહ્યા હતા કે જેમના દિલોમાં રહેમ ન હતો.

ઇમામ સજ્જાદ(અલ.) ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી પોતાની જીંદગીમાં જ્યારે પણ આશૂરના કડવા અને કષ્ટદાયક કિસ્સાને યાદ કરતા તો બૂમ

પાડીને રડવા લાગતા હતા અને ફરમાવતા હતા : ખુદાની કસમ જ્યારે પણ હું મારી ફોઇ અને બહેનોને જોઉં છું તો મારા ગળામાં રૂદન અટકી જાય છે. મારી આંખોમાં તે દૃશ્ય આવી જાય છે જ્યારે તે એક તંબુથી બીજામાં આશ્રય લેતી હતી અને યઝીદની ફોજનો વ્યક્તિ કહી રહ્યો હતો આ ઝાલિમોના તંબુઓને સળગાવીને ખાક બનાવી દો. (હયાતુલ ઇમામિલ હુસૈન(અલ.) ભાગ-૩ પા-૨૯૮)

હમીદ બિન મુસ્લિમ કહે છે : ઉમરે સઅદ ઇમામ હુસૈન(અલ.)ના તંબુઓ પાસે આવ્યો તો સ્ત્રીઓ તેની સામે ઊભી થઈને રડવા લાગી તો તેણે પોતાના ફોજીઓને કહ્યું : કોઈ આ તંબુઓમાં દાખલ ન થાય અને આ બીમાર ઇમામ સજ્જાદ(અલ.)ને કંઈ પણ ન કહે. સ્ત્રીઓએ તેને કહ્યું : અમારી છીનવી લીધેલી ચાદરો પાછી આપો જેથી પરદો કરી શકીએ. ઉમરે સઅદે કહ્યું : જેણે આ સ્ત્રીઓનું જે કંઈ છીનવી લીધું છે

તે તેમને પાછુ આપી દે. ખુદાની કસમ તેમનામાંથી કોઈએ કોઈ વસ્તુ પાછી ન આપી, ત્યાર પછી ઉમરે સઅદે અમુક સિપાહીઓને તેમની રક્ષા માટે નક્કી કર્યા અને પછી પોતાના તંબુમાં ચાલ્યો ગયો. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પા-૧૧૩)

મઆલિમુસ્સિબ્તૈનના લેખકે વર્ણન કર્યું છે કે શામે ગરીબાંમાં બે બાળકો મૃત્યુ પામ્યા અને જ્યારે ઝયનબ(સલા.) એ બાળકોને ભેગા કર્યા તો તેમને ન જોયા, શોધખોળ કરી તો જોયું કે બંને એકબીજાની ગરદનમાં હાથ નાખી સૂતા છે. નજીક જઈને જોયું તો બંને મૃત્યુ પામ્યા હતા. (વસીલતુદ દારૈન પા-૨૯૭)

ઇનામની દરખાસ્ત

સનાન બિન અનસે ઉમર બિન સઅદના તંબુના દરવાજા પર ઉભા થઈને ઊંચા અવાજમાં આ શેઅર પઢ્યા :

મારા ઊંટના વજન બરાબર મને સોનુ-ચાંદી આપો કે મેં મહાન બાદશાહને કતલ કર્યા છે. જેના માં-બાપ શ્રેષ્ઠ છે અને સૌથી ઉચ્ચ છે અને પોતાની કોમમાં પણ કામયાબ છે.

ઉમર બિન સઅદે કહ્યું : મારી નજરમાં તું પાગલ છે. અક્કલથી તારો વાસ્તો નથી. ત્યાર પછી પોતાના ચેલાઓને હુકમ આપ્યો કે તેને તંબુની અંદર બોલાવો, જ્યારે તે તંબુની અંદર આવી ગયો તો તેને ઘણી લાકડીઓ મારી અને કહ્યું: મૂર્ખ, આવી વાત કરે છે ? અલ્લાહની કસમ! જો ઇબ્ને ઝિયાદ તારી ઝબાનથી આ સાંભળી લે તો ગરદન ઉડાવી દેશે. (અનસાબુલ અશરાફ ભાગ-૩ પા-૨૦૫)

ઝુલ્મની પરાકાષ્ઠા

તે સમયે ઉમરે સઅદે ઇબ્ને ઝિયાદના હુકમનું અનુસરણ કરીને પોતાના સહાબીઓ દરમિયાન ઉભા થઈને કહ્યું : તમારામાંથી કોણ છે જે હુસૈન(અલ.)ની લાશ પર ઘોડા દોડાવે અને તેમની લાશ પાયમાલ કરી દે ? શિમ્ર આગળ વધ્યો અને મુબારક બદન પર ઘોડા દોડાવ્યા. (અન્સાબુલ અશરાફ ભાગ-૩ પા-૨૦૫) તેની સાથે બીજા દસ માણસ જેમણે આ ગુનાહ કર્યો તેમના નામ આ છે:

(૧) ઇસ્હાક બિન હવિય્યા (૨) અખનસ બિન મુરસદ (૩) હકીમ બિન તુફૈલ (૪) અમ્ર બિન સબીહ (૫) રજાઅ બિન મુન્કઝ (૬) સાલિમ બિન ખશીમા જઅફી (૭) વાહિદ બિન નાઈમ (૮) સાલેહ

બિન વહબ (૯) હાની બિન સબીત (૧૦) ઉસૈદ બિન માલિક

આ ઝાલિમોએ ઘોડા દોડાવીને આપ(અલ.)ની લાશને પાયમાલ કરી, આપની મુબારક છાતીને કચડી નાખી. પછી આ લોકો ઇબ્ને ઝિયાદની સામે હાજર થયા અને તેની પાસે ઇનામ માંગ્યું. ઇબ્ને ઝિયાદે પૂછ્યું તમે કોણ છો? તેમનામાંથી ઉસૈદ બિન માલિકે કહ્યું : અમે ઇમામ હુસૈન(અ.સ.)ની પીઠને પાયમાલ કર્યા પછી મજબૂત અને ઝડપી ઘોડાઓથી આપની છાતી મુબારકને કચડી નાખી. ત્યાર પછી ઇબ્ને ઝિયાદના હુકમથી તેમને ખૂબ જ મામૂલી, નજીવું ઇનામ આપવામાં આવ્યું. વર્ણન થયું છે કે તેમણે ઇમામ હુસૈન(અલ.)ની છાતી અને પીઠને પાયમાલ કરી હતી. (અલ-ઇમામુલ હુસૈન વ અસ્હાબોહુ પા-૩૬૭)

જમ્માલનો કિસ્સો

જ્યારે ઇમામ હુસૈન(અલ.) શહીદ થઈ ગયા તો ઊંટોને ચલાવનારો આવ્યો અને જ્યારે તેણે આપના બદનને સર વગર જોયું તો આપ(અલ.)ના કમરબંદને લેવા ગયો, આપ(અલ.)એ જમણા હાથથી કમરબંદ પકડી લીધું, જમ્માલે ઇમામ(અલ.)નો હાથ કાપી નાખ્યો અને ફરી કમરબંદ લેવા ઇચ્છયું, આપ(અલ.)એ ડાબા હાથથી પકડી લીધુ. જમ્માલે આપનો ડાબો હાથ કાપી નાખ્યો. (ઇસ્બાતુલ હુદા ભાગ-૨ પા-૫૮૮)

ઇમામ(અલ.)ના ઘાયલ સહાબીઓ

ઇમામ હુસૈન(અલ.)ના જે મદદગારો ઘાયલ થવાના કારણે મૈદાનમાં પડી ગયા હતા અને ઉમરે સઅદની ફોજથી બચી ગયા હતા તે આ પ્રમાણે છે.

(૧) સિવાર બિન હુમૈર જાબરી, તેમને ઘાયલ થયા પછી લડાઈના મૈદાનથી બહાર લઈ ગયા હતા. તેમણે છ મહીના પછી આ જ ઝખ્મોના કારણે વફાત પામી.

(૨) અમ્ર બિન અબ્દુલ્લાહ, આ પણ ઝખ્મોના કારણે જંગના મૈદાનમાં પડી ગયા હતા. તેમને પણ ત્યાંથી બીજી જગ્યાએ પહોંચાડવામાં આવ્યા હતા. એક વરસ પછી ઇન્તેકાલ થયો.

(૩) હસન બિન અલ-હસન(અલ.), આપ ઇમામ હસન(અલ.)ના દીકરા છે. પોતાના કાકા ઇમામ

હુસૈન(અલ.)ના તરફથી યઝીદની ફૌજ સાથે જંગ કરી અને ઘાયલ થઈને પડી ગયા. જ્યારે ઉમરે સઅદના સિપાહીઓ માથુ કાપવા માટે આવ્યા તો જોયું કે જીવતા છે. અસમા બિન્તે ખારીજા જે આપની વાલેદહના સગાઓમાંથી હતો. તેણે કતલ થવાથી બચાવી લીધા અને તેમને પોતાની સાથે કુફા લઈ ગયો. જ્યારે ઇલાજ પછી ઝખમ સારા થઈ ગયા તો કુફાથી મદીના આવ્યા. (હયાતુલ ઇમામિલ હુસૈન(અલ.) ભાગ-૩ પા-૩૧૨)

જે શહીદોની માઓ કરબલામાં મૌજૂદ હતી

સમાવીએ વર્ણન કર્યું છે કે કરબલામાં ૯ વ્યક્તિઓ એવા શહીદ હતા કે જેમની માઓ પણ કરબલામાં મૌજૂદ હતી.

(૧) અલી અસગર, જેમની વાલેદહ રૂબાબ છે.

(૨) ઔન બિન અબ્દુલ્લાહ બિન જાફર એમની વાલેદહ ઝયનબે કુબરા(સલા.) છે.

(૩) કાસિમ બિન હસન(અલ.) એમની વાલેદહ રમલા છે.

(૪) અબ્દુલ્લાહ બિન હસન(અલ.) એમની વાલેદહ શલીલ બજલીની દીકરી છે.

(૫) અબ્દુલ્લાહ બિન મુસ્લિમ એમની વાલેદહ રૂકય્યા બિન્તે અલી(અલ.) છે.

(૬) મોહંમદ બિન અલી સઈદ બિન અકીલ

(૭) અમ્ર બિન જનાદહ, દુશ્મનો સાથે જંગ કરવાનો હુક્મ તેમને તેમની વાલેદહએ આપ્યો હતો.

(૮) અબ્દુલ્લાહ કલ્બી, તેમને પણ જેવું કે સૈયદ ઇબ્ને તાઉસે લખ્યું છે તેમની વાલેદહએ જેહાદની પ્રેરણા આપી હતી.

(૯) અલી અકબર(અલ.), એમની વાલેદહ લૈલા છે. આપ તંબુમાં ઊભી રહીને દુઆ કરી રહ્યા હતા. અમુક રિવાયતોમાં આવ્યું છે કે આપે પોતાના દીકરાને શહીદ થતાં જોયો છે. (અબસારૂલ ઐન પા-૧૩૦)

તન્કીહુલ મકાલમાં લખ્યું છે કે મુનજહ પણ પોતાની વાલેદહ સાથે કરબલામાં આવ્યા હતા. (તન્કીહુલ મકાલ ભાગ-૩ પા-૨૪૭)

અસહાબે રસૂલ(સલ.)

કરબલામાં રસૂલે અકરમ(સલ.)ના પાંચ સહાબીઓ પણ શહીદ થયા છે.

(૧) અનસ બિન અલ-હર્સ કાહિલી, બધા જ ઇતિહાસકારોએ લખ્યું છે કે તે કરબલામાં શહીદ થયા.

(૨) હબીબ ઇબ્ને મઝાહિર, ઇબ્ને હજરે બયાન કર્યું છે.

(૩) મુસ્લિમ બિન અવસજા અસદી, મોહંમદ બિન સઅદે તબકાતમાં વર્ણન કર્યું છે.

(૪) હાની બિન ઉરવહ મુરાદી, કુફામાં મુસ્લિમ બિન અકીલ(અલ.) સાથે ૮૦ વરસની ઉમરમાં શહીદ થયા.

(૫) અબ્દુલ્લાહ બિન યકતર હિમ્યરી, ઇમામ હુસૈન(અલ.)ની ઉંમરના હતા. આ પણ ઇમામ હુસૈન(અલ.)પહેલાં કુફામાં શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૧૨૮)

પ્રકરણ : ૧૯

કરબલાના શહીદોની સંખ્યા

(૧) ૭૨ હતી, આ સંખ્યા બલાઝરીએ વર્ણન કરી છે. તે લખે છે : અસહાબ અને મદદગારોમાંથી જે લોકો ઇમામ હુસૈન(અલ.)ની સાથે શહીદ થયા તે ૭૨ હતા. (અનસાબુલ અશરાફ ભાગ-૩ પા-૧૦૫)

શેખ મુફીદે પણ આ જ સંખ્યા બયાન કરી છે. તેઓ કહે છે : આશૂરના દિવસે ઇમામ હુસૈન(અલ.) પોતાના સહાબીઓની સાથે લડાઈ માટે તૈયાર થયા. તે સમયે આપ(અલ.)ની સાથે ૩૨ (બત્રીસ) સવારો અને ચાલીસ પગપાળા હતા. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પા-૯૫) આ જ સંખ્યા ઇબ્ને અસીરે પોતાની તારીખમાં બયાન કરી છે. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પા-૧૦) આ જ સંખ્યા મોહંમદ બિન જરીર તબરીએ દલાઇલુલ

ઇમામહ માં વર્ણન કરી છે. (દલાઇલુલ ઇમામહ પા-૭૧) આ જ કથન પ્રખ્યાત છે.

(૨) ૮૭ હતી, આ સંખ્યા મસઊદે વર્ણન કરી છે. તેઓ કહે છે : આશૂરના દિવસે કરબલામાં શહીદ થવાવાળાઓની સંખ્યા ૮૭ છે. (મુરૂજુઝ્ઝહબ ભાગ-૩ પા-૬૧)

(૩) ૬૧ હતી, અમુક લોકોએ રિવાયત કરી છે કે તે દિવસે જેઓ શહીદ થયા તેમની સંખ્યા ૬૧ હતી. (ઇસ્બાતુલ વસીય્યત પા-૧૨૬) શક્ય છે આ સંખ્યામાં ફકત અસ્હાબ અને મદદગાર શામેલ હોય, અહલેબયત અને બની હાશિમના શહીદોને શામેલ કરવાથી તે જ સંખ્યા થઈ જશે જે હવે પછીના કથનમાં બયાન થશે.

(૪) ૭૮ હતી, આ સંખ્યા સૈયદ ઇબ્ને તાઉસે વર્ણન કરી છે તેઓ કહે છે : રિવાયતમાં આવ્યું છે કે ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓ ૭૮ હતા (અલ-

મલહૂફ પા-૬૦) અને ઇમામ હુસૈન(અલ.)ને શામેલ કરવાથી ૭૯ વ્યક્તિ થઈ જશે.

(૫) ૮૨ હતી, આ સંખ્યા મરહુમ મજલિસી(રહ.)એ મોહંમદ બિન અબીતાલિબથી વર્ણન કરી છે. (બિહારૂલ અનવાર ભાગ-૪ પા-૪)

(૬) ૧૪૫ હતી, ઇમામ મોહંમદ બાકિર(અલ.)થી વર્ણન છે કે કરબલામાં શહીદ થવાવાળા ૪૫ સવાર હતા અને ૧૦૦ પગપાળા હતા. (નફસુલ મહમૂમ પા-૨૩૬) (કિતાબ શિફાઉસ્સુદૂરમાં કરબલાના શહીદોની સંખ્યાના વિષયમાં અન્ય કથન પણ વર્ણન થયા છે. ઇચ્છુક લોકો આ કિતાબનો ભાગ-૧ પા-૨૪૧ પર રજૂ કરી શકે છે.)

જે અન્સાર (મદદગારો) શહીદ નથી થયા

ઇમામ હુસૈન(અલ.)ના અમુક અન્સાર એવા પણ છે જે આ ઝાલિમોના હાથથી બચી ગયા હતા.

(૧) ઇમામ ઝયનુલ આબેદીન(અલ.), આપ કરબલામાં બીમાર હતા. શિમ્ર આપને કતલ કરવા ઇચ્છતો હતો પરંતુ ઝયનબ(સલા.)એ કત્લ થવાથી બચાવી લીધા. (અલ-મુન્તઝિમ ઇબ્ને જવઝી ભાગ-૫ પા-૩૪૧)

(૨) ઇમામ મોહંમદ બાકિર(અલ.), કરબલામાં આપ (અલ.) બાળક હતા. આપ(અલ.)ની ઉમર અઢી વરસથી વધારે ન હતી. (મકતલુલ હુસૈન મુકર્રમ પા-૩૦૫) પરંતુ સહી કથન આ છે કે ઇમામ મોહંમદ બાકિર(અલ.)ની પેદાઈશ ૫૭ હિજરીમાં થઈ અને કરબલામાં આપ ૪ વરસના હતા. (ઇરશાદ ભાગ-૨ પા-૨૫)

(૩) હસન બિન હસન(અલ.), એમનો કિસ્સો પહેલા વર્ણન થઈ ચુકયો છે કે ઘાયલ થઈ ગયા હતા. કુફામાં ઇલાજ થયો અને તંદુરસ્તી પામી.

(૪) અમ્ર બિન હસન(અલ.)

(૫) ઝૈદ બિન હસન(અલ.), કૈદીઓમાં ઇમામ હસન (અલ.)ની અવલાદમાંથી આ ત્રણ વ્યક્તિઓ (ઇમામ હસન(અલ.)ના ત્રણ ફરઝંદો) પણ હતા. (મકાતિતુત્તાલેબીન પા-૧૧૯)

(૬) કાસિમ બિન અબ્દુલ્લાહ, આ અબ્દુલ્લાહ બિન જઅફરે તૈયારના એક બીજા ફરઝંદ હતા.

(૭) મોહંમદ બિન અકીલ (હયાતુલ ઇમામિલ હુસૈન(અલ.) ભાગ-૩ પા-૩૧૪)

(૮) ઉકબા બિન સમ્આન, આ જનાબે રૂબાબના ગુલામ હતા. દુશ્મનના સિપાહી તેમને પકડીને ઉમર બિન સઅદની પાસે લઈ ગયા, ઉમર બિન

સઅદે પૂછ્યું તુ કોણ છે? ઉકબાએ કહ્યું : હું ગુલામ છું. તેને છોડી દેવામાં આવ્યા.

(૯) મોકેઅ બિન સમામા અસદી, આ પણ ઇમામ હુસૈન(અલ.)ની સાથે હતા. તેમની પાસે જેટલા તીર હતા તે બધા દુશ્મન પર ઉપયોગ કરી નાખ્યા. પછી તેમના કબીલાના અમુક લોકોએ આવીને તેમને અમાન આપી અને તે તેમની સાથે ચાલ્યા ગયા. જ્યારે ઉબૈદુલ્લાહે આ કિસ્સો સાંભળ્યો તો તેણે તેમને ઝારહમાં તડીપાર કરી દીધા. (અન્સાબુલ અશરાફ ભાગ-૩ પા-૨૦૫)

(૧૦) મુસ્લિમ બિન રબાહ, આ ઇમામ હુસૈન(અલ.)ની સાથે રહેતો અને આપ(અલ.)ની ખિદમત કરતો હતો. જ્યારે ઇમામ હુસૈન(અલ.)ને શહીદ કરી દેવામાં આવ્યા તો તે આઝાદ થઈ ગયો. કરબલાના અમુક બનાવ તેણે જ બયાન કર્યા છે. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પા-૮૦)

(૧૧) ઝહ્હાક બિન અબ્દુલ્લાહ, અમે પહેલાં બયાન કરી ચુકયા છીએ કે જે લોકો કરબલામાં કતલ થવાથી બચી ગયા તેમનામાંથી એક ઝહ્હાક બિન અબ્દુલ્લાહ છે. તેનો કિસ્સો વિસ્તારથી બયાન થઈ ચુકયો છે.

જે લોકો ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી શહીદ થયા

(૧) સુવૈદ બિન અબીમુતાઅ બેહોશ થઇ ગયા હતા. જ્યારે હોશમાં આવ્યા તો ઇમામ હુસૈન(અલ.)ની શહાદતની ખબર અને આપ(અલ.)ના બાળકોની ફરીયાદ સાંભળી, તેમણે ફરી જંગ કરી અને શહીદ થયા.

(૨,૩) સઅદ બિન અલ-હર્સ અને તેમના ભાઈ અબુલ હુતૂફ, દુશ્મનની ફોજમાં હતા. જ્યારે ઇમામ હુસૈન(અલ.) શહીદ થઈ ગયા અને તેમણે આપ(અલ.)ના બાળકોની રડવાની અવાજ સાંભળી તો તૌબા કરી અને ઉમરે સઅદના લશ્કર પર ટૂટી પડ્યા, અહીં સુધી કે પોતે પણ શહીદ થઈ ગયા.

(૪) મોહંમદ બિન અબી સઈદ બિન અકીલ, જ્યારે ઇમામ હુસૈન(અલ.) ઘોડાથી જમીન પર આવ્યા

અને સ્ત્રીઓ અને બાળકોની રડવાની અવાજ બુલંદ થઈ તે તંબુના દરવાજા પર આવ્યા અને લકીત અથવા હાનીએ તેમને શહીદ કરી દીધા. (અબસારૂલ ઐન પા-૧૨૯)

પ્રકરણ : ૨૦

જનાબે મુસ્લિમ(અલ.)ના નાના બાળકો

જ્યારે ઇમામ હુસૈન(અલ.) શહીદ થઈ ગયા તો આપ(અલ.)ના લશ્કરમાંથી બે નાના બાળકોને કૈદ કરી લેવામાં આવ્યા. (આ બયાનથી એવું જાહેર થાય છે કે આ બંને બાળકો ઇમામ હુસૈન(અલ.)ની સાથે હતા, પરંતુ કઝવીનીએ રવઝતુશ શોહદાથી વર્ણન કર્યું છે કે આ બંને બાળકો પોતાના વાલિદ મુસ્લિમ(અલ.)ની સાથે કુફા આવ્યા હતા. તેમને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે ગિરફતાર કરી કૈદ કરી લીધા હતા.) તેમને ઉબૈદુલ્લાહની સામે લાવવામાં આવ્યા. તેણે કૈદખાનાના ચોકીદારને બોલાવ્યો અને કહ્યું : આ બંનેને કૈદમાં નાખી દો ! જુઓ તેને સારૂં ખાવા અને ઠંડુ પાણી ન આપશો અને જ્યાં સુધી બની શકે તેમના પર સખ્તી કરશો.

આ બંને દિવસના રોઝો રાખતા હતા અને રાતના તેમને જવની રોટી અને એક પ્યાલામાં પાણી મળતું હતું. આ જ રીતે એક વરસ પસાર થઈ ગયું. તેમનામાંથી એકે બીજાને કહ્યું : ભાઈ, એક મુદ્દત થઈ ગઈ. કૈદખાનામાં આપણી ઉમર બરબાદ અને તબિયત ખરાબ થઈ રહી છે. આજે રાતે જ્યારે ચોકીદાર આવે તો આપણે આપણી ઓળખાણ કરાવીએ. શક્ય છે તેને રહેમ આવી જાય અને આપણને આઝાદ કરી દે.

રાતના કૈદખાનાનો વૃદ્ધ ચોકીદાર રોટી અને પાણી લઈને આવ્યો. નાના ભાઇએ તેને કહ્યું : અય બુઝુર્ગ શું આપ મોહંમદ(સલ.)ને ઓળખો છો ?

તેણે કહ્યું : તેમને કેમ ન ઓળખું કે તેઓ મારા રસૂલ(સલ.) છે.

બાળકે કહ્યું : જઅફર બિન અબીતાલિબને પણ ઓળખો છો ?

તેમણે કહ્યું : જઅફરને કેમ ન ઓળખું? તે રસૂલ(સલ.)ના કાકાના દીકરા છે.

બાળકે કહ્યું : અમે આપના રસૂલ(સલ.)ના ખાનદાનથી છીએ અને મુસ્લિમ બિન અકીલના દીકરા છીએ. એક વરસથી આપના હાથોમાં કૈદ છીએ અને કૈદમાં અમારા પર સખ્તી કરો છો.

કૈદખાનાના વૃદ્ધ ચોકીદારને ઘણો અફસોસ થયો અને બાળકો પર જે સખ્તી કરી હતી તેનો બદલો ચુકવવા બાળકોના પગ પર પડ્યો અને કહેવા લાગ્યો : અય ઇતરતે રસૂલ(સલ.)! હું તમારા પર કુરબાન, કૈદખાનાનો દરવાજો ખુલ્લો છે. જ્યાં ઇચ્છો નીકળી જાઓ અને તેમને એક જવની રોટી અને એક પાણીનો પ્યાલો આપ્યો અને ભાગવાનો રસ્તો બતાવતા કહ્યું : રાતના રસ્તો પસાર કરશો અને દિવસમાં છુપા રહેશો. જેથી અલ્લાહ તમારી નજાતના અસબાબ અતા કરે.

બંને બાળકો કૈદખાનાથી બહાર આવ્યા. એક વૃદ્ધ સ્ત્રીના દરવાજા પર પહોંચ્યા અને તેને કહ્યું : અમે બે મુસાફિર અને અજાણ્યા છીએ. આજની રાત અમને મહેમાનરૂપે રોકી લો, સવાર થતાં ચાલ્યા જઇશું.

વૃદ્ધ સ્ત્રીએ કહ્યું : મારા પ્યારાઓ ! તમે કોણ છો? દરેક ફૂલથી વધારે ખુશ્બુદાર છો. બાળકોએ કહ્યું : અમે રસૂલ(સલ.)ના ખાનદાનથી છીએ, ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના કૈદખાનાથી ભાગી નીકળ્યા છીએ.

વૃદ્ધ સ્ત્રીએ કહ્યું : મારા પ્યારાઓ, મારો જમાઈ એક ખરાબ માણસ છે જે કરબલામાં ઇબ્ને ઝિયાદની ફોજમાં શામેલ હતો. ડરૂ છું કે તમને ઓળખીને કતલ ન કરી દે.

બાળકોએ કહ્યું : અમે ફકત આજની રાત આપની પાસે રહીશું, સવારે ચાલ્યા જઈશું.

સ્ત્રી તેમના માટે જમવાનું લાવી, બંને જમ્યા અને સૂઈ ગયા. અડધી રાત પસાર થઈ હતી કે તે સ્ત્રીના જમાઇએ દરવાજો ખટખટાવ્યો.

સ્ત્રીએ પૂછ્યું : કોણ છે ?

તેણે કહ્યું : તારો જમાઈ.

સ્ત્રીએ કહ્યું : આટલો મોડો કેમ આવ્યો ?

જમાઇએ કહ્યું : અફસોસ છે તારા પર, જલ્દી દરવાજો ખોલ કે ખૂબ જ થાકી ગયો છું.

સ્ત્રીએ પૂછ્યું : શું કોઈ બનાવ બન્યો છે ?

તેણે કહ્યું : ઉબૈદુલ્લાહના કૈદખાનાથી બે બાળકો ભાગી ગયા છે અને અમીરે આ એલાન કર્યું છે કે જે પણ એમનામાંથી કોઈ એકનું માથું લાવશે તેને હજાર દિરહમ ઇનામ આપવામાં આવશે અને બંનેના માથા લાવનારને બે હજાર દિરહમ આપવામાં આવશે. મેં તેમને ઘણા શોધ્યા, પણ અફસોસ કે કામયાબ ન થઈ શક્યો.

સ્ત્રીએ કહ્યું : અલ્લાહના રસૂલ(સલ.)થી શરમ કર કે કયામતના દિવસે તારા દુશ્મન થશે.

તેણે કહ્યું : શું કહી રહી છો ? દુનિયા પ્રાપ્ત કરવી જોઇએ.

સ્ત્રીએ કહ્યું : જે દુનિયાથી આખેરત પ્રાપ્ત ન થાય તેનો શું ફાયદો ?

તેણે કહ્યું : તું એમની તરફદારી કરી રહી છે, લાગે છે કે તમને એની ખબર છે. તમને અમીર પાસે લઈ જઈશ.

સ્ત્રીએ કહ્યું : અમીર મારા જેવી વૃદ્ધ સ્ત્રીથી કે જે જંગલના એક કિનારે જીંદગી પસાર કરી રહી છે શું લેશે?

તેણે કહ્યું : દરવાજો ખોલો ! જેથી આખી રાત આરામ કરી સવારે તેમની શોધમાં નીકળું.

સ્ત્રીએ દરવાજો ખોલ્યો. તે ઘરમાં દાખલ થયો, ખાવાનું ખાઈને સૂઈ ગયો. અડધી રાતે તે બે

બાળકોની અવાજ તેના કાન સુધી પહોંચી, પોતાની જગ્યાએથી ઊઠ્યો અને અંધારામાં તેમને શોધવા લાગ્યો. જ્યારે નજીક પહોંચ્યો તો બાળકોએ પુછ્યું : તમે કોણ છો ? તેણે કહ્યું : ઘરનો માલિક, તમે કોણ છો ?

નાનો ભાઈ જે પહેલા જાગી ગયો હતો. તેણે પોતાના મોટા ભાઈને જગાડ્યો અને કહ્યું : જેનાથી આપણે ડરતા હતા તે જ આપણને શોધી રહ્યા છે. ત્યાર પછી તેણે કહ્યું: જો અમે સાચુ બતાવી દઇએ તો શું અમને અમાન મળશે ?

તેણે કહ્યું : હા,

બાળકોએ કહ્યું : એવી અમાન જેને ખુદા અને તેનો રસૂલ(સલ.) નેક સમજતા હોય.

તેણે કહ્યું : હા,

બાળકોએ કહ્યું : પોતાની અમાન પર ખુદા અને રસૂલ(સલ.)ને ગવાહ કરાર દો છો ?

તેણે કહ્યું : હા,

બાળકોએ કહ્યું : અમે તારા રસૂલ(સલ.)ની ઇતરત છીએ. ઉબૈદુલ્લાહના કૈદખાનાથી નીકળ્યા છીએ.

તેણે ખુશ થઈને કહ્યું : મૌતથી ભાગ્યા હતા અને મૌતના મોંમા આવી ગયા. શુક્ર છે તે અલ્લાહનો જેણે મારા હાથે તમને કૈદ કરાવ્યા. પછી બંને યતીમોને મજબૂત બાંધી દીધા, જેથી ભાગી ન શકે.

વહેલી સવારે તેણે પોતાના કાળા ગુલામ "ફુલૈહ"ને અવાજ આપી અને કહ્યું : આ બંનેના માથા કાપીને મારી પાસે લાવ જેથી હું તેમને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની પાસે લઈ જઉં અને તેનાથી ઇનામ પ્રાપ્ત કરૂં.

ગુલામે તલવાર ઉઠાવી અને તેમને આગળ આગળ લઈ ચાલ્યો. જેથી તેમને ફુરાતના કિનારે

શહીદ કરે. જ્યારે ઘરથી દૂર નીકળી ગયા તો તેમનામાંથી એકે કહ્યું : અય ગુલામ, તું રસૂલ(સલ.)ના મોઅઝ્ઝિન બિલાલથી મળતો આવે છે.

તેણે કહ્યું : મને તમારી ગરદન કાપવાનો હુકમ છે. તમે કોણ છો ?

બાળકોએ કહ્યું : અમે રસૂલ(સલ.)ના ખાનદાનમાંથી છીએ. જાનના ડરથી કૈદખાનાથી ભાગી ગયા હતા. આ સ્ત્રીએ અમને મહેમાન રૂપે પોતાના ઘરમાં રાખ્યા હતા અને હવે તેનો જમાઈ અમને કતલ કરવા ઇચ્છે છે.

આ કાળા ગુલામે તેમના હાથ, પગને બોસો આપ્યો અને કહ્યું : અય ઇતરતે રસૂલ(સલ.) તમારા પર હું કુરબાન, ત્યાર પછી તેણે તલવાર ફેંકી દીધી અને કુરાતમાં કૂદીને ભાગી ગયો અને પોતાના આકાને જવાબ આપ્યો કે હું તમારા

ફરમાનની ત્યાં સુધી તાબેદારી કરીશ જ્યાં સુધી અલ્લાહના ફરમાનની અંદર રહેશો અને જ્યારે અલ્લાહના હુકમની નાફરમાની કરશો તો હું તાબેદારી નહીં કરું.

આ માણસે આ કિસ્સા પછી પોતાના દીકરાને બોલાવ્યો અને કહ્યું : હું તારા આરામ અને સુકૂનના અસબાબ હલાલ અને હરામ રસ્તાથી પ્રાપ્ત કરૂ છું અને તારી દુનિયા આબાદ કરીશ. તરત જ આ બંનેના માથા કાપીને મારી પાસે લાવ જેથી હું તેને ઉબૈદુલ્લાહ પાસે લઈ જાઉં અને ઇનામ પ્રાપ્ત કરું, તેના દીકરાએ તલવાર ઉઠાવી અને બાળકોને લઈને ફુરાત તરફ ચાલ્યો, તેમનામાંથી એકે કહ્યું : અય જવાન હું ડરૂ છું કે તું જહન્નમના અઝાબમાં સપડાઈ જાય.

તેણે કહ્યું : તમે કોણ છો ?

બાળકોએ કહ્યું : અમે તારા રસૂલ મોહંમદ (સલ.)ની ઇતરત છીએ, તારો બાપ અમને કતલ કરવા માંગે છે. આ જાણકારી પછી છોકરાએ તેમને ચુમ્યો અને કાળા ગુલામની જેમ તલવાર દૂર ફેંકી અને પોતે ફુરાતમાં કૂદી પડ્યો.

બાપે બુમો પાડીને કહ્યું : તેં પણ નાફરમાની કરી ? તેણે કહ્યું : અલ્લાહનું ફરમાન તારા ફરમાનથી અગ્રેસર છે.

આ વ્યક્તિએ કહ્યું : મારા સિવાય એમને કોઈ કતલ ન કરી શકે. આ કહીને તલવાર ઊઠાવી, બાળકોને ફુરાતના કિનારે લઈ ગયો, તલવાર ખેંચી, બાળકોએ જ્યારે તેની નગ્ન તલવાર જોઈ તો રડવા લાગ્યા અને કહ્યું : અય માણસ અમને બજારમાં લઈ જઈને વેચી દે અને કયામતના દિવસે રસૂલ(સલ.)ને પોતાનો દુશ્મન ન બનાવ.

તેણે કહ્યું : તમારા સરો ઇબ્ને ઝિયાદ પાસે લઈ જઈશ અને ઇનામ પામીશ.

બાળકોએ કહ્યું : રસૂલ(સલ.)થી જે અમારી રિશ્તેદારી છે તું તેને ભુલાવી બેઠો છે. તેણે કહ્યું : તમારો રસૂલ(સલ.)થી રિશ્તો નથી. બાળકોએ કહ્યું : અમને ઉબૈદુલ્લાહની પાસે લઈ જા. જેથી તે પોતે અમારા વિશે ફૈંસલો કરે.

તેણે કહ્યું : હું તમારૂં લોહી વહાવીને તેનાથી નજદીકી પ્રાપ્ત કરવા ચાહું છું.

બાળકોએ કહ્યું : અમારા બાળપણ પર રહેમ કર, તેણે કહ્યું : અલ્લાહે અમારા દિલમાં રહેમ પૈદા નથી કરી. બાળકોએ કહ્યું : અમને અમુક રકાત નમાઝ પઢી લેવા દે.

તેણે કહ્યું : આનો કોઈ ફાયદો નહીં થાય, પઢી લો. બાળકોએ ચાર રકાત નમાઝ પઢી, આસમાન તરફ જોયું અને ફરિયાદ કરી, યા હય્યો,

યા હકીમ, યા અહકમલ હાકેમીન, અમારા અને આ વ્યક્તિ દરમિયાન હકની સાથે ફેંસલો કરી દે. (મુન્તખબમાં આવ્યું છે કે જ્યારે આ વ્યક્તિએ આ બંને બાળકોને કતલ કરવા ચાહ્યું તો તેની પત્ની આવી અને કહ્યું : આ બંને યતીમ બાળકોને છોડી દે અને જે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદથી ચાહે છે તે ખુદાથી તલબ કર, અલ્લાહ તને ઉબૈદુલ્લાહના ઇનામના મુકાબલામાં અનેક ગણું અર્પણ કરશે. પરંતુ તેણે કંઈ પણ ન સાંભળ્યું. - રિયાઝુલ અહઝાન પા-૬)

ત્યાર પછી આ વ્યક્તિએ મોટા ભાઈનું માથું કાપી નાખ્યુ અને એક કપડામાં રાખ્યું. નાનો ભાઈ મોટા ભાઈના લોહીમાં લપેટાઈ ગયો અને તે વ્યક્તિને કહ્યું : હું ચાહુ છું કે રસૂલ(સલ.)થી એવી હાલતમાં મુલાકાત કરૂં કે ભાઈના લોહીમાં રંગાયેલો હોઉં.

તે વ્યક્તિએ કહ્યું : કંઈ વાંધો નથી. તને પણ એની પાસે પહોંચાડી દઈશ અને તેને પણ કતલ કરી નાખ્યો. તેનું માથુ પણ તે જ કપડામાં રાખી દીધુ અને બંનેની લાશને કુરાતમાં નાખી દીધી અને માથુ ઇબ્ને ઝિયાદ પાસે લઈ ગયો.

ઇબ્ને ઝિયાદ તખ્ત પર બેઠો હતો. તેના હાથમાં ખેઝરાની અસા (લાકડી) હતી. જ્યારે તેણે તેની સામે માથા રાખ્યા, ઇબ્ને ઝિયાદ તેમના માથા જોઈને જ ત્રણ વખત ઊઠયો અને ત્રણ વખત બેઠો અને કહ્યું : તબાહી છે તારા માટે, તેં આ લોકોને ક્યાં જોયા?

તેણે કહ્યું : મારી એક રિશ્તેદાર વૃદ્ધાએ તેમને પોતાની પાસે મહેમાન બનાવીને રાખ્યા હતા.

ઇબ્ને ઝિયાદે કહ્યું : તેં આવી રીતે મહેમાનોનું સ્વાગત કર્યું ? પછી તેને પુછ્યું : કતલ

થતા પહેલાં એમણે તને કંઈ કહ્યું હતું ? તે વ્યક્તિએ પૂરો કિસ્સો સંભળાવ્યો.

ઇબ્ને ઝિયાદે કહ્યું : મારી પાસે તેમને જીવતા કેમ ન લાવ્યો, જેથી હું તને ચાર હજાર દિરહમ આપત.

તેણે કહ્યું : મારી સમજમાં આ સિવાય બીજી કોઈ વાત ન આવી કે તેમના લોહી દ્વારા આપની નજીક થઈ જાઉં.

ઇબ્ને ઝિયાદે કહ્યું : તેમણે છેલ્લી વાત શું કહી હતી? તેણે કહ્યું : આસમાન તરફ હાથ ઉઠાવીને કહ્યું હતું યા હય્યો, યા હકીમ, યા અહકમલ હાકેમીન, અમારા અને આ વ્યક્તિ દરમિયાન હકની સાથે હુકમ ફરમાવ.

ઇબ્ને ઝિયાદે કહ્યું : અલ્લાહે તારા અને તેમના દરમિયાન હકની સાથે ફેંસલો કરી દીધો.

ત્યાર પછી ઇબ્ને ઝિયાદે હાજરજનોને સંબોધીને કહ્યું : કોણ છે જે આ દુરાચારી, અધમનો કિસ્સો તમામ કરે.

એક શામી પોતાની જગ્યાએથી ઊભો થયો અને કહ્યું : હું. (મુન્તખબમાં આ વ્યક્તિનું નામ નાદિર અને અમુકે મકાતિલ લખ્યું છે. અને તેને અહલેબયત(અલ.)ના દોસ્તોમાંથી બતાવ્યો છે. - રિયાઝુલ અહઝાન પા-૨)

ઉબૈદુલ્લાહે કહ્યું : આ વ્યક્તિને તે જ જગ્યા પર લઈ જઈને કતલ કરો જ્યાં તેણે આ બાળકોને કતલ કર્યા છે. ખબરદાર તેનું લોહી તેમના લોહીથી મિશ્રિત ન થઈ જાય અને તેનું માથુ મારી પાસે લાવો.

તે શામીએ હુકમનું પાલન કર્યું અને ઇબ્ને ઝિયાદના હુકમ પ્રમાણે તેને ફુરાતના કિનારે તેના ગુનાહની સજા આપી અને માથુ ઇબ્ને ઝિયાદની

પાસે લઈ ગયો. લખ્યું છે કે તેનું માથુ ભાલા પર ચઢાવીને ગલી કૂચાઓમાં ફેરવવામાં આવ્યું અને બાળકોએ તેના પર પથ્થર અને તીર વરસાવ્યા અને કહ્યું : આ ઇતરતે રસૂલનો કાતિલ છે. (અમાલી શેખ સુદૂક મજલિસ-૧૯ હદીસ-૨)

પ્રકરણ : ૨૧

દુશ્મનનું નુકસાન

દુશ્મને ઘણું નુકસાન ઉઠાવ્યુ હતું. ઇમામ હુસૈન(અલ.)ના મદદગારો ઓછા હોવા છતાં દુશ્મનને વેરવિખેર કરી નાખ્યા અને તેના પર એવો સખત વાર લગાવ્યો કે અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે કુફામાં ઘણા એવા ઘર હતા કે જેમાં રડવાની અવાજ આવી રહી હતી. અમુક મકાતિલે લખ્યું છે કે ઉમરે સઅદના આઠ હજાર એંસી (૮૦૮૦) ફોજી હલાક થયા હતા. (હયાતુલ ઇમામિલ હુસૈન(અલ.) ભાગ-૩ પા-૩૧૫)

જો કે ઇમામ હુસૈન(અલ.) અને આપના દીકરાઓ, ભાઇ, ભત્રીજાઓ તથા અન્ય રિશ્તેદારો અને અસ્હાબની કુરબાનીને ધ્યાનમાં રાખીને આ સંખ્યામાં કોઈ અતિશયોક્તિ નથી. દાખલા તરીકે

ફકત ઇમામ હુસૈન(અલ.)એ એક હજાર નવ સો પચાસ(૧૯૫૦)ને કતલ કર્યા હતા. (મનાકિબ ઇબ્ને શહરઆશુબ ભાગ-૪ પા-૧૧૦)

આ જ રીતે જ્યારે હઝરત અબ્બાસ બિન અલી(અલ.)એ એકલા હુમલો કર્યો હતો તે સમયે દરિયાના કિનારે દુશ્મનના ચાર હજાર સિપાહી હતા. આપ(અલ.)એ તેમની સફો ચીરી નાખી. ઘણા બધાને મારી અને લોહીમાં ડુબાડી દીધા. (મકતલુલ હુસૈન મુકર્રમ પા-૨૬૮)

અને દરિયાના કિનારે પહોંચતા પહેલા આપ(અલ.)એ જેમને કતલ કર્યા તેમની સંખ્યા રિવાયતો પ્રમાણે એંસી(૮૦) હતી. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૪૧) હઝરત અલી અકબર(અલ.)ના મુકાબલામાં દુશ્મનના લશ્કરમાં ખળભળાટ મચી ગયો, આપ પ્યાસા હોવા છતાં ૧૨૦ ને કતલ કર્યા હતા. (નફસુલ મહમૂમ પા-

૩૦૯) અમુકે લખ્યું છે કે આપે બસોને હલાક કર્યા હતા. (મકતલુલ હુસૈન(અલ.) મુકર્રમ પા-૨૫૯) આ જ રીતે ઇમામ હુસૈન(અલ.)ના અન્ય સહાબીઓએ બહાદુરી અને શૂરવીરતા દેખાડી હતી.

શહાદતના સમયે ઇમામ(અલ.)ની ઉંમર

કહેવામાં આવ્યું છે કે શહાદતના સમયે આપની ઉંમર ૫૮ વર્ષ હતી. સાત વર્ષ પોતાના દાદા રસૂલ(સલ.)ની પરવરિશમાં રહ્યા. ત્રીસ વર્ષ પોતાના વાલિદ અમીરૂલ મોઅમેનીન(અલ.)ની સાથે અને દસ વર્ષ પોતાના ભાઇ ઇમામ હસન(અલ.)ની સાથે અને ભાઇ પછી આપની ઇમામતનો ઝમાનો અગિયાર વર્ષ છે. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પા-૧૧૩, અન્સાબુલ અશરાફ ભાગ-૩ પા-૨૧૯)

(આપ(અલ.)ની ઉમર વિશે અન્ય કથન પણ છે. અમુક તરફ અહીં ઇશારો કરીએ છીએ. મસઊદી કહે છે : શહાદતના સમયે ઇમામ હુસૈન(અલ.)ની ઉમર ૫૫ વર્ષ હતી. (મુરૂજુઝ્ઝહબ ભાગ-૩ પા-૬૭) તબરી કહે છે શહાદતના સમયે

ઇમામ હુસૈન(અલ.)ની ઉમર ૫૭ વર્ષ હતી. - દલાઇલુલ ઇમામત પા-૭૦

ઇબ્ને જવઝી કહે છે ઇમામ હુસૈન(અલ.) આશૂરની સાંજે જુમ્આના દિવસે ૬૧ હિજરીના શહીદ થયા. તે સમયે આપની ઉમર ૫૭ વર્ષ અને પાંચ મહીના હતી. - સિફતુસ્સફવહ ભાગ-૧ પા-૩૮૭

અબુલફરજ અસ્ફહાનીએ પણ આપની ઉમર ૫૬ વર્ષ અને અમુક મહીના લખી છે. - મકાતિલુત્તાલેબીન પા-૭૨)

પવિત્ર સર મુબારક

ઉમર બિન સઅદે આપ(અલ.)ના પવિત્ર સરને આશૂરના દિવસે જ ખૂલી બિન યઝીદ અસ્બહી અને હમીદ બિન મુસ્લિમ અઝદી દ્વારા ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ પાસે મોકલી દીધું હતું. (અલ-મલહૂફ પા-૬૦)

ખૂલી બિન યઝીદ પવિત્ર સર લઈને કૂફા આવ્યો અને ઉબૈદુલ્લાહના મહેલ પર ગયો. મહેલનો દરવાજો બંધ હોવાના કારણે પોતાના ઘરે આવી ગયો અને સરને એક થાળીની નીચે રાખ્યું.

હિશામ કહે છે : મારા બાપે મને "નવાર બિન્તે માલિક" ખૂલીની પત્નિના હવાલાથી વર્ણન કર્યું છે. તેણે કહ્યું : મેં રાતના જોયું કે ખૂલી કોઈ વસ્તુ લાવ્યો છે અને તેને થાળીની નીચે છુપાવી રહ્યો છે. મેં પૂછ્યું આ શું છે ?

તેણે કહ્યું : તારા માટે એક વસ્તુ લાવ્યો છું કે હવે તમને કોઈ વસ્તુની જરૂર નહીં પડે. આ ઇમામ હુસૈન(અલ.)નું સર છે.

નવારે કહ્યું : મેં તેને કહ્યું : તારા માટે તબાહી છે. લોકો પોતાના ઘરે સોનુ ચાંદી લાવે છે અને તું રસૂલ(સલ.)ની દીકરીના દીકરાનું સર લાવ્યો છે. ખુદાની કસમ હું આ ઘરમાં તારી સાથે જીવન પસાર નહીં કરું. આ કહીને હું બિસ્તરથી ઊઠી, સહનમાં ચાલી ગઈ, ખુદાની કસમ મેં આસમાનથી થાળી સુધી એક નૂરની કડી જોઈ અને એક સફેદ પક્ષી જોયું જે સવાર સુધી આ સરની આસપાસ ફરતુ રહ્યું. સવાર પડી તો ખુલી સરને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની પાસે લઈ ગયો. (તારીખે તબરી ભાગ-૫ પા-૪૪૫, અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે બિશ્ર બિન માલિક ઇમામ હુસૈન(અલ.)નું સર ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ

પાસે લઈ ગયો હતો અને તેની સામે સર રાખી કહ્યું હતું. મારી સવારીના બરાબર સોનું અને ચાંદી આપ કે મેં મહાન બાદશાહને કતલ કર્યો છે. આ સાંભળી ઇબ્ને ઝિયાદને ગુસ્સો આવી ગયો અને કહ્યું : જો તને ખબર હતી કે તે આવા મહાન છે તો તેમને કતલ કેમ કર્યા? અલ્લાહની કસમ હું તને કંઈ પણ નહીં આપું. આ કહીને તેની ગરદન ઉડાવી દીધી. - કશ્કુલ ગુમ્મા ભાગ-૨ પા-૨૩૨)

શહીદોના પવિત્ર સરોની વહેંચણી

ઉમર બિન સઅદે કહ્યું : ઇમામ હુસૈન(અલ.)ના અન્ય સહાબીઓ અને અન્સારના સર શરીરથી અલગ કરવામાં આવે અને માટી અને લોહી સાફ કરવામાં આવે. આ ૭૨ સરોને શિમ્ર બિન ઝિલજાશન, કૈસ બિન અશઅસ અને અમ્ર બિન હજ્જાજની સાથે કૂફા મોકલ્યા. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પા-૧૧૩)

રિવાયત વર્ણન કરવામાં આવી છે કે કબીલાઓએ આ સરોની એકબીજામાં વહેંચણી કરી લીધી હતી.

(૧) કબીલા કુન્દહ કે જેનો સરદાર કૈસ બિન અશઅસ હતો. ૧૩ સર

(૨) કબીલા હવાઝીનને શિમ્ર બિન ઝિલજાશનની સરદારીમાં ૧૨ સર

(૩) કબીલા તમીમને ૧૭ સર

(૪) કબીલા બની અસદને ૧૬ સર

(૫) કબીલા મઝહજને ૭ સર

(૬) અન્ય લોકોને ૧૩ સર આપવામાં આવ્યા હતા.

(અલ-મલહૂફ પા-૬૦)

પ્રકરણ : ૨૨

કરબલાથી સફર

ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી ઉમર બિન સઅદ બે દિવસ સુધી કરબલામાં રહ્યો અને પછી કુફા તરફ ચાલ્યો ગયો અને ઇમામ હુસૈન(અલ.)ની દીકરીઓ, બહેનો અને બાળકોને પોતાની સાથે કૂફા લઈ ગયો. ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) હજી સુધી બીમાર જ હતા. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પા-૮૦)

આ પણ આવ્યું છે કે ઉમર બિન સઅદે આશૂરના દિવસે અને અગિયાર મોહર્રમના બપોર સુધી કરબલામાં રહીને પોતાના મકતૂલોને (કતલ થએલાઓને) ભેગા કર્યા. તેમની નમાઝે જનાઝા પઢી, દફન કર્યા અને ઇમામ હુસૈન(અલ.) અને આપના સહાબીઓની લાશોને કફન અને દફન

વગર છોડી દીધા. પછી હમીદ બિન બુકૈર અહમરને હુકમ આપ્યો કે ફોજ દરમિયાન કુફા તરફ નીકળવાનું એલાન કરી દે. (નફસુલ મહમૂમ પા-૩૮૫, તારીખ ઇબ્ને અસીર ભાગ-૪ પા-૮૧ માં વર્ણન છે કે ઉમર બિન સઅદ ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી બે દિવસ કરબલામાં રોકાયો અને પછી કૂફા ચાલ્યો.)

કેદીઓની સંખ્યા

અમે મકતલની કિતાબોમાં અને સંદર્ભોની તપાસ કરી. પરંતુ અમને નિશ્ચિત રૂપે આ ન મળ્યું કે ઇમામ હુસૈન(અલ.)ની સાથે બની હાશિમ અને બની હાશિમ સિવાય કેટલા બાળકો અને સ્ત્રીઓ કરબલામાં આવ્યા હતા અને ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી જે કેદી બનીને કુફા ગયા તેમની સંખ્યા કેટલી હતી. જે બનીહાશિમ અને બનીહાશિમ સિવાયના કેદીઓના નામ અમને અલગ અલગ સંદર્ભોથી મળ્યા છે તે નીચે પ્રમાણે છે :

બની હાશિમના કેદી પુરૂષ

(૧) અલી ઇબ્નુલ હુસૈન ઝયનુલ અબેદીન(અલ.)

(૨) ઇમામ મોહંમદ બિન અલી ઇબ્ને હુસૈન(અલ.) (અલ-ઇકદુલ ફરીદ, ભાગ-૪ પા-૧૬૧)

(૩) હસન બિન અલ હસન(અલ.) (મનાકિબ ઇબ્ને શહરઆશુબ ભાગ-૪ પા-૧૧૩)

(૪) મોહંમદુલ અસગર બિન અલી ઇબ્ને અબીતાલિબ. એક કથન પ્રમાણે. (મનાકિબ ઇબ્ને શહરઆશુબ ભાગ-૪ પા-૧૧૩)

(૫) અમ્ર બિન હસન બિન અલી બિન અબીતાલિબ(અલ.) (મકાતિલુત્તાલેબીન પા-૧૧૯)

(૬) ઝૈદ બિન અલ હસન બિન અલી ઇબ્ને અબીતાલિબ(અલ.) (મકાતિલુત્તાલેબીન પા-૧૧૯)

(૭) મુસ્લિમ બિન અકીલ(અલ.)ના દીકરાઓ

(૮) મુસ્લિમ બિન અકીલના બીજા બે દીકરાઓ (અમાલી શેખ સદૂક મજલિસ-૧૯ હદીસ-૨. આ હદીસમાં આ બંને બાળકોના નામ વર્ણન નથી થયા. પરંતુ મરહુમ મુકર્રમે કિતાબ અશ્શહીદ મુસ્લિમ બિન અકીલમાં રિયાઝુલ અહઝાનમાં વર્ણન કર્યું છે કે તેમના નામ મોહંમદ અને ઇબ્રાહીમ હતા.)

બની હાશિમની કેદી સ્ત્રીઓ

(૧) હઝરત ઝયનબે કુબરા બિન્તે અમીરૂલ મોઅમેનીન (અલ.) આપ પોતાના ભાઈ ઇમામ હુસૈન(અલ.) સાથે કરબલા આવ્યા હતા અને ત્યાંથી બીજા કેદીઓ સાથે શામ ગયા. (તન્કીહુલ મકાલ ભાગ-૩ પા-૭૯)

(૨) ઉમ્મે કુલસુમ, ઝયનબે સુગરા(સલા.) પોતાના ભાઇ હુસૈન(અલ.) સાથે કરબલા આવ્યા અને હઝરત સજ્જાદ(અલ.) સાથે શામ અને ત્યાંથી મદીના ગયા. (તન્કીહુલ મકાલ ભાગ-૩ પા-૭૯)

(૩) ફાતેમા બિન્તે અમીરૂલ મોઅમેનીન(અલ.) (મકાતિલુત્તાબેલીન પા-૧૧૯)

(૪) ફાતેમા બિન્તુલ હુસૈન(અલ.) (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પા-૮૮)

(૫) સકીના બિન્તુલ હુસૈન(અલ.) (નફસુલ મહમૂમ પા-૪૫૬)

(૬) રૂબાબ બિન્તે ઇમ્રઉલ કૈસ, ઇમામ હુસૈન(અલ.)ના પત્નિ. (નફસુલ મહમૂમ પા-૪૫૬)

(૭) રૂકય્યા બિન્તુલ હુસૈન(અલ.) (રયાહીનુશ શરીઅહ ભા-૪ પા-૨૫૫)

(૮) રૂકય્યા, મુસ્લિમ બિન અકીલના પત્ની.

(૯) મુસ્લિમ બિન અકીલના દીકરી

(૧૦) ખવ્સા, જે ઉમ્મુસ્સગરના નામથી પ્રખ્યાત છે. અકીલના પત્નિ અને જઅફર બિન અકીલના વાલેદહ છે. જે પોતાના દીકરાની સાથે કરબલા આવ્યા હતા. (રયાહીનુશ શરીઅહ ભાગ-૩ પા-૩૧૭)

(૧૧) ઉમ્મે કુલસુમ સુગરા, અબ્દુલ્લાહ બિન જઅફર અને ઝયનબે કુબરાના દીકરી છે. પોતાના પતિ કાસિમ બિન મોહંમદ બિન જઅફરની સાથે

કરબલા આવ્યા હતા. તેમના પતિ કરબલામાં શહીદ થયા હતા. (તન્કીહુલ મકાન ભાગ-૨ પા-૨૪)

(૧૨) રમલા હઝરત કાસિમ બિન હસનના વાલેદહ છે. (અબસારૂલ ઐન પા-૧૩૦)

(૧૩) શહરબાનું, આ ઇમામ ઝયનુલ આબેદીન (અલ.)ના વાલેદહ નથી, બલકે એક બીજા બાળકની માં છે જે કરબલામાં ઇમામ હુસૈન(અલ.)ના હાથો પર હાની બિન સબીતના તીરથી શહીદ થયું. (રયાહીનુશ શરીઆ ભાગ-૩ પા-૩૦૯)

(૧૪) લૈલા બિન્તે મસઊદ બિન ખાલિદ તમીમી. અબ્દુલ્લાહ અસગરના વાલેદહ છે. આ પણ કરબલામાં શહીદ થયા. આ અલી અકબરના વાલેદહ નથી બલકે અમીરૂલ મોઅમેનીન(અલ.)ના પત્નિ છે. (રયાહીનુશ શરીઆ ભાગ-૩ પા-૩૦૮)

(૧૫) ફાતેમા બિન્તે હસન ઇમામ મોહંમદ બાકિર (અલ.)ના વાલેદહ છે. ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)સાથે કરબલા આવ્યા હતા અને કેદીઓના કાફલા સાથે શામ ગયા હતાં. (રયાહીનુશ શરીઆ ભાગ-૩ પા-૧૫)

બની હાશિમ સિવાયની કેદી સ્ત્રીઓની સંખ્યા

(૧) હુસૈના, ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ની ખિદમતગુજાર હતી. પોતાના દીકરા મુનજહની સાથે કરબલા આવ્યા, મુનજહ શહીદ થયા. (તનકીહુલ મકાલ ભાગ-૩ પા-૨૪૭)

(૨) અબ્દુલ્લાહ બિન ઉમૈર કલ્બીની પત્નિ, પોતાના પતિ સાથે કરબલા આવી. પતિને અહલેબયત(અલ.)નો બચાવ કરવા પર ઉત્સાહ આપતી હતી. અબ્દુલ્લાહ તેમને પાછા મોકલવા ઇચ્છતા હતા. પરંતુ તેમણે કબુલ ન કર્યું. ઇમામ હુસૈન(અલ.)એ તંબુમાં પાછા મોકલ્યા. (તન્કીહુલ મકાલ ભાગ-૩ પા-૨૦૧)

(૩) ફકીહા, કારિબ બિન અબ્દુલ્લાહ બિન ઉરેકીતની વાલેદહ, કારિબ પોતાની વાલેદહ જે ઇમામ હુસૈન(અલ.)ની પત્નિ રૂબાબની ખાદેમા

હતા, તેમની સાથે મક્કા અને ત્યાંથી કરબલા આવ્યા, પ્રથમ હુમલામાં શહીદ થયા. (તન્કીહુલ મકાલ ભાગ-૨ પા-૧૮)

(૪) બહરીયા બિન્તે મસઉદ ખઝરજી પોતાના પતિ જુનાદહ બિન કઅબ અને પોતાના દીકરા અમ્ર બિન જુનાદહની સાથે કરબલા આવ્યા. પતિ અને ફરઝંદ બંને શહીદ થયા. (તન્કીહુલ મકાલ ભાગ-૨ પા-૩)

(૫) મુસ્લિમ બિન અવસજા અસદીની કનીઝ જે મુસ્લિમ બિન અવસજાની શહાદત પછી નૌહા કરતી હતી, યબ્ન અવસજા, યા સય્યેદાહ. (નફસુલ મહમૂમ પા-૨૬૫) અમુકે તેમને ઉમ્મે ખલફ અને મુસ્લિમ બિન અવસજાના પત્નિ લખ્યું છે. (રયાહીનુશ શરીઆ ભાગ-૩ પા-૩૦૫)

(૬) ફિઝ્ઝા, અમુક રિવાયતોમાં મળે છે કે કરબલામાં આ પણ હતા. (કાફી ભાગ-૧ પા-૪૬૫)

કેદીઓની આ સંખ્યા મને સંદર્ભોથી મળી છે. શક્ય છે કેદીઓની સંખ્યા આથી વધારે હોય. પરંતુ મકતલ લખનારાઓએ વર્ણન ન કર્યું હોય, તેની દલીલ આ છે કે અમે બની હાશિમના કેદીઓની સંખ્યા આઠ લખી છે. જ્યારે કે અબ્દુર્રબ્બાએ વર્ણન કર્યું છે કે બની હાશિમના બાર નવજવાન કેદ થયા. (અલ-ઇકદુલ ફરીદ ભાગ-૪ પા-૧૭૧)

અહીં આ વાત સ્પષ્ટ કરી દેવી જરૂરી છે કે કેદીઓમાં અમને બનીહાશિમ સિવાયના નામ ઐતિહાસિક સંદર્ભોમાં નથી મળ્યા. ફકત મરકઅ બિન સમામા અસદી એવાં છે કે દુશ્મનના લશ્કર સાથે જંગ દરમિયાન તેમના બધા તીર ખતમ થઈ ગયા હતા અને તેમને ગિરફતાર કરીને ઉમર બિન સઅદની પાસે લઈ જવામાં આવ્યા. ઉમરે સઅદના લશ્કરમાં તેમના સગાવહાલાઓએ કતલ થવાથી

બચાવી લીધા, પરંતુ તેમને કેદીઓ સાથે કૂફા લાવ્યા અને ઉબૈદુલ્લાહે તેમને "ઝારહ" તડીપાર કરી દીધા. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પા-૮૦)

વર્ણન છે કે જ્યારે કેદીઓને કુફા લાવવામાં આવ્યા તો બની હાશિમની સ્ત્રીઓ સિવાય કેદીઓના કુફી સગાવહાલાઓ ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ પાસે ગયા અને તેમની આઝાદીની માંગણી કરી. તેણે તેમની આઝાદીનો હુકમ આપી દીધો અને બનીહાશિમના કેદીઓને શામ મોકલ્યા. (અબસારૂલ ઐન પા-૧૩૩)

કેદીઓનો કાફલો

ઉમર બિન સઅદ ઇમામ હુસૈન(અલ.)ના બાકી રહી ગએલાઓને સાથે લઈ જવા માટે તૈયાર થયો. તેમને ઊંટો પર સવાર કર્યા. કાફલાવાળાઓ રંજ, મુસીબત અને અઝીઝોના ગમ સાથે કરબલાની જમીનથી નીકળ્યા.

ઇમામ હુસૈન(અલ.)ની બહેનો, બાળકો, અન્ય અહલેબયત અને અનસારમાંથી અમુકના પત્નિ, બાળકોને કાઠી વગરના ઊંટો પર સવાર કર્યા. જ્યારે કે તેમના સરો પર ચાદર ન હતી. ઇતરતે રસુલ(સલ.)ની હુરમત (પ્રતિષ્ઠા)નો ખ્યાલ ન કરવામાં આવ્યો અને તેમને અન્યોની જેમ કેદી બનાવીને ચાલ્યા. આ વિષયમાં અલ્લાહની હદોનો પણ ખ્યાલ ન રાખવામાં આવ્યો. આ મકામ પર શાએર કહે છે :

يُصَلّيعَلَيالْمَبْعُوثِمِنآلِهاشم

وَيُغنريٰبَنُوهُاِنَّذَالعَجِيبُ

રસૂલે અકરમ(સલ.) જેઓ બનીહાશિમની સંતાન-માંથી છે તેમના પર દુરૂદ મોકલવામાં આવે છે અને આપની અવલાદને કતલ કરવામાં આવે છે આ કેટલી આશ્ચર્યજનક વાત છે !!

બીજો શાએર કરે છે :

اَتَرْجُوااُمَّةٌقَتَلَتْحُسَيْناً

شَفَاعَةَجَدِّهِيَوْمَالْحِسابِ

જે ઉમ્મતે હુસૈન(અલ.)ને કતલ કર્યા છે તે કયામતના દિવસે તેમના નાનાની શિફાઅતની ઉમ્મીદ પણ રાખે છે!! (અલ-મલહૂફ પા-૬૦)

જનાબે ઝયનબ(સલા.) મકતલમાં

કાફલાની રવાનગીના સમયે બીબીઓએ ઉમરે સઅદને કહ્યું : તને અલ્લાહની કસમ, અમને અમારા મકતૂલોની લાશો પાસેથી લઈ જાવ.

જ્યારે કેદીઓએ શહીદોના ટુકડે ટુકડા થઈ ગએલા બદનને જોયા તો બુલંદ અવાજથી રડવા લાગ્યા અને મોં પર તમાચા માર્યા. (નફસુલ મહમૂમ પા-૨૭૫)

અમુક લોકોએ લખ્યું છે કે બની ઉમય્યાએ ઇમામ હુસૈન(અલ.) અને તેમના અસ્હાબની લાશોને જમીન પર સુવડાવી અને દુશ્મનીના કારણે સ્ત્રીઓને આલે રસૂલ(સલ.)ના શહીદોની તરફથી લઈ ગયા. જ્યારે ઉમ્મે કુલ્સુમે પોતાના ભાઇ હુસૈન(અલ.)ની બેકફન લાશ ખૂન અને માટી લાગેલી જમીન પર જોઈ તો પોતે ઊંટથી જમીન

પર પડી ગયાં અને ભાઈની લાશથી લિપટાઈ ગયાં. (મકતલુલ હુસૈન(અલ.) મુકર્રમ પા-૩૦૬)

કર્રા બિન કૈસ તમીમી કહેતો : હું આ સ્ત્રીઓને જોઈ રહ્યો હતો જ્યારે તેમને આ અઝીઝોની લાશો તરફથી પસાર કરવામાં આવ્યા તો કોલાહલ મચી ગયો. હું દરેક વસ્તુ ભૂલી શકુ છું પરંતુ ઝયનબ બિન્તે ફાતેમા(સલા.)ના તે કલેમાત હું ક્યારેય ભૂલી નહીં શકું (તઝલ્લુમુઝ ઝહરા ભાગ-૫ પા-૨૫૫, રિયાઝુલ અહઝાન પા-૨૪) કે જે પોતાના ભાઈ હુસૈન(અલ.)ની લાશ પર ફરમાવ્યા હતા, અલ્લાહની કસમ ઝયનબની બેકરારી, વ્યાકુળતા અને રૂદને દુશ્મનને પણ રોવા પર મજબુર કરી દીધા હતા. (નફસુલ મહમૂમ પા-૩૮૬)

જનાબે ઝયનબે કુબરા(સલા.)ના દર્દભર્યા શબ્દો

(૧) જનાબે ઝયનબે પોતાના ભાઈની લાશને પોતાના બંને હાથો પર ઉઠાવીને આસમાનની તરફ બુલંદ કર્યા અને કહ્યું: اِلٰهِيتَقَبَّلْمِنَّاهٰذَاالْقُرْبَان અય અલ્લાહ અમારી આ કુરબાનીને કબુલ ફરમાવ. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પા-૮૧, અલ-મલહૂફ પા-૫૬)

(૨) يَامُحَمَّداهْصَلِّيعَلَيْكَمَلَائِكَةُالسَّمَاءِ! هٰذَاالْحُسَيْنُ بِالْعَرَاءِ،مُرَمَّلٌبِالدِّمَاءِ،مُقَطَّعُالْاَعْضَاءِ،وَبَنَاتُكَسَبَايَاوَذُرِّيَّتُكَمُقَتَّلَةٌ،تُسْرِيعَلَيْهَاالصَّبَا،فَاَبْكَتْكُلَّعَدُوٍّوَصَدِيقٍ۔

અય અલ્લાહના રસૂલ(સલ.)! જમીન અને આસમાનના ફરિશ્તા આપ પર દુરૂદ મોકલે છે. આ આપના હુસૈન(અલ.) છે કે જે ખૂનમાં લથપથ છે.

જેમના અવયવોના ટુકડે ટુકડા કરી નાખવામાં આવ્યા છે. સર બદનથી અલગ કરી દેવામાં આવ્યું છે અને આપની દીકરીઓને કેદી બનાવી લેવામાં આવી છે અને આપની અવલાદને કતલ કરી નાખવામાં આવી છે. આ આપના હુસૈન જેમનું બદન રણમાં પડેલું છે જેના પર હવા માટી નાખી રહી છે. જેના પર દરેક દોસ્ત અને દુશ્મન રડી રહ્યો છે.

(૩) ત્યાર પછી પોતાની વાલેદહને સંબોધીને કહ્યું : અય માં ! અય ખયરૂલ બશરની દીકરી, કરબલાના રણમાં એક નજર નાખો અને પોતાના જિગરના ટુકડાને જુઓ કે તેમનું સર દુશ્મનોના નેઝા પર અને તેમનું બદન માટી અને ખૂનમાં ડૂબેલું છે. આ રણમાં આપના ફરઝંદ માટી પર પડેલા છે. પોતાની દીકરીઓને જુઓ તેમના તંબુ સળગાવી દેવામાં આવ્યા છે. તેમને બેકજાવા ઊંટો પર સવાર

કરવામાં આવ્યા અને કેદી બનાવવામાં આવ્યા છે. અમે આપની અવલાદ છીએ અને વતનથી દૂર છીએ.

(૪) ત્યાર બાદ રડતાં રડતાં સૈયદુશ્શોહદાની લાશને સંબોધીને કહ્યું : મારા બાપ તેના પર કુરબાન જેનું લશ્કર સોમવારના દિવસે બરબાદ થયું. મારા બાપ તેના પર કુરબાન જેના તંબુઓની દોરીઓ કાપી નાખવામાં આવી. મારા બાપ તેના પર કુરબાન કે જેઓ ન એવા સફરમાં ગયા છે કે તેના પાછા ફરવાની ઉમ્મીદ કરવામાં આવે અને ન એવા ઝખ્મી છે કે જે ઝખ્મો સાજા થાય. મારા બાપ અને મારી જાન તેમના પર કુરબાન થાય. મારા બાપ કુરબાન થાય એ હસ્તી પર જેમણે ઘણાબધા ગમ સાથે જાન આપી. મારા બાપ કુરબાન થાય તે પ્યાસા હોંઠો પર જે પ્યાસા શહીદ થયા. મારા બાપ તેના પર કુરબાન જેમની દાઢીથી ખૂન વહી રહ્યું છે.

મારા બાપ કુરબાન થાય તેના ઉપર કે જેમના જદ આસમાનના ખુદાના રસૂલ છે. મારા બાપ કુરબાન થાય તેના ઉપર કે જે હિદાયત કરનાર પૈગંબરના નવાસા છે.

મારા બાપ કુરબાન થાય મોહમ્મદ મુસ્તફા(સલ.) પર મારા બાપ કુરબાન થાય જનાબે ખદીજતુલ કુબરા(સલા.), અલીયે મુર્તઝા(અલ.) અને જનાબે ફાતેમા ઝહરા(સલા.) તમામ ઔરતોની સરદારના ફરઝંદ પર. મારા બાપ કુરબાન થાય તેના ફરઝંદ પર કે જેમની નમાઝ માટે સૂરજ પાછો ફર્યો કે જેથી તેઓ નમાઝ પઢે.

(૫) ત્યાર પછી અસ્હાબે રસૂલ(સલ.)ને સંબોધીને ફરમાવ્યું : અફસોસ ! આજે મારા નાના રસૂલુલ્લાહ(સલ.) દુનિયાથી ચાલ્યા ગયા છે. અય રસૂલ(સલ.)ના સહાબીઓ! આ રસૂલ(સલ.)ની સંતાન છે જેમને કેદીઓની જેમ લઈ જઇ રહ્યા છે.

જનાબે ઝયનબ(સલા.)ની વાતો સાંભળી દુશ્મનની ફોજ રડવા લાગી, રણના જાનવરો અને દરિયાની માછલીઓ બેચેન થઈ ગઈ.

રાવી કહે છે : તે સમયે મોટાભાગના લોકોએ જોયું કે ઘોડાઓની આંખોથી એટલા આંસુ વહ્યા કે તેમની લગામ ભીની થઈ ગઇ. (મુહર્રેમકુલ કુલૂબ નરાકી મજલિસ-૧૫)

પ્રકરણ : ૨૩

જનાબે સકીના અને ઇમામ હુસૈન(અલ.)ની લાશ મુબારક

સકીના બિન્તુલ હુસૈન(અલ.) પોતાના બાબાના પાક શરીર સાથે લિપટી ગયા. રંજ અને મુસીબતઝદહ સકીનાએ એવા નૌહા પઢ્યા કે હાજરજનો સર પીટીને એટલા રડ્યા કે બેહોશ થઈ ગયા. હઝરત સકીના ફરમાવે છે : મેં મારા બાબાને આ કહેતા સાંભળ્યા છે કે,

شِيْعَتِيْ مَا اِنْ شَرِبْتُمْ

عَذْبَ مَاءٍ فَاذْكُرُوْنِيْ

اَوْ سَمِعْتُمْ بِغَرِيْبٍ

اَوْ شَهِيْدٍ فَانْدِبُوْنِيْ

અય મારા શીઆઓ! જ્યારે તમે ઠંડુ પાણી પીવો તો મારી પ્યાસને યાદ કરશો અથવા કોઈ મુસાફર શહીદની મુસીબત સાંભળો તો મારા પર આંસુ વહાવશો.

જનાબે સકીનાને બાપની લાશથી કોઈ અલગ ન કરી શક્યું, દુશ્મનની ફોજમાંથી અમુક સિપાહીઓએ ઝબરદસ્તી હુસૈન(અલ.)ની લાશથી અલગ કર્યા. (અલ-મલહૂફ પા-૫૬, મકતલુલ મુકર્રમ પા-૩૦૮)

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) ફરમાવે છે : જ્યારે આશૂરના દિવસે અમારા પર ઝુલ્મના પહાડ ટૂટવા લાગ્યા અને બાબા પોતાના અન્સાર સાથે શહીદ થઈ ચૂકયા, તેમના અહલેબયતને સવાર કરીને કૂફાની તરફ લઈ ચાલ્યા તો મેં જોયું કે લાશ કફન અને દફન વગર પડી છે, આ મારા માટે ઘણુ અસહ્ય હતું. આ દર્દનાક દૃશ્ય જોઈને

નજીક હતું કે મારી રૂહ નીકળી જાય. જ્યારે ફોઇ ઝયનબે મારી આ હાલત જોઈ તો કહ્યું : અય મારા નાના, બાપ અને ભાઈની યાદગાર આટલા બેચેન કેમ છો અને પોતાને ખતરામાં કેમ નાખી રહ્યા છો?

મેં કહ્યું : હું કેમ બેચેન ન હોઉં જ્યારે કે હું જોઈ રહ્યો છું કે મારા બાબા, ભાઇ, ચાચા અને તેમના દીકરા ખૂનમાં લથપથ જમીન પર પડ્યા છે. તેમનો પોશાક સુદ્ધાં ઝાલિમોએ ઉતારી લીધો છે. ન કોઇએ તેમને કફન આપ્યું ન દફન કર્યા, કોઈ એમની પાસે નથી આવતું જાણે આ અજનબી છે.

ફોઇએ કહ્યું : આપ આ વસ્તુઓથી પરેશાન ન થાઓ કે રસૂલુલ્લાહ(સલ.)એ આપના દાદા અને આપના વાલિદને આ વચન આપ્યું હતું અને અલ્લાહે આ ઉમ્મતમાંથી તે ગિરોહથી વચન લીધું છે જેમને જમીન પર રહેવાવાળા નાફરમાન લોકો નથી ઓળખતા, પરંતુ આસમાનના ફરિશ્તા તેમને

સારી રીતે ઓળખે છે. જેથી તે આ વિખેરાએલા હાડકાઓને ભેગા કરશે અને આ ખૂનમાં લથપથ થયેલી લાશોની સાથે દફન કરી દેશે અને આ "કરબલા"ની જમીન પર આપના વાલિદ હુસૈન(અલ.)ની કબ્રની એવી નિશાની સ્થાપિત કરશે કે જેનો અસર ક્યારેય ખતમ નહીં થાય અને કુફ્ર અને ગુમરાહીના સરદારો આ નિશાનીઓને ભૂસવાની જેટલી પણ વધારે કોશીશ કરશે તે એટલી જ વધારે પ્રકાશિત થશે. (કામેલુઝ ઝિયારાત પા-૨૬૧)

શહીદોના પવિત્ર શરીર

અમે પહેલાં વર્ણન કરી ચુકયા છીએ કે આશૂરના દિવસે ઇમામ હુસૈન(અલ.)એ એક તંબુ નાખ્યો અને ફરમાવ્યું: અહલેબયત અને અસ્હાબમાંથી જે પણ શહીદ થઈ જાય તેની લાશને આ તંબુમાં લાવવામાં આવે. ફકત કમરે બની હાશિમ હઝરત અબુલ ફઝલિલ અબ્બાસ(અલ.)ની લાશ આ તંબુમાં ન આવી શકી.

લખ્યું છે કે જ્યારે પણ ગંજે શહીદાંમાં કોઈની લાશ લાવવામાં આવતી હતી તો ઇમામ હુસૈન(અલ.) ફરમાવતા હતા શહીદ થવાવાળા અંબિયા અને અંબિયાની અવલાદની જેવા છે અને કરબલાના શહીદોના વિશે હઝરત અલી(અલ.)એ ફરમાવ્યું છે : દુનિયા અને આખેરતમાં આ મહાન દરજ્જો ધરાવનાર શહીદો છે અને હજુ સુધી કોઈ પણ તેમનાથી આગળ નથી વધી શક્યું અને ન આગળ વધી શકશે.

એક વ્યક્તિનું અવલોકન

બની અસદમાંથી એક માણસ કહે છે : કરબલાથી કાફલો ગયા પછી હું મકતલમાં આવ્યો. અજીબ દૃશ્ય હતું. રસૂલ(સલ.)ના અહલેબયત(અલ.) અને તેમના અનસારની લાશો લોહીમાં ડૂબેલી જમીન પર પડી હતી. તેમના પર ધૂળ જામી ચુકી હતી. ઘણું જ દર્દનાક દૃશ્ય હતું. તેમના શરીરમાંથી આસમાન સુધી નૂર ચમકી રહ્યું હતું. તેમના પાક શરીર પાસેથી જે હવા પસાર થતી હતી તેમાંથી અત્તરની ખુશ્બુ આવતી હતી. તે જ સમયે એક સિંહ ઇમામ હુસૈન(અલ.)ની પાસે આવ્યો અને આપ(અલ.)ના લોહીમાં લપેટાઈને એટલા દર્દનાક અંદાજમાં રડ્યો કે આ પહેલાં મેં સાંભળ્યું ન હતું. જે વાતોથી મારા આશ્ચર્યની હદ ન રહી તે આ હતી કે રાતના સમયે જ્યારે મેં મૈદાન તરફ નજર

કરી તો દરેક લાશની પાસે દિવાની જેમ એક નૂર ચમકતુ નજર આવતું અને તેમની લાશો પર રડવાવાળાઓની અવાજ સંભળાતી હતી. (મદીનતુલ મઆજિઝ ભાગ-૪ પા-૭૦)

તલવારો અને ભાલાઓના ઝખ્મથી તેમના શરીર બદલાઈ ગયા હતા પરંતુ તેમની મહાનતા અને શ્રેષ્ઠતા નહોતી બદલાઈ.

તેમના દરમિયાન જન્નતના જવાનોના સરદારની લાશ એવી દર્દનાક સ્થિતિમાં હતી કે તેને જોઇને પથ્થરદિલ પણ ટુકડે ટુકડા થઈ જતુ હતું. આ પાકીઝા શરીરની આસપાસ ઇલાહી નૂર વરસી રહ્યું હતું અને તેનાથી અત્તરની ખુશ્બુ પણ આવી રહી હતી. (મકતલુલ હુસૈન(અલ.) મુકર્રમ પા-૩૧૨)

દફન ક્રિયા

અમુક સંદર્ભોમાં લખ્યું છે કે બની અસદ કબીલામાંથી અમુક લોકો ઇમામ હુસૈન(અલ.) અને તેમના અનસારની લાશને દફન કરવા માટે આવ્યા પરંતુ વધુ પડતી લાશો સર વગરની હતી. બલકે ઝાલિમો તેમના પોશાક સુદ્ધાં લઈ ગયા હતા. મોટા ભાગની લાશો ટુકડે ટુકડા હતી. ઓળખાઇ શકતી ન હતી. એટલા માટે બની અસદવાળા પરેશાન થઈ ગયા હતા. તે જ વખતે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) તશરીફ લાવ્યા અને બની અસદને લાશોની ઓળખાણ કરાવી અને આપે પોતાના વાલિદની લાશ દફન કરવા માટેના પ્રયત્નો કર્યા અને રડતા રડતા ફરમાવ્યું :

ખુશનસીબ છે તે જમીન જેણે આપની લાશને પોતાની ગોદમાં લીધી છે. દુનિયા આપના

પછી અંધકાર અને આખેરત આપના નૂરથી રોશન છે. રહી મારી વાત તો રાતોના ઊંઘ નથી આવતી અને ગમ અને તકલીફનો સિલસિલો ખતમ થવાવાળો નથી. અહીં સુધી કે અલ્લાહ આપના અહલેબયતને પણ આપની સાથે કરી દે અને આપની પનાહમાં જગ્યા આપે. આપ પર મારા સલામ અય ફરઝંદે રસૂલ(સલ.) અને અલ્લાહની રહમતો અને બરકતો થાય.

ત્યાર પછી પાક-પવિત્ર કબ્ર પર લખ્યું :

هٰذَا قَبْرُ الْحُسَيْنِ بْنِ عَلِيِّ بْنِ اَبِيْ طَالِبِ الَّذِيْ قُتِلُوْهُ عَطْشَانًا غَرِيْبًا

પછી હઝરત અલી અકબર(અલ.)ની લાશને આપના પગની પાસે દફન કરી અને ત્યાર પછી ઇમામ(અલ.)ના ફરમાન મુજબ બાકી અહલેબયત(અલ.)ના શહીદોને ઇમામ હુસૈન(અલ.)ની કબ્રની પાસે એક જગ્યાએ દફન

કરવામાં આવ્યા. (જેવું કે જાહેર છે તેમની સંખ્યા અઢાર હતી. જેમાં ઇમામ હુસૈન(અલ.)ના દીકરા, ભાઈ અને કાકાના દિકરા પણ શામેલ છે. જે પગની પાસે દફન થયા હતા. - ઇરશાદે મુફીદ ભાગ-૨ પા-૧૨૬) બની અસદ ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ની સાથે કમરે બની હાશિમ હઝરત અબ્બાસ(અલ.)ને દફન કરવા માટે અલકમા તરફ ચાલ્યા અને આપની લાશને તે જ જગ્યા પર દફન કરી જ્યાં શહીદ થયા હતા. ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) ખૂબ જ રડયા અને ફરમાવ્યું :

عَلَيالدُّنْيَابَعْدَكَالْعَفَايَاقَمَرَبَنِيهَاشِمٍوَعَلَيْكَمِنِّيالسَّلَامُمِنْشَهِيدٍلَحُ

تَسَبِوَرَحْمَةُاللهِوَبَرَكَاتُه

અય કમરે બની હાશિમ! આપના પછી દુનિયા પર ખાક, આપ પર મારા સલામ અને ખુદાની રેહમત અને બરકત થાય.

(હયાતુલ ઇમામિલ હુસૈન(અલ.) ભાગ-૪ પા-૩૨૪. અમુક ઇતિહાસકારોએ ઇમામ હુસૈન(અલ.)ના દફનની નિસ્બત બીજાઓ તરફ આપી છે. દાખલા તરીકે કહેવામાં આવ્યું બની અસદે ઇમામ(અલ.)ને દફન કર્યા. ઝુહૈરના ગુલામે અથવા અમુક યહૂદીઓએ દફન કર્યા, આ અનુમાનો ખોટા છે. કેમ કે ઇમામ(અલ.)ના દફનની જવાબદારી પછીના ઇમામ પર હોય છે. આ વિષય પર ઉસૂલે કાફી અને અન્ય કિતાબોમાં રિવાયતો આવી છે.

ઇમામ મોહંમદ બાકિર(અલ.)થી રિવાયત કરવામાં આવી છે કે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) છુપી રીતે આવ્યા અને પોતાના વાલિદની નમાઝે જનાઝા પઢીને દફન કર્યા. (જિલાઉલઉયૂન શબ્બર ભાગ-૨ પા-૨૧૬) અને આ વાત ઇમામ રઝા(અલ.)ના બયાનથી પણ સમજમાં

આવે છે. જ્યારે અલી ઇબ્ને હમ્ઝાએ આપ(અલ.)ને કહ્યું : અમે આપના બાપદાદાથી સાંભળ્યુ છે કે ઇમામ(અલ.)નું કામ ઇમામ જ અંજામ આપે છે. ઇમામ રઝા(અલ.)એ ફરમાવ્યું : બતાવો હુસૈન ઇબ્ને અલી(અલ.) ઇમામ હતા કે નહીં ? અલી ઇબ્ને હમઝાએ કહ્યું : ઇમામ હતા. ઇમામ રઝા(અલ.)એ ફરમાવ્યું : તેમને કોણે દફન કર્યા છે? અલી ઇબ્ને હમઝાએ કહ્યું : હઝરત અલી ઇબ્ને હુસૈન(અલ.), ઇમામ રઝા(અલ.)એ ફરમાવ્યું - અલી ઇબ્ને હુસૈન તે સમયે ક્યાં હતા ? તે તો ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદના કેદી હતા. અલી ઇબ્ને હમઝાએ કહ્યું : તે દુશ્મનોને ખબર ન હતી અને કરબલા આવ્યા. અને ઇમામની લાશને દફન કરીને પાછા ચાલ્યા ગયા.

ઇમામ રઝા(અલ.)એ ફરમાવ્યું : જે અલ્લાહે અલી ઇબ્ને હુસૈન(અલ.)ને આ તાકાત

આપી હતી કે તે કરબલા આવીને પોતાના વાલિદને દફન કરે તેણે જ જમાનાના ઇમામને આ કુદરત આપી છે કે તે બગદાદ આવીને ઇમામતના કામ અને વાલિદના કાર્યોને (કફન-દફન) અંજામ દઈને પાછા ચાલ્યા જાય. જ્યારે કે આપ અલી ઇબ્ને હુસૈન(અલ.)ની જેમ દુશ્મનની કૈદમાં પણ નથી. - બિહારૂલ અનવાર ભાગ-૪૮ પા-૨૭૦)

ત્યાર પછી બની અસદે અસ્હાબને એક જગ્યાએ દફન કર્યા અને હબીબ ઇબ્ને મઝાહિરને તે જ જગ્યા પર દફન કર્યા જ્યાં આજે આપની કબ્ર છે અને આપ બની અસદથી હતા, પોતાના ખાનદાનના સરદાર હતા. એટલા માટે તેમને ઇમામ હુસૈન(અલ.)ના સરની નજીક દફન કર્યા. (અલ-ઇમામુલ હુસૈન(અલ.) વ અસ્હાબોહુ પા-૩૭૫)

હુર બિન યઝીદ ત્યાં જ દફન થયા જ્યાં શહીદ થયા હતા. બની અસદ અરબના બધા જ કબીલાઓ પર ગર્વ કરતા હતા કે અમે ઇમામ હુસૈન(અલ.) અને તેમના અસ્હાબ પર નમાઝ પઢીને દફન કર્યા છે. (નફસુલ મહમૂમ પા-૩૮૯)

લાશો દિવસે દફન થઈ કે રાતના

અમુક મકાતિલે લખ્યું છે કે લાશો ૧૨ મોહર્રમના દિવસે દફન થઈ હતી અને અમુકે લખ્યું છે કે લાશો તેર મોહર્રમની રાતે દફન થઈ છે. પરંતુ સહી કથન આ લાગે છે કે લાશો બાર મોહર્રમની રાતે દફન થઈ છે. (અલ-ઇમામુલ હુસૈન વ અસ્હાબોહુ પા-૩૮૦ અને ૩૮૨)

ભાગ : ૬

પ્રકરણ : ૨૪

કુફામાં કેદીઓનું દાખલ થવું

મુસ્લિમ જસ્સાસ કહે છે : ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે મને દારૂલ અમારાહ (ગવર્નર હાઉસ)ના સમારકામ માટે બોલાવ્યો, હું દારૂલ અમારહના કલરકામમાં વ્યસ્ત હતો કે અચાનક શોરબકોરની અવાજ સાંભળી, મેં મારી સાથેના નોકરને પુછયું : શું વાત છે કુફા રડવાની અવાજથી ગુંજી રહ્યું છે?

તેણે કહ્યું : હમણા લોકો તે ખારજીનું સર લાવ્યા છે જેણે યઝીદની વિરૂદ્ધ બગાવત કરી હતી. મેં તેને તેનું નામ પૂછ્યું તો તેણે કહ્યું : હુસૈન ઇબ્ને અલી(અલ.).

મુસ્લિમ કહે છે : હું થોડીવાર સુધી પરેશાન, બેચેન રહ્યો અને જેવો તે નોકર કોઈ કામ માટે

નીકળ્યો મેં ગમ અને દુ:ખની સાથે પોતાના મોં પર તમાચા માર્યા, રંગનું કામ છોડીને મોં હાથ ધોયું અને દારૂલ અમારાની પાછળથી બહાર નીકળી આવ્યો અને કનાસા (કનાસા તે જગ્યાને કહે છે જ્યાં કચરો નાખવામાં આવે છે.) સુધી પહોંચી ગયો. ત્યાં ઊભો થઈને જોયું કે લોકો કેદીઓ અને મકતુલોના સરની રાહ જોઇ રહ્યા છે. આ દરમિયાન મેં જોયું કે ચાલીસ ઊંટ આવ્યા છે. જેના પર અહલેબયતે રસૂલ(સલ.)ની સ્ત્રીઓ સવાર છે.

અચાનક મેં ઇમામ સજ્જાદ(અલ.)ને જોયા કે કાઠી વગરના ઊંટ પર સવાર છે અને કાંટાવાળી સાંકળના કારણે ગળાની રગોથી લોહી વહી રહ્યું છે અને આપ(અલ.) રડતા રડતા ફરમાવે છે :

અય બદકાર લોકો ! અલ્લાહ તમને કદી સંતૃપ્ત ન કરે, અય તે ઉમ્મત જેણે અમારા વિષયમાં અમારા નાનાની હુરમતનો ખ્યાલ ન

કર્યો. જો કયામતના દિવસે અમે અને રસૂલ(સલ.) એક જગ્યા પર ભેગા થયા તો આ દર્દનાક ઘટનાનો રસૂલ(સલ.)ને શું જવાબ આપશો ? અમને કાઠી વગરના ઊંટો પર સવાર કરીને ગલી કુચામાં ફેરવો છો? જાણે કે અમે તે નથી જેમણે તમારા દરમિયાન દીનની મજબૂત બુનિયાદ નાખી છે. અય બની ઉમય્યા! અમારા પર જે મુસીબતો પડી છે તેનાથી તમે વાકેફ છો. પરંતુ એવું લાગે છે કે તમે અમારી ફરિયાદ સાંભળી જ નથી રહ્યા. ખુશીમાં તાળીઓ વગાડી રહ્યા છો અને અમને ઘણી દૂરથી કેદી બનાવીને લઈને ફરો છો. તબાહી છે તમારા માટે ! શું અમારા નાના રસૂલ(સલ.)એ દુનિયાના લોકોને ગુમરાહીથી છુટકારો ન અપાવ્યો અને તેમની સિરાતે મુસ્તકીમ તરફ હિદાયત ન કરી ? અય કરબલાની ઘટના તેં મને ગમગીન કર્યો છે.

અલ્લાહતઆલા બદકારોના કૃત્યોથી પરદો ઉઠાવશે અને તેમને ઝલીલ કરશે.

મુસ્લિમ જસ્સાસ કહે છે : મેં જોયું કે કુફાવાળાઓ ઊંટો પર સવાર ભૂખ્યા બાળકોને ખજૂર અને રોટી આપી રહ્યા છે. જનાબે ઉમ્મે કુલસૂમે જ્યારે તેમની આ નાપસંદ હરકત જોઈ તો ફરમાવ્યું : કુફાવાળાઓ ! અમારા ખાનદાન પર સદકો હરામ છે અને ખજૂર અને રોટી બાળકો પાસેથી લઈ લીધી. કૂફીઓ પોતાની હરકત અને અહલેબયત(અલ.)ના અપમાન પર આંસુ વહાવા લાગ્યા.

ઉમ્મે કુલસૂમે ફરી એક વાર તેમને સંબોધીને ફરમાવ્યું: અય કૂફાવાળાઓ ! તમારા પુરૂષો અમને કતલ કરે છે અને તમારી સ્ત્રીઓ અમારા પર રડે છે ! અમારો અને તમારો ફેંસલો

અલ્લાહ જ કરશે અને કયામતના દિવસે અમારા અને તમારા દરમિયાન ફેંસલો કરશે.

મુસ્લિમ કહે છે : આ દરમિયાન રડવા, પીટવાની અવાજ બુલંદ થવા લાગી. મેં જોયું કે કરબલાના શહીદોના સર લાવવામાં આવ્યા. તેમાં આગળ આગળ ઇમામ હુસૈન(અલ.)નું પવિત્ર સર છે. ઇમામ હુસૈન(અલ.)નું સર ચાંદ અને ઝોહરા સિતારાની જેમ ચમકી રહ્યું છે. રસૂલ(સલ.)ના જેવું છે. તે સમયે આ નૂરાની અને ચાંદ જેવા સર પર ઝયનબ(સલા.)ની નજર પડી તો તે નૂરાની સરની તરફ ઇશારો કરી ફરમાવ્યું :

"અય મારા ચાંદ! તું તારા કમાલ પર પહોંચ્યો પણ તને ગ્રહણ લાગી ગયું અને આથમી ગયો. અય મારા દિલના ટુકડા! આ તો મેં કદી વિચાર્યું પણ ન હતું કે આવો દિવસ જોવો પડશે, ભાઈ તમારી નાની દીકરીથી વાત કરો કે જેનું દિલ

આ મુસીબત પર ફાટી રહ્યું છે. અય ભાઈ! આપ તો અમારા પર ઘણા મહેરબાન હતા. હવે તે મોહબ્બત શું થઈ, અય ભાઈ કાશ આપ પોતાના દીકરા અલીને કેદની હાલતમાં જોતે કે આપના યતીમમાં વાત કરવાની પણ તાકાત નથી. જ્યારે પણ ઝાલિમ તેમને કોરડા લગાવતા હતા તો આપને પુકારતા અને તેમની આંખોથી આંસુ જારી થતા હતા. ભાઇ તેમને પોતાના સીનાથી લગાવી લો, પોતાની પાસે બોલાવી લો, તેમના દિલને ઘણું દુ:ખ થયું છે. તેમને દિલાસો આપો. આ દીકરાની લાચારીને જુઓ જે બાપને પુકારે પરંતુ તેમનો જવાબ ન સાંભળે." (તઝલ્લુમુઝ ઝહરા પા-૨૪૯)

સૌ પ્રથમ ભાલા ઉપર ઉઠાવવામાં આવેલું સર મુબારક

ઇબ્ને અસઅમ કુફી વર્ણન કરે છે : ઉમર બિન સઅદે રસૂલ(સલ.)ના અહલેબયતને કાઠી વગરના ઊંટો પર સવાર કર્યા અને કેદીઓની જેમ કૂફા લાવ્યો. જ્યારે કૂફા પહોંચ્યા તો ઉબૈદુલ્લાહે હુકમ આપ્યો કે હુસૈન(અલ.)નું સર શહેરથી બહાર લઈ જાવ અને કેદીઓની સાથે લાવો, જેથી ઇમામ હુસૈન(અલ.)નું સર અને અન્ય શહીદોના સરોને ભાલા પર ચઢાવવામાં આવ્યા. ઇમામ હુસૈન(અલ.)ના સરને આગળ આગળ લઈ ચાલ્યા અને આ રીતે કુફામાં દાખલ થયા અને સરોને કુફાની ગલીઓ અને બજારોમાં ફેરવવામાં આવ્યું.

આસિમે "રઝઝ" થી રિવાયત વર્ણન કરી છે કે ઇસ્લામમાં સૌથી પહેલાં જેના સરને નેઝા પર

ફેરવવામાં આવ્યું તે હુસૈન ઇબ્ને અલી(અલ.)નું સર હતું. પરંતુ તે દિવસ સુધી આટલા મર્દો અને સ્ત્રીઓ રડતા દેખાયા ન હતા.

(આસિમ બિન અબીન નુજૂદ, સાત પ્રખ્યાત કારીઓમાંથી એક છે. અન્ય કારીઓ પર તેમની કિરાઅતને પ્રાથમિકતા આપવામાં આવી છે. હાલના કુરઆનની લિપિ(એઅરાબ) તેમની કિરાઅત પ્રમાણે છે અને તે ઝર બિન જૈશના વિદ્યાર્થી હતા. ઝર બિન જૈશ જલીલુલ કદ્ર તાબઈ અને અબ્દુલ્લાહ બિન મસઊદના સાથીઓમાંથી હતા. કુરઆનના આલિમ હતા. તેમણે કુરઆનની તાલીમ હઝરત અલી(અલ.) પાસેથી લીધી હતી. ૮૩ હિજરીમાં ૧૨૦ વરસની ઉમરમાં ઇન્તેકાલ થયો. - તરજુમા નફસુલ મહમૂમ પા-૨૯૩)

જઝરી કહે છે : ઇસ્લામમાં સૌથી પહેલાં જે સર લાકડી પર ઉઠાવવામાં આવ્યું તે એક કથન

મુજબ ઇમામ હુસૈન(અલ.)નું સર હતું. એક કથન આ છે કે સૌથી પહેલા અમ્ર બિન હુમ્ક ખઝાઇનું સર ભાલા પર બુલંદ કરવામાં આવ્યું છે.

(અમ્ર બિન હુમ્ક રસૂલ(સલ.)ના સહાબી હતા. સુલ્હે હુદયબિયા પછી રસૂલ(સલ.)ની ખિદમતમાં આવ્યા અને રસૂલ(સલ.)થી હદીસો સાંભળી અને યાદ કરી, ઇસ્તીઆબના લેખક કહે છે : તે શામમાં રહેતા હતા, પછી કુફા ચાલ્યા ગયા. જબીરહ બિન નઝીર, રૂફાઆ બિન શદ્દાદ વિગેરેએ તેમનાથી હદીસ વર્ણન કરી છે. હઝરત અલી(અલ.)ના શીઆ હતા. બલકે મુફીદે ઇખ્તેસાસમાં લખ્યું છે કે અલી(અલ.)ના ખાસ અસહાબમાંથી હતા જેમણે જમલ, સિફ્ફીન, અને નહેરવાનમાં હઝરત(અલ.)ની તરફથી જંગ કરી, ઉમવીઓથી મુકાબલામાં તેમણે હુજર બિન અદી(રઝિ.)નો સાથ આપ્યો. પછી મુસેલ ચાલ્યા

ગયા. મઆવિયાએ પીછો કર્યો. મુસેલની નજીક એક ગુફામાં તેમને કતલ કરી દેવામાં આવ્યા અને તેમનું સર ભાલા પર ચઢાવ્યું. - ઇસ્તીઆબ ભાગ-૩ પા-૧૭૩)

કાઠી વગરના ઊંટો

એક માણસ કહે છે હું કૂફાના બજારમાં બેઠો હતો. મને ઇમામ હુસૈન(અલ.)ની શહાદતની ખબર ન હતી. મેં જોયું કે લોકો પરેશાન અને ભયભીત છે. પરંતુ મને તેનું કારણ ખબર ન હતું. તે જ સમયે મારા કાનોમાં તકબીર અને તહલીલની અવાજ પહોંચી. હું ઊભો થયો કે જોઉં શું કિસ્સો છે ?

મેં જોયું કે ભાલાઓ પર સર બુલંદ છે. કાઠી વગરના ઊંટો પર સ્ત્રીઓ અને નાની નાની બાળકીઓ સવાર છે. જેમના માથા શરમ અને હયાથી ઝુકેલા છે. એક જવાનને ઊંટ પર સવાર જોયો જેને ઝંજીરોમાં જકડીને રાખવામાં આવ્યો હતો. તેનું માથુ ખુલ્લુ હતું અને પગોથી લોહી નીકળી રહ્યું હતું. સર લઈ જનારાઓ દરમિયાન એક માણસને જોયો કે તેણે એક સર ઉઠાવેલું હતું.

તેનાથી નૂર ચમકી રહ્યું છે અને તેને જોવાથી કતલના ચિન્હોનો એહસાસ ન થતો હતો. તે વ્યક્તિ જેણે ભાલા પર સર ઉઠાવ્યુ હતું તે કહે છે :

اَنَاصَاحِبُالرُّمحِالطَّوِيْلِ

اَنَاصَاحِبُالسَّيْفِالصَّقِيْلِ

اَنَاقَاتِلُدِيْنِيالْاَصِيْلِ

"હું બુલંદ ભાલાવાળો, ચકચકિત તલવારવાળો અને તેનો કાતિલ છું જેની પાસે દીનની હકીકત છે."

કેદીઓના દરમિયાનમાં એક સ્ત્રીએ કહ્યું : બરબાદી છે તારા માટે, આ કહો :

وَمَنْنَاغَابُفِيالْمَهْدِجِبْرَئِيْلُوَمَنْبَعْضُخُدَّامِهِمِيْكَائِيْلُوَاِسْرَافِيْلُوَعِزْ

رَائِيْلُوَمَنْعُتقَاءُبُصَلْصَائِيْلُوَمَنْاِهْتَزَّلِقَتْلِهِعَرْشُرَبِّالْجَلِيْل، وَقُلْيَاوَيْلَ

كَانَاقَاتِلُمُحَمَّدِالْمُصطَفٰيوَعَلِيّاًالْمُرتَضٰيوَفَاطِمَةَالزَّهْرَاءِوَالْحَسَنِ

الْمُزَكّٰيوَاَئِمَّةِالْهُدٰيوَ

مَلَائِكَةِالسَّمَاءِوَالْاَنْبِيَاءِوَالْاَوْصِيَاءِ۔

આ તે છે જેમને જિબ્રઈલ પારણામાં ઝુલાવતા હતા અને મીકાઈલ, ઇસરાફીલ અને ઇઝરાઈલ તેમના ખિદમત-ગુઝાર હતા અને સલસાઈલ તેમના આઝાદ કરેલા હતા. આ તે છે જેમના કતલ થવાથી અર્શે ખુદા ધ્રૂજી ઊઠ્યું. લઅનત છે તારા પર લોકોને આ બતાવ કે હું મોહંમદ મુસ્તફા(સલ.), અલી મુર્તઝા(અલ.), ફાતેમા ઝહરા(સલા.), હસન મુઝક્કા(અલ.), અઇમ્મએ હુદા આસમાનના ફરિશ્તા અને અંબિયા અને અવસિયાનો કાતિલ છું.

રિવાયત કરનાર કહે છે : મેં આ સ્ત્રીનું નામ પૂછ્યું તો બતાવ્યું હું ઝયનબ બિન્તે અલી ઇબ્ને અબીતાલિબ(અલ.) છું અને આ કેદી બધા રસૂલ(સલ.) અને અલી(અલ.)ની દીકરીઓ છે. (અદ્દમ્અતુસ્સાકેબા ભાગ-૫ પા-૪૬)

ગયબી ખબરો

હઝરત ઝયનબ(સલા.) કહે છે જ્યારે ઇબ્ને મુલજિમના વારથી બાબાનું સર ફાટી ગયું અને મેં આપના પવિત્ર ચેહરા પર શહાદતના ચિન્હો જોયા તો કહ્યું: બાબા ! ઉમ્મે અયમને મને રસૂલ(સલ.)ની એક હદીસ સંભળાવી છે. હું આપ(અલ.)ની ઝબાનથી સાંભળવા ચાહુ છું. મારા બાબાએ ફરમાવ્યું : અય મારી દીકરી, હદીસ તે જ છે જે ઉમ્મે અયમને તમને સંભળાવી છે. જાણે હું તમને રસૂલ(સલ.)ના ખાનદાનની અન્ય સ્ત્રીઓ સાથે આ જ શહેરમાં દુશ્મનોના હાથે કેદી જોઈ રહ્યો છું અને તમે ભયભીત છો. આ મુસીબત પર સબ્ર કરજો, કસમ છે તે જાતની જેણે દાણાને ફાડ્યો છે અને જનીન (ગર્ભના બાળક)ને પૈદા કર્યો. તે દિવસે જમીન ઉપર તમારાથી અને તમારા શીઆઓથી

વધારે ખુદાની નજીક કોઈ મહેબૂબ, પ્યારો નહીં હોય. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૮૩)

હઝરત ઝયનબ(સલા.)નો ખુત્બો

જ્યારે હુસૈની કાફલાવાળાઓની હાલત જોઈને કૂફાની સ્ત્રીઓ રડી રહી હતી અને પોતાના ગરેબાન ચાક કરી રહી હતી તેમની સાથે કુફાના પુરૂષો પણ રડી રહ્યા હતા. તે સમયે હઝરત ઝયનબ(સલા.)એ મર્દોને કહ્યું : ચુપ રહો, આથી ન ફકત ચુપ થઈ ગયા બલકે ઊંટોની ઘંટડીની અવાજ પણ બંધ થઇ ગઇ. પછી જનાબે ઝયનબ(સલા.)એ અલ્લાહની હમ્દ અને તારીફ અને રસૂલ(સલ.) પર દુરૂદ મોકલ્યા પછી ફરમાવ્યું :

اَمَّابَعْدُيَااَهْلَالْخَتْلِوَالْغَدْرِوَالْخَذْلِ، اَلَافَلَارَقَاتِالْعَبْرَةُوَلَاهَدَاتِالزَّفْرَةُ، اِنَّمَامَثَلُكُمْكَمَثَلِالَّتِيْنَقَضَتْغَزْلَهَامِنْبَعْدِقُوَّةٍاَنْكَاثاًتَتَّخِذُوْنَاَيْمَانَكُمْدَخَلاًبَيْنَكُمْ، هَلْفِيْكُمْاِلَّاالصَّلَفُوَالْعُجْبُوَالشَّنَفُوَالْكَذِبُ

وَمَلَقَالْاِمَائِوَغَمْزَالْاَعْدَاءِ، اَوْ كَمَرْعِيعَلٰيدَمْنَةٍاَوْ كَفِضَّةٍعَلٰيمَ

لْحُوْدَةٍ، اَلَابِئْسَمَاقَدَّمَتْلَكُمْاَنْفُسَكُمْاَنْسَخِطَعَلَيْكُمْوَفِيالْعَذَا

بِ اَنْتُمْخَالِدُوْن۔

اَتَبْكُوْنَاَخِي؟اَجَلْوَاللّٰهِفَابْكُوْافَاِنَّكُمْاَحْرِياءُبِالْبُكَاءِفَابْكُوْا كَثِيْراً

وَاَضْحَكُوْاقَلِيْلاً، فَقَدْبُلِيْتُمْبِعَارِهَاوَمُنِيْتُمْبِشِنَارِهَاوَلَنْتَرْحَضُوْ

هَااَبَداًوَاَنّٰىتُرْحَضُوْنَقَتْلَسَلِيْلِخَاتِمِالنَّبُوَّةِوَمَعْدِنِالرِّسَالَةِوَسَيِّ

دِشَبَابِاَهْلِالْجَنَّةِوَمَلَاذِحَرْبِكُمْوَمَعَاذِحِزْبِكُمْوَمَقَرِّسِلْمِكُمْوَآ

سِيكَلْمِكُمْوَمَفْزَعِنَازِلَتِكُمْوَالْمَرْجِعُاِلَيْهِعِنْدَمُقَاتَلَتِكُمْوَمَدَرَةِحُ

جَجِكُمْوَمَنَارِمَحَجَّتِكُمْ، اَلَاسَاءَمَاقَدَّمَتْلَكُمْاَنْفُسُكُمْوَسَاءَمَاتَزِ

رُوْنَلِيَوْمِمَبْعَثِكُمْ۔

فَتَعْساً تَعْساً، وَنَكْساً نَكْساً، لَقَدْ خَابَ السَّعْيُ وَتَبَّتِ الْأَيْدِي وَخَسِرَتِ الصَّفْقَةُ وَبُؤْتُمْ بِغَضَبٍ مِنَ اللهِ وَضُرِبَتْ عَلَيْكُمُ الذِّلَّةُ وَالْمَسْكَنَةُ۔

أَتَدْرُونَ وَيْلَكُمْ أَيَّ كَبِدٍ لِمُحَمَّدٍ ﷺ فَرَيْتُمْ؟ وَأَيَّ عَهْدٍ نَكَثْتُمْ؟ وَأَيَّ كَرِيمَةٍ لَهَا أَبْرَزْتُمْ؟ وَأَيَّ حُرْمَةٍ هَتَكْتُمْ؟ وَأَيَّ دَمٍ لَهُ سَفَكْتُمْ؟ لَقَدْ جِئْتُمْ شَيْئاً إِدّاً تَكَادُ السَّمٰوٰتُ يَتَفَطَّرْنَ مِنْهُ وَتَنْشَقُّ الْأَرْضُ وَتَخِرُّ الْجِبَالُ هَدّاً۔

لَقَدْ جِئْتُمْ بِهَا شَوْهَاءَ صَلْعَاءَ عَنْقَاءَ سَوْدَاءَ فَقْمَاءَ خَرْقَاءَ طَلَاعَ الْأَرْضِ ضِئْبَالَ وِلْءَ السَّمَاءِ، أَفَعَجِبْتُمْ أَنْ تُطْمِرَ السَّمَاءُ دَماً، وَلَعَذَابُ الْآخِرَةِ أَخْزٰى وَهُمْ لَا يُنْصَرُونَ، فَلَا يَسْتَخِفَّنَّكُمُ الْمَهْلُ، فَإِنَّهُ عَزَّ وَجَلَّ لَا يَحْفِزُهُ الْبِدَارُ وَلَا يَخْشٰى عَلَيْهِ فَوْتُ

النَّارِ، كَلَّا إِنَّ رَبَّكَلَنَا وَلَهُمْ بِالْمِرْصَادِ۔

અય ફૂફાવાળાઓ! અય ધોકાબાઝ અને વિશ્વાસઘાત કરનારા લોકો ! અય બેશરમ લોકો ! અલ્લાહ કરે તમારી આંખોથી આંસુઓનો વરસાદ ન રોકાય અને આ સિલસિલો ખતમ ન થાય. તમારૂં દૃષ્ટાંત તે સ્ત્રી જેવું છે જેણે પોતાના સૂતરને કાપીને ટુકડે ટુકડા કરી નાખ્યા હોય, ન તમારા અહદ, વચનની કોઈ કિંમત છે અને ન તમારી કસમનો કોઈ ભરોસો છે. તમારી પાસે જુઠ્ઠી વાતો અને ઘમંડ અને દુશ્મનીના સિવાય બીજું શું છે? તમારૂં દૃષ્ટાંત તે કનીઝો જેવું છે જેમનું કામ ખુશામત અને ચાપલૂસી છે અથવા ઘોડા પર ઉગેલી ઘાસની જેમ છે અથવા એવી ચાંદીની જેમ છે જેનાથી કબ્રોને સજાવવામાં આવે, તમારૂં જાહેર આકર્ષક અને સુંદર પરંતુ બાતિન નાપસંદ અને નફરતવાળું છે.

પોતાની આખેરત માટે તમે શું તૈયારી કરી છે? પોતાના માટે તમે કેટલું ખરાબ ભાથું મોકલ્યું છે જેનાથી અલ્લાહને પ્રકોપમાં લાવી દીધો છે અને તેના હંમેશાના અઝાબને ખરીદી લીધો છે. શું તમે મારા ભાઇ હુસૈન(અલ.) માટે રડી રહ્યા છો? રડો તમે આ જ લાયક છો. હસો ઓછુ અને રડો વધારે કે તમારા દામન પર ઝિલ્લતની ધૂળ બેસી ચુકી છે. આ બદનામીનો ધબ્બો તમારા દામન પર હંમેશા રહેશે તેને કદી પણ છોડાવી શકશો નહિ.

અને આ ધબ્બાને કઈ રીતે સાફ કરી શકો કે તમે જન્નતના જવાનોના સરદાર અને ફરઝંદે રસૂલ(સલ.)ને કતલ કર્યા છે તે વ્યક્તિને કતલ કર્યા છે જે જંગમાં તમારૂં આશ્રયસ્થાન હતા અને સુલેહના જમાનામાં તમારા આરામ અને શાંતિનું કારણ હતા. સખ્તીઓ અને મુશ્કેલીઓમાં તે જ

તમારી ઉમીદ હતા અને જંગ-લડાઈના જમાનામાં તમે એમની પાસે પનાહ શોધતા હતા.

ખબરદાર ! તમે આખેરત માટે જે વસ્તુ પહેલા મોકલી ચુકયા છો તે ઘણુ ખરાબ ભાથુ હતું અને જે ગુનાહથી કયામત સુધી તમારી કમર ઝુકી રહેશે તે ઘણો મોટો ગુનાહ છે.

અલ્લાહ તમને નાબૂદ કરે અને તમારો પરચમ હંમેશા ઝૂકેલો રહે, તમારી કોશીઓએ ફકત નાઉમ્મીદીનું ફળ આપ્યું છે અને તમારા હાથ કપાઈ ગયા, તમારા માલમાં નુકસાન થયું, પોતાની જાનના બદલામાં અલ્લાહની નારાઝગી ખરીદી અને તમારી શર્મન્દગી યકીની થઈ ગઈ. શું તમે જાણો છો કે તમે રસૂલ(સલ.)ની ઔલાદમાંથી કોનું લોહી વહાવ્યું છે અને તમે કયો અહદ તોડ્યો છે અને હરમવાળાઓને બેપરદા કર્યા છે? કોનું અપમાન કર્યું છે અને કોનું લોહી વહાવ્યું છે ?

તમે ઘણું ખરાબ કામ કર્યું છે. નજીક છે કે આસમાન ફાટી જાય અને જમીન બેસી જાય અને પહાડ ઝર્રા ઝર્રા થઈ જાય. કેટલી મોટી મુસીબત ! દિલ જલાવી નાખનારી, સખ્તી લાવનારી અને એવી પરેશાનીઓમાં લપેટાએલી કે જેનાથી ભાગવું શક્ય નથી અને એટલી મોટી છે કે પહાડ ટુકડે ટુકડા થઈ જાય.

જો આ મુસીબત પર આસમાનથી લોહી વરસે તો શું તમને આશ્ચર્ય થશે ? આખેરતના અઝાબથી વધારે તમને કોઈ વસ્તુ ઝલીલ કરનારી નથી અને આ બની ઉમય્યાની હુકુમતના સરદારોની કોઇપણ તરફથી મદદ નહીં થાય.

આ મોહલતથી તમારે ગુરૂર ન કરવું જોઇએ. અલ્લાહ કોઈ કામમાં જલ્દી કરવાથી પાક છે અને બેગુનાહ લોહી પાયમાલ કરવાથી ડરો કે તે

બદલો લેવાવાળો છે અને મને અને તમને જોઈ રહ્યો છે.

પછી આપ(અલ.)એ આ શેઅર પઢ્યા :

مَاذَاتَقُوْلُوْنَاِذْقَالَالنَّبِيُّلَكُمْ

مَاذَاصَنَعْتُمْوَاَنْتُمْاٰخِرُالْاُمَمِ

بِاَهْلِبَيْتِيْوَاَوْلَادِيْوَتَكْرُمَتِيْ

مِنْهُمْاُسَارٰىوَمِنْهُمْمُضَرَّجٌوَابِدَمِ

مَاكَانَهٰذَاجَزَائِيَاِذْنَصَحْتُلَكُمْ

اَنْتَخْلُفُوْنِيْبِسُوْءٍفِيْذَوِيْرَحِمِيْ

اِنِّيْلَاَخْشٰيعَلَيْكُمْاَنْيَحِلَّبِكُمْ

مِثْلُالْعَذَابِالَّذِيْاَوْدٰيعَلٰيارَمِ

"જ્યારે રસૂલ(સલ.) તમને પૂછશે આ તમે મારા અહલેબયત(અલ.)ની સાથે શું કર્યું છે. તેમનામાંથી અમુક કેદી અને અમુક લોહીમાં ડૂબેલા છે. તમે છેલ્લી ઉમ્મત છો તો તે સમયે શું જવાબ આપશો? હું તમારી ભલાઈ ચાહનારો હતો, મારો બદલો આ ન હતો કે તમે મારા ઘરવાળાઓના હકમાં ઝુલ્મ કરો, ડરૂ છું કે તમારા પર અઝાબ નાઝિલ ન થઈ જાય કે જેવો કોમે ઇરમ પર થયો હતો અને તેને હલાક કરી દીધા હતા."

રિવાયત કરનાર કહે છે કે ઝયનબ(સલા.)ના આ ખુત્બા પછી મેં ફૂફાવાળાઓને જોયા કે તેમણે પસ્તાવાના કારણે દાંતોમાં આંગળી નાખી દીધી. મેં પોતાની પાસે ઉભા વૃદ્ધ વ્યક્તિને એવી રીતે રડતા જોયો કે આંસુઓથી તેની દાઢી ભીની થઈ ગઈ હતી અને આસમાન તરફ હાથ ઊઠાવીને કહી રહ્યો હતો :

મારા માં-બાપ આપ પર કુરબાન, આપના વૃદ્ધો બેહતરીન વૃદ્ધો, આપની સ્ત્રીઓ બેહતરીન સ્ત્રીઓ, આપના બાળકો બેહતરીન બાળકો, આપનું ખાનદાન બેહતરીન ખાનદાન છે. આપ ફઝલો કરમમાં ઘણાં આગળ છો. ત્યાર પછી આ શેઅર પઢ્યા : આપના વૃદ્ધો બેહતરીન વૃદ્ધો આપનું જ વંશ એવું છે જેના માટે કોઈ ઝિલ્લત અને નુકસાન નથી.

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ઝયનબ(સલા.)ની તરફ જોયું અને ફરમાવ્યું : ફોઈમાં થોડોક આરામ કરો, જે રહી ગયા છે તેમણે ચાલ્યા જવાવાળાઓથી બોધપાઠ લેવો જોઇએ. અલ્લાહનો શુક્ર છે કે આપ(સલા.) આલેમએ ગૈરે મુઅલ્લેમા (એવા આલેમા છો જેણે કોઇની પાસેથી શીખ્યું નથી.) છો અને અમારા રડવાથી ચાલ્યા જવાવાળા પાછા નહીં આવી જાય.

હઝરત ઉમ્મે કુલસૂમ(સલા.)નો ખુત્બો

તે જ દિવસે ઉમ્મે કુલસૂમ બિન્તે અમીરૂલ મોઅમેનીન(અલ.)એ રડતા રડતા આ ખુત્બો આપ્યો.

يَا اَهْلَ الْكُوفَةِ، سَوْءًا لَكُمْ، مَا لَكُمْ خَذَلْتُمُ حُسَيْنًا وَقَتَلْتُمُوهُ وَ انْتَهَبْتُمْ اَمْوَالَهُ وَوَرِثْتُمُوهُ، وَسَبَيْتُمْ نِسَاءَهُ وَ نَكَبْتُمُوهُ؟ فَتَبًّا لَكُمْ وَسُحْقًا۔

وَيْلَكُمْ اَتَدْرُونَ اَيَّ يَدٍ وَاِ يَّ هَتْكُمْ؟ وَاَيَّ وِزْرٍ عَلَيْ ظُهُورِكُمْ حَمَلْتُمْ، ؟ وَاَيِّ دِمَاءٍ سَفَكْتُمُوهَا؟ وَاَيَّ كَرِيمَةٍ اَهْتَضَمْتُمُوهَا؟ وَاَيَّ صَبِيَّةٍ سَ لَبْتُمُوهَا؟ وَاَيَّ اَمْوَالٍ اِنْتَهَبْتُمُوهَا قَتَلْتُمْ خَيْرَ رِجَالٍ اِ بَعْدَ النَّبِيِّ وَنُزِعَ تِ الرَّحْمَةُ مِنْ قُلُوبِكُمْ اَلَا اِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْغَالِبُونَ وَحِزْبَ الشَّيْطَانِ هُمُ الْخَاسِرُونَ۔

અય કૂફીયો! તમારા ચહેરા નફરતવાળા થઈ જાય. તમે હુસૈન(અલ.)ને જંગના મૈદાનમાં અને દુશ્મનના હાથમાં એકલા છોડી દીધા અને તેમને કતલ કરી દીધા. આટલા પર જ સંતોષ ન માન્યો તેમનો માલ અને ચીજવસ્તુઓ પણ લૂટી લીધી. જાણે તે માલ તમને વારસામાં મળ્યો છે! પરદાવાળી સ્ત્રીઓને તમે કેદી બનાવી અને તકલીફો પહોંચાડી. અલ્લાહ તમને નાબૂદ કરે, શું તમે જાણો છો કે તમે પોતાને કઈ મુશ્કેલીમાં નાખ્યા છે અને કેટલા મોટા ગુનાહનો વજન પોતાના ખભા પર ઉઠાવ્યો છે અને કેટલું પવિત્ર લોહી વહાવ્યું છે અને કેવી શરીફ સ્ત્રીઓને ગમમાં બેસાડી છે. કેવી (શરીફ) દીકરીઓના સરોથી ચાદર છીનવી છે અને કયો માલ લૂટ્યો છે. રસૂલ(સલ.) પછી જે બેહતરીન પુરૂષો હતા તેમને તમે તલવારથી કતલ કર્યા. તમારા દિલથી મોહબ્બત, રહેમ ખતમ થઈ ગઈ. જાણી લો કે અલ્લાહવાળાઓ

"હિઝ્બુલ્લાહ" કામયાબ અને શયતાનના પિઠુ "હિઝ્બે શયતાન" નુકસાન ઉઠાવનારાઓમાંથી છે. ત્યાર પછી આ શેઅર પઢ્યા :

قَتَلْتُمَا خِيَصَبْرًا فَوَيْلٌ لِاُمِّكُمْ

سَتُجْزَوْنَ نَارًا أَحَرُّهَا يَتَوَقَّدُ

سَفَّكْتُمْ دِمَاءً حَرَّمَ اللهُ سَفْكَهَا

وَحَرَّمَهَا الْقُرْآنُ ثُمَّ مُحَمَّدٌ

اَلَا فَابْشِرُوا بِالنَّارِ اِنَّكُمْ غَدًا

لَفِي سَقَرٍ حَقًّا يَقِينًا تُخَلَّدُوا

وَاِنِّي لَاَبْكِي فِي حَيَاتِي عَلَيًا خَيْ

عَلَى خَيْرِ مَنْ بَعْدَ النَّبِيِّ سَيُولَدُ

بِدَمْعٍ غَزِيرٍ مُسْتَهِلٍّ مُكَفْكَفٍ

عَلَى الْخَدِّ مِنِّي دَائِمًا لَيْسَ يَجْمُدُ

"તમારી માં તમારા માતમમાં બેસે. તમે મારા ભાઇને લાચારીની સ્થિતિમાં કતલ કર્યો છે. નજીકમાં જ તેની સજા તમને જહન્નમના ભડકતા અંગારાઓના રૂપમાં આપવામાં આવશે. તમે તે પાક લોહીને જમીન પર વહાવ્યું છે જેની હુરમત (પ્રતિષ્ઠા) ખુદ અલ્લાહ અને કુરઆન મજીદ અને અલ્લાહના રસૂલ માને છે. હવે હું તમને જહન્નમની આગની ખુશખબર આપુ છું. કાલે તમે જરૂર જહન્નમના અંગારાઓમાં બળશો અને હંમેશના અઝાબમાં સપડાઈ જશો. હું જીંદગીભર મારા ભાઈ પર રડતી રહીશ કે રસૂલ(સલ.) પછી તે સૌથી બેહતર હતા અને એવું રડીશ કે મારા આંસુઓનો વરસાદ વરસતો જ રહેશે."

રાવી કહે છે કે તે દિવસથી વધારે કોઈ સ્ત્રી કે પુરૂષને રડતા જોવામાં ન આવ્યા. (અલ-મલહૂફ પા-૬૫)

પ્રકરણ : ૨૫

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)

આ દરમિયાન ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) ઊભા થયા. લોકોને ચુપ થઈ જવાનો ઇશારો કર્યો. લોકોની શ્વાસ જ્યાં હતી ત્યાં જ રોકાઈ ગઈ, સમૂહ પર સન્નાટો છવાઈ ગયો, ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ પોતાનો ઐતિહાસિક ખુત્બો શરૂ કર્યો. અલ્લાહની હમ્દો-સના અને રસૂલ(સલ.) પર દુરૂદો-સલામ મોકલ્યા પછી ફરમાવ્યું :

اَيُّهَا النَّاسُ، مَنْعَرَفَنِيفَقَدْعَرَفَنِيْ، وَمَنْلَمْيَعْرِفْنِيفَاَنَاعَلِيُّبْنُالْحُسَيْنِ
الْمَذْبُوْحِبِشَطِّالْفُرَاتِمِنْغَيْرِذَحْلٍوَلَاتِرَاتٍ، اَنَااَبْنُمَنِانْتُهِكَحَرِيْمُهُ
وَسُلِبَتَعِيْمُهُوَاُنْتُهِبَمَالُهُوَسُبِيَعَيَالُهُ، اَنَا
اِبْنُمَنْقُتِلَصَبْراً، فَكَفَيٰبِذٰلِكَفَخْراً۔

اَيُّهَا النَّاس، ناشَدتُكُمْ بِاللهِ هَلْ تَعْلَمُونَ اَنَّكُمْ كَتَبْتُمْ اِلَيَّ اَبِي وَخَدَعْتُمُوهُ، وَاَعْطَيْتُمُوهُ مِنْ اَنْفُسِكُمُ الْعَهْدَ وَالْمِيثاقَ وَالْبَيْعَةَ ثُمَّ قَاتَلْتُمُوهُ وَخَذَلْتُمُوهُ؟ فَتَبّاً لَكُمْ مَا قَدَّمْتُمْ لِاَنْفُسِكُمْ وَسُوءً لِرَاْيِكُمْ، بِاَيَّةِ عَيْنٍ تَنْظُرُونَ اِلَى رَسُولِ اللهِ ﷺ يَقُولُ لَكُمْ

قَتَلْتُمْ عِتْرَتِي وَانْتَهَكْتُمْ حُرْمَتِي فَلَسْتُمْ مِنْ اُمَّتِي۔

અય લોકો ! જે મને જાણે છે તે જાણે છે કે હું કોણ છું. પરંતુ જે મને નથી જાણતો તે જાણી લે કે હું અલી છું. તે હુસૈન(અલ.)નો દીકરો જેને ફુરાતના કિનારે પ્યાસા બેગુનાહ શહીદ કરવામાં આવ્યા. હું તેનો દીકરો છું જેના હરમનું અપમાન કરવામાં આવ્યું. જેનો માલ લૂટી લેવામાં આવ્યો. જેના ઘરવાળાઓને કેદી બનાવવામાં આવ્યા. હું તેનો દીકરો છું જેને લાચારીની હાલતમાં શહીદ

કરવામાં આવ્યા. મારા માટે આટલો જ ગર્વ પૂરતો છે.

અય લોકો ! હું તમને અલ્લાહની કસમ આપીને પૂછુ છું કે શું તમને યાદ છે કે તમે મારા વાલિદને પત્ર લખ્યો અને પછી તેમને ધોકો આપ્યો? તમને યાદ છે કે તેમની સાથે વફાદારીનો વાયદો કર્યો, તેમના અને તેમના પ્રતિનિધિના હાથ પર બયઅત કરી. પરંતુ "સમય પર" તેમને એકલા છોડી દીધા. આટલા પર સંતોષ ન કર્યો બલકે તેમના વિરૂદ્ધ જંગ માટે ઊભા થઇ ગયા.

અલ્લાહ તમને મોત આપે ! તમે કેટલું ખરાબ ભાથુ પોતાના માટે મોકલ્યું છે અને તમારો મત કેટલો બુરો અને નાપસંદ હતો. તમે કઈ આંખથી રસૂલ(સલ.)નો દીદાર કરશો જ્યારે તેઓ તમને કહેશે કે તમે મારા અહલેબયતને શહીદ કર્યા.

મારા હરીમની હુરમતને પાયમાલ કરી. જાણે તમે મારા ઉમ્મતી નથી.

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ની આ વાતો સાંભળીને બધા લોકો રડવા લાગ્યા અને એકબીજાને કહેવા લાગ્યા. બરબાદ થઈ ગયા અને હોશમાં ન રહ્યા. ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ખુત્બો શરૂ રાખતા ફરમાવ્યું :

અલ્લાહ રહેમ કરે તેના પર જે મારી નસીહતો પર કાન ધરે, કબૂલ કરે અને ખુદા અને રસૂલ(સલ.) અને તેમના અહલેબયત(અલ.)ના વિષયમાં મારી વસીય્યતને દિલમાં સુરક્ષિત કરે. હું નેકીની સાથે રસૂલ(સલ.)નો ઝિક્ર કરૂ છું અને તેમના કિરદારને અપનાવું છું.

સો વ્યક્તિઓએ અવાજ બુલંદ કરી, અય ફરઝંદે રસૂલ(સલ.) : અમે આપના હુકમના ફરમાંબરદાર છીએ. આપના વચનને માન આપીએ

છીએ અને અમારા દિલ આપની તરફ જ લાગેલા છે. દિલમાં આપની જ મોહબ્બત છે. અલ્લાહ આપ પર રહેમ કરે, આપ હુકમ આપો કે જે આપના માટે રૂકાવટ બને તેનાથી જંગ કરીએ અને જે આપના હુકમને માની લે તેનાથી સુલેહ કરીએ અને યઝીદને હુકુમતના તખ્તથી ઉતારીને કેદ કરી લઈએ. જે લોકોએ આપના ઘરવાળાઓ પર ઝુલ્મ કર્યો, તેમનાથી દૂરી અપનાવીને આપના સહાબીઓ અને અવલાદના ખૂનનો બદલો લઇએ.

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું :

هَيْهَاتَ، اَيُّهَا الْغَدَرَةُ الْمَكَرَةُ، حِيْلَ بَيْنَكُمْ وَبَيْنَ شَهَوَاتِ اَنْفُسِكُمْ، اَتُرِيْدُوْنَ اَنْ تَاْتُوْا اِلَيَّ كَمَا اَتَيْتُمْ اِلٰى اٰبَائِيْ مِنْ قَبْلُ، كَلَّا وَرَبِّ الرَّاقِصَاتِ لِيْ مِنًى، فَاِنَّ الْجُرْحَ لَمَّا يَنْدَمِلْ، قُتِلَ اَبِيْ بِالْاَمْسِ وَاَهْلُ بَيْتِيْ مَعَهُ، فَلَمْ يُ

نُسِنِيۡثُكۡلَرَسُوۡلِاللّٰهِوَثُكۡلَاَبِيۡوَبَيۡنِيۡاَبِيۡوَجَدِّيۡيُشَقَّلَهَاز ميومَرَاتُهُبَيۡنَحَ

نَاجِريوحَلۡقِيۡ،وَغُصَصُهُتَجۡرِيۡفِيۡفَرَاشِصَدۡرِىۡ،وَمسَالَتِيۡاَنۡلَاتَكُ

وۡنُوۡالنَّاوَلَاعَلَيۡنَا۔

દૂર થઈ જાઓ ! અય ધોખેબાજો અને બેવફા લોકો! તમારા અને તમારા નફ્સોની ઇચ્છાઓ દરમિયાન પરદો નાખી દેવામાં આવ્યો છે. શું તમે મારી સાથે પણ તેવો જ વર્તાવ કરવા ઇચ્છો છો જે મારા બુઝુર્ગોની સાથે કરી ચૂકયા છો?

મુત્મઇન થઈ જાઓ ! હું તમારી વાતોમાં આવવાનો નથી. આવું હરગિઝ નહીં થાય.

મિનાની તરફ જવાવાળા ઊંટોના ખુદાની કસમ આજ સુધી મારા દિલનો તે ઝખ્મ નથી ભરાયો જે મારા વાલિદ, ભાઇઓ અને અસ્હાબના કતલથી લાગ્યો છે. હજી હું રસૂલ(સલ.)ની વફાતનો

દાગ ભુલાવી ન શક્યો હતો કે મારા વાલિદ, ભાઇઓ અને દાદાના ગમમાં મારી દાઢી અને સરના વાળ સફેદ થઇ ગયા. હજી આ ગમની કડવાશ પોતાના ગળામાં એહસાસ કરૂ છું. આ સખત ગમ મારા સીનામાં રહી ગયો છે. હવે તમારાથી હું આ ચાહુ છું કે ન તમે અમારી તરફદારી કરો અને ન અમારા સાથે જંગ કરો.

ત્યાર પછી ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ આ શેઅર પર પોતાનો ખુત્બો પૂરો કર્યો :

لَاغَرْوَاِنْقُتِلَاالْحُسَيْنُوَشَيْخُهُ

قَدْكَانَخَيْرًامِنْحُسَيْنٍوَاَكْرَمَا

فَلَاتَفْرَحُوْايَااَهْلَكُوْفَةَبِالَّذِى

اُصِيْبَبِحُسَيْنٍكَانَذٰلِكَاَعْظَما

قَتِيلٌ بِشَطِّ النَّهْرِ نَفْسِي فِدَاؤُهُ

جَزَاءُ الَّذِي يَا رُبَّ دَانَا رُ جَهَنَّمَا

આ આશ્ચર્યની વાત નથી કે હુસૈન(અલ.) શહીદ કરી દેવામાં આવ્યા, તેમના વાલિદ અલી(અલ.) જે હુસૈન(અલ.)થી બેહતર હતા તે પણ શહીદ થયા હતા. કુફાવાળાઓ ! ખુશી ન મનાવો ! હુસૈન(અલ.) પર જે આ મુસીબત પડી છે તે ઘણી મોટી મુસીબત છે. ફુરાતના કિનારા પર શહીદ થવાવાળા પર હું કુરબાન અને જેણે તેમને શહીદ કર્યા છે તેની સજા જહન્નમ છે. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૧૨, એહતેજાજ ભાગ-૨ પા-૧૧૭, સ્પષ્ટ રહે કે ખુત્બાઓના ક્રમવાર હોવા વિશે મતભેદ છે. અમે અહીં અલ્લામા મજલિસી(રહ.)ની બિહારૂલ અનવારની તરતીબ પ્રમાણે વર્ણન કર્યું છે.)

કૂફાનો દારૂલ અમારહ(ગવર્નર હાઉસ)

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે નુખૈલાની છાવણી, લશ્કરી પડાવથી દારૂલ અમારહમાં પાછા આવ્યા પછી ઇમામ હુસૈન(અલ.)ના પવિત્ર સરને પોતાની સામે રાખ્યું કે અચાનક દારૂલ અમારહના દરવાજા અને દીવારોથી લોહી ઉકળવા લાગ્યું અને દારૂલ અમારહના અમુક ભાગોમાં આગ લાગી ગઈ અને તેની જવાળાઓ ઇબ્ને ઝિયાદ તરફ વધી. ઉબૈદુલ્લાહ તરત જ પોતાની જગ્યાથી ઉભો થઈને ભાગ્યો અને દારૂલ અમારહના ઓરડામાં આશ્રય લીધો, આ દરમિયાન ઇમામ હુસૈન(અલ.)નું સર બોલવા લાગ્યું. ઉબૈદુલ્લાહ અને તે લોકોએ સાંભળ્યુ જે દારૂલ અમારહમાં મોજૂદ હતા.

ફરમાવ્યું : ભાગીને ક્યાં જઈશ. જો દુનિયામાં આગથી બચી જઇશ તો આખેરતમાં

જહન્નમમાં સળગીશ. ત્યાર બાદ આગ ઓલવાઇ ગઈ અને ઇમામ હુસૈન(અલ.)નું સર પણ ચુપ થઈ ગયું. જોવાવાળાઓના દિલોમાં આ દૃશ્ય જોઇને અજીબ ડર અને ભય બેસી ગયો.

(મકતલુલ હુસૈન મુકર્રમ પા-૩૨૩)

ઇબ્ને ઝિયાદનો દરબાર

ત્યાર પછી ઇમામ હુસૈન(અલ.)ના અહલેબયત ઇબ્ને ઝિયાદના દરબારમાં લાવવામાં આવ્યા, તેમની સાથે ઇમામ હુસૈન(અલ.)ની બહેન ઝયનબ(સલા.) પણ જુનો પોશાક પહેરેલાં દરબારમાં દાખલ થયા અને દારૂલ અમારહના એક ખૂણામાં બેસી ગયા. કનીઝો આપની પાસે ભેગી થઇ ગઈ.

ઇબ્ને ઝિયાદે પૂછ્યું : આ કોણ છે જે સ્ત્રીઓની સાથે ત્યાં બેઠા છે?

ઝયનબ(સલા.)એ કોઈ જવાબ ન આપ્યો. બે ત્રણ વખત તેણે આ સવાલ રીપીટ કર્યો. તો એક કનીઝે કહ્યું :

هٰذِهٖ زَيْنَبُ بِنْتُ فَاطِمَةَ بِنْتِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ وسلم

આ ઝયનબ બિન્તે ફાતેમા બિન્તે રસૂલુલ્લાહ(સલ.) છે.

ઇબ્ને ઝિયાદે ઝયનબ(સલા.)ને સંબોધીને કહ્યું : વખાણ છે તે અલ્લાહના જેણે તમને રૂસ્વા અને કતલ કર્યા અને તમારા જુઠને જાહેર કરી દીધું.

જનાબે ઝયનબ(સલા.)એ ફરમાવ્યું : હમ્દ અને તારીફ તે ખુદા માટે છે જેણે અમને પોતાના રસૂલ મોહંમદ(સલ.) દ્વારા ઇઝ્ઝત બખ્શી છે, ગંદકીઓથી અમને પાક રાખ્યા, ઝલીલ તો ફાસિક હોય છે અને દુરાચારી જૂઠ બોલે છે અને અમે આવા નથી બલ્કે બીજો(ઇબ્ને ઝિયાદ) એવો છે. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પા-૧૧૫)

ઇબ્ને ઝિયાદે કહ્યું : જોયું અલ્લાહે તમારી અને તમારા ભાઈની સાથે શું કર્યું ?

ઝયનબ(સલા.)એ ફરમાવ્યું : અલ્લાહ તરફથી મેં બેહતર જ જોયું છે. આ એક જમાત હતી

જેના માટે અલ્લાહે શહાદત લખી દીધી હતી. જેથી તે હંમેશાની કિયામની જગ્યા પર આરામ ફરમાવી રહ્યા છે. કયામતના દિવસે અલ્લાહ તેમના અને તમારા દરમિયાન ફેંસલો કરશે અને તારાથી ખૂનનો બદલો લેશે. તે દિવસે તમને ખબર પડી જશે કે કામયાબ કોણ છે ? ઇબ્ને મરજાના તારી માં તારા ગમમાં બેસે.

આ વાક્યો સાંભળીને ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદને ગુસ્સો આવી ગયો અને તેણે જનાબે ઝયનબ(સલા.)ને કતલ કરવાનો ઇરાદો કરી લીધો. (અલ-મલહૂફ પા-૬૭)

અમ્ર બિન હુરૈસે તેને કહ્યું : આ સ્ત્રી છે અને સ્ત્રીની વાતનું લોકો બુરૂ નથી માનતા.

ઇબ્ને ઝિયાદે કહ્યું : ખુદાએ મારા દિલને હુસૈન(અલ.) અને તમારા ખાનદાનને કતલ કરીને તસલ્લી આપી છે. આ સાંભળી જનાબે ઝયનબ(સલા.) અવાજથી રડવા લાગ્યા અને કહ્યું :

કસમ મારી જાનની, તેં મારા સરદારને શહીદ કર્યા, મારી ઉંમરની ડાળીને કાપી નાખી (મારી ઉંમર ઓછી કરી નાખી) અને મારી જડો કાપી નાખી છે. જો તારા દિલનો આરામ તેમાં જ હતો તો તને આરામ મળી ગયો છે.

ઇબ્ને ઝિયાદે કહ્યું : આ સ્ત્રી તાલબદ્ધ અને એક સ્વરમાં વાત કરે છે. તેનો બાપ પણ આવો જ હતો અને પ્રખ્યાત શાએર ગણવામાં આવતો હતો.

ઝયનબ(સલા.)એ ફરમાવ્યું : સ્ત્રીને એક શૈલી, સ્વરમાં વાત કરવાથી શું કામ ? જે કંઈ મારી ઝબાન પર જારી થયું છે તે મારા દિલની કરૂણા છે. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પા-૧૧૫) તે વ્યક્તિ પર આશ્ચર્ય થાય છે કે જેને ઇમામોના કતલથી આરામ મળે છે અને તે જાણે છે કે કયામતના દિવસે તેનો બદલો લેવામાં આવશે. (મુસીરૂલ અહઝાન પા-૯૧)

ઇમામ સજ્જાદ(અલ.)ને કતલ કરવાનો હુકમ

તે જ સમયે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે અલી ઇબ્ને હુસૈન(અલ.) તરફ જોયું અને કહ્યું : આ કોણ છે ? બતાવવામાં આવ્યું : અલી ઇબ્નુલ હુસૈન(અલ.) છે. ઇબ્ને ઝિયાદે કહ્યું : અલ્લાહે અલી ઇબ્નુલ હુસૈનને કતલ નથી કર્યા?

ઇમામ ઝયનુલ આબેદીન અલી ઇબ્નુલ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : મારા એક ભાઈ હતા, એમનું નામ અલી ઇબ્નુલ હુસૈન(અલ.) હતું. તેમને લોકોએ કતલ કર્યા છે.

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે કહ્યું : બલકે તેમને ખુદાએ કતલ કર્યા છે.

ઇમામ ઝયનુલ આબેદીન અલી ઇબ્નુલ હુસૈન(સલ.)એ ફરમાવ્યું :

وَاللّٰهُ يَتَوَفَّى الْاَنْفُسَ حِيْنَ مَوْتِهَا وَالَّتِيْ لَمْ تَمُتْ فِيْ مَنَامِهَا

મૃત્યુ સમયે અલ્લાહ રૂહ કબ્ઝ કરે છે.

ઇબ્ને ઝિયાદને ગુસ્સો આવ્યો તેણે કહ્યું : મારા જવાબમાં નિડરતાની સાથે વાત કરી રહ્યા છો? તેની ગરદન ઉડાવી દો.

જ્યારે ઝયનબ(સલા.)એ આ પરિસ્થિતિ જોઇ તો ઇમામ સજ્જાદ(અલ.)થી લપટાઈ ગયાં અને કહ્યું: ઝિયાદના દીકરા તું જેટલું અમારૂ લોહી વહાવી ચુકયો છે તે જ પુરતુ છે. ખુદાની કસમ એનાથી જુદા નહીં થઇશ અને તું તેમના કતલનો ઇરાદો કરી ચૂકયો છે તો તેમની સાથે મને કતલ કરી દે.

ઇબ્ને ઝિયાદે એક ક્ષણ ઝયનબ અને અલી ઇબ્ને હુસૈન(અલ.) તરફ જોયું અને કહ્યું : કેટલી આશ્ચર્યજનક રિશ્તેદારી છે. અલ્લાહની કસમ આ સ્ત્રી પોતાના ભત્રીજાની સાથે કતલ થઈ જવાને પસંદ કરે છે, હું સમજુ છું કે આ જવાન આ જ બીમારીમાં મૃત્યુ પામશે. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પા-૧૧૬)

અલી ઇબ્નુલ હુસૈને પોતાની ફોઈ ઝયનબ(સલા.)ને ફરમાવ્યું : ફોઈ, મને છોડી દો હું વાત કરૂ છું, પછી ઇબ્ને ઝિયાદ તરફ જોઈને ફરમાવ્યું:

اَبَالْقَتْلِ تُهَدِّدُنِيْ يَابْنَ زِيَادٍ؟ اَمَا عَلِمْتَ اَنَّ الْقَتْلَ لَنَا عَادَةٌ وَ كَرَامَتُنَا الشَّهَادَةُ

શું તું મને મોતથી ડરાવે છે? શું તું નથી જાણતો કે કતલ થવું અમારી આદત છે અને અલ્લાહના રસ્તામાં શહાદત અમારા માટે શરફ અને ઇઝ્ઝતનું કારણ છે.

ઇબ્ને ઝિયાદે પોતાના ચેલાઓને હુકમ આપ્યો કે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) અને તેમના અહલેબયત(અલ.)ને કુફાની જામેઅ મસ્જિદના બાજુના મકાનમાં લઈ જાય. (અલ-મલહૂફ પા-૬૮)

ઇમામ હુસૈન(અલ.)નું સર મુબારક

ઇતિહાસકારોએ લખ્યું છે કે ઇબ્ને ઝિયાદ હાથથી લાકડી ઇમામ હુસૈન(અલ.)ની આંખો, નાક અને મુબારક હોંઠો પર લગાવી રહ્યો હતો અને કહી રહ્યો હતો કેટલા સારા દાંત છે.

ઝૈદ બિન અરકમ રડતા રડતા ઊઠ્યા અને ઊંચા અવાજે કહ્યું : હુસૈન(અલ.)ના હોઠ અને દાંતો પરથી લાકડી હટાવી લે કે મેં પોતાની આંખોથી રસૂલ(સલ.)ને આ હોઠ અને દાંતોને ચૂમતા જોયા છે.

ઇબ્ને ઝિયાદે તેમને કહ્યું : અય દુશ્મને ખુદા, તમારી આંખોને અલ્લાહ રડાવે, જો તમે લાંબી ઉમર અને કમજોર ન હોત અને અક્કલ ગુમાવી ન બેઠા હોત તો હું તમારી ગરદન ઉડાવી દેત. ઝૈદે કહ્યું : હું તને આથી પણ વધારે મહત્વની

વાત કહું છું મેં રસુલ(સલ.)ને જોયા કે હસન્ૌન(અલ.)ને ઝાનુ(રાન) પર બેસાડી અને પોતાના હાથ તેમની ગરદનની પાછળ લગાવી અને ફરમાવી રહ્યા હતા :

اَللّٰهُمَّ اِنِّیۡ اَسۡتَوۡدِعُکَ اِیَّاهُمَا وَصَالِحَ الۡمُؤۡمِنِیۡنَ

"અય અલ્લાહ હું આ બંને પ્યારાઓને અને નેક મોમીનોને તારા હવાલે કરૂં છું." અને રસૂલ(સલ.)ની અમાનત સાથે તું આવો વર્તાવ કરે છે? (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૧૮)

ત્યાર બાદ ઝૈદ રડતા રડતા દારૂલ અમારહથી બહાર નીકળી આવ્યા અને ઊંચા અવાજમાં કહ્યું : અય લોકો ! એક ગુલામ આજે આપણો સરદાર બની ગયો છે. અરબવાળાઓ! આજ પછી તમે ગુલામ છો કે તમે ફરઝંદે ફાતેમા(સલા.)ને કતલ કર્યા છે અને ઝિનાથી પેદા થએલાને પોતાનો

હાકેમ બનાવી લીધો છે. (તારીખે તબરી ભાગ-૫ પા-૩૩૦)

તે જ સમયે ઇમામ હુસૈન(અલ.)ના પત્નિ રૂબાબ પોતાની જગ્યાથી ઊભા થયા અને પવિત્ર સરને ઉઠાવીને ફરમાવ્યું :

وَالْحُسَيْنَا فَلَا نَسِيْتُ حُسَيْنَا

أَقْصَدَتْهَا سِنَّةُ الْأَعْدَاءِ

غَادَرُوْهُ بِكَرْبَلَاءَ صَرِيْعاً

لَا سَقَى اللّٰهُ جَانِبَيْ كَرْبَلَاءِ

અય મારા હુસૈન(અલ.) ! હું કદી પણ આપને ભૂલીશ નહીં, આપ(અલ.)ના શરીર પર ઝાલિમોના ભાલા વાગ્યા છે અને હવે લાશ કરબલામાં એકલી છે. ખુદા કરબલાની જમીનને સંતૃપ્ત ન કરે. (નફસુલ મહમૂમ પા-૪૦૮, તઝકિરતુલ ખવાસના હવાલાથી)

કૂફાનું કેદખાનું

ઉબૈદુલ્લાહે હુકમ આપ્યો કે અહલેબયત(અલ.)ને કેદખાનામાં લઈ જાઓ અને ઇમામ હુસૈન(અલ.)ના કતલની ખબર એલચીઓ દ્વારા દરેક જગ્યાએ પહોંચાડી દીધી. (તારીખે તબરી ભાગ-૫ પા-૨૩૪)

તબરીએ વર્ણન કર્યું છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી કેદીઓનો કાફલો કૂફા પહોંચ્યો તો ઉબૈદુલ્લાહે હુકમ આપ્યો કે તેમને કેદ કરી લેવામાં આવે. અહલેબયત કેદખાનામાં જ હતા કે એક દિવસ કેદખાનામાં અચાનક એક પથ્થર પડ્યો જેની સાથે એક પત્ર બાંધેલો હતો. તેમાં લખ્યું હતુ, એક એલચી ઝડપથી શામ યઝીદની પાસે ગયો છે અને આપ લોકોની ખબર તેણે યઝીદ સુધી પહોંચાડી દીધી છે. એલચી ફલાણા દિવસે

કૂફાથી નીકળ્યો. આટલી મુદ્દતમાં શામ પહોંચ્યો અને આટલી મુદ્દત તેને પાછા ફરવામાં લાગશે. ફલાણા દિવસે કૂફા પહોંચશે. જો આપ લોકો તકબીરની અવાજ સાંભળો તો સમજી લેશો કે આપ લોકોના કતલનો હુકમ લાવ્યો છે અને જો તકબીરની અવાજ ન સાંભળો તો સમજી લેશો કે અમન અને સલામતી છે. ઇન્શાઅલ્લાહ.

હજી આ એલચીના પહોંચવામાં બે અથવા ત્રણ દિવસ બાકી હતા અને ફરી કેદખાનામાં એક પથ્થર પડયો. પત્રની સાથે એક બ્લેડ પણ બાંધેલી હતી. પત્રમાં લખ્યું હતુ કે : જો કોઈ વસીય્યત કરવા ચાહો તો કરી દો કે ફલાણા દિવસે એલચી પાછો ફરશે.

તે દિવસ પણ આવી ગયો પણ તકબીરની અવાજ સાંભળવામાં ન આવી. યઝીદે લખ્યું હતું કે કેદીઓને દમિશ્ક મોકલી દો. (અલ-મલહૂફ પા-૭૧)

પ્રકરણ : ૨૬

ઉબૈદુલ્લાહનો પત્ર યઝીદના નામે

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે પત્ર લખ્યો અને તેને ઇમામ હુસૈન(અલ.) અને અહલેબયતની શહાદતની ખબર આપી. યઝીદને પત્ર મળ્યો અને સ્થિતિ જાણી, તો તેણે જવાબ લખ્યો અને તેમાં ઉબૈદુલ્લાહને હુકમ આપ્યો કે બધા શહીદો સાથે હુસૈન(અલ.)નું સર અને લૂંટેલો સામાન પણ કેદીઓની સાથે શામ મોકલી દો. (અલ-મલહૂફ પા-૭૧)

ઇબ્ને ઝિયાદે હુકમ આપ્યો કે હુસૈન(અલ.)નું સર કુફાની ગલીઓમાં ફેરવવામાં આવે.

કિતાબ મલહૂફ પા-૬૮ માં આ શેઅર વર્ણન થયા છે. જેનો તરજુમો રજૂ કરીએ છીએ :

રસૂલ(સલ.)ની દીકરી અને તેમના વસીના ફરઝંદનું સર લોકોની સામે ભાલા પર બુલંદ કરવામાં આવે છે. મુસલમાન જુએ છે અને સાંભળે છે. પરંતુ ન કોઈ ઇન્કાર કરે છે અને ન રડે છે. આપની મુસીબતને જોવાવાળી આંખો આંધળી થઈ જાય અને આપની મુસીબતને સાંભળવાવાળા કાન બહેરા થઈ જાય. જે આંખો આપના કારણે સૂતી હતી તે જાગશે અને જે આપના ડરથી જાગતી હતી તે સૂઈ જશે. કોઇ બાગ અને ગુલિસ્તાન એવો નથી જે આપની કબ્ર બનવાની આરઝુ ન રાખતો હોય. (અલ-મલહૂફ પા-૬૮)

કેદીઓના દાખલ થયા પછી કૂફાની પરિસ્થિતિ

ઝૈદ બિન અરકમથી રિવાયત છે કે તે પવિત્ર સર મારી પાસેથી પસાર થયું. તે એક નેઝા પર બુલંદ હતું. હું મારી જગ્યા પર બેઠો હતો, જ્યારે મારી સામે આવ્યું તો મેં સાંભળ્યું તે મુબારક સર આ આયતની તિલાવત કરી રહ્યું છે:

أَمْ حَسِبْتَ أَنَّ أَصْحَابَ الْكَهْفِ وَالرَّقِيمِ كَانُوا مِنْ آيَاتِنَا عَجَباً

"શું તમે એમ સમજો છો કે કહફ અને રકીમવાળાઓ અમારી આશ્ચર્યજનક નિશાનીઓમાંથી છે?!" (સૂ. કહફ આ-૯)

અલ્લાહની કસમ! હું આ દૃશ્ય જોઈને કાંપી ઊઠ્યો અને જોરથી બોલ્યો : અય ફરઝંદે રસૂલ(સલ.) આપનું સર અસ્હાબે કહફ અને રકીમથી વધારે આશ્ચર્યજનક છે.

(ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પા-૧૧૭ બેશક ઇમામ હુસૈન(અલ.)નું વાત કરવું એવો સ્પષ્ટ મોઅજીઝો છે જે દરેક સાંભળવાવાળા અને જોવાવાળાનું ધ્યાન પોતાની તરફ કેન્દ્રિત કરે છે. પરંતુ વિચારવા લાયક વાત આ છે અને હજી સુધી મેં આ નથી જોયું કે કોઇએ તેને બયાન કર્યું હોય. હાં, રિયાઝુન અહઝાનના પા-૫૫ પર આવ્યું છે કે કૂફામાં ફકત ઝૈદ બિન અરકમે ઇમામ હુસૈન(અલ.)ના પવિત્ર સરથી તિલાવત સાંભળી હતી અથવા ઝૈદની જેમ અન્યોએ સાંભળી હતી તો તેનો ઝિક્ર કેમ ન કર્યો ? જો બધા જ ઇમામ હુસૈન(અલ.)ના સરથી કુરઆનની તિલાવત સાંભળે તો તે જ સમયે કૂફામાં ઇન્કિલાબ આવી જાય. બલકે જો આ આશ્ચર્યજનક દૃશ્યો અહલેબયત(અલ.)ના દુશ્મનો પણ જોઈ લેત તો તેમનામાં પણ ઉથલપાથલ થાત, મેં ફાઝિલ અને આલિમ વ્યક્તિઓ સાથે વિચારોની આપ-લે કરી તો

તેમણે પણ આ જ બતાવ્યું કે આ દૃશ્ય અમુક લોકોએ જ જોયું હતું. દાખલા તરીકે કરબલામાં હમીદ બિન મુસ્લિમ કહે છે : અલ્લાહની કસમ આપના ચહેરાની ખુબસુરતી, નૂરાનિયત, રૂઆબે મને આપનો ચાહક બનાવી દીધો કે આપના કતલનો વિચાર પણ ન કરૂં. જે હમીદ બિન મુસ્લિમે જોયું તે આપની પેશાની પર પથ્થર મારવાવાળાઓને ન દેખાયું. (બિલકુલ એવું જ છે જેવું મુબાહેલામાં નજરાનના નસારાઓએ કહ્યું હતું. અમે એવા ચહેરા જોઈ રહ્યા છીએ કે જો તે અલ્લાહથી દુઆ કરે તો પહાડ પણ પોતાની જગ્યાથી ખસી જશે. ટૂંકમાં આ કે જેવી રીતે સૂઝબૂઝ, ગ્રહણ કરવાની શક્તિ બધામાં સરખી નથી હોતી એવી રીતે એહસાસની રીતે પણ બધા સરખા નથી હોતા. દરેક પોતાની લાયકાત પ્રમાણે ગ્રહણ કરે છે.)

અબ્દુલ્લાહ બિન અફીફ અઝદી

આપ મહાન શીઆ અને પોતાના ઝમાનાના ઝાહિદ, પરહેઝગાર હતા. આપે એક આંખ જંગે જમલમાં અને બીજી આંખ જંગે સિફ્ફીનમાં હઝરત અલી(અલ.)ની તરફથી જંગ કરતા ગુમાવી હતી અને મસ્જિદે કૂફામાં રહેવા લાગ્યા હતા. રાત થતા સુધી એટલે કે આખો દિવસ ઇબાદતમાં પસાર કરતા હતા. (સફીનતુલ બિહાર ભાગ-૨ પા-૧૩૫)

ઉબૈદુલ્લાહે આ ડરથી કે કંઈ કૂફામાં ઇન્કેલાબ બરપા ન થઈ જાય લોકોને કુફાની મસ્જિદમાં ભેગા થવાનું એલાન કરાવ્યું. મિમ્બર પર જઈને અલ્લાહની હમ્દો-સના કરી અને કહ્યું : શુક્ર છે તે ખુદાનો જેણે હક અને હકીકતવાળાઓને કામયાબ કર્યા, યઝીદ અને તેના તાબેદારોની મદદ કરી અને કઝ્ઝાબ ઇબ્ને કઝ્ઝાબને કતલ કર્યા.

અબ્દુલ્લાહ બિન અફીફ અઝદી પોતાની જગ્યાએથી ઊભા થયા અને કહ્યું : અય મરજાનાના દીકરા! કઝ્ઝાબ ઇબ્ને કઝ્ઝાબ(જૂઠ્ઠો અને જૂઠ્ઠાનો દીકરો) તું છે. અને તે વ્યક્તિ છે જેણે તને અને તારા બાપને આ હોદ્દો આપ્યો છે. અય દુશ્મને ખુદા! તું અંબિયાની અવલાદને કતલ કરે છે અને આટલો બેશરમ બનીને મિમ્બરથી ભાષણ આપે છે !

આ વિરોધ સાંભળીને ઇબ્ને ઝિયાદ ગુસ્સાનો માર્યો બેકાબુ થઈ ગયો. પુછ્યું : આ કોણ હતું ?

અબ્દુલ્લાહ બિન અફીફે કહ્યું : અય દુશ્મને ખુદા, હું છું. તું તે પાકીઝા ખાનદાનને કતલ કરે છે જેને અલ્લાહે દરેક પ્રકારની નજાસતથી દૂર રાખ્યા છે અને આ ગુમાન કરે છે કે તું મુસલમાન છે ? વા ગવસાહુ ! મુહાજેરીન અને અન્સારના દીકરાઓ ક્યાં

છે ? આ વિદ્રોહીથી બદલો લે, જેના પર રસૂલ(સલ.)એ પોતાની ઝબાનથી લઅનત કરી છે.

આથી ઇબ્ને ઝિયાદનો ગુસ્સો ખૂબ જ વધી ગયો. ગરદનની નસો ફૂલી ગઈ, કહેવા લાગ્યો તેને મારી પાસે લાવો, તેમને પકડવા માટે દરેક તરફથી સિપાહીઓએ તેમના પર હુમલો કર્યો તો અઝદ કબીલાના બુઝુર્ગ, અબ્દુલ્લાહના કાકાના દિકરા ઊભા થયા અને તેમને ઉબૈદુલ્લાહના સિપાહીઓથી બચાવી લીધા અને કૂફાની મસ્જિદથી બહાર લઈ ગયા.

ઇબ્ને ઝિયાદે પોતાના સિપાહીઓને હુકમ આપ્યો કે આ અજદી આંધળાને કે અલ્લાહે તેના દીલને પણ તેની આંખોની જેમ આંધળુ કરી દીધુ છે મારી પાસે લાવો.

જ્યારે અઝદ કબીલાને તેની ખબર મળી તો તે એક જગ્યાએ ભેગા થઈ ગયા. તેમની સાથે

યમનના કબીલાઓ પણ આવી ગયા અને અબ્દુલ્લાહને બચાવવા સંગઠિત થઈ ગયા.

જ્યારે ઇબ્ને ઝિયાદને પરિસ્થિતિની જાણ થઈ તો તેણે મુઝરના કબીલાઓને બોલાવ્યા અને તેમને મોહંમદ બિન અશઅસની મદદ માટે મોકલ્યા અને કહ્યું : છેલ્લા શ્વાસ સુધી લડશો.

રાવી કહે છે : બંને તરફથી સખત જંગ થઈ, અમુક લોકો માર્યા ગયા, છેવટે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના તરફદારોએ અબ્દુલ્લાહ બિન અફીફના ઘરનો દરવાજો તોડી નાખ્યો અને તેમના ઘરમાં દાખલ થઈ ગયા.

અબ્દુલ્લાહ બિન અફીફની દીકરીએ બાપને તેમના હુમલાની જાણ કરી. અબ્દુલ્લાહ બિન અફીફે દીકરીને કહ્યું: ડરો નહીં, મારી તલવાર મને આપી દો ! તે તલવારથી પોતાનો બચાવ કરતા હતા અને આ શેઅર પઢતા હતા :

اَنَااِبْنُذِيْالْفَضْلعَفِيْفِالطّاهر

عَفِيْفُشَيْخِيوَابْنُاُمِّعَامِرٍ

كَمْوارِعِمِنْجَمْعِكُمْوَحَاسِرٍ

وَبَطَلٌّجَدَّلْتُهُمْغَادر

"હું ફઝીલતવાલા અને પાક ફિતરત અફીફનો દીકરો છું. અફીફ(મારા વાલિદ) આમિરના દીકરા છે. હું તમારા કેટલા પણ બખ્તર પહેરનારા, ખુલ્લા માથાવાળા અને તબાહી મચાવનારા પહેલવાનોને જમીન પર સુવડાવી દઇશ."

રાવી કહે છે : અબ્દુલ્લાહ બિન અફીફની દીકરી પોતાના વાલિદને કહેતી હતી. અય કાશ! હું મર્દ હોત અને આપની સાથે થઈને રસૂલ(સલ.)ની પાક ઇતરતના કાતિલો સાથે જંગ કરત.

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના સિપાહીઓએ અબ્દુલ્લાહ બિન અફીફને ઘેરીને હુમલો કર્યો. તે નાબીના(અંધ) હતા. દીકરીના કહેવા પ્રમાણે તેમની સાથે જંગ કરતા હતા. જે તરફથી તેમના પર હુમલો થતો દીકરી બતાવતી કે બાબા ફલાં તરફથી હુમલો કરી રહ્યા છે. છેવટે તે લોકો અબ્દુલ્લાહ બિન અફીફની નજીક આવી ગયા. દીકરીએ બુમો પાડી વા અઝિલ્લાહો ! મારા બાબાને ચારેય તરફથી ઘેરી લીધા, કોઈ નથી જે તેમની મદદ કરે.

અબ્દુલ્લાહ બિન અફીફ પોતાની તલવાર મારતા અને કહી રહ્યા હતા :

أُقْسِمُ لَوْ يُفْسَحُ لِيَ عَنْ بَصَرِي

ضاقَ عَلَيْكُمْ مَوْرِدِي وَمَصْدَرِي

કસમ ખાઈને કહુ છું જો હું અંધ ન હોત તો તમારૂં જીવવું મુશ્કેલ કરી દેત.

ટૂંકમાં આ કે તેમને ગિરફતાર કરીને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની પાસે લાવવામાં આવ્યા. ઉબૈદુલ્લાહે તેમને જોઈને કહ્યું : શુક્ર છે ખુદાનો તેણે તને રૂસ્વા કર્યો.

અબ્દુલ્લાહ બિન અફીફે કહ્યું : અય દુશ્મને ખુદા! મને ખુદાએ કઈ રીતે રૂસ્વા કર્યો છે ? અલ્લાહની કસમ! જો મારી આંખો સલામત હોત તો હું તમારૂં જીવવું મુશ્કેલ કરી દેત.

ઇબ્ને ઝિયાદે કહ્યું : ઉસ્માનના વિષયમાં તમારો શું ખ્યાલ છે ?

કહ્યું : અય બની અલ્લાજના ગુલામ, અય મરજાનાના દીકરા, તને ઉસ્માનથી શું મતલબ ? તેણે ખોટું કર્યું કે સારૂં, સુધારણા કરી કે ફિત્નો કર્યો, અલ્લાહ લોકોનો સરપરસ્ત છે. તે તેમના દરમિયાન ઇન્સાફની સાથે ફેંસલો કરશે. તું મને તારા અને તારા બાપ, યઝીદ અને તેના બાપ વિશે પુછ.

ઇબ્ને ઝિયાદે કહ્યું : અલ્લાહની કસમ તમને કંઈ નહીં પુછું, અહીં સુધી કે મૃત્યુ પામો.

અબ્દુલ્લાહ બિન અફીફે કહ્યું : અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન. હું અલ્લાહથી તે સમયથી શહાદતની દુઆ માંગી રહ્યો હતો જ્યારે તારી માંએ તને જન્મ પણ આપ્યો નહતો અને અલ્લાહ પાસે આ દુઆ પણ કરી હતી કે મને બદતરીન મખ્લૂક શહીદ કરે. જ્યારે હું અંધ થઈ ગયો તો શહાદતની નેઅમતથી નાઉમ્મીદ થઈ ગયો, અલ્લાહનો શુક્ર કે તેણે મને માયુસી પછી શહાદત અર્પણ કરી અને મારી દુઆ કબુલ થઈ.

ઇબ્ને ઝિયાદે હુકમ આપ્યો કે તેમનું સર બદનથી અલગ કરી દેવામાં આવે, તેના સિપાહીઓએ તેનું સર કલમ કરી નાખ્યું અને આપના શરીરને સબખામાં ફાંસીના માચડા પર લટકાવી દીધું. (સબખા કૂફામાં એક પ્રખ્યાત જગ્યા

હતી. આ જ રીતે બસરામાં પણ આ નામની એક જગ્યા હતી અને બેહરૈનમાં પણ આ નામનું એક ગામ છે. - મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૨ પા-૬૮૮, બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા.૧૧૯)

શેખ મુફીદે વર્ણન કર્યું છે કે જ્યારે સિપાહીઓએ તેમને પકડી લીધા અને ખાસ નારાથી અઝદ કબીલાને પોતાની મદદ માટે પુકાર્યા તો અઝદ કબીલાના સાતસો માણસો આપની ચારેય તરફ ભેગા થઈ ગયા અને તેમને ઉબૈદુલ્લાહના સિપાહીઓથી છોડાવીને તેમના ઘરે લઈ ગયા. પરંતુ જ્યારે સૂરજ આથમી ગયો. રાત થઈ ગઈ તો ઉબૈદુલ્લાહે તેમની ગિરફતારીનો હુકમ આપ્યો અને તેમને કતલ કરી નાખ્યા.

આ નૂરાની ફિકર ધરાવનાર વૃદ્ધ (અબ્દુલ્લાહ બિન અફીફ)નો આ બહાદુરી ભર્યો કદમ કેટલીક વસ્તુઓનું કારણ બન્યું. (૧) કુફાના

લોકો વેરવિખેર થઈ ગયા અને ઉબૈદુલ્લાહ પોતાના મકસદમાં નાકામ રહ્યો. (૨) ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી અબ્દુલ્લાહ બિન અફીફના વિરોધથી લોકોમાં ઝુલ્મ અને ઝાલિમ સાથે ટકરાવવાની હિંમત પેદા થઈ. (૩) નેક વ્યક્તિની ગિરફતારી અને તેમની શહાદતથી લોકોમાં ગમ અને ગુસ્સો છવાઇ ગયો અને ઘણા સમય પછી પેશ આવવાવાળી તવ્વાબીનની ચળવળ માટે રસ્તો હમવાર થયો. (મુસીરૂલ અહઝાન) (૪) આવા અહલેબયત(અલ.)ના ચાહકની ધરપકડથી શીઆઓ છુપી રીતે હાકિમના વિરૂદ્ધ સંગઠિત થઈ ગયા. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પા-૧૧૭)

જુન્દબ બિન અબ્દુલ્લાહ

જુન્દબ હઝરત અલી(અલ.)ના શીઆઓમાં એક વૃદ્ધ વ્યક્તિ હતા. ઇબ્ને ઝિયાદે તેમને પોતાની પાસે બોલાવ્યા, જ્યારે સિપાહીઓએ હાજર કર્યા તો ઇબ્ને ઝિયાદે કહ્યું : અય દુશ્મને ખુદા ! શું તું અબુતુરાબના અન્સારમાંથી નથી ?

તેમણે જવાબ આપ્યો : હાં, તેનું કારણ છે જે હું બયાન કરીશ.

ઇબ્ને ઝિયાદે કહ્યું : હું તમારૂ લોહી વહાવીને અલ્લાહથી નઝદીકી પ્રાપ્ત કરીશ.

જુન્દબ બિન અબ્દુલ્લાહે કહ્યું : આ રીતે અલ્લાહ કદીપણ તને પોતાની કુરબત અર્પણ નહીં કરે, બલકે તને મરદૂદ (ધુતકારેલો) કરાર દેશે.

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે કહ્યું : આ વૃદ્ધ છે. તેની અક્કલ ખતમ થઈ ગઈ છે. ત્યાર પછી તેમના કતલનો હુકમ આપી દીધો. (તારીખે તબરી ભાગ-૫ પા-૨૩૬)

ઉમર બિન સઅદનો પસ્તાવો

ઉમર બિન સઅદ જ્યારે કરબલાથી કૂફા પાછો આવ્યો અને દારૂલ અમારહમાં ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની પાસે ગયો તો ઉબૈદુલ્લાહે તેને કહ્યું: જે હુકમનામુ મેં તને હુસૈન(અલ.)ના કતલ માટે આપ્યું હતુ તે મને આપો.

ઉમર બિન સઅદે કહ્યું : તે ખોવાઇ ગયું છે.

ઉબૈદુલ્લાહે કહ્યું : તેને લાવો.

ઉમર બિન સઅદે કહ્યું : મેં તે હુકમનામુ એટલા માટે રાખી મૂકયું છે કે જો કુરૈશની વૃદ્ધ સ્ત્રીઓ વિરોધ કરે તો તે મારા માટે ઉઝર બની જાય, ત્યાર પછી કહ્યું : ખુદાની કસમ મેં હુસૈન(અલ.)ના વિષયમાં તને નસીહત કરી હતી, જો મારા બાપ સઅદ પણ મશ્વેરો કરત તો તેમનો હક અદા કરી દેત.

ઉસ્માન બિન ઝિયાદ "ઉબૈદુલ્લાહના ભાઇ"એ કહ્યું: સાચુ કહો છો, કાશ ઝિયાદની અવલાદમાં કયામત સુધી સ્ત્રીઓ જ હોત અને તેમની નાકમાં નથણી નાખી દેવામાં આવત અને હુસૈન(અલ.) કતલ ન કરવામાં આવત અને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ આ કામ ન કરત. (તારીખે તબરી ભાગ-૫ પા-૨૩૬)

ઉમર બિન સઅદ, ઇબ્ને ઝિયાદની પાસેથી ઊઠ્યો અને દારૂલ અમારાની બહાર આવ્યો અને કહ્યું : અલ્લાહની કસમ મારાથી વધારે કોઈ પણ નુકસાન ઊઠાવીને પાછુ નથી ફર્યું. મેં ઉબૈદુલ્લાહના હુકમ પર અમલ કર્યો, અલ્લાહની નાફરમાની કરી અને રિશ્તેદારીનો ખ્યાલ ન રાખ્યો. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૧૮)

કૂફાવાળાઓ ઉમરે સઅદથી અલગ થઈ ગયા અને તે જે જમાત પાસેથી પણ પસાર થતો તે

તેનાથી મોં ફેરવી લેતા, તે મસ્જિદમાં જતો તો લોકો બહાર નીકળી જતા હતા. દરેક વ્યક્તિ તેને જોઇને ગાળ આપતો હતો. ત્યાર પછી મરતા સુધી ઘરમાં બેસી રહ્યો. (નફસુલ મહમૂમ પા-૪૧૪)

હમીદ બિન મુસ્લિમ કહે છે : ઉમર બિન સઅદની મારી સાથે દોસ્તી હતી. કરબલાથી પાછા ફર્યા પછી હું તેની ખેરિયત પૂછવા માટે તેની પાસે ગયો. તેણે કહ્યું : મારો હાલ ન પૂછો : કેમ કે મારાથી બદતર કોઇ મુસાફિર પણ ઘરે પાછો નથી ફર્યો. મેં મારી રિશ્તેદારીનો ખ્યાલ ન રાખ્યો અને મોટો ગુનાહ કર્યો છે. (અલ-અખબારિત તિવાલ પા-૨૩૨)

મુખ્તાર દારૂલ અમારામાં

જ્યારે ઇબ્ને ઝિયાદ દરબારમાં સર મંગાવી ચુકયો તો હુકમ આપ્યો કે મુખ્તારને "જે મુસ્લિમ બિન અકીલના શહાદતના દિવસથી કેદખાનામાં હતા" દરબારમાં હાજર કરવામાં આવે. જ્યારે મહેલમાં દાખલ થયા તો જોયું પરિસ્થિતિ બરાબર નથી. જાણે તેમને ઇમામ હુસૈન(અલ.)નું સર દેખાડવામાં આવ્યું હતું. મુખ્તાર ઘણા રડ્યા, તેમના અને ઇબ્ને ઝિયાદ દરમિયાન તુ તુ મેં મેં પણ થઈ. મુખ્તારે સખત રીતે જવાબ આપ્યો, ઇબ્ને ઝિયાદને ગુસ્સો આવ્યો, તેણે હુકમ આપ્યો કે મુખ્તારને ફરી જેલમાં લઈ જાઓ. અમુકે લખ્યું છે કે ઇબ્ને ઝિયાદે મુખ્તારના મોઢા પર તાઝિયાના (કોડા) માર્યા જેનાથી તેમની આંખ ઝખ્મી થઈ. (મકતલુલ હુસૈન(અલ.) મુકર્રમ પા-૩૨૯, રિયાઝુલ અહઝાન પા-૫૪)

પ્રકરણ : ૨૭

મદીનામાં શહાદતે હુસૈન(અલ.)ની ખબર

જ્યારે ઇબ્ને ઝિયાદ ઇમામ હુસૈન(અલ.)ના સરને યઝીદ(લઅ.)ની પાસે મોકલી ચૂકયો તો તેણે અબ્દુલ મલિક બિન અબી હારિસને મદીના રવાના કર્યો, જેથી તે મદીનાના હાકિમ "અમ્ર બિન સઈદ બિન આસ"ને આ ખબર પહોંચાડી દે કે ઇમામ હુસૈન(અલ.) શહીદ થઈ ચૂકયા છે અને તેને હુસૈન(અલ.)ના કતલની ખુશખબર આપે.

અબ્દુલ મલિક કહે છે : હું ઘોડા પર સવાર થઈને મદીનાની તરફ ચાલ્યો, મદીના પહોંચ્યો તો કુરૈશમાંથી એક વ્યક્તિએ પૂછ્યું : શું ખબર લાવ્યો છે ?

મેં કહ્યું : ખબર હાકેમની પાસે સાંભળશો.

તેણે કહ્યું : ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઊન. અલ્લાહની કસમ, હુસૈન(અલ.) કતલ કરી દેવામાં આવ્યા છે. અબ્દુલ મલિક બિન અબી હારિસ કહે છે : જ્યારે હું મદીનાના હાકિમ પાસે પહોંચ્યો તો તેણે પૂછ્યું : શું ખબર છે?

મેં કહ્યું : અમીર માટે ખુશીની ખબર છે. હુસૈન ઇબ્ને અલી(અલ.) કતલ કરી દેવામાં આવ્યા છે. તેણે કહ્યું : જાઓ લોકોને હુસૈન(અલ.)ની ખબર સંભળાવી દો ! તે કહે છે કે હું બહાર આવ્યો અને ઊંચા અવાજે કત્લે હુસૈન(અલ.)નું એલાન કર્યું. ખુદાની કસમ! શહાદતે હુસૈનની ખબર સાંભળીને બની હાશિમના ઘરોથી જે રડવાની અવાજ ઊઠી હતી તેવી અવાજ મેં સાંભળી ન હતી. ત્યાર પછી હું મદીનાનો હાકિમ અમ્ર બિન સઈદ પાસે ગયો તો તેણે મને જોઈને ખુશીનું પ્રદર્શન કરતા આ શેઅર પઢ્યા :

عَجَّتْ نِسَاءُ بَنِيْ زِيَادٍ عَجَّةً

كَعَجِيْجِ نِسْوَتِنَا غَدَاةَ الْاَرْنَبِ

બની ઝિયાદની સ્ત્રીઓ એવી જ રીતે રડે છે જેવી રીતે અમારી સ્ત્રીઓ જંગે અરનબમાં રડી હતી. જંગે અરનબમાં કબીલા બની ઝુબૈદે કબીલા બની ઝિયાદ પર ફતેહ પામી હતી. આ શેઅર અમ્ર બિન મઅદીકરબનો છે. (મફસુલ મહમૂમ પા-૨૩૧)

ત્યાર પછી હાકિમે મદીનાએ કહ્યું : هٰذِهِ بَوَاعِيَةٌ بَوَاعِيَةِ عُثْمَان આ રડવું ઉસ્માન પર થવાવાળા રૂદનનો જવાબ છે. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૨૧)

પછી મિમ્બર પર ગયો અને લોકોને કત્લે હુસૈન(અલ.)ની ખબર સંભળાવી અને યઝીદ માટે દુઆ કરી. ખુત્બો આપ્યો અને કબ્રે રસૂલ(સલ.)ની

તરફ ઇશારો કરીને કહ્યું : આ દિવસ બદરના દિવસનો જવાબ છે. અન્સારમાંથી એક જમાતે તેનો ઇન્કાર કર્યો, આ વાત અબુ ઉબૈદાએ પોતાની કિતાબ અલ-મસાલિબમાં વર્ણન કરી છે. (શરહે નહજુલ બલાગા ઇબ્ને અબિલ હદીદ ભાગ-૪ પા-૭૨)

તે જ સમયે અબ્દુલ્લાહ બિન સાએબ ઊભા થયા અને કહ્યું : જો ફાતેમા(સલા.) જીવતા હોત અને સરે હુસૈન(અલ.) જોતે તો જરૂર રડત.

અમ્ર બિન સઈદે તેમની તરફ જોઈને કહ્યું : તમારા કરતાં અમે ફાતેમા(સલા.)થી વધુ નજીક છીએ. તેમના વાલિદ અમારા કાકા છે. તેમના પતિ અમારા ભાઇ છે. જો ફાતેમા(સલા.) જીવતા હોત તો તેમની આંખોથી આંસુ વહેત, તેમનું દિલ તડપત પરંતુ અમને બુરૂ ન કહેત. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૨૨)

અબ્દુલ્લાહ બિન જઅફર

જ્યારે મદીનામાં ઇમામ હુસૈન(અલ.) અને અબ્દુલ્લાહ બિન જઅફરના દીકરાઓની શહાદતની ખબર ફેલાઈ ગઈ તો અમુક લોકો પુરસો આપવા તેમની પાસે આવ્યા અને તેમના નજદીકી રિશ્તેદાર, શાયદ અબુલ લસલાસે કહ્યું : આ મુસીબત આપણા પર અબુ અબ્દુલ્લાહ અલ-હુસૈન(અલ.)ના કારણે પડી છે.

અબ્દુલ્લાહ બિન જઅફર તેની આ વાત સાંભળીને નારાજ થયા અને તેને જોડો ફેંકીને માર્યો અને તેના પર લઅનત કરીને કહ્યું : તું હુસૈન(અલ.)ના વિશે આવી વાત કરે છે. ખુદાની કસમ જો હું પણ તેમની સાથે હોત તો હું પણ ચાહત કે શહીદ થતા સુધી અલગ ન થાઉં. ખુદાની કસમ મારા દીકરાઓની શહાદતથી હું ગમગીન

નથી. મારા માટે તેમનો ગમ કરવું આસાન છે. કેમ કે તે મારા પિતરાઈ ભાઈ હુસૈન(અલ.)ની તરફથી જંગ કરતા શહીદ થયા છે.

પછી હાજરજનો તરફ જોઈને ફરમાવ્યું : હુસૈન(અલ.)ની શહાદત મારા માટે ઘણી સખત છે. જો કે હું તેમની સાથે ન હતો અને મેં જાન કુરબાન ન કરી પણ અલ્લાહનો શુક્ર અદા કરૂ છું કે મારા દીકરાઓએ તેમના પર જાન કુરબાન કરી. (તારીખે તબરી ભાગ-૫ પા-૨૩૫)

શેખ તૂસી(રહ.)એ રિવાયત કરી છે કે જ્યારે મદીનામાં ઇમામ હુસૈન(અલ.)ની શહાદતની ખબર પહોંચી તો અકીલ ઇબ્ને અબીતાલિબ(અલ.)ની દીકરી અમુક સ્ત્રીઓની સાથે બહાર આવી અને કબ્રે રસૂલ(સલ.)ની પાસે પહોંચી, ફરીયાદ કરી અને અન્સાર અને મુહાજેરીનને સંબોધીને કહ્યું: "કયામતના દિવસે તો ફકત સાચી

વાત કબુલ કરવામાં આવશે જ્યારે રસૂલ(સલ.) તમને પૂછશે તમે મારી ઇતરતને રૂસ્વા કરી, શું તમે ગાયબ હતા અને હક સાહેબે અમ્રની પાસે આવે છે. તમે તેમને ઝાલિમોના હવાલે કરી દીધા હતા. તો આજે તમારી શફાઅત માટે કંઈ નથી કે કાલે તે કરબલામાં મકતૂલીનની પાસે હતા. પરંતુ ઇતરતે રસૂલ(સલ.)નો બચાવ ન કરવામાં આવ્યો." (અમાલી શેખ તૂસી ભાગ-૧ પા-૮૮)

ઉમ્મે સલમા(રઝિ.)

શહર બિન હૌશબ કહે છે : હું રસૂલ(સલ.)ની પત્નિની ખિદમતમાં હાજર હતો કે અચાનક એક સ્ત્રીએ બુમો પાડીને કહ્યું : હુસૈન(અલ.) કતલ કરી દેવામાં આવ્યા.

ઉમ્મે સલમાએ કહ્યું : જે લોકોએ ઇમામ હુસૈન(અલ.)ને કતલ કરી દીધા છે અલ્લાહ તેમની કબ્રોને આગથી ભરી દે.

(બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૨૪)

ગયબી અવાજ

જે દિવસે મદીનાનો હાકેમ અમ્ર બિન સઈદે ખુત્બો પઢ્યો અને લોકોને હુસૈન(અલ.)ના કતલ થવાની ખબર સંભળાવી, મદીનાવાળાઓએ અડધી રાતે એક અવાજ સાંભળી, પરંતુ કોઈને અવાજ આપવાવાળો દેખાયો નહીં અને બધાએ સાંભળ્યું કે કહી રહ્યો છે : અય તે લોકો ! જેમણે જહાલતથી હુસૈન(અલ.)ને કતલ કર્યા છે, તેમને અઝાબ અને કેદની ખુશખબરી છે. બધા જ આસમાનવાળાઓ, નબી, ફરિશ્તા અને બીજા ગિરોહ તમારા પર લઅનત કરે છે. સુલેમાન અને મુસા અને ઇન્જીલવાળા ઇસા તમારા પર લઅનત કરે છે. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પા-૧૨૪)

હલબીએ પણ ઇમામ જઅફર સાદિક(અલ.)થી વર્ણન કર્યું છે કે જ્યારે ઇમામ

હુસૈન(અલ.) કતલ કરી દેવામાં આવ્યા ત્યારે અમારા બુઝુર્ગોએ ગૈબથી અવાજ સાંભળી કે કોઇ કહી રહ્યું હતું : આજે આ ઉમ્મત પર મુસીબત નાઝિલ થઈ ગઈ, હવે તમારા કાએમ(ઇમામ મહદી અલ.)ના ઝુહૂર પહેલા અને તમારા દુશ્મનોને કતલ કરતા પહેલાં તમે ક્યારેય હસતો ચહેરો અને ખુશી નહીં જુઓ. (કામિલુઝ ઝિયારાત પા-૩૩૬)

મક્કામાં શહાદતની ખબર

જ્યારે મક્કામાં ઇમામ હુસૈન(અલ.)ની શહાદતની ખબર પહોંચી અને અબ્દુલ્લાહ બિન ઝુબૈર તેનાથી વાકેફ થયો તો તેણે ખુત્બો આપ્યો અને કહ્યું : ઇરાકવાળા બેવફા અને કુફાવાળાઓ ઇરાકીઓમાં સૌથી બદતર છે. ઇમામ હુસૈન(અલ.)ને બોલાવ્યા એટલા માટે કે તેમને પોતાનો અમીર બનાવે અને પોતાના કામો તેમના હવાલે કરે અને દુશ્મનના ઉપદ્રવને દૂર કરવામાં તેમની મદદ કરશે અને બની ઉમય્યાએ ઇસ્લામની જે નિશાનીઓ મિટાવી દીધી છે તેમને ફરીવાર જીવંત કરશે. પરંતુ જ્યારે ઇમામ હુસૈન(અલ.) તેમની પાસે પહોંચ્યા તો તેમના વિરોધી થઈ ગયા અને તેમને કતલ કરી દીધા.

કુફાવાળાઓ એમ ઇચ્છતા હતા કે તે ઇબ્ને ઝિયાદના હાથમાં હાથ આપી દે, પરંતુ ઇમામ હુસૈન(અલ.)એ ઝિલ્લતની જીંદગી પર ઇઝ્ઝતની

મોતને અગ્રિમતા આપી, અય અલ્લાહ! ઇમામ હુસૈન(અલ.) પર રહેમ કર અને તેમના કાતિલોને ઝલીલ કર અને તેમના કતલનો હુકમ આપવાવાળા પર લઅનત કર, શું આ મુસીબત પછી જે ઇમામ હુસૈન(અલ.) પર પડી છે કોઈ બની ઉમય્યાના અહદ, વચન પર બાકી રહેશે ? અથવા આ બેવફા અને ઝાલિમોના વચન પર યકીન કરશે? ખુદાની કસમ હુસૈન(અલ.) દિવસે રોઝો રાખતા અને રાતે અલ્લાહની ઇબાદતમાં વ્યસ્ત રહેતા હતા અને આ તબાહી મચાવનારાઓ કરતા રસુલુલ્લાહથી નજીક હતા. કુરઆન સાંભળતા હતા, સંગીત નહીં. અલ્લાહનો ડર રાખતા હતા ખેલકૂદમાં વ્યસ્ત નહોતા રહેતા. રોઝા રાખતા હતા આખી રાત જાગતા હતા. હંમેશા અલ્લાહનો ઝિક્ર કરતા હતા. વાંદરાઓ સાથે ખેલકૂદ અને શિકારમાં સમય પસાર નહોતા કરતા. અફસોસ છે કે આ લોકોએ તેમને કતલ કરી દીધા

અને તેઓ પોતાના કર્યાની સજા પામશે. (તારીખે તબરી ભાગ-૫ પા-૨૩૯)

ઝમખ્શરીએ વર્ણન કર્યું છે કે જ્યારે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ ઇમામ હુસૈન(અલ.)ને કતલ કરી ચૂકયો તો એક ગામડાના રહેવાસીએ કહ્યું : જુઓ આ નાલાયકના દીકરાએ કેવી રીતે આ ઉમ્મતના રસૂલ(સલ.)ના ફરઝંદને કતલ કર્યા છે. (કમકામ ઝખ્ખાર પા-૫૪૩)

ઇબ્ને ખુલકાને ઉમર બિન અબ્દુલ અઝીઝથી રિવાયત કરી છે કે તેણે કહ્યું : જો હું તે લોકોમાં હોત જેમણે ઇમામ હુસૈન(અલ.)ને કતલ કર્યા છે અને ખુદા મને માફ કરી દેત અને જન્નતમાં જવાની રજા આપત તો પણ હું રસૂલ(સલ.)થી શર્મન્દગીના કારણે જન્નતમાં ન જાત. (કમકામ ઝખ્ખાર પા-૫૪૩)

રબીઅ બિન ખયસમ

રબીઅ બિન ખયસમ આઠ ઝાહિદોમાંથી એક હતા. અમીરૂલ મોઅમેનીન(અલ.)ના સહાબીઓમાંથી હતા. સુન્ની અને શીઆઓની એક જમાતે કહ્યું છે કે તે જંગે સિફ્ફીનમાં ન આવ્યા હતા, જંગ જાએઝ હોવામાં તેમને શક હતો. હઝરત અલી(અલ.) પાસે જંગમાં શિરકત ન કરવાની રજા માંગી હતી. ૬૧ હિજરી અથવા ૬૨ હિજરીમાં મૃત્યુ પામ્યા. (મોઅજમ રિજાલુલ હદીસ ભાગ-૮ પા-૧૭૪)

રબીઅ બિન ખયસમને ઇમામ હુસૈન(અલ.)ની શહાદતની ખબર મળી તો રડ્યા અને કહ્યું : તેમણે એવા જવાંમર્દને કતલ કર્યા છે, રસૂલ(સલ.) જેનાથી મોહબ્બત કરતા અને પોતાના હાથથી ખાવાનું ખવડાવતા અને પોતાના

ઝાનુ(રાન) પર બેસાડતા હતા. (મનાકિબ ઇબ્ને શહરઆશુબ ભાગ-૩ પા-૩૮૩)

ઇબ્ને અબિલ હદીદ કહે છે : રબીઅ બિન ખયસમ વીસ વરસ સુધી ચુપ રહ્યા અને કોઈ વાત ન કરી. પરંતુ જ્યારે ઇમામ હુસૈન(અલ.) કતલ કરી દેવામાં આવ્યા તો તેમણે આ શબ્દો કહ્યા : أَوَقَدْ فَعَلُوْهَا શું તેમને કતલ કરી દેવામાં આવ્યા છે ? પછી આ આયત પઢી :

اللّٰهُمَّ فَاطِرَ السَّمَاوَاتِ وَالْأَرْضِ عَالِمَ الْغَيْبِ وَالشَّهَادَةِ أَنْتَ تَحْكُمُ بَيْنَ عِبَادِكَ فِيمَا كَانُوا فِيهِ يَخْتَلِفُونَ

"અય આસમાનો અને જમીનને પેદા કરવાવાળા અલ્લાહ, જાહેર અને છુપી વસ્તુઓના જાણવાવાળા, તું જ તારા બંદાઓ દરમિયાન તે વસ્તુઓના વિષયમાં ફેંસલો કરીશ જેમાં તેમણે

મતભેદ કર્યો છે." (સૂ. ઝોમર આ-૪૬) અને ત્યાર પછી જ્યાં સુધી જીવતા રહ્યા કંઈ ન બોલ્યા. (નફસુલ મહમૂમ પા-૨૧૯)

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે પોતાની પાસે બેઠેલા કૈસ બિન ઇબાદને કહ્યું : તું મારા અને હુસૈન(અલ.)ના વિષયમાં શું કહે છે ?

કૈસે કહ્યું : કયામતના દિવસે હુસૈન(અલ.)ના નાના, વાલિદ અને વાલેદહ બધા આવશે અને અલ્લાહથી તેમની શિફાઅત કરશે અને તારા માં-બાપ પણ આવશે અને તારી શિફાઅત કરશે.

આ વાત સાંભળી ઉબૈદુલ્લાહને ગુસ્સો આવ્યો અને તેને ત્યાંથી ઉઠાવી દીધો. (રિયાઝુલ અહઝાન પા-૩૦)

ઇમામ મોહંમદ બાકિર(અલ.)થી વર્ણન છે કે કૂફાની ચાર મસ્જિદો, મસ્જિદે અશઅસ, મસ્જિદે

હરીર, મસ્જિદે સમાક અને મસ્જિદે શીશ બિન રબઇ, ઇમામ હુસૈન(અલ.)ના કતલની ખુશીમાં બનાવવામાં આવી હતી. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૮૯)

ભાગ-૭

પ્રકરણ : ૨૮

કૂફાથી શામ સુધી શામ તરફ રવાનગી

ઇબ્ને ઝિયાદે ઝહર બિન કૈસને (પ્રખ્યાત ઝજર બિન કૈસ છે પરંતુ સહી ઝહર બિન કૈસ છે.) બોલાવ્યો જેથી કરબલાના તમામ શહીદોના સરોની સાથે ઇમામ હુસૈન(અલ.)ના પવિત્ર સરને યઝીદ બિન મુઆવિયાની પાસે શામ લઈ જાય (આ વાત પણ અશક્ય નથી લાગતી કે જેવી રીતે ઉમર બિન સઅદે અહલેબયત(અલ.)ના પહેલા ઇમામ હુસૈન(અલ.)ના સરને કૂફા મોકલ્યું હતુ. એવી જ રીતે ઉબૈદુલ્લાહે હુસૈન(અલ.)ના સરને અહલેબયત(અલ.)ની પહેલા શામ મોકલ્યા હોય અને અહલેબયત(અલ.)ને પછી રવાના કર્યા હોય. જેવી રીતે શેખ મુફીદના લખાણથી સમજમાં આવે છે.) અને અબુ બર્દ બિન ઔફ અઝદી અને તારિક બિન અબી તિબ્યાન અઝદીને તેની સાથે

મોકલ્યા. (તારીખે તબરી ભાગ-૫ પા-૨૩૨, ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પા-૧૧૮ વર્ણન થયું છે કે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે ઇમામ હુસૈન(અલ.)ના સરને યઝીદની પાસે મોકલ્યા પછી હુકમ આપ્યો કે આપના અહલેબયત(અલ.)ને પણ શામ લઈ જાઓ અને અલી ઇબ્નુલ હુસૈન(અલ.)ના ગળામાં સાંકળ પહેરાવો. તેમની સાથે મજફર બિન સઅલબા અને શિમ્ર બિન ઝિલજાશનને રવાના કર્યા. આ લોકો રવાના થયા અને ઇમામ હુસૈન(અલ.)નું સર લઈ જનારાઓ સાથે જોડાઈ ગયા. અલી ઇબ્નુલ હુસૈન(અલ.)એ રસ્તામાં કોઈની સાથે કંઈ વાત ન કરી. (ઇરશાદ શેખ મુફીદ, ભાગ-૨ પા-૧૧૯) આ લખાણથી ખબર પડે છે કે ઇબ્ને ઝિયાદે ઇમામ હુસૈન(અલ.)ના સરને અહલેબયત(અલ.) પહેલાં શામ રવાના કર્યું હતું.)

પરંતુ સૈયદ ઇબ્ને તાઉસ કહે છે : જ્યારે યઝીદ બિન મઆવિયાને ઉબૈદુલ્લાહનો પત્ર મળ્યો

અને તે તેના વિષયથી વાકેફ થયો તો તેણે તેનો જવાબ આપ્યો અને ઉબૈદુલ્લાહને હુકમ આપ્યો કે હુસૈન(અલ.)ના અહલેબયત અને અન્ય શહીદોના સરોની સાથે ઇમામ હુસૈન(અલ.)નું સર શામ મોકલી દે. ઇબ્ને ઝિયાદે મજઝર બિન સઅલબાને બોલાવ્યો અને શહીદોના પવિત્ર સરો અને અહલેબયતને તેના હવાલે કર્યા અને તે તેમને કાફિરોના કેદીઓની જેમ શહેરોમાં એલાન કરતો શામ લઈ ગયો. (અલ-મલહૂફ પા-૭૧)

ઇમામ મોહંમદ બાકિર(અલ.) ફરમાવે છે : મેં મારા વાલિદ અલી ઇબ્ને હુસૈન(અલ.)ને પૂછ્યું કે આપ(અલ.) કૂફાથી શામ કેવી રીતે લઈ જવામાં આવ્યા હતા.

આપ(અલ.)એ ફરમાવ્યું : તે લોકોએ મને કાઠી વગરના ઊંટ પર સવાર કર્યો, બાબા હુસૈન(અલ.)ના સરને નેઝા પર ચઢાવ્યું અને મારી

પાછળ કાઠી વગરની સવારીઓ પર અમારી સ્ત્રીઓને સવાર કરી હતી, અમને ચારેય તરફથી ભાલાવાળા સિપાહીએ ઘેરી લીધા હતા, જો અમારામાંથી કોઈ રડતું હતુ તો તેના માથા પર ભાલો મારતા હતા. આ જ રીતે અમે દમિશ્ક પહોંચ્યા. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૪૫)

મુન્તખબમાં આવ્યું છે કે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે શિમ્ર, ખૂલી, શીસ બિન રબઈ અને અમ્ર બિન હજ્જાજને બોલાવ્યા અને તેમની સાથે એક હજારનું લશ્કર રવાના કર્યું. તેમના સફરના ખર્ચની વ્યવસ્થા કરી અને હુકમ આપ્યો કે અહલેબયતના કેદીઓને શામ લઈ જાઓ અને રસ્તામાં આવતા શહેરોના ગલીકૂચામાં તેમને ફેરવશો. (મુન્તખબ તુરૈહી ભાગ-૨ પા-૪૮૦)

મન્ઝિલો - રોકાણો

અમે અહીં તે મંઝિલોનું વર્ણન કરીએ છીએ જે ફૂફાથી શામ સુધી અહલેબયત(અલ.)ના રસ્તામાં આવી હતી. આ મંઝિલોની સહી તરતીબ ખબર નથી અને ભરોસાપાત્ર સંદર્ભોમાં તેનું વર્ણન નથી અને વધારે પડતા સંદર્ભોમાં તેમના સફરની સ્થિતિનું વર્ણન નથી. ઇબ્ને અસીરે તારીખે કામિલમાં અમુકનું વર્ણન કર્યું છે જ્યારે કે મકતલ અબી મિખ્નફમાં ક્રમવાર વર્ણન છે. અમે અહીં તે ઘટનાઓનું પણ વર્ણન કરીશું જે અમુક મંઝિલો પર પેશ આવી હતી. (કમકામ ઝખ્ખાર પા-૫૪૭)

પ્રથમ મંઝિલ

ઇમામ હુસૈન(અલ.)ના પવિત્ર સરને લઈ જવાવાળા પ્રથમ મંઝિલ પર ઊતર્યા અને શરાબના નશામાં મસ્ત થઈ ગયા તો અચાનક દીવારથી એક હાથ બહાર આવ્યો અને તેણે લોખંડની પેન દ્વારા લોહીથી આ શેઅર લખ્યો :

أَتَرْجُو أُمَّةٌ قَتَلَتْ حُسَيْناً

شَفَاعَةَ جَدِّهِ يَوْمَ الْحِسَابِ

"જે ઉમ્મતે હુસૈન(અલ.)ને કતલ કર્યા છે શું તે કયામતના દિવસે તેમના નાનાની શફાઅતની ઉમ્મીદ રાખે છે ?"

આ ઘટના જોઇને તે લોકો પવિત્ર સરને ત્યાં જ છોડીને ભાગ્યા, થોડીવારમાં પાછા ફર્યા. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૩૦૫) ઇબ્ને હજરે સવાએકે મોહરેકામાં પા-૨૯૨ માં આ જ કિસ્સો વર્ણન કર્યો છે

અને પછી લખે છે : આ શેઅર ખાતેમુન્નબીય્યીન(સલ.)ની બેઅસતના ત્રણસો વરસ પહેલા એક પથ્થર પર લખેલો જોવામાં આવ્યો હતો. રૂમીઓના એક ચર્ચમાં પણ અશઆર લખેલા હતા અને કોઈ જાણતું ન હતુ કે આ કયા જમાનામાં લખવામાં આવ્યા હતા.

કમકામ ઝખ્કાર પા-૫૪૪, મજલિસીએ બિહારની ભાગ-૪૫ પા-૨૩૬ પર તબરીથી વર્ણન કર્યું છે કે ઇમામ હુસૈન(અલ.)ના સરને લઈ જવાવાળાઓએ શામની પહેલી મંઝિલ પર ફરિશ્તાઓની નૌહાની અવાજ સાંભળી, જે આ શેઅર હતા : "અય તે લોકો ! જેમણે હુસૈન(અલ.)ને જહાલતના કારણે કતલ કર્યા છે, તમને અઝાબ અને સજાની ખુશખબર થાય. બધા આસમાનવાળાઓ, નબીઓ, ફરિશ્તાઓ અને બીજા ગિરોહ તમારા પર

લઅનત કરે છે. સુલેમાન અને મૂસા અને ઇન્જીલવાળા ઈસા તમારા પર લઅનત કરે છે."

સુલયમાન બિન યસારે કહ્યું છે : લોકોને એક પથ્થર મળ્યો કે જેના પર આ શેઅર લખેલા હતા.

لابُدَّاَنْتَرِدَالقِيامَةَفَاطِمہ

وَقَمِيصُهَابِدَمِالْحُسَيْنِمُلَطَّخَ

وَيُلٌلِمَنْشُفَعَاؤُہُخُصَمائُہُ

وَالصُّورُفِيیومِالْقَيَامَةِيُنْفَخُ

"કયામતના દિવસે હઝરત ફાતેમા(સલા.) જરૂર આવશે અને આપ(સલા.)ના હાથમાં હુસૈન(અલ.)નું લોહીવાળું પહેરણ હશે, કયામતના દિવસે જે સમયે સૂર ફૂંકવામાં આવશે, તે વખતે દર્દનાક હાલત હશે તે લોકોની જેમની ભલામણ કરનારો તેમનો દુશ્મન હશે.

(૨) તકરીત

તકરીત બગદાદ અને મુસેલના દરમિયાન એક શહેર છે જ્યાંથી બગદાદ ત્રીસ ફરસખના અંતર પર દજલાના પશ્ચિમમાં આવ્યું છે. (મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૧ પા-૨૬૮)

કામિલ બહાઈમાં આવ્યું છે કે જ્યારે આ લોકો ઇમામ હુસૈન(અલ.)નું સર કૂફાથી બહાર લાવ્યા તો ઇબ્ને ઝિયાદના માણસોને અરબના કબીલાઓથી ડર હતો કે શક્ય છે તેમનામાં કંઈક દીની ગૈરત બાકી હોય અને તેઓ હુસૈન(અલ.)નું સર છીનવી લે. એટલા માટે આ લોકો અસલી રસ્તાથી ન ગયા બલકે અપરિચિત રસ્તાથી ચાલ્યા.

અબુ મિખનફે વર્ણન કર્યું છે કે તે હસ્સાસાના (હસ્સાસા બની હુબૈરના મહેલની નજીક કૂફાની આસપાસનું એક ગામ છે. - મોઅજમુલ

બુલદાન ભાગ-૨ પા-૨૬૩) પૂર્વથી પવિત્ર સર લઈ ગયા અને તકરીતથી પસાર થયા અને ત્યાંના હાકેમને પોતાના આવવાની ખબર આપી તો તેણે ઘણા બધા લોકોને પરચમોની સાથે તેમના સ્વાગત માટે મોકલ્યા. જો કોઇ પૂછતુ હતુ કે આ કોનું સર છે તો જવાબ દેતા ખારજીનું છે. (આ રિવાયતથી ખબર પડે છે કે પવિત્ર સરને લઈ જવાવાળા ડરતા હતા એટલા માટે ખારજી એટલે કે યઝીદના વિરૂદ્ધ બળવો કરવાવાળા બતાવતા હતા.)

એક ઈસાઇએ સર જોયું અને જ્યારે તેણે આ જવાબ સાંભળ્યો તો પોતે કહેવા લાગ્યો : હકીકત આ નથી જે આ લોકો બયાન કરી રહ્યા છે. આ સર ફાતેમાના જિગરનો ટુકડો હુસૈન ઇબ્ને અલી(અલ.)નું છે. હું પોતે કૂફામાં હતો, તેમને શહીદ કરી દેવામાં આવ્યા છે. બધા ઈસાઇઓને જ્યારે આ કિસ્સાની જાણ થઈ તો તેમણે પોતાના

શંખને તોડી નાખ્યા અને કહેવા લાગ્યા : અય અલ્લાહ! અમે આ કોમની નાફરમાનીથી જેણે પોતાના રસૂલ(સલ.)ના ફરઝંદને કતલ કર્યા છે તારી પાસે પનાહ માંગીએ છીએ.

જ્યારે ઇબ્ને ઝિયાદના માણસોએ આ સ્થિતિ જોઈ તો તેઓ ત્યાંથી જંગલના રસ્તા તરફ નીકળી ગયા. (કમકામ ઝખ્મા૨ ભાગ-૨ પા-૫૪૭)

(૩) મશહદુન નુકતા

પવિત્ર સર લઈ જનારા રસ્તામાં આ મંઝિલ પર પહોંચ્યા અને અહીં એક ઘણા મોટા પથ્થર પર પવિત્ર સર રાખ્યું, પવિત્ર સરથી એક ટીપું લોહી તે પથ્થર પર ટપક્યું અને ત્યાર પછી આશૂરના દિવસે દર વરસે આ પથ્થરથી લોહી ટપકતુ હતું. લોકો આ પથ્થરની ચારેય તરફ ભેગા થઈ જતા હતા અને ઇમામ હુસૈન(અલ.)ની મજલિસ બરપા કરતા હતા.

આ પથ્થર અબ્દુલ મલિક બિન મરવાનના ઝમાના સુધી પોતાની જગ્યા પર હતો. તેના હુકમથી તેને બીજી જગ્યાએ લઇ જવામાં આવ્યો. પરંતુ ખબર નથી કે તેને ક્યાં લઈ ગયા. યાદગાર માટે આ પથ્થરની જગ્યા પર એક ઇમારત બનાવવામાં આવી. આ જગ્યાને નુકતા અથવા મશહદુન નુકતા કહે છે. (મકતલુલ હુસૈન મુકર્રમ પા-૩૪૬)

(૪) વાદીયુન નખલા

વાદીયુન નખલા, મોઅજમુલ બુલદાન અને અન્ય કિતાબોમાં આ નામની કોઈ જગ્યા ન મળી, હા મરાસિદુલ ઇત્તેલાઅમાં નખલા નામ આવ્યું છે. પૂર્વ મૂસેલના નજીક છે. શક્ય છે વાદીયુન નખલાનો મતલબ આ જ હોય. - મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ૩ પા-૧૩૬૩

રાતના સમયે આ મંઝિલ પર ઊતર્યા તો તેમના કાનમાં આખી રાત જિન્નોના નૌહાની અવાજ આવતી રહી. (કમકામ ઝખ્ખાર ભાગ-૨ પા-૫૪૮)

نِسَاءُ الْجِنِّ يَبْكِيْنَ مِنَا لِحُزْنِ شَجِيَّاتِ

وَاَسْعَدُ نَبْنُوْحٍ لِلنِّسَاءِ الْهَاشِمِيَّاتِ

وَيَنْدُبْنَ حُسَيْناً عَظُمَتْ تِلْكَ الرَّزِيَّاتِ

وَيَلْطِمْنَ خُدُوْراً كَالدَّنَانِيْرِ نَقِيَّاتِ

وَيَلْبَسْنَ ثِيَابَ السُّودِ بَعْدَ الْقَصَبِيَّاتِ

"ગમમાં જિન્નોની સ્ત્રીઓ હાશમી સ્ત્રીઓ પર રડી રહી છે. હુસૈન(અલ.) અને આ મોટી મુસીબત પર રડી રહી છે. મોં પર તમાચા મારી રહી છે અને સફેદની જગ્યાએ કાળો પોશાક પહેરી લીધો છે." (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૨૩૬)

(૫) મૂસેલ

સવારે બીજા રસ્તાથી "કહીલ" (કહીલ દજલાના કિનારે એક ઘણુ મોટું શહેર હતુ પરંતુ આજે આ શહેરની કોઈ નિશાની નથી. - મોઅજમુલ બુલદાન ભાગ-૪ પા-૪૩૯)નો ઇરાદો કર્યો અને "જુહૈના" (જુહૈના મૂસેલના કિનારે એક પ્રદેશ છે જે દજલાના કિનારે આવેલો છે. અહીંથી મૂસેલ સુધી એક મંઝિલનું અંતર છે. - મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૩ પા-૩૬૩)ની તરફ રવાના થયા અને મૂસેલના (મૂસેલ પ્રખ્યાત અને જૂનુ શહેર છે જે દરિયાના કિનારે આવેલું છે. આ શહેરની વચ્ચે જિર્જીસ પૈગંબરની કબ્ર છે. - મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૩ પા-૧૩૩૩) હાકિમને પોતાના પહોંચવાની ખબર આપી. તેણે શહેરને શણગારવાનો હુકમ

આપ્યો અને અમુક લોકોને શહેરની બહાર રવાના કર્યા.

લોકો કહેતા હતા બેશક આ હુસૈન ઇબ્ને અલી(અલ.)નું સર છે કે જેને આ ખારજીનું બતાવી રહ્યા છે. તેમની પાસેથી સર લઈને ઝિયારતનું મકામ બનાવવા અને શહેરના હાકેમને તલવારથી હલાક કરી નાખવાના ઇરાદાથી ચાર હજાર માણસો જંગ માટે તૈયાર થઈ ગયા. એક રિવાયતમાં આવ્યું છે કે તેમણે કહ્યું: "હલાકત છે તે કોમ માટે જે ઇમાન લાવ્યા પછી કાફિર થઇ ગઇ. શું હિદાયત પછી ગુમરાહી અને યકીન પછી શક છે ?"

જ્યારે હુકુમતના માણસોને લોકોના ઇરાદાની જાણ થઈ તો તેમણે પોતાનો રસ્તો બદલી નાખ્યો અને તલઅફર (તલઅફર જેને અમુક લોકો તલયઅફર કહે છે. સંજાર અને મૂસેલના વચ્ચે એક કિલ્લો છે. જેની વચ્ચે નદી

વહી રહી છે. - મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૧ પા-૨૬૮) અને જેલ સન્જાર (સંજાર ટાપુના કિનારે એક પ્રખ્યાત શહેર છે. ત્યાંથી મૂસેલ અને નસીબૈન સુધી ત્રણ દિવસનો રસ્તો છે. - કમકામ ઝખ્ખાર પા-૫૫૧)ની તરફ ચાલ્યા એટલે સુધી કે નસીબૈન પર રોકાયા.

(૬) નસીબૈન

નસીબૈન ટાપુના શહેરોમાંથી એક મોટું શહેર છે. મૂસેલથી શામ જવાવાળા રસ્તા પર આવેલું છે અને મૂસેલથી અહિયાં સુધી છ દિવસનો રસ્તો છે. - મોઅજમુલ બુલ્દાન ભાગ-૫ પા-૨૮૮

જ્યારે નસીબૈન પર પહોંચ્યા તો મનસૂર બિન ઇલ્યાસે શહેરને શણગારવાનો હુકમ આપ્યો અને શહેરને શણગાર્યા પછી તે વ્યક્તિને શહેરમાં દાખલ થવા માટે કહ્યું જે ઇમામ હુસૈન(અલ.)ના પવિત્ર સરને ઉઠાવેલો હતો પરંતુ તેના ઘોડાએ તેનો હુકમ ન માન્યો, બીજો ઘોડો લાવવામાં આવ્યો અને તે પણ આગળ ન વધ્યો, આવી જ રીતે અમુક ઘોડા બદલ્યા, અચાનક તેમણે જોયું કે ઇમામ હુસૈન(અલ.)નું સર જમીન પર છે. ઇબ્રાહીમ મૂસેલીએ સર ઉઠાવ્યું ધ્યાનથી જોયું અને ઓળખી

લીધું અને કાતિલોની નિંદા કરી, શહેરવાળાઓએ જ્યારે આ દૃશ્ય જોયું તો સર લઈ જવાવાળા પાસેથી સર છીનવી લીધુ અને તેને કતલ કરી નાખ્યો અને પવિત્ર સરને શહેરની બહાર જ રાખ્યું. અંદર ન લઈ ગયા. શાયદ તે જમીન પર જ્યાં સર રહી ગયું હતું. બાદમાં તે જ જગ્યા ઝિયારતનું મકામ બનાવવામાં આવ્યું છે. (નફસુલ મહમૂમ ભાગ-૪૨૬)

કમકામ ઝખ્મારે લખ્યું છે કે અહીં લોકોને ઇમામ હુસૈન(અલ.)નું સર દેખાડયું. આ કષ્ટદાયક દૃશ્ય જોઈને જનાબે ઝયનબ(સલા.) બેતાબ, વ્યગ્ર થઈ ગયાં અને આ શેઅર પઢ્યા :

اَنُشْهَرُ مَابَيْنَالْبَرِيَّةِعَنْوَةً

وَوَالِدُنَااَوْحِيالَيْهِجَلِيْلٌ

كَفَرْتُمْ بِرَبِّ الْعَرْشِ ثُمَّ بِنَبِيِّهِ

كَأَنْ لَمْ يَجِئْكُمْ فِي الزَّمَانِ رَسُولٌ

لَحَا كُمُ اللّٰهُ الْعَرْشِيَا شَرَّ أُمَّةٍ

لَكُمْ فِي لَظٰى يَوْمَ الْمَعَادِ عَوِيْلُ

ઝુલ્મ તો જુઓ મખ્લૂકના દરમિયાન અમને ફેરવવામાં આવી રહ્યા છે જ્યારે કે અમારા વાલિદ પર અલ્લાહે વહી નાઝિલ કરી, તમે અલ્લાહ અને તેના રસૂલ(સલ.)થી ફરી ગયા જાણે તે જમાનામાં કોઈ પૈગંબર આવ્યા જ નથી, અય બદતરીન લોકો ! અર્શે ખુદા તમારા પર લઅનત કરે, કયામતના દિવસે જહન્નમના અંગારાઓમાં તમારી ફરીયાદ હશે. (કમકામ ઝખ્ખાર પા-૫૪૮)

(૭) અયનુલવરદહ

અયનુલ વરદહ જઝીરહના શહેરોમાંથી એક પ્રખ્યાત શહેર છે. હર્રાન અને નસીબૈનની વચ્ચે આવ્યું છે. નસીબૈનથી ૧૫ ફરસખના અંતર પર છે. આ જ જગ્યા પર તવ્વાબીન અને શામીઓ દરમિયાન અયનુલવરદહનો કિસ્સો પેશ આવ્યો હતો. (નફસુલ મહમૂમ પા-૫૬૬, મોઅજમુલ બુલદાન ભાગ-૪ પા-૧૮૦)

સવારે કાફલો અયનુલવરદહ પર પહોંચ્યો અને ત્યાંના હાકેમને જાણ કરી, તેણે અને શહેરવાળાઓએ સરોને ફેરવવાની રજા આપી દીધી અને નક્કી થયું કે સરને બાબે અરબઈનથી શહેરમાં લઈ જવામાં આવે. પવિત્ર સરને શહેરના મેદાનમાં ભાલા પર બુલંદ કર્યું અને બપોરથી સાંજ સુધી લોકોને જોવા માટે ત્યાં જ રાખ્યુ. અમુક લોકો ખારજીનું સર સમજીને ખુશી મનાવી રહ્યા હતા અને અમુક રડી રહ્યા હતા.

(૮) રિક્કા

રિક્કા એક શહેરનું નામ છે જે ફુરાતના કિનારે આવ્યું છે. જઝીરહના શહેરોમાં ગણાય છે. અહીંથી હર્રાન સુધી ત્રણ દિવસનો રસ્તો છે. (મરાસિદુલ ઇત્તેલાઅ ૧/૩૫૨)

આ રીતે ઇબ્ને ઝિયાદના માણસો ઇમામ હુસૈન(અલ.) અને અન્ય શહીદોના સરોને લઈને રવાના થયા અને રસ્તો પસાર કરતા રિક્કા પહોંચ્યા.

(૯) જોસક

જોસક નામ ઘણી જગ્યાઓનું છે. બગદાદની આસપાસમાં એક મોટું ગામ છે. નહરવાનના ગામોમાંથી એક છે. મિસરની અતરાફમાં એક ગામ છે. એક કિલ્લાને પણ આ નામથી ઓળખવામાં આવે છે. (મરાસેદુલ ઇત્તેલાઅ ભાગ-૧ પા-૩૫૮)

કાફલો રિક્કાથી જોસક નામના મકામ પર પહોંચ્યો, ત્યાંથી ચાલીને કુરાતની તરફ ચાલ્યો. અહીં સુધી કે બસ્રની (બસ્ર શામમાં એક ગામ છે જે દમિશ્કની હદમાં ગણાય છે. ત્યાં એક મઝાર છે. કહેવામાં આવે છે કે આ યસઅ પૈગંબરની કબ્ર છે. - મરાસિદુલ ઇત્તેલાઅ ૧/૧૯૬) નજીક પહોંચ્યો અને ત્યાંથી "હલબ"ના ગવર્નરને પત્ર લખ્યો અને તેને પોતાની સ્થિતિથી વાકેફ કર્યા. રાતે દઅવાત અથવા હલબમાં રોકાયો.

(૧૦) દઅવાત

અમને મઆજિમમાં દઅવાત નામનું કોઈ મકામ નથી મળ્યુ, હાં, મકતલની કિતાબોમાં તેનું વર્ણન છે.

આ લોકોએ દઅવાતની નજીક પહોંચીને ત્યાંના હાકેમને પત્ર લખ્યો : અમે હુસૈન(અલ.)નું સર પોતાની સાથે લાવ્યા છે.

તેણે પત્ર વાંચીને બ્યુગલ અને વાંસળી વગાડવાનો હુકમ આપ્યો, સ્વાગત માટે પોતે પણ શહેરથી બહાર આવ્યો. ત્યાર પછી ઇમામ હુસૈન(અલ.)ના સરને ભાલા પર બુલંદ કરીને બાબે અરબઈનથી દાખલ થયા. પવિત્ર સરને મેદાનમાં સાંજ સુધી લોકોને જોવા માટે રાખ્યું. આ શહેરમાં પણ અમુક લોકો ખુશી મનાવી રહ્યા હતા અને અમુક લોકો આંસુ વહાવી રહ્યા હતા. ખુશી

મનાવનારા કહી રહ્યા હતા આ ખારજીનું સર છે જેણે યઝીદ પર બળવો કર્યો છે.

રાતના આ જ શહેરમાં રોકાયા અને સવારના હલબની તરફ ચાલ્યા, તે સમયે અલી ઇબ્ને હુસૈન(અલ.)એ રડતા રડતા આ શેઅર પઢ્યા:

لَيُسَتُشِعُرِيهَلُعَاقِلُفِيالدَّيَاجِي

بَاتَمِنفَجُعَةِالزَّمَانِيُنَاجِي

اَنَانَجُلُالِمَامِمَابالحَقِّي

ضَائِعبَيُنَعُصُبَةِالاَعُلاجِ

અય કાશ હું આ સમજી લેત કે શું કોઈ અકલમંદ અંધારી રાતમાં રહે છે અને જમાનાની ઘટનાઓ પર કંઈ કહે, હું ઇમામનો દીકરો છું, શું થઈ ગયુ છે કે મારો હક આ કાફિરોના ટોળામાં બરબાદ થઈ રહ્યો છે. (અદ્દમઅતુસ સાકેબા ભાગ-૫ પા-૬૫)

(૧૧) હલબ

હલબના પશ્ચિમમાં એક પહાડ છે જેને જબલે જોશન કહે છે. તેમાંથી ધાતુ અને તાંબુ નીકળતુ હતું. જે અન્ય દેશોમાં મોકલવામાં આવતુ હતું. કહે છે કે જ્યારથી ઇમામ હુસૈન(અલ.)ના અહલેબયતને ત્યાંથી પસાર કરવામાં આવ્યા છે ત્યારથી આ ધાતુ ખતમ થઈ ગઈ છે.

(કમકામ ઝખ્ખાર ભાગ-૨ પા-૫૪૯)

(૧૨) કન્સીરીન

કન્સીરીન શામમાં એક શહેર છે જે હલબ અને હુમ્સ દરમિયાન છે. ત્યાં એક પહાડ છે. કહે છે કે તેમાં હઝરત સાલેહ(અલ.)ની કબ્ર છે તેના પર ઊંટના પગના નિશાન દેખાય છે. (મોઅજમુલ બુલદાન ભાગ-૪ પા-૪૦૩)

નતન્ઝીએ ખસાએસમાં વર્ણન કર્યું છે કે ઇબ્ને ઝિયાદના માણસો ઇમામ હુસૈન(અલ.)નું સર લઈને કન્સીરીન મંઝિલ પર ઉતર્યા. એક રાહિબ (પાદરી) પોતાના ચર્ચથી બહાર નીકળ્યો અને જોયું કે સરથી આસમાન સુધી નૂરનો સિલસિલો છે.

રાહિબ આ લોકોની પાસે આવ્યો અને તેમને દસ હજાર દિરહમ આપીને સરને પોતાના ચર્ચમાં લઈ ગયો ત્યાર પછી એક ગયબી અવાજ

સાંભળી, ખુશ નસીબ છો તમે અને ખુશ કિસ્મત છે તે જે સરની હુરમતને જાણે છે.

રાહિબે સર ઉઠાવ્યું અને કહ્યું : અય ખુદા બહક્કે ઈસા(અલ.) આ સરને રજા આપ કે મારી સાથે વાત કરે. તે સમયે પવિત્ર સર બોલ્યું અને ફરમાવ્યું : અય રાહિબ તું શું ઇચ્છે છે ?

રાહિબે કહ્યું : આપ કોણ છો ?

પવિત્ર સરથી અવાજ આવી :

اَنَا ابْنُ مُحَمَّدِ الْمُصْطَفٰى ۖ وَاَنَا ابْنُ عَلِيِّا الْمُرْتَضٰى عَلَيْهِ السَّلَامُ وَاَنَا ابْنُ فَاطِمَةَ الزَّهْرَاءِ عَلَيْهَا السَّلَامُ، اَنَا الْمَقْتُوْلُ بِكَرْبَلَاءِ، اَنَا الْمَظْلُوْمُ، اَنَا الْعَطْشَانُ

"હું મોહંમદ મુસ્તફા(સલ.)નો ફરઝંદ છું. હું અલી મુર્તઝા(અલ.)નો ફરઝંદ છું અને હું ફાતેમા ઝહેરા(સલા.)નો ફરઝંદ છું, હું કરબલાનો મકતૂલ (શહીદ) છું, હું મઝલૂમ છું, હું પ્યાસો છું !"

આ વાક્યો કહીને ચુપ થઈ ગયુ.

રાહિબે ઇમામ હુસૈન(અલ.)ના ચહેરા મુબારક પર પોતાનું મોઢું રાખ્યું અને કહ્યું : આપના ચહેરાથી ત્યાં સુધી હું મોઢું નહીં ઉઠાવું જ્યાં સુધી આમ નહીં કહો કે કયામતના દિવસે તમારી શિફાઅત કરીશ.

પવિત્ર સર ફરી બોલ્યું અને કહ્યું : મારા નાનાનો દીન અપનાવી લો.

રાહિબે કહ્યું : "અશહદો અન લાઇલાહ ઇલ્લલ્લાહ વ અશહદો અન્ન મોહમ્મદર રસૂલુલ્લાહ" ત્યાર પછી ઇમામ હુસૈન(અલ.)એ તેની શિફાઅતની દરખાસ્ત કબૂલ કરી લીધી.

સવાર થઇ તો તે લોકોએ રાહિબ પાસેથી ઇમામ હુસૈન(અલ.)નું સર લીધુ અને પોતાના રસ્તે ચાલ્યા. વાદીની વચ્ચે પહોંચ્યા તો જોયું તે દસ હજાર દિરહમ જે રાહિબ પાસેથી લીધા હતા પથ્થર બની ગયા.

બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૩૦૩, ઇબ્ને હજરે સવાઇકે મોહરેકામાં આ કિસ્સો આ રીતે બયાન કર્યો છે. રાહિબે પોતાના દેરાસરમાં જોયું કે આ સરથી એક નૂર ચમકી રહ્યુ છે. તે લશ્કર અને ચોકીદારો પાસે આવ્યો અને કહ્યું : તમે લોકો ક્યાંથી આવ્યા છો ? અમે ઇરાકથી આવ્યા છીએ અને હુસૈન(અલ.)ની સાથે અમે જંગ કરી છે.

રાહિબે કહ્યું : શું પોતાના રસુલ(સલ.) અને તેમના કાકાના દિકરાની સાથે તમે જંગ કરી છે ? તેમણે કહ્યું : હા, તેણે કહ્યું : બરબાદી છે તમારા માટે ! જો ઈસા ઇબ્ને મરયમનો કોઈ દીકરો હોત તો અમે તેને પોતાના સર, આંખો પર રાખત, તમારાથી મારી એક માંગણી છે, તે લોકોએ કહ્યું : શું ? તેણે કહ્યું : મને મારા બાપથી દસ હજાર દિરહમ વારસામાં મળ્યા છે. તમે તમારા અમીરને કહી દો અને આ દિરહમોના બદલામાં આ માથુ મને

આપી દે, જ્યારે જાઓ ત્યારે મારી પાસેથી લઈ લેજો. સિપાહીઓએ કિસ્સો અમીરને બતાવ્યો, તેણે કહ્યું : ઠીક છે. દિરહમ લઈને પવિત્ર સર તેને આપ્યુ. રાહિબે સર કાફુર અને મુશ્કમાં ખુશ્બુદાર કર્યું અને એક કપડામાં લપેટીને પોતાના ખોળામાં રાખ્યું અને ખૂબ જ રડયો. જ્યારે કાફલો ત્યાંથી ચાલવા લાગ્યો તો રાહિબે સરને સંબોધીને કહ્યું : કાલે કયામતમાં મારી શફાઅત કરશો, મેં અલ્લાહના એક હોવાની અને મોહંમદ(સલ.)ની રિસાલતની ગવાહી આપી છે અને મુસલમાન થઈ ગયો છું. પછી લશ્કરવાળાઓને કહ્યું : હું તમારા અમીરથી વાત કરવા માંગુ છું, તેની પાસે આવ્યો અને કહ્યું : હંશ તમને ખુદા અને રસૂલ(સલ.)ની કસમ આપુ છું કે અત્યાર સુધી આ સર સાથે જે કંઈ કર્યું છે હવે તે ન કરશો અને તેને સંદૂક (પેટીથી) બહાર ન કાઢશો. તેમણે તેની વાત કબૂલ કરી. રાહિબ ઇબાદત માટે

પહાડોમાં ચાલ્યો ગયો, પરંતુ તે લોકોએ સર સાથે પહેલાં જેવો જ વર્તાવ કર્યો. જ્યારે તે દમિશ્ક પહોંચ્યા તો રાહિબના આપેલા દિરહમ કાંકરા બની ગયા હતા અને તેના પર એક તરફ આયત : وَلَا تَحْسَبَنَّ اللَّهَ غَافِلًا عَمَّا يَعْمَلُ الظَّالِمُونَ "અને એવું ગુમાન ન કરશો કે જે કંઈ ઝાલિમો કરે છે અલ્લાહ તેનાથી બેખબર છે." અને બીજી તરફ: وَسَيَعْلَمُ الَّذِينَ ظَلَمُوا أَيَّ مُنْقَلَبٍ يَنْقَلِبُونَ "નજીકમાં જ ઝાલિમો પોતાના પલટવાની જગ્યાને જાણી લેશે." લખેલી હતી.

(૧૩) મઅરતુન નોઅમાન

મઅરતુન્નઅમાન, હુમાત અને હલબની વચ્ચે એક જગ્યા છે. તેનું આ નામ નોઅમાન બિન બશીર અનસારીના નામ પર છે. કેમ કે તેમનો દીકરો અહીં દફન થયો છે અને યુશોઅ બિન નૂનની કબ્ર પણ અહીં છે. પરંતુ સહી આ છે કે તેમની કબ્ર નાબલસમાં છે. (મોઅજમુલ બુલદાન ભાગ-૫ પા-૧૬૫)

પવિત્ર સરને લઇ જવાવાળા જ્યારે મઅરતુન નોઅમાન નામના મકામ પર પહોંચ્યા તો ત્યાંના રહેવાસીઓએ તેમનું સ્વાગત કર્યું. આ લોકો અમુક કલાક ત્યાં રહ્યા અને ત્યાંથી શીઝરની તરફ રવાના થયા.

(૧૪) શીઝર

શીઝર મઅરાની નજીક શામમાં એક પ્રદેશ છે અને ત્યાંથી હુમાત એક દિવસનો રસ્તો છે. (મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૨ પા-૨૨૬)

આ લોકો જ્યારે શીઝર પહોંચ્યા તો એક વૃદ્ધ વ્યક્તિએ કહ્યું : આ સર જે તમારી સાથે છે તે હુસૈન ઇબ્ને અલી(અલ.)નું સર છે. આ જગ્યાના રહેવાસીઓએ એકબીજા સાથે અહદ કર્યો કે કોઇ પણ રીતે પોતાના એરિયામાં દાખલ નહીં થવા દઇએ, એટલા માટે ત્યાં રોકાયા વગર આગળ ચાલતા રહ્યા એટલે સુધી કે કફરતાલિબ પર પહોંચ્યા.

(૧૫) કફરતાલિબ

કફરતાલિબ મઅરહ અને હલબની વચ્ચે એક શહેર છે. અહીં પીવાનું પાણી વરસાદના પાણીથી ખાસ જગ્યા પર ભેગું કરવામાં આવે છે. (મોઅજમુલ બુલદાન ૪/૪૭૦)

કફરતાલિબના લોકોએ પણ તેમને શહેરમાં દાખલ ન થવા દીધા, પવિત્ર સર લઈ જવાવાળાઓએ તેમની પાસે પાણી માંગ્યુ તો તેમણે કહ્યું : અમે તમને પાણી નહીં આપીએ એટલા માટે કે તમે હુસૈન(અલ.) અને તેમના સહાબીઓને પ્યાસા શહીદ કર્યા છે.

(૧૬) સિબુર

સિબુર, મઆજિમ બુલદાનમાં અમને આ નામ નથી મળ્યુ. પરંતુ મકાતિલ લખનારાઓએ શામની મંઝિલોમાં તેનું વર્ણન કર્યું છે. (રિયાઝુલ અહઝાન-૮૩)

મજબુર થઈને આ લોકો કફરતાલિબથી નીકળી ગયા અને સિબુર પહોંચ્યા, આ મંઝિલ પર પણ ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ના અમુક શેઅર વર્ણન કરવામાં આવ્યા છે. ઉસ્માનના ચાહવાવાળાઓમાંથી એક વૃદ્ધે સિબુરના લોકોને ભેગા કર્યા અને કહ્યું : ફિતનો બરપા ન કરશો. તેમને બીજા શહેરોની જેમ અહીંથી પસાર થવા દો, જવાનોએ તેની વાત ન માની અને તે પ્રદેશના પુલને તોડી પાડ્યો અને હથિયાર ઉઠાવીને લડવા

માટે તૈયાર થઈ ગયા. બંને તરફથી અમુક લોકો માર્યા ગયા.

અહીં ઉમ્મે કુલસુમ(સલા.)એ દુઆ કરી કે અલ્લાહ આ લોકોની રોઝીમાં વધારો કર અને તેમના પાણીને મીઠુ બનાવી દે અને તેમને ઝાલિમોના ઉપદ્રવથી સુરક્ષિત રાખે.

કહેવાય છે કે અહીં ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ અમુક શેઅર પઢ્યા. તેમાંથી એક આ છે :

اَلْاَلرَّسُوْلِعَلٰیالْاَقْتَابِعَارِیَۃً

وَالْمَرْوَانَیَسْرِیتَحْتَهُمْنُجَبُ

આલે મોહંમદ(સલ.) કાઠી વગરના ઊંટો પર સવાર થાય છે અને આલે મરવાન બેહતરીન સવારીઓ પર સવાર છે. (અદ્દમઅતુસ સાકેબા ભાગ-૫ પા-૨૭)

(૧૭) હમાત

હમાત મોટું અને ખૂબીઓવાળું શહેર હતું, તેમાં ઘણા બધા બજાર હતા. ચારેય તરફ મજબુત દિવારો બનેલી હતી. હુમ્સથી એક દિવસના રસ્તા અને દમિશ્કથી પાંચ દિવસના અંતર પર આવેલું છે. (મોઅજમુલ બુલદાન ભાગ-૨ પા-૩૦૦)

આ લોકો સિબુરથી હમાત ગયા, ત્યાં પણ તેમને વસ્તીમાં દાખલ ન થવા દીધા.

રિયાઝુલ અહઝાનના લેખકે પોતાની આ કિતાબમાં કોઈ મકતલની કિતાબથી રિવાયત કરી છે કે હું હજ કરવા માટે ગયો હતો. જ્યારે હમાત પહોંચ્યા તો ત્યાં બાગોની વચ્ચે એક મસ્જિદ જોઈ જેને મસ્જિદુલ ઐન કહે છે. હું મસ્જિદમાં દાખલ થયો તેની એક ઇમારત પર પરદો લટકેલો હતો, મેં તેને હટાવીને જોયુ તો તેના પર ગરદનનું અને

સુકાએલા લોહીનું નિશાન હતું. મેં મસ્જિદના ખાદિમને આ લોહી અને નિશાન વિશે પુછ્યું તો તેણે કહ્યું : આ પથ્થર પર હુસૈન ઇબ્ને અલી(અલ.)નું સર તે વખતે રાખવામાં આવ્યુ હતુ જ્યારે તેને દમિશ્ક લઈ જઈ રહ્યા હતા. (રિયાઝુલ અહઝાન પા-૮૩)

(૧૮) હુમ્સ

હુમ્સ દમિશ્ક અને હલબની વચ્ચે એક મોટું શહેર છે. અહીં ખાલિદ બિન વલીદ અને તેના દીકરા અબ્દુર્રહમાન અને અયાઝ બિન ગનમની કબ્ર છે. (મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૧ પા-૪૨૫)

મજબુર થઈને હમાતથી પસાર થઈને હુમ્સ પહોંચ્યા અને ત્યાંના ગવર્નરને પોતાના આવવાની ખબર આપી અને હુમ્સમાં દાખલ થવાની રજા માંગી, પરંતુ ત્યાંના લોકોએ પણ વિરોધ કર્યો અને તેમના પર એટલો પથ્થરમારો કર્યો કે ઇબ્ને ઝિયાદના અમુક સિપાહીઓ માર્યા ગયા, તેમણે રસ્તો બદલીને પૂર્વના દરવાજાથી દાખલ થવાનું ચાહ્યું. લોકોએ તે પણ બંધ કરી દીધો અને કહ્યું :

لَا كُفْرَ بَعْدَ اِيْمَانٍ وَلَا ضَلَالَ بَعْدَ هُدًى

અમે ઇમામ હુસૈન(અલ.)ના સરને આ શહેરમાં લાવવાની કદી પણ રજા નહીં આપીએ. ત્યાંથી આ ઝાલિમોને ભગાવી દીધા, તેઓ બઅ્લબકની તરફ ચાલ્યા ગયા.

(૧૯) બઅ્લબક

બઅ્લબક એક જુનું શહેર છે. અહીંથી દમિશ્ક ત્રણ દિવસનો રસ્તો છે. બઅ્લબકમાં મોટી મોટી ઇમારતો, મોટી નિશાનીઓ અને અજોડ પથ્થરોથી બનેલા મહેલ છે. (મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૧ પા-૨૧૧)

ઇમામ હુસૈન(અલ.)નું સર લઈ જવાવાળા બઅ્લબક પહોંચ્યા અને ત્યાંના ગવર્નરને પોતાના આવવાની ખબર આપી. તેણે બઅ્લબકના લોકોને તેમના સ્વાગત માટે મોકલ્યા. તેમના હાથમાં ઝંડો હતો અને પોતાના બાળકોને કેદીઓનો તમાશો જોવા માટે લાવ્યા હતા. (કમકામ ઝખ્ખાર પા-૫૫)

બિહારૂલ અનવારમાં આવ્યુ છે કે જનાબે ઉમ્મે કુલસુમે ફરમાવ્યું : અલ્લાહ તેમની ઉંમર અને તેમની આબાદીને નષ્ટ કરે અને તેમના પીવાના

પાણીને કડવું કરી દે અને તેમના પર ઝાલિમોને પ્રભુત્વ આપી દે.

આ કલેમાત સાંભળીને અલી ઇબ્ને હુસૈન(અલ.) રડવા લાગ્યા અને ફરમાવ્યું : આ તે જ ઝમાનો છે જેની આશ્ચર્યજનક વાતો બુઝુર્ગોની આગાહી પ્રમાણે ખતમ થવાવાળી નથી અને તેની મુસીબતોની હદ નક્કી નથી, અય કાશ હું આ જાણતો હોત કે આ દુનિયાદારી એમને ક્યાં સુધી લઈ જશે. તમે જુઓ છો કે અમે પોતાની સાથે નથી જઇ રહ્યા બલકે કાઠી વગરના ઊંટો પર બેસાડીને દરેક શહેરમાં ફેરવી રહ્યા છે અને અમુક લોકો ઊંટોની લગામ પકડીને ચાલવાવાળાઓની હિમાયત કરી રહ્યા છે. જાણે અમે તેમના દરમિયાન રૂમીઓના કેદીઓની જેમ છીએ. જાણે રસૂલ(સલ.)એ જે કંઈ ફરમાવ્યું હતું તે ખોટું હતું, બરબાદી છે તમારા માટે, તમે રસૂલ(સલ.)નો

ઇન્કાર કર્યો, તમે તેમના રસ્તાથી ભટકેલા લોકોના જેવા છો જેમને રસ્તો નથી મળતો. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૨૬)

ઇબ્ને ઝિયાદના માણસોએ આ રાત બઅ્લબકમાં પસાર કરી અને સવાર થતા જ ત્યાંથી ચાલ્યા. સાંજના સમયે એક રાહિબ (ઈસાઈ પાદરી)ના સોમઆ(દેરાસર)ની પાસે ઉતર્યા.

રાહિબનું દિરહમ લઈને પવિત્ર સરને લેવાની વાત અહીં લખી છે અને કહ્યું છે : આ કરામાતો જોઇને આ લોકો ઘણા ડરી ગયા અને ઝડપથી રસ્તો પસાર કરવા લાગ્યા, અહીં સુધી કે દમિશ્ક પહોંચ્યા, ફૂફાથી શામ સુધી જે મંઝિલોનું અમે વર્ણન કર્યું છે તેમાંથી વધારે પડતી અમે કમકામ ઝખ્ખારથી ખુલાસો વર્ણન કર્યો છે. (કમકામ ઝખ્ખાર પા-૫૪૭)

ઇબ્ને લહીઆ કહે છે કે હું અલ્લાહના ઘરનો તવાફ કરી રહ્યો હતો કે અચાનક એક વ્યક્તિને જોયો જે કાબાના પરદાને પકડીને કહી રહ્યો હતો : اَللّٰهُمَّ اغْفِرْ لِيْ وَلَا اَرَاكَ فَاعِلاً "અય અલ્લાહ મને માફ કરી દે જો કે હું જાણુ છું કે તું મને માફ નહીં કરે."

મેં તેને કહ્યું : અલ્લાહના બંદા ! અલ્લાહથી ડર અને તેને આ રીતે ન પુકાર, કેમ કે જો તારા ગુનાહ વરસાદના ટીપાં અને ઝાડોના પાંદડાથી પણ વધારે છે તો પણ અલ્લાહ તને માફ કરી દેશે. તે માફ કરવાવાળો અને મહેરબાન છે.

તેણે કહ્યું : મારી પાસે આવ, હું તને કિસ્સો સંભળાવું છું.

હું તેની પાસે ગયો તેણે કહ્યું : મને ઇબ્ને ઝિયાદે અન્ય પચાસ વ્યક્તિઓની સાથે ઇમામ

હુસૈન(અલ.)ના પવિત્ર સર સાથે શામ મોકલ્યો હતો. અમારી આ આદત થઈ ગઈ હતી કે જ્યાં પણ રસ્તામાં ઉતરતા હતા ત્યાં જ આ સરને સંદૂકમાં રાખી દેતા અને આ સંદૂક પર બેસીને શરાબ પીતા હતા. એક રાતે મારા સાથી શરાબના નશામાં ડૂબેલા હતા, પરંતુ તે રાતે મેં શરાબ ન પીધી હતી. રાતનું અંધારૂ છવાઇ ગયું હતું, અડધી રાત થઇ તો મેં ચકચકિત નૂર જોયું. જાણે આસમાનના દરવાજા ખુલી ગયા હતા, હઝરત આદમ, નૂહ, ઇબ્રાહીમ, ઇસ્માઈલ, ઇસ્હાક(અલયહેમુસ્સલામ) અને હઝરત મોહંમદ મુસ્તફા(સલ.) અને જિબ્રઈલ ફરિશ્તાઓની જમાત સાથે જમીન પર ઉતર્યા છે. પ્રથમ જિબ્રઈલ(અલ.)એ સરને સંદૂકથી બહાર કાઢ્યું, ખોળામાં લઈ તેને ચૂમ્યું, અન્ય નબીઓએ પણ આવું જ કર્યું. જ્યારે રસૂલ(સલ.)ની વારી આવી તો આપ ખૂબ જ રડ્યા, અન્ય નબીઓએ આપને પુરસો આપ્યો, ત્યાર પછી

જિબ્રઈલે અરજ કરી અય અલ્લાહના રસૂલ(સલ.)! અલ્લાહતઆલાનો આ હુકમ છે કે આ ઉમ્મતના વિશે જે આપ હુકમ આપો હું તે જ કરીશ, આપ કહો તો જમીનને એવી જ રીતે હલાવી દઉં અને તેમની સાથે તેવો જ વર્તાવ કરૂં જે કોમે લૂત સાથે કર્યો હતો.

રસૂલ(સલ.)એ ફરમાવ્યુ : હું નથી ચાહતો કે તેમને આ દુનિયામાં સજા આપવામાં આવે, હું અલ્લાહની સામે તેમની સાથે કંઈ અલગ વર્તાવ કરીશ અને કયામતના દિવસે તેમની સાથે દુશ્મની કરીશ.

મેં જોયું કે અમને કતલ કરવા માટે ફરિશ્તાઓએ અમારા પર હુમલો કર્યો છે. મેં બુમો પાડી અલ-અમાન, અલ-અમાન યા રસૂલલ્લાહ(સલ.), રસૂલલ્લાહ(સલ.)એ ફરમાવ્યું : إِذْهَبْ لَا غَفَرَ اللهُ لَكَ ચાલ્યો જા, ખુદા તારી મગફેરત ન કરે. (અલ-મલહૂફ પા-૭૨)

(૨૦) દમિશ્ક

છેવટે આ લોકો રસૂલ(સલ.)ના અહલેબયતના નૂરાની સરોને પોતાની સાથે લઈને દમિશ્કની નજીક આવી ગયા. દમિશ્કના દરવાજાની નજીક પહોંચ્યા તો ઉમ્મે કુલસુમે શિમ્ર(લઅ.)ને અવાજ આપી અને ફરમાવ્યું : અમને તે દરવાજાથી લઈ ચાલો જ્યાં તમાશો જોવાવાળાની ભીડ ઓછી હોય અને સરો અને સવારીઓ વચ્ચે અંતર રાખો જેથી લોકોની નજર રસૂલ(સલ.)ના હરમ પર ન પડે.

શીમ્ર મલઊને ઉમ્મે કુલસુમ(સલા.)ની ઇચ્છાની બિલકુલ વિરૂદ્ધ કામ કર્યું અને અહલેબયત(અલ.)ના કાફલાને પહેલી સફરના (બહાઇએ કામિલમાં, અબુ રયહાન બીરૂનીએ અલ-આસારૂલ બાકિયામાં અને કફઅમીએ મિસ્બાહમાં

લખ્યુ છે કે અહલેબયત(અલ.) પહેલી સફરના શામમાં દાખલ થયા. - મકતલુલ હુસૈન મુકર્રમ પા-૩૪૮) સાઆત દરવાજાથી (આ દરવાજાને એટલા માટે બાબુસ્સાઆત કહે છે કે ત્યાં એક જાનવરની આકૃતિ બનાવવામાં આવી હતી જેનાથી દિવસનો સમય નક્કી કરવામાં આવતો હતો, મકતલ ખવારીઝમીમાં લખ્યુ છે કે અહલેબયત(અલ.)ને બાબે તોમાથી દમિશ્કમાં દાખલ કરવામાં આવ્યા હતા. તોમા દરવાજાની નિશાનીઓ આજે પણ દમિશ્કમાં મોજૂદ છે. - મકતલુલ હુસૈન ખવારીઝમી પા-૩૭૮) દમિશ્ક શહેરમાં દાખલ કર્યા. આ દરવાજો કાફલા દાખલ થવા માટે શણગારવામાં આવ્યો હતો અને અહીં લોકોની ઘણી ભીડ જામેલી હતી. અહલેબયતે રસૂલ(સલ.) અને શહીદોના સરોને આ દરવાજા પર રોકી દેવામાં આવ્યા જેથી લોકો તમાશો જુએ, પછી દમિશ્કની જામા મસ્જિદની

પાસે તે જગ્યા પર રોકવામાં આવ્યા જ્યાં કેદીઓને રોકવામાં આવતા હતા. અમુકે લખ્યું છે કે આ દરવાજા પર અહલેબયતને ત્રણ દિવસ સુધી રોકી રાખવામાં આવ્યા.

(અલ-મલહૂફ પા-૭૩)

ભાગ-૮

પ્રકરણ : ૨૯

શામમાં દાખલ થવું

શામના રહેવાસીઓના અકાઈદ અને ઝુકાવ

અમે અહીં ટૂંકમાં શામવાળાઓના અકીદા અને તેમની રૂહાની અભિરૂચિ પેશ કરીએ છીએ. શામ અને તેની આસપાસના પ્રદેશ પર લગભગ ચાલીસ વરસ સુધી મઆવિયાની હુકુમત રહી છે અને ત્યાંના વધુ પડતા લોકો નવા મુસલમાન હતા અને જે દિવસથી તેઓ ઇસાઇયત છોડીને ઇસ્લામમાં દાખલ થયા હતા તેમણે અબુ સુફિયાનના નક્કી કરેલા હાકેમો સિવાય કોઈ બીજા હાકેમને જોયો જ ન હતો. તેઓ જ તેમના પર હુકુમત કરતા હતા. જેથી કરીને શામવાસીઓનો

ઇસ્લામ તે જ હતો જે તેમને બની ઉમય્યાએ શીખવાડ્યો હતો.

આ કારણે અહલેબયત(અલ.) તે પ્રદેશમાં દાખલ થયા કે જ્યાંના રહેવાસીઓને મઆવિયાએ પોતાની રીતે ઇસ્લામ શીખવાડ્યો હતો. અખ્લાક અને ઇસ્લામના અમલી અહેકામમાં તે મઆવિયા અને તેના નક્કી કરેલા હાકેમની તાબેદારી કરતા હતા.

સ્પષ્ટ રહે કે જંગ માટે મઆવિયાએ પોતાની ચાલાકીથી એક લાખ શામીઓને હઝરત અલી(અલ.)ના વિરૂદ્ધ ભેગા કરી દીધા હતા અને હઝરત અલી(અલ.) વિરૂદ્ધ એટલો પ્રોપેગેન્ડો કર્યો હતો કે શામવાળા આપ(અલ.)ના ખાનદાનને વાજિબુલ કત્લ સમજતા હતા. મિમ્બરોથી અલી(અલ.) અને આપના ખાનદાનને બુરૂ ભલુ કહેતા હતા.

આ જ કારણ છે કે અહલેબયત(અલ.) પર શામમાં ઘણો ઝુલ્મ કરવામાં આવ્યો. અહલેબયત(અલ.)ને જ્યારે કોઇએ પુછ્યું કે આ સફરમાં આપ હઝરાતને ક્યાં વધારે તકલીફ પહોંચી? તો જવાબ આપ્યો : શામ, શામ, શામ.

આ વિષયમાં ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)થી વર્ણન છે કે આપ(અલ.)એ ફરમાવ્યુ :

فَيَالَيْتَلَمْاَنْظُرْدِمِشْقَوَلَمْاَكُنْ

يَرَانِيْيَزِيْدُفِيالْبِلَادِاَسِيْرَه

અય કાશ હું દમિશ્કમાં દાખલ ન થયો હોત અને યઝીદ મને શહેરમાં આ રીતે કેદી ન જોવત.

જો કે શામના શહેરોમાં એવા લોકો પણ હતા જે ખાનદાને રસૂલ(સલ.) અને અહલેબયતે ઇસ્મત(અલ.)થી મોહબ્બત રાખતા હતા. જેથી આ

લોકોએ જ અમુક જગ્યાએ ઇમામ હુસૈન(અલ.)નું સર લઈ જનારાઓ સાથે જંગ કરી. પરંતુ વિરોધીઓના પ્રમાણમાં આ લોકોની સંખ્યા ઘણી ઓછી હતી.

આ મતલબને સાબિત કરવા માટે ઘણી બધી દલીલો છે, તેમાંથી એક આ છે કે જ્યારથી કેદીઓનો કાફલો શામની મસ્જિદના દરવાજા પર લાવ્યા તો એક વૃદ્ધ શામી આગળ વધ્યો અને કહ્યું : શુક્ર છે અલ્લાહનો કે તેણે તમને કતલ અને નાબુદ કર્યા અને યઝીદને તમારા પર કાબુ આપ્યો અને શહેરોને તમારા પુરૂષોથી છુટકારો આપ્યો.

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ તેને ફરમાવ્યું: અય વૃદ્ધ શું તમે કુરઆન પઢ્યું છે ? તેણે કહ્યું : હાં, આપ(અલ.)એ ફરમાવ્યું : શું તમે આ આયત : "કુલ લા અસ્અલોકુમ અલયહે અજ્રન ઇલ્લલ મવદ્દત ફિલ કુરબા" પઢી છે? વૃદ્ધે કહ્યું :

હા, મેં આ આયતની તિલાવત કરી છે. ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું : તે રસૂલ(સલ.)ના રિશ્તેદાર અમે છીએ. શું તમે આ આયતની તિલાવત કરી ?

وَاعْلَمُوا اَنَّمَا غَنِمْتُمْ مِنْ شَیْءٍ فَاَنَّ لِلّٰهِ خُمُسَهٗ وَلِلرَّسُوْلِ

وَلِذِی الْقُرْبٰی

તેણે કહ્યું : હાં, ઇમામ(અલ.)એ ફરમાવ્યું : તે સગાવહાલા અમે છીએ. અય કમજોર વૃદ્ધ! શું તમે આ આયત પઢી છે ?

إِنَّمَا یُرِیْدُ اللّٰهُ لِیُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ أَهْلَ الْبَیْتِ

وَیُطَهِّرَكُمْ تَطْهِیْرًا

તેણે કહ્યું : હાં ! ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું : અમે

અહલેબયત(અલ.)ને તહારત અર્પણ કરવામાં આવી છે.

રાવી કહે છે : આ વૃદ્ધ ચુપ થઈ ગયો અને પોતાની વાતો પર પસ્તાવો કર્યો અને ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) તરફ જોઇને કહ્યું : અલ્લાહની કસમ ખાઈને બતાવો કે આપ(અલ.) જ અહલેબયત છો ? ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું : અલ્લાહની કસમ અમે જ અહલેબયતે ઇસ્મત છીએ અને અમારા નાના રસૂલ(સલ.)ના હકની કસમ અમે જ અહલેબયત છીએ.

આ સાંભળી આ વૃદ્ધ રડવા લાગ્યો, પોતાના સરથી અમ્મામો ઉતાર્યો, આસમાનની તરફ જોયું અને કહ્યું : અય અલ્લાહ! હું આલે મોહંમદ(સલ.)ના દુશ્મનોથી હવે તે જિન્નોમાંથી હોય કે ઇન્સાનોમાંથી તારી બારગાહમાં તેમનાથી બેઝાર છું. દુરી

અપનાવું છું. ત્યાર પછી ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ને અરજ કરી : શું મારી તૌબા કબુલ થઈ શકે છે ?

ઇમામે ફરમાવ્યું : હાં, આપ તૌબા કરી લો તો અલ્લાહ આપને માફ કરી દેશે અને અમારા થઈ જશો, તે વૃદ્ધે કહ્યું : મેં જે કંઈ કર્યું અને કહ્યું તેનાથી તૌબા કરૂ છું.

રાવી કહે છે : આ વૃદ્ધની તૌબાની ખબર યઝીદ બિન મઆવિયાને પહોંચી તો તેણે તેને કતલ કરવાનો હુકમ આપી દીધો. (બિહારૂલ અનવાર, ભાગ-૪૫, પા-૧૨૯, અલ એહતેજાજ ભાગ-૨ પા-૧૨૦, થોડાક ફેરફાર સાથે))

સુહૈલ બિન સઅદ અસ્સાએદી

સુહૈલ બિન સઅદ બિન માલિક અસ્સાએદી અનસારી હતા. રસૂલ(સલ.)ની વફાત વખતે તેમની ઉંમર પંદર વરસ હતી. હજ્જાજના જમાના સુધી જીવતા રહ્યા. કહેવાય છે કે તેમણે ૧૦૦ વરસ ઉંમર પામી અને રસૂલ(સલ.)ના છેલ્લા સહાબી હતા. તે પોતે કહેતા હતા કે જો હું મરી જઈશ તો તમે વાસ્તા વગર કોઇનાથી નહીં સાંભળો કે કાલ રસૂલુલ્લાહ, હિ.સ. ૮૮ માં ઇન્તેકાલ થયો. (ઇસ્તીઆબ ૨/૬૬૪)

સુહૈલ કહે છે : હું બયતુલ મુકદ્દસ ગયો અને ત્યાંથી દમિશ્ક પહોંચ્યો, મેં એક લીલુછમ, સાફ સુથરૂ શહેર જોયું. જેની દીવારો અને દરવાજા પર રેશમના પરદા લટકેલા હતા. લોકો ખુશી મનાવી રહ્યા હતા અને સ્ત્રીઓ ઢોલ, બાજા વગાડી રહી

હતી. મેં મારી જાતને કહ્યું : આ શામવાળાઓની ઈદનો ઝમાનો નથી ! અમે જાણીએ છીએ, આ દરમિયાન અમુક લોકોને એકબીજા સાથે વાત કરતા જોયા, મેં તેમને પૂછ્યું : શું શામવાળાની એવી કોઈ ઈદ છે જેની અમને ખબર ન હોય.

તે લોકોએ કહ્યું : બાબા ! લાગે છે તું ગામડીયો અથવા જંગલનો રહેવાસી છે. મેં કહ્યું : હું રસૂલ(સલ.)નો સહાબી સુહૈલ બિન સઅદ છું.

તેમણે કહ્યું : અય સુહૈલ તમારા માટે આશ્ચર્યજનક નથી કે આસમાનથી લોહી કેમ નથી વરસતુ અને જમીન તેના રહેવાસીઓ સાથે દબાઇ કેમ નથી જતી ? મેં કહ્યું : શું એવું થઈ ગયું છે ? તેમણે કહ્યું : આ મોહંમદ(સલ.)ના નવાસા હુસૈન(અલ.)નું સર છે, જેને ઇરાકથી હદીયો લાવ્યા છે.

મેં કહ્યું : અજીબ વાત છે, હુસૈન(અલ.)નું સર લાવ્યા છે અને લોકો ખુશી મનાવી રહ્યા છે! તેમને કયા દરવાજાથી દાખલ કરશે? તેમણે તે દરવાજા તરફ ઇશારો કર્યો જેને બાબુસ્સાઆત કહે છે.

આ લોકો સાથેની વાતચીત દરમિયાન મેં જોયું કે એક પછી એક પરચમ દેખાવા લાગ્યા. પ્રથમ મેં એક નુરાની ચહેરાને ભાલા પર જોયો. એવું લાગતુ હતુ કે હમણાં મુસ્કુરાઈ દેશે. આ હઝરત અબુલ ફઝલિલ અબ્બાસ(અલ.)નું સર હતું. પછી મેં એક સવાર જોયો કે ભાલા પર ઇમામ હુસૈન(અલ.)નું સર ઉઠાવેલો હતો, આ સર રસૂલ(સલ.)થી ઘણું મળતુ આવતુ હતુ. તેનાથી ખૂબ જ મહાનતા, બુઝુર્ગી ઝળકી રહી હતી. નૂર ચમકી રહ્યું હતું. દાઢીથી બુઝુર્ગી સ્પષ્ટ હતી. મોટી મોટી આંખો અને ભંવો બારીક હતી, તેમની મુબારક

પેશાની પહોળી અને ઉંચી હતી, હોંઠ પર મુસ્કુરાહટ અને આંખો પૂર્વ તરફ લાગેલી હતી, હવા દ્વારા દાઢી હરકતમાં હતી. લાગતું હતુ કે અમીરૂલ મોઅમેનીન(અલ.) છે. આ ભાલો અમ્ર બિન મુન્ઝિર હાથમાં લઈને આગળ ચાલી રહ્યો હતો.

મેં ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) અને અહલેબયત(અલ.)ને સલામ કરી અને પોતાની ઓળખ કરાવી, તેમણે કહ્યું : જો થઈ શકે તો આ ભાલા ઉઠાવનારને કંઈ આપી દો જે ઇમામ હુસૈન(અલ.)નું સર લઈ જઈ રહ્યો છે. જેથી તે અહીં ન ઉભો રહે કે તમાશો જોવાવાળાથી નાકમાં દમ આવી ગયો છે.

હું આગળ વધ્યો તેને સો દિરહમ આપ્યા જેથી તે જલ્દી સ્ત્રીઓથી આગળ વધી જાય, આ રીતે સર યઝીદની પાસે પહોંચી ગયા. (કમકામ ઝખ્ખાર પા-૫૫૬)

સુહૈલ બિન સઅદ કહે છે : ઇમામ હુસૈન(અલ.)નું પવિત્ર સર એક તશ્તમાં રાખીને યઝીદના દરબારમાં લાવવામાં આવ્યુ. હું પણ ત્યાં પહોંચી ગયો. યઝીદ તખ્ત પર બેસી ગયો હતો. તેના માથા પર મોતી અને યાકૂતથી શણગારેલો તાજ હતો અને તેની ચારેય તરફ કુરૈશના મોટા, વૃદ્ધો બેઠા હતા. જે વ્યક્તિ દરબારમાં ઇમામ હુસૈન(અલ.)ના સરને લાવ્યો તેણે બે શેઅર પઢ્યા:

اَوْقِرْ رِكَابِيفِضَّةً وَذَهَباً

اَنَاقَتَلْتُالسَّيِّدَالْمُحَجَّبَا

قَتَلْتُخَيْرَالنَّاسِاُمًّاوَاَباً

وَخَيْرُهُمْاِذْيَنْسِبُوْنَالنَّسبا

"મારા ઊંટને સોના ચાંદીથી ભરી દે કે મેં મહાન બાદશાહને કતલ કર્યા છે. તેને કતલ કર્યા છે

જેના મા-બાપ બધા લોકોના મા-બાપથી બુલંદ-ઉચ્ચ છે અને તેમનું ખાનદાન દરેક ખાનદાનથી બુલંદ છે."

યઝીદે તેને પૂછ્યું : જો તુ આ જાણતો હતો કે તે સૌથી બેહતર હતા તો તેં તેમને કેમ કતલ કર્યા ?

તેણે કહ્યું : મેં આપથી ઇનામ લેવા માટે તેમને કતલ કર્યા છે.

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ના અશઆર

આ સમયે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ આ અશઆર પઢ્યા :

أُقَادُ ذَلِيلاً فِي دِمَشْقَ كَأَنَّنِي

مِنَ الزَّنْجِ عَبْدٌ غَابَ عَنْهُ نَصِيرُهُ

وَجَدِّي رَسُولُ اللهِ فِي كُلِّ مَشْهَدٍ

وَشَيْخِي أَمِيرُ الْمُؤْمِنِينَ أَمِيرُهُ

فَيَا لَيْتَ لَمْ أَنْظُرْ دِمَشْقَ وَلَمْ يَكُنْ

يَرَانِي يَزِيدٌ فِي الْبِلَادِ أَسِيرُهُ

"મને દમિશ્કમાં એવી ઝિલ્લત સાથે ફેરવી રહ્યા છે જાણે હું કોઇ હબશી ગુલામ છું કે જેનો કોઈ મદદગાર નથી, જ્યારે કે બધા જાણે છે કે મારા નાના રસૂલુલ્લાહ(સલ.) છે અને મારા બુઝુર્ગ અમીરૂલ મોઅમેનીન(અલ.) છે. અય કાશ હું

દમિશ્કમાં દાખલ ન થયો હોત અને યઝીદ મને શહેરોમાં કેદી ન જોવત." (રિયાઝુલ અહઝાન પા-૧૦૮)

સુહૈલ બિન સઅદ કહે છે : શામમાં મેં એક ઓરડો જોયો જેમાં એક વૃદ્ધ સ્ત્રીની સાથે પાંચ સ્ત્રીઓ છે. જ્યારે ઇમામ હુસૈન(અલ.)નું સર તે વૃદ્ધ સ્ત્રીની સામે આવ્યું તો તેણે એક પથ્થર ઉઠાવીને પવિત્ર સરની તરફ ફેંક્યું, જ્યારે મેં આ દર્દનાક કિસ્સો જોયો તો કહ્યું : અય અલ્લાહ! આ બધાને હલાક કરી દે.

બીજી રિવાયતમાં આ બદદુઆની નિસ્બત હઝરત ઉમ્મે કુલસૂમ(સલા.) તરફ આપવામાં આવી છે. (કમકામ ઝખ્ખાર પા-૫૭૦)

ઇબ્રાહીમ બિન તલહા

ઇબ્રાહીમ બિન તલહા બિન અબ્દુલ્લાહે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ને સંબોધીને કહ્યું : અય અલી ઇબ્ને હુસૈન(અલ.)! આ બતાવો કોણ કામયાબ થયું ?

આપ(અલ.)એ ફરમાવ્યું : નમાઝનો સમય થવા સુધી સબ્ર કરો, અઝાન અને ઇકામત પછી તમને ખબર પડી જશે કે કોણ કામયાબ થયું છે.

ઇમામ ઝયનુલ અબેદીન(અલ.)ની મુલાકાત ઇબ્રાહીમ બિન તલહાથી પાછા ફર્યા પછી મદીનામાં થઈ હતી. આ અશક્ય લાગે છે કે તે આ જમાનામાં શામ આવ્યો હોય પરંતુ કમકામ ઝખ્ખારના લેખક અને અન્ય લોકોએ આ મુલાકાત આ જગ્યાએ વર્ણન કરી છે. એટલા માટે અમે પણ તેમના અનુસરણમાં આ જગ્યાએ લખ્યું છે.

પ્રકરણ : ૩૦

દરબારે યઝીદ(લઅ.)

જ્યારે કેદીઓનો કાફલો શામ પહોંચી ગયો તો તેમને શહેરની જામેઅ મસ્જિદ લઈ ગયા અને ત્યાં દરબારમાં દાખલ થવા માટે યઝીદના હુકમની રાહ જોતા રહ્યા કે મરવાન બિન હકમ મસ્જિદમાં આવ્યો અને કરબલાની ઘટના વિશે પૂછ્યું: ઇબ્ને ઝિયાદના સિપાહીઓએ સ્પષ્ટતા કરી, તેણે કંઈ ન કહ્યું અને પાછો ચાલ્યો ગયો, ત્યાર પછી યહ્યા બિન હકમ મસ્જિદમાં દાખલ થયો, તેણે પણ કરબલાના કિસ્સા વિશે માલૂમ કર્યું તેને કિસ્સો બતાવવામાં આવ્યો તો તે પોતાની જગ્યાથી આ કહીને ઉભો થયો કે અલ્લાહની કસમ! કયામતના દિવસે તમને મોહમ્મદ(સલ.)નો દીદાર અને તેમની શફાઅત નસીબ નહીં થઈ શકે અને હવે મારો તમારાથી કોઈ

વાસ્તો નથી અને હવે હું તમારા કોઈ પણ મામલામાં સાથ નહીં આપુ. (તારીખે તબરી ભાગ-૫ પા-૨૩૪)

છેવટે યઝીદના દરબારમાં દાખલ થવાની રજા મળી અને અહલેબયત(અલ.)ના પુરૂષો જે ૧૨ હતા, ગરદનની પાછળ હાથ બાંધેલા અને અન્ય લોકો એક સાંકળમાં જકડાએલા યઝીદના દરબારમાં પહોંચ્યા.

યઝીદ પોતાના મહેલમાં જીરૂન પર બેઠો હતો (જીરૂન પહેલા દમિશ્કમાં સાએબીનનો મુસલ્લો હતો, પછી યુનાની આ જગ્યા પોતાના દીનની રસ્મો અદા કરવા લાગ્યા, પછી તેના પર યહૂદીઓનો કબજો થયો. આ રીતે બુતપરસ્તોના ઇખ્તિયારમાં આવ્યું, આ ઇમારતના દરવાજાને બાબે જીરૂન કહેતા હતા. તેમાં જ ઇમામ હુસૈન(અલ.)નું સર લટકાવવામાં આવ્યુ. આ જગ્યા શાયદ મસ્જિદે

ઉમવીમાં છે. - મકતલુલ મુકર્રમ પા-૩૪૮) અને શહીદોના સર અને અહલેબયત(અલ.)ના દાખલ થવાને જોઇ રહ્યો હતો અને આ શેઅર પઢી રહ્યો હતો :

لَمَّا بَدَتْ تِلْكَ الْحُمُوْلُ وَاَشْرَقَتْ

تِلْكَ الشُّمُوْسُ عَلٰى رُبٰى جِيْرُوْنِ

نَعِبَ الْغُرَابُ فَقُلْتُ صِحْ اَوْ لَا تَصِحْ

فَلَقَدْ قَضَيْتُ مِنَ الْغَرِيْمِ دُيُوْنِيْ

તે કાફલા દેખાવવા લાગ્યા અને જીરૂનની બુલંદીઓ પર સૂર્યના કિરણો ફેલાઇ ગયા, કાગડાએ કા...કા...ની અવાજ કરી તો મેં કહ્યું : તમે કા...કા... કરો કે ન કરો મેં મારા મકરૂજથી કર્જ ચૂકવી લીધું છે. (નફસુલ મહમૂમ પા-૪૩૫)

કેદીઓને યઝીદના દરબારમાં પહોંચાડ્યા પછી તેમને યઝીદની સામે ઉભા કરી દેવામાં આવ્યા. ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ યઝીદને ફરમાવ્યું : જો રસૂલ(સલ.) અમને આ હાલતમાં જુએ તો તારી સાથે કેવો વર્તાવ કરશે?

ફાતેમા ઇમામ હુસૈન(અલ.)ની દીકરીએ કહ્યું : અય યઝીદ ! શું રસૂલ(સલ.)ની દીકરીઓને આ રીતે કેદ કરવામાં આવે છે ?

આ શબ્દો સાંભળી દરબારવાળાઓ બુમો પાડીને રડવા લાગ્યા, યઝીદે આ પરિસ્થિતિ જોઇને મજબુર થઈને હુકમ આપ્યો કે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ના હાથ ખોલી નાખવામાં આવે.

તે જ સમયે ઇમામ હુસૈન(અલ.)નું સર ધોઇને સોનાની થાળીમાં રાખીને યઝીદની સામે લાવીને રાખવામાં આવ્યું. યઝીદ(લઅ.) લાકડીને

ઇમામ હુસૈન(અલ.)ના દાંતો પર રાખીને કહેવા લાગ્યો :

نُقَلِّقُهاماًمِنّاُنَاسٍاَعِزَّةٍ

عَلَيْنَاوَهُمْكَانُوْااَعَقَّوَاظْلَما

અમે તેનું સર કાપ્યું છે જેની લોકોમાં ઘણી ઇઝ્ઝત છે અને આ અમને ઘણા સતાવતા હતા. (અખબારૂદ દુવલ વ આસારૂલ અવ્વલ લિલ કરમાની પા-૧૦૮)

યહ્યા બિન હકમે કહ્યું:

لَهَامُبِجَنْبِالطَّفِّاَدْنٰيقَرَابَةً

مِنّاِبْنَزِيَادِالْعَبْدةِذِيالنَّسَبِالوَغْلِ

سُمَيَّةُاَمْسٰينَسْلُهَاعَدَدَالْحَصٰى

وَبِنْتُرَسُوْلِاللّٰهِلَيْسَتْبِذِيْنَسْلِ

જે લોકો તફ (કરબલાની જમીન)ના કિનારે હતા તે ઇબ્ને ઝિયાદ કરતા કે જેનું નસબ (વંશ) ઘણું પસ્ત છે અમારાથી ઘણા નજીક હતા. ઝિયાદની મા સુમય્યાની નસલ રેતીની સંખ્યા બરાબર છે અને બિન્તે રસૂલ(સલા.)ની નસલમાં કોઈ બાકી ન રહ્યું.

મનાકિબના લેખકે આ વ્યક્તિનું નામ અબ્દુર્રહમાન બિન હકમ લખ્યું છે. જે યહ્યા બિન હકમ બિન આસનો ભાઇ છે અને અબુલ ફરજ અસ્ફહાનીએ કલ્બીથી રિવાયત કરી છે કે અબ્દુર્રહમાન બિન હકમ બિન આસ તે સમયે યઝીદની પાસે બેઠો હતો, જ્યારે ઇબ્ને ઝિયાદે તેની પાસે હુસૈન(અલ.)નું સર મોકલ્યું અને જ્યારે હુસૈન(અલ.)નું સર થાળીમાં રાખીને યઝીદની સામે રાખવામાં આવ્યું તો અબ્દુર્રહમાને કહ્યુ :

اَبْلِغْ اَمِيْرَ الْمُؤْمِنِيْنَ فُلَانٌ كَنَكُوْتَرٍ قُوْسٌ لَيْسَ لَهَا نَبْلٌ "અમીરૂલ મોઅમેનીન સુધી આ વાત પહોંચાડી દો કે અમે એવી કમાન નથી કે જેમાં તીર ન હોય."

પરંતુ ઇબ્ને નુમાએ આ શેઅરને હસન બિન હસન તરફ નિસ્બત આપી છે. (મુસીરૂલ અહઝાન પા-૧૦૦)

યઝીદે તેની છાતી પર માર્યું અને કહ્યું : ચુપ થઈ જાઓ. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પા-૧૧૯) બીજી રિવાયતમાં આવ્યુ છે કે યઝીદે અબ્દુર્રહમાનના કાનથી મોં લગાવીને કહ્યું : સુબ્હાનલ્લાહ ! શું આ સમય આવી વાત કહેવાનો છે ? શું ચુપ ન રહી શકતા હતા ? (અદ્દમઅતુસ્સાકેબા ભાગ-૫ પા-૯૪)

ત્યાર પછી દરબારવાળાઓને સંબોધીને યઝીદે કહ્યું : આ વ્યક્તિ એટલે ઇમામ હુસૈન(અલ.)

મોટો બનતો હતો અને કહેતો હતો : મારા વાલિદ યઝીદના બાપથી અફઝલ છે, મારી મા યઝીદની માથી બેહતર છે અને મારા દાદા તેના દાદાથી બેહતર છે અને હું પોતાને તેનાથી અફઝલ સમજુ છું એટલા જ માટે મેં તેને કતલ કરી નાખ્યો.

રહી આ વાત કે મારા વાલિદ યઝીદના બાપથી બેહતર છે. મારા બાપનો તેમના વાલિદ સાથે જે મામલો થયો તેના માટે હકમૈન(પંચ)ની જરૂરત પેશ આવી અને અલ્લાહે મારા બાપના હકમાં ફેંસલો કર્યો.

અને તેમનું આ કહેવું કે મારી વાલેદહ યઝીદની માથી અફઝલ છે. હાં કસમ મારી જાનની કે ફાતેમા બિન્તે રસૂલ(સલ.) મારી માથી બેહતર છે.

અને તેમનું આ કથન કે મારા દાદા તેના દાદાથી ઉચ્ચ છે, હાં, સર્વમાન્ય છે કે જે ખુદા અને

કયામતના દિવસ પર ઈમાન રાખે છે તે આ નથી કહી શકતો કે મારા દાદા મોહંમદ(સલ.)થી બેહતર છે. (આ વાત યઝીદના બેઈમાન હોવાની સ્પષ્ટ સાબિતી છે. કેમ કે તે કહે છે જે વ્યક્તિ ખુદા અને કયામતના દિવસ પર ઈમાન રાખે છે. યઝીદ આવું નથી કહેતો કે હું કહું છું કે હુસૈન(અલ.)ના દાદા મારા દાદાથી બેહતર છે.)

હવે તેમનું આ રીતે કહેવું : કે હું યઝીદથી અફઝલ છું તો શાયદ તેણે આ આયતની તિલાવત ન કરી હતી قُلِ اللّٰهُمَّ مَالِكَ الْمُلْكِ "તમે કહી દો અલ્લાહ હુકૂમતનો માલિક છે." (સૂ. મુલ્ક આ-૨૬, બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૩૧)

ત્યાર પછી યઝીદે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ને કહ્યું : ફરઝંદે હુસૈન(અલ.) તમારા વાલિદે રિશ્તેદારીનો ખ્યાલ ન રાખ્યો અને

મારો હોદ્દો, મરતબો ન જોઈ શક્યા, મારી બાદશાહત પર મારી સાથે લડી પડ્યા અને અલ્લાહે તેમની સાથે જે કર્યું તે તમે પણ જોઇ લીધું છે.

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ આ આયત પઢી :

مَا أَصَابَ مِنْ مُّصِيبَةٍ فِي الْأَرْضِ وَلَا فِي أَنفُسِكُمْ إِلَّا فِي كِتَابٍ مِّن قَبْلِ أَن نَّبْرَأَهَا إِنَّ ذَٰلِكَ عَلَى اللَّهِ يَسِيرٌ

(સૂ. હદીદ આ-૨૨)

જે કોઇ પણ આફત ઝમીન પર કે તમારી જાત પર પડે છે આ પહેલાં કે અમે તેને અસ્તિત્વમાં લાવીએ એક કિતાબ (લૌહે મહફૂઝ)માં લખાએલું મોજુદ હોય છે. બેશક આ કાર્ય અલ્લાહ માટે (ઘણું) સહેલું છે.

"યઝીદે પોતાના દીકરા ખાલિદને કહ્યું : આનો જવાબ આપો ! પરંતુ ખાલિદથી કોઈ જવાબ ન બની શક્યો. યઝીદે કહ્યું : કહી દો !"

وَمَاأَصَابَكُمۡمِّنۡمُّصِيبَةٍفَبِمَاكَسَبَتۡأَيۡدِيكُمۡوَيَعۡفُوعَنكَثِيرٍ

(સૂ. શૂરા આ-૩૦)

"અને જે કંઇ મુસીબત તમને પહોંચે છે તે તમારા કારણે છે અને તે ઘણીખરી ભૂલોથી દરગુજર કરતો રહે છે."

ઇબ્ને શહરઆશુબ કહે છે : ત્યાર પછી ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું : અય મઆવિયા, હિન્દા અને શખરના દીકરા, નબુવ્વત અને ઇમામત તે સમયથી અમારા બુઝુર્ગોમાં ચાલી આવે છે જ્યારે તારૂ અસ્તિત્વ પણ ન હતું. બેશક જંગે બદર અને ઓહદ અને અહઝાબમાં રસૂલ(સલ.)નો પરચમ મારા દાદા અલી ઇબ્ને

અબીતાલિબના હાથમાં હતો અને કાફિરોનો ઝંડો તારા દાદાના હાથમાં હતો.

ત્યાર પછી ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ આ શેઅર પઢ્યા :

مَاذَاتَقُوْلُوْنَاِذْقَالَالنَّبِيُّلَكُمْ

مَاذَافَعَلْتُمْوَاَنْتُمْآخِرُالْاُمَمِ

بِعِتْرَتِيْوَبِاَهْلِيْبَعْدَمُفْتَقَدِيْ

مِنْهُمْاُسَارٰيوَمِنْهُمْمُضَرَّجٌوَابِدَمِ

તે સમયે શું જવાબ આપશો જ્યારે રસૂલ(સલ.) તમને પૂછશે, તમે છેલ્લી ઉમ્મત હતા. મારા પછી તમે મારી ઇતરત સાથે કેવો વર્તાવ કર્યો. તેમાંથી અમુકને કતલ કર્યા અને બાકીને કેદી બનાવી લીધા.

પછી આપ(અલ.)એ પોતાની તકરીર શરૂ રાખી અને ફરમાવ્યું : અય યઝીદ તબાહી છે તારા માટે જો તને ખબર હોત કે તેં કેટલું ખરાબ કામ કર્યું છે અને મારા બાબા એહલેબૈત(અલ.) અને મારા કાકાઓની સાથે કેવો વર્તાવ કર્યો છે. તું બેશક પહાડો, જંગલમાં નીકળી જાત, ગરીબીને પસંદ કરત અને અફસોસની અવાજ બુલંદ કરત કે તેં મારા વાલેદૈન અલી વ ફાતેમાના જિગરના ટુકડાના સરને શહેરના દરવાજા પર લટકાવી રાખ્યું છે. અમે તમારા દરમિયાન રસૂલ(સલ.)ની અમાનત છીએ, જેથી તને ખુશખબર આપુ છું કે કાલે તું પસ્તાવો કરીશ અને ઝલીલ થઈ જઇશ અને આ કયામતનો દિવસ હશે જ્યારે લોકો જમા થશે. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૩૫)

બીજી રિવાયતમાં આવ્યું છે કે યઝીદે હઝરત ઝયનબ(સલા.) તરફ જોઇને કહ્યું : કઈં કહો!

હઝરત ઝયનબ(સલા.)એ ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ની તરફ ઇશારો ફરમાવ્યો : અમારા પ્રતિનિધિ આ છે. ત્યાર પછી ઇમામ(અલ.)એ આ શેઅર પઢ્યા :

لَاتَطْمَعُوا اَنْتُهِيْنُوْنَا فَنُكْرِمَكُمْ

وَاَنَّكُفَّالْاَذِيَعَنْكُمْوَتُؤْذُوْنَا

وَاللّٰهُيَعْلَمُاِنَّالَانُحِبُّكُمْ

وَلَانَلُوْمَكُمْاَنْتُحِبُّوْنَا

તમારે અમારૂ અપમાન કરીને અમારાથી સન્માનની ઉમ્મીદ ન રાખવી જોઇએ. અમે તો તમને તકલીફ પહોંચાડવાથી બચાવીએ અને તમે

જાણીબુઝીને અમને તકલીફ પહોંચાડો, અલ્લાહ જાણે છે કે તમે અમને જરા પણ પસંદ નથી અને અમે તમને આ વાત પર નિંદા નથી કરતા કે તમે અમને પસંદ નથી કરતા.

યઝીદે કહ્યું : સાચુ કહો છો જવાન ! પરંતુ તમારા બાપદાદા બાદશાહ બનવા ઇચ્છતા હતા. શુક્ર છે અલ્લાહનો કે તેણે તેમને કતલ કર્યા અને તેમનું લોહી વહાવ્યું. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૭૫)

તે સમયે એક શામીએ સકીના બિન્તે હુસૈન(અલ.) તરફ ઇશારો કરી યઝીદને કહ્યું : આ કનીઝ મને બખ્શી આપો, આ સાંભળી સકીના ધ્રૂજી ઊઠી. પોતાની ફોઇ ઝયનબથી લપટાઈ ગઈ અને કહ્યું : અય ફોઈ ! યતીમ થઈ હવે કનીઝ બનવાની વારી છે. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૭૫)

ઝયનબ(સલા.)એ શામીને સંબોધીને ફરમાવ્યું: તમારી અને યઝીદમાં આ તાકાત નથી કે આ બાળકીને કનીઝીમાં લઇ શકો.

યઝીદે ઝયનબ(સલા.)ને કહ્યું : અલ્લાહની કસમ હું તેને કનીઝીમાં લઇ શકુ છું.

ઝયનબ(સલા.)એ ફરમાવ્યું : અલ્લાહની કસમ અલ્લાહે તને એટલી તાકાત અને પ્રભુત્વ કદી

પણ નથી આપ્યું સિવાય કે તું ઇસ્લામથી ફરીને બીજો દીન અપનાવી લે.

યઝીદને ગુસ્સો આવી ગયો, કહેવા લાગ્યો મારી સાથે આ વાત કરવાની રીત છે ? તમારા બાપ અને ભાઇ દીનથી નીકળી ગયા.

ઝયનબ(સલા.)એ ફરમાવ્યું : જો તું મુસલમાન છે તો તેં, તારા બાપે અને તારા દાદાએ, અલ્લાહનો, મારા બાપ અને ભાઇનો દીન અપનાવ્યો છે. યઝીદે કહ્યું: અય દુશ્મને ખુદા ! જુઠ બોલો છો.

ઝયનબ(સલા.)એ ફરમાવ્યું : જાહેરમાં તુ અમીર અને બાદશાહ છે અને ગાળો આપે છે અને હુકૂમતના કારણે ગમે તેવું બકે છે.

અહીં જાણે યઝીદને શરમ આવી અને તે ચુપ થઈ ગયો.

સૈયદની રિવાયતમાં આવ્યું છે કે શામીએ પૂછ્યું : આ કોની દીકરી છે ? યઝીદે કહ્યું : સકીના બિન્તુલ હુસૈન છે અને આ ઝયનબ બિન્તે અલી ઇબ્ને અબીતાલિબ છે.

શામીએ કહ્યું : તે હુસૈન(અલ.) જે ફાતેમા(સલા.) અને અલી(અલ.)ના દીકરા છે!

યઝીદે કહ્યું : હા

શામીએ કહ્યું : અય યઝીદ અલ્લાહ તારા પર લઅનત કરે, તુ ખાનદાને રસૂલ(સલ.)ને કતલ કરે છે અને તેમની ઔલાદને કેદ કરે છે, અલ્લાહની કસમ હું તો તેમને રૂમના કેદી સમજતો હતો.

યઝીદે શામીને કહ્યું : અલ્લાહની કસમ હું તને પણ આ લોકો પાસે પહોંચાડી દઇશ અને તેની ગરદન ઉડાવી દેવાનો હુકમ આપી દીધો. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૨૬)

પછી યઝીદે કોઇ ચેલાને કહ્યું : મારી લાકડી લાવો અને તેને અહલેબયત(અલ.)ની સામે ઇમામ હુસૈન(અલ.)ના મુબારક દાંતો પર મારી.

ઝયનબ(સલા.)એ આ દૃશ્ય જોયું તો ફરમાવ્યું :

يٰاحُسَيْنَاه ! يَاحَبِيْبَرَسُوْلِاللهِ ! يَابْنَمَكَّةَوَمِنٰى !

يَابْنَفَاطِمَةَ!الزَّهْراءسَيِّدَةِالنِّسَاء! يَابْنَبِنْتِالْمُصْطَفٰى

એવું સખત રડવું હતું કે જેનાથી દરબારનો દરેક વ્યક્તિ રડવા પર મજબૂર થઈ ગયો અને યઝીદે હાથ રોકી લીધો. અચાનક યઝીદના મહેલમાંથી કોઈ હાશમી સ્ત્રીના રડવાની અવાજ સાંભળવામાં આવી જે કહી રહી હતી :

يَاحَبِيْبَاه ! يَاسَيِّدَاَهْلِبَيْتَاهُ! يَابْنَمُحَمَّداه ! يَارَبِيْعَالْاَرَامِلِوَ

الْيَتَامٰى ! يَاقَتِيْلَاَوْلَادِالْاَدْعِيَاءِ۔

સંદર્ભોમાં આ નથી લખ્યું કે આ અવાજ કોની હતી. પરંતુ હાશમી સ્ત્રીથી આ વાત સમજમાં આવે છે કે અહલેબયત(અલ.)માંથી કોઈ સ્ત્રી હતી. જે અન્ય સ્ત્રીઓ સાથે દરબારમાં લાવવામાં આવી હતી.

આ અવાજ સાંભળીને દરબારમાં હાજર બધા જ લોકો રડવા લાગ્યા. (અદ્દમ્અતુસ્સાકેબા ભાગ-૫ પા-૧૦૫)

જ્યારે યઝીદે અહલેબયત(અલ.)ની સ્ત્રીઓના રડવાની અને વા હુસૈના ફરિયાદની અવાજ સાંભળી તો નિંદા કરી રહ્યો હોય તે રીતે કહ્યું :

يَاصَيْحَةً تُحْمَدُ مِنْ سَوَائِحِ

مَا أَهْوَنَ الْمَوْتَ عَلَيَّ النَّوَائِحِ

આ હાય, વિલાપ, રૂદન કરવાવાળી સ્ત્રીઓ કરે તો પસંદીદા છે. નૌહા કરવાવાળીઓ પર સગાઓની મોત કેટલી આસાન છે.

ત્યાર પછી લાકડીને ઇમામ હુસૈન(અલ.)ના હોઠો અને દાંતો પર (કે જેને રસૂલ(સલ.) ચૂમતા હતા) મારીને અબ્દુલ્લાહ બિન ઝબઅરીના (અબ્દુલ્લાહ બિન ઝબઅરી જાહિલિયતના જમાનામાં રસૂલ(સલ.) અને આપના અસ્હાબનો સખત દુશ્મન હતો. ઝબાન અને દિલ બંને રીતે દુશ્મની રાખતો હતો. રસૂલ(સલ.)એ મક્કા ફતેહ કર્યું તો તે ભાગીને નજરાન ચાલ્યો ગયો. પરંતુ ફરી રસૂલ(સલ.)ની ખિદમતમાં હાજર થઈ પસ્તાવો કર્યો અને મુસલમાન થઇ ગયો. યઝીદે તેના આ શેઅર પઢ્યા.) શેઅર પઢ્યા જેનો તરજુમો આ છે :

"અય કાશ બદરમાં માર્યા ગએલા મારા બુઝુર્ગો કબીલએ ખઝરજના ભાલા વાગવાથી

નીકળતી આહ અને રૂદનને જોતે તો ખુશીથી ઉછળી પડત અને કહેત : અય યઝીદ તારા હાથ લકવા ન મારે, આ તો હુકૂમત પ્રાપ્ત કરવા માટે બની હાશિમનો ઢોંગ હતો, નહીં તો કોઈ ખબર આવી છે અને ન વહી નાઝિલ થઇ છે. જો હું અહમદની અવલાદથી તેમણે કરેલા કામોનો બદલો ન લઉં તો ખન્ઝફની અવલાદથી નથી." આ શેઅર અબ્દુલ્લાહ ઝબઅરીએ જંગે ઓહદમાં અસ્હાબે રસૂલ(સલ.)ના શહીદ થયા પછી કહ્યા હતા. (કમકામ ઝખ્ખાર પા-૫૬૧) જો કે પહેલો બંદ ઝબઅરીનો છે અને બીજો તથા ત્રીજો બંદ સ્વયં યઝીદનો છે.

અબુ બરઝા અસલમી (અબુ બરઝા અસલમીનું અસલ નામ ફઝલા બિન ઉબૈદ છે. રસૂલ(સલ.)ના સહાબી હતા, બસરામાં રહેતા હતા. કહેવામાં આવે છે કે ૬૪ હિજરીમાં ઇન્તેકાલ થયો. - અલ-ઇસ્તીઆબ ભાગ-૪ પા-૧૩૨) કહે છે : અય

યઝીદ બરબાદી છે તારા માટે, ફરઝંદે ફાતેમા, હુસૈન(અલ.)ના દાંત પર લાકડી મારે છે જ્યારે કે મેં રસૂલ(સલ.)ને આ હોઠો અને દાંતોને ચૂમતા જોયા છે અને હસન અને હુસૈન(અલ.)ને ફરમાવતા હતા તમે બંને જન્નતના જવાનોના સરદાર છો. અલ્લાહ તમારા કાતિલને નાબૂદ કરશે અને તેના પર લઅનત કરશે અને તેના માટે જહન્નમ તૈયાર કરી રાખી છે.

આ સાંભળી યઝીદને ગુસ્સો આવી ગયો અને તેમને દરબારથી કાઢી નાખ્યા. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૩૨)

યઝીદે ઇમામ હુસૈન(અલ.)ના હોઠો અને દાંતો પર લાકડી મારતા પવિત્ર સરને સંબોધન કરીને કહ્યું : અય હુસૈન(અલ.) મારી નવાજિશ, મહેરબાનીઓ કેવી જોઇ ?

એક કનીઝ યઝીદના મહેલથી બહાર નીકળી આવી હતી, તેણે જ્યારે આ કષ્ટદાયક દૃશ્ય જોયું તો કહ્યું : અલ્લાહ તારા શરીરના ટુકડે ટુકડા કરી દે અને આખેરતની આગ પહેલા તને દુનિયાની આગમાં સળગાવે, અય મલઊન ! જે દાંતો પર તું લાકડી મારી રહ્યો છે રસૂલ(સલ.) તેને ચૂમતા હતા.

યઝીદે કહ્યું : અલ્લાહ તને સમજે, આ મજલિસમાં તું આ કેવી વાતો કરી રહી છે ?

કનીઝે કહ્યું : મેં અર્ધનિંદ્રાની સ્થિતિમાં જોયું કે આસમાનના દરવાજા ખુલી ગયા છે અને આસમાનથી નૂરની એક સીડી જમીન પર આવી છે અને બે જવાન લીલા રંગનો પોશાક પહેરેલા તે સીડીથી જમીન પર આવ્યા, જન્નતની ઝબરજદની એક ચાદર તેમના માટે બિછાવવામાં આવી છે જેનું નૂર પૂર્વથી પશ્ચિમ સુધી ફેલાઇ ગયું. અચાનક તે જ સીડીથી એક દરમિયાની કદનો માણસ નીચે

આવ્યો, તે ચાદર પર બેસી ગયો અને ઉંચા અવાજે કહ્યું : અય બાબા આદમ આવો, બાબા ઇબ્રાહીમ આવો, ભાઇ મૂસા અને ભાઇ ઈસા આવો, ત્યાર પછી મેં એક સ્ત્રીને જોઇ જે વિખરેલા વાળે ફરીયાદ કરી રહી છે. માં હવ્વા, સારા, બહેન મરિયમ અને અમ્માં ખદીજા આવો, ગૈબી અવાજ આપનારે અવાજ કરી.

તે સમયે ફાતેમા ઝહરા(સલા.)એ ફરમાવ્યું : બાબા શું આપે ન જોયું કે આપની ઉમ્મતે મારા દીકરા હુસૈન(અલ.)સાથે કેવો વર્તાવ કર્યો છે ?

આ સાંભળી રસૂલ(સલ.) અને આપ(સલ.)ના સાથી રડવા લાગ્યા. ત્યાર પછી હઝરત આદમ(અલ.) તરફ જોઇને કહ્યું : બાબા આદમ, આપે ન જોયું કે મારા પછી ઝાલિમોએ મારા દીકરા હુસૈન(અલ.) સાથે કેવો વર્તાવ કર્યો

છે? કયામતના દિવસે તેમને મારી શિફાઅત નસીબ નહીં થાય.

હઝરત આદમ(અલ.) તેમના સાથી અને ફરિશ્તાઓ રડવા લાગ્યા. ત્યાર પછી મેં લગભગ એંસી હજાર વ્યક્તિઓને જોઇ. તેમની આગળ આગળ એક જવાન હતો જેના હાથમાં લીલા રંગનો પરચમ હતો. આ માણસોના હાથોમાં આગનું હથિયાર હતુ તેને હલાવતા કહી રહ્યા હતા. અય આગ આ મહેલવાળા "યઝીદ બિન મઆવિયાને" સળગાવી દે, તે સમયે મેં તને ફરીયાદ કરતો જોયો, આગ, આગ, આગથી ક્યાં ભાગવાનું છે.

યઝીદે કનીઝનું ખ્વાબ સાંભળી કહ્યું : બરબાદી છે તારા માટે, આ કેવું ખ્વાબ હતું, તું મને લોકોની સામે શર્મન્દા અને ઝલીલ કરવા ચાહે છે. ત્યાર પછી આ કનીઝનું સર કલમ કરવાનો હુકમ આપી દીધો. (રિયાઝુલ અહઝાન પા-૧૨૨)

પ્રકરણ : ૩૧

યઝીદ શરાબ પીએ છે

યઝીદે જવની શરાબ માંગી, (હરવીએ ઇમામ રઝા(અલ.)થી વર્ણન કર્યું છે કે સૌથી પહેલા જવની શરાબ પીવાનો હુકમ યઝીદે આપ્યો હતો અને સૌથી પહેલા તેણે તે સુફરા પર પીધી હતી જ્યાં ઇમામ હુસૈન(અલ.)નું સર રાખ્યું હતુ. અહલેબયત(અલ.)ના દુશ્મનો આ સુફરા પર ખાવાનું ખાઈને અને શરાબ પીને આ મોટી મુસીબત પર ખુશી મનાવતા હતા. ઇમામ રઝા(અલ.)એ ફરમાવ્યું : અમારા શીઆઓ કદી પણ જવની શરાબ નથી પીતા કે તે અહલેબયત(અલ.)ના દુશ્મનોથી ખાસ છે. - ઉયૂનુલ અખબાર ૨૨/૨) તેમાંથી અમુક પીધી અને પોતાના માણસને આપીને કહ્યું : આ

બરકતવાળી શરાબ છે તેની એક બરકત આ છે કે જ્યારે તેનો પહેલો જામ પીવું છું તો અમારા દુશ્મન હુસૈન(અલ.)નું સર અમારા સુફરા પર હોય છે. એટલા જ માટે અમારા ખાવાનો સુફરો બિછાવેલો છે અને સુફૂનની સાથે ખાઇ રહ્યા છીએ અને શરાબ પી રહ્યા છીએ.

જનાબે સકીના(સલા.) ફરમાવે છે : અલ્લાહની કસમ મેં યઝીદથી મોટો કાફિર, ઝાલિમ અને પથ્થરદિલ નથી જોયો.

(કમકામ ઝખ્ખાર પા-૫૭૭)

રૂમનો એલચી યઝીદના દરબારમાં

રૂમનો એલચી જે આ કષ્ટદાયક દૃશ્ય જોઈ રહ્યો હતો, યઝીદને કહ્યું : તમારી સામે આ કોનું સર છે ? યઝીદે આશ્ચર્યથી પૂછ્યું આ સવાલ તમે કેમ કર્યો?

તેણે કહ્યું : જ્યારે હું રૂમ જઇશ તો મને અહીંની પરિસ્થિતિઓ વિશે જરૂર પૂછવામાં આવશે. મને ખુશીનું કારણ માલુમ હોવું જોઇએ, જેથી કેસરે રૂમને બતાવી શકું કે તે પણ તેનાથી ખુશ થાય.

યઝીદે કહ્યું : આ સર ફાતેમા બિન્તે મુહંમદના દીકરા હુસૈન(અલ.)નું છે.

રૂમના એલચીએ કહ્યું : મુહંમદ(સલ.) તે જ જે તમારા પૈગંબર(સલ.) છે ?

યઝીદે કહ્યું : હા.

રૂમના એલચીએ કહ્યું : તેમના વાલિદનું નામ શું છે?

યઝીદે કહ્યું : અલી ઇબ્ને અબીતાલિબ રસૂલ(સલ.)ના કાકાના દિકરા.

રૂમના એલચીએ કહ્યું : નાબૂદ થઈ જાય તમારો મઝહબ, મારો દીન તમારા દીનથી બેહતર છે. કેમ કે મારા વાલિદ દાઉદના પોત્ર થાય છે. મારા અને દાઉદના દરમિયાન નસ્લોનું અંતર છે અને અમારા મઝહબનું અનુસરણ કરવાવાળા મારૂં સન્માન કરે છે અને જે ગધેડા પર હઝરત ઇસા(અલ.) એક વખત સવાર થયા હતા તેની પૂંછડીની જગ્યા પર એક ચર્ય બનાવવામાં આવ્યું છે. લોકો તેની ઝિયારત કરે છે અને તુ પોતાના રસૂલ(સલ.)ના દીકરાને કતલ કરે છે!! જ્યારે કે રસૂલ(સલ.) અને હુસૈન(અલ.)ના દરમિયાન એક દીકરી સિવાય અંતર નથી, આ તમારો કેવો દીન છે? (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૪૧)

રિવાયતમાં આવ્યું છે કે : યઝીદે આ વાતો સાંભળીને કહ્યું : આ નસરાનીને અહીં જ કતલ કરી

દેવો જોઇએ, નહીં તો આ અમને પોતાના દેશમાં બદનામ કરશે.

જ્યારે એલચીએ આ સ્થિતિ જોઇ તો કહ્યું : હવે તુ મને કતલ કરવા ચાહે છે તો સાંભળ કે ગઇ રાતના મેં રસૂલે ખુદા(સલ.)ને ખ્વાબમાં જોયા છે તેમણે મને જન્નતની ખુશખબર આપી છે. આ ખ્વાબથી હું આશ્ચર્યમાં હતો, હવે તેની તાબીર જાહેર થઇ ગઇ. તે ખુશખબર સાચી હતી, ત્યાર બાદ તેણે કલેમો પઢ્યો. ઇમામ હુસૈન(અલ.)ના પવિત્ર સરને સીનાથી લગાવ્યું અને ચુમીને કતલ થયા સુધી રડતો રહ્યો. (અલ-મલહૂફ પા-૭૯)

બીજી રિવાયતમાં છે કે દરબારમાં હાજર લોકોએ રૂમના એલચીના કતલ વખતે ઇમામ હુસૈન(અલ.)ના પવિત્ર સરથી "લા હવ્લ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહ"ની સ્પષ્ટ અવાજ સાંભળી. (મકતલુલ હુસૈન(અલ.) મુકર્રમ પા-૩૫૫)

ઝયનબે કુબરા(સલા.)નો ખુત્બો

અકીલએ બની હાશિમ હઝરત ઝયનબ(સલા.)એ જ્યારે યઝીદની આવી ઉદ્ધતાઇ અને બેશરમી જોઇ અને બીજી તરફ દરબારની સ્થિતિ પણ અનુકુળ જોઇ તો ઉભા થયા અને ફરમાવ્યું :

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَ صَلَّى اللّٰهُ رَسُوْلِهِ وَ آلِهِ اَجْمَعِيْنَ، صَدَقَ اللّٰهُ كَذَالِكَ يَقُوْلُ (ثُمَّ عَاقِبَةُ الَّذِيْنَ اَسَاؤُا السُّوْءٰى اَنْ كَذَّبُوا بِآيَاتِ اللّٰهِ وَ كَانُوا بِهَا يَسْتَهْزِؤُوْنَ

(સૂ. રૂમ આ-૧૦)

اَظُنَنْتَ يَا يَزِيْدُ حَيْثَ اَخَذْتَ عَلَيْنَا اَقْطَارَ الْاَرْضِ وَ آفَاقَ السَّمَاءِ فَاَصْبَحْنَا نُسَاقُ كَمَا تُسَاقُ الْاُسَارٰى اَنَّ بِنَا عَلَى اللّٰهِ هَوَاناً وَ بِكَ عَلَيْهِ كَرَامَةً وَ اَنَّ ذٰلِكَ لِعِظَمِ خَطَرِكَ عِنْدَهٗ

فَشَمِخْتَ بِاَنْفِکَ وَ نَظَرْتَ فِی عِطْفِکَ جَذْلَانَ مَسْرُوْراً حَیْثُ رَاَیْتَ الدُّنْیَا لَکَ مُسْتَوْثَقَۃٌ وَالْاُمُوْرُ مُتَّسِقَۃٌ وَ حِیْنَ صَفَا لَکَ مُلْکُنَا وَ سُلْطَانُنَا، فَمَهْلاً مَهْلاً اَنَسِیْتَ قَوْلَ اللہِ عَزَّ وَ جَلَّ (وَلَا یَحْسَبَنَّ الَّذِیْنَ کَفَرُوْا اَنَّمَا نُمْلِیْ لَهُمْ خَیْرٌ لِاَنْفُسِهِمْ اِنَّمَا نُمْلِیْ لَهُمْ لِیَزْدَادُوا اِثْماً وَ لَهُمْ عَذَابٌ مُهِیْنٌ

(سू. આલે ઇમરાન આ-૧૬૯)

اَمِنَ الْعَدْلِ یَابْنَ الطُّلَقَائِ تَخْدِیْرُکَ حَرَائِرِکَ وَ اِمَائَکَ وَ سَوْقُکَ بَنَاتِ رَسُوْلِ اللہِ صَلَّی اللہُ عَلَیْہِ وَ آلِہِ وَ سَلَّم سَبَایَا قَدْ هَتَکْتَ سُتُوْرَهُنَّ وَ اَبْدَیْتَ وُجُوْهَهُنَّ، تَحْدُو بِهِنَّ الْاَعْدَائُ مِنْ بَلَدٍ اِلٰی بَلَدٍ یَسْتَشْرِفُهُنَّ اَهْلُ الْمَنَاهِلِ وَالْمَنَاقِلِ وَ یَتَصَفَّحُ وُجُوْهَهُنَّ الْقَرِیْبُ وَالْبَعِیْدُ وَالدَّنِیُّ وَالشَّرِیْفُ، لَیْسَ مَعَهُنَّ مِنْ

رِجَالِهِنَّ وَلِيٌّ وَلَا مِنْ حُمَاتِهِنَّ حَمِيٌّ، وَ كَيْفَ يُرْتَجٰى مُرَاقَبَةُ مَنْ لَفِظَ فُوهُ اَكْبَادَ الْاَزْكِيَاءِ وَ نَبَتَ لَحْمُهُ مِنْ دِمَاءِ الشُّهَدَاءِ، وَ كَيْفَ لَا يَسْتَبْطِأُ فِيْ بُغْضِنَا اَهْلَ الْبَيْتِ مَنْ نَظَرَ اِلَيْنَا بِالشَنَفِ وَالشَنَآنِ وَالْاِحَنِ وَالْاَضْغَانِ ثُمَّ تَقُوْلُ غَيْرَ مُتَأَثِّمٍ وَلَا مُسْتَعْظِمٍ۔

لَاَهَلَّوا وَاسْتَهَلُّوا فَرَحاً

ثُمَّ قَالُوْا يَا يَزِيْدُ لَا تُشَلَّ

مُنْتَحِياً عَلٰى ثَنَايَا اَبِي عَبْدِاللهِ سَيِّدَ شَبَابِ اَهْلِ الْجَنَّةِ تَنْكُتُهَا بِمِخْصَرَتِكَ وَ كَيْفَ لَا تَقُوْلُ ذٰلِكَ وَ قَدْ نَكَأَتِ الْقُرْحَةُ وَاسْتَأْصَلْتَ الشَّافَةُ بِاِرَاقَتِكَ دِمَاءِ ذُرِّيَّةِ مُحَمَّدٍ صَلَّى اللهُ عَلَيْهِ وَ آلِهِ وَسَلَّمَ وَ نُجُوْمَ الْاَرْضِ مِنْ آلِ عَبْدِ الْمُطَّلِبِ، وَ تَهْتِفُ

بِاَشْيَاخِکَ زَعَمْتَ اَنَّکَ تُنَادِيْهِمْ، فَلَتَرِدَنَّ وَ شِيکاً مَوْرِدَهُمْ وَ لَتَوَدَّنَّ اَنَّکَ شَلَلْتَ وَ بَکَمْتَ، وَ لَمْ تَکُنْ قُلْتَ وَ فَعَلْتَ مَا فَعَلْتَ۔

اَللّٰهُمَّ خُذْ بِحَقِّنَا وَ أَنْتَقِمْ مِنْ ظَالِمِنَا وَ أَحْلُلْ غَضَبَکَ بِمَنْ سَفَکَ دِمَاءَنَا وَ قَتَلَ حُمَاتَنَا، فَوَاللهِ مَا فَرَيْتَ اِلَّا جِلْدَکَ وَلَا حَزَزْتَ اِلَّا لَحْمَکَ وَ لَتَرِدَنَّ عَلٰى رَسُوْلِ اللهِ بِمَا تَحَمَّلْتَ مِنْ سَفْکِ دِمَاءِ ذُرِّيَّتِهِ وَ أَنْتَهَکْتَ مِنْ حُرْمَتِهِ فِي عِتْرَتِهِ وَلُحْمَتِهِ حَيْثُ يَجْمَعُ اللهُ شَمْلَهُمْ وَ يَلُمُّ شَعْثَهُمْ وَ يَأْخُذَ بِحَقِّهِمْ (وَلَا تَحْسَبَنَّ الَّذِينَ قُتِلُوا فِي سَبِيلِ اللَّهِ أَمْوَاتًا بَلْ أَحْيَاءٌ عِندَ رَبِّهِمْ يُرْزَقُونَ

(સૂ. આલે ઇમરાન આ-૧૬૯)

وَ كَفىٰ بِاللهِ حَاكِماً وَ بِمُحَمَّدٍ صَلَّى اللهُ عَلَيْهِ وَ آلِهِ وَسَلَّمَ خَصِيْماً وَ بِجِبْرَئِيْلَ ظَهِيْراً وَ سَيَعْلَمُ مَنْ سَوّٰى لَکَ وَ مَكَّنَکَ مِنْ رِقَابِ الْمُسْلِمِيْنَ، بِئْسَ لِلظَّالِمِيْنَ بَدَلاً وَ اَيُّكُمْ شَرٌّ مَكَاناً وَ اَضْعَفُ جُنْداً۔

وَ لَئِنْ جَرَّتْ عَلَيَّ الدَّوَاهِي مُخَاطَبَتَکَ اِنِّي لَاَسْتَصْغِرُ قَدْرَکَ وَ اَسْتَعْظِمُ تَقْرِيْعَکَ وَ اَسْتَكْثِرُ تَوْبِيْخَکَ، لٰكِنَّ الْعُيُوْنَ عَبْرىٰ وَالصُّدُوْرَ حَرّىٰ، اَلَا فَالْعَجَبُ كُلُّ الْعَجَبِ لِقَتْلِ حِزْبِ اللهِ النُّجَبَاءِ بِحِزْبِ الشَّيْطَانِ الطُّلَقَاءِ، فَهٰذِهِ الْاَيْدِى تَنْطِفُ مِنْ دِمَائِنَا وَالْاَفْوَاهُ تَتَحَلَّبُ مِنْ لُحُوْمِنَا وَ تِلْکَ الْجُثَثُ الطَّوَاهِرُ الزَّوَاكِي تَنْتَابُهَا الْعَوَاسِلُ وَتُعَفِّرُهَا اُمَّهَاتُ الْفَرَاعِلُ۔

وَ لَئِنِ اتَّخَذْتَنَا مَغْنَمًا لَتَجِدَ بِنَا وَ شِيكاً مَغْرماً حِيْنَ لاتَجِدُ اِلَّا مَا قَدَّمَتْ يَدَاکَ وَمَا رَبُّکَ بِظَلَّامٍ لِلْعَبِيْدِ وَ اِلَى اللهِ الْمُشْتَکىٰ وَ عَلَيْهِ الْمُعَوَّلُ، فَکِدْ کَيْدَکَ وَ أَسْعَ سَعْيَکَ وَ نَاصِبْ جُهْدَکَ فَوَاللهِ لاتَمْحُو ذِکْرَنَا وَلا تُمِيتُ وَحْيِنَا وَلَا تُدْرِکُ اَمَدَنَا وَلا تَرْحَضُ عَنْکَ عارَهَا، وَ هَلْ رَأْيُکَ اِلَّا فَنَدٌ وَ اَيَّامُکَ اِلَّا عَدَدٌ، وَ جَمْعُکَ اِلَّا بَدَدٌ؟ يَوْمَ يُنَادِى الْمُنَادِى : اَلَا لَعْنَةُ اللهِ عَلَى الظَّالِمِيْنَ۔

وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ الَّذِى خَتَمَ لِاَوَّلِنَا بِالسَّعَادَةِ وَالْمَغْفِرَةِ وَلِآخِرِنَا بِالشَّهَادَةِ وَالرَّحْمَةِ، وَ نَسْأَلُ اللهَ اَنْ يُکْمِلَ لَهُمُ الثَّوَابَ وَ يُوجِبَ لَهُمُ الْمَزِيْدَ وَ يُحْسِنَ عَلَيْنَا الْخِلَافَةَ اِنَّهُ رَحِيْمٌ وَدُوْدٌ، حَسْبُنَا اللهُ وَنِعْمَ الْوَكِيْلُ

(સૂ. આલે ઇમરાન આ-૧૭૩)

તમામ તારીફ, વખાણ આલમીનના પરવરદિગાર માટે છે, દુરૂદો સલામ રસૂલ(સલ.) પર અને તેમની સંતાન પર, અલ્લાહે સાચુ ફરમાવ્યું છે : બુરા કામો કરવાવાળાઓનો અંજામ આ હતો કે તે અલ્લાહની આયતોને જુઠલાવતા અને તેની મશ્કરી કરતા હતા. અય યઝીદ તું એમ સમજે છે કે તેં જમીન અને આસમાનને અમારા પર તંગ કરી દીધા છે અને અમને કેદી બનાવીને એક શહેરથી બીજા શહેર ફેરવ્યા અને આ ખ્યાલ કરે છે કે અલ્લાહે તને ઇઝ્ઝત બખ્શી અને અમને રૂસ્વા કર્યા ? તું એમ સમજે છે કે આનાથી તું અલ્લાહના નજીક ઇઝ્ઝતદાર બની ગયો છે ? એટલા જ માટે ગુરૂરથી જુએ છે અને ઘમંડની સાથે ચાલતો ફરે છે અને પોતાની હુકુમત અને તેની વ્યવસ્થિત બાબતોને જોઇને પોતાને કંઈ સમજવા લાગ્યો છે.

જરા હોશમાં આવ, શું તું અલ્લાહના આ કલામને ભુલાવી બેઠો છે, "કાફિર આ ખ્યાલ ન કરે કે આ મોહલત જે તેમને આપવામાં આવી છે આ તેમના માટે બેહતરીન મોકો છે, બલકે આ મોહલત અમે તેમની આઝમાઇશ માટે આપી છે જેથી તે પોતાની નાફરમાનીમાં હજુ વધારો કરી લે કે તેમના માટે અઝાબ અને ઝિલ્લત છે." અય તોલકાના દીકરા(આઝાદ થએલાના દીકરા)! શું આ ઇન્સાફ છે કે તુ પોતાની સ્ત્રીઓ અને કનીઝોને ઇઝ્ઝત સાથે પરદામાં બેસાડે અને રસૂલ(સલ.)ની દીકરીઓને કેદ કરીને એક શહેરથી બીજા શહેર ફેરવે, તેમનું અપમાન કરે, તેમના સર ખુલા રાખીને લોકોને તમાશો દેખાડે જેથી નજીકના અને દૂરના શરીફ અને પસ્ત બધા તેમને જુએ, પુરૂષોમાંથી કોઇ તેમની સાથે નથી, ન કોઇ મદદગાર અને ન રક્ષણહાર.

પરંતુ કલેજું ચાવવાવાળીના દીકરા! તેનાથી કઇ રીતે હમદર્દીની આશા કરાય કે જેનું ગોશ્ત શહીદોના ખૂનથી બન્યું છે અને જેના દિલમાં અમારા તરફથી કીનો અને હસદ ભરેલો છે. તેનાથી આ સિવાય શું ઉમ્મીદ કરી શકાય. આટલા મોટા ગુનાહને તું મામુલી સમજે છે અને પોતાના આ બુરા અમલ અને ઝલીલ હરકત પર પોતાના કાફિર બાપ-દાદા પર ગર્વ કરે છે અને આ ઉમ્મીદ કરે છે કે કાશ તે આજે હોત અને તેં જે બેરહમીથી કતલ કર્યા છે તેને જોઇને ખુશ થાત અને તારો શુક્રિયા અદા કરત.

અબુ અબ્દિલ્લાહ અને જન્નતના જવાનોના સરદારના દાંતો પર લાકડી મારે છે. આ કેમ નથી કહેતો કે આ ઝખમને નાસૂર કરી દીધુ છે અને તેમની જડો કાપી નાખી છે અને ફરઝંદે રસૂલ(સલ.)ને કે જે આલે અબ્દુલ મુત્તલિબ અને

જમીનના તારાઓમાંથી હતા કતલ કરીને હવે પોતાના બુઝુર્ગોને બોલાવી રહ્યો છે. ઝરા રોકાઈ જા! વધારે સમય નથી કે તુ તેમની સાથે જોડાઈ જઇશ અને તે વખતે આ આરઝુ કરીશ કે તારા હાથ બેકાર થઈ ગયા હોત અને ઝબાન ગુંગી થઈ ગઈ હોત અને ઝબાન પર આ વાત ન લાવત અને આ અપશબ્દો ન કહેત! અય અલ્લાહ આનાથી અમારો હક અને બદલો લે અને તે ઝાલિમો પર કે જેમણે અમારૂ લોહી વહાવ્યું છે પોતાનો અઝાબ નાઝિલ ફરમાવ.

અય યઝીદ ! અલ્લાહની કસમ તેં તારા જ ગોશ્તના ટુકડા કર્યા છે અને તું રસૂલ(સલ.)ની તે ગુનાહના બોજ સાથે મુલાકાત કરીશ જે તારા ખભા પર છે. તેં આલે રસૂલ(સલ.)નું લોહી વહાવ્યું છે, તેમની કોઇ ઇઝ્ઝત ન સમજી અને તેમના હરમને કેદ કર્યા છે જ્યારે કે અલ્લાહતઆલા તેમની

વેરવિખેરતાને સમૂહમાં બદલી નાખશે અને તેમનો બદલો લેશે. જે રાહે ખુદામાં કતલ થયા છે તેમને મુરદા ખ્યાલ ન કરો બલકે તેઓ જીવતા છે અને અલ્લાહની બારગાહમાં રોઝી મેળવે છે. યઝીદ તારા માટે આટલું જ કાફી છે કે અલ્લાહ હાકેમ છે અને મોહંમદ(સલ.) તારા દુશ્મન અને જિબ્રઈલ તેમની હિમાયત કરવાવાળા અને જેણે તારા માટે રસ્તો બનાવ્યો છે અને તને મુસલમાનો પર કાબુ આપ્યો છે તને નજીકમાં જ ખબર પડી જશે કે ઝાલિમોની શું સજા છે અને આ પણ જાણી લેશે કે તમારામાંથી કોણ વધારે ખરાબ અને કોની ફોજ કમજોર છે.

અગરચે જમાનાની મુસીબતોએ મને અહીં લાવીને ઉભી કરી છે કે હું તારી સાથે વાત કરૂં, પરંતુ મારી નજરોમાં તારી આટલી પણ હેસિયત નથી કે હું તારી નિંદા કરૂં અથવા તને ધિક્કારૂં પરંતુ

શું કરૂં મારી આંખો આંસુથી ભરેલી અને દિલ ઝખ્મી છે. આશ્ચર્યની જગ્યા છે કે અલ્લાહવાળાઓ શયતાનની તાબેદારી કરવાવાળાઓના હાથે માર્યા જાય, અમારા લોહીથી તમારા હાથ રંગાએલા છે, તમારા મોઢાથી અમારા ગોશ્તના રેશા નીકળી રહ્યા છે અને આ પાકીઝા જિસ્મોની આસપાસ હિંસક પશુઓ દોડી રહ્યા છે.

જે વસ્તુને તું આજે ફાયદામંદ સમજી રહ્યો છે કાલે તે જ તારા માટે નુકસાનવાળી સાબિત થશે અને જે કંઈ તેં કર્યું છે તેને જોઇ લઈશ, અલ્લાહ બંદાઓ પર ઝુલ્મ નથી કરતો, હું તેની પાસે શિકાયત કરૂ છું અને તેના પર જ ભરોસો કરૂ છું. જે ચાલાકીથી કામ લેવા ચાહે છે લઈ લે અને જે કોશીશ કરવા ચાહે છે તેનાથી પણ સંકોચ ન કર. અલ્લાહની કસમ! તું અમારી મોહબ્બતને દિલોથી નહીં કાઢી શકે અને ન અમારી વહીને મિટાવી શકે

છે, અમારા મરતબા સુધી નહીં પહોંચી શકે અને તે ઝુલ્મનો ધબ્બો જે તારા દામન પર લાગ્યો છે તું તેને કદી ધોઇ નહીં શકે, તારી કોઇ પણ વાતનો ભરોસો નથી, તારી બાદશાહતનો સમય ટૂંકો છે. નજીકમાં જ તારો સમૂહ વેરવિખેર થઇ જશે અને તે દિવસે ગયબી અવાજ પુકારશે અલા લઅનતુલ્લાહે અલલ કૌમિઝ ઝાલેમીન વલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન.

તમામ તારીફો તે અલ્લાહ માટે છે જેણે અમારી શરૂઆતમાં ખુશબખ્તી અને મગફેરત અને છેલ્લે શહાદત અને રેહમત કરાર દીધી છે. અલ્લાહતઆલાથી દુઆ છે કે તેમને ખૂબ જ અજર અતા ફરમાવે અને તેમના અજરમાં વધારો ફરમાવે, તે અમારો બેહતરીન હાકેમ છે. તે સૌથી મોટો મહેરબાન છે. અમે ફકત તેના પર જ ભરોસો કરીએ છીએ.

આ મૌકા પર યઝીદે શામવાળાઓ તરફ જોઇને કહ્યું: આ કેદીઓ વિશે તમારો શું મત છે? તેમને કતલ કરી દઇએ? તેના એક નોકરે કહ્યું : તેમને કતલ કરી દો.

નોઅમાન બિન બશીરે (નોઅમાન બિન બશીર અનસારમાંથી છે અને તેમના બાપ બશીર બિન સઅદ રસૂલ(સલ.)ના સહાબી હતા. આ મઆવિયાના જમાનામાં કુફાના ગવર્નર હતા. ૬૫ હિજરીમાં હુમ્સમાં મૃત્યુ પામ્યા.) કહ્યું : આ જુઓ કે જો રસૂલ(સલ.) હોત તો તે તેમની સાથે શું વર્તાવ કરત, જે તે કરત તે જ કરો. (કમકામ ઝખ્ખાર પા-૫૬૫)

મસઊદી વર્ણન કરે છે કે ઇમામ મોહંમદ બાકિર(અલ.)જેઓ તે સમયે બે વરસ અને અમુક મહિનાના હતા, યઝીદની સામે ઉભા થયા અને અલ્લાહની તારીફ બયાન કર્યા પછી ફરમાવ્યું :

તમને તમારી આસપાસના લોકોએ ફિરઔનના સલાહકારોની વિરૂદ્ધ મશ્વેરો આપ્યો છે. એટલા માટે કે જ્યારે ફિરઓને પોતાના સલાહકારોથી મૂસા(અલ.) અને હારૂનના વિષયમાં મશ્વેરો કર્યો તો તેમણે કહ્યું :

اَرْجِهْ وَاَخَاهُ وَاَرْسِلْ فِي الْمَدَائِنِ حَاشِرِيْنَ

"તેમને અને તેમના ભાઈને મોહલત આપો, શહેરોમાં પોતાના માણસો મોકલી દો અને જાદુગરોને ભેગા કરો." (સૂ. અઅરાફ આ-૧૧૧) પછી જ્યારે જાદુગર આવી જાય તો તેમની પરીક્ષા કરો, પરંતુ આ લોકોએ તો અમારા કતલનો મશ્વેરો આપ્યો છે અને આ કારણ વગર નથી.

યઝીદે પૂછ્યું : કારણ શું છે ?

ઇમામ મોહંમદ બાકિર(અલ.)એ ફરમાવ્યું : તે અકલમંદ, હોશીઆર હતા અને આ લોકો ધોકો

ખાએલા છે, જાહિલ છે. કેમ કે અંબિયા અને તેમની સંતાનને નાપાક જ કતલ કરી શકે છે.

યઝીદે માથું ઝુકાવી લીધુ, પછી પોતાના નોકરોને કહ્યું: આ લોકોને દરબારથી બહાર લઇ જાઓ. (ઇસબાતુલ વસીય્યત પા-૧૭૦)

જનાબે સકીના બાબાના સરને જોઇ રહી હતી. હવે સહન કરવાની શક્તિ ન હતી તેથી કહ્યું : અય યઝીદ! તું રસૂલ(સલ.)ની દીકરીઓને કેદી બનાવે છે. આ સાંભળીને હાજરજનોમાં કોલાહલ મચી ગયો અને દરબારમાં વિરોધની અવાજો બુલંદ થઇ ગઈ.

જ્યારે યઝીદે દરબારનો રંગ બદલાએલો જોયો તો હુસૈન(અલ.)ની દીકરીને કહ્યું : ભત્રીજી ! જે આ લોકોએ કર્યું છે હું તેનાથી રાજી નથી. (કમકામ ઝખ્ખાર પા-૫૨૬)

એક કથન આ છે કે ઇબ્ને મરજાનાને (ઇબ્ને ઝિયાદને) ગાળો આપી અને બધી વસ્તુઓની નિસ્બત તેની તરફ આપી દીધી.

(સ્પષ્ટ છે કે યઝીદે આ મત ત્યારે અપનાવ્યો જ્યારે અહલેબયત(અલ.)એ તેને ઝલીલ કરી નાખ્યો. કેમ કે પહેલા ઇમામ હુસૈન(અલ.)ના ખાનદાનને ઝંજીરોમાં જકડીને લાવ્યો હતો અને તેણે પણ ખુશ થઈને શેઅર પઢ્યા અને ઇમામ હુસૈન(અલ.)ના હોંઠો પર લાકડી મારી હતી.)

છેવટે ઇમામ હુસૈન(અલ.)ના સરને મહેલના દરવાજા પર લટકાવ્યું (જિલાઉલ ઉયૂન શબ્બર ભાગ-૨ પા-૨૬૩) અને અહલેબયત(અલ.)ને કેદખાનામાં લઈ જવાનો હુકમ આપ્યો. ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) પણ તે જ

કેદખાનામાં હતા. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પા-૧૨૨)

અહલેબયત(અલ.)ની દીકરીઓ અને સ્ત્રીઓના રડવાની અવાજ શહેરમાં ગુંજી રહી હતી. શામવાળાઓ પણ તેમની સાથે રડી રહ્યા હતા. યઝીદની સ્ત્રીઓ અને મઆવિયા અને અબુસુફ્યિાનની છોકરીઓએ ઘરેણા ઉતારી નાખ્યા હતા અને માતમી પોશાક પહેરી લીધો હતો અને અહલેબયત(અલ.)ની સાથે અઝાદાર બની ગઇ હતી. (કમકામ ઝખ્ખાર પા-૫૭૧ પર છે કે યઝીદે અહલેબયત(અલ.)ને પોતાની સ્ત્રીઓ પાસે મોકલ્યા, એટલા માટે કે તેમની સામે મોટો બને કે મેં હુસૈન(અલ.) અને તેના સહાબીઓ પર ફતેહ પામી છે અને આ તેમના અહલેબયત છે જેમને કેદ કરીને શામ લાવ્યો છું.)

પ્રકરણ : ૩૨

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)નો ખુત્બો

ઇમામ ઝયનુલ અબેદીન(અલ.)એ યઝીદને કહ્યું : હું જુમ્આના દિવસે મસ્જિદમાં ખુત્બો આપવા ચાહુ છું. યઝીદે કહ્યું : ઠીક છે, જુમ્આનો દિવસ આવ્યો તો યઝીદે પોતાના દરબારી ખતીબોમાંથી એકને મિમ્બર પર મોકલ્યો અને તેને કહ્યું : જ્યાં સુધી થઈ શકે અલી અને હુસૈન(અલ.)નું અપમાન કરો અને શેખૈન અને યઝીદના વખાણ કરો અને તે ખતીબે(પ્રવકતા) આવું જ કર્યું.

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ યઝીદને કહ્યું : મને ખુત્બો પઢવાની રજા આપવામાં આવે, પોતાનો વાયદો પુરો કર. યઝીદ પોતાના વાયદા પર પસ્તાઇ રહ્યો હતો. તે ઇચ્છતો ન હતો કે ઇમામ(અલ.) ખુત્બો આપે. મુઆવિયા બિન

યઝીદે બાપને કહ્યું : એમના ખુત્બાનો શું અસર થશે? રજા આપો જેથી તેમને જે કહેવું હોય તે કહે. (યઝીદના એક છોકરાનું નામ મઆવિયા હતું, જે સારો હતો. ફકત ચાલીસ દિવસ હુકુમત પર બેઠો અને ત્યાર બાદ હુકુમત છોડી દીધી. –અનુવાદક)

યઝીદે કહ્યું : આ ખાનદાનની લાયકાતોને તું નથી જાણતો, આ લોકો ઇલ્મ અને ફસાહત એકબીજાથી વારસામાં પ્રાપ્ત કરે છે, હું ડરૂ છું કે તેમના ખુત્બાથી શહેરમાં ફિત્નો ન ઉભો થઇ જાય અને તેની આફત અમારા સર પર આવી પડે.

યઝીદે આ પ્રસ્તાવ કબુલ ન કર્યો તો લોકોએ આગ્રહ કર્યો કે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ને મિમ્બર પર જવાની રજા આપવામાં આવે.

યઝીદે કહ્યું : જો આ મિમ્બર પર ચાલ્યા ગયા તો અબુ સુફિયાનના ખાનદાનને ઝલીલ કર્યા

વગર નહીં ઉતરે. યઝીદને કહેવામાં આવ્યું કે આ જવાન શું કરી શકે છે.

યઝીદે કહ્યું : તેમનો સંબંધ તે ખાનદાનથી છે કે જેમના બાળકો પણ આલિમ હોય છે. ટૂંકમાં એ કે શામવાળાઓના આગ્રહ પર યઝીદે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ને મિમ્બર પર જવા માટે સહમતિ દર્શાવી.

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) મિમ્બર પર તશરીફ લઈ ગયા અને અલ્લાહની હમ્દ, વખાણ પછી ખુત્બો શરૂ કર્યો, બધા જ લોકો રડી રહ્યા હતા. આપ(અલ.)એ ફરમાવ્યું:

اَيُّهَا النَّاسُ ! أُعْطِيْنَا سِتًّا وَ فُضِّلْنَا بِسَبْعٍ : أُعْطِيْنَا الْعِلْمَ وَالْحِلْمَ وَالسَمَاحَةَ وَالْفَصَاحَةَ وَالشَّجَاعَةَ وَالْمَحَبَّةَ فِيْ قُلُوْبِ الْمُؤْمِنِيْنَ، وَ فُضِّلْنَا بِاَنَّ مِنَّا النَّبِيَّ الْمُخْتَارَ مُحَمَّداً وَ مِنَّا الصِدِّيْقُ

وَ مِنَّا الطَّيَّارُ وَ مِنَّا اَسَدُ اللهِ وَ اَسَدُ رَسُوْلِهِ وَ مِنَّا سِبْطاً هٰذِهِ الْاُمَّةِ۔

مَنْ عَرَفَنِي فَقَدْ عَرَفَنِيْ وَ مَنْ لَمْ يَعْرِفْنِيْ اَنْبَأْتُهُ بِحَسَبِيْ وَ نَسَبِيْ۔

اَيُّهَا النَّاسُ ! اَنَا أَبْنُ مَكَّةَ وَ مِنٰى، اَنَا أَبْنُ زَمْزَمَ وَالصَّفَا، اَنَا أَبْنُ مَنْ حَمَلَ الرُّكْنَ بِاَطْرَافِ الرِّدا، اَنَا أَبْنُ خَيْرِ مَنِ ائْتَزَرَ وَ أرْتَدىٰ، اَنَا أَبْنُ خَيْرَ مَنِ أنْتَعَلَ وَ اَحْتَفٰى، اَنَا أَبْنُ خَيْرِ مَنْ طَافَ وَ سَعىٰ، اَنَا أَبْنُ خَيْرِ مَنْ حَجَّ وَ لَبّٰى، اَنَا أَبْنُ خَيْرِ مَنْ حُمِلَ عَلَى الْبُراقِ فِي الْهَواء، اَنَا أَبْنُ مَنْ اُسْرِىَ بِهِ مِنَ الْمَسْجِدِ الحَرَامِ اِلَى الْمَسْجِدِ الْاَقْصىٰ، اَنَا أَبْنُ مَنْ بَلَغَ بِهِ جِبْرَئِيْلُ اِلىٰ سِدْرَةِ الْمُنْتَهىٰ، اَنَا أَبْنُ مَنْ دَنَا فَتَدَلّٰى فَكَانَ قابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰى، اَنَا أَبْنُ مَنْ صَلّٰى بِمَلائِكَةِ السَّمَاء، اَنَا أَبْنُ مَنْ اَوْحٰى

اِلَيۡهِ الۡجَلِيۡلُ مَا اَوۡحٰى، اَنَا اَبۡنُ مُحَمَّدٍ الۡمُصۡطَفٰى، اَنَا اَبۡنُ عَلِيٍّ الۡمُرۡتَضٰى، اَنَا اَبۡنُ مَنۡ ضَرَبَ خَرَاطِيۡمَ الۡخَلۡقِ حَتّٰى قَالُوۡ : لَا اِلٰهَ اِلَّا اللهُ۔

اَنَا اَبۡنُ مَنۡ ضَرَبَ بَيۡنَ يَدَىۡ رَسُوۡلِ اللهِ بِسَيۡفَيۡنِ وَ طَعَنَ بِرُمۡحَيۡنِ وَ هَاجَرَ الۡهِجۡرَتَيۡنِ وَ بَايَعَ الۡبَيۡعَتَيۡنِ وَ قَاتَلَ بِبَدۡرٍ وَ حُنَيۡنٍ وَ لَمۡ يَكۡفُرۡ بِاللهِ طَرۡفَةَ عَيۡنٍ، اَنَا اَبۡنُ صَالِحِ الۡمُؤۡمِنِيۡنَ وَ وَارِثِ النَّبِيِّيۡنَ وَ قَامِعِ الۡمُلۡحِدِيۡنَ وَ يَعۡسُوۡبِ الۡمُسۡلِمِيۡنَ وَ نُوۡرِ الۡمُجَاهِدِيۡنَ وَ زَيۡنِ الۡعَابِدِيۡنَ وَ تَاجِ الۡبَكَّائِيۡنَ وَ اَصۡبَرِ الصَّابِرِيۡنَ وَ اَفۡضَلِ الۡقَائِمِيۡنَ مِنۡ آلِ يَاسِيۡنَ رَسُوۡلِ رَبِّ الۡعَالَمِيۡنَ، اَنَا اَبۡنُ الۡمُؤَيَّدِ بِجَبۡرَئِيۡل، اَلۡمَنۡصُوۡرِ بِمِيۡكَائِيۡل۔

اَنَا اَبْنُ الْمُحَامِیْ عَنْ حَرَمِ الْمُسْلِمِیْنَ وَ قَاتِلِ الْمَارِقِیْنَ وَ النَّاکِثِیْنَ وَالْقَاسِطِیْنَ وَالْمُجَاهِدِ اَعْدَاءَهُ النَّاصِبِیْنَ، وَ اَفْخَرُ مَنْ مَشیٰ مِنْ قُرَیْشٍ اَجْمَعِیْنَ، وَ اَوَّلُ مَنْ اَجَابَ وَ أسْتَجَابَ لِلّٰهِ وَ لِرَسُوْلِهِ مِنَ الْمُؤْمِنِیْنَ، وَ اَوَّلُ السَّابِقِیْنَ، وَ قَاصِمُ الْمُعْتَدِیْنَ وَ مُبِیْدُ الْمُشْرِکِیْنَ، وَ سَهْمٌ مِنْ مَرَامِی اللّٰهِ عَلَی الْمُنَافِقِیْنَ، وَ لِسَانُ حِکْمَةِ الْعَابِدِیْنَ وَ نَاصِرُ دِیْنِ اللّٰهِ وَ وَلِیُّ اَمْرِ اللّٰهِ وَ بُسْتَانُ حِکْمَةِ اللّٰهِ وَ عَیْبَةُ عِلْمِهِ، سَمْحٌ، سَخِیٌّ، بَهِیٌّ، بَهْلُوْلٌ، زَکِیٌّ، اَبْطَحِیٌّ، رَضِیٌّ، مِقْدَامٌ، هُمَامٌ، صَابِرٌ، صَوّامٌ، مُهَذَّبٌ، قَاطِعُ الاَصْلَابِ وَ مُفَرِّقُ الْاَحْزَابِ، اَرْبَطُهُمْ عِنَاناً وَ اَثْبَتُهُمْ جِنَاناً، وَ اَمْضَاهُمْ عَزِیْمَةً وَ اَشَدُّهُمْ شَکِیْبَةً، اَسَدٌ باسِلٌ، یَطْحَنُهُمْ فِی الْحُرُوبِ اِذَا اَزْدَلَفَتِ الْاَسِنَّةُ وَ قَرُبَتِ الْاَعِنَّةُ

طَحْنَ الرَّحٰى، وَ يَذْرَؤُهُمْ فِيْهَا ذَرْوَالرِّيحِ الْهَشِيْمِ، لَيْثُ الْحِجَازِ وَ كَبْشُ الْعِرَاقِ، مَكِّيٌّ مَدَنِيٌّ خَيْفِيٌّ عَقَبِيٌّ بَدْرِيٌّ اُحُدِيٌّ شَجَرِيٌّ مُهَاجِرِيٌّ۔

مِنَ الْعَرَبِ سَيِّدُهَا، وَ مِنَ الْوَغٰى لَيْثُهَا، وارِثُ الْمَشْعَرَيْنِ وَ اَبُو السِّبْطَيْنِ: الْحَسَنِ وَالْحُسَيْنِ، ذاکَ جَدِّی عَلِیُّ بْنُ اَبِیْ طَالِبٍ۔

અય લોકો ! અલ્લાહે અમને છ ખૂબીઓ અર્પણ કરી છે અને અમને સાત વિશિષ્ટતાઓ દ્વારા અન્યો પર ફઝીલત આપી છે. અમને ઇલ્મ, સહિષ્ણુતા, સખાવત, ફસાહત (છટાદાર વાણી) બહાદુરી અને મોમીનોના દિલોમાં મોહબ્બત આપી છે અને અન્યો પર આ રીતે ફઝીલત આપી કે રસૂલે સિદ્દીક, અમીરૂલ મોઅમેનીન અલી(અલ.), જઅફરે તૈયાર, શેરે ખુદા અને શેરે રસૂલ હમઝા, રસૂલ(સલ.)ના બંને ફરઝંદો ઇમામ હસન(અલ.)

અને ઇમામ હુસૈન(અલ.) અમારામાં કરાર દીધા છે. (ખુત્બામાં શ્રેષ્ઠતાના સાત કારણો ઝિક્ર થયા છે. પરંતુ છ બાબતોથી વધારે બયાન ન થઈ, બહાઇ કામિલમાં વર્ણન થયું છે કે સાતમી બાબત આ છે કે દજ્જાલને કતલ કરવાવાળા મેહદી અમારામાંથી છે. - નફસુલ મહમૂમ પા-૪૫૦)

આ ટૂંકમાં ઓળખ પછી જે મને જાણે છે તે જાણે છે. જે નથી જાણતા તો તેમના માટે હું મારા બાપ દાદા અને ખાનદાનની ઓળખ કરાવું છું અને તેમના ઝરીઆથી પોતાને ઓળખાવું છું.

અય લોકો ! હું મક્કા અને મિનાનો દીકરો છું, હું ઝમઝમ અને સફાનો ફરઝંદ છું, હું તેનો દીકરો છું કે જેણે પોતાની ચાદરમાં હજરે અસવદને રાખીને તેની જગ્યા પર મૂકયો. હું બેહતરીન તવાફ અને સઈ કરવાવાળાની યાદગાર છું, હું બેહતરીન હજ કરવાવાળા અને લબ્બૈક કહેવાવાળાઓનો પ્રિય

ફરઝંદ છું, હું બુરાક પર સવાર થવાવાળાઓનો ફરઝંદ છું, હું તે જ પૈગંબરની આંખોનું નૂર છું જેમણે એક રાતમાં મસ્જિદુલ હરામથી મસ્જિદે અકસા સુધી પરવાઝ કરી, હું તેમનો દીકરો છું જેમને જિબ્રઈલ સિદરતુલ મુન્તહા સુધી લઈ ગયા અને રબના મકામે કુરબતથી અલ્લાહતઆલાથી નજીક લઈ ગયા, હું તેનો દીકરો છું જેણે આસમાનના ફરિશ્તાઓ સાથે નમાઝ પઢી, હું તેનો દીકરો છું જેના પર અલ્લાહે વહી નાઝિલ કરી, હું મોહંમદે મુસ્તફા(સલ.)અને અલીયે મુર્તઝા(અલ.)નો દીકરો છું, હું તેનો દીકરો છું જેણે ધમંડી લોકોની નાક ઘસીને કલેમએ તૌહીદ પઢાવ્યો, હું તેનો ફરઝંદ છું જે રસૂલ(સલ.)ની તરફથી બે તલવારો અને બે ભાલાથી જંગ કરતા હતા. જેણે બે વખત હિજરત અને બે વખત બયઅત કરી. જેણે બદર અને હુન્ૈનમાં કાફિરો સાથે જંગ કરી, જેણે આંખ

પલક ઝપકતા જેટલું પણ કુફ્ર ન અપનાવ્યું. હું નેક મોમિનો અને અંબિયાના વારિસનો ફરઝંદ છું. હું મુશરિકોને કતલ કરવાવાળા, મુસલમાનોના અમીર, મુજાહિદોના રહેબર, આબિદોની ઝીનત અને ખૌફે ખુદામાં રડવાવાળાઓના ગર્વનો દીકરો છું. હું સહિષ્ણુતા ધરાવનાર લોકોમાં સૌથી વધુ સહનશીલ અને રસૂલ(સલ.)ના અહલેબયતમાં બેહતરીન નમાઝ પઢવાવાળાઓનો દીકરો છું. હું તેનો ફરઝંદ છું કે જિબ્રઈલે જેમનું સમર્થન અને મીકાઇલે જેમની મદદ કરી. હું તેનો દીકરો છું જેણે મુસલમાનોના હરમનો બચાવ કર્યો અને મારેકીન, નાકેસીન અને કાસેતીન સાથે જંગ કરી, હું તેનો ફરઝંદ છું જે કુરૈશમાં સૌથી બેહતર છે. હું તેનો દીકરો છું કે જેણે મોમીનોમાં સૌથી પહેલા ખુદા અને રસૂલ(સલ.)ની દઅવત કબૂલ કરી, હું ઈમાનની તરફ સૌથી પહેલા આગળ વધનારાઓનો દીકરો છું અને નાફરમાનોની

કમર તોડનારાઓનો દીકરો છું. હું મુશરિકોને તલવારથી કતલ કરનારનો દીકરો છું. હું તેનો ફરઝંદ છું જે મુનાફિકો માટે અલ્લાહની તલવાર, અલ્લાહના બંદાઓ માટે હિકમત (તત્વજ્ઞાન)ની ઝબાન, અલ્લાહના દીનના રક્ષણહાર અને તેના વલીએ અમ્ર છે. અલ્લાહની હિકમતના બાગ અને ઇલાહી ઇલ્મ ધરાવનાર છે.

તે જવાન મર્દ સખી, શરીફ, નેકીઓને ભેગી કરવાવાળા, સૈયદ, મહાન, અબતહી, ખુદાની રઝા પર રાજી રહેવાવાળા, મુશ્કેલીઓમાં આગળ વધવાવાળા, સબ્ર કરવાવાળા, હંમેશા રોઝો રાખવાવાળા, દરેક ગંદકીથી પાક અને ખૂબ જ નમાઝી હતા.

તેણે પોતાના દુશ્મનોની નસલને કાપી નાખી અને કુફ્ફના ટોળાને વેરવિખેર કરી નાખ્યો. તે મજબૂત દિલ ધરાવનાર, પાકો ઇરાદો ધરાવનાર

હતા અને જ્યારે જંગમાં ભાલા એકબીજાથી જોડાઇ જતા હતા તો આપ સિંહની જેમ તેમને વેરવિખેર કરી નાખતા હતા અને ધંટીની જેમ તેમને દળી નાખતા હતા. તે હિજાઝના સિંહ, ઇરાકના સરદાર છે. તે મક્કી, મદની, ખૈફી, અકબી, બદરી, ઉહદી, શજરી અને મુહાજરી છે. (રિસાલતના શજરા(વંશ)થી છે અને બયઅતે શજરહમાં શરીક હોવાના કારણે શજરી કહ્યું અને મક્કાથી મદીના હિજરત કરી એટલે મુહાજરી કહ્યું.) આ બધી જગ્યાઓ પર તે હાજર હતા, તે અરબના સૈયદ અને મેદાને જંગના સિંહ અને બે મશઅરના (શક્ય છે બે મશઅરનો મતલબ બે જન્નત હોય, કારણ કે મશઅર તે જગ્યાને કહે છે જ્યાં ઘણા બધા ઝાડ હોય છે. આ રીતે બે જન્નતોના વારિસ છે. આયતમાં આવ્યુ છે وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهٖ جَنَّتَانِ "જે મકામે રબથી

ડરે છે તેના માટે બે જન્નત છે." અને શક્ય છે મશઅરનો મતલબ મુઝદલેફા હોય કે જ્યાં હાજીઓ દસમી ઝિલ્હજની રાતમાં સૂર્ય નીકળતા સુધી રહે છે. આ રીતે બે મશઅરનો મતલબ મુઝદલેફા અને અરફાત છે.) વારિસ છે અને હસન વ હુસૈન(અલ.)ના વાલિદ છે. તે જ કે જેનાથી આ ખૂબીઓ અને સિફતો વિશિષ્ટ છે મારા દાદા અલી ઇબ્ને અબીતાલિબ(અલ.) છે.

ત્યાર પછી ફરમાવ્યું : હું ફાતેમા ઝહરા(સલા.)નો ફરઝંદ છું. હું સૈયદતુન્નિસાઅનો દીકરો છું. આ બહાદુરીભર્યા કલામો એવી રીતે બયાન કર્યા કે લોકો ખૂબ જ રડવા લાગ્યા, યઝીદને ડર લાગ્યો કે ક્યાંક ઇન્કેલાબ ન આવી જાય, એટલા માટે તેણે મોઅઝ્ઝિનને અઝાન આપવાનો હુકમ આપ્યો. આ રીતે તે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ને ચુપ કરવા ચાહતો હતો.

મોઅઝ્ઝિન ઉભો થયો. અઝાન શરૂ કરી, જ્યારે તેણે કહ્યું : અલ્લાહો અકબર, ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું : બેશક અલ્લાહથી બુઝુર્ગ અને મોટો કોઈ નથી. મોઅઝ્ઝિને અશ્હદો અન લાઇલાહા ઇલ્લલ્લાહ કહ્યું તો ઇમામ(અલ.)એ ફરમાવ્યું : મારૂં ગોશ્ત અને ચામડી, બલકે શરીરનો દરેક વાળ અલ્લાહની એકતાની ગવાહી આપે છે.

અને જ્યારે મોઅઝ્ઝિને અશ્હદો અન્ન મોહમ્મદર રસૂલુલ્લાહ કહ્યું તો ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ યઝીદને ફરમાવ્યું : આ મોહમ્મદ(સલ.) જેનું નામ અઝાનમાં લેવામાં આવ્યું છે તેઓ મારા નાના છે કે તારા ? જો તારા નાના હતા તો આ જૂઠ છે અને આ તારા કાફિર થવાનું કારણ છે અને જો આ મારા નાના છે તો તેમના ખાનદાનને તેં કેમ કબુલ ન કર્યા ?

મોઅઝ્ઝિને બાકી અઝાન પૂરી કરી, યઝીદે આગળ વધીને ઝોહરની નમાઝ પઢી. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૩૭)

બીજી રિવાયતમાં આવ્યું છે કે જ્યારે મોઅઝ્ઝિને અશ્હદો અન્ન મોહમ્મદર રસૂલુલ્લાહ કહ્યું તો ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ પોતાનો અમ્મામો માથાથી ઉતારીને મોઅઝ્ઝિનને ફરમાવ્યું : તને આ મોહમ્મદ(સલ.)ના હકનો વાસ્તો, તરત જ રોકાઈ જા, પછી યઝીદને સંબોધીને ફરમાવ્યું: આ રસૂલ(સલ.) મારા નાના છે કે તારા? જો તુ કહે છે કે તારા નાના છે તો બધા જાણે છે કે આ જૂઠ છે અને જો મારા નાના છે તો મારા વાલિદને ઝુલ્મથી કેમ કતલ કર્યા ? તેમનો માલ-અસબાબ કેમ લૂટ્યો અને તેમના અહલેબયત(અલ.)ને શા માટે કેદ કર્યા છે ? આ કહીને આપ(અલ.) રડ્યા અને ફરમાવ્યું : અલ્લાહની કસમ જો કોઈ દુનિયામાં એવો છે કે

જેના નાના રસૂલ(સલ.) છે તો તે હું છું. તો પછી આ લોકોએ મારા વાલિદને કેમ કતલ કર્યા છે અને અમને રૂમીઓની જેમ કેમ કેદ કર્યા છે ? ત્યાર પછી ફરમાવ્યું : અય યઝીદ આટલો મોટો ઝુલ્મ કર્યો છે અને પછી કહે છે કે મોહમ્મદ(સલ.) અલ્લાહના રસૂલ(સલ.) છે? કિબ્લા રૂખ ઉભો થાય છે, બરબાદી છે તારા માટે કયામતના દિવસે મારા નાના અને વાલિદ તારા દુશ્મન હશે.

યઝીદે બુમો પાડીને મોઅઝ્ઝિનને કહ્યું : ઇકામત કહો! લોકોના દરમિયાન શોર બકોર થવા લાગ્યો, અમુકે નમાઝ પઢી અને ઘણાં બધા નમાઝ પઢ્યા વગર વેરવિખેર થઈ ગયા. (નફસુલ મહમૂમ પા-૪૫૧)

બીજી રિવાયતમાં આવ્યું છે કે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું :

اَنَا اَبْنُ الْحُسَيْنِ الْقَتِيْلِ بِكَرْبَلا، اَنَا اَبْنُ عَلِيٍّ الْمُرْتَضٰى، اَنَا اَبْنُ مُحَمَّدٍ الْمُصْطَفٰى، اَنَا اَبْنُ فَاطِمَةَ الزَّهْراء، اَنَا اَبْنُ خَدِيْجَةَ الْكُبْرٰى، اَنَا اَبْنُ سِدْرَةِ الْمُنْتَهٰى، اَنَا اَبْنُ شَجَرَةِ طُوْبٰى، اَنَا اَبْنُ الْمُرَمَّلِ بِالدِّمَاءِ، اَنَا اَبْنُ مَنْ بَكٰى عَلَيْهِ الْجِنُّ فِي الظَّلْماءِ، اَنَا اَبْنُ مَنْ ناحَ عَلَيْهِ الطُّيُوْرُ فِي الْهَواءِ۔

હું શહીદે કરબલાનો ફરઝંદ છું, હું અલીયે મુર્તઝા(અલ.)નો ફરઝંદ છું, હું મોહંમદ મુસ્તફા(સલ.)નો ફરઝંદ છું, હું ફાતેમા ઝહરા(સલા.)નો ફરઝંદ છું. હું ખદીજએ કુબરાનો ફરઝંદ છું, હું સિદરતુલ મુન્તહાનો ફરઝંદ છું, હું શજરએ તૂબાનો ફરઝંદ છું, હું તેનો ફરઝંદ છું જેના માતમમાં જિન્નાતો રડ્યા. હું તેનો ફરઝંદ છું જેના પર પક્ષીઓએ નૌહા કર્યા. (નફસુલ મહમૂમ પા-૪૫૧)

ઇમામ(અલ.)ના ખુત્બાની અસરો

હાજરજનો ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ના આ ખુત્બાથી ઘણા પ્રભાવિત થયા. આપે પોતાના ખુત્બાથી તેમનામાં બેદારી લાવી દીધી અને તેમને નિડરતા હિંમત બખ્શી, આ સમૂહમાં એક યહૂદી આલિમ પણ હતો. તેણે યઝીદને પૂછ્યું આ જવાન કોણ છે ?

યઝીદે કહ્યું : આ અલીયુબ્નુલ હુસૈન છે.

તેણે પૂછ્યું : કોણ હુસૈન ?

યઝીદે કહ્યું : અલી ઇબ્ને અબીતાલિબ(અલ.)ના દીકરા.

તેણે ફરી પૂછ્યું : તેમની વાલેદહ કોણ છે ?

યઝીદે કહ્યું : મોહંમદ(સલ.)ની દીકરી.

યહૂદીએ કહ્યું : સુબ્હાનલ્લાહ ! આ તમારા રસૂલ(સલ.)ની દીકરીનો ફરઝંદ છે જેને તમે કતલ

કર્યા છે ? તમે રસૂલે ખુદા(સલ.)ના કેટલા ખરાબ તાબેદાર છો! અલ્લાહની કસમ જો અમારા પૈગંબર મૂસા ઇબ્ને ઇમરાનની કોઇ અવલાદ હોત તો અમે ઇબાદતની હદ સુધી તેમનું સન્માન કરત. જ્યારે કે તમારા રસૂલ(સલ.)ની કાલે વફાત થઈ છે અને આજે તમે એમના દીકરા વિરૂદ્ધ બગાવતનો પરચમ બુલંદ કરીને તેમને કતલ કરી દીધા ? અફસોસ છે તમારા હાલ પર.

યહૂદીની આ વાત પર યઝીદને ગુસ્સો આવી ગયો. નોકરોને કહ્યું : જરા તેની ખબર લો, યહૂદી આલિમ ઉભો થયો અને કહ્યું : જો તમે મને કતલ કરવા ઇચ્છો છો તો મને કોઈ પરવા નથી. મેં તો તૌરાતમાં જોયું છે કે જે અવલાદે રસૂલ(સલ.)ને કતલ કરે છે તેના પર હંમેશા લઅનત થઇ છે અને તેનું ઠેકાણું જહન્નમ છે. (હયાતુલ ઇમામિલ હુસૈન અલ. ભાગ-૩ પા-૩૯૫)

ત્યાર પછી યઝીદે હુકમ આપ્યો કે સરે હુસૈન(અલ.)ને મહેલના દરવાજા પર લટકાવી દો.

હિન્દ યઝીદની પત્ની, અબ્દુલ્લાહ બિન આમિરની દીકરીએ જ્યારે આ સાંભળ્યું કે ઇમામ હુસૈન(અલ.)નું સર તેના ઘરના દરવાજા પર લટકાવવામાં આવ્યું છે તો તે પરદાથી બહાર નીકળી અને યઝીદની પાસે આવી, જ્યારે કે યઝીદ તે સમયે સામાન્ય લોકોની સભામાં બેઠો હતો.

હિન્દે યઝીદને કહ્યું : અય યઝીદ! ફાતેમા બિન્તે રસૂલ(સલ.)ના દીકરાનું સર મારા દરવાજા પર લટકાવવામાં આવે ?

યઝીદ ઉભો થયો અને તેના પર ચાદર નાખીને કહ્યું: હા. હુસૈન(અલ.) પર આંસુ વહાવી અને રસૂલ(સલ.)ના દીકરા પર રડો કે તેમના પર કુરૈશના બધા કબીલા રડ્યા છે, હુસૈન(અલ.)ને

કતલ કરવામાં ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે જલ્દી કરી, ખુદા તેને નાબૂદ કરે.

(બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૪૨. આવા બનાવોના કારણે યજીદની ખુશી અને હુસૈન(અલ.)ના હોઠ પર લાકડી મારીને શેઅર પઢવાવાળી સ્થિતિ ખતમ થઈ ગઈ અને તે કત્લે હુસૈન(અલ.)થી પોતાનું દામન બચાવવા લાગ્યો અને તેની નિસ્બત ઇબ્ને ઝિયાદ તરફ આપવા લાગ્યો. ઇબ્ને જવઝીએ તઝકેરહમાં અને ઇબ્ને અસીરે કામિલમાં વર્ણન કર્યું છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.)નું સર શામ લાવવામાં આવ્યું તો પહેલા યઝીદ ખુશ થયો અને ઇબ્ને ઝિયાદના આ કામથી રાજી થયો અને તેના માટે તોહફા, ઇનામ મોકલ્યા, બાદમાં લોકોના ગુસ્સાના કારણે અને શામવાળાઓની નારાજગીના કારણે પસ્તાવો કરવા લાગ્યો અને કહ્યું : ખુદા લઅનત કરે મરજાનાના

દીકરા પર કે તેણે હુસૈન(અલ.) પર એટલી સખ્તી કરી કે તેમણે મોતને આસાન સમજી લીધી અને શહીદ થઈ ગયા. યઝીદ કહેતો હતો : મેં ઇબ્ને ઝિયાદનું શું બગાડ્યું છે કે તેણે પરહેઝગાર લોકોના દરમિયાન મને બદનામ કર્યો છે અને મારી દુશ્મનીના બીજ તેમના દિલમાં ઉગાડ્યા છે. - કમકામ ઝખ્ખાર પા-૫૭૭)

મિનહાલ બિન અમ્ર

શામમાં એક દિવસ ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ની મુલાકાત મિન્હાલ બિન અમ્ર સાથે થઈ, મિન્હાલે ઇમામ(અલ.)ને પૂછ્યું : ફરઝંદે રસૂલ(સલ.) આપે કઈ સ્થિતિમાં રાત પસાર કરી છે? આપ(અલ.)એ ફરમાવ્યું: આ ઉમ્મતમાં અમે બની ઇસરાઈલની જેમ પોતાના જમાનાના ફિરઔનના પંજામાં ગિરફતાર છીએ, મર્દોને તેમણે કતલ કર્યા છે. સ્ત્રીઓને વિધવા કરી દીધી છે. અરબ, અજમવાળાઓ (બિન અરબ) પર ગર્વ કરે છે કે મોહંમદ(સલ.) અમારામાંથી છે અને કુરૈશના કબીલા અન્ય કબીલાઓ પર ગર્વ કરે છે. રસૂલે ખુદા(સલ.) કુરૈશી છે અને અમે તેમની અવલાદ છીએ. અમારો હક છીનવી લીધો. નાહક અમારૂ લોહી વહાવવામાં આવ્યું. અમને વતનથી બેવતન

કરવામાં આવ્યા. ફઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઊન. (અલ-મલહૂફ પા-૮૧ પરંતુ એહતેજાજ ભાગ-૨, પા-૧૩ માં આ વાત મકહૂલ પૈગંબર(સલ.)ના સહાબીથી વર્ણન થઇ છે.)

હર્સ બિન કઅબ ઇમામ હુસૈન(અલ.)ની દીકરીથી વર્ણન કરે છે કે તેમણે કહ્યું : યઝીદે અમને એવા મકાનમાં કેદ કર્યા હતા કે જેના પર છત ન હતી, સૂરજની ગરમીથી અમારી ચામડી બળતી હતી. (અમાલી શેખ સદૂક મજલિસ-૩૧ હદીસ-૪)

શામીઓને યઝીદથી નફરત

જ્યારે શામવાળાઓને આ ખબર પડી કે યઝીદે રસૂલ(સલ.)ના અહલેબયત(અલ.) પર ઝુલ્મ કર્યા છે તો તે લોકો પણ તેનાથી નફરત કરવા લાગ્યા અને તેને બુરૂભલુ કહેવા લાગ્યા. આ પરિસ્થિતિ જોઇને યઝીદ અહલેબયત(અલ.) સાથે નરમ વર્તાવ કરવા લાગ્યો. (એમાં કોઇ શક નથી કે યઝીદે આ વર્તન એટલા માટે બદલ્યું હતું કે સમાજમાં ઇન્કેલાબ પેદા ન થાય.) તબરી લખે છે કે : જ્યારે પણ યઝીદ જમવા માટે સુફરા પર બેસતો હતો તો અલી ઇબ્ને હુસૈન(અલ.)ને બોલાવતો અને તે જ સુફરા પર બેસતો અને કહેતો મારી સાથે ખાઓ. (તારીખે તબરી ભાગ-૫ પા-૨૩૩)

યઝીદે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ને કહ્યું : મને આપના વાલિદ પર આશ્ચર્ય છે કે તેમણે આપનું નામ અલી કેમ રાખ્યું.

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું : મારા વાલિદ હુસૈન(અલ.) પોતાના વાલિદથી ખૂબ જ મોહબ્બત કરતા હતા એટલા માટે તેમણે પોતાના દીકરાઓનું નામ અલી રાખ્યું. (રિયાઝુલ અહઝાન પા-૧૨૫)

હિન્દનું સ્વપ્ન

હિન્દ યઝીદની પત્ની કહે છે : એક રાતના મેં ખ્વાબમાં જોયું કે આસમાનમાં એક દરવાજો ખુલી ગયો છે અને ફરિશ્તાઓ સમૂહમાં નીચે ઊતરી રહ્યા છે અને ઇમામ હુસૈન(અલ.)ના સર પાસે ભેગા થઈ રહ્યા છે અને આ રીતે કહી રહ્યા છે :

اَلسَّلَامُ عَلَيْكَ يَا اَبَا عَبْدِ اللهِ ! اَلسَّلَامُ عَلَيْكَ يَابْنَ رَسُولِ اللهِ!

તે જ સમયે વાદળનો એક ટુકડો જોયો કે જે આસમાનથી નીચે આવી રહ્યો છે અને તેના પર ઘણાં બધા પુરૂષો સવાર છે, તેમના દરમિયાન એક પુરૂષને જોયો જેનો ચહેરો ચાંદની જેમ ચમકી રહ્યો હતો, તે હુસૈન(અલ.)ના ગાલ પર ગાલ રાખી તેમના હોઠોને ચૂમી રહ્યા છે અને કહી રહ્યા છે : દીકરા તેમણે તમને કતલ કર્યા. તમને ન ઓળખ્યા, તમને પાણી ન પીવડાવ્યું, દીકરા હું

તમારા નાના ના અલ્લાહનો રસૂલ છું, આ તમારા બાબા અલી મુર્તઝા(અલ.) છે. આ તમારા ભાઇ હસન છે. આ તમારા કાકા જઅફર, આ અકીલ, આ હમઝા અને અબ્બાસ છે. પછી એક પછી એક તમામ અહલેબયત(અલ.)ના નામ બતાવ્યા. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૯૬)

હિન્દ કહે છે : હું ભયભીત થઈને જાગી ગઈ અને હુસૈન(અલ.)ના સરની તરફ ધ્યાન ગયું તો જોયું કે તેની ચારેય તરફ નૂરનો ઘેરાવ છે, હું યઝીદની પાસે ગઈ. જોયું કે તેનો ઓરડો અંધકારમાં ડૂબેલો છે અને દીવાર તરફ મોઢું ફેરવીને કહી રહ્યો છે **مالِيوَللحسين** હુસૈન(અલ.)એ મારૂ શું બગાડ્યું હતું, જ્યારે મેં તેના ચહેરા તરફ નજર નાખી તો સ્પષ્ટ રીતે ગમગીનીની અસર જોઇ, મેં તેને પોતાનું ખ્વાબ બયાન કર્યું અને તે

માથુ ઝુકાવીને મારી વાતો સાંભળતો રહ્યો. (આ લખાણથી ખબર પડે છે કે આ કિસ્સો યઝીદના મહેલમાં પેશ આવ્યો હતો અને ઇરશાદ શેખ મુફીદના લખાણથી એવું લાગે છે કે અહલેબયત(અલ.)ને જે ઘરમાં કેદ કરવામાં આવ્યા હતા તે યઝીદના મહેલથી અડીને હતુ. અમુક દિવસ અહલેબયત ત્યાં રહ્યા. પછી બાબુસ્સગીર દમિશ્કમાં એક જગ્યા છે ત્યાં મુન્તકેલ કરવામાં આવ્યા.)

ઇમામ હુસૈન(અલ.)ની એક નાની દીકરી હતી. (નફસુલ મહમૂમ, દમઅતુસ્સાકેબામાં અને અન્ય કિતાબોમાં આ બાળકીનું નામ અમને નથી મળ્યું, હાં, રિયાઝુલ અહઝાનના પાના ૧૪૪ પર અમુક કિતાબોથી બાળકીનું નામ ફાતેમા સુગરા અને રિયાહતુશ શરીઆ ભાગ-૩, પા-૩૦૯ પર રૂકય્યા આવ્યું છે. હિન્દુસ્તાન અને પાકિસ્તાનમાં આ

બાળકીનું નામ સકીના પ્રખ્યાત છે. - ઉર્દૂ અનુવાદક.) એક રાતના ઉંઘમાંથી ઊઠી અને સખત બેચેન, પરેશાન થઈને બાપને શોધવા લાગી અને કહ્યું : બાબા તમે ક્યાં ગયા? મેં હમણાં જ તેમને જોયા છે. (આશૂરના દિવસની ઘટનાઓમાં વર્ણન થઈ ચૂકયુ છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.) છેલ્લી વિદાય માટે આવ્યા તો ખૈમાના દરવાજા પર એક બાળકીએ પાણી માંગ્યુ હતુ અને આપે આ ફરમાવ્યુ હતુ કે હું ફરી તમારી પાસે આવીશ. શક્ય છે ફરી આવવાનો મતલબ આપ(અલ.)નું પવિત્ર સર હોય. વલ્લાહો આલમ.) હરમની સ્ત્રીઓ તેની વાતો સાંભળી રડવા લાગી, બાળકોમાં પણ કોલાહલ મચી ગયો.

તેમના રડવાની અવાજ બુલંદ થઈ તો યઝીદની આંખો ખુલી ગઈ અને પૂછ્યું : રડવાની અવાજ ક્યાંથી આવી રહી છે ? તેને કિસ્સો

બતાવવામાં આવ્યો. તેણે કહ્યું બાળકી પાસે તેના બાપનું સર પહોંચાડી દો. હુસૈન(અલ.)ના સર પર કપડું નાખીને તેની સામે રાખવામાં આવ્યું. બાળકીએ પૂછ્યું : આ શું છે ? તેમણે કહ્યું : આ તારા બાબા હુસૈન(અલ.)નું સર છે.

ઇમામ હુસૈન(અલ.)ની દીકરીએ સરથી કપડું હટાવ્યું, બાપનું સર જોઇને દિલથી આહ કરી અને બેચેન થઈને કહ્યું: અય બાબા ! આપને કોણે આપના લોહીમાં નવડાવ્યા? કોણે આપનું ગળુ કાપ્યું ? અય બાબા ! કોણે મને યતીમ કરી? બાબા! આપના પછી કોનાથી દિલ બહેલાવું? આપના યતીમની કોણ પરવરિશ કરશે ? બાબા ! આ કેદીઓનો કોણ હમદર્દ છે ? કાશ હું આપ પર કુરબાન થઈ ગઈ હોત, કાશ હું નાબીના થઈ ગઈ હોત, કાશ હું માટીની ચાદર ઓઢીને સૂઇ ગઇ હોત અને આપની દાઢી લોહીથી રંગીન ન જોવત.

ત્યાર પછી પોતાના નાના હોઠોને બાબાના હોંઠો પર રાખી દીધા અને એટલી રડી કે બેહોશ થઇ ગઇ. હોશમાં લાવવાની ઘણી કોશીશ કરવામાં આવી પરંતુ બાળકીને હોશ ન આવ્યો અને હુસૈન(અલ.)ની પ્યારીએ શામમાં દમ તોડી દીધો. (નફસુલ મહમૂમ પા-૪૫૬)

શામમાં અઝાદારી

કામિલ બહાઇમાં આવ્યું છે કે જનાબે ઝયનબ(સલા.)એ યઝીદને કહેવડાવ્યું કે અમને હુસૈન(અલ.)ની અઝાદારી કરવાની રજા આપવામાં આવે. યઝીદે રજા આપી દીધી (દમઅતુસ્સાકેબા ભાગ-૫ પા-૧૪૧) અને પોતાના માણસોને હુકમ આપ્યો કે અહલેબયત(અલ.)ને દારૂલ હિજારહ લઈ જાઓ જેથી ત્યાં અઝાદારી કરે, આ મકાનમાં અહલેબયતે સાત દિવસ અઝાદારી કરી અને દરરોજ શામની સ્ત્રીઓમાંથી અમુક તેમની પાસે ભેગી થતી અને અઝાદારી કરતી હતી.

મરવાન (આ ખબર નથી કે અહલેબયતના કિયામના સમયે મરવાન શામમાં હતો, બલાઝરીએ લખ્યું છે કે જ્યારે કાફલો મદીના પાછો ફર્યો અને દરેક તરફથી આહ અને રડવાની અવાજો બુલંદ

થઈ તો તે સમયે મરવાન મદીનાનો હાકેમ હતો. પરંતુ કમકામ ઝખ્ખારે લખ્યું છે કે તે ઝમાનામાં મરવાન મદીનાનો હાકેમ ન હતો બલકે અમ્ર બિન સઈદ બિન આસ હતો. - કમકામ ઝખ્ખાર પા-૫૮૮) યઝીદની પાસે ગયો અને તેને આ ખબર આપી કે ત્યાં લોકો ભેગા થાય છે અને આ પણ કહ્યું: શામવાળાઓના જઝબાત પલટી ચુકયા છે અને અહલેબયતનું શામમાં રહેવું તારી બાદશાહત માટે નુકસાનકારક છે. તેમના સફરની તૈયારી કરીને તેમને મદીના મોકલી દો, જો અહીં રહેશે તો તારી હુકુમત ગઇ. (કમકામ ઝખ્ખાર પા-૫૭૯)

ચોથા ઇમામ(અલ.)ની ત્રણ ઇચ્છાઓ

જ્યારે યઝીદે અહલેબયતને મદીના પાછા મોકલવાનો ઇરાદો કર્યો તો ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ યઝીદ પાસે ત્રણ વસ્તુઓની માંગણી કરી.

યઝીદે કહ્યું : મેં જે ત્રણ ઇચ્છાઓ પૂરી કરવાનો વાયદો કર્યો છે બયાન કરો જેથી પુરી કરૂં. ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું : પ્રથમ આ કે હું ફરી એક વાર વાલિદના ચહેરાને જોવા ઇચ્છુ છું. બીજું એ કે અમારા લુટેલા માલને પાછો આપવામાં આવે અને ત્રીજુ આ કે જો તું મને કતલ કરવા ચાહતો હોય તો આ સ્ત્રીઓ સાથે કોઇ ભરોસાપાત્ર વ્યક્તિને મોકલ જેથી તે તેમને તેમના નાના ના હરમ સુધી પહોંચાડી દે.

યઝીદે કહ્યું : આપની પહેલી ઇચ્છા તો પૂરી નથી થઇ શકતી. હવે બીજી ઇચ્છા તો હું અનેક ગણો માલ આપીશ અને ત્રીજી ઇચ્છા માટે આ કે આપના સિવાય બીજુ કોઇ સ્ત્રીઓ સાથે નહીં જાય.

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું : મને તારા માલની બિલકુલ જરૂરત નથી. તે તને જ મુબારક થાય. અમને તો તે જ પાછુ કરો જે લુટેલું છે કેમ કે આ માલમાં ફાતેમા(સલા.)નો મકના, ગળાનો હાર, પહેરણ અને એક ચરખ (સૂતર કાપવાનું સાધન) છે.

યઝીદે લુટેલો સામાન પાછો આપવાનો હુકમ આપ્યો અને તેમાં પોતાના તરફથી બસો દીનારનો વધારો કર્યો જે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ પાછા આપી દીધા.

યઝીદે કહ્યું : અહલેબયતના કેદીઓને મદીના પાછા મોકલવામાં આવે. (અલ-મલહૂફ પા-

પર, કમકામ ઝખ્મ પા-૫૭૯ થોડા તફાવત સાથે)

અહલેબયતને ખુદ તેમની ઇચ્છા પર મદીના મોકલવામાં આવ્યા, પાછા ફરતી વખતે યઝીદે કારવાન સાથે ઘણો બધો માલ આપ્યો અને ઉમ્મે કુલસુમને કહ્યું : આ તે મુસીબતોનો બદલો છે જે તમારા પર પડી છે.

ઉમ્મે કુલસુમે ફરમાવ્યું : યઝીદ તું કેટલો બેશરમ છે મારા ભાઇ હુસૈન અને તેમના અહલેબયત(અલ.)ને કતલ કર્યા અને તેનો બદલો માલ આપે છે? અમે કદી પણ આ માલને કબૂલ નહીં કરીએ. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૯૭)

ભાગ-૯

પ્રકરણ : ૩૩

શામથી મદીના સુધી રવાના થવું

જ્યારે અહલેબયત(અલ.)ને શામમાં એક જમાનો થઈ ગયો તો યઝીદે નોઅમાન બિન બશીર (મુસ્લિમ બિન અકીલ કૂફા પહોંચ્યા તે સમયે યઝીદ તરફથી નોઅમાન બિન બશીર ત્યાંનો ગવર્નર હતો. યઝીદે તેને પદભ્રષ્ટ કરીને તેની જગ્યા પર ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને કૂફાનો અમીર મુકર્રર કર્યો, નોઅમાન શામ પાછો ફર્યો, યઝીદના તરફદારોમાંથી હતો, યઝીદના મૃત્યુ પછી લોકોને અબ્દુલ્લાહ બિન ઝુબૈરની બયઅત કરવાની દઅવત આપી, હુમ્સવાળાઓએ તેનો વિરોધ કર્યો અને તેને મરજ રાહિતના કિસ્સા પછી ૬૪ હિજરીમાં કતલ કરી દીધો. - અલ-ઇસ્તીઆબ ભાગ-૪ પા-

૧૪૯૬) અનસારીને હુક્મ આપ્યો કે તેમના સફરના અસબાબ(સાધનો) તૈયાર કરો અને એક અમાનતદાર વ્યક્તિની સાથે મદીના મુનવ્વરા મોકલી દો. (કમકામ ઝખ્ખાર પા-૫૭૯)

રવાનગી સમયે યઝીદે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ને બોલાવ્યા અને કહ્યું : ખુદા લઅનત કરે મરજાનાના દીકરા પર, જો આપના વાલિદ સાથે મારી મુલાકાત થઈ જાત તો હું દરેક પ્રસ્તાવને કબુલ કરી લેત અને જેવી રીતે પણ શક્ય હોત તેમને કતલ થવાથી બચાવી લેત. ભલે પછી તેના માટે મારા દીકરાઓની કુરબાની કેમ ન આપવી પડે! પરંતુ જેવી રીતે આપે જોયું તમારા વાલિદની શહાદત અલ્લાહનો ફેસલો હતો, જ્યારે વતન પાછા ફર્યા પછી સુકૂનથી જીંદગી પસાર કરો તો મને પત્ર લખશો અને જે વસ્તુની પણ જરૂરત

હોય મને લખશો. (તારીખે તબરી ભાગ-૫ પા-૨૩૩)

(યઝીદ પોતાના જુર્મને છુપાવવા માટે આ મોટા ગુનાહની નિસ્બત ઇબ્ને ઝિયાદ તરફ આપે છે. જ્યારે કે આ પહેલાં યઝીદના કરતૂતો વર્ણન થઇ ચૂકયા છે. ઇબ્ને ઝિયાદને કુફાનો ગવર્નર બનાવનાર યઝીદ હતો. સૌપ્રથમ મદીનાના હાકેમને ઇમામ હુસૈન(અલ.)થી બયઅત લેવાનો હુકમ યઝીદે આપ્યો હતો. આ સિવાય શામના બજારમાં અહલેબયત(અલ.)ને ફેરવવું, ઇમામ હુસૈન(અલ.)ના સરને નેઝા પર લટકાવવું, શામના દરબારમાં સરને લટકાવવું, આ બધું યઝીદની અહલેબયત(અલ.) પ્રત્યેની દુશ્મની સ્પષ્ટ કરે છે.– અનુવાદક)

પછી ફરી નોઅમાન બિન બશીરને બોલાવ્યો અને તેને કહ્યું : જુઓ ! અહલેબયતની

આબરૂ અને તેમની શાન અને મહાનતાનો ખ્યાલ રાખજો, રાતના રસ્તો ચાલશો, તેમની આગળ આગળ પોતે ચાલજે અને જો રસ્તામાં તેમને કોઈ વસ્તુની જરૂરત હોય તો વ્યવસ્થા કરજે, આ સિવાય તેમની સાથે ત્રીસ સવાર બીજા મોકલ્યા. એક રિવાયતમાં નોઅમાન બિન બશીર અને એક કથન આ છે કે બશીર બિન જઝલમને અહલેબયતની સાથે રવાના કર્યા. (કમકામ ઝખ્ખાર પા-૫૭૯)

અને જેવી રીતે યઝીદે હુકમ આપ્યો હતો પુરા રસ્તામાં અહલેબયત(અલ.) સાથે નરમ વર્તન અપનાવ્યું હતું, જે લોકોને યઝીદે અહલેબયત(અલ.)ની સાથે મોકલ્યા હતા તેઓએ નિગેહબાનોની જેમ તેમને પોતાના ઘેરાવમાં રાખ્યા હતા અને જ્યારે કોઈ મંઝિલ પર ઉતરતા હતા તો તેમનાથી અલગ હટી જતા હતા જેથી આસાનીથી વઝુ કરી લે.

અરબઈન

અહલેબયત(અલ.)નો સફર શરૂ રહ્યો. અહીં સુધી કે ઇરાક અને મદીનાના રસ્તા પર પહોંચ્યા, અહિયાં કાફલાના સરદારને કહ્યું : અમને કરબલા લઈ ચાલો. જેથી તે કરબલાની તરફ ગયા, જ્યારે કરબલાની પાસે પહોંચ્યા તો ત્યાં જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીને જોયા. (જાબિર બિન અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હિરામ અન્સારી છે. તેમની વાલેદહ નસીબા બિન્તે ઉકબા સાનિયા છે. પોતાના વાલિદની સાથે બયઅતે ઉકબા સાનિયામાં શરીક હતા પરંતુ બાળક હતા. અમુકે લખ્યું છે કે તે જંગે બદરમાં શરીક હતા અને રસૂલ(સલ.)ની સાથે અઢાર ગઝવહમાં ભાગ લીધો હતો. અને રસૂલ(સલ.) પછી હઝરત અલી(અલ.)ની સાથે સિફ્ફીનમાં રહ્યા, તેમનાથી ઘણી બધી હદીસો

વર્ણન થઈ છે. છેલ્લી ઉમરમાં અંધ થઇ ગયા હતા. ૯૪ વર્ષની ઉંમરમાં ૭૪ હિજરી અથવા ૭૮ કે ૭૯ હિજરીમાં ઇન્તેકાલ થયો. - અલ-ઇસ્તીઆબ ભાગ-૧ પા-૨૧૯) જે અમુક બની હાશિમ અને ખાનદાને રસૂલ(સલ.)ની સાથે ઇમામ હુસૈન(અલ.)ની ઝિયારત માટે આવ્યા હતા. તે જ સમયે તેમની સાથે કરબલામાં દાખલ થયા. ફરિયાદ અને રડવાની અવાજ બુલંદ થઈ. આ અવાજ સાંભળીને નજીકના ગામડાની સ્ત્રીઓ પણ તેમની પાસે પહોંચી ગઇ. (અલ-મલહૂફ પા-૮૨)

ઝયનબ(સલા.) સ્ત્રીઓ દરમિયાન આવ્યાં, ગિરેબાન ફાડી નાખ્યું અને દિલોને હલાવી નાખે તેવું રૂદન કર્યું અને કહ્યું :

وَا اَخَاهُ ! وَا حُسَيْنَاه ! وَا حَبِيْبَ رَسُوْلِ اللهِ وَابْنَ مَكَّةَ وَمِنٰى

! وَابْنَ فَاطِمَةَ الزَّهْرَاء ! وَابْنَ عَلِيِّ الْمُرْتَضٰى ! آهٍ ثُمَّ آهٍ!۔

પછી બેહોશ થઈ ગયા.

ઉમ્મે કુલસૂમે પોતાના ચહેરા પર એક સીલી(તમાચો) માર્યો અને બુલંદ અવાજથી કહ્યું : આજે મોહંમદ મુસ્તફા(સલ.), અલી મુર્તઝા(અલ.) અને ફાતેમા ઝહરા(સલા.) દુનિયામાં નથી. આ વાત પર સ્ત્રીઓ જોર જોરથી રડવા લાગી.

આ હાલત જોઇને બાળકીએ ફરિયાદ કરી. વા મોહંમદા, વા જદ્દાહ, આપના અહલેબયત પર આવનારી મુસીબતો આપના માટે કેટલી સખત છે. ઝાલિમોએ અહલેબયતને કતલ કર્યા અને તેમનો પોશાક સુદ્ધા લઇ ગયા. (અદ્દમઅતુસ્સાકેબા ભાગ-૫ પા-૧૬૨)

અતીયા ફૂફી કહે છે : હું જાબિર બિન અબ્દુલ્લાહ અનસારીની સાથે ઇમામ હુસૈન(અલ.)ની ઝિયારતના ઇરાદાથી બહાર નીકળ્યો. જ્યારે અમે કરબલા પહોંચ્યા તો જનાબે

જાબિરે કુરાતમાં ગુસલ કર્યું અને મુહરિમની જેમ (એહરામમાં હોય એવી) ચાદર ઓઢી, ખુશ્બૂ લગાવી અને ઝિક્રે ખુદા કરતા કરતા કબ્રે હુસૈન(અલ.)ના નજીક પહોંચ્યા, મને કહ્યું : મારો હાથ કબ્ર પર રાખો, મેં રાખ્યો, કબ્ર પર તે બેહોશ થઈ ગયા.

(અતીયા ફૂફીને શેખ તૂસીએ અમીરૂલ મોઅમેનીન(અલ.) ના સહાબીઓમાં ગણ્યા છે. આ બકાલી નામથી પ્રખ્યાત છે. હમદાનના કબીલાથી છે. તેમણે કુરઆનની તફસીર પણ પાંચ ભાગમાં કરી છે. તે પોતે કહે છે કે મેં તફસીર ઇબ્ને અબ્બાસની સામે ત્રણ વખત પઢી. પરંતુ કિરઅત સિત્તેર વખત તેમની સામે કરી છે. - તનકીહુલ મકાલ ભાગ-૨ પા-૨૫૩)

મેં તેમના ચહેરા પર પાણી છાંટ્યું તો હોશમાં આવી ગયા. પછી ત્રણ વખત કહ્યું : યા હુસૈન(અલ.), ત્યાર પછી કહ્યું :

حَبِيْبٌ لَا يُجِيْبُ حَبِيْبَه

આ પણ કહ્યું : શું જવાબની આરઝુ રાખો છો કે હુસૈન(અલ.) પોતાના ખૂનમાં ડૂબેલા છે અને તેમના સર અને શરીરમાં જુદાએગી છે. પછી કહે છે:

فَاَشْهَدُ اَنَّکَ أبْنُ خَيْرِ النَّبِيِّيْنَ وَ أبْنُ سَيِّدِ الْمُؤْمِنِيْنَ وَ أبْنُ حَلِيْفِ التَّقْوىٰ وَ سَلِيْلُ الْهُدىٰ وَ خَامِسُ اَصْحَابِ الْكِسَاءِ وَ أبْنُ فَاطِمَةَ سَيِّدَةِ النِّسَاءِ۔

وَ مَا لَکَ لَا تَكُوْنُ هٰكَذَا وَ قَدْ غَذَّتْکَ كَفُّ سَيِّدِ الْمُرْسَلِيْنَ وَ رُبِّيْتَ فِي حِجْرِ الْمُتَّقِيْنَ وَ رَضَعْتَ مِنْ ثَدْيِ الْاِيْمَانِ وَ فُطِمْتَ

بِالْاِسْلَامِ فَطِبْتَ حَيًّا وَ طِبْتَ مَيِّتًا غَيْرَ اَنَّ قُلُوْبَ الْمُؤْمِنِيْنَ غَيْرُ طَيِّبَةٍ لِفِرَاقِکَ وَلَا شَاکَّةٌ فِی الْخِيَرَةِ لَکَ فَعَلَيْکَ سَلَامُ اللهِ وَ رِضْوَانُهُ وَ اَشْهَدُ اَنَّکَ مَضَيْتَ عَلٰی مَا مَضٰی عَلَيْهِ اَخُوْکَ يَحْيٰی بْنُ زَکَرِيَّا۔

હું ગવાહી આપુ છું કે આપ(અલ.) અંબિયામાં સૌથી શ્રેષ્ઠના ફરઝંદ અને મોમિનોના સરદારના દીકરા છો, આપ(અલ.) હિદાયત અને તકવાના ખાનદાનના ફરઝંદ છો અને કિસાઅમાંથી પાંચમા આપ(અલ.) છો, વસીઓના સરદારના ફરઝંદ છો, ફાતેમા ઝહરા(સલા.)ના જિગરનો ટુકડો છો. કેમ ન હોય કે સૈયદુલ મુરસલીને આપ(અલ.)ને ખોરાક આપ્યો છે, પરહેઝગારોના ખોળામાં આપે પરવરિશ પામી છે, ઈમાનના પિસ્તાનથી દૂધ પીધું છે. પાક જીંદગી ગુજારી અને દુનિયાથી પાક ઊઠ્યા અને

પોતાની જુદાઇથી મોમિનોના દિલોને ગમગીન કરી ગયા, અલ્લાહના સલામ થાય આપ પર. આપ(અલ.)એ તે જ રસ્તો અપનાવ્યો જેના પર આપના ભાઇ યહ્યા બિન ઝકરિયાએ શહાદત પામી.

ત્યાર પછી કબ્રની ચારેય તરફ નજર નાખી અને કહ્યું:

اَلسَّلٰامُ عَلَيْكِ اَيَّتُهَا الْاَرْوَاحُ الَّتِيْ حَلَّتْ بِفِنَاءِ الْحُسَيْنِ وَ اَنَاخَتْ بِرَحْلِهِ، اَشْهَدُ اَنَّكُمْ اَقَمْتُمُ الصَّلٰوةَ وَ آتَيْتُمُ الزَّكٰوةَ وَ اَمَرْتُمْ بِالْمَعْرُوْفِ وَ نَهَيْتُمْ عَنِ الْمُنْكَرِ وَ جَاهَدْتُمُ الْمُلْحِدِيْنَ وَ عَبَدْتُمُ اللهَ حَتّٰى اَتَاكُمُ الْيَقِيْنُ۔

"સલામ થાય તે રૂહો પર જે હુસૈન(અલ.) પર ઊતરી અને આરામ ફરમાવી રહી છે. હું ગવાહી આપુ છું કે આપ(અલ.)એ નમાઝ કાએમ કરી, ઝકાત અદા કરી, નેકીઓનો હુકમ આપ્યો, બુરાઇઓથી

રોક્યા, નાસ્તિકો અને કાફિરો સાથે જંગ કરી અને મરતા દમ સુધી અલ્લાહની ઇબાદત કરી."

પછી કહ્યું : કસમ છે તે ખુદાની જેણે રસૂલ(સલ.)ને હકની સાથે મોકલ્યા, જેમાં આપ શહીદો દાખલ છો, તેમાં અમે પણ આપની સાથે છીએ.

અતીયા કહે છે : મેં જાબિરને કહ્યું : આ શહીદ થઇ ગયા છે અમે તો કંઇ પણ ન કર્યું. જાબિરે કહ્યું : અય અતીયા! મેં મારા હબીબ રસૂલુલ્લાહ(સલ.)થી સાંભળ્યું છે કે આપ(સલ.)એ ફરમાવ્યું :

مَنْ اَحَبَّ قَوْماً حُشِرَ مَعَهُمْ وَمَنْ اَحَبَّ عَمَلَ قَوْمٍ اُشْرِكَ فِي عَمَلِهِمْ

"દરેક વ્યક્તિ તે કોમ સાથે મહશૂર થશે જેને ચાહતો હશે અને જે વ્યક્તિ કોઇ કોમના કામને પસંદ કરે છે તો તેના કામમાં ભાગીદાર છે."

પ્રથમ અરબઈન

હબીબુસ્સેયરમાં આવ્યું છે કે યઝીદ બિન મુઆવિયાએ શહીદોના સર ઇમામ ઝયનુલ આબેદીન અલી ઇબ્ને હુસૈન(અલ.)ના હવાલે કર્યા હતા અને વીસ સફરના આપ(અલ.)એ આ સરોને તેમના શરીર સાથે જોડીને મદીના તરફ પાછા ફર્યા. (નફસુલ મહમૂમ પા-૪૬૬)

અબુ રયહાન બીરૂનીએ "આસારૂલ બાકીયા"માં લખ્યું છે : જે દિવસે હુસૈન(અલ.)ના અહલેબયત શામથી પાછા ફરતી વખતે અરબઈનના દિવસે ઝિયારત માટે કરબલા આવ્યા હતા તે જ દિવસે હુસૈન(અલ.)નું પવિત્ર સર પાછુ આપવામાં આવ્યું અને દફન કરવામાં આવ્યું હતું. (મકતલુલ હુસૈન મુકર્રમ પા-૩૭૧)

સૈયદ ઇબ્ને તાઉસ ઇકબાલમાં લખે છે : વીસ સફર કેવી રીતે અરબઈન થઇ શકે છે જ્યારે કે દસ મોહર્રમના ઇમામ હુસૈન(અલ.)એ શહાદત પામી. આ કારણે ૧૯ સફરના અરબઈન છે. (મસાૂશ્શીઆ, આ બુનિયાદ પર મરહુમ શેખ બહાઇએ ૧૯ સફરને અરબઈનનો દિવસ કરાર દીધો છે. - તવઝીહુલ મકાસિદ પા-૬)

ત્યાર પછી લખે છે : આ પણ અનુમાન છે કે ૬૧ હિજરીમાં મોહર્રમનો મહીનો ૨૯ નો હોય તો આ રીતે અરબઈન ૨૦ સફરના છે. આ પણ થઈ શકે છે કે મોહર્રમ ૩૦ દિવસનો હોય પરંતુ ઇમામ હુસૈન(અલ.)એ આશુરના દિવસે છેલ્લા સમયે શહાદત પામી એટલા માટે આશુરને ગણવામાં ન આવ્યો હોય.

મિસ્બાહમાં આવ્યું છે કે હુસૈન(અલ.)ના અહલેબયત ૨૦ સફરના ઇમામ ઝયનુલ

આબેદીન(અલ.) સાથે મદીના પહોંચ્યા. શેખ મુફીદે આ જ કથનને અપનાવ્યું છે. બીજી કિતાબોમાં લખ્યું છે કે અહલેબયત શામથી પાછા ફરતી વખતે વીસ સફરના કરબલા પહોંચ્યા હતા. (કમકામ ઝખ્ખાર પા-૫૮૫)

જેવી રીતે ઉપરોક્ત લખાણમાં બયાન થયું કે અહલેબયત(અલ.) શામથી પાછા ફર્યા બાદ તે જ વરસે ૬૧ હિજરીમાં અરબઇનના દિવસે કરબલામાં પહોંચ્યા જે વરસે કરબલાનો કિસ્સો બન્યો હતો અથવા શહાદતના એક વરસ પછી કરબલાની તરફ રવાના થયા. આ વિષયમાં જે લખવામાં આવ્યું છે અમે તેને અહીં ટૂંકમાં બયાન કરીએ છીએ.

પ્રથમ કોલ : અહલેબયત(અલ.) ૬૧ હિજરીમાં શામથી પાછા ફરતી વખતે વીસ સફરના કરબલા પહોંચ્યા, આ હબીબુસ્સિયરના લેખકનો

કોલ છે જેને અમે પહેલા પણ વર્ણન કરી ચૂકયા છીએ. અબુ રયહાન બીરૂનીએ આસારૂલ બાકીયામાં આ જ લખ્યું છે અને મલહૂફમાં સૈયદ ઇબ્ને તાઉસના લખાણથી પણ આ જ વાત સમજમાં આવે છે. (મલહૂફ પા-૮૨)

ઇબ્ને નુમાએ પણ મુસીરૂલ અહઝાનમાં આ જ કોલ વર્ણન કર્યો છે. (મુસીરૂલ અહઝાન પા-૧૦૭)

બીજો કોલ : અહલેબયત(અલ.)ને ૬૧ હિજરીમાં જ શામ લઈ જતા પહેલાં ૨૦ સફરના કરબલાથી પસાર કર્યા, તેમણે ત્યાં અઝાદારી કરી, આ નાસિખુત તવારીખના લેખકનો મત છે. જો કે આ કોલ અશક્ય લાગે છે, કેમ કે આ વિશે ક્યાંય પણ ઇશારો નથી આવ્યો પરંતુ એક અનુમાન છે. (નાસિખુત તવારીખ અહવાલાત ઇમામ હુસૈન(અલ.) ભાગ-૩ પા-૧૭૬)

ત્રીજો ક્રોલ : અહલેબયત(અલ.) કરબલાની ઘટના પછી એક વરસ પછી ૬૨ હિજરીમાં ૨૦ સફરના કરબલા પહોંચ્યા છે, કમકામ ઝખ્મારના લેખક કહે છે : અંતર જોતા અહલેબયત(અલ.)નું ૬૧ હિજરીમાં અરબઈનના દિવસે કરબલા પહોંચવું મુશ્કેલ જ નથી બલકે અક્કલની વિરૂદ્ધ છે. કેમકે ઇમામ હુસૈન(અલ.)એ આશૂરના દિવસે શહાદત પામી અને ઉમરે સઅદ પોતાના મકતૂલોને દફન કરવા માટે વધુ એક દિવસે રોકાયો, અગિયાર મોહર્રમે ત્યાંથી કૂફા તરફ ચાલ્યો અને કરબલાથી કૂફા સીધો રસ્તો લગભગ આઠ ફરસખ છે, અમુક દિવસ ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે અહલેબયત(અલ.)ને એટલા માટે કૂફામાં રોક્યા કે કબીલાઓ આ પરિસ્થિતિ જોઇને ચુપ થઈ જાય, ત્યાર પછી યઝીદે ઇબ્ને ઝિયાદને લખ્યું કે કેદીઓને દમિશ્ક મોકલી દો. ઇબ્ને ઝિયાદે પણ હર્રાન અને

જઝીરહ અને હલબના રસ્તાથી શામ મોકલ્યા અને કૂફાથી શામનો સીધો રસ્તો એકસો પચાસ ફરસખ છે અને પછી શામ પહોંચ્યા પછી છ મહીના સુધી અહલેબયતને કેદમાં રાખવામાં આવ્યા.

એટલે સુધી કે યઝીદનો જુનૂની ગુસ્સો ઠંડો પડ્યો અને જ્યારે તેને વિશ્વાસ થઈ ગયો કે લોકો હવે બળવો નહીં કરે તો તેણે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ને અહલેબયત સાથે મદીના પાછા ફરવાની રજા આપી. આ બધુ જોતા આ ઘટનાઓ ચાલીસ દિવસમાં કેવી રીતે વજૂદમાં આવી શકે છે. બેશક અહલેબયત બીજા વરસે ૬૨ હિજરીમાં કરબલા પહોંચ્યા છે.

(આ વાતોથી આ નતીજો નથી લઈ શકાતો કે અહલેબયત(અલ.) ૬૨ હિજરીમાં કરબલા પાછા ફર્યા છે. પ્રથમ આ કે કૂફામાં અહલેબયત(અલ.)નું વધારે દિવસ રહેવું નિશ્ચિત નથી, અમુકે લખ્યું છે કે

અહલેબયત પહેલી સફરના શામમાં દાખલ થયા અને આ બધી વાતો નિશ્ચિત નથી એટલા માટે તેનો નતીજો પણ નિશ્ચિત નથી. બીજી વાત આ પણ થઈ શકે છે કે અહલેબયત(અલ.)ને શામ લઈ જતા પહેલાં કરબલાથી લઈ ગયા હોય અને તેમણે ૬૧ હિજરીમાં શહીદોની કબ્ર પર અઝાદારી કરી હોય. જેવી રીતે નાસિખુત તવારીખના લેખકનો નજરિયો છે. આ સિવાય મરહુમ હાજી તબાતબાઇએ એક કિતાબ "તહકીક દર રોઝે અરબઈન ઇમામ હુસૈન(અલ.)" લખી છે અને તેમાં તે એતેરાઝના જવાબો આપવામાં આવ્યા જે અહલેબયત(અલ.)ના ૬૧ હિજરીમાં કરબલા પહોંચવાના વિષય પર કરવામાં આવ્યા છે.)

જે વ્યક્તિ આ બાબત પર વિચાર વિમર્શ કરશે જરૂર લેખકની વાતને સમર્થન આપશે. જાબિર બિન અબ્દુલ્લાહે પણ ૬૨ હિજરીમાં કરબલાની

ઝિયારતનો શરફ પ્રાપ્ત કર્યો છે. જાબિરનો શરફ આ છે કે મોટા સહાબીઓમાં અને મુખલિસ સોગવારોમાં પ્રથમ વ્યક્તિ છે જેમણે આ સફર કર્યો અને આ ખુશનસીબી પ્રાપ્ત કરી. તેમના ગર્વ માટે કાફી છે. લેખક આ કોલમાં એકલા છે. કહુ છું અને પોતાની ફરજ અદા કરી છે. (કમકામ ઝખ્ખાર પા-૫૭૬)

ચોથો કોલ : એક અનુમાન આ પણ છે તે આ કે અહલેબયત(અલ.) શામથી છૂટયા પછી પહેલા મદીના આવ્યા હોય અને મદીનાથી કરબલા ગયા હોય. ઇમામ હુસૈન(અલ.)ના સરને પણ પોતાની સાથે લાવ્યા હોય અને પછી બદનની સાથે દફન કર્યા હોય.

પરંતુ ૬૧ હિજરીના અરબઈનમાં નહીં બલકે મદીના પાછા ફર્યા પછી કરબલા ગયા. ઇબ્ને જવઝીએ હિશામ અને અન્ય લોકોથી વર્ણન કર્યું છે

કે ઇમામ હુસૈન(અલ.)નું સર કેદીઓની સાથે મદીના લાવવામાં આવ્યું પછી કરબલા લઇ જઇને બદનની સાથે દફન કરવામાં આવ્યું છે. (તઝકિરતુલ ખવાસ પા-૧૫૦, પરંતુ તેમાં આ વર્ણન નથી કે ઇમામ હુસૈન(અલ.)નું સર કરબલા કોણ લાવ્યું છે. શું અહલેબયત પોતાની સાથે પવિત્ર સર કરબલા લાવ્યા છે અથવા ફકત પવિત્ર સરને મોકલ્યું અને દફન કરવામાં આવ્યુ છે.)

ઇતિહાસકારોએ નકલ કર્યું છે કે ઘટનાની પરિસ્થિતિ એવું દર્શાવે છે કે અહલેબયત(અલ.) ઇમામ હુસૈન(અલ.)ની શહાદતથી ચાલીસ દિવસની મુદ્દતથી વધારે સમયમાં ઇરાક અથવા મદીના પાછા ફર્યા છે. શક્ય છે કરબલામાં તેમનું પાછા ફરવું ૨૦ સફરના ન થયું હોય, કેમકે જાબિર બિન અબ્દુલ્લાહ અનસારી પણ હિજાઝથી આવ્યા હતા અને હિજાઝ સુધી ખબર પહોંચવી અને ત્યાંથી

જાબિરની રવાનગી માટે ચાલીસ દિવસથી વધારે સમયની જરૂર છે અથવા એમ કહો કે જાબિર મદીનાથી નહીં, બલ્કે કૂફા અથવા બીજા શહેરથી કરબલા આવ્યા હતા. (કમકામ ઝખ્મ્મા૨ પા-૫૮૬, પરંતુ આ અનુમાન સૈયદ ઇબ્ને તાઉસ, ઇબ્ને નુમા અને શેખ બહાઇની આ સ્પષ્ટતાની વિરૂદ્ધ નથી કે જાબિર બિન અબ્દુલ્લાહ અનસારી અને અહલેબયત(અલ.) એક જ સમયે અરબઈનના દિવસે કરબલામાં પહોંચ્યા છે.)

કરબલામાં રોકાવવું

રસૂલ(સલ.)ના ગમગીન અહલેબયત(અલ.) કરબલા પહોંચ્યા પછી પોતાના શહીદોની અઝાદારીમાં મશગૂલ થયા કેમ કે તેમને તે સમયે અઝાદારીની રજા આપવામાં આવી ન હતી. જ્યારે કરબલાથી કૂફા રવાના થઇ રહ્યા હતા, સૈયદ ઇબ્ને તાઉસે મલહૂફમાં (અલ-મલહૂફ પા-૮૨) લખ્યું છે દીલને ગમગીન કરી દે તેવું માતમ થયું અને આ જ રીતે ત્રણ દિવસ સુધી અઝાદારી થતી રહી.

(ઝરીઅતુન નજાત પા-૨૭૧)

કરબલાથી રવાનગી

જો સ્ત્રીઓ અને બાળકો આ મઝારો પાસે રહેતા તો ગિર્યા, રૂદન અને નૌહામાં જાન આપી દેત એટલા માટે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું : સફરનો સામાન તૈયાર કરવામાં આવે અને કરબલાથી મદીનાની તરફ ચાલો.

જ્યારે કાફલો કરબલાથી મદીના તરફ રવાના થવા લાગ્યો તો જનાબે ઉમ્મે કુલસુમે રડતા રડતા આ શેઅર પઢ્યા:

مَدِيْنَةُ جَدِّنَا لَا تَقْبَلِينا

فَبِالْحَسَرَاتِ وَالْاَحْزَانِ جِينا

خَرَجْنَا مِنْكِ بِالْاَهْلِيْنَ جَمْعاً

رَجَعْنَا لَا بِرِجَالَ وَلَا بَنِيْنَا

وَ كُنَّا فِي الْخُرُوْجِ بِجَمْعِ شَمْلٍ

رَجَعْنَا حَاسِرِيْنَ مُسَلَّبِيْنَا

وَ كُنَّا فِي اَمَانِ اللهِ جَهْراً

رَجَعْنَا بِالقَطِيعَةِ خَائِفِيْنَا

وَ مَوْلَانَا الْحُسَيْنُ لَنَا اَنِيْسٌ

رَجَعْنَا وَالْحُسَيْنُ بِهِ رَهِيْنَا

فَنَحْنُ الضّائِعَاتُ بِلَا كَفِيْلٍ

وَ نَحْنُ النَّائِحَاتُ عَلٰى اَخِيْنَا

وَ نَحْنُ السَّائِرَاتُ عَلَى المَطَايا

نُشالُ عَلَى الجِمَالِ المُبْغضينا؟

وَ نَحْنُ الطّاهِراتُ بِلَا خِفاءٍ

وَ نَحْنُ الْمُخْلِصُوْنَ الْمُصْطَفُوْنا

وَنَحْنُ الصَّابِرَاتُ عَلَى الْبَلَايَا

وَنَحْنُ الصَّادِقُونَ النَّاصِحُونَا

اَلَا يَا جَدَّنَا بَلَغَتْ عِدَانَا

مُنَاهَا وَ اَشْتَفَى الْاَعْدَاءُ فِيْنَا

"નાના મદીના! અમારા આવવાને કબૂલ ન કર કે અમે ગમ, દુ:ખ સાથે પાછા ફર્યા છીએ. અમે તારા અઝીઝો સાથે અહીંથી બહાર નીકળ્યા હતા અને હવે પાછા આવ્યા તો ન અમારી સાથે પુરૂષો છે ન દીકરા છે. નીકળતી વખતે અમારી જમાત એક સાથે હતી અને પાછા ફર્યા ત્યારે સર ખુલ્લું અને લુટાઇ ગયા છીએ. જાહેરી રીતે અલ્લાહની પનાહમાં હતા અને હવે પાછા ફર્યા છીએ તો પણ ઝાલિમો અને તેમના વચન તોડવાથી ડરેલા છીએ. અમારા સાથી અને મૌલા હુસૈન(અલ.) હતા અને આવ્યા છીએ તો

હુસૈન(અલ.)ને કરબલામાં સોંપીને આવ્યા છીએ. અમે સરપરસ્ત વગર પરેશાન છીએ. અમે અમારા ભાઇ પર નૌહા કર્યા, અમને ઊંટો પર સવાર કરવામાં આવ્યા અને તોફાની ઊંટો પર બેસાડવામાં આવ્યા, અમે તાહા અને યાસીનની દીકરીઓ છીએ, અમે બાપના ગમમાં રડી ચૂકયા છીએ, અમે લારૈબ અને પાક છીએ, અમે મુખલેસીન અને ચુંટાએલા છીએ, અમે મુસીબતો પર સબ્ર કરવાવાળા છીએ, અમે સાચા નસીહત કરવાવાળા છીએ, નાના! અમારા દુશ્મનની આરઝૂ પૂરી થઇ ગઈ, તેમના દિલ અમને કતલ કરીને ઠંડા થઈ ગયા, સ્ત્રીઓની બેહુરમતી કરી અને બળજબરી(ઝુલ્મથી) તેમને ઊંટો પર સવાર કર્યા. અલ્લામા મજલિસી(રહ.)એ બિહારૂલ અનવારમાં આનાથી કંઈ વધારે શેઅર વર્ણન કર્યા છે જે અમે અહીં બયાન કર્યા છે."

(બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૧૯૭)

ભાગ-૧૦

પ્રકરણ : ૩૪

મદીનામાં દાખલ થવું

બશીર મદીનામાં

અહલેબૈત(અલ.)નો કાફલો મદીના શહેર તરફ નીકળ્યો. બશીર બિન જઝલમ કહે છે : અમે ધીમે ધીમે ચાલતા રહ્યા એટલે સુધી કે મદીનાની નજીક પહોંચી ગયા. ઈમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું : અય બશીર! અહીં જ ઊંટો પરથી સામાન ઉતારવામાં આવે અને ખૈમા લગાવવામાં આવે. અહલેબૈત(અલ.) ખૈમામાં આવ્યા. અલી ઈબ્નુલ હુસૈન(અલ.)એ મને બોલાવ્યો અને ફરમાવ્યું: અલ્લાહ તમારા પિતાજી પર રહમત નાઝીલ કરે. તેઓ એક સારા શાએર હતા. શું તમે પણ શેઅર કહો છો ?

બશીરે જવાબ આપ્યો : જી હા, અય ફરઝંદે રસુલ(સલ.).

ઈમામ(અલ.)એ ફરમાવ્યું : તમે હમણા જ મદીનામાં જાવ અને લોકોને ઈમામ હુસૈન(અલ.)ની શહાદતની અને અમારા મદીના આવવાની ખબર આપો.

બશીર કહે છે : હું તરત જ મારા ઘોડા પર સવાર થયો અને ખૂબ જ ઝડપથી મદીના પહોંચ્યો અને મસ્જિદે નબવીની પાસે જઈને મોટા અવાજથી કોઈ પણ જાતની પૂર્વ તૈયારી વિના આ શેઅર પઢયા.

يَا اَهْلَ يَثْرِبَ لَا مُقَامَ لَكُمْ

بِهَا قُتِلَ الْحُسَيْنُ وَادْمُعِي مِدْرَارُ

الْجِسْمُ مِنْهُ بِكَرْبَلَا مُضَرَّجٌ

وَالرَّأْسُ مِنْهُ عَلَى الْقَنَاةِ يُدَارُ

"અય મદીનાવાસીઓ! હવે મદીના રહેવાની જગ્યા નથી રહી. કેમ કે હુસૈન(અલ.) કતલ થઇ ગયા, તેમના જ સોગમાં મારી આંખોથી આંસુ વહી રહ્યા છે. તેમની લાશ કરબલામાં માટી અને લોહીમાં તરબોળ છે અને તેમનું સર નેઝા પર ઉઠાવીને શહેર શહેર ફેરવવામાં આવી રહ્યું છે."

ત્યારબાદ મેં લોકોને સંબોધીને કહ્યું : અલી ઇબ્નુલ હુસૈન(અલ.) પોતાની ફોઈ અને બહેનો સાથે મદીનાની બહાર ખૈમામાં છે. મને તેમણે જ મોકલ્યો છે જેથી હું તમને આ ગમનાક બનાવની ખબર આપું જે તેમના પર વીતી ગયો છે.

બશીર કહે છે : જ્યારે મેં મદીનાના લોકોને આ દુ:ખદાયક ખબર સંભળાવી તો મદીનામાં કોઈ એવી સ્ત્રી ન હતી જે રોતી અને પીટતી પોતાના

ઘરથી બહાર નીકળીને ન આવી હોય. મુસલમાનો માટે આનાથી વધારે દર્દનાક દિવસ મેં ક્યારેય નહોતો જોયો અને એ જ રીતે એક જ ઝબાન અને એક દીલથી મર્દોને રોતા નહોતા જોયા. (નફસુલ મહમુમ, પાના ૪૭૬)

તે જ સમયે મેં સાંભળ્યું : એક સ્ત્રી ઈમામ હુસૈન(અલ.) પર આ રીતે નવહો કરી રહી હતી :

"એક ખબર આપનારે ખબર આપી છે કે મારા આકા અને સરદાર માર્યા ગયા. જેનાથી મારૂં દીલ તડપી ઉઠયું. આ ખબર સંભળાવીને મને બીમાર કરી દીધી. અય આંખો! આંસુ વહાવો, ઘણું જ વધારે રડો અને વધારે વિલાપ કરો કે જેમના ગમમાં અલ્લાહનું અર્શ ધ્રૂજી ઉઠયું અને દીનની મહાનતા અને પ્રતિષ્ઠા ચાલી ગઈ. રસુલ(સલ.) અને તેમના વસીના દીકરા પર રડો જો કે તેમની મન્ઝીલ અમારાથી ઘણી દૂર છે."

આ શેઅર પઢયા પછી તે સ્ત્રીએ મને સંબોધીને કહ્યું: અય શખ્સ ! ઈમામ હુસૈન(અલ.)ના શોકમાં તેં અમારા ગમને ફરીથી તાજો કરી દીધો અને ઝખમના દાગ જે હજી રૂઝાયા ન હતા તેને ફરીથી તાજા કરી દીધા. હવે તેમના રૂઝાવવાની આશા નથી. અલ્લાહતઆલા તમારી મગફેરત કરે. તમે કોણ છો ?

મેં કહ્યું : હું બશીર બિન જઝલમ છું. મને મારા મૌલા અલી ઈબ્ને હુસૈન(અલ.)એ મોકલ્યો છે જેથી હું મદીનાના લોકોને તેમના આવવાની જાણ કરું. તેમણે અબા અબ્દીલ્લાહ(અલ.)ના કુટુંબીજનો સાથે ફલાણી જગ્યા પર ખૈમો લગાવ્યો છે. (કમકામ ઝખ્ખાર, પાના ૫૮૧)

કરબલાના કાફલાનું સ્વાગત

બશીર કહે છે : મદીનાના બધા જ લોકો કરબલાના કાફલાની મુલાકાત માટે દોડીને જવા લાગ્યા. મેં પણ મારા ઘોડાને ઝડપથી દોડાવ્યો. પરંતુ બધા જ રસ્તાઓ લોકોથી

ખીચોખીચ ભરેલા હતા. ઘોડા પર બેસીને જવું શક્ય ન હતું. તેથી હું ઘોડા પરથી ઉતરીને ઘણી જ મુશ્કીલથી લોકોની ભીડમાંથી નીકળ્યો અને અહલેબૈત(અલ.)ના ખૈમા પાસે પહોંચ્યો.

અલી ઇબ્નીલ હુસૈન(અલ.) ખૈમામાં હતા. તેઓ બહાર આવ્યા અને આપના હાથમાં એક રૂમાલ હતો જેનાથી આંસુને સાફ કરતા હતા.એક માણસ એક મીમ્બર લાવ્યો. આપ તેના પર તશરીફ લઈ ગયા. તેમની આંખોમાંથી આંસુ ટપકી રહ્યા હતા. ઈમામ(અલ.)ને જોઈને લોકોના રોવાની

અવાજ બુલંદ થઈ ગઈ. સ્ત્રીઓ પણ ઘણી જોરથી રોતી અને પીટતી હતી. ચારે તરફથી પુરૂષો તેમને પુરસો આપી રહ્યા હતા. આખું વાતાવરણ રોવાની દર્દનાક અવાજોથી ગુંજી રહ્યું હતું.

ઈમામ ઝયનુલ આબેદીન(અલ.)એ હાથના ઈશારાથી બધાને ચૂપ થઈ જવા માટે કહ્યું અને પછી આ ખુત્બો પઢયા :

તમામ વખાણ ખાસ તે અલ્લાહ માટે છે જે આલમીનનો પરવરદીગાર છે અને કયામતના દિવસનો માલીક છે. તમામ મખ્લુકને પેદા કરનાર છે. તે એટલો દૂર છે કે જાણે આસમાનોમાં ખૂબ જ ઊંચા મકામ પર છે. ઈન્સાનની અકલ અને તેના વિચારોની પહોંચથી બહાર છે અને એટલો નજીક છે કે દીલના વિચારો, ખ્યાલો અને ખાનગી વાતોને પણ જાણે છે. મોટી મોટી મુશ્કેલીઓ, જમાનાના ખરાબ બનાવો, આઘાતજનક મુસીબતો, દીલોને

પીગળાવી દે તેવી મુશ્કેલીઓ અને દુ:ખ દર્દમાં પણ હું અલ્લાહનો શુક્ર અદા કરૂં છું.

અય લોકો ! તમામ વખાણ અલ્લાહ માટે ખાસ છે કે તેણે મોટી મોટી બલાઓ અને મુસીબતો દ્વારા અમારી પરીક્ષા કરી. ઈસ્લામમાં મોટી ખોટ આવી ગઈ. અબુ અબ્દીલ્લાહ હુસૈન બિન અલી(અલ.) અને તેમના કુટુંબીજનોએ શહાદતનો જામ પી લીધો. તેમના ઘરની સ્ત્રીઓ અને બાળકોને કેદી બનાવવામાં આવ્યા. તેમના સરોને નેઝા પર બુલંદ કરીને જુદા જુદા શહેરોમાં ફેરવવામાં આવ્યા. આ એવી મુસીબત છે કે તેના જેવી બીજી કોઈ મુસીબત નથી.

અય લોકો ! તમારામાંથી એવું કોણ છે જે તેમની શહાદત પછી ખુશી મનાવે ? અથવા કયું એવું દીલ છે જે તેમના માટે ન તડપે ? અથવા કઈ એવી આંખો છે જે આંસુને રોકી શકે ? સાત

આસમાન જેને ઘણા જ મજબૂત બનાવવામાં આવ્યા છે તે પણ તેમની શહાદત પર રોયા છે. દરિયા પોતાના મોજાઓથી, આસમાન તેના પાયાથી, જમીન ચારે તરફથી, ઝાડ અને તેની ડાળીઓ, દરિયાની માછલીઓ, દરિયાના મોજાઓ, અલ્લાહના નજીકના ફરીશ્તાઓ તથા આસમાનના બધા જ રહેવાસીઓએ તેમના પર આંસુ વહાવ્યા છે. અય લોકો ! અમને અમારા વતનથી કાઢી મૂકવામાં આવ્યા. અમને બેવતન અને બેઘર કરવામાં આવ્યા જાણે કે અમે તુર્ક અને કાબુલની ઓલાદ હતા. એવો વર્તાવ તેમણે અમારી સાથે કર્યો. જ્યારે કે અમે ન કોઈ ગુનાહ કર્યો હતો અને ન કોઈ ખોટા કામ કર્યા હતા. એટલે સુધી કે અમે અમારા બાપદાદાઓ વિશે પણ આવી વાતો નહોતી સાંભળી. બની ઉમય્યાએ અમારા વિશે જે ખોટી

વાતો ઉડાવી તે માત્ર તેમના મનથી ઘડેલી વાતો છે.

અલ્લાહની કસમ ! જો રસુલુલ્લાહ(સલ.) તેમને અમારી સાથે લડાઈ કરવાનો હુકમ આપત તો પણ તેઓ આનાથી વધારે ઝુલ્મ ન કરી શક્યા હોત. (જ્યારે કે રસુલુલ્લાહ (સલ.)એ તો પોતાના અહલેબૈત(અલ.) સાથે મોહબ્બત કરવાનો હુકમ આપ્યો હતો.) ઈન્ના લિલ્લાહી વ ઈન્ના ઈલયહી રાજીઉન.

કેટલી મોટી, દુ:ખદાયક અને આઘાતજનક મુસીબત છે અને કેટલી કડવી અને ધ્રૂજાવી નાખનારી તકલીફો અને ગમો હતા. હું અલ્લાહ પાસે તે મુસીબતોનો અજ્ર ચાહું છું જે અમારા પર પડી છે કે તે દરેક પર વર્ચસ્વ ધરાવે છે અને બદલો લેનાર છે. (અદ્દમ્અતુસ્સાકીબહ, ભાગ ૫,પાના ૪૨૭)

સુહાન બિન સઅસઆ

તેમના વાલીદ સઅસઆ બિન સુહાન મહાન અને પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા. અમીરૂલ મુઅમેનીન (અલ.)ના સહાબી હતા. ઈમામ જાફર સાદીક (અલ.)થી વર્ણન થયું છે કે અમીરૂલ મુઅમેનીન(અલ.)નો હક સઅસઆ અને તેમના સાથીઓ સિવાય કોઇએ ન ઓળખ્યો. તેમના ઘણાં બધા ફઝાએલ છે.ઇબ્ને અબ્દુલ બર્રે તેમને રસુલુલ્લાહ (સલ.)ના અસ્હાબમાં ગણ્યા છે. સઅસઆ તે લોકોમાંથી છે જેમણે અમીરૂલ મુઅમેનીન (અલ.)નું અહદનામુ માલીકે અશ્તરથી વર્ણન કર્યું છે. (તન્કીહુલ મકાલ,ભાગ ૨)

આ મોકા પર સુહાન બિન સઅસઆ બિન સુહાન અબ્દીએ ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) પાસે દીલગીરી વ્યક્ત કરી અને માફી માંગી કે

મારા પગો કમજોર અને લાચાર છે. ઇમામ (અલ.)એ તેમની માફીને કબૂલ કરી અને તેમના પ્રત્યે પોતાની ખુશીને જાહેર કરી અને તેમના વાલીદ સઅસઆ માટે મગફેરતની દુઆ કરી. (અલ-મલહુફ, પાના ૮૫)

મુહમ્મદ બિન હનફીયા

બશીર કહે છે: મુહમ્મદ બિન હનફીયાને એહલેબૈત (અલ.)ના આવવાની અને ઇમામ હુસૈન (અલ.)ની શહાદતની ખબર ન હતી. અચાનક આ ખબર સાંભળીને જોરથી એક ચીસ પાડી અને કહ્યું: અલ્લાહની કસમ ! મેં આવી ગમનાક હાલત રસુલુલ્લાહ (સલ.)ની વફાતના દિવસે જોઇ હતી. આ અવાજ અને ઘોંઘાટ શેનો છે ?

કેમ કે તેઓ ખૂબ જ બીમાર હતા. એટલા માટે કોઇ પણ તેમને આ દર્દનાક કીસ્સો બયાન નહોતુ કરતું. ડરતા હતા કે આ સમાચાર સાંભળીને ક્યાંક તેમની રૂહ ન નીકળી જાય !

મુહમ્મદ બિન હનફીયા હકીકતને જાણવા માટે ખૂબ જ આગ્રહ કરતા હતા. જેથી તેમના એક ગુલામે કહ્યું: અય અમીરૂલ મુઅમેનીન(અલ.)ના

ફરઝંદ! તમારા ભાઇ હુસૈન(અલ.) કુફા તશરીફ લઇ ગયા હતા. ત્યાંના લોકોએ તેમની સાથે ખયાનત કરી અને દગો આપ્યો. પછી તે લોકોએ ઇમામ હુસૈન (અલ.)ના પિતરાઇ ભાઇ જનાબે મુસ્લીમ બિન અકીલને શહીદ કર્યા અને હવે તેમના દીકરા અલી ઇબ્નુલ હુસૈન અને તેમના એહલેબૈત(અલ.) મદીના પાછા આવી ગયા છે.

તેમણે પોતાના ગુલામને પૂછયું: તો પછી તેઓ મારી પાસે કેમ નથી આવતા ?

ગુલામે કહ્યું: તેઓ તમારી રાહ જોઇ રહ્યા છે.

આ સાંભળીને મોહમ્મદ બિન હનફીયા પોતાની જગ્યાથી ઊભા થયા. એટલા અશક્ત હતા કે કોઇ વખત ચાલતા ચાલતા પડી જતા અને કોઇ વખત ઊભા થતા હતા અને કહેતા હતા 'લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહીલ અલીય્યીલ અઝીમ'

જાણે કે તેમને આ મુસીબતનો એહસાસ થઇ ગયો હતો. પછી કહ્યું: અલ્લાહની કસમ મને આ ઘટનામાં આલે યાકુબની મુસીબતોનો શાએબો દેખાય છે. કહેતા હતા : મારો ભાઇ ક્યાં છે ? મારા દીલનો ટુકડો ક્યાં છે ? હુસૈન ક્યાં છે?

લોકોએ કહ્યું: તમારા ભાઇ હુસૈન(અલ.) મદીનાથી બહાર ફલાણી જગ્યાએ ખૈમામાં છે. મુહમ્મદ બિન હનફીયાને ઘોડા પર સવાર કરવામાં આવ્યા. તેમના ખાદીમ આગળ આગળ ચાલતા હતા. તેમને મદીનાથી બહાર લઇ ગયા. જ્યારે કાળા પરચમ સિવાય બીજી કોઇ વસ્તુ ન દેખાઇ તો પૂછયું: આ કાળા પરચમ શા માટે છે ? અલ્લાહની કસમ! બની ઉમય્યાએ ઇમામ હુસૈન(અલ.)ને કતલ કરી દીધા છે. આમ કહી ચીસ પાડીને ઘોડા પરથી જમીન પર પડી ગયા અને બેહોશ થઇ ગયા.

તેમનો ખાદીમ ઇમામ ઝયનુલ આબેદીન (અલ.)ની સેવામાં હાજર થયો અને કહ્યું: મૌલા તમારા કાકાની ખબર લો. એવું ન બને કે તેમની રૂહ નીકળી જાય.

ઇમામ ચાલ્યા. આંખોથી આંસુની ધારા વહી રહી હતી. હાથમાં કાળુ કપડું હતું જેનાથી આંસુ સાફ કરી રહ્યા હતા. ઈમામ સજ્જાદ (અલ.) પોતાના કાકાના સર મુબારક પાસે બેસી ગયા અને તેમનું સર પોતાના ઝાનું પર મૂકી દીધું. જ્યારે મુહમ્મદ બિન હનફીયાને હોશ આવ્યો તો ઇમામ ઝયનુલ આબેદીન (અલ.)ને કહ્યું :

يَا بْنَ اَخِي! يَا بْنَ اَخِيْ! اَيْنَ قُرَّةُ عَيْنِيْ ؟! اَيْنَ نُوْرُ بَصَرِيْ ؟

اَيْنَ اَبُوْكَ اَيْنَ خَلِيْفَةُ اَبِيْ ؟ اَيْنَ اَخِيْ الْحُسَيْنُ عَلَيْهِ السَّلَام

અય મારા ભત્રીજા, મારો ભાઇ ક્યાં છે ? મારી આંખોનું નુર ક્યાં છે ? તમારા પિતાજી ક્યાં છે

? મારા બાબાના વસી ક્યાં છે ? મારા ભાઇ હુસૈન ક્યાં છે ?

ઇમામ ઝયનુલ આબેદીન (અલ.)એ ફરમાવ્યું:**يَاعَمَّاهَاتَيْتُكَيَتِيْمًا** અય ચાચા હું યતીમ થઇને આવ્યો છું. મારી સાથે બાળકો અને દુ:ખી અને રડનારી સ્ત્રીઓ સિવાય હવે બીજું કોઇ નથી. અય ચાચા, જો તમે તમારા ભાઇ હુસૈન(અલ.)ને જોઈ લેત તો શું કરત ? તેમણે લોકો પાસે મદદ માંગી પરંતુ કોઇએ મદદ ન કરી અને પ્યાસા શહીદ કરવામાં આવ્યા! આ સાંભળીને મુહમ્મદ બિન હનફીયા ફરીથી ચીસ પાડીને બેહોશ થઇ ગયા. (અદદમઅતુ સ્સાકીબહ, ભાગ ૫, ૧૬૪)

મદીનામાં દાખલ થવું

એહલેબૈત(અલ.) જુમ્આના દિવસે ત્યારે મદીનામાં દાખલ થયા જ્યારે ખતીબ નમાઝે જુમ્આનો ખુત્બો આપી રહ્યો હતો અને ઇમામ હુસૈન (અલ.)ના મસાએબ પઢી રહ્યો હતો. જેનાથી એહલેબૈત(અલ.)ના ગમો ફરીથી તાજા થઇ ગયા. દીલો પર ગમ અને દુ:ખના વાદળો છવાઇ ગયા અને કરબલાના શહીદોના ગમમાં નૌહા કરીને રડવા લાગ્યા. આ દિવસ એવો જ હતો જેવી રીતે રસુલુલ્લાહ (સલ.)ની વફાતનો દિવસ હતો કે બધા મદીનાવાળા ભેગા થઇને અઝાદારી કરતા હતા.

ઉમ્મે કુલસુમ રડતા રડતા મસ્જીદે નબવીમાં આવ્યાં અને કબ્રે રસુલ(સલ.) તરફ મોઢું કરીને કહ્યું: અય મારા નાના! આપ પર મારા સલામ ! હું તમારી પાસે તમારા ફરઝંદ હુસૈન (અલ.)ની શહાદતની ખબર લઇને આવી છું. રસુલુલ્લાહ(સલ.)ની કબ્રથી

રૂદન અને વિલાપની અવાજ બુલંદ થઇ. તે દર્દનાક અવાજ સાંભળીને લોકોમાં પણ રોવાનો અવાજ બુલંદ થયો. ત્યાર બાદ ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) રસુલુલ્લાહ (સલ.)ની કબ્રની ઝિયારત માટે આવ્યા અને કબ્રે મુતહ્હર પર પોતાનું માથું મૂકીને ઘણું જ રડયા. (અદદમઅતુ સ્સાકીબહ, ભાગ ૫, ૧૬૨)

રાવી કહે છે : જનાબે ઝયનબ(સલા.) આવ્યા અને મસ્જીદને બંને હાથોથી પકડીને ફરીયાદ કરી: યા જદ્દાહ! હું મારા ભાઇ હુસૈન(અલ.)ની શહાદતની ખબર લાવી છું. જનાબે ઝયનબ(સલા.)ના આંસુ કોઈ રીતે રોકાતા ન હતા અને તેમની ઝબાન પર ભાઈના મસાએબ હતા. જ્યારે પણ અલી ઇબ્નુલ હુસૈન (અલ.)ને જોઇ લેતા તો તેમનો ગમ તાજો થઇ જતો હતો. (બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૧૯૮)

ઉમ્મે સલમા(રઝિ.)

તેમનું નામ હીન્દ છે તથા અબુ ઉમય્યાના દીકરી છે. પહેલા હબશા પછી મદીના હીજરત કરી, બીજી હીજરીમાં રસુલે અકરમ(સલ.) સાથે શાદી કરી. અમીરૂલ મુઅમેનીન (અલ.) ફાતેમા ઝેહરા(સલા.) અને હસન્ૈન(અલ.) સાથે સાથે તેમને જે મોહબ્બત હતી તેને બધા જ જાણે છે. યઝીદ બિન મુઆવીયાની હુકૂમતના સમયમાં તેમનો ઇન્તેકાલ થયો. (તન્કીહુલ મકાલ,ભાગ ૩, પાના ૭૨)

રસુલે અકરમ(સલ.)ના પત્ની ઉમ્મે સલમા ઓરડાથી બહાર નીકળ્યા. તેમના એક હાથમાં તે શીશી હતી જેમાં તુરબતે હુસૈન લોહીમાં બદલાઇ ગઇ હતી અને બીજા હાથમાં ફાતેમા બીન્તે હુસૈન(સલા.)નો હાથ પકડયો હતો. જ્યારે

એહલેબૈત (અલ.)એ ઉમ્મુલ મુઅમેનીન હઝરત ઉમ્મે સલમાને જોયા અને તે માટીને જોઇ જે લોહી બની ગઇ હતી તો તેમના રૂદન અને વિલાપમાં અનેકગણો વધારો થઈ ગયો. તેઓ ઉમ્મુલ મોઅમેનીન (અલ.)ને ગળે મળીને ઘણું જ રડ્યાં.

તેમનું નામ ફાતેમા છે. હુઝામ બિન ખાલીદ બિન રબીઆ બિન આમીરના દીકરી છે. રીવાયતમાં છે કે અમીરૂલ મુઅમેનીન (અલ.)એ પોતાના ભાઇ અકીલને જેઓ અરબના વંશના જાણકાર હતા તેમને કહ્યું: મારા માટે એવી બહાદુર પત્ની તલાશ કરો કે જેનાથી બહાદુર બાળકો પેદા થાય. અકીલે કહ્યું: તમે બની કીલાબની આ દીકરી સાથે નીકાહ કરો. કેમ કે અરબમાં મેં તેના પૂર્વજોથી વધારે બહાદુર નથી જોયા. અમીરૂલ મુઅમેનીન (અલ.)એ તેમની સાથે નીકાહ કરી લીધા. હઝરત અબ્બાસ કમરે બની હાશીમ, અબ્દુલ્લાહ, જાફર અને ઉસ્માન તેમના દીકરાઓ છે. તેમના ઇમાનની મજબૂતી આ કીસ્સાથી જાણી શકાય છે કે જ્યારે બશીર મદીના આવ્યા અને એક પછી એક તેમના દીકરાઓની

શહાદતની ખબર આપી તો ઉમ્મુલ બનીને કહ્યું: મને અબા અબ્દીલ્લાહની ખબર સંભળાવો. મારા દીકરાઓ અને જે કાંઇ આ આકાશ નીચે છે બધું જ હુસૈન(અલ.) પર કુરબાન થાય. બસ મને હુસૈન(અલ.) વિશે ખબર આપો. (તન્કીહુલ મકાલ,ભાગ ૩, પાના ૭૦)

ઉમ્મુલ બનીન (હઝરત અબ્બાસ(અલ.) અને તેમના બીજા ત્રણ ભાઇઓની મા જેઓ બધા જ કરબલામાં શહીદ થયા) પોતાના દીકરાઓની શહાદતની ખબર સાંભળ્યા પછી રોજ જન્નતુલ બકીઅમાં જતા હતા અને પોતાના સગાવ્હાલાઓ પર અઝાદારી કરતા હતા. મદીનાની બીજી સ્ત્રીઓ પણ આપની સાથે રોતી અને વિલાપ કરતી હતી.

જનાબે ઉમ્મુલ બનીનની અઝાદારી એટલી દર્દનાક અને ગમનાક હતી કે મરવાન જેવો એહલેબૈત(અલ.)નો દુશ્મન પણ જ્યારે જન્નતુલ

બકીઅ પાસેથી પસાર થતો હતો તો તે પણ જનાબે ઉમ્મુલ બનીનનો વિલાપ સાંભળીને બેચૈન થઇ જતો હતો. (હયાતુલ ઇમામીલ હુસૈન(અલ.), ભાગ ૩, પાના-૪૩૦)

પોતાના દીકરાઓના ગમમાં જનાબે ઉમ્મુલ બનીન આ રીતે અશ્આર પઢતા હતા :

તે વ્યક્તિ જેણે અબ્બાસ(અલ.)ને દુશ્મનના ટોળા પર હુમલો કરતા જોયા છે અને તેમની સાથે હૈદરના સિંહ જેવા બહાદુર દીકરાઓને હુમલો કરતા જોયા છે, તેણે મને બતાવ્યું કે મારા દિકરાનું સર ઝખ્મી અને હાથ કપાઇ ગયા પરંતુ અફસોસ કે (મારા દીકરાના હાથ કપાયા ન હોત) જો તેનું સર ઝખ્મી હોત અને તેના હાથમાં તલવાર હોત તો કોઇ તેની નજીક ન આવી શકત.

لَا تَدْعُونِي وَيْكِ أُمَّ الْبَنِينِ

تُذَكِّرِيْنِي بِلُيُوْثِ الْعَرِيْنِ

كَانَتْ بَنُوْنَ لِي أُدْعَى بِهِمْ

وَالْيَوْمَ اَصْبَحْتُ وَلَا مِنْ بَنِيْنِ

اَرْبَعَةٌ مِثْلُ نُسُوْرِ الرُّبَى

قَدْ وَاصَلُوا الْمَوْتَ بِقَطْعِ الْوَتِيْنِ

(નફસુહુલ મસ્દુર, પાના-૬૨૩)

(હવે કોઈ મને ઉમ્મુલ બનીન ન કહેજો કેમ કે મને મારા સિંહ જેવા દીકરા યાદ આવી જશે. આ દીકરાઓના કારણે મને ઉમ્મુલ બનીન કહેવામાં આવતું હતું પણ હવે મારો કોઇ દીકરો નથી રહ્યો. મારા ચારેય દીકરાઓ શહીદ થઇ ગયા જેઓ ઝડપથી ઉડનાર ગરૂડની જેમ હતા.)

પ્રકરણ : ૩૫

એહલેબૈત(અલ.)ની અઝાદારી

ઉમર બિન અલી બિન હુસૈન(અલ.) કહે છે: ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી બની હાશીમની ઔરતો લાંબા સમય સુધી કાળા કપડા પહેરતી રહી. ઠંડી અને ગરમીની પરવા નહોતી કરતી અને હંમેશા ઇમામ હુસૈન(અલ.) અને કરબલાના અન્ય શહીદોની અઝાદારીમાં વ્યસ્ત રહેતી હતી અને અલી ઈબ્નીલ હુસૈન(અલ.) તેમના જમવાની વ્યવસ્થા કરતા હતા. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૧૧૮)

જનાબે રૂબાબ ઇમામ હુસૈન(અલ.)ના પત્ની

અબુલ ફરજે ઔફ બિન ખારીજાથી વર્ણન કર્યું છે કે હું ઉમર બિન ખત્તાબ પાસે બેઠો હતો. એટલામાં એક વ્યક્તિ તેમની પાસે આવ્યો અને સલામ કરી. ઉમરે તેનું નામ પૂછ્યું: તેણે કહ્યું: હું એક નસરાની છું. મારૂં નામ ઇમરઉલ કૈસ છે. હું ચાહુ છું કે મુસલમાન થઇ જાઉં અને તેના આદાબ શીખવા માંગુ છું.

તેની સામે ઇસ્લામ રજૂ કરવામાં આવ્યો અને તે મુસલમાન થઇ ગયા અને કુઝાઆ કબીલો જે શામમાં હતો તેની સરદારી તેને સોંપવામાં આવી.

જ્યારે ઇમરઉલ કૈસ ઉમર પાસેથી બહાર આવ્યા ત્યારે અમીરૂલ મુઅમેનીન (અલ.) સાથે તેમની મુલાકાત થઇ. ઈમામ હસન અને હુસૈન(અલ.) પણ તેમની સાથે હતા. હઝરત અલી(અલ.)એ ફરમાવ્યું: હું રસુલે અકરમ(સલ.)નો પીતરાઇ ભાઇ (કાકાનો દીકરો) અને તેમનો જમાઈ અલી ઇબ્ને અબી

તાલીબ(અલ.) છું અને આ બંને મારા દીકરાઓ છે. તેમના માતાજી ફાતેમા બિન્તે મુહમ્મદ(સલ.) છે. અમે તમારી દીકરી સાથે રીશ્તો કરવા માંગીએ છીએ. ઇમરઉલ કૈસે કહ્યું: યા અલી ! હું મારી દીકરી સલમાનો તમારા દીકરા હસન અને બીજી દીકરી રૂબાબનો તમારા દીકરા હુસૈન સાથે અક્દ કરૂં છું.

કિતાબ અગાનીના સંપાદક કહે છે: તે જ દીવસે રાત થતા પહેલા ઇમામ અલી(અલ.)એ પોતાના દીકરા ઇમામ હુસૈન(અલ.)ના નિકાહ ઇમરઉલ કૈસની દીકરી જનાબે રૂબાબ સાથે કરી દીધા. જનાબે રૂબાબથી અબ્દુલ્લાહ, અસગર અને સકીના ત્રણ બાળકો થયા. (કમકામ ઝખ્ખાર, પાના-૨૫૩)

હીશામ ઇબ્ને સાએબ કલ્બી કહે છે: રૂબાબ નામાંકિત સ્ત્રી હતા અને તેમના પિતા ઇમરઉલ કૈસ માનવંત ખાનદાનોમાંથી હતા. ઇમામ હુસૈન(અલ.) પણ જનાબે રૂબાબને ઘણા જ એહતરામથી રાખતા

હતા. હંમેશા તેમના પર મોહબ્બતની નજર રાખતા હતા. જેમ કે આપના આ શેઅર તેમના પત્ની જનાબે રૂબાબ અને દીકરી સકીના વિશે છે :

لَعَمْرُكَ إِنَّنِي لَأُحِبُّ دَارًا

تَكُونُ بِهَا سُكَيْنَةُ وَالرَّبَابُ

أُحِبُّهُمَا وَ أَبْذُلُ جُلَّ مَالِي

وَ لَيْسَ لِعَاتِبٍ عِنْدِيْ عِتَابٌ

(નફસુલ મહમુમ, પાના ૫૨૭)

(તમારી કસમ ! હું તે ઘરને ચાહુ છું કે જેમાં રૂબાબ અને સકીના હોય. હું બંનેને ચાહુ છું અને તેમના માટે માલ ખર્ચ કરૂં છું અને ટીકા કરનારને મારી નજરમાં ટીકા કરવાનો કોઈ હક નથી.)

રીવાયતમાં છે કે ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી જનાબે રૂબાબ જીવનભર રડતા રહ્યાં. ઇબ્ને અસીર કહે છે: જનાબે રૂબાબ અસીરોના કાફલા સાથે શામ ગયા અને જ્યારે મદીના પાછા આવ્યા તો કુરૈશના બુઝુર્ગોએ તેમને શાદીનો પૈગામ મોકલ્યો. પરંતુ જનાબે રૂબાબે દરેકના સંદેશને આ રીતે કહીને ફગાવી દીધો કે ફરઝંદે રસૂલ(સલ.)ની શરીકે હયાત(જીવનસાથી) બન્યા પછી હું બીજા કોઇના ઘરે દીવો નહીં સળગાવું. તેઓ જીવનભર રડતા રહ્યાં અને આસમાન નીચે કોઇ છત અથવા છાંયડા નીચે આશ્રય ન લીધો. અહીં સુધી કે અનહદ શોક અને ગમથી મૃત્યુ પામ્યા.

અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે જનાબે રૂબાબ એક વર્ષ સુધી ઇમામ હુસૈન(અલ.)ની કબ્ર પાસે રહ્યા. ત્યારબાદ મદીના પાછા ફર્યા અને સખત ગમમાં ત્યાં જ તેમનો ઇન્તેકાલ થઇ ગયો.

તેમણે ઇમામ હુસૈન(અલ.)નો મરસીયો આ રીતે કહ્યો છે.

إِنَّالَّذِيكَانَنُورٌأَيُسْتَضَاءُبِهِ

بِكَرْبَلَاءَقَتِيلٌغَيْرُمَدْفُونِ

سِبْطَالنَّبِيِّجَزَاكَاللهُصَالِحَةً

عَنَّاوَجُنِّبْتَخُسْرَانَالْمَوَازِينِ

قَدْكُنْتُلِيجَبَلًاصَعْبًاأَلُوذُبِهِ

وَكُنْتَتَصْحَبُنَابِالرَّحْمِوَالدِّينِ

مَنْلِلْيَتَامَىوَمَنْللسَّائِلِينَوَمَنْ

يَعْنَىوَيَأْوَىإِلَيْهِكُلُّمِسْكِينٍ

وَاللهِلَاأَبْتَغِيصِهْرًابِصِهْرِكُمْ

حَتَّىأُغَيَّبَبَيْنَالرَّمْلِوَالطِّينِ

(તે નૂર હતું જેનાથી લોકો રોશની પ્રાપ્ત કરતા હતા. તેમને કરબલામાં કતલ કરી નાખવામાં આવ્યા અને દફન પણ ન કરવામાં આવ્યા. અય રસુલ(સલ.)ના ફરઝંદ ! અમારા તરફથી અલ્લાહ આપને શ્રેષ્ઠ બદલો અર્પણ કરે અને કયામતના દિવસે તમારા નામએ અમલના ત્રાજવાને ભારે રાખે. તમે અમારા માટે મજબૂત ચટાન (ખડક) હતા જેની પનાહમાં હું રહેતી હતી. તમે અમારા દીનદાર અને મહેરબાન સાથી હતા. હવે યતીમો અને ફકીરોનું કોણ છે? અને મીસ્કીનો કોના ઘરે જાય અને ક્યાં આશ્રય લે ? અલ્લાહની કસમ ! મરતા દમ સુધી હું બીજો કોઇ જીવનસાથી કબૂલ નહી કરૂં.) (કમકામ ઝખ્ખાર, ૬૫૩, નફસુલ મહમુમ, ૫૨૮)

અકીલની દીકરીનો મરસીયો

અલઇક્દુલ ફરીદના સંપાદકે આ બીબીનું નામ નથી લખ્યું. શક્ય છે તેમનું નામ અસ્મા હોય. જેવી રીતે અલ્લામા મજલીસી(રહ.)એ બિહારૂલ અન્વારના ભાગ-૪૫, પાના-૮૮ પર વર્ણન કર્યું છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.)ની શહાદતની ખબર મદીના પહોંચી તો અસ્મા બિન્તે અકીલ બિન અબી તાલીબ(અલ.) અમુક સ્ત્રીઓ સાથે બહાર નીકળ્યા. તેમણે રસુલુલ્લાહ(સલ.)ની કબર પર જઇને ફરિયાદ કરી. પછી મુહાજિરો અને અન્સારને સંબોધીને કહ્યું:

مَاذَا تَقُولُون اِذْ قَالَ النَّبِيُّ لكم، يَوْمَ الحِسَابِ وَ صِدْقُ القَوْلِ مَسْمُوع

તારીખે કામીલ,ઇબ્ને અસીર,ભાગ ૪, પાના-૮૮ પર છે કે જ્યારે મદીનામાં ઇમામ

હુસૈન(અલ.)ની શહાદતની ખબર પહોંચી તો બની હાશીમની સ્ત્રીઓ શોક અને માતમ કરતા કરતા નીકળી તેમાં અકીલના દીકરી પણ હતા. શેખ મુફીદે ઇરશાદ,ભાગ ૨, પાના-૧૨૪ પર આ બીબીનું નામ ઉમ્મે લુકમાન લખ્યું છે.

અકીલ ઇબ્ને અબી તાલીબ(અલ.)ની દીકરીએ પણ ઇમામ હુસૈન(અલ.) અને તેમના બાવફા અસ્હાબના મરસીયામાં આ શેઅર કહ્યા છે :

عَيْنِيْ ابْكِيْ بِعَبْرَةٍ وَ عَوِيْلٍ

وَ انْدُبِيْ اِنْ نَدَبْتِ آلَ الرَّسُوْلِ

سِتَّةٌ كُلُّهُمْ لِصُلْبِ عَلِيٍّ

قَدْ اُصِيْبُوْا وَ خَمْسَةٌ لِعَقِيْلٍ

(કમકામ ઝખ્ખાર, ૬૫૩, નફસુલ મહમુમ, ૫૨૮)

(અય મારી આંખો! આંસુ અને ફરિયાદ સાથે રડો. આલે રસુલના ગમમાં વિલાપ કરો તે છ માણસો પર જે અલી(અલ.)ના વંશથી છે અને અકીલના પાંચ દીકરાઓ પર જેઓ શહીદ થયા.)

હઝરત સજ્જાદ(અલ.)નું આંસુ વહાવવું

ઇમામ જાફર સાદીક(અલ.) ફરમાવે છે: ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) પોતાના વાલીદના મસાએબ યાદ કરીને ચાલીસ વર્ષ સુધી રડતા રહ્યા જ્યારે કે દિવસોમાં રોઝા રાખતા અને રાતોમાં જાગીને અલ્લાહની ઇબાદતમાં પસાર કરતા હતા. જ્યારે ખાદિમ આપની સામે ઇફ્તાર લાવતો તો રડતા રડતા કહેતા કે હું કેવી રીતે પાણી પીવું જ્યારે કે મારા બાબા પ્યાસા શહીદ કરવામાં આવ્યા છે.

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)નો ખાદીમ બયાન કરે છે: એક દિવસ હું ઇમામની શોધમાં રણમાં ગયો. જોયું કે આપ(અલ.) એક પથ્થર પર ઇબાદત કરી રહ્યા છે અને સજ્દામાં માથુ રાખીને કહી રહ્યા છે:

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ حَقًّا حَقًّا لَا اِلٰهَ اِلَّا اللّٰهُ تَعَبُّدًا وَّ رِقًّا لَا اِلٰهَ اِلَّا اللّٰهُ اِيْمَانًا وَّ صِدْقًا

મેં જોયું કે આપે આ શબ્દો હજાર વખત પઢયા. જ્યારે સજ્દાથી માથું ઉઠાવ્યું તો મેં કહ્યું: મૌલા! શું હજું તે સમય નથી આવ્યો કે આપ રડવાનું ઓછું કરી દો ?

આપે ફરમાવ્યું: અફસોસ છે તમારી હાલત પર. હઝરત યઅકુબ(અલ.)ના બાર દીકરાઓ હતા અને તેમાંથી એક તેમની આંખોથી દૂર થઇ ગયો હતો તો તેની જુદાઇમાં એટલું રડયા કે વાળ સફેદ થઇ ગયા, કમર ઝુકી ગઇ અને આંખોનું નૂર ચાલ્યુ ગયું જ્યારે કે મેં તો મારા વાલીદ, કાકા અને બીજા સગાવ્હાલાઓની માથુ કપાએલી લાશોને જમીન પર ટુકડા થએલી જોઇ છે. (અલ્લુહૂફ, પાના-૮૭)

એક કથન આ પણ છે કે આપ(અલ.)એ ફરમાવ્યું: હું જ્યારે પણ ફાતેમા(સલા.)ની અવલાદને આશુરાના અરીસામાં જોઉ છું, પોતાની ફોઇ અને બહેનોને જોઉ છું તો મારો ગમ તાજો થઇ જાય છે અને આંખોથી આંસુઓનો ધોધ વહેવા લાગે છે. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૧૪૯)

ઇમામ હુસૈન(અલ.) પર રસુલુલ્લાહ(સલ.)ના અસ્હાબનું રડવું

એહલેબૈત(અલ.)ના મદીના પાછા ફર્યા બાદ સૈયદુશ્શોહદાના શોકમાં બની હાશીમ પણ ઘણા જ ઉદાસ અને ગમગીન થયા અને ત્રણ વર્ષ સુધી તેમનો ગમ મનાવતા રહ્યા અને અઝાદારી કરતા રહ્યા. રસુલુલ્લાહ(સલ.)ના વૃદ્ધ સહાબીઓ જેમ કે મસ્વર બિન મખરમા અને અબુ હુરૈરહ છૂપી રીતે ઇમામ હુસૈન(અલ.)ની શહાદતનું બયાન સાંભળતા અને બની હાશીમ સાથે ઇમામ હુસૈન(અલ.)ના ગમમાં રડતા હતા. (હયાતુલ ઇમામ હુસૈન(અલ.), ભાગ ૩, પાના-૪૨૭)

જનાબે અકીલા (ઝયનબ સલા.)નો શોક

જનાબે ઝયનબે કુબરા(સલા.) હંમેશા પોતાના ભાઇ અને એહલેબૈત(અલ.)ના શોકમાં વિલાપ કરતા અને રડતા હતા. તેમના આંસુ ક્યારેય નહોતા રોકાતા. તેમનો શોક અને વિલાપ કદી પણ ઓછો નહોતો થતો. જ્યારે પણ પોતાના ભત્રીજા ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ને જોતા તો તેમનું કલેજું ફાટી જતું હતું અને તેમના પર પડેલી ખૂબ જ કષ્ટદાયક અને દીલ પીગળાવી દેનાર મુસીબતોથી તેમની આંખોથી આંસુ વહેવા લાગતા. એટલા જ માટે ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી બે વર્ષથી વધારે જીવંત ન રહી શક્યા. (હયાતુલ ઇમામ હુસૈન(અલ.), ભાગ ૩, પાના-૪૨૮)

યઝીદ અને ઈબ્ને મરજાનાનો શુક્ર અદા કરવું

બીજી તરફ યઝીદે ઇબ્ને મરજાનાનો શુક્રિયા અદા કર્યો કે તેણે રસુલે અકરમ (સલ.)ના ફરઝંદને શહીદ કર્યા છે. તેને ખૂબ જ માન સન્માન અને તોહફાઓ આપ્યા અને નીચે મુજબ પત્ર લખ્યો:

જણાવવાનું કે વાસ્તવમાં શ્રેષ્ઠતા તમે પ્રાપ્ત કરી છે અને તે હોદ્દા પર પહોંચ્યા છો જેના પર અત્યારે તમે નિમણુંક થઇ ગયા છો. તમે કવિના તે કાવ્યનું ઉદાહરણ છો :

رُفِعْتَ فَجَاوَزْتَ السَّحَابَ وَ فَوْقَهُ

فَمَا لَكَ اِلَّا مُرْتَقَى الشَّمْسِ مَقْعَدُ

"તમે ઘણી જ શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી વાદળોથી પસાર થઇને તેનાથી ઉપર પહોંચી ગયા

તો તમારી જગ્યા સુરજની બુલંદી સિવાય બીજી કોઈ નથી."

મારો પત્ર મળતાની સાથે જ શામ તરફ નીકળી જાવ. મારી પાસે આવો જેથી તમને ઇનામ આપું.

ઇબ્ને ઝિયાદ પોતાની હુકૂમતના સભ્યો સાથે શામ તરફ નીકળ્યો. ત્યાં પહોંચ્યો તો બની ઉમય્યાનું એક એક બાળક તેના સ્વાગત માટે શહેરથી બહાર આવ્યું અને જ્યારે ઇબ્ને ઝિયાદ યઝીદના મહેલમાં દાખલ થયો તો યઝીદ પોતાની જગ્યાએથી ઊભો થઈ ગયો અને ઇબ્ને ઝિયાદને ભેટી પડયો. તેની પેશાની ચુમી પોતાના સિંહાસન પર બેસાડયો અને ગીત ગાવાવાળીઓને કહ્યું કે ગીત ગાય અને શરાબ પીવડાવનારને કહ્યું:

اِسْقِنِيْ شَرْبَةً تُرَوِّيْ فُؤَادِيْ

ثُمَّ مِلْ وَ اَسْقِ مِثْلَهَا اِبْنَ زِيَادٍ

مَوْضِعَ السِّرِّ وَالْاَمَانَةِ عِنْدِيْ

وَ عَلَى ثَغْرِ مَغْنَمِي وَ جِهَادِي

(હયાતુલ ઇમામ હુસૈન(અલ.), ભાગ 3, પાના-૩૯૨)

"મને એવી શરાબ પીવડાવ કે જેનાથી મારૂ દીલ પ્રફુલ્લિત થાય અને પછી એ જ પ્યાલાથી ઇબ્ને ઝિયાદને પીવડાવ કે તે મારો વફાદાર અને વિશ્વસનીય છે અને તે મારા ગનીમતના માલ અને જેહાદની સરહદો પર છે." (હયાતુલ ઇમામ હુસૈન(અલ.), ભાગ-૩ પાના-૩૯૨)

ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદ એક મહિનો શામમાં રહ્યો. યઝીદે તેને દસ લાખ દીરહમ ઇનામમાં આપ્યા અને એટલા જ ઉમર બિન સઅદને આપ્યા અને ઇરાકનો એક વર્ષનો ટેક્સ(વેરો) ઉબૈદુલ્લાહ બિન

ઝિયાદને આપી દીધો. ઇબ્ને ઝિયાદ સાથેની મોહબ્બત અને દોસ્તીને વ્યક્ત કરવામાં અતિશયોક્તિ કરી અને તેને પોતાના કુટુંબમાં સામેલ કરી લીધો. એટલે સુધી કે જ્યારે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદનો ભાઇ "મુસ્લીમ બિન ઝિયાદ" યઝીદ પાસે શામ ગયો તો યઝીદે તેના ભાઇના કારણે તેનું સન્માન કર્યું અને તેને આમ પણ કહ્યું: આલે અબી સુફ્યાન(સુફ્યાનની અવલાદ) પર તમારી મોહબ્બત જરૂરી છે. આખો દિવસ તેની સાથે વાતો કરતો રહ્યો અને ખુરાસાનની આસપાસના વિસ્તારની હુકૂમત તેને સોંપી દીધી.

યઝીદે ઇબ્ને ઝિયાદનો એટલા માટે આભાર માન્યો હતો કે તેણે આલે રસુલ(સલ.)નું ખુન વહાવ્યું હતું! યઝીદ સમજતો હતો કે ઇબ્ને ઝિયાદે તેની હુકૂમતના પાયા મજબૂત કરી દીધા છે. (હયાતુલ ઇમામ હુસૈન(અલ.), ભાગ 3, પાના-૩૯૩)

ભાગ-૧૧

પ્રકરણ : ૩૬

ઇમામ હુસૈન(અલ.)ની ઝિયારતની ફઝીલત

આપની ઝિયારતની ફઝીલતમાં બલકે તેના વાજીબ હોવાની બાબતમાં અસંખ્ય રિવાયતો વર્ણન થઇ છે:

(૧) ઇમામ સાદીક(અલ.)થી રિવાયત બયાન કરવામાં આવી છે કે આપ(અલ.) એ ફરમાવ્યું:

زِيَارَةُ الْحُسَيْنِ بْنِ عَلِيٍّ وَاجِبَةٌ عَلَى كُلِّ مَنْ يُقِرُّ لِلْحُسَيْنِ بِالْإِمَامَةِ مِنَ اللهِ عَزَّ وَجَلَّ

"ઇમામ હુસૈન(અલ.)ની ઝિયારત દરેક તે વ્યક્તિ પર વાજીબ છે જે કબૂલ કરે છે કે તેઓ અલ્લાહ તરફથી નિમણુંક થએલા ઇમામ છે." (ઇરશાદ, શેખ મુફીદ, ભાગ ૨, પાના-૧૩૩)

(૨) ઉમ્મે સઇદ કહે છે: ઇમામ જાફર સાદીક(અલ.)એ મને ફરમાવ્યું: શું તમે ઇમામ હુસૈન(અલ.)ના મઝારની ઝિયારત કરો છો? મેં કહ્યું: હા! આપ(અલ.) એ ફરમાવ્યું: અય ઉમ્મે સઇદ! ઇમામ હુસૈન(અલ.)ના મઝારની ઝિયારત કરતા રહેજો કે તેમની ઝિયારત સ્ત્રીઓ અને પુરૂષો બંને પર વાજીબ છે. (કામિલુઝ ઝિયારાત, પાના-૧૨૨)

(૩) મુહમ્મદ બિન મુસ્લીમે ઇમામ મુહમ્મદ બાકીર (અલ.) થી વર્ણન કર્યું છે કે આપ(અલ.)એ ફરમાવ્યું: મારા શીઆઓને કહી દો કે તેઓ ઇમામ હુસૈન(અલ.)ના રોઝાની ઝિયારત માટે જાય. બેશક, ઇમામ હુસૈન(અલ.)ના મઝારની ઝિયારત દરેક તે મોમીન પર વાજીબ છે જે આ વાતને કબૂલ કરે છે કે આપ અલ્લાહ તરફથી નિમણુંક થએલા ઇમામ છે. (કામિલુઝ ઝિયારાત, પાના-૧૨૨)

(૪) ઇમામ રઝા(અલ.)ફરમાવે છે જે માણસ ફુરાતના કિનારે અબુ અબ્દિલ્લાહ(અલ.)ની ઝિયારત કરે છે તે વ્યક્તિ તેવો છે જેણે અર્શ પર અલ્લાહની ઝિયારત કરી. (સવાબુલ અઅમાલ વ ઇકાબુલ અઅમાલ,પાના-૧૧૦)

(૫) ઇબ્ને મુસ્કાને ઇમામ સાદીક(અલ.)થી વર્ણન કર્યું છે: જે માણસ ઇમામ હુસૈન(અલ.)પાસે (તેમની કબરની ઝિયારત માટે) આવે છે અને તેમના હકને ઓળખે છે તેનું નામ ઇલ્લીય્યીનમાં (ઇલ્લીય્યીન જન્નતમાં એક કિતાબ છે.) લખવામાં આવે છે. (સવાબુલ અઅમાલ વ ઇકાબુલ અઅમાલ,પાના-૧૧૦)

(૬) ઇમામ જાફર સાદીક(અલ.)એ ફરમાવ્યું: જે માણસ અબુ અબ્દિલ્લાહીલ હુસૈન(અલ.)ની ઝિયારત તેમના હકને ઓળખીને કરે છે અલ્લાહ હક્કુન્નાસ સિવાય તેના તમામ પાછલા તથા

ભવિષ્યના ગુનાહોને માફ કરી દે છે. (સવાબુલ અઅમાલ વ ઇકાબુલ અઅમાલ,પાના-૧૧૧)

(૭) ઇમામ મુસા બિન જાફર(અલ.)એ ફરમાવ્યું: ફુરાતના કીનારે ઇમામ હુસૈન(અલ.)ની કબ્રનો ઝાએર જે તેમના હકને ઓળખતો હોય અને તેમની વિલાયતને કબૂલ કરતો હોય તો તેનો ઓછામાં ઓછો સવાબ એ છે કે તેના પાછલા અને ભવિષ્યના ગુનાહ "લોકોના હક્કો સિવાય" માફ કરી દેવામાં આવે છે. (સવાબુલ અઅમાલ વ ઇકાબુલ અઅમાલ,પાના-૧૧)

(૮) ઝૈદ શહ્હામે ઇમામ જાફર સાદીક(અલ.)થી બયાન કર્યું છે કે ઇમામ હુસૈન(અલ.)ની કબ્રની ઝિયારત અલ્લાહની નજીક વીસ હજ જેટલી બલકે તેનાથી પણ વધારે અફઝલ છે. (સવાબુલ અઅમાલ વ ઇકાબુલ અઅમાલ,પાના-૧૧૭)

(૯) સાલેહ નબ્લીએ ઇમામ જાફર સાદીક(અલ.)થી નકલ કર્યું છે કે આપ(અલ.)એ ફરમાવ્યું: જે માણસ ઇમામ હુસૈન(અલ.)ની કબ્ર પાસે આવે અને તેમનો હક ઓળખે આ તે વ્યક્તિ જેવો છે જેણે રસુલ અકરમ(અલ.)સાથે વીસ હજ કરી હોય. (સવાબુલ અઅમાલ વ ઇકાબુલ અઅમાલ,પાના-૧૧૮)

(૧૦) મુહમ્મદ બિન હકીમે અબુલ હસન(અલ.)થી બયાન કર્યું છે: જે માણસ વર્ષમાં ત્રણ વખત ઇમામ હુસૈન(અલ.)ના મઝારની ઝિયારત કરશે તે ગરીબી અને ફકીરીથી સુરક્ષિત રહેશે. (વસાઇલુશ્શીઆ,ભાગ ૧૦, પાના ૨૪૦, હદીસ ૩)

(૧૧) મુહમ્મદ બિન મુસ્લિમે ઇમામ મુહમ્મદ બાકીર(અલ.)થી વર્ણન કર્યું છે કે આપ(અલ.)એ ફરમાવ્યું: અમારા શીઆઓને કહી દો કે તેઓ ઇમામ હુસૈન(અલ.)ની કબ્રની ઝિયારત માટે જાય. કેમ કે તેમની ઝિયારતથી રોઝીમાં વધારો થાય છે,

ઉંમર લાંબી થાય છે અને બલાઓ અને બુરાઇઓથી સલામત રહે છે. (વસાઇલુશ્શીઆ,ભાગ ૧૦, પાના ૩૨૧, હદીસ ૮)

(૧૨) ઇમામ જાફર સાદીક(અલ.)બયાન કરે છે કે હુસૈન ઇબ્ને અલી(અલ.)એ ફરમાવ્યું: (اَنَا قَتِيْلُ الْعَبَرَة) હું ગમ અને પીડાની હાલતમાં કતલ કરવામાં આવ્યો છું. કોઇ પણ દીલગીર મારી ઝિયારત માટે આવશે અલ્લાહ તેને તેના કુટુંબ પાસે ખુશખુશાલ પાછો મોકલશે. (સવાબુલ અઅમાલ વ ઇકાબુલ અઅમાલ,પાના-૧૨૩)

ઝિયારત મુસ્તહબ છે કે વાજીબ

ઇમામ હુસૈન(અલ.)ની ઝિયારત વિશે જે રિવાયતો ઉપર વર્ણન કરવામાં આવી છે શક્ય છે તેને વાંચીને કોઇના મગજમાં આ પ્રશ્ન ઉત્પન્ન થાય કે ઇમામે હુસૈન(અલ.)ની ઝિયારત વિશે અમે તો આમ સાંભળ્યું હતંુ કે ઝિયારત મુસ્તહબ છે અને સવાબનું કામ છે. ઉપરોક્ત રિવાયતોમાં પણ અમુક રિવાયતો ઈમામ હુસૈન(અલ.)ની ઝિયારત મુસ્તહબ હોવાનું દર્શાવે છે. તો પછી શા માટે અમુક રિવાયતો ખાસ કરીને પહેલી રિવાયતથી ઝિયારતના વાજીબ હોવાનો અર્થ સમજાય છે અને આ રિવાયતમાં વાજીબનો શબ્દ પણ ઉપયોગ થયો છે.

તેનો જવાબ આ છે કે આવી રિવાયતો જેમાં વાજીબનો શબ્દ આવ્યો છે તેનો મતલબ એ

નથી જે આજે ફિક્હની પરિભાષામાં વાજીબનો અર્થ લેવામાં આવે છે. આ ફકીહો (મુજતહીદો)ની પરિભાષા છે કે વાજીબ એટલે એવું કાર્ય જેને છોડવું જાએઝ નથી અને તેને છોડવા પર સજા છે. વાજીબ શબ્દનો આ અર્થ અઇમ્મા(અલ.)ના સમયમાં પ્રચલિત ન હતો. એટલા જ માટે અહીં વાજીબનો શાબ્દિક અર્થ લેવામાં આવે જે અઇમ્મા(અલ.)ના સમયમાં પ્રચલિત હતો અને તે જરૂરીના અર્થમાં છે. એટલે કે જે માણસ ઇમામ હુસૈન(અલ.)ની ઇમામતનો એકરાર કરે છે તેના માટે જરૂરી છે કે તે આપ (અલ.)ની ઝિયારત કરે અને આ વાત પર રિવાયતમાં આવેલું આ વાક્ય ‘જે મોમીન તેમની ઇમામતનો એકરાર કરે છે’ દલીલ છે. કેમકે જો વાજીબ કામ હોત તો તેને છોડવું જાએઝ ના હોત અને તેના માટે ઇમામત અને ઇમાનના એકરારની જરૂર ન હતી.

મેં ખાસ કરીને આ રીવાયતો વિશે અમુક મહાન આલિમો સાથે ચર્ચા વિચારણા કરી. તેઓએ આ સંભાવનાને જોતાં કે શક્ય છે અહિંયા વાજીબ શબ્દનો પારિભાષિક અર્થ લેવામાં આવ્યો હોય. તેમના કહેવા પ્રમાણે જેની પાસે ઝિયારત કરવાની શક્તિ હોય તો તેના પર ઇમામ હુસૈન(અલ.)ની ઝિયારત હજની જેમ જીવનમાં એક વખત વાજીબ છે અને તેને છોડવી જાએઝ નથી. (આ આલિમનો પોતાનો વિચાર છે, મુજતહિદનો ફતવો નથી.)

સહીફએ ઇન્તેકામ (બદલાના પ્રત્યાઘાત)

ભાગ-૧૨

પ્રકરણ : ૩૭

શીઆ ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી પસ્તાવો

ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી ઇરાકીઓને પોતાના કરેલા કૃત્યો પર ઘણો જ પસ્તાવો થયો કે જેના કારણે ઇમામ(અલ.) શહીદ થયા હતા. તેઓ અત્યંત દિલગીર થયા. “ઉબૈદુલ્લાહ ઇબ્ને હુર” જે કુફાના પ્રતિષ્ઠિત વ્યક્તિઓમાંથી હતા અને ઇમામ હુસૈન(અલ.)એ રસ્તામાં તેમને પોતાની સાથે આવવાની દાવત પણ આપી હતી પરંતુ તે નહોતા આવ્યા. તેઓ પોતાના આ કામ પર એટલા બધા શરમિંદા થયા કે નજીક હતું કે તેમની રૂહ નીકળી

જાય. પોતાના કાવ્યોમાં તેઓ પોતાની દિલગીરી અને અફસોસને આ રીતે વ્યક્ત કરે છે :

હું જીવનભર અને છેલ્લા શ્વાસ સુધી અફસોસ કરતો રહીશ.

હુસૈન(અલ.)એ મને ગુમરાહો અને મુનાફિકોની વિરૂદ્ધ મદદ કરવા માટે કહ્યું હતું.

કાલની જ તો વાત છે કે મને કસ્રે બની મકાતીલ પર કહ્યું હતું.

અમને છોડીને જુદા થઇ ગયા છો ? જો મેં તેમની મદદ કરી હોત.

તો કાલે કયામતમાં કામયાબ થઇ ગયો હોત.

ફરઝંદે રસુલ(સલ.) કે મારી જાન તેમના પર કુરબાન

જેઓ અમને છોડીને ચાલ્યા ગયા.

જો બેચેની દીલના ટુકડા કરે તો આજે જ મારા દીલના ટુકડા કરી દે.

સફળ થઇ ગયા તે લોકો જેમણે હુસૈન(અલ.)ની મદદ કરી અને મુનાફિકો નુકસાનમાં રહ્યા. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૫૫, કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૬૯)

શીઆઓની ચળવળની શરૂઆત ઇ.સ.૬૧ હીજરી એટલે કે તે જ વર્ષથી શરૂ થઇ જે વર્ષે ઇમામ હુસૈન(અલ.)ને શહીદ કરવામાં આવ્યા. શીઆઓ હથિયાર ભેગા કરવામાં અને જંગની ફિકરમાં પડી ગયા અને ગુપ્ત રીતે એકબીજાને ઇમામે હુસૈન(અલ.)ના લોહીનો બદલો લેવાની દાવત આપવા લાગ્યા. અહિંયા સુધી કે યઝીદ બિન મુઆવિયા પોતાના ખરાબ અંજામ સુધી પહોંચી ગયો.(મૃત્યુ પામ્યો) (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પા-૧૬૨)

જેલમાંથી પત્ર

ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી મુખ્તારે પોતાની બહેન સફીય્યા બીન્તે અબુ ઉબૈદહન (સફીય્યાહ જનાબે મુખ્તારની બહેન અને અબ્દુલ્લાહ બિન ઉમરના પત્ની હતા. કહેવાય છે કે તેઓ મુખ્તારને ઘણાં જ ચાહતા હતા અને રાત દિવસ પોતાના ભાઈ મુખ્તારની કેદખાનાથી આઝાદી માટે પોતાના પતિને કહેતા હતા. જ્યારે મુખ્તાર કૈદથી આઝાદ થઇને પોતાની બહેન સફીય્યા પાસે આવ્યા અને બહેને ભાઇની આંખની કીનારી પાસે ઝખ્મ જોયું તો ચીસ પાડીને બેભાન થઇ ગયા. - કુરસાનુલ હિજા, ભાગ ૨, પાના-૨૦૦) જે અબ્દુલ્લાહ બિન ઉમરની પત્ની હતી એક પત્ર લખ્યો અને તેને પોતાની પરિસ્થિતિ જણાવી. સફીય્યાએ પોતાના પતિને કહ્યું: યઝીદને પત્ર

લખીને મારા ભાઈ મુખ્તારને જેલથી આઝાદ કરાવો. અબ્દુલ્લાહ બિન ઉમરે આ બાબત પર યઝીદને પત્ર લખ્યો. એ જ પ્રમાણે અબુ સુફયાનની દીકરી હિન્દે મુખ્તારના જેલના સાથી અબ્દુલ્લાહ બિન હારીસની આઝાદી માટે પણ ભલામણ કરી.

યઝીદનો પત્ર

યઝીદે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને પત્ર લખ્યો અને બે માણસોની આઝાદીનો હુકમ આપ્યો. ઉબૈદુલ્લાહે મુખ્તારને આઝાદ કરી દીધા. પરંતુ સાથે આ વાયદો લીધો કે ત્રણ દિવસથી વધારે કુફામાં નહીં રોકાય અને જો કુફાથી નીકળવામાં વાર લગાડશે તો તેની ગરદન ઉડાવી દેવામાં આવશે. મુખ્તાર કુફાથી હીજાજ તરફ નીકળ્યા. વાકીસા પહોંચ્યા તો સઅકબ બિન ઝુહૈર અઝદી સાથે મુલાકાત થઇ. સઅકબે કહ્યું : અય અબુ ઇસ્હાક (મુખ્તાર) તમારી આંખમાં શું થયું?

જનાબે મુખ્તારે (કટાક્ષમાં) કહ્યું: ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની મહેરબાની છે! જો હું તેને કતલ કરીને તેના ટુકડે ટુકડા ન કરૂં તો અલ્લાહ મને મૌત આપે અને યહ્યા બિન ઝકરીયાના કાતીલો જેમની

સંખ્યા ૭૦,૦૦૦ હતી એટલા જ પ્રમાણમાં હું ઈમામ હુસૈન(અલ.)ના કાતીલોને કતલ કરીશ.

પછી કહ્યું: તે અલ્લાહની કસમ જેણે કુરઆન નાઝિલ કર્યું, કુરકાન મોકલ્યું, દીનના કાનૂન બનાવ્યા અને નાફરમાનીને નાપસંદ કરી. હું કબીલએ અઝ્દ, ઉમ્માન, મઝહજ, હમદાન, હીન્દ, ખૌલાન, બકર અને હઝ્ઝાન, સઅલ અને નબ્હાન, અબસ, ઝીબયાન અને કૈસ અને ઇલાનના કબીલાઓને રહમાન પરવરદીગારના રસુલ(સલ.)ના ફરઝંદના ઇન્તેકામમાં કતલ કરીશ. આટલું કહીને મક્કા તરફ નીકળ્યા.

ઇબ્ને ઉરૂક કહે છે: મેં જનાબે મુખ્તાર સાથે મુલાકાત કરી તો જોયું કે તેમની આંખ ઝખ્મી છે. મેં પૂછયું: આ શું થયું? તેઓ કહેવા લાગ્યા અય ઉરૂકના દીકરા! આ ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદની મહેરબાની છે. ફીત્નાની વીજળીઓ ચમકી રહી છે

અને તેના ફળ પાકવાનો સમય આવી ગયો છે. તેના ઊંટની દોરી છૂટી ગઇ છે અને પૂંછડી ઊંચી કરીને દજલાની આજુબાજુ ચીસો પાડી રહ્યું છે.

તવ્વાબીન

તવ્વાબીન તે લોકો છે જેઓ કરબલામાં ઇમામ હુસૈન(અલ.)ના શહીદ થયા પછી તરત જ શરમિંદા અને દિલગીર થયા. (એટલે કે આ લોકોએ ઇમામ હુસૈન(અલ.)નો સાથ ન આપ્યો, એમનામાંથી અમુકે ઇમામ હુસૈન(અલ.)ને પત્ર લખીને દાવત આપી હતી. ઇમામ હુસૈન(અલ.)તેમની આંખોની સામે શહીદ થઇ ગયા અને ઇમામના શહીદ થઇ ગયા પછી તેમને એહસાસ થયો કે ફરઝંદે રસુલ અલ્લાહના દીનને બચાવવા માટે શહીદ થયા, આપણે મદદ કરવી જોઇતી હતી, તેમણે મદદ માંગી આપણે મદદ ન કરી જેથી પોતાના આ અઝીમ ગુનાહ પર ઘણા જ પસ્તાયા અને ઇમામની શહાદત પછી આ ગુનાહની તૌબા માટે યઝીદની હુકુમત વિરૂદ્ધ બળવો કર્યો અને છેવટે માર્યા ગયા. એટલા જ માટે આ લોકોને તવ્વાબીન એટલે તૌબા કરનારા કહેવામાં આવે

છે.અનુવાદક) જ્યારે ઇમામ હુસૈન(અલ.)શહીદ થઇ ગયા ત્યારે ઉમર બિન સઅદના લશ્કરમાંથી એક માણસે ઊભા થઇને કહ્યું: (જો કે ઉમર બિન સઅદના માણસોએ તેને ચૂપ કરાવવા માટે ઘણી કોશીષ કરી કે તે કાંઈ ન બોલે તો પણ બધાની મરજી વિરૂદ્ધ તે ઊભો થઈને કહેવા લાગ્યો) હું કેમ ચીસો ન પાડું જ્યારે કે હું જોઇ રહ્યો છું કે રસુલ(સલ.) ઊભા છે અને જમીન તરફ જોઇ રહ્યા છે અને ક્યારેક તમને અને તમારી જંગને જોઇ રહ્યા છે. હું ડરૂં છું કે તેઓ તમારા પર લઅનત કરે અને આપણે હલાક થઇ જઇએ. તેમાંથી અમુક લોકોએ કહ્યું: આ ગાંડો થઇ ગયો છે. તવ્વાબીને કહ્યું: અલ્લાહની કસમ ! આપણે સુમય્યાના દીકરાની ઇચ્છા પર જન્નતના જવાનોના સરદારને કતલ કરીને પોતાના ઉપર ઝુલ્મ કર્યો છે. પછી તેમણે ઇબ્ને ઝિયાદની વિરૂદ્ધ બળવો પોકાર્યો. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના ૧૭૩)

ઈબ્ને ઝીયાદે કૂફાની નજીકની છાવણી નુખૈલાહમાં પોતાનો પડાવ નાખ્યો હતો. જ્યારે ઈમામ હુસૈન(અલ.)શહીદ થઈ ગયા ત્યારે તે નુખૈલાહથી પાછો ચાલ્યો આવ્યો. કુફામાં શીઆઓ એકબીજા સાથે મુલાકાત કરીને પોતાની જાતને ઠપકો આપતા હતા અને પોતાની દીલગીરી અને અફસોસ જાહેર કરતા હતા. તેઓ સારી રીતે સમજી ગયા હતા કે તેમનાથી ઘણી મોટી ભૂલ થઈ ગઈ છે. કેમકે ઇમામ હુસૈન(અલ.)ને દાવત આપીને પોતાના શહેર અને વતનમાં બોલાવ્યા અને પછી તેમની અવાજ પર લબ્બૈક ન કહ્યું.તેમની મદદ ન કરી. એટલે સુધી કે ઇમામ હુસૈન(અલ.) શહીદ થઇ ગયા. તેઓ આ હકીકતને સારી રીતે જાણતા હતા કે તેમનો ગુનાહ માફીને લાયક નથી અને તેમના દામનથી આ ખરાબ કૃત્યનો કલંક અને ધબ્બો ક્યારેય સાફ થઇ શક્તો નથી સિવાય કે તેઓ ઇમામ હુસૈન(અલ.)ના

દુશ્મનોથી તેમના ખૂનનો બદલો લે અથવા આ રસ્તામાં પોતે માર્યા જાય.

તે સમયે કુફામાં પાંચ માણસો એવા હતા જેમને શીઆઓના સરદાર માનવામાં આવતા હતા. તેમના નામ નીચે મુજબ છે:

(૧) સુલેમાન બિન સુરદ ખુઝાઇ

(૨) મુસય્યબ બિન નજબા ફઝારી

(૩) અબ્દુલ્લાહ બિન સઅદ બિન નુફૈલ અઝ્દી

(૪) અબ્દુલ્લાહ બિન વાલ તૈમી

(૫) રૂફાઅહ બિન શીદાદ બજલી

આ પાંચેય માણસો હઝરત અલી(અલ.)ના ખાસ સહાબીઓ હતા. એટલા માટે શીઆઓ સુરદ ખઝાઇના ઘરે ભેગા થયા. (કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના ૧૫૮) (આ લોકો તવ્વાબીનના સરદારો છે.)

મુસય્યબ બિન નજ્બાનું પ્રવચન

પહેલા મુસય્યબ બિન નજ્બાએ પ્રવચન શરૂ કર્યું. તેમણે અલ્લાહની હમ્દો સના પછી કહ્યું: આખી જીંદગી આપણી પરીક્ષા લેવામાં આવી છે અને જુદા જુદા ફીત્નાઓમાં ઘેરાએલા રહ્યા છીએ. અલ્લાહની બારગાહમાં દુઆ છે કે આપણને તે લોકોમાંથી ન બનાવી દે જેમને કાલે કયામતના દિવસે કહેવામાં આવશે :

أَوَلَمْ نُعَمِّرْكُمْ مَا يَتَذَكَّرُ فِيهِ مَنْ تَذَكَّرَ શું અમે તમને એટલી ઉંમર નહોતી આપી કે તમારામાંથી કોઈ પણ નસીહત લેનાર નસીહત લઇ લે ?)

મુસય્યબ બિન નજ્બાએ કહ્યું કે અમીરૂલ મુઅમેનીન અલી(અલ.)ફરમાવે છે: અલ્લાહતઆલાએ હઝરત આદમ (અલ.)ના ફરઝંદને ૬૦ વર્ષની ઉંમરમાં નિવૃત કર્યો છે અને

આપણામાંથી એક પણ એવો નથી જે ૬૦ વર્ષનો ન હોય અને આપણે ન માત્ર એ કે પોતાને પાક નથી કર્યા બલકે હજી વધારે નુકસાનમાં ચાલ્યા ગયા છીએ અને રસુલ(અલ.)ના નવાસાની બાબતમાં અલ્લાહની સામે જૂઠા ઠહેર્યા. તેમના પત્રો અને એલચી આપણી પાસે આવ્યા. તેમણે આપણા પર હુજ્જત તમામ કરી. આપણી પાસે મદદ માંગી અને આપણે શરૂઆતમાં અને અંતમાં તેમની મદદ કરવાથી મોઢું ફેરવ્યું અને જાન, માલ અને ઝબાનથી તેમની મદદ ન કરી. એટલે સુધી કે તેમને આપણી સામે શહીદ કરવામાં આવ્યા. પછી અલ્લાહની સામે તેના પૈગમ્બરની મુલાકાતના સમયે આપણે શું બહાનું રજુ કરીશું ? જ્યારે કે રસુલે અકરમ(સલ.)ના ફરઝંદ અને તેમની ઝુર્રીયત(સંતાન)ને આપણા જ શહેર અને ગામમાં કતલ કરવામાં આવી છે.

અલ્લાહની કસમ ! આપણી પાસે આ સિવાય બીજો કોઇ રસ્તો નથી કે આપણે તેમના કાતીલોને અને જે લોકોએ તેમની વિરૂદ્ધ જંગમાં સાથ આપ્યો છે તેમને કતલ કરી નાખીએ અથવા આપણે પોતે જ ઈમામ હુસૈન(અલ.)ના રસ્તામાં કતલ થઈ જઈએ કે અલ્લાહ આપણાથી રાજી થઈ જાય. હું અલ્લાહની મુલાકાતના સમયે મારી જાતને તેની સજાથી સુરક્ષિત નથી સમજતો. (કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૫૯)

અય લોકો! કોઇ માણસને તમારો સરદાર બનાવી લો. તમારો કોઇ રેહબર હોવો જોઇએ જેના દામનમાં તમે પનાહ લઇ શકો અને એક પરચમ હોવો જોઇએ કે જેના નીચે તમે ભેગા થઇ શકો. (કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૫૯)

રૂફાઅહ બિન શદ્દાદનું પ્રવચન

પછી રૂફાઅહ બિન શદ્દાદ ઊભા થયા અને મુસય્યબ બિન નજ્બાને સંબોધીને કહ્યું: અલ્લાહે તમને હીદાયત કરી કે તમે ઘણું સારૂં પ્રવચન આપ્યું. ફાસીકો સાથે જંગ અને આ મહાન ગુનાહના વળતર માટે શ્રેષ્ઠ સલાહ આપી જે ગુનાહ આપણે કરી ચૂકયા છીએ. અમે તમારી વાત સાંભળી અને તેને કબૂલ કરી લીધી છે. હવે વાત એ રહે છે કે કોને રેહબર નિયુક્ત કરવો કે જેના પરચમ નીચે આપણે બધા એકત્ર થઈ શકીએ. તેના માટે મારો મત એ છે કે તમે અમારા સરદાર બની જાવ તો ઘણી સારી વાત છે. કેમકે તમે નિખાલસ અને અમારા દરમિયાન માનનીય છો અને જો તમે અને બીજા સાથીઓ યોગ્ય સમજો તો સુલેમાન બિન સુરદ ખુઝાઇને અમારો અમીર નિયુક્ત કરી દો.

કેમકે તેઓ શ્રેષ્ઠ શીઆ, રસુલુલ્લાહ(સલ.)ના સહાબી, દીનની બાબતમાં નેક અને ભરોસાપાત્ર માણસ છે.

પછી અબ્દુલ્લાહ બિન સઅદ ઊભા થયા અને રૂફાઆ જેવું જ પ્રવચન આપ્યું અને મુસય્યબ અને સુલેમાનના વખાણ કર્યા. તે વખતે મુસય્યબે કહ્યું: તમે સાચી સલાહ આપી છે સુલેમાન બિન સુરદને આપણા સરદાર બનાવી દો.

(કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૫૯)

સુલેમાન બિન સુરદનું પ્રવચન

તેમણે અલ્લાહની હમ્દ અને વખાણ પછી કહ્યું: મને આ વાતનો ડર છે કે આ જમાનો જેમાં જીવવું મુશ્કેલ છે, મુસીબતોના પર્વતો અને ઝુલ્મ ચારે તરફ ફેલાઈ ગયો છે આપણા શીઆઓની કોઇ ઇઝ્ઝત નથી રહી. આપણે નેકી અને સુધારાનો રસ્તો નથી અપનાવ્યો અને આપણે પોતે રસુલ(સલ.)ના એહલેબૈત(અલ.)ને આવવા માટે તૈયાર કર્યા, તેમને અહીં આવવા માટે પ્રોત્સાહિત કર્યા, તેમને મદદ કરવાનું વચન આપ્યું અને જ્યારે તેઓ આપણી પાસે આવ્યા તો આપણે લાચારી અને કમજોરી બતાવી. આપણે રાહ જોતા રહ્યા એટલે સુધી કે આપણા રસુલ(સલ.)ના ફરઝંદ અને તેમના જીગરના ટુકડાને કતલ કરી નાખ્યા જ્યારે કે તેઓ આપણી પાસે મદદ માંગતા રહ્યા અને ન્યાય

અને ઇન્સાફની માંગણી કરતા રહ્યા. પરંતુ આપણે તેમની અવાજ પર લબ્બૈક ન કહ્યું અને તેનાથી ઊલ્ટુ ફાસીકોએ તેમને પોતાના તીરો અને નેઝાઓના નિશાન બનાવ્યા. તેમને ઝુલ્મ સાથે કતલ કરીને તેમના શરીર પરથી કપડા સુદ્ધા ઉતારી લીધા.

શું હજી પણ તમારી આંખો નહીં ખુલે ? અલ્લાહ તમારાથી નારાજ થઇ ગયો છે. જ્યાં સુધી તમે અલ્લાહને રાજી ન કરી લો ત્યાં સુધી તમારા ઘરે તમારા પત્ની અને બાળકો પાસે પાછા ન જશો. અલ્લાહની કસમ ! હું નથી માનતો કે અલ્લાહ તમારાથી રાજી થાય સિવાય કે તમે ઈમામ હુસૈન(અલ.)ના કાતિલો સાથે જંગ કરો અને મૌતથી ન ડરો. કેમકે જે મૌતથી ડર્યો તે ઝલીલ થયો. હવે બની ઇસ્રાઇલની જેમ થઇ જાવ જ્યારે તેમના પૈગમ્બરે તેમને કહ્યું:

إِنَّكُمْ ظَلَمْتُمْ أَنفُسَكُم

... فَتُوبُوا إِلَىٰ بَارِئِكُمْ فَاقْتُلُوا أَنفُسَكُمْ..

તમે પોતે જ પોતાના ઉપર ઝુલ્મ કર્યો છે.

તમારા સર્જનહાર તરફ પાછા ફરો અને એકબીજાને કતલ કરો. (સૂરએ બકરહ આ-૫૪)

આ વાત સાંભળીને બધા ઈમામ હુસૈન(અલ.)ના ખૂનનો બદલો લેવા માટે તૈયાર થઈ ગયા.જ્યારે તેમને યકીન થઈ ગયું કે તેમને આ અઝીમ ગુનાહથી નજાત ત્યારે જ મળશે જ્યારે તેઓ આ રસ્તામાં પોતાની જાન આપશે. ત્યારબાદ સુલેમાન બિન સુરદે કહ્યું : ત્યારે તમારી શું હાલત થશે જ્યારે તમને પોકારવામાં આવશે ? માટે તમારી તલવાર ખેંચી લો અને નેઝાઓ તૈયાર કરી લો.

وَأَعِدُّوا لَهُم مَّا اسْتَطَعْتُم مِّن قُوَّةٍ وَمِن رِّبَاطِ الْخَيْلِ..

"જેટલી તમારી પાસે તાકાત છે દુશ્મનો સાથે મુકાબલા માટે તૈયાર કરી લો અને એવી જ રીતે યુદ્ધ માટે તાલીમ પામેલા ઘોડા પણ તૈયાર રાખો." તમને પોકારવામાં આવે તે પહેલા સફર માટે તૈયાર થઇ જાવ. (સૂ. અન્ફાલ આ-૬૦)

પછી ખાલીદ બિન સઅદ બિન નુફૈલ ઊભા થયા અને કહ્યું: ખુદાની કસમ ! જો મને આ વાતની ખબર પડી જાય કે મારા કતલ થવાથી મારો ગુનાહ માફ થઇ જશે તો હું આત્મહત્યા કરી લેત. હું તમને બધાને ગવાહ બનાવું છું કે મેં હથિયાર સિવાય મારો બધો જ માલ મોમીનોને આપી દીધો છે જેથી તેઓ આ માલ ફાસીકો સાથે જંગમાં ખર્ચ કરે.

અબુ મુઅતમર ઊભા થયા અને ખાલીદ બિન સઇદ જેવી જ વાત કરી.

ત્યાર બાદ સુલેમાન બિન સુરદે કહ્યું: જે પણ આવું કરવા ઇચ્છતો હોય તે અબ્દુલ્લાહ બિન વાલ તૈમીની પાસે જાય અને જંગમાં કામ આવનારી વસ્તુઓ તેમની પાસે મૂકી દે અને જ્યારે બધી જરૂરી વસ્તુઓ તેમની પાસે ભેગી થઇ જશે તો આપણા સાથીઓ પોતાને આ હથિયારથી સજ્જ કરશે.

(કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૬૦)

પ્રકરણ : ૩૮

મદાઇનના લોકો માટે પત્ર

મદાઇનમાં પણ અમુક શીઆઓ હતા જેમના સરદાર સઅદ બિન હુઝૈફા બિન યમાન હતા. તવ્વાબીનની ચળવળના રહેબર સુલેમાન બિન સુરદે તેમને આ વિષય પર પત્ર લખ્યો: તમારા ભાઇઓ આ વાત પર સહમત થઇ ગયા છે કે તેઓ ઇમામ હુસૈન(અલ.)ના ખૂનનો બદલો લેશે. આ જ પત્રમાં તેમણે હુજ્ર બિન અદી અને ખઝલાનીની શહાદતનું પણ વર્ણન કર્યું અને તેમને તૌબા કરવા માટે પ્રોત્સાહિત કર્યા.

હકારાત્મક જવાબ

જ્યારે સઅદ બિન હુઝૈફાએ સુલેમાનનો પત્ર મદાઇનના શીઆઓને સંભળાવ્યો તો તેમણે જવાબ આપ્યો કે અમે જરૂર તમારી ઇતાઅત અને મદદ કરીશું. ત્યાર બાદ સઅદ બિન હુઝૈફાએ સુલેમાનને પત્ર લખ્યો કે શીઆઓ તમારા હુકમની રાહ જોઇ રહ્યા છે.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૬૧)

બસરાના લોકોના નામે પત્ર

સુલેમાન બિન સુરદે બસરાના રહેવાસીઓ અને ત્યાંના શીઆઓના નામે આ બાબતનો એક પત્ર લખ્યો. તેમણે પણ એ જ જવાબ આપ્યો જે મદાઇનવાળાઓએ આપ્યો હતો.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૬૧)

યઝીદ હલાક થયો

હજી કુફાવાળાઓ સુલેમાન બિન સુરદના નેતૃત્વમાં યુદ્ધના સાધનો અને સામાન એકત્ર કરવામાં અને પોતાને તૈયાર કરવામાં વ્યસ્ત હતા એટલામાં યઝીદ બિન મુઆવિયા હલાક થઇ ગયો. (યઝીદ બિન મુઆવિયા ૧૫ રબીઉલ અવ્વલ, હિ.સ.૬૪માં હલાક થયો.(તારીખુલ ખુલફા, પાના-૨૦૯) એવી જ રીતે આ પણ પ્રખ્યાત છે કે યઝીદ ગુરૂવારના દિવસે ૧૪ રબીઉલ અવ્વલ, હિ.સ.૬૪માં હલાક થયો. તે સમયે તેની ઉમર ૩૮-૩૯ વર્ષની હતી. ૩ વર્ષ ૬ મહિના અથવા ૩ વર્ષ ૮ મહિના ખલીફા રહ્યો. તેની સંતાન મુઆવિયા, ખાલીદ, અબુ સુફયાન, અબ્દુલ્લાહ, અસગર, અમ્ર, અબુ બકર, ઉત્બા, હર્બ, અબ્દુર્રહમાન અને મોહમ્મદ છે. કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૦૪) તે સમયે

ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદ બસરામાં હતો. કુફામાં તેનો ઉત્તરાધિકારી અમ્ર બિન હુરૈસ હતો.

યઝીદની હલાકત પછી કુફાના શીઆઓ સુલેમાન બિન સુરદ પાસે ભેગા થયા અને કહેવા લાગ્યા કે આ ઝાલીમ યઝીદ હલાક થઇ ગયો છે. આજે લોકો હકીકતથી અજાણ છે અને ઈમામ હુસૈન(અલ.)ની શહાદતથી ખૂબ જ પરેશાન છે. એટલે હુકૂમત વિરૂદ્ધ ચળવળમાં અમારો સાથ આપો જેથી આપણે ઉબૈદુલ્લાહના ઉત્તરાધિકારી અબ્દુલ્લાહ બિન હુરૈસ પર હુમલો કરીએ. ત્યાર બાદ આપણો મકસદ “ઇમામ હુસૈન(અલ.)ના ખૂનનો ઇન્તેકામ” જાહેર કરીશું અને એહલેબૈત(અલ.)ને શહીદ કરનારાઓને તેમના ખરાબ કૃત્યોની સજા ચખાડીશું અને લોકોને રસુલ(સલ.)ના એહલેબૈત(અલ.)ની પૈરવીની દાવત આપીશું.

સુલેમાને કહ્યું : તમે ઊતાવળ ન કરો. મેં તમારા સલાહ સૂચન પર શાંતિથી વિચાર કર્યો તો મને આ વાતની ખબર પડી કે ઈમામ હુસૈન(અલ.)ના કાતિલો અરબના અગ્રગણ્ય અને પ્રખ્યાત લોકોમાંથી છે. જો તેમને આ વાતની ખબર પડી જશે કે આપણે તેમની સાથે લડવાનું વિચારી રહ્યા છીએ તો તેઓ જરૂર આપણી વિરૂદ્ધ ઊભા થશે અને જે લોકો આપણી સાથે છે તેમની પાસે એટલી હિંમત નથી કે તેઓ બળવો કરીને ઈમામ હુસૈન(અલ.)ના ખૂનનો બદલો લઈ શકે અને ન તો તેઓ દુશ્મનને હલાક કરી શકે છે અને ન તેમનો ઈરાદો એટલો મજબૂત છે કે પોતાની ઈચ્છાને અમલમાં લાવી શકે. તેથી બહેતર એ છે કે તમે પહેલા આસપાસમાં એવા માણસોને મોકલો જે લોકોને મદદ કરવાની દાવત આપે, મને ઉમેદ છે કે યઝીદની હલાકત પછી લોકો આ દાવતને કબૂલ

કરી લેશે. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૯૬) આ લોકોએ આમ જ કર્યું અને ઘણાં બધા લોકોએ તેમની દાવત કબૂલ કરી લીધી.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૬૩)

અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરની બયઅત

૬૪ હિજરીમાં હીજાજના લોકોએ અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરની બયઅત કરી. એ જ પ્રમાણે શામના રહેવાસીઓએ મરવાન બિન હકમની અને બસરાના લોકોએ ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદની બયઅત કરી. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૨૫૩)

(ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી કુફાના અમુક શીઆઓ ઇમામ હુસૈન (અલ.)નો સાથ ન આપવાના કારણે પસ્તાયા. એટલા માટે તેઓ યઝીદની હુકૂમત વિરૂદ્ધ બળવો કરવા માંગતા હતા એટલામાં ૬૪ હીજરીમાં યઝીદની હલાકતની ખબર આવી અને મક્કામાં અબ્દુલ્લાહ બિન ઝુબૈરે ખલીફા હોવાનો દાવો કર્યો.

ટૂંકમાં એ કે ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી એક ઇસ્લામી દેશની સ્થિતિ આ પ્રમાણે હતી:

૧. કુફામાં તવ્વાબીનની ચળવળ.

૨. શામમાં મરવાન બિન હકમ યઝીદની હલાકત પછી હાકીમ બન્યો.

૩. મક્કામાં અબ્દુલ્લાહ બિન ઝુબૈરે ખલીફા હોવાનો દાવો કર્યો.

૪. બસરામાં ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદે લોકોની બયઅત લઇને હાકીમ હોવાનો દાવો કર્યો. પરંતુ બસરાવાળાઓએ ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદની બયઅત તોડી નાખી અને અબ્દુલ્લાહ બિન ઝુબૈરના પ્રતિનિધીની બયઅત કરી લીધી.

૫. કુફામાં જનાબે મુખ્તાર ઇમામ(અલ.)ના ખુનનો બદલો લેવા માટે ચળવળ ઊભી કરવાની તૈયારીમાં.)

જનાબે મુખ્તાર મક્કા જાય છે

જનાબે મુખ્તાર મક્કામાં ઇબ્ને ઝુબૈર પાસે પહોંચ્યા. પરંતુ હીજાજના લોકોએ તેની બયઅત કરી છે આ વાત તેણે જનાબે મુખ્તારથી છૂપાવી. તેથી મુખ્તાર તેનાથી જુદા થઇ ગયા અને એક વર્ષ સુધી ગાએબ રહ્યા. અબ્દુલ્લાહ બિન ઝુબૈરે જનાબે મુખ્તાર વિશે તપાસ કરી તો તેને જણાવવામાં આવ્યું કે મુખ્તાર તાએફમાં છે અને તેમને આ યકીન છે કે તે ઝાલીમો અને અત્યાચારીઓનું નામોનિશાન મીટાવી દેશે.

ઇબ્ને ઝુબૈરે કહ્યું: જો અલ્લાહ ઝાલિમોને હલાક કરશે તો તેમાં સૌ પ્રથમ મુખ્તાર છે. હજી આ વાતો થઇ રહી હતી એટલામાં જનાબે મુખ્તાર મસ્જિદુલ હરામમાં દાખલ થયા. તવાફ કરીને નમાઝ પઢી અને પછી એક ખૂણામાં જઈને બેસી

ગયા. તેમના દોસ્ત તેમની પાસે આવ્યા અને તેમની સાથે વાતચીત કરવા લાગ્યા. પરંતુ તેઓ અબ્દુલ્લાહ બિન ઝુબૈર પાસે ન ગયા. અબ્દુલ્લાહ બિન ઝુબૈરે અબ્બાસ બિન સુહૈલને તેમની પાસે મોકલ્યા. તે આવ્યો અને જનાબે મુખ્તારને કહ્યું: તે બાબતથી કેમ જુદા છો જેમાં કુરૈશ, અન્સાર અને સકીફના અગ્રણી માણસો શામેલ છે ? અરબનો કોઇ કબીલો એવો નથી કે જેના વડીલે ઇબ્ને ઝુબૈર સાથે બયઅત ન કરી હોય. (તેનો કહેવાનો મકસદ એ હતો કે બધાએ ઈબ્ને ઝુબૈરની બયઅત કરી છે તો તમે પણ તેની બયઅત કરો.)

મુખ્તારે કહ્યું: હું ગયા વર્ષે આવ્યો હતો પરંતુ તે માણસે (ઈબ્ને ઝુબૈરે) મારાથી પોતાનો મકસદ છૂપાવ્યો અને કેમકે તેને મારી કોઇ જરૂર ન લાગી, પોતાને સ્વતંત્ર સમજયો તો મેં પણ નક્કી

કરી લીધું કે તેને આ સાબિત કરીશ કે મને પણ તેની જરૂર નથી.

અબ્બાસ બિન સુહૈલે કહ્યું: આજે રાત્રે તમે તેમની સાથે મુલાકાત કરો. હું પણ તમારી સાથે આવીશ. જનાબે મુખ્તારે તેની વાતને કબૂલ કરી.

રાત્રે જનાબે મુખ્તાર ઇબ્ને ઝુબૈર પાસે ગયા અને કહ્યું: હું આ શર્ત પર તમારી બયઅત કરૂં છું કે તમે મને જણાવ્યા વગર કોઇ કામ નહીં કરો અને હું તે પહેલો વ્યક્તિ હોઇશ જે તમારી તમામ ગુપ્ત અને ખાનગી બાબતોથી આગાહ થઇશ અને જ્યારે તમને વર્ચસ્વ મળી જાય અને સમગ્ર રીતે હુકૂમત તમારા હાથમાં આવી જાય તો મને ઉચ્ચ હોદ્દો આપશો.

ઇબ્ને ઝુબૈરે કહ્યું: હું તમારાથી અલ્લાહની કિતાબ અને સુન્નતે રસુલ પર બયઅત કરૂ છું.

જનાબે મુખ્તારે કહ્યું: તમે મારા સૌથી નીચા દરજ્જાના ગુલામો સાથે પણ આ જ રીતે બયઅત લઇ શકો છો.

ઇબ્ને ઝુબૈરે કહ્યું: અલ્લાહની કસમ હું બયઅત નહીં લઉં પરંતુ આ જ રીતે.

જનાબે મુખ્તાર ઊભા થયા અને ઈબ્ને ઝુબૈર સાથે બયઅત કરી. થોડાક દિવસ તેની પાસે રહ્યા અને હસીન બિન નુમૈર સાથે જે જંગ થઈ તેમાં ભાગ લીધો અને પોતાની હિમ્મત અને બહાદુરીને સાબિત કરી.

ઇરાકવાળાઓએ પણ ઇબ્ને ઝુબૈરની વાતને કબૂલ કરી. પરંતુ જનાબે મુખ્તાર પાંચ મહીના ઇબ્ને ઝુબૈર પાસે રહ્યા. પછી જ્યારે જોયું કે તે તેમને કોઇ હોદ્દા પર નિમણુંક નથી કરતો અને જે પણ કુફાથી મક્કા આવે છે તેની પાસેથી કુફાની પરિસ્થિતિ વિશે જાણી લે છે. એટલે સુધી કે હાની

બિન હબ્બા વાદીઇએ તેમને કહ્યું: જો કે કુફાના લોકોને અબ્દુલ્લાહ બિન ઝુબૈરની ઇતાઅત પર મજબૂર કરવામાં આવ્યા છે. પરંતુ ત્યાં હજુ સુધી અમુક લોકો એવા છે જો કોઇ તેમને તેઓના મત પર ભેગા કરી લે તો તે હુકૂમત પ્રાપ્ત કરી શકે છે. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૭૦)

ઇબ્ને ઝિયાદ, યઝીદની હલાકત પછી

જ્યારે બસરામાં ઇબ્ને ઝિયાદને તેના ગુલામ મેહરાને યઝીદની હલાકતની ખબર સંભળાવી તો તેણે લોકોને મસ્જિદમાં ભેગા થવાનો હુકમ આપ્યો. મીમ્બર પર જઇને તેણે યઝીદની હલાકતનું એલાન કર્યું અને કહ્યું: અય લોકો ! બસરા મારૂં વતન અને રહેવાની જગ્યા છે. હું જ્યારે તમારો અમીર નક્કી થયો હતો ત્યારે તમારા લશ્કરની સંખ્યા સીત્તેર હજાર હતી અને આજે એક લાખ છે અને જે માણસ વિશે મને એવું અનુમાન થયું કે તે તમને નુક્સાન પહોંચાડી શકે છે તેને મેં કૈદમાં નાખી દીધો છે. શામમાં યઝીદનો ઇન્તેકાલ થઇ ગયો છે. ત્યાર બાદ લોકો દરમિયાન વિવાદ ઊભો થયો. તમારી સંખ્યા આજે પણ ઘણી વધારે

છે અને બીજાઓની તમને જરૂર નથી. તમારી પાસે ખૂબ જ મોટા અને વિશાળ શહેરો છે.

અય લોકો ! તમે એવા વ્યક્તિને નિમણુંક કરો જે તમને પસંદ હોય અને જેને તમે આ હોદ્દા માટે નક્કી કરશો હું પણ તેનાથી રાજી થઇ જઇશ અને જો શામના લોકો કોઇને પસંદ કરી લે તો તમે પણ તેને કબૂલ કરી લો.

આ વાત સાંભળીને અમુક લોકો ઊભા થયા અને કહેવા લાગ્યા: અમે તમારી વાત સાંભળી. આ કામ માટે અમારી નજરમાં તમારાથી બેહતર બીજું કોઇ નથી. હાથ લંબાવો જેથી અમે તમારી બયઅત કરીએ.

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે કહ્યું: મને બયઅતની જરૂર નથી. તો પણ લોકોએ આગ્રહ કર્યો. અહિંયા સુધી કે તેણે હાથ લંબાવ્યો અને લોકોએ ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની બયઅત કરી

લીધી અને જ્યારે બયઅત કરનારા મસ્જિદથી બહાર નીકળ્યા તો પોતાના હાથ દીવારથી ઘસીને કહેવા લાગ્યા કે શું મરજાનાનો દીકરો એમ વિચારે છે કે અમે તેની ઇતાઅત કરીશું ?

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે બસરાવાળા પાસેથી બયઅત લીધા પછી ઉમર બિન મસ્મઅ અને સઅદ બિન કરહાને કુફા મોકલ્યા. જેથી કુફાના લોકોને બતાવે કે બસરાના લોકોએ ઇબ્ને ઝિયાદ સાથે બયઅત કરી લીધી છે જેથી તમે પણ તેની બયઅત કરી લો.

આ બંને માણસો કુફા પહોંચ્યા. લોકોને એકત્ર કર્યા અને પોતાનો પૈગામ પહોંચાડ્યો અને લોકોને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની બયઅતની દાવત આપી. તે સમયે હારિસ બિન યઝીદ શયબાની ઊભા થયા અને કહ્યું: અલ્લાહનો શુક્ર કે તેણે અમને સુમૈયાના દીકરા (ઉબૈદુલ્લાહ ઇબ્ને

ઝિયાદ)થી નજાત આપી; હવે અમે તેની ઈતાઅત કરીએ ? ક્યારેય નહીં! આમ કહીને ઉબૈદુલ્લાહના મોકલેલા આ બંને માણસો પર પથ્થર વરસાવ્યા. તો બીજા લોકોએ પણ તેમને પથ્થર મારવાનું શરૂં કરી દીધું.

ઉબૈદુલ્લાહના બંને કાસિદ કુફાથી પાછા આવ્યા અને તેને પરિસ્થિતિની જાણ કરી. આ સાંભળીને બસરાવાળાઓએ કહ્યું: કુફાવાળા ઉબૈદુલ્લાહ બિન ઝીયાદને પદભ્રષ્ટ કરે, તેને હોદ્દા પરથી હટાવી દે અને શું અમે તેની બયઅત કરીએ? આવું ક્યારેય નહીં બને. જેથી બસરાથી પણ ઉબૈદુલ્લાહનું વર્ચસ્વ કમજોર થઇ ગયું. તે હુકમ આપતો હતો તો પણ તેના પર અમલ નહોતો થતો. તેની વાત તેના જ તરફ પાછી કરવામાં આવતી હતી. તેના સાથીઓ અને મદદગારોની સંખ્યા ઘણી ઓછી થઈ ગઇ.

સલમા બિન ઝુવૈબે એક પરચમ હાથમાં ઉઠાવ્યો અને બસરાના બજારમાં ઊભા થઇને કહ્યું: અય લોકો! હું તમને અબ્દુલ્લાહ બિન ઝુબૈર તરફ બોલાવું છું. તેની બયઅત કરો જેણે અલ્લાહના હરમમાં પનાહ લીધી છે. આ સાંભળીને લોકો તેની પાસે ભેગા થઇ ગયા અને તેના હાથ પર ઇબ્ને ઝુબૈરની બયઅત કરવા લાગ્યા.

આ કીસ્સાની ઇબ્ને ઝિયાદને ખબર મળી તો તેણે લોકોને કહ્યું: હું જાણું છું કે તમે પહેલા મારા હાથ પર બયઅત કરી અને પછી દીવારથી હાથ ઘસી નાખ્યા. મારા હુકમ પર અમલ ન કર્યો અને મારા મદદગારો દરમિયાન અવરોધ બન્યા અને હવે સલમા બિન ઝુવૈબ આવ્યો છે જે તમને સંઘર્ષ અને ઝઘડા તરફ દાવત આપે છે. જેથી તમારી એકતા મતભેદમાં બદલાય જાય અને તમને એકબીજાની વિરૂદ્ધ તલવાર ખેંચવા પર તૈયાર કરે.

અહનફે કહ્યું: અમે સલમા બિન ઝુવૈબને તારી પાસે લાવીશું.

જયારે સલમાને લાવ્યા ત્યારે ઇબ્ને ઝિયાદે જોયું કે તેની સાથે મોટી સંખ્યામાં લોકો છે. ઉબૈદુલ્લાહના સાથીઓ તેને છોડીને વિખેરાઇ ગયા. ઉબૈદુલ્લાહે સૈન્યના કમાન્ડરોને બોલાવ્યા. તેમણે પણ તેની ઇતાઅત ન કરી બલકે કહ્યું અમે આ જૂથ સાથે લડીશું અને જો આ લોકોએ અમારા પર પ્રભુત્વ પ્રાપ્ત કરી લીધું તો અમે તને કતલ કરી દઇશું.

(કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૩૧)

પ્રકરણ : ૩૯

આમીર બિન મસઉદ

કુફાવાળા જ્યારે ઇબ્ને ઝિયાદના કાસીદને ભગાડી અને તેના ઉત્તરાધિકારી અમ્ર બિન હુરૈસને પદભ્રષ્ટ કર્યા પછી સલાહ અને મશવેરા માટે ભેગા થયા અને નક્કી કર્યું કે ખલીફા નિમણુંક થાય ત્યાં સુધી આપણે કોઇને પોતાનો અમીર બનાવી લેવો જોઇએ. અમુક લોકોએ કહ્યું કે ઉમર બિન સઅદને અમીર બનાવી લઈએ. આ બાબત પર હમદાન કબીલાની મહિલાઓ ઇમામ હુસૈન(અલ.)પર રડતી રડતી આવી ગઇ અને તેમના પુરૂષો તલવાર લટકાવીને મિમ્બરનો તવાફ કરવા લાગ્યા. મુહમ્મદ બિન અશઅસે કહ્યું: આ તો જે અમે ઇચ્છતા હતા તેનાથી ઉલટુ થઇ ગયું. જેથી આમીર બિન મસઉદ બિન ઉમય્યા પર સહમત થયા અને કુફાવાળાઓએ

તેની બયઅત કરી લીધી અને અબ્દુલ્લાહ બિન ઝુબૈરને લખ્યું કે તેને કુફ્રાનો અમીર બનાવી દો. (કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૪૩)

બસરાથી ભાગવું

જ્યારે ઉબૈદુલ્લાહે આ પરિસ્થિતિ જોઇ તો કોઇને હારીસ બિન કૈસ અઝ્દી પાસે મોકલ્યો અને કહેવડાવ્યું કે મારા વાલીદે મને કહ્યું હતું કે મારે જો કોઈ દિવસ ભાગવાનો વારો આવે તો તમારી પાસે મદદ અને પનાહ લઉં.

હારીસે કહ્યું : તમારી અને તમારા બાપની મારા ખાનદાનની નજરમાં કોઇ ઇઝ્ઝત નથી. પણ તેં અમને કહ્યું છે તો અમે તારી વાતને રદ નહીં કરીએ. પરંતુ હું નથી જાણતો કે તું કેવી રીતે બચી શકીશ ? એવું ન બને કે બસરાથી નીકળતી વખતે હું અને તું બંને માર્યા જઇએ. એમ કર રાત થવા દે પછી હું તને મારી પીઠ પર સવાર કરીશ. જેથી તને કોઇ ઓળખી ન શકે. હારીસની આ યોજના પર ઉબૈદુલ્લાહ ખુશ થઇ ગયો. રાત થઇ તો હારીસે તેને

પોતાની પીઠ પર સવાર કર્યો અને મસઉદ બિન અમ્ર પાસે લઇ ગયો કે તે પ્રખ્યાત માણસ હતો. એટલા જ માટે ઉબૈદુલ્લાહ આમીર બિન મસઉદના માર્યા ગયા સુધી તેની પાસે રહ્યો અને પછી શામ ચાલ્યો ગયો. (કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૩૩ પર મસઉદ ઇબ્ને અમ્રના ઘરમાં ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના આવવાની દાસ્તાન વિસ્તારથી લખાએલી છે અમે અહિંયાં ટુંકમાં વર્ણન કરી છે.)

શામ તરફ

મુસાફીર બિન શુરૈહ કહે છે અમે ઉબૈદુલ્લાહ સાથે શામ ગયા. રસ્તામાં અમે રાતના સમયે જ્યારે પોતાના ઘોડાઓ પર સવાર હતા હું તેની નજીક ગયો અને કહ્યું: તું સૂઈ ગયો છે ?

તેણે કહ્યું : ના! હું મારા નફ્સ સાથે વાત કરી રહ્યો હતો.

મેં કહ્યું: જે કાંઈ તારા દીલમાં છે "જો રજા હોય તો" હું તને જણાવું.

તેણે કહ્યું: બતાવો.

મેં કહ્યું: તું તારા નફ્સ સાથે વાત કરી રહ્યો હતો કે કાશ મેં ઈમામ હુસૈન(અલ.)ને કતલ ન કર્યા હોત.

તેણે કહ્યું: મને બતાવ તે સિવાય હું બીજું શું વિચારી રહ્યો હતો ?

મેં કહ્યું: તુ પોતાની જાતને કહી રહ્યો હતો કે કાશ જે લોકોને મેં કતલ કર્યા છે તેમને કતલ ના કર્યા હોત.

તેણે કહ્યું: મને જણાવ બીજું શું વિચારી રહ્યો હતો ?

મેં કહ્યું: તુ વિચારી રહ્યો હતો કાશ(ખુદા કરે) મેં સફેદ મહેલ ન બનાવ્યો હોત.

તેણે કહ્યું: તે સિવાય બીજો કયો વિચાર બાકી હતો ?

મેં કહ્યું: તુ કહી રહ્યો હતો કે કાશ મેં ખેડૂતો પાસે કામ ન કરાવ્યું હોત !

તેણે કહ્યું : તે સિવાય હું બીજું શું વિચારતો હતો ?

તુ વિચારી રહ્યો હતો કે ખુદા કરે હું ખૂબ જ ઉદાર અને સખી હોત.

ઉબૈદુલ્લાહે કહ્યું: ઈમામ હુસૈન(અલ.)નું કતલ તો યઝીદના ઇશારાથી થયું હતું. તેણે મને કહ્યું હતું કે તેમને કતલ કરી નાખો નહીંતર હું તને કતલ કરી નાખીશ. તેથી મેં તેમને કતલ કરવાના વિકલ્પને કબૂલ કર્યો. પણ સફેદ મહેલની તુ વાત કરે છે તે તો મેં અબ્દુલ્લાહ બિન ઉસ્માન પાસેથી ખરીદયો હતો કેમકે યઝીદે મારા માટે ઘણા બધા પૈસા મોકલ્યા હતા અને તે પૈસાને મેં તેમાં ખર્ચ કર્યા. ખેડૂતો પાસેથી મેં એટલા માટે કામ લીધું કે મારી નજરમાં તે વધારે અમાનતદાર હતા અને સારી રીતે ટેક્સ આપતા હતા. હવે રહી મારી ઉદારતાની વાત તો મારી પાસે એટલા પૈસા ન હતા કે હું તમારા લોકો પર ખર્ચ કરત. તેથી તમારી પાસેથી જ પૈસા લેતો હતો અને તમારા પર ખર્ચ કરતો હતો.

અને તે લોકોની વાત જેમને મેં કતલ કર્યા છે તો મારી નજરમાં કલીમએ ઇખ્લાસ (તૌહીદ) પછી

ખવારિજને કતલ કરવાથી બેહતર કોઇ કામ નથી. પરંતુ મારા દીલમાં જે હું વિચારી રહ્યો હતો તે આ હતું (અય કાશ) ખુદા કરે મેં બસરાવાળાઓ સાથે જંગ કરી હોત. કેમકે તેમણે મારી બયઅત કરી હતી પરંતુ બની ઝિયાદે મને આ કામથી રોકી રાખ્યો અને કહેવા લાગ્યા :

જો બસરાના લોકોએ તારા પર પ્રભુત્વ હાસીલ કરી લીધું તો તેઓ અમને કતલ કરી નાખશે. અય કાશ કે કૈદીઓને કાઢીને એક એકની ગરદન ઉડાવી દેત. હવે જ્યારે આ બે કામ ન કરી શક્યો તો વિચારૂં છું કે (અય કાશ) ખુદા કરે હું કોઇના ખલીફા બનતા પહેલા શામ પહોંચી જાઉં. (કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૪૦)

અબ્દુલ્લાહ બિન યઝીદ અને ઈબ્રાહીમ બિન મોહમ્મદ

અબ્દુલ્લાહ બિન ઝુબૈરે મકકામાં હાકીમ હોવાનો દાવો કર્યો અને તેણે આમીર બિન મસઉદને કુફાનો અમીર બનાવ્યો. યઝીદની હલાકત પછી ત્રણ મહીના સુધી તે કૂફાનો અમીર રહ્યો. પછી (અબ્દુલ્લાહ બિન ઝુબૈરે) અબ્દુલ્લાહ બિન યઝીદને નમાઝની ઇમામત અને ઇબ્રાહીમ મુહમ્મદ બિન તલ્હાને ટેક્સ અને માલનો અમીર બનાવ્યો. (કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૪૪)

જ્યારે આ લોકો (અબ્દુલ્લાહ બિન યઝીદ, ઇબ્રાહીમ બિન મુહમ્મદ) કુફા પહોંચ્યા તો તેમને જણાવવામાં આવ્યું કે શીઆઓ બળવો કરવા માટેના સાધનો એકત્ર કરી રહ્યા છે. તેમની બે પાર્ટી

છે. એક પાર્ટી સુલેમાન બિન સુરદની સાથે છે અને બીજી પાર્ટી મુખ્તારની સાથે છે. અબ્દુલ્લાહ બિન યઝીદને પણ કહેવામાં આવ્યું કે તમે લશ્કર ભેગું કરીને તેમની વિરૂદ્ધ જંગ માટે તૈયાર રહો.

અબ્દુલ્લાહ બિન યઝીદનું પ્રવચન

તેણે ખુત્બો આપ્યો અને અલ્લાહની હમ્દો સના પછી કહ્યું: મને ખબર મળી છે કે આ શહેરના રહેવાસીઓમાં એક સમૂહ અમારા વિરૂદ્ધ બળવો કરવા ઇચ્છે છે. મેં તેનું કારણ પૂછયું તો તેમણે જવાબ આપ્યો કે તેઓ ઇમામ હુસૈન બિન અલી(અલ.)ના ખૂનનો બદલો લેવા માંગે છે. અલ્લાહ તે સમૂહ પર રેહમત નાઝીલ કરે. ખુદાની કસમ ! મને તેમની જગ્યા બતાવવામાં આવી છે અને મને કહેવામાં આવ્યું છે કે તેમની ધરપકડ કરી લો. તમે તેમની સાથે જંગ કરો. પરંતુ હું શા માટે તેમની સાથે યુદ્ધ કરૂં ? અલ્લાહની કસમ ! મેં હુસૈન (અલ.)ને કતલ નથી કર્યા બલકે હું તો તેમને કતલ કરનારાઓમાં પણ શામીલ ન હતો અને ઈમામ હુસૈન(અલ.)ના શહીદ થવાનું મને ઘણું જ દુ:ખ છે.

હું તે સમૂહને અમાન આપુ છું કે તેઓ બહાર આવી જાય,વેરવિખેર થઇ જાય અને હુસૈન(અલ.)ના કાતિલની શોધમાં નીકળે. હું પણ જરૂર તેમની મદદ કરીશ અને તમારા વડીલોને પણ ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે કતલ કર્યા છે. તો પછી એકબીજાને કતલ કરવા કરતા બહેતર છે કે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ સાથે જંગ કરો અને પોતાને તેની સાથે જંગ માટે તૈયાર કરો. આપસમાં એકબીજાને લડાવવા અને લોહી વહાવવું તમારા દુશ્મનની દીલની ઇચ્છા છે અને આ ઉબૈદુલ્લાહ અલ્લાહની મખલૂકનો ઘણો જ મોટો દુશ્મન છે જે તમારા મુકાબલામાં છે. તેણે અને તેના બાપે પાક નેક ઇન્સાનોને કતલ કરવામાં કોઇ જાતની કસર બાકી નથી રાખી. એટલા માટે જેની સાથે તમે બદલો લેવા માંગો છો તમે તમારી પૂરી તાકાત અને શાનથી તેનો પીછો કરો.

ત્યાર બાદ સુલેમાન બિન સુરદના સાથીઓ નીકળી આવ્યા અને યુદ્ધના સાધનો અને હથિયારો ખરીદવાના શરૂ કરી દીધા. પરંતુ મુખ્તારના સાથીઓ ચુપ રહ્યા કેમ કે મુખ્તાર આ જોવા માંગતા હતા કે સુલેમાન બિન સુરદ શું કરવા માંગે છે. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૯૮)

તવ્વાબીનની ચળવળની શરૂઆત

હિ.સ. ૬૫ માં સુલેમાન બિન સુરદે પોતાના સાથીઓ પાસે એલચી મોકલ્યા. તેઓ આવ્યા અને રબીઉલ આખરની (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૦૦ પર રબીઉલ અવ્વલ લખેલું છે.) શરૂઆતમાં તેઓ પોતાના સહાબીઓ સાથે નીકળ્યા અને નુખૈલામાં આવી ગયા.

પરંતુ સુલેમાનને નુખૈલામાં ભેગા થનારાઓની સંખ્યા ઓછી લાગી. એટલા માટે તેમણે હકીમ બિન મુન્કીઝ કુન્દી અને વલીદ બિન ઉસૈર કિનાનીને કુફા મોકલ્યા. તેમણે يَا لَثَارَاتِ الْحُسَيْن (યા લસારાતિલ હુસૈન)નો નારો પોકાર્યો. આ નારો સૌ પ્રથમ તે બંનેએ પોકાર્યો હતો. બીજા દિવસે એક બીજો ગિરોહ નુખ્ૈલા પહોંચી ગયો. સુલેમાને જ્યારે જોયું કે તેમના રજીસ્ટરમાં બયઅત

કરનારાઓની સંખ્યા સોળ હજાર થઇ ગઇ છે તો કહ્યું: સુબ્હાનલ્લાહ! આમાંથી માત્ર ચાર હજાર ભેગા થયા છે.

તેમને કહેવામાં આવ્યું: લગભગ બે હજાર માણસો મુખ્તાર સાથે મળી ગયા છે. તેણે પૂછ્યું : તો બાકીના ક્યાં છે? શું તેઓ મોમીન અને તેમના વચન પર બાકી છે? ત્રણ દિવસ સુધી તે નુખૈલામાં રહ્યા. બીજા એક હજાર માણસો તેમની સાથે જોડાઈ ગયા અને ફરીથી મુસય્યબ બિન નજ્બા ઊભા થયા અને કહ્યું: જે માણસને અમારી ચળવળ પસંદ નથી તેના આવવાથી આપણને કોઇ ફાયદો નથી. જે લોકો પોતે આવ્યા છે માત્ર તેઓ જ આપની સાથે રહીને જંગ કરશે. હવે કોઇની રાહ ન જુઓ. સુલેમાને કહ્યું: તમે સાચું કહો છો. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, ૧૭૫)

સુલેમાન બિન સુરદનો ખુત્બો

સુલેમાન ઊભા થયા અને અલ્લાહની હમ્દો સના પછી કહ્યું: અમને મક્કમ ઇરાદો ધરાવનારા માણસોની જરૂર છે. બળજબરીથી ઘરોથી નીકળનાર અમારા કામના નથી. અલ્લાહની કસમ ! આ ચળવળમાં અલ્લાહની ખુશનુદી સિવાય કાંઈ માલે ગનીમત નથી. અમારી પાસે સોનું ચાંદી, દુનિયાનો માલ નહીં મળે. જે કાંઇ છે તે આ તલવારો છે જે અમે લટકાવી રાખી છે અને ભાલાઓ છે જે હાથોમાં ઊઠાવેલા છે અને આ જ ભાથું છે જેનાથી દુશ્મનનો મુકાબલો કરીશું. તો પછી જે કોઇ આના સિવાય ઇરાદો રાખતો હોય તો તે અમારી સાથે ન આવે.

લોકોએ કહ્યું: અમે પણ ફક્ત અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે નીકળ્યા છીએ. એટલા માટે કે પોતાના ગુનાહની અલ્લાહ પાસે તોબા કરીએ

અને ફરઝંદે રસુલના લોહીનો બદલો લઇએ. અમે તલવારો અને ભાલાઓનો મુકાબલો કરવા માટે તૈયાર છીએ. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૦૦)

અબ્દુલ્લાહ બિન સઅદ

જ્યારે સુલેમાન બિન સુરદ જવા માટે તૈયાર થયા તો અબ્દુલ્લાહ બિન સઅદ બિન નુફૈલ(તવ્વાબીનના સરદારોમાંથી એક હતા) તેમની પાસે આવ્યા અને કહ્યું: આપણે ઈમામ હુસૈન(અલ.)ના ખૂનનો બદલો લેવા માટે કુફાથી બહાર જઇ રહ્યા છીએ. જ્યારે કે હુસૈન(અલ.)ના કાતિલોમાંથી એક ઉમર બિન સઅદ અને બીજા સરદારો તો કુફામાં છે. તો પછી બહાર જવાનો શું મતલબ ?

સુલેમાનના બીજા સાથીઓએ કહ્યું: તમારી વાત તો સાચી છે.

સુલેમાને કહ્યું: હું ચાહું છું કે તેની તરફ લશ્કર મોકલવામાં આવે જેણે ઈમામ હુસૈન(અલ.)ને કતલ કર્યા છે અને તે ફાસીકનો

દીકરો ફાસીક ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ છે. અલ્લાહનું નામ લઇને ચાલો. જો અલ્લાહે તમને કામયાબ કર્યા તો બીજા કાતીલોને સજા ચખાડવી આસાન છે. પછી જે માણસ પણ ઈમામ હુસૈન(અલ.)ના કતલમાં ભાગીદાર હતો તેને તમારા શહેરવાળા મારી નાખશે અને જો તમે શહીદ થઇ ગયા તો નેકી કરનારાઓ માટે અલ્લાહ પાસે બેહતરીન બદલો છે. મને આ પસંદ નથી કે તમે કુફા જાવ અને આ બાબતમાં જાન કુરબાન કરો અને જો તમે કુફાવાળાઓ સાથે જંગ કરશો તો તમારામાંથી દરેક પોતાના બાપ કે ભાઇના કાતિલને જાણે છે અને તે તેને કતલ કરવા ઇચ્છે છે અલ્લાહથી મદદ માંગીને ચાલો. (કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૭૬)

અબ્દુલ્લાહ બિન યઝીદ અને સુલેમાન બિન સુરદ

જ્યારે અબ્દુલ્લાહ બિન યઝીદ (અબ્દુલ્લાહ બિન ઝુબૈરે તેને કુફામાં નમાઝે જમાઅતનો અમીર બનાવ્યો હતો) અને ઇબ્રાહીમ બિન મુહમ્મદ બિન તલ્હા (અબ્દુલ્લાહ બિન ઝુબૈરે તેને કુફામાં માલનો અમીર બનાવ્યો હતો)ને આ વાતની ખબર મળી કે સુલેમાન પોતાના સાથીઓ સાથે ઇબ્ને ઝિયાદ સાથે જંગ કરવા માટે નીકળવાની તૈયારીમાં છે તો તેમણે સુલેમાન બિન સુરદ પાસે કોઇ માણસને મોકલ્યો અને કહેવડાવ્યું કે અમે તમારી સાથે મુલાકાત કરવા માંગીએ છીએ.

સુલેમાને કબૂલ કર્યું અને અબ્દુલ્લાહ બિન યઝીદ કુફાના પ્રતિષ્ઠિત માણસો સાથે અને

ઇબ્રાહીમ બિન મુહમ્મદ તલ્હા પણ પોતાના સાથીઓના એક સમૂહ સાથે તેમની પાસે આવ્યા.

જ્યારે અબ્દુલ્લાહ બિન યઝીદ સુલેમાન પાસે આવ્યા તો જેઓ ઈમામ હુસૈન(અલ.)ના કતલમાં ભાગીદાર હતા તેમાંથી કોઇને પણ પોતાની સાથે ન લાવ્યા જેથી વાત બગડી ન જાય. (જે સમયે સુલેમાન બિન સુરદ નુખૈલામાં પોતાનું સૈન્ય એકત્ર કરી રહ્યા હતા ઉમર બિન સઅદ તે સમયે રોજ રાતે કુફ્રાના દારૂલ અમારહમાં અબ્દુલ્લાહ બિન યઝીદની પાસે જતો હતો. કેમકે તેને આ વાતનો ડર હતો કે આ લોકો તેને કતલ ન કરી નાખે.) સુલેમાન પાસે પહોંચીને અલ્લાહની પ્રશંસા અને વખાણ કર્યા બાદ કહ્યું: મુસલમાન એકબીજાના ભાઇ ભાઇ છે. તેમણે ખયાનત ન કરવી જોઇએ. તમે અમારા જ શહેરના છો અને અમારી નજરમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ છો. પોતાને

મુશ્કેલીઓમાં ન નાખો અને પોતાની વાત પર વળગી રહેવું સારૂં નથી. કુફાથી બહાર જઇને તમે અમારી સંખ્યાને ન ઘટાડો અને અમારી પાસે રહો જેથી જ્યારે દુશ્મન અમારા શહેરોની નજીક થાય તો અમે બહાર નીકળીને તેનો મુકાબલો કરી શકીએ.

ઇબ્રાહીમ બિન મુહમ્મદે પણ આ જ પ્રકારની વાત કહી.

સુલેમાને અલ્લાહની પ્રશંસા અને વખાણ કર્યા પછી કહ્યું: તમે ખરેખર અમને સાચી સલાહ આપી. તમારો આભાર. પરંતુ અમે જવાનો મક્કમ ઇરાદો કરી લીધો છે અને અમે પોતાના ઇરાદાથી પાછા નહી ફરીએ. અલ્લાહતઆલા પાસે દુઆ છે કે અમને મક્કમ ઇરાદો આપે.

અબ્દુલ્લાહ અને ઇબ્રાહીમે કહ્યું: તમે થોડાક દિવસ અમારી પાસે રોકાઈ જાવ. જેથી તમને યુદ્ધ

માટે વધારે સારી સાધન સામગ્રી આપીએ અને તમે દુશ્મનોથી વધારે સારી રીતે મુકાબલો કરી શકો.

સુલેમાને કહ્યું: તમારા આ સૂચન પર અમે વિચાર કરીશું.

ત્યાર બાદ તેમણે સુલેમાનને ધીરજથી કામ લેવા કહ્યું અને સાથે આ પણ કહ્યું: અમે યુદ્ધના ખર્ચા માટે જોખીની (જોખી એક નહેરનું નામ છે જેના કિનારે વિશાળ વિસ્તાર છે. આ બગદાદની નજીક છે અને તેની આવક તે જમાનામાં ૮૦૦૦૦ દીરહમ હતી. મુઅજમુલ બુલદાન, ભાગ ૨, પાના-૧૭૯) આવક તમને આપીશું. સુલેમાને તેમની વાતને રદ કરતા કહ્યું: અમે દુનિયા માટે આ ચળવળ ઊભી નથી કરી.

અબ્દુલ્લાહ બિન યઝીદ અને ઇબ્રાહીમ બિન મુહમ્મદને જ્યારે યકીન થઇ ગયું કે

ઉબૈદુલ્લાહ ઇરાક તરફ આવી રહ્યો છે તો તેમણે ઉપરોક્ત બાબતની સુલેમાનને રજુઆત કરી.

સુલેમાનના જે સાથીઓએ બસરા અને મદાઇનથી આવવાનું વચન આપ્યું હતું તેમના આવવામાં મોડું થયું તો સુલેમાન નુખૈલાથી નીકળ્યા અને “અકસાસ” (અકસાસ કુફાની નજીક એક ગામ છે. મુઅજમુલ બુલદાન, ભાગ ૧, પાના-૨૩૬) પહોંચ્યા. ત્યાં બીજા અમુક માણસોએ તેમનો સાથ છોડી દીધો. સુલેમાને પોતાના બાકી સાથીઓને કહ્યું: જો તેઓ તમારી સાથે આવત તો પણ તમારો કોઇ ફાયદો ન થાત. બલકે તેઓ તમારા વ્યવસ્થાતંત્રને બગાડી નાખત. એટલે અલ્લાહે તેમના દીલોમાં કમજોરી નાખી દીધી અને તેઓ તમારાથી જુદા થઇ ગયા. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૦૧)

તવ્વાબીન કરબલામાં

ત્યાર બાદ સુલેમાન બિન સુરદ અને તેમના સાથીઓએ પોતાના સફરની શરૂઆત કરી અને કરબલા પહોંચ્યા. બધાએ એક સાથે ચીસ પાડી અને રોવાની અવાજ બુલંદ થઈ. તે દિવસ જેવા રડનારા ઈતિહાસમાં જોવામાં નથી આવ્યા. ત્યાર બાદ ઇમામ હુસૈન(અલ.) પર દુરૂદ અને સલામ મોકલ્યા અને તેમની મદદ ન કરવા માટે તૌબા કરી. એક રાત અને એક દિવસ ઇમામ હુસૈન(અલ.)અને તેમના અન્સારની કબ્ર પર રડતા રહ્યા અને આ વાક્ય રીપીટ કરતા રહ્યા:

اَللّٰهُمَّ ارْحَمْ حُسَيْنًا الشَّهِيْدَ ابْنَ الشَّهِيْدِ الْمَهْدِيِّ ابْنَ الْمَهْدِيِّ الصِّدِّيْقِ ابْنَ الصِّدِّيْقِ

“અય અલ્લાહ ! ઈમામ હુસૈન(અલ.)પર રહેમ ફરમાવ કે જેઓ પોતે શહીદ અને શહીદના

ફરઝંદ છે. તેઓ હીદાયત પામેલા અને હીદાયત પામેલાના ફરઝંદ છે. પોતે તસદીક (અનુમોદન) કરનારા અને તસદીક કરનારાના દીકરા છે." અય અલ્લાહ! અમે તને ગવાહ બનાવીએ છીએ કે અમે તે શહીદોના દીન અને અકીદા પર છીએ અને તેમના દોસ્તોના દોસ્ત અને દુશ્મનોના દુશ્મન છીએ. અય અલ્લાહ! અમે તારા રસુલની દીકરીના દીકરાની મદદ ન કરી. અમારા પાછલા ગુનાહોને માફ કરી દે અને અમારી તોબાને કબૂલ ફરમાવ. ઈમામ હુસૈન(અલ.) અને તેમના અન્સાર પર રેહમત નાઝિલ ફરમાવ કે તેઓ શોહદાએ સીદ્દીકીન છે. અય અલ્લાહ! અમે તને ગવાહ બનાવીએ છીએ કે અમે તે શહીદોના દીન અને અકીદા પર છીએ. જો તેં અમારી મગફેરત ન કરી તો અમે નુકસાન ઉઠાવનારાઓમાં શામેલ થઇ જઇશું.

પ્રકરણ : ૪૦

કરબલાથી નીકળવું

ત્યાર બાદ તેઓ કરબલાથી નીકળ્યા અને થોડીક દૂર ગયા પછી ફરીથી ઇમામ હુસૈન(અલ.)ની કબ્ર મુબારક પર પાછા આવ્યા અને આપની કબ્ર પર એવી રીતે ભીડ જમાવી જેવી રીતે હજરે અસ્વદ પાસે થાય છે અને આપથી રૂખ્સત થઇને “અંબાર” તરફ ગયા.

(કામીલ ઇબ્ને અસીર,ભાગ ૪, પાના-૧૭૮)

અબ્દુલ્લાહ બિન યઝીદનો પત્ર

કુફાના અમીર અબ્દુલ્લાહ બિન યઝીદે(જેને અબ્દુલ્લાહ બિન ઝુબૈરે કૂફાનો અમીર બનાવ્યો હતો) મહલ્લ બિન ખલીફા દ્વારા સુલેમાનની પાસે એક પત્ર મોકલ્યો.

મહલ્લ કહે છે : મેં સુલેમાન સાથે મુલાકાત કરી અને અબ્દુલ્લાહ બિન યઝીદના સલામ અને પત્ર તેમને પહોંચાડયા. સુલેમાને પોતાના સાથીઓને કહ્યું: તમે થોડીક વાર ઊભા રહો. પોતે પત્ર વાંચવા લાગ્યા. તેમાં આ પ્રમાણે લખેલું હતું :

આ એક શુભેચ્છકનું લખાણ છે. મને ખબર પડી છે કે શામથી એક મોટું લશ્કર નીકળી ગયું છે અને તમે આટલી ઓછી સંખ્યા સાથે ઉબૈદુલ્લાહ બિન ઝીયાદના લશ્કર સાથે ટક્કર લેવા માંગો છો ! તમે એ વાતનું કારણ ન બનો કે દુશ્મન તમારા

શહેરો પર લાલચની નજર રાખે. તમે બધા સમજદાર છો કે જ્યારે દુશ્મન તમારી નાની અમથી સંખ્યાને જોશે તો તમારા શહેરો તરફ આગળ વધશે અને જો તેમણે પ્રભુત્વ હાસિલ કરી લીધું તો બધાને પોતાનો અકીદો કબૂલ કરવા પર મજબૂર કરશે અને તમે ક્યારેય સફળતા નહી મેળવી શકો. અમારો અને તમારો દોસ્ત એક (ઈમામ હુસૈન અલ.) છે અને દુશ્મન પણ એક જ (ઈમામ હુસૈન(અલ.)ના કાતીલો) છે અને આપણે બધા એકમત થઈ જઈએ તો આપણે દુશ્મન પર જરૂર વિજય મેળવી લઇશું અને જો મતભેદ કરીશું તો આપણામાં મક્કમતા નહીં રહે. મારો પત્ર વાંચીને તમે પાછા આવી જાવ અને મારી વાતનો વિરોધ ન કરો...વસ્સલામ.

સુલેમાને પોતાના સાથીઓને કહ્યું: તમારો આ બાબતમાં શું મત છે ?

તેમણે જવાબ આપ્યો : જ્યારે કુફામાં તેમની વાત ન માની અને તેની ઈચ્છા વિરૂદ્ધ આપણે જેહાદ માટે તૈયાર થઈ ગયા તો પછી હવે કેવી રીતે તેની વાત માની લઈએ ? અમને બતાવો કે તમારો શું અભિપ્રાય છે ?

સુલેમાને કહ્યું: હું તો ચાહું છું કે પાછા ન જઇએ. કેમકે આપણા અને તેમના અકીદામાં વિરોધાભાસ છે અને જો આ લોકો કામયાબ થઇ ગયા તો આપણને ઇબ્ને ઝુબૈરની મદદ માટે મજબૂર કરશે અને આપણે ઇબ્ને ઝુબૈરની મદદ કરવાને ગુમરાહી સમજીએ છીએ. જો આપણે કામયાબ થઇ ગયા તો હકને "એહલે હક" જેઓ હકના પાત્ર છે તેમને સોંપી દઇશું.(એટલે કે ઈમામ સજ્જાદ(અલ.)ને તેમની ખિલાફતનો હક પાછો આપી દઇશું) અને જો આ રસ્તામાં માર્યા ગયા તો પોતાની નીય્યત પર મક્કમ રહીશું. આપણે ઈમામ

હુસૈન(અલ.)ને સાથ ન આપ્યો તે ગુનાહોની તૌબા કરી ચૂક્યા છીએ કેમકે આપણો મકસદ બીજો છે (ઈમામ હુસૈન(અલ.)ના કાતીલોથી બદલો લેવાનો છે) અને અબ્દુલ્લાહ બિન ઝુબૈરનો મકસદ બીજો છે. (તે ચાહે છે કે પોતે ખલીફા અને હાકીમ બને) (તજબરૂબુલ ઉમમ, ભાગ ૨, પાના ૧૦૩)

સુલેમાનનો પત્ર

સુલેમાને અબ્દુલ્લાહને પત્ર લખ્યો: તમારો પત્ર વાંચ્યો અને તમારા મકસદથી વાકેફ થયો. દરેક હાલતમાં અલ્લાહનો શુક્ર છે. અમે સાંભળ્યું છે કે ખુદાએ મુતઆલ પોતાની કિતાબમાં ફરમાવે છે :

إِنَّ اللَّهَ اشْتَرَىٰ مِنَ الْمُؤْمِنِينَ أَنفُسَهُمْ وَأَمْوَالَهُم بِأَنَّ لَهُمُ الْجَنَّةَ

“અલ્લાહતઆલાએ મોમીનો પાસેથી તેમની જાન અને તેમનો માલ જન્નતના બદલામાં ખરીદયો છે.” (સૂ. તૌબા-૧૧૧)

આ સમૂહ આ સોદા પર ખુશ છે જે એમણે કર્યો છે. આ લોકો પોતાના તે મોટા ગુનાહથી તૌબા કરી ચૂક્યા છે જે તેમણે કર્યો હતો અને હવે અલ્લાહ તરફ જઇ રહ્યા છે. તેના પર ભરોસો કરે છે અને તેના નિર્ણય પર રાજી છે.

رَّبَّنَا عَلَيْكَ تَوَكَّلْنَا وَإِلَيْكَ أَنَبْنَا وَإِلَيْكَ الْمَصِيرُ

“અય અમારા પરવરદીગાર! અમે તારા પર ભરોસો કર્યો છે અને તારા તરફ પાછા ફર્યા છીએ અને દરેકનું ઠેકાણું તારા તરફ છે.” વસ્સલામ. (સૂ. મુમ્તહેના-૪), તારીખે તબરી, ભાગ ૪, પાના-૫૫૦

આ પત્ર જ્યારે અબ્દુલ્લાહ બિન યઝીદને મળ્યો તો કહ્યું: આ લોકો શહાદતના તલબગાર છે અને જે તમને પહેલો પત્ર મળશે તેમાં તેમના કતલ થવાની ખબર હશે. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૦૫)

કરકસીયા

કરકસીયા ફુરાતના કીનારે એક શહેર છે. (મરાસીદુલ ઇત્તેઅલાઅ, ભાગ ૩, પાના ૧૦૮૦)

પછી સુલેમાન પોતાના અસ્હાબ સાથે કરકસીયા તરફ નીકળ્યા. કરકસીયાના ગવર્નર ઝફર બિન હારિસે તેમના પહોંચતા પહેલા જ શહેરના દરવાજા બંધ કરી દીધા હતા. સુલેમાન બિન સુરદે મુસય્યબ બિન નજબાને મોકલ્યા. મુસય્યબ આવ્યા અને પોતાની ઓળખાણ આપી. ઝફરના દીકરા હઝીલે પોતાના બાપને કહ્યું: એક નેક માણસ આવ્યો છે. પોતાને મુસય્યબ બિન નજ્બા કહે છે અને તમારી સાથે મુલાકાત કરવા ઈચ્છે છે.

ઝફરે કહ્યું: તે મુઝીર કબીલાનો એક ઘોડે સવાર છે. જો તમે કબીલાના દસ માનનીય વ્યક્તિઓના નામ લેશો તો તેમાંથી એક તે છે. તે

વિશ્વાસુ માણસ છે. તેમને મારી પાસે આવવાની રજા આપો.

મુસય્યબ આવ્યા. ઝફરે તેમને પોતાની પાસે બેસાડયા. મુસય્યબે તેમને સુલેમાનના ઇરાદાથી વાકેફ કર્યા. ઝફરે પોતાના દીકરાને કહ્યું કે બજારને ખોલાવી નાખો. જેથી તેઓ પોતાની જરૂરી વસ્તુઓ ખરીદી લે અને આ પણ કહ્યું કે મુસય્યબને એક ઘોડો અને સાથે હજાર દીરહમ પણ આપવામાં આવે.મુસય્યબે દીરહમ ન લીધા પણ ઘોડો લઇ લીધો અને કહ્યું: મને પૈસાની જરૂર નથી પણ જો મારો ઘોડો મરી જાય તો આ ઘોડો મને કામ આવશે.

ઝફરે તેમના માટે રોટલી, જાનવરોનોનો ચારો અને બીજી જરૂરી વસ્તુઓ એટલી બધી મોકલી દીધી કે સુલેમાનના સૈનિકોને ખરીદવાની જરૂર ન રહી. પરંતુ તેમણે કપડું અને કોરડા ખરીદયા. (કામીલ ઇબ્ને અસીર,ભાગ ૪, પાના-૧૭૯)

શામથી લશ્કરનું નીકળવું

બીજા દિવસે જ્યારે સુલેમાન અને તેમના સાથીઓ ત્યાંથી નીકળવા માટે તૈયાર થયા તો ઝફર તેમને વળાવવા માટે આવ્યા અને સુલેમાનને કહ્યું: શામથી પાંચ સેનાપતિ, હસીન બિન નુમૈર, શરજીલ બિન ઝીલ કલાઅ, અદહમ બિન મુહરીઝ, રબીઆ બિન મહાઝિક અને જબ્લા બિન અબ્દુલ્લાહ ઘણા બધા સૈનિકો સાથે આવી રહ્યા છે. અલ્લાહની કસમ ! સારા અખ્લાક અને જંગની તૈયારીની રીતે મેં તમારા સાથીઓથી બહેતર કોઇ સમૂહ નથી જોયો. પરંતુ મને ખબર મળી છે કે શામનું લશ્કર ઘણું જ મોટું છે.

સુલેમાને કહ્યું: અમે અલ્લાહ પર ભરોસો કર્યો છે અને ભરોસો કરનારાઓએ ફક્ત અલ્લાહ પર જ ભરોસો કરવો જોઇએ.

ઝફરે કહ્યું: હું એક વાત કહેવા માંગું છું.

સુલેમાને કહ્યું: શું ?

તેણે કહ્યું: હું તમારા માટે શહેરના દરવાજા ખોલી દઉં છું. શહેરમાં દાખલ થઇ જાવ જેથી અમે પણ તમારી મદદ કરી શકીએ અને દુશ્મનના મુકાબલામાં એક સંયુક્ત મોરચો બનાવી શકીએ. પરંતુ સુલેમાને તેમની આ વાત કબૂલ ન કરી.

ઝફરે કહ્યું: તો પછી અહીં રોકાઇ જાવ. જેથી દુશ્મન જ્યારે હુમલો કરે તો આપણે બધા દુશ્મન સાથે જંગ કરીએ.

સુલેમાને કહ્યું: ફુફાવાળાઓએ પણ આ જ વાત કહી હતી પણ અમે તેને રદ કરી દીધી હતી.

ઝફરે કહ્યું: અમારી અને તેમની બંનેની વાત માની લો. અમારી પાસે રોકાઇ જાવ અને ફુફાવાળાઓ સાથે પત્રવ્યવહાર કરો જેથી તેઓ પણ જોડાઈ જાય. દુશ્મનના આવતા પહેલા તેઓ

આપણી પાસે આવી જાય. જેથી દુશ્મન પર આસાનીથી વિજય મેળવી શકાય.

સુલેમાને આ વાત પણ કબૂલ ન કરી.

ઝફરે કહ્યું: તમે મારી સલાહ માની લો. હું શામીઓ(યઝીદ અને ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝીયાદ)નો દુશ્મન અને તમારો દોસ્ત છું. હું ઈચ્છું છું કે શામના લોકો હારી જાય. તેઓ રીક્કાથી નીકળી ગયા છે. તમે જલ્દી કરો અને દુશ્મનથી પહેલા અયનુલ વરદા પર પહોંચી જાવ અને ત્યાં એવી રીતે પડાવ નાખો કે શહેર તમારી પીઠ તરફ હોય અને પાણી અને વસ્તી તમારી સામેની બાજુ હોય. તમે ખુલ્લા મેદાનમાં જંગ ન કરશો. નહીં તો તેઓ તમારા પર તીર અને ભાલાઓથી હુમલો કરશે અને તમારી સંખ્યા તેમના જેટલી નથી અને દુશ્મનના મુકાબલામાં સફ ન બાંધશો. કેમ કે તમે બધા જ સવાર છો અને દુશ્મન પાસે સવાર અને પગપાળા

બંને પ્રકારનું લશ્કર છે જે એકબીજાની મદદ કરશે. તમે બધા અલગ અલગ જૂથમાં વહેંચાઇ જાવ. જો દુશ્મન એક જૂથ પર હુમલો કરે તો બીજો જૂથ તેમનો સામનો કરે. જો તમે એક જગ્યાએ રહેશો તો હારી જશો. પછી ઝફરે ઊભા થઇને તેમને વિદાય કર્યા. સુલેમાને પણ તેમના વખાણ કર્યા અને તેમની મેહમાનવાઝીનો આભાર માનીને નીકળી ગયા. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૦૬)

અયનુલ વરદહ

અયનુલ વરદહ જઝીરાના પ્રખ્યાત શહેરોમાંથી એક શહેર છે. અહી એક લડાઇ થઇ છે અને તેના સરદારોમાંથી રૂફ્આ બિન શદ્દાદ હતો. (મુઅજમુલ બુલદાન, ભાગ ૪, પાના-૧૮૦)

સુલેમાનના સાથીઓ જલ્દીથી અયનુલ વરદહ પર પહોંચી ગયા અને તેની પશ્ચિમ તરફ પડાવ નાખ્યો. ત્રણ દિવસ સુધી ત્યાં આરામ કર્યો. શામવાળા પણ આવી ગયા અને અયનુલ વરદહ પાસે ઉતર્યા.

સુલેમાન બિન સુરદનો ખુત્બો

સુલેમાન બિન સુરદ પોતાના સાથીઓ દરમિયાન ઊભા થયા. તેમને કયામત અને આખેરતના વિષય પર બયાન આપ્યું અને તેના તરફ પ્રોત્સાહિત કર્યા. ત્યાર બાદ કહ્યું: દુશ્મન તમારી પાસે આવી ગયો છે. જ્યારે તેની સાથે મુકાબલો થાય તો સાચા દીલથી, નિખાલસતાથી જંગ કરશો અને સબરથી કામ લેશો કેમકે અલ્લાહ સબર કરનારાઓ સાથે છે. તમે દુશ્મન સાથે જંગ કરવા માટે તમારી જગ્યા બદલી શકો છો પણ મેદાનથી ભાગશો નહી. દુશ્મનના સૈન્યથી જે મેદાન છોડીને ભાગે તેને કતલ ન કરશો. ઝખ્મી અને કૈદીઓને પણ કતલ ન કરશો. કેમકે હઝરત અલી(અલ.) પણ દુશ્મનો સાથે આવો જ વર્તાવ કરતા હતા.

પછી કહ્યું: જો હું કતલ થઇ જાઉં તો મુસય્યબ બિન નજ્બ અમીર રહેશે અને જો તેઓને પણ મારવામાં આવે તો અબ્દુલ્લાહ બિન સઅદ અમીર રહેશે અને જો તેઓ પણ કતલ થઇ જાય તો અબ્દુલ્લાહ બિન વાલ રહેબર થશે અને તેઓને પણ મારી નાખવામાં આવે તો રૂફાઆ બિન શદ્દાદ તમારો અમીર બનશે. અલ્લાહ રેહમત નાઝિલ કરે તે માણસ પર જે પોતાના વચન પર બાકી રહે છે.

ત્યાર બાદ મુસય્યબ બિન નજ્બાને ચારસો સવારો સાથે રવાના કર્યા અને તેમને કહ્યું: દુશ્મનને જોતા જ તેમના પર હુમલો કરી દેજો. જો કામયાબ થઇ ગયા તો ઘણું જ સારૂં છે અને નહીં તો પાછા આવી જજો. તમે અને સાથીઓ જરૂર વગર તમારા ઘોડાથી નીચે ન ઉતરશો. એક રાત અને એક દિવસ તેઓ ચાલ્યા અને સહેરીના સમયે દુશ્મનના એક માણસ સાથે તેમની મુલાકાત થઈ. મુસય્યબે

તેની પાસેથી દુશ્મનની ફૌજ વિશે માહિતી માંગી તો તેણે કહ્યું: શરજીલ બિન ઝી કલાઅ અહીંથી એક માઈલના અંતર પર છે. તેના અને હસીન બિન નુમૈર દરમિયાન સેનાપતિના હોદ્દા બાબતે ઝઘડો છે. તેઓ ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદના હુકમની રાહ જોઇ રહ્યા છે.

આ વાત સાંભળીને મુસય્યબ અને તેના સાથીઓએ તેમના ઘોડા દોડાવ્યા અને દુશ્મન પર હુમલો કરી દીધો. તેમાંથી અમુકને કતલ કર્યા અને બીજા ઘણા બધાને ઘાયલ કરીને પરાજિત કર્યા અને માલે ગનીમત સાથે સુલેમાન પાસે પાછા ફર્યા.

પ્રકરણ : ૪૧

હસીન અને શરજીલનું આગમન

જ્યારે ઇબ્ને ઝિયાદને શામના સૈન્યની હારી જવાની ખબર મળી તો તેણે હસીન બિન નુમૈરના નેતૃત્વમાં બાર હજાર સૈનિકો સુલેમાનનો મુકાબલો કરવા માટે મોકલ્યા.

સુલેમાન બિન સુરદે પણ પોતાના સૈન્યની વ્યવસ્થિત ગોઠવણી કરી અને પોતે લશ્કરની વચમાં ઊભા રહ્યા. જ્યારે શામનું લશ્કર નજીક આવ્યું તો તેણે સુલેમાનના સાથીઓને(તવ્વાબીનને) કહ્યું કે અબ્દુલ મલીક બિન મરવાનની બયઅત કરો અને તેની ઇતાઅત કરો.(યઝીદની હલાકત પછી મરવાન બિન હકમ હાકીમ બન્યો અને તેની હલાકત પછી તેનો દીકરો

અબ્દુલ મલીક બિન મરવાન શામનો હાકીમ બન્યો.)

સુલેમાન અને તેના સાથીઓએ કહ્યું: ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને અમને સોંપી દો. જેથી અમે તેને અમારા ભાઇઓના કીસાસ(બદલા)માં કતલ કરીએ. કેમકે અમારા ભાઈઓ કરબલામાં ઉબૈદુલ્લાહના હાથે શહીદ થયા છે અને અબ્દુલ મલીક બિન મરવાનને ખિલાફતના હોદ્દા પરથી પદભ્રષ્ટ કરો. અમે પણ ઇબ્ને ઝુબૈરના સાથીદારોને ઇરાકથી કાઢી મૂકીશું અને પછી ખિલાફત રસુલુલ્લાહ(અલ.)ના એહલેબૈત જે તેના સાચા હકદાર છે, તેમનો હક છે તેમને સોંપી દઇશું.

શામવાળાઓએ આ વાતને કબૂલ ન કરી. સુલેમાનના સાથીદારો પણ પોતાની વાત પર અડગ રહ્યા. સુલેમાનના સાથીદારોએ શામના લશ્કર પર હુમલો કરીને તેમને વેરવિખેર કરી

નાખ્યા. આ રીતે રાત થઇ ગઇ સુલેમાન અને તેમના સાથીઓ કામયાબ રહ્યા.

બીજા દિવસે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે શરજીલ બિન ઝીલ કલાઅને આઠ હજાર સૈનિકો સાથે હસીન બિન નુમૈરની મદદ માટે મોકલ્યા. જેના કારણે બે ત્રણ દિવસ સુધી લડાઇ ચાલતી રહી. (તજારૂબુલ ઉમમ,ભાગ ૨, પાના-૧૦૯)

અદહમ બિન મુહરીઝનું આગમન

ત્રીજા દિવસે ઉબૈદુલ્લાહ તરફથી અદહમ બિન મોહરીઝ શામીયોની મદદ માટે આવ્યો અને તે દિવસે શુક્રવાર હતો. ઝોહર(બપોર) સુધી ધમસાણ યુદ્ધ થયું. પછી શામવાળાઓએ સુલેમાન અને તેમના સાથીઓ પર ચારે તરફથી હુમલો કર્યો.

જ્યારે સુલેમાને આ હાલત જોઇ તો ઘોડાથી નીચે ઊતર્યા અને બુલંદ અવાજથી કહ્યું: અય અલ્લાહના બંદાઓ! જે અલ્લાહ તરફ સફર કરવા માંગે છે અને પોતાના ગુનાહોથી તૌબા કરવા ચાહે છે તે મારી સાથે આવે.

ત્યાર બાદ પોતાની તલવારનું મ્યાન તોડી નાખ્યું અને એક સમૂહે પણ તેમનું અનુસરણ કરીને પોતાની તલવારનું મ્યાન તોડી નાખ્યું અને તેમની સાથે શામના સૈન્ય પર હુમલો કરી દીધો અને શામના લશ્કરમાંથી ઘણાં બધા સૈનિકોને જહન્નમ વાસીલ કર્યા અને ઘણાં બધાને ઘાયલ કરી નાખ્યા.

સુલેમાનનું માર્યા જવું

હસીન બિન નુમૈરે જ્યારે સુલેમાન અને તેના સાથીદારોની અડગતા અને મક્કમતા જોઇ તો એક ટુકડીને મોકલી કે સુલેમાનના સાથીઓને તીર મારે. આ સાંભળીને શામના સવાર અને પગપાળા લશ્કરે સુલેમાન અને તેમના સાથીઓને ઘેરી લીધા. સુલેમાન યઝીદ બિન હસીનના તીર લાગવાથી જમીન પર પડી ગયા. તેઓ ફરીથી ઊભા થયા પરંતુ ફરીથી જમીન પર પડી ગયા અને મૃત્યુ પામ્યા. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૮૨, તઝકીરતુલ ખવાસમાં લખ્યું છે કે તેમણે શહાદત વખતે 'ફુઝ્તુ વ રબ્બીલ કાબા'નો શબ્દ પોતાની ઝબાનથી બોલ્યા.)

મુસય્યબ બિન નજબા

સુલેમાનના માર્યા ગયા પછી મુસય્યબ બિન નજ્બાએ પરચમ ઉઠાવ્યો. બહાદુરીથી જંગ કરી અને એવી દ્રઢતા અને મક્કમતા બતાવી કે તેનો નમૂનો જોવા નથી મળ્યો. એવી લડાઇ કરી કે જેનું ઉદાહરણ સાંભળવા નહોતુ મળ્યું. કોઇ વિચારી પણ ન શકે કે તેમણે આવી કુરબાની આપી હશે. છેવટે તેઓ પણ કતલ થઇ ગયા.

(તજારૂબુલ ઉમમ,ભાગ ૨, પાના-૧૧૦)

અબ્દુલ્લાહ બિન સઅદ

મુસઅ્યબ બિન નજબાના માર્યા ગયા પછી અબ્દુલ્લાહ બિન સઅદ બિન નુફૈલે પરચમ ઉઠાવ્યો અને સુલેમાન બિન સુરદ અને મુસઅ્યબ બિન નજ્બા માટે કહ્યું: અલ્લાહ તેમના પર રેહમત નાઝિલ કરે અને પછી આ આયતની તિલાવત ફરમાવી :

فَمِنْهُمْ مَنْ قَضَى نَحْبَهُ وَمِنْهُمْ مَنْ يَنْتَظِرُ وَمَا بَدَّلُوا تَبْدِيلًا

(સૂ. અહઝાબ-૨૨)

અઝ્દ કબીલાવાળા તેમની પાસે ભેગા થઇ ગયા અને શામીઓ સાથે મુકાબલો કરવા લાગ્યા. તે જ સમયે મદાઇનથી ત્રણ સવાર આવ્યા અને તેમને કહ્યું: સઅદ બિન હુઝૈફા એહલે મદાઇનના ૧૭૦ માણસો સાથે અને મુસન્ના બિન મુખરીબા બસરાના ૩૦૦ માણસો સાથે તમારી મદદ માટે

નીકળી ગયા છે. આ સમાચાર સાંભળીને તેમના સાથીઓમાં ખુશીની એક લહેર ફેલાઈ ગઈ. પરંતુ અબ્દુલ્લાહ બિન સઅદે કહ્યું: એ લોકો આવે ત્યાં સુધી જો આપણે જીવતા રહ્યા તો સારૂં છે. મદાઈનથી આવેલા આ ત્રણ માણસોએ જ્યારે સુલેમાનના માર્યા ગએલા સાથીઓને જોયા તો ઘણા જ ગમગીન થયા અને તે જ સમયે જંગમાં કૂદી પડ્યા. અબ્દુલ્લાહ બિન સઅદ પણ જંગમાં માર્યા ગયા. તેથી તેમના ભાઇ ખાલીદે તેમના કાતિલ પર હુમલો કર્યો તો શામની ફૌજના લોકો પણ પોતાના માણસની મદદ માટે દોડ્યા. અને તેને બચાવી લીધો પરંતુ ખાલીદ પણ માર્યા ગયા.

હવે કોઇ પરચમ ઉઠાવનાર ન રહ્યો. સુલેમાનના સાથીઓએ અબ્દુલ્લાહ બિન વાલને અવાજ આપી તો તેઓ બીજી તરફ શામીઓ સાથે લડાઇમાં વ્યસ્ત હતા.

રૂકૈઆહ બિન શદ્દાદ

રૂકૈઆ બિન શદ્દાદ શીઆ અને તવ્વાબીનમાંથી છે તે તવ્વાબીન સાથે માર્યા નહોતા ગયા અને કુકૈમાં યમાનીઓ સાથેની જંગમાં મુખ્તાર વિરૂદ્ધ બળવો કરવામાં ભાગીદાર હતા. જ્યારે તેમણે સાંભળ્યું કે તેઓ યા લસારાતી ઉસ્માનનો નારો પોકારી રહ્યા છે તો તલવાર કાઢીને તેમના પર હુમલો કર્યો અને કહ્યું: હું અલી(અલ.)ના દીન પર છું અને તેમની સાથે જંગ કરતા કરતા માર્યા ગયા. તે જ વખતે અબુઝર ગિફારી રબઝામાં મૃત્યુ પામ્યા હતા અને માલીકે અશ્તરે તેમને ગુસ્લ અને કફન આપ્યું હતું. (અબ્સારૂલ ઐન, પાના-૧૪)

રૂકૈઆહ બિન શદાદે પરચમ ઉઠાવીને હુમલો કર્યો અને પોતાના સાથીઓને કહ્યું: જે માણસ હંમેશા જીવંત રહેવા માંગે છે અને એવો

આરામ ચાહે છે કે જેના પછી કોઇ પરેશાની નથી અને એવી ખુશી ચાહે છે કે જેના પછી કોઈ જાતનો ગમ નથી તો તેના માટે જરૂરી છે કે આ સમૂહ સાથે જંગ કરીને અલ્લાહની નજદીકી પ્રાપ્ત કરે. ત્યાર બાદ જન્નત તરફ જવાનું છે.

અબ્દુલ્લાહ બિન વાલ

અબ્દુલ્લાહ બિન વાલ શરીફ વ્યક્તિ હતા. સુલેમાન બિન સુરદ અને બીજા તવ્વાબીન સાથે અયનુલ વરદહમાં કતલ થયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૪) ઇબ્ને અસીરે તેમને કુફાના આબીદો અને ફકીહોમાં ગણ્યા છે. (કામીલ, ભાગ ૪, પાન-૧૮૪)

અદહમ બિન મુહરીઝ શામના સેનાપતિઓમાંથી એક હતો. તે સુલેમાનના સૈન્યના મુકાબલા માટે પોતાના લશ્કરને લઇને નીકળ્યો. અસરના સમયે અબ્દુલ્લાહ બિન વાલને જોયા કે તેઓ આ આયતની તિલાવત કરી રહ્યા છે:

وَلَا تَحْسَبَنَّ الَّذِينَ قُتِلُوا فِي سَبِيلِ اللَّهِ أَمْوَاتًا

(સૂ. આલે ઇમરાન-૧૬૯)

તેણે અબ્દુલ્લાહ પર હુમલો કર્યો અને તેમના હાથ પર વાર લગાવીને કહ્યું: હું સમજુ છું કે તમને પસંદ છે કે તમે કુફ્રમાં હોત અને તમારો હાથ ન કપાત.

અબ્દુલ્લાહે કહ્યું: તેં ઘણું જ ખરાબ વિચાર્યું. અલ્લાહની કસમ ! મને આ વાત જરાય પસંદ નથી કે મારા હાથની જગ્યાએ તારો હાથ કપાઈ જાય. એટલા માટે કે મારા હાથના કપાવાથી મારા અજ્ર અને સવાબમાં વધારો થશે અને તારા ગુનાહમાં વધારો થશે. આ વાત સાંભળીને અદહમને ગુસ્સો આવી ગયો. એટલે તેણે તરત જ હુમલો કરીને તેમને કતલ કરી નાખ્યા. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૧૮૩)

અબ્દુલ્લાહ બિન ઔફ બિન અહ્મર

અબ્દુલ્લાહ બિન વાલના કતલ થઇ ગયા પછી સુલેમાનના સાથીદારો રૂફાઆ બિન શદ્દાદ પાસે આવ્યા અને કહ્યું: અલમ ઉઠાવો અને શામીઓ સાથે જંગ કરો.

રૂફાઆએ કહ્યું: મારી સલાહ એ છે કે અત્યારે આપણે પાછા ચાલ્યા જઇએ. આશા છે કે પછી બીજી કોઈ વખત ભેગા થઇને દુશ્મન પર હુમલો કરીશું અને કામયાબ થઈશું.

અબ્દુલ્લાહ બિન ઔફે કહ્યું: જો તમે અત્યારે અહીંથી પાછા ફરી ગયા તો દુશ્મન આપણને હલાક કરી નાખશે. એટલા માટે કે જો એક ફરસખ પણ રસ્તો પાછળ પસાર કરીશું તો દુશ્મન આપણો પીછો કરીને બધાને મારી નાખશે અને જો આપણામાંથી કોઈ જીવતો પણ રહી ગયો તો અહીં

આસપાસ ગામડાના વિસ્તારના લોકો તેને પકડીને દુશ્મનના હાથમાં સોંપી દેશે અને તેઓ તેને કતલ કરી નાખશે.

મારી સલાહ આ છે કે અત્યારે સૂર્ય આથમવાની તૈયારીમાં છે. સાંજ સુધી આપણે તેમની સાથે જંગ કરીશું અને જ્યારે રાતનું અંધારૂ ફેલાઈ જશે તો આપણે આપણા ઘોડાઓ પર સવાર થઇને જંગના મેદાનથી નીકળી જઇશું અને દરેક માણસ પોતાના ઝખ્મી સીપાહીને ઉઠાવી લેશે અને આ રીતે સવાર સુધી સફર કરીશું.

રૂફાઆએ કહ્યું: આ સારી સલાહ છે.

ઇબ્ને અહમરે કહ્યું: અમારી સાથે રહીને એક કલાક જંગ કરો અને પોતાને હલાકતમાં ન નાખો. જ્યારે રૂફાઆના અમુક સાથીઓને ખબર પડી કે તેમના અમુક સીપાહીઓ જંગનું મેદાન છોડીને પાછા ફરવાનો ઈરાદો રાખે છે તો તેમણે ચીસ પાડી

અને કહ્યું : અય અલ્લાહના બંદાઓ! તમારા પરવરદીગાર તરફ આગળ વધો! કેમકે દુનિયામાં તેની ખુશીથી વધારે શ્રેષ્ઠ બીજી કોઇ વસ્તુ નથી. અમને ખબર મળી છે કે અમુક લોકો પાછા ફૂફા જવા માંગે છે અને આ દુનિયા તરફ પાછા ફરવા ચાહે છે. જેમાં રોકાવાનો સમય ઘણો ઓછો છે. ત્યાર બાદ તેમણે શામીઓ પર હુમલો કર્યો અને તેમનામાંથી ઘણા બધા લોકોને કતલ કરી દીધા. (તજારૂબુલ ઉમમ,ભાગ ૨, પાના-૧૧૧)

અબ્દુલ્લાહ ઇબ્ને અઝીઝ કિનાની

અબ્દુલ્લાહ પોતાની સાથે જંગના મેદાનમાં પોતાના નાના બાળકને લાવ્યા હતા. શામમાં કીનાન કબીલો હતો તેમને બોલાવ્યા અને પોતાના બાળકને તેમના હવાલે કર્યું. જેથી તેઓ તેને કુફા પહોંચાડી દે અને તે કબીલાવાળાઓએ અબ્દુલ્લાહને અમાન આપી. પરંતુ અબ્દુલ્લાહે કબૂલ ન કરી અને જંગમાં કૂદી પડયા અને મૃત્યુ પામ્યા.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૨, પાના-૧૮૫)

કુફા પાછા ફરવું

રાત થઇ તો શામવાળાઓ પોતાના કેમ્પ (છાવણી) પર પાછા ફર્યા. રૂફાઆ બિન શદ્દાદે દરેક ઘાયલને તેના સગાને સોંપી દીધા અને બીજા સાથીદારો સાથે આખી રાત સફર કર્યો. અહિંયા સુધી કે ખાબૂર (ખાબૂર એક મોટી નહેરનું નામ છે જે ફુરાત સાથે જોડાય છે. - મરાસીદુલ ઇત્તેલાઅ, ભાગ ૧, પાના-૪૪૪) પાસે પહોંચ્યા. બીજા દિવસે શામની ફોજના સેનાપતિ હસીન બિન નુમૈરે જોયું કે તે લોકો વિસ્તાર છોડીને ચાલ્યા ગયા છે.

રૂફાઆએ અબુ જુવૈરાના નેતૃત્વમાં સીત્તેર સવાર કાફલાની પાછળ રાખ્યા. જેથી તેમની હિફાઝત પણ કરે અને જો કોઇ વસ્તુ રહી જાય તો તેને ઉઠાવી લે. આ રીતે તેઓ કરકસીયા પહોંચ્યા. ત્યાં ઝફરે તેમના માટે જમવાનું મોકલ્યું અને

ઘાયલોના ઇલાજ માટે ડોકટર પણ મોકલ્યા અને સંદેશો મોકલ્યો કે તેઓ કરકસીયામાં જ રોકાઇ જાય. રૂફાઆ અને તેમના સાથીઓ ત્રણ દિવસ સુધી ત્યાં રોકાયા અને સફરનું ભાથું લઇને નીકળ્યા. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૧૨)

મદદ કરવી

સઅદ બિન હુઝૈફા મદાઇનવાળાઓ સાથે તવ્વાબીનની મદદ માટે નીકળી ગયા હતા. જ્યારે તેઓ હીત ("હીત" બગદાદ શહેરની સીમા અને આજુબાજુના વિસ્તારમાં ફુરાત શહેરના કિનારે અંબારની ઉપર ફળદ્રૂપ શહેર છે. મુઅજમુલ બુલદાન, ભાગ ૫, પાના-૪૨૦) પહોંચ્યા તો સુલેમાન બિન સુરદ અને તેમના બીજા સાથીઓની શહાદતની ખબર મળી. બસરાવાળાઓ સાથે મુસન્ના બિન મુખ્રબા પણ તેમની મદદ માટે આવી ગયા અને સન્દુદાઅમાં (સન્દુદાઅ અંબારની ઉપર તરફ ફુરાત નદીના પશ્ચિમ ભાગમાં છે. હવે આ જગ્યા ખરાબ થઇ ગઇ છે. ત્યાં એક જગ્યા છે જે અલી(અલ.)થી સંબંધિત છે. મરાસિદુલ ઇત્તેલાઅ, ભાગ ૨, પાના-૮૫૩) મુલાકાત કરી તો

તવ્વાબીનના કીસ્સા વિશે જાણકારી મળી. તેઓ ત્યાં જ રોકાઇ ગયા. એટલે સુધી કે રૂફાઆ બિન શદ્દાદ અને બાકી રહેલા લોકો પણ ત્યાં આવી ગયા. અયનુલ વરદહના શહીદોનો ગમ મનાવ્યો અને એક રાત અને એક દિવસ ત્યાં રોકાઇને પાછા ચાલ્યા આવ્યા. (કામીલ ઇબ્ને, ભાગ ૪, પાના-૧૮૫) તવ્વાબીનની ચળવળ અહિંયા પૂરી થાય છે.

શામમાં તવ્વાબીનની ખબર

અબ્દુલ મલીક બિન મરવાનને (યઝીદની હલાકત પછી શામમાં મરવાન બિન હકમ હાકીમ બન્યો અને મરવાનની મૌત પછી તેનો દીકરો અબ્દુલ મલીક બિન મરવાન હાકીમ બન્યો) જ્યારે સુલેમાન અને તેમના સાથીઓના કતલ થવાની ખબર મળી તો તે મીમ્બર પર ગયો અને કહ્યું: ઇરાક (તવ્વાબીનની ચળવળ)ના સરદાર સુલેમાન બિન સુરદ અને મુસય્યબ બિન નજ્બા કતલ કરી દેવામાં આવ્યા છે. એવી જ રીતે તેમના બે સરદારો અબ્દુલ્લાહ બિન સઅદ અને ઉબૈદુલ્લાહ બિન વાલ પણ માર્યા ગયા છે. હવે ઈરાકમાં આપણી વિરૂદ્ધ કોઈ બળવો પોકારનાર નથી.

(કામીલ ઇબ્ને, ભાગ ૪, પાના-૧૮૬)

ભાગ-૧૩

પ્રકરણ : ૪૨

જનાબે મુખ્તારની ચળવળ

જનાબે મુખ્તાર

જનાબે મુખ્તાર અબુ ઉબૈદા બિન મસઉદ સક્ફીના દીકરા છે. ૧ હીજરી સનમાં તેમનો જન્મ થયો. (અલ-ઇસ્તિઆબ, ભાગ ૪, પાના-૧૪૬૫) તેમના વાલીદ અબુ ઉબૈદા રસુલ (સલ.)ના જલીલુલ કદ્ર(મહાન) સહાબીઓમાંથી હતા. તેઓ હિ.સ.૧૩માં ઇરાકના ગવર્નર તરીકે નિયુક્ત થયા અને યવ્મુલ જસ્રમાં (યવ્મુલ જસ્ર એ જંગનું નામ છે જે મુસલમાનો અને ફારસવાળાઓ દરમિયાન થઇ હતી, મુઅજમુલ બુલદાન, ભાગ ૨, પાના-૧૪૦) પોતાના દીકરા જુબૈર બિન અબી ઉબૈદાની સાથે ઉમર બિન ખત્તાબની ખિલાફતના જમાનામાં

કતલ થયા. (અલ-ઇસ્તિઆબ, ભાગ ૪, પાના-૧૭૦૯)

તેમના માતાજી રૂમા બીન્તે વહબ બિન ઉમર બિન મઅતબ છે.

વર્ણન થયું છે કે જ્યારે જનાબે મુખ્તારના પિતાએ શાદીનો ઇરાદો કર્યો તો તેમને તેમના કુટુંબની ઘણી બધી છોકરીઓના નામો બતાવવામાં આવ્યા અને તેમાંથી કોઈ એક સાથે શાદી કરવાની સલાહ આપી. પરંતુ તેમણે કબૂલ ન કર્યું. અહિં સુધી કે સ્વપનામાં કોઇએ તેમને કહ્યું: વહબની દીકરી રૂમા સુંદર છે. તમે તેમની સાથે શાદી કરી લો. જેથી લોકો તમને ઠપકો ન આપે. તેમણે પોતાના કુટુંબ અને નજીકના સગાવ્હાલાઓને પોતાનું આ સ્વપ્ન બયાન કર્યું. આ બાબત પર બધાએ તેમને પ્રોત્સાહન આપ્યું અને તેમની વાતને ખુશીથી

સ્વીકારી લીધી. જેથી તેમણે રૂમા બીન્તે વહબ સાથે શાદી કરી લીધી.

રૂમા કહે છે : જ્યારે જનાબે મુખ્તાર મારા પેટમાં આવ્યા તો મેં સ્વપ્નમાં જોયું કે કોઇ આ શેઅર પઢી રહ્યું છે:

اَشْبَهُ شَيْءٍ بِالْأَسَدِ　　اَبْشِرِي بِالْوَلَدِ

تَقَاتَلُوا عَلَى بَلَدْ　　اِذَا الرِّجَالُ فِي كَيْدٍ

كَانَ لَهُ حَظُّ الْاَشَدْ

(તમને દીકરો મુબારક થાય જે સિંહ જેવો છે. જ્યારે લોકો મુશ્કેલીમાં હશે અને શહેરોમાં જંગ કરશે તો તે સૌથી આગળ વધીને ભાગ લેશે.)

જ્યારે જનાબે મુખ્તાર પેદા થયા ત્યારે ફરીથી તે જ માણસને સ્વપ્નમાં જોયો જે રૂમાને કહી રહ્યો છે: આ બાળક બોલતા કે ચાલતા શીખે તે

પહેલા તેનું નામ મુખ્તાર રાખો. કેમકે કાલે તેના ઘણા બધા દોસ્ત હશે.

મુખ્તારના ચાર ભાઇ જબ્ર, અબુ જબ્ર, અબુલ હકમ અને અબુ ઉમ્યા હતા. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના ૩૫૦) તેમના કાકા સઇદ બિન મસઉદ અમીરૂલ મુઅમેનીન(અલ.) તરફથી મદાઇનના ગવર્નર હતા. (સફીનતુલ બિહાર, ભાગ ૧, પાના-૪૩૫) મુખ્તાર પણ પોતાના કાકા સાથે મદાઇન ગયા અને તેમની સાથે રહ્યા.

(બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૫૨)

જનાબે મુખ્તારની જવાની

જનાબે મુખ્તાર જ્યારે તેર વર્ષના નવજવાન હતા ત્યારે પોતાના પિતા અબુ ઉબૈદાની સાથે "કુસ્સુન્નાતિફ" ની ઘટનામાં ભાગ લીધો. (કુસ્સુન્નાતીફ એક જંગ છે જે મુસલમાનો અને ફારસવાળાઓ દરમિયાન થઇ હતી. મુઅજમુલ બુલદાન, ભાગ ૨, પાના-૧૪૦) તેમને મૈદાનમાં જઇને લડવાનો ખૂબ જ શોખ હતો. પરંતુ તેમના કાકા સઇદ બિન મસઉદે તેમને જંગના મૈદાનમાં ન જવા દીધા.

(બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના ૩૫૦)

જનાબે મુખ્તારની વિશેષતાઓ

જનાબે મુખ્તાર એક બહાદુર વ્યક્તિ હતા. કોઇ પણ વસ્તુથી નહોતા ડરતા. ઘણા જ બુદ્ધિશાળી, બાહોશ અને હાજર જવાબ હતા. તેઓ ઉત્તમ ગુણો ધરાવતા હતા અને ઘણા જ સખી હતા. કુશળતા અને ચાલાકીથી સમસ્યાઓને સમજી લેતા હતા. મહત્વકાંક્ષી અને દૂરંદેશ હતા. જંગોમાં ગમે તેટલા દુશ્મનની સામે પણ અડગ રહેતા હતા. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના ૩૫૦) એહલેબૈત(અલ.) સાથે તેમની દોસ્તી અને તેમના દુશ્મનો સાથે દુશ્મની જગ જાહેર હતી.

(મક્તલુલ હુસૈન(અલ.), મુકર્રમ, પાના-૧૪૭)

અઇમ્મા(અલ.)ની નજરમાં જનાબે મુખ્તાર

રીવાયાતોના અભ્યાસ અને જનાબે મુખ્તાર વિશે અઇમ્મા(અલ.)ને જે સવાલ જવાબ કરવામાં આવ્યા છે તેનાથી આ હકીકત જાણી શકાય છે કે એહલેબૈત(અલ.)ને પણ જનાબે મુખ્તાર સાથે મોહબ્બત હતી. આ સંદર્ભમાં અમે અહીં અમુક રિવાયતોનો અનુવાદ રજૂ કરીએ છીએ :

(૧) ઉમર બિન અલી(અલ.)થી રીવાયત બયાન થઇ છે કે જનાબે મુખ્તારે અલી ઈબ્નુલ હુસૈન(અલ.)ની ખીદમતમાં ૨૦,૦૦૦ દીરહમ મોકલ્યા. આપ(અલ.) એ તે પૈસાને સ્વીકારી લીધા અને તેનાથી અકીલ બિન અબી તાલીબ અને બની હાશીમના ઘરોને ફરીથી બનાવડાવ્યા જે યઝીદના માણસોએ ખરાબ કરી નાખ્યા હતા. (સફીનતુલ બિહાર, ભાગ ૧, પાના-૪૫૩)

(૨) કશ્શીએ મુહમ્મદ બિન મસઉદથી વર્ણન કર્યું છે કે જ્યારે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ અને ઉમર બિન સઅદનું

સર ઈમામ સજ્જાદ(અલ.)ની સામે લાવવામાં આવ્યું તો આપ(અલ.) સજદામાં પડી ગયા અને ફરમાવ્યું: અલ્લાહનો શુક્ર છે કે તેણે અમારા દુશ્મનોથી ઇન્તેકામ લીધો. આપ(અલ.) એ જનાબે મુખ્તાર માટે દુઆ કરી અને ફરમાવ્યું : અલ્લાહ મુખ્તારને બેહતર બદલો આપશે. (બીહારૂલ અન્વાર, ભાગ,૪૫,પાના-૩૪૪, જામીઉર્રૂવાત, ભાગ ૨, પાના-૨૨૧)

(૩) ઉબૈદુલ્લાહ બિન શરીક કહે છે : હું ઇદુલ અઝ્હાના દિવસે હઝરત અબુ જાફર ઇમામ બાકીર(અલ.)ની ખીદમતમાં હાજર થયો અને આપની સામે ગોઠણભેર બેસી ગયો. તે જ સમયે કુફાથી એક માણસ આવ્યો. તેણે ઇમામ મુહમ્મદ બાકીર(અલ.)ના મુબારક હાથને ચૂમવાની રજા માંગી. આપે રજા ન આપી. પછી તેને પૂછયું : તમે કોણ છો?

તેણે કહ્યું: હું અબુ મુહમ્મદ હકમ બિન મુખ્તાર (જનાબે મુખ્તારનો દીકરો) છું.

મજલીસમાં તે ઇમામ મુહમ્મદ બાકીર(અલ.)થી થોડાક અંતરે બેઠો હતો. આપ(અલ.) એ તેને ઇશારાથી બોલાવીને પોતાની પાસે બેસાડયો.

તે માણસે (મુખ્તારના દીકરાએ) ઇમામ મુહમ્મદ બાકીર(અલ.)ને કહ્યું: મારા પિતાજી વિશે લોકો ઘણું બધું બોલે છે. પરંતુ મારા પિતાજી વિશે જે કાંઈ તમે ફરમાવશો તે જ હક છે. ચાહે લોકો કાંઈ પણ કહે.

આપ(અલ.)એ ફરમાવ્યું : લોકો તેમના વિશે શું કહે છે ?

તેણે કહ્યું: લોકો કહે છે કે મારા વાલીદ જૂઠા હતા. પણ જે તમે ફરમાવશો એ જ મારા માટે સ્વીકાર્ય છે.

ઇમામ મુહમ્મદ બાકીર(અલ.)એ ફરમાવ્યું: સુબ્હાનલ્લાહ! મારા મોહતરમ વાલીદે મને ખબર આપી છે કે મારા વાલીદાના સીદાક, મુખ્તારે મારા

મોહતરમ વાલીદ માટે મોકલ્યા હતા. શું મુખ્તારે અમારા ઘર નહોતા બનાવ્યા? શું તેમણે અમારા શહીદોનો ઇન્તેકામ નહોતો લીધો ? અય અલ્લાહ તેમના પર રહમ ફરમાવ ! અલ્લાહની કસમ મારા મોહતરમ વાલીદે મને ખબર આપી છે કે મુખ્તાર ઇબ્ને અબી ઉબૈદા અમીરૂલ મુઅમેનીન(અલ.)ની દીકરીની સેવામાં પહોંચતા હતા અને તે આદરણીય ખાતુન તેમને માન આપતા હતા. મુખ્તારે તેમની પાસેથી હદીસો પણ યાદ કરી છે. અલ્લાહ તેમના પર રેહમત નાઝિલ કરે. તેમણે અમારો કોઇ હક એવો નથી છોડયો જેની માંગણી ન કરી હોય. તેમણે અમારા કાતીલોને કતલ કર્યા અને તેમનાથી બદલો લીધો. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૪૩)

(૪) સુદૈરે ઇમામ મુહમ્મદ બાકીર(અલ.) થી રીવાયત બયાન કરી છે કે આપ(અલ.) એ ફરમાવ્યું: મુખ્તારને ખરાબ ન બોલો. કેમકે તેમણે અમારા કાતીલોને કતલ

કર્યા અને તેમનાથી બદલો લીધો. કુંવારા લોકોને પરણાવ્યા અને જરૂરત સમયે અમારી પાસે માલ મોકલ્યો. (જામીઉઁવાત, ભાગ ૨, પાના-૨૨૦)

(૫) મુન્ઝિર બિન જારૂદે ઇમામ જાફર સાદિક(અલ.)થી રિવાયત વર્ણન કરી છે કે આપ(અલ.) એ ફરમાવ્યું: બની હાશિમમાંથી કોઇ સ્ત્રીએ તેના વાળમાં કાંસકી નથી કરી અહિંયા સુધી કે ઇમામ હુસૈન(અલ.)ના કાતિલોના સરો મુખ્તારે અમારી પાસે મોકલ્યા. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૪૪)

આ વિષય પર ઘણી બધી રિવાયતો વર્ણન થઇ છે. પરંતુ અમે ફક્ત આટલી જ હદીસો બયાન કરીએ છીએ.

જનાબે મુખ્તાર હઝરત અલી(અલ.)ના ખોળામાં

અસ્બગ બિન નબાતાથી રીવાયત વર્ણન થઇ છે કે તેમણે કહ્યું: મેં મુખ્તારને અલી(અલ.)ના ઝાનુ પર બેઠેલા જોયા છે. આપ(અલ.) તેમના માથા પર હાથ ફેરવી રહ્યા હતા અને કહી રહ્યા હતા:

يا كَيِّس يا كَيِّس

અય હોશિયાર, અય ચાલાક.

(બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૪૪)

આ વાત તે ઈમામ અલી(અલ.) ફરમાવી રહ્યા છે જે રસુલુલ્લાહ(અલ.)ના ઈલ્મના શહેરના દરવાજા છે અને જેઓ ભવિષ્યના હાલાતથી વાકેફ છે. ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી જે કંઇ જનાબે મુખ્તારે કર્યું અને ઈમામ હુસૈન(અલ.)ના

કાતિલોને તેમના કૃત્યોની સજા ચખાડી આ તેની નિશાની છે. મુખ્તારના કાનોમાં બચપનથી ઈમામ અલી(અલ.)ના આ શબ્દો (અય હોશિયાર, અય ચાલાક) ગૂંજતા રહ્યા અને તેઓ કુદરતી રીતે ઇસ્લામ અને એહલેબૈત(અલ.)થી સંબંધિત એક પૈગામનો એહસાસ કરતા હતા અને આ સંદેશ એહલેબૈત(અલ.)ના દુશ્મનો અને ઇમામ હુસૈન(અલ.) અને તેમના સાથીઓના કાતીલોથી બદલો લેવાના સ્વરૂપમાં આપની સામે હતો.

મઅબદ બિન ખાલિદ

એક દિવસે મુખ્તારે મઅબદ સાથે મુલાકાત કરી અને તેને કહ્યું: અમુક લેખકોએ પોતાના લખાણ અને કિતાબોમાં લખ્યું છે કે સકીફ કબીલાનો એક માણસ ઇન્કેલાબ લાવશે અને ઝાલિમોને કતલ કરશે, મઝલૂમ ઈન્સાનોની મદદ કરશે અને તે લોકોના લોહીનો બદલો લેશે કે જેમને કમજોર બનાવી દેવામાં આવ્યા હતા. તે જ લેખકોએ આ વ્યક્તિના ગુણો પણ બયાન કર્યા છે. આ તમામ ગુણો હું મારામાં જોઉં છું. માત્ર બે સિફતો એવી છે જે મારામાં નથી. તેઓ લખે છે કે તે માણસ જવાન હશે અને મારી ઉંમર તો ૬૦ વર્ષથી વધારે થઈ ચૂકી છે અને તેની બીજી સીફત એ છે કે તેની આંખની રોશની ઓછી હશે જ્યારે કે મારી નજર તો ગરૂડ કરતા પણ વધારે તેજ છે.

મઅબદે કહ્યું : તમે પણ જવાન છો. કેમકે આ જમાનામાં સાઇઠ સીત્તેર વર્ષના વ્યક્તિને વૃદ્ધ નથી સમજવામાં આવતો. રહી વાત તમારી આંખોની તો આ બાબતમાં તમને શું ખબર કે ભવિષ્યમાં શું થશે ? શક્ય છે કે કોઇ અકસ્માતમાં તમારી આંખોની રોશની કમજોર થઇ જાય. આ વાત સાંભળીને મુખ્તારના દીલમાં આશા જાગી અને કહ્યું તારી વાત પણ સાચી છે.

(બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૫૨)

જનાબે મુખ્તારના ઘરે ઈમામના પ્રતિનિધિ

આપણે બયાન કરી ચૂક્યા છીએ કે મુખ્તાર બિન અબી ઉબૈદા ઘણી બધી વિશેષતાઓ, ખૂબીઓ અને શ્રેષ્ઠતા ધરાવતા હતા. પરંતુ આ ગુણો તે જમાનામાં માત્ર તેમનાથી જ વિશિષ્ટ ન હતા. પરંતુ કુફામાં એવી બીજી વ્યક્તિઓ પણ હતી જેઓ સામાજિક ફઝીલતો, સદ્ગુણો, મહાનતા, પ્રભાવ અને વર્ચસ્વ રીતે જો મુખ્તારથી ઉચ્ચ ન હતા તો તેમનાથી ઓછા પણ ન હતા.

જનાબે મુસ્લિમ બિન અકીલ જ્યારે કુફા પહોંચ્યા તો તેમણે કૂફામાં રોકાવવા માટે ફક્ત મુખ્તારના ઘરને પસંદ કર્યું અને ત્યાં જ રોકાયા. (અશ્શહીદ મુસ્લિમ બિન અકીલ, મુકરીમ, પાના-૯૮) પ્રશ્ન એ છે કે શા માટે જનાબે મુસ્લીમ બિન અકીલે ફક્ત મુખ્તારના ઘરને જ પસંદ કર્યું ?

જ્યારે કે મુખ્તાર જેવી બીજી વ્યક્તિઓ પણ કુફામાં હતી. એટલા માટે આ વાત વિચારવા લાયક છે અને આ વિષય ચર્ચા માંગે છે.

લખ્યું છે કે જનાબે મુસ્લીમ ૫ શવ્વાલ, હિ.સ.૬૦માં કુફામાં આવ્યા (મુરવ્વીજુઝ્ઝહબ, ભાગ ૩, પાના-૫૪) અને જનાબે મુખ્તારના ઘરે પહોંચ્યા. (અઅલામુલ વરા, ૨૩૨) અહીં આ વાત બયાન કરવી જરૂરી છે કે જનાબે મુખ્તાર પાસે ઉપરોક્ત બયાન કરેલી વિશેષતા ઉપરાંત બીજી પણ એક ખાસ વિશેષતા હતી જેના કારણે જનાબે મુસ્લીમ(અલ.)એ તેમના ઘરે રોકાવાનું પસંદ કર્યું હોય અને તે વિશેષતા જનાબે મુખ્તારની એહલેબૈત ઇસ્મત અને અમીરૂલ મુઅમેનીન(અલ.)ના ખાનદાનની હિમાયત અને અલવીઓ સાથે નિખાલસ મોહબ્બત હતી. (અશ્શહીદ મુસ્લિમ બિન અકીલ, મુકરીમ, પાના-૯૮)

જનાબે મુસ્લીમ(અલ.)ના ઇન્કેલાબના સમયે

જ્યારે લોકો મુસ્લીમ(અલ.)ને એકલા છોડીને વિખેરાઇ ગયા તો ઉબૈદુલ્લાહે હુકમ આપ્યો કે આગ સળગાવવામાં આવે. ઉબૈદુલ્લાહ મસ્જીદમાં આવ્યો અને અવાજ આપનાર વ્યક્તિએ લોકોને અવાજ આપી કે બધા મસ્જીદમાં ભેગા થઇ જાય. ઇબ્ને ઝિયાદે કહ્યું: જે પણ જનાબે મુસ્લીમ(અલ.)ને પોતાના ઘરે આશ્રય આપશે તેના વિરૂદ્ધ સખત પગલા ઉઠાવવામાં આવશે. ઉપરાંત તેણે લોકોને પોતાની ઈતાઅત કરવાની દાવત આપી. પછી પોતાના પોલીસ અધિકારીને હુકમ આપ્યો કે શહેરની ગલીઓ, રસ્તાઓ અને કૂફાના દરેક ઘરમાં જનાબે મુસ્લીમ(અલ.)ની તપાસ કરવામાં આવે. ક્યાંક એવું ન બને કે તેઓ કૂફાની બહાર નીકળી જાય.

હસીન બિન તમીમે રસ્તાઓ પર પોલીસ ગોઠવી દીધી. મુસ્લીમ(અલ.)ના હાથો પર બયઅત કરનારા અને ઇન્કેલાબ(ક્રાંતિ)માં ભાગ લેનારાઓની ધરપકડ કરવા લાગ્યા. અબ્દુલ્લાહ બિન યઝીદ કલ્બી અને અમ્મારાહ બિન સલ્ખબ અઝ્દીની પણ ધરપકડ કરીને તેમને જેલમાં પૂરી દીધા. પછી તેમને કતલ કરી દેવામાં આવ્યા. લોકોમાં ડર અને ખૌફ ફેલાવવા માટે બીજા અમુક લોકોને પણ કૈદ કરવામાં આવ્યા. તેઓમાં મુખ્તાર બિન ઉબૈદા સક્ફી અને અબ્દુલ્લાહ બિન નવફલ બિન હારીસ બિન અબ્દુલ મુત્તલીબ પણ હતા કે તેઓ જનાબે મુસ્લીમ બિન અકીલ(અલ.)ની મદદ માટે નીકળ્યા હતા.

જ્યારે જનાબે મુસ્લીમે ઇબ્ને ઝિયાદ વિરૂદ્ધ બળવો પોકાર્યો ત્યારે મુખ્તાર “લક્ઝા” નામના ગામમાં હતા. ત્યાંથી પોતાના સાથીઓ સાથે લીલા

કલરનો પરચમ ઉઠાવીને અને અબ્દુલ્લાહ બિન નવફલ બિન હારીસ બિન અબ્દુલ મુત્તલીબે લાલ કલરનો પરચમ ઉઠાવીને મસ્જીદે કુફાના દરવાજા “બાબુલ ફીલ” સુધી પહોંચી ગયા હતા. જ્યારે તેમને આ વાતની જાણ થઈ કે જનાબે મુસ્લીમ અને હાનીને શહીદ કરી દેવામાં આવ્યા છે અને તેમને કહેવામાં આવ્યું કે અમ્ર બિન હરીસના પરચમ નીચે આવી જાવ. અમ્ર બિન હરીસે આ પ્રકારની ગવાહી આપી કે આ લોકો મુસ્લીમ બિન અકીલથી જુદા થઇ ગયા હતા.

ઉબૈદુલ્લાહે આ બંને (મુખ્તાર અને અબ્દુલ્લાહ)ને મારપીટ કર્યા પછી કૈદ કરી દીધા અને તેઓ ઇમામ હુસૈન(અલ.) ની શહાદત સુધી કૈદમાં જ રહ્યા. (અશ્શહીદ મુસ્લીમ બિન અકીલ(અલ.), મુકરીમ, પાના-૧૭૫)

પ્રકરણ : ૪૩

જનાબે મુખ્તાર અને જનાબે મીસમ

જનાબે મીસમે તમ્મારને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ પાસે લાવવામાં આવ્યા અને તેને કહેવામાં આવ્યું કે તે અમીરૂલ મુઅમેનીન(અલ.)ના સહાબીઓમાંથી છે.

ઉબૈદુલ્લાહે કહ્યું: આ અઅજમી (ગૈરઅરબ) વિશે કહી રહ્યા છો?

તે લોકોએ કહ્યું : હા

પછી ઉબૈદુલ્લાહે જનાબે મીસમ સાથે થોડી વાતચીત કર્યા પછી તેમના જવાબ સાંભળીને તેમને પણ કેદમાં નાખવાનો હુકમ આપી દીધો. આ જ કૈદખાનામાં મુખ્તાર બિન ઉબુ ઉબૈદા સકફી પણ હતા. મીસમે મુખ્તારને કહ્યું: તમે જેલમાંથી આઝાદ થઇ જશો અને ઇમામ હુસૈન(અલ.)ના લોહીનો

બદલો લેશો અને જે જાલીમની જેલમાં અત્યારે હું અને તમે છીએ તેને કતલ કરશો અને તેના મોઢાને તમારા પગથી કચડી નાખશો.

ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદે પોતાના એજન્ટોને હુકમ આપ્યો હતો કે મુખ્તારને જેલથી કાઢીને તેની ગરદન ઉડાવી દો. એટલામાં યઝીદ તરફથી ઉબૈદુલ્લાહ પાસે એક પત્ર આવ્યો. તેમાં લખેલું હતું કે મુખ્તારને આઝાદ કરી દો. કેમકે અબ્દુલ્લાહ બિન ઉમર બિન ખત્તાબ મુખ્તારના બનેવી હતા. મુખ્તારની બહેને પોતાના પતિ અબ્દુલ્લાહ બિન ઉમરને કહ્યું: તમે યઝીદ પાસે મારા ભાઇ મુખ્તારની આઝાદી માટે ભલામણ કરો. અબ્દુલ્લાહ બિન ઉમરે યઝીદને ભલામણ કરી અને જનાબે મુખ્તાર જેલથી આઝાદ થઇ ગયા. (શરહે નહ્જુલબલાગાહ ઇબ્ને અબીલ હદીદ, ભાગ ૨,પાના-૨૯૩)

જનાબે મુખ્તાર તવ્વાબીન પછી

જ્યારે સુલેમાન બિન સુરદ કુફાથી બહાર નીકળી ગયા તે સમયે જનાબે મુખ્તાર કુફામાં દાખલ થયા. ઇમામ હુસૈન(અલ.)ના લોહીનો બદલો લેવા માટે જનાબે મુખ્તાર પોતાને મુહમ્મદ બિન હનફીયાના પ્રતિનિધિ સમજતા હતા.

કુફાના શીઆઓ સુલેમાન બિન સુરદની પયરવી કરતા હતા. જનાબે મુખ્તારે કુફાના શીઆઓને પોતાનો સાથ આપવા માટે દાવત આપી. લોકોએ તેના જવાબમાં કહ્યું કે સુલેમાન બિન સુરદ શીઆઓના રહેબર છે એટલે અમે તેનો સાથ આપીશું. જનાબે મુખ્તારે કહ્યું કે તેઓ તમારા નેતૃત્વ(રહેબરી) માટે યોગ્ય અને લાયક નથી. કેમકે તેઓ જંગની ટેકનીક અને કળાથી વાકેફ નથી. તેથી તે પોતે કતલ થઇ જશે. પરંતુ અમુક શીઆઓએ

જનાબે મુખ્તારની વાત ન માની. (તજરૂબુલ ઉમમ, ભાગ ૨,પાના-૯૭)

અમુક લોકોએ લખ્યું છે કે જનાબે મુખ્તારે અબ્દુલ્લાહ બિન ઝુબૈરને કહ્યું: હું એક સમૂહને ઓળખું છું કે જો તેમને એવો રહેબર મળી જાય કે જે ઇલ્મ અને સમજ ધરાવતો હોય તો તેમની તાકાતથી શામવાળાઓનો મુકાબલો કરી શકે છે.

અબ્દુલ્લાહ બિન ઝુબૈરે કહ્યું: તે કોણ છે ?

મુખ્તારે કહ્યું: તેઓ કુફામાં અલી(અલ.)ના શીઆ છે.

અબ્દુલ્લાહ બિન ઝુબૈરે કહ્યું: તમે તેમના સરદાર બનશો.

પછી અબ્દુલ્લાહ બિન ઝુબૈરે તેમને કુફા મોકલી દીધા. જનાબે મુખ્તાર કુફાના એક વિસ્તારમાં દાખલ થયા અને ત્યાં ઇમામ હુસૈન(અલ.)પર રડયા અને ઇમામ હુસૈન(અલ.)ના

મસાએબ બયાન કરવા લાગ્યા. એટલે સુધી કે શીઆઓ તેમની પાસે આવવા લાગ્યા. પછી તેઓ તેમને કુફાની અંદર લઇ ગયા અને ઘણા બધા લોકો તેમની પાસે ભેગા થઇ ગયા. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાન-૧૭૩)

બની ઉમય્યાને પોતાની જાનની ચિંતા થવા લાગી. તેઓ જનાબે મુખ્તારના ઇરાદાને સારી રીતે સમજી ગયા કે અલી(અલ.)ના શીઆઓ તેમની સાથે છે.

ઇમામ હુસૈન(અલ.)ના કાતીલો ઉમર બિન સઅદ, શીશ બિન રબીઇ અને હારીસ બિન ઉમય્યાના ચાહવાવાળાઓનું એક ટોળું અબ્દુલ્લાહ બિન યઝીદ (જે અબ્દુલ્લાહ બિન ઝુબૈર તરફથી કુફાનો ગવર્નર હતો) પાસે આવ્યું અને કહ્યું: મુખ્તાર કુફા આવી ગયા છે અને છૂપી રીતે લોકોથી બયઅત લઇ રહ્યા છે અને તેઓ તમારા માટે

સુલેમાન બિન સુરદ ખુઝાઇથી પણ વધારે ખતરનાક સાબિત થશે. આપણી જાન જોખમમાં છે. ખબર નથી તેઓ ક્યારે આપણા પર હુમલો કરીને આપણને બધાને કતલ કરી નાખે. બહેતર આ છે કે તેમની ધરપકડ કરીને તેમને જેલમાં નાખી દઇએ.

અબ્દુલ્લાહ બિન યઝીદે તેમની આ સલાહને પસંદ કરી. તેના માણસોએ જનાબે મુખ્તારને ગફલતમાં રાખીને તેમની ધરપકડ કરી લીધી અને તેમની ગરદનમાં સાંકળ નાખીને કહ્યું કે ઉધાડા પગે જેલ તરફ ચાલો. પરંતુ અબ્દુલ્લાહ બિન યઝીદને તેના માણસોનો આ વર્તાવ પસંદ ન આવ્યો. તેણે હુકમ આપ્યો કે સવારી લાવવામાં આવે. મુખ્તારને સવાર કરવામાં આવ્યા અને તેમને કેદ કરી દેવામાં આવ્યા.

જનાબે મુખ્તારે કેદમાં કહ્યું: કસમ તે પરવરદીગારની જેણે દરિયા, રણ, જંગલ, ઝાડ

અને માણસોને પેદા કર્યા છે અને મુકર્રબ મલાઇકા અને મુરસલ અંબિયાની કસમ! તે ઝાલીમોને હું ત્યાં સુધી કતલ કરતો રહીશ જ્યાં સુધી આલે મુહમ્મદ(અલ.)ના મુહીબ્બોનું દીલ ખુશ ન થાય અને તે સમૂહને તલવાર અને ભાલાઓથી નાબૂદ કરી દઈશ. જેથી ઇસ્લામના સ્તંભ(pૈllી) મજબૂત બની જાય. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૧૩)

જનાબે મુખ્તારનો પત્ર

જનાબે મુખ્તારને કેદખાનામાં સમાચાર મળ્યા કે સુલેમાન બિન સુરદ (તવ્વાબીનના સરદાર જે ઉબૈદુલ્લાહની ફોજ સાથે જંગ કરતા કતલ થઈ ગયા હતા)ના બાકી રહેલા સાથીઓ કુફા પાછી આવી ગયા છે એટલા માટે તેમણે આ મુદ્દા પર પત્ર લખ્યો.

સલામ બાદ જણાવવાનું કે તમને એ વાતની ખુશી છે કે અલ્લાહ અને તેના રસુલ(સલ.)માટે કરેલી ચળવળમાં તમે દુશ્મનો સાથે જેહાદ કર્યો. અલ્લાહતઆલા તમને તેનો ખૂબ વધારે અજર આપશે અને તમારા ગુનાહો પણ માફ કરી દેવામાં આવ્યા છે.

સુલેમાને પોતાની જવાબદારીને પૂરી કરી અને અલ્લાહે તેમની રૂહ કબ્ઝ કરીને અંબિયા,

શોહદા અને સાલેહીનની અરવાહ સાથે શામેલ કરી દીધી. પરંતુ તેમની સાથે રહીને તમે કામયાબ ન થઇ શકત. મારા પર તમને ભરોસો અને વિશ્વાસ છે. હું લશ્કરનો સેનાપતિ છું. હું ઝાલીમો અને અત્યાચારીઓને કતલ કરીશ અને દુશ્મનોથી બદલો લઈશ અને તેમની ધરપકડ કરીશ. તમે લોકો તૈયાર થઇ જાવ અને ખુશ થઇ જાવ કે હું તમને બશારત આપું છું. હું તમને અલ્લાહની કિતાબ, રસુલ(સલ.)ની સુન્નત અને એહલેબૈત(અલ.)ના લોહીનો બદલો, કમજોરોનું રક્ષણ અને દુશ્મનો સાથે જંગ કરવાની દાવત આપું છું. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાન-૨૧૧)

રૂફાઅહ બિન શદ્દાદ, મુસન્ના બિન મુખ્રીમા, સઅદ બિન હુઝૈફા, યઝીદ બિન અનસ, અહમર બિન શમીત, અબ્દુલ્લાહ બિન શદ્દાદ અને અબ્દુલ્લાહ બિન કામીલે મુખ્તારનો પત્ર વાંચ્યો

અને પછી બધાએ અબ્દુલ્લાહ બિન કામીલને તેમની સાથે મુલાકાત માટે જેલમાં મોકલ્યા અને તેમને સંદેશો મોકલાવ્યો કે અમે દરેક રીતે તમારી સાથે છીએ. જો તમે કહો તો અમે આવીએ અને તમને કૈદથી આઝાદ કરાવીએ.

જનાબે મુખ્તાર આ વાતથી ઘણાં જ ખુશ થયા અને કહ્યું: હું ટૂંક સમયમાં જ જેલથી બહાર આવી જઇશ. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાન-૨૧૧)

જનાબે મુખ્તારની જેલથી આઝાદી

જનાબે મુખ્તારે પોતાના ગુલામને મદીના મોકલ્યો અને અબ્દુલ્લાહ બિન ઉમર પાસે વિનંતી કરી કે કુફાના ગવર્નર અબ્દુલ્લાહ બિન યઝીદને ભલામણ કરી દો જેથી તેઓ મને આઝાદ કરી દે. તેમણે મને કોઇ પણ ગુનાહ વગર જેલમાં નાખી દીધો છે. અબ્દુલ્લાહ બિન ઉમરે કુફાના ગવર્નર અબ્દુલ્લાહ બિન યઝીદને આ વિષય પર પત્ર લખ્યો :

મુખ્તાર મારા સગા છે અને હું તમારો દોસ્ત છું. મારા અને તમારા દરમિયાન જે મૈત્રીપૂર્ણ સંબંધો છે તેને ધ્યાનમાં રાખીને મારી તમને નમ્ર વિનંતી છે કે મારો પત્ર વાંચીને મુખ્તારને આઝાદ કરી દો. (કુરસાનુલ હયજા, ભાગ ૨, પાના-૨૧૫, બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના- ૩૬૩)

અબ્દુલ્લાહ બિન યઝીદ અને ઇબ્રાહીમ બિન મુહમ્મદે અબ્દુલ્લાહ બિન ઉમરનો પત્ર વાંચ્યો અને મુખ્તારને બોલાવીને જેલથી આઝાદ કરી દીધા. પરંતુ તેમને કસમ ખવડાવી કે હુકૂમતની વિરૂદ્ધ કદમ નહીં ઉઠાવે અને જો તેનાથી વિરૂદ્ધ અમલ કરશે તો મક્કામાં તમારા હજાર ઊંટ નહર કરી નાખીશું અને તમારા બધા જ ગુલામો આઝાદ થઇ જશે.

જનાબે મુખ્તારે આઝાદ થઇ ગયા પછી કહ્યું : આ લોકો કેટલા મૂર્ખ અને અજ્ઞાન છે ! જ્યારે તે લોકોએ જોયું કે મેં કસમ ખાધી છે તો મને આઝાદ કરી દીધો. હવે મારા માટે યોગ્ય આ છે કે જે વસ્તુ કસમથી બેહતર છે તે હું કરૂં અને કસમનો કફ્ફારો આપી દઉં. આ લોકો એમ વિચારતા હતા કે જો તેઓ મારા હજાર ઊંટ નહર કરી નાખશે તો હું મુશ્કેલીમાં પડી જઈશ. જ્યારે કે મારી નજરમાં

હજાર ઊંટની કોઇ કીંમત નથી અને હું તેની કીંમત આપવાથી જરાય ગભરાતો નથી. હવે રહી વાત મારા ગુલામોને આઝાદ કરવાની તો તેના માટે આટલું જ કહેવું પૂરતું છે કે હું મારા મકસદમાં કામયાબ થઇ જાઉ તે વધારે જરૂરી છે ચાહે મારી પાસે એક પણ ગુલામ ન હોય. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના- ૩૬૪)

ત્યાર બાદ કુફાના શીઆઓ તેમની પાસે આવતા અને તેમની બયઅત કરતા હતા. એટલે સુધી કે લોકોમાં તેઓ મશહૂર થઈ ગયા અને તેમની એક પ્રતિષ્ઠા બની ગઇ અને મજબૂત બની ગયા. અબ્દુલ્લાહ બિન ઝુબૈરે અબ્દુલ્લાહ બિન યઝીદ અને ઇબ્રાહીમ બિન મુહમ્મદને પદભ્રષ્ટ કરી દીધા અને તેમની જગ્યાએ અબ્દુલ્લાહ બિન મુતીઅને કુફાના ગવર્નર બનાવી દીધા. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૧૯)

અબ્દુલ્લાહ બિન મુતીઅ

આ વ્યક્તિ ૨૫ રમઝાન, હિ.સ.૬૬ના કુફા પહોંચ્યો. અયાસ બિન મઝારીબને પોતાની પોલીસનો અધિકારી બનાવી દીધો અને તેને ભલામણ કરી કે મોમીનો સાથે નરમીથી વર્તાવ કરજે પરંતુ દુશ્મનો સાથે સખ્તીથી વ્યવહાર કરજે.

અબ્દુલ્લાહ બિન મુતીઅ મીમ્બર પર ગયો અને ખુત્બા દરમિયાન કહ્યું: અબ્દુલ્લાહ બિન ઝુબૈરે મને તમારો ગવર્નર બનાવ્યો છે. જેથી માલને ભેગો કરૂં અને ખર્ચ સિવાય વધારાનો માલ તમારી રજા વગર તમારા શહેરથી બહાર ન લઇ જાઉ અને ઉમર બિન ખત્તાબની વસીય્યત પર અમલ કરીશ અને ઉસ્માન બિન અફ્ફાનના જીવન ચરિત્ર પર અમલ કરીશ. તકવાવાળા બનો, વિવાદથી બચો, મૂર્ખાઓને ફીત્નો કરવાથી દૂર રાખો અને જો તમે

આ પ્રમાણે ન કર્યું તો તમારી જાતને જ ઠપકો આપજો, મને નહીં.

સાએબ બિન માલીક અશ્અરી (જનાબે મુખ્તારના સાથીઓના સરદારોમાંથી હતા) ઊભા થયા અને કહ્યું: માલ લઇ જવાની તો ક્યારેય અમે તને રજા નહીં આપીએ. તે અમારા જ દરમિયાન વહેંચાવો જોઇએ અને અમને ઉમર બિન ખત્તાબ અને ઉસ્માન બિન અફ્ફાનની સીરતની કોઈ જરૂર નથી. અમારા માટે માત્ર અલી ઇબ્ને અબી તાલીબ(અલ.)ની સીરત પૂરતી છે જેઓ છેલ્લા શ્વાસ સુધી અમારા દરમિયાન રહ્યા. અમે તેના સિવાય કોઇના જીવનચરિત્રને કબૂલ નહીં કરીએ.

યઝીદ બિન અનસ ઊભા થયા અને કહ્યું: સાએબની વાત સાચી છે.

અબ્દુલ્લાહ બિન મુતીએ કહ્યું: જેના જીવનચરિત્રને તમે પસંદ કરશો હું તેના પર અમલ

કરીશ. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૫, પાના-૨૧૨) અયાસ બિન મઝારીબે અબ્દુલ્લાહ બિન મુતીઅને કહ્યું: સાએબ બિન માલીક જનાબે મુખ્તારના સાથીઓના સરદારોમાંથી એક છે. તેમને મુખ્તાર પાસે મોકલો અને તેમને પોતાની પાસે બોલાવી લો. જ્યારે આવી જાય તો ધરપકડ કરીને જેલમાં નાખી દો. જેથી લોકો પર હુકૂમતનો સીક્કો બેસી જાય. કેમકે તે લોકોને ભેગા કરીને બળવો કરવા ચાહે છે.

જનાબે મુખ્તારની ધરપકડનું કાવતરૂ

વીસ હજારથી વધારે લોકો મુખ્તારની દાવત કબૂલ કરી ચૂક્યા હતા અને સંગઠિત થઇ ગયા હતા. તે લોકોમાં વધારે પડતા આલે હમદાન અને કુફામાં રહેનારા અજમી (બિન અરબ) હતા જેમનો લાલ રંગ હોવાના કારણે તેમને “હમરાઅ” કહેવામાં આવતું હતું. જ્યારે અબ્દુલ્લાહ બિન મુતીઅને આ વાતની ખબર મળી તો તેણે મુખ્તારને દરબારમાં હાજર કરવાનો હુકમ આપ્યો. (કુરસાનુલ હીજા, ભાગ ૨, પાના-૨૧૬)

ઇબ્ને મુતીએ ઝાઇદા બિન કીદામા અને હુસૈન બિન અબ્દુલ્લાહ બરસમીને મુખ્તાર પાસે મોકલ્યા. તેમણે કહ્યું: અમીરની વાતને માની લો.

જ્યારે મુખ્તાર ચાલવા માટે તૈયાર થઇ ગયા તો ઝાઇદા બિન કીદામાએ આ આયતની તિલાવત કરી :

وَإِذْ يَمْكُرُ بِكَ الَّذِينَ كَفَرُوا لِيُثْبِتُوكَ أَوْ يَقْتُلُوكَ أَوْ يُخْرِجُوكَ

"અય રસુલ! યાદ કરો તે સમયને જ્યારે કાફીરો ષડયંત્ર ઘડતા હતા કે તમને જેલમાં પૂરી દે અથવા કતલ કરી નાખે અથવા તમને શહેરથી બહાર કાઢી મૂકે." આ રીતે જનાબે મુખ્તારને ઇશારામાં આ વાત સમજાવી કે તમને દગો આપવામાં આવી રહ્યો છે અને તમારી ધરપકડની તૈયારી થઈ રહી છે. જનાબે મુખ્તારે પોતાના કપડા બદલાવ્યા અને ચાદર લપેટીને ધ્રૂજવા લાગ્યા અને કહ્યું: મારી તબીયત સારી નથી. તમે અમીર પાસે પાછા જાવ અને તેમને કહી દો કે મુખ્તાર બીમાર છે.

આ બંન્નેએ અબ્દુલ્લાહ બિન મુતીઅને મુખ્તારની હાલત વિશે ખબર આપી. ઇબ્ને મુતીએ જનાબે મુખ્તારને દરબારમાં બોલાવવાનો ઈરાદો બદલી નાખ્યો.

અબ્દુર્રહમાન બિન શુરૈહ

જનાબે મુખ્તારે પોતાના ઘરની આસપાસ પોતાના સમર્થકોને એકત્ર કર્યા અને મોહર્રમના મહીનામાં બળવો કરવા માંગતા હતા. એટલામાં શબામના (શબામ, હમદાન કબીલાનો જ એક ભાગ છે.) સાથીઓમાંથી એક પ્રતિષ્ઠિત વ્યક્તિ અબ્દુર્રહમાન બિન શુરૈહે, સઇદ બિન મુન્કીઝ, સઅર બિન અબી સઅર, અસવદ બિન જિરાદ અને કીદામા બિન માલીક જશઅમી સાથે મુલાકાત કરી અને કહ્યું: મુખ્તાર અમારી સાથે મળીને કુફામાં બળવો કરવા માંગે છે અને અમે નથી જાણતા કે તેઓ મુહમ્મદ બિન હનફીયાના પ્રતિનિધિ છે કે નથી. મારો મત આ છે કે આપણે મુહમ્મદ બિન હનફીયા પાસે જઇને તેમને મુખ્તારના ઇરાદાની જાણ કરવી જોઇએ. જો તેમણે આપણને મુખ્તારની

મદદ કરવાની રજા આપી દીધી તો આપણે તેમની મદદ કરીશું અને જો મનાઇ કરશે તો આપણે તેમને છોડીને અલગ થઇ જઇશું. કેમ કે અમારી નજરમાં દીનને બચાવવું સૌથી વધારે મહત્ત્વનું છે. તેમણે એમની વાત કબૂલ કરી લીધી. (કામિલ ઇબ્ને અસીર, ભાગ ૨, પાના-૨૧૩)

તે વખતે કુફામાં મોટા ભાગે કૈસાની શીઆ હતા. જે મુહમ્મદ બિન હનફીયાને ઇમામ માનતા હતા. ઘણાં બધા ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ને ઇમામ માનતા હતા. પરંતુ હથિયાર અને ટેક્સ ઇબ્ને ઝુબૈર અને બની ઉમય્યા પાસે હતા. (ફુરસાનુલ હીજા, ભાગ ૨, પાના-૨૧૬)

જનાબે મુહમ્મદ બિન હનફીયા સાથે મુલાકાત

આ લોકો મદીના તરફ નીકળ્યા અને મુહમ્મદ બિન હનફીયા પાસે મક્કા પહોંચ્યા. તેમના પ્રતિનિધિ અબ્દુર્રહમાન બિન શુરૈહ હતા. અસ્વદ બિન જીરાદ કહે છે: અમે મુહમ્મદ બિન હનફીયાને કહ્યું: અમને તમારૂં એક કામ છે.

મુહમ્મદ બિન હનફીયાએ પૂછ્યું : શું કોઇ ખાનગી કામ છે?

અમે કહ્યું: હા, ખાનગી કામ છે.

તેમણે કહ્યું: બસ થોડી રાહ જુઓ. થોડીવાર પછી મજલીસથી ઊભા થયા અને એકાંતમાં જઇને બેસી ગયા. અમને પણ ત્યાં જ બોલાવ્યા. અમે તેમની પાસે ગયા. અબ્દુલ્લાહ બિન શુરૈહે વાતચીત શરૂ કરી. અલ્લાહના વખાણ પછી મુહમ્મદ બિન હનફીયાને સંબોધીને કહ્યું: તમે એહલેબૈત(અલ.)ને

અલ્લાહતઆલાએ ફઝીલત અતા કરી છે અને શ્રેષ્ઠતા આપી છે. તમને નબુવ્વત દ્વારા સન્માન આપ્યું છે અને આ ઉમ્મત પર આપનો મોટો હક છે. જેણે આપનો હક ન ઓળખ્યો તે નુકસાનમાં છે. ઈમામ હુસૈન(અલ.)ના મસાએબ ખાસ કરીને તમારા ખાનદાન માટે અને બધા મુસલમાનો માટે સહન કરવા અશક્ય છે. મુખ્તાર અમારી પાસે આવ્યા અને તેઓ દાવો કરે છે કે તમે તેમને રજા આપી છે કે તેઓ અલ્લાહની કીતાબ અને સુન્નતે રસુલ(સલ.)તથા એહલેબૈત(અલ.)ના લોહીનો બદલો લેવા માટે અને કમજોરોની સુરક્ષા માટે દાવત આપે. આ વાતોને ધ્યાનમાં રાખીને અમે તેમની બયઅત કરી છે. પછી અમે આ વિચાર્યું કે તમારી પાસે જ તેની ખાતરી કરી લઈએ. હવે જો તમે રજા આપો તો અમે તેમની પેરવી અને મદદ

કરીએ અને જો મનાઇ કરો તો તેમનાથી અલગ થઇ જઇએ.

ત્યાર બાદ તેમનામાંથી દરેકે પોતાના વિચારોને રજૂ કર્યા. જનાબે મુહમ્મદ બિન હનફીયાએ તેને સાંભળ્યા પછી કહ્યું :

અલ્લાહની હમ્દ બાદ જણાવવાનું કે તમે જે કહ્યું કે અલ્લાહે અમને શ્રેષ્ઠતા આપી છે અને અલ્લાહ જેને ચાહે છે તેને ફઝીલત આપે છે કે તે ઘણો જ કરીમ છે. તો આ બાબત પર હું અલ્લાહનો શુક્ર અદા કરૂં છું. હવે રહી આ વાત કે ઇમામ હુસૈન(અલ.)ની શહાદતની મુસીબત અમારા પર આવી છે તો ઈમામ હુસૈન(અલ.)ના મસાએબ અલ્લાહની કિતાબમાં હતા અને આપની શહાદત તકદીરમાં લખાએલી હતી. આ એક ઇઝ્ઝત અને ગર્વની બાબત હતી કે જેનાથી અલ્લાહતઆલાએ તેમને સન્માનિત કર્યા અને અલ્લાહતઆલા પરીક્ષા દ્વારા અમુક લોકોના દરજ્જાને બુલંદ કરે છે અને અમુકના દરજ્જાને પસ્ત કરે છે. અલ્લાહનો નિર્ણય

નિશ્ચિત છે અને તેમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર થઇ શકતો નથી.

હા, જેણે તમને અમારા લોહીનો બદલો લેવાની દાવત આપી છે તો અલ્લાહની કસમ મને આ વાત પસંદ છે કે અલ્લાહ પોતાની મખ્લૂકમાંથી જેના દ્વારા ચાહે અમારા દુશ્મનોથી બદલો લે. મારો અભિપ્રાય આ મુજબ છે. હું અલ્લાહ પાસે મારા અને તમારા માટે મગફેરત ચાહુ છું.

અસ્વદ બિન જિરાદ કહે છે: અમે ત્યાંથી બહાર નીકળ્યા અને કહ્યું: મુહમ્મદ બિન હનફીયાએ અમને રજા આપી દીધી છે અને જો તેઓ મુખ્તારથી રાજી ન હોત તો આપણને તેની મદદ કરવાની મનાઈ કરી દેત. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૧૯)

પ્રકરણ : ૪૪

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)થી રજા માંગવી

ઇબ્ને નુમાએ વર્ણન કર્યું છે કે મુહમ્મદ બિન હનફીયાએ કહ્યું: મારી સાથે આવો હું તમને મારા ભત્રીજા પાસે લઇ જાઉં છું કે તેઓ મારા અને તમારા ઇમામ છે. આ લોકો ઇમામની સેવામાં પહોંચ્યા અને પોતાનો મકસદ બયાન કર્યો. ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું: કાકા, અમારો બદલો લેવા માટે કોઇ હબશી ગુલામ પણ ઊભો થાય તો પણ લોકો પર તેની મદદ કરવી વાજીબ છે. આ કામ હું તમને સોંપું છું. જે તમને યોગ્ય લાગે તેને સોંપી દો.

આ લોકોએ આપની વાત સાંભળી અને જ્યારે બહાર નીકળ્યા ત્યારે આપસમાં કહેવા

લાગ્યા: ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)અને મુહમ્મદ બિન હનફીયાએ અમને મુખ્તારની ઇતાઅત અને મદદ કરવાની રજા આપી દીધી છે. હવે તેનાથી આંખ આડા કાન ન કરવા જોઇએ. (બિહારૂલ અન્વાર,ભાગ ૪૫,૩૬૫)

કુફા પાછા ફરવું

જ્યારે જનાબે મુખ્તારને ખબર પડી કે આ લોકો મદીના ગયા છે તો તેમને અફસોસ થયો કે એવું ન બને મુહમ્મદ બિન હનફીયાએ તેમને રજા ન આપી હોય અને આ લોકો પાછા ફરીને કુફાના શીઆઓને મારાથી શંકાશીલ બનાવી દે.

તેઓ જ્યારે કુફા પાછા આવ્યા તો પહેલા પોતાના ઘરે જવાના બદલે જનાબે મુખ્તારની પાસે ગયા. મુખ્તારે પૂછ્યું : શું ખબર લાવ્યા છો ? તેમણે જવાબ આપ્યો કે અમને તમારી મદદ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. આ વાત પર જનાબે મુખ્તારે તકબીર કહી અને કહ્યું: કુફાના શીઆઓને મારી પાસે લાવો. તેમના કહેવાથી એક સમૂહ તેમની પાસે આવ્યું. જનાબે મુખ્તારે તેમને કહ્યું: અમુક લોકો મદીના મુહમ્મદ બિન હનફીયા પાસે

ગયા હતા. તેમણે એમને કહ્યું છે કે મુખ્તાર મારા પ્રતિનિધિ અને વઝીર છે અને હુકમ પણ કર્યો કે જે વસ્તુની હું તમને દાવત આપું તેમાં મારી પેરવી અને મારા હુકમનું પાલન કરો. મારી દાવત દુશ્મનોથી જંગ અને એહલેબૈત(અલ.)ના લોહીનો બદલો છે.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૧૪)

અબ્દુલ્લાહ બિન શુરૈહનું સમર્થન

જ્યારે મુખ્તાર આ કહી ચુકયા તો મદીનામાં મુહમ્મદ બિન હનફીયા પાસે જનારા પ્રતિનિધિ મંડળના રહેબર અબ્દુર્રહમાન બિન શુરૈહ ઊભા થયા અને મુખ્તારની વાતોને સમર્થન આપ્યું અને કહ્યું:

અમે ચાહતા હતા કે અમારા પર અને બધા જ લોકો પર હકીકત સ્પષ્ટ થઇ જાય. એટલા માટે અમે મદીનામાં "મેહદી મુહમ્મદ હનફીયા" ઇબ્ને અલી(અલ.)ની પાસે ગયા અને તેમની પાસે આ બાબતો અને આ વસ્તુઓ વિશે પ્રશ્ન કર્યો જેના તરફ મુખ્તારે અમને દાવત આપી હતી. તેમણે અમને તેમની મદદ અને તેમના મકસદમાં જેહાદ કરવાનો હુકમ આપ્યો છે એવી જ રીતે તેમની પેરવીનો હુકમ પણ આપ્યો છે. અમે ઇત્મીનાન અને ખુશી

સાથે પાછા આવ્યા છીએ. હવે દીલમાંથી દરેક પ્રકારની શંકા, સવાલો અને ખચકાટ દૂર થઈ ગયા છે. હવે આપણે સમજીને અને દૂરંદેશીથી દુશ્મનો સાથે જેહાદ કરીશું. જેઓ હાજર છે તેઓ ગેરહાજર લોકોને ખબર પહોંચાડી દે જેથી તેઓ પણ તૈયાર થઇ જાય.

અબ્દુર્રેહમાનના આ પ્રવચન પછી ત્યાં હાજર રહેલા લોકો એક પછી એક ઊભા થયા અને અબ્દુર્રેહમાનની જેમ જનાબે મુખ્તારની ચળવળ અને તેમની દાવતને સમર્થન આપ્યું.

(તારીખે તબરી, ભાગ ૮, પાના-૬૦૮)

મુખ્તારના ચાહકોમાંથી અમુકે તેમને કહ્યું: કુફાના અમુક અગ્રણીઓ અબ્દુલ્લાહ બિન મુતીઅ (અબ્દુલ્લાહ બિન ઝુબૈર તરફથી કુફાનો ગર્વનર) સાથે થઇને તમારી સાથે યુદ્ધ લડવાનો નિર્ણય લીધો છે. જો માલીકે અશ્તરના ફરઝંદ ઇબ્રાહીમ આપણી સાથે થઇ જાય તો ઉમેદ છે કે અલ્લાહના લુત્ફથી આપણે દુશ્મન પર વિજય મેળવી લઇશું. કેમ કે તેઓ બહાદુર અને હિંમતવાન પિતાના દીકરા છે અને તેમનું ખાનદાન પણ મોટું છે અને લોકો પર તેમનો સારો પ્રભાવ અને ડર છે.

જનાબે મુખ્તારે કહ્યું: તમે બધા ઇબ્રાહીમ સાથે મુલાકાત કરીને તેમને આ ચળવળ માટે દાવત આપો. તેઓ ઇબ્રાહીમ પાસે ગયા અને તેમને પરિસ્થિતિથી વાકેફ કર્યા. તેમની પાસે

ઈમામ હુસૈન(અલ.)ના લોહીનો બદલો લેવા માટે મદદ માંગી અને કહ્યું: તમારા પિતાજી માલીકે અશ્તર અલી(અલ.)અને એહલેબૈત(અલ.)ના મોહીબ હતા.

ઇબ્રાહીમે કહ્યું : ઈમામ હુસૈન(અલ.) અને એહલેબૈત(અલ.)ના લોહીનો બદલો લેવાની તમારી દાવતને હું આ શરત પર સ્વીકારૂં છું કે હું તમારો સરદાર રહીશ.

તેમણે કહ્યું: તમારામાં અમીર બનવાની લાયકાત છે. પરંતુ આ વસ્તુ શક્ય નથી. કેમકે મુખ્તાર મેહદી મુહમ્મદ હનફીયા તરફથી નિમણુક થયા છે અને તેમને જંગ અને લડાઇ માટે નક્કી કરવામાં આવ્યા છે અને અમને તેમની ઇતાઅત કરવાનો હુકમ આપવામાં આવ્યો છે.

ઇબ્રાહીમ ચૂપ રહ્યા અને કાંઇ જવાબ ન આપ્યો. તેઓ મુખ્તાર પાસે પાછા આવ્યા અને

બધી વિગત જણાવી. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના ૨૧૫) આવી જ રીતે ત્રણ દિવસ પસાર થઇ ગયા. પછી મુખ્તાર પોતાના અમુક દોસ્તો સાથે અને શઅબી પોતાના વાલીદ સાથે ઇબ્રાહીમ પાસે ગયા.

ઇબ્રાહીમે મુખ્તારને ઊંચી જગ્યા પર બેસાડયા અને પોતે નીચે બેઠા.

મુખ્તારે કહ્યું : આ મેહદી મુહમ્મદ બિન અલી અમીરૂલ મુઅમેનીનનો પત્ર છે જે અલ્લાહના નબીઓ અને તેના રસુલો પછી શ્રેષ્ઠ ઈન્સાન છે. તેમણે તમારી પાસે માંગણી કરી છે કે તમે મારી મદદ કરો. જો મારી મદદ કરશો તો ફાયદામાં રહેશો અને જો કબૂલ નહીં કરો તો આ પત્ર તમારા ઉપર હુજ્જત છે અને અલ્લાહ, રસુલ અને એહલેબૈત(અલ.) બધાથી બેનિયાઝ છે.

મુખ્તારે પત્ર શઅબીને આપ્યો હતો. જ્યારે વાતચીત પૂરી થઇ તો શઅબીએ તે પત્ર ઇબ્રાહીમને આપી દીધો. ઈબ્રાહીમે પત્ર ખોલ્યો. પત્ર લાંબો હતો. તેમાં લખ્યું હતું :

بسم الله الرحمن الرحيم

આ પત્ર મુહમ્મદ અલ મેહદી તરફથી ઇબ્રાહીમ બિન અશ્તરના નામે છે.

સલામુન અલયકુમ. હું મુખ્તારને તમારી પાસે મોકલી રહ્યો છું. મેં તેમને નિમણુક કરીને હુકમ કર્યો છે કે દુશ્મનો સાથે જંગ કરો અને તેમની પાસેથી મારા એહલેબૈત(અલ.)ના લોહીનો બદલો લો. એટલા માટે તમે પોતાના કુટુંબ સાથે તેમની મદદ કરો.

પત્રના અંતમાં ઇબ્રાહીમને જનાબે મુખ્તારની મદદ અને સહાય માટે પ્રોત્સાહન

આપવામાં આવ્યું હતું. ઇબ્રાહીમે પત્ર વાંચીને મુખ્તારને કહ્યું: મુહમ્મદ બિન હનફીયા હંમેશા મને પત્ર લખતા હતા. પોતાનું અને પોતાના વાલિદનું નામ લખતા હતા અને આ પત્રમાં તો મુહમ્મદ અલમેહદી લખ્યું છે.

મુખ્તારે કહ્યું: આ તે સમયની વાત હતી. આજે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે અને આજની પરિસ્થિતિ પ્રમાણે આ પત્ર લખ્યો છે.

ઇબ્રાહીમે કહ્યું: કોને ખબર છે કે ખરેખર મુહમ્મદ બિન હનફીયાનો પત્ર મારા નામે આવ્યો છે ? ત્યારે યઝીદ બિન અનસ, અહમર બિન સકીત અને અબ્દુલ્લાહ બિન કામીલ અને બીજા લોકોએ ગવાહી આપી કે આ પત્ર મુહમ્મદ બિન હનફીયાએ તમારા નામે લખ્યો છે. શઅબીએ કહ્યું: પરંતુ મને અને મારા પિતાને આ વિશે ખબર નથી.

(બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના ૩૬૬)

ઈબ્રાહીમનું બયઅત કરવું

શઅબી કહે છે : તે લોકોની ગવાહી પછી કે તેમાં હું અને મારા વાલીદ સામેલ ન હતા, ઇબ્રાહીમ ઊભા થયા અને જનાબે મુખ્તારને મજલીસમાં ઊંચી જગ્યાએ બેસાડયા અને તેમને કહ્યું: તમારો હાથ લાંબો કરો જેથી હું તમારી બયઅત કરૂં. પછી જુદા જુદા પ્રકારના ફળો અને મધનું શરબત મંગાવ્યું. અમે ફળો ખાધા અને શરબત પીધું. ત્યાર બાદ ઊભા થયા. ઇબ્રાહીમ પણ અમારી સાથે આવ્યા. જનાબે મુખ્તાર સવાર થયા. ઇબ્રાહીમે તેમની બયઅત કરી અને તેમને ઘર સુધી પહોંચાડીને ગયા.

શઅબી કહે છે: ઇબ્રાહીમે પાછા ફરતા સમયે મારો હાથ પકડયો અને કહ્યું કે મારી સાથે ચાલો. તેમની સાથે પાછો ફર્યો અને તેમના ઘરે

આવ્યો તો તેમણે મને કહ્યું: શું બાબત છે કે તમે અને તમારા પિતાએ આ પત્રના સાચા હોવાની ગવાહી નથી આપી ? શું તમને યકીન છે કે તેમણે ખોટી ગવાહી આપી છે ? મેં કહ્યું: જેમણે ગવાહી આપી છે તેઓ કારીઓના સરદાર, કુફાના અગ્રણી અને અરબના સવાર છે. તેઓ સાચું કહે છે.

ઇબ્રાહીમે કહ્યું: મેં આ વાત કહી કે હું મુખ્તારનો સાથ આપીશ અને તેમની બયઅત કરી. પરંતુ હું આ સમૂહની આ વાતને કબૂલ નથી કરતો કે મોહમ્મદ બિન હનફીયાએ મારા નામે કોઈ પત્ર લખ્યો છે. હા, મારો પણ આ જ મત છે જે આ સમૂહનો મત છે. એટલે કે હું પણ આ સમૂહ સાથે ઈમામ હુસૈન(અલ.)ના ખૂનનો બદલો લેવા ચાહું છું. હું પણ તેમની સાથે બળવો કરવા માંગુ છું અને જ્યાં સુધી આ કીસ્સો પૂરો નથી થતો ત્યાં સુધી હું મારા દીલની વાત બયાન નહીં કરું.

ઇબ્રાહીમે કહ્યું: મને આ જૂથનું નામ લખીને આપો. કેમ કે હું તેમને નથી ઓળખતો. મેં કહ્યું :

بسم الله الرحمن الرحيم

આ તે વસ્તુ છે જેના પર સાએબ બિન માલીક, યઝીદ બિન અનસ, અહમર બિન શમીત અને માલીક બિન ઔફ આ લોકો ગવાહી આપે છે કે મુહમ્મદ હનફીયા બિન અલી(અલ.)એ ઇબ્રાહીમ બિન અશ્તરને પત્ર લખ્યો છે અને તેમને જનાબે મુખ્તારની મદદ કરવાનો અને તેમની સાથે બળવો કરવાનું કહ્યું છે કે તમે દુશ્મનો સાથે જંગ કરો અને એહલેબૈત(અલ.)ના લોહીનો બદલો લો. પરંતુ આ સમૂહની વિરૂદ્ધ શરાહીલ બિન અબ્દુલ્લાહ, અબુ આમીર શઅબી, અબ્દુર્રહમાન બિન અબ્દુલ્લાહ અને અમ્માર બિન શરાહીલે ગવાહી આપી છે કે આ પત્ર મોહમ્મદ બિન હનફીયાનો નથી.

મેં કહ્યું: તમે શા માટે આ લોકોના નામ માંગો છો?

તેમણે કહ્યું: તમે આ વાત રહેવા દો. તેમના નામનું લીસ્ટ મારી પાસે રહેશે.

પછી ઇબ્રાહીમ પોતાના કુટુંબીજનોને બોલાવતા અને દરેક રાતે જનાબે મુખ્તાર પાસે જતા હતા અને મોડી રાત સુધી તેમની પાસે બેસતા હતા અને તે સમયે આ ચળવળ વિશે સલાહ મશવેરો કરતા હતા. એટલે સુધી કે બંનેમાં આ વાત નક્કી થઈ કે બળવો કરવામાં આવે. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૨૪)

જનાબે મુખ્તારનો બળવો

મદાઇનીએ વર્ણન કર્યું છે કે જનાબે મુખ્તાર બિન અબી ઉબૈદાએ બુધવારની રાતે ૧૫ રબીઉલ આખર, હિ.સ.૬૬ના કુફામાં બળવો કર્યો (મસ્કુયા રાઝીએ લખ્યું છે કે જનાબે મુખ્તાર ગરૂવારની રાત્રે ૧૦ રબીઉલ અવ્વલ, હિ.સ.૬૬ના બળવો કર્યો. તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૨૫) અને લોકોએ ચાર વસ્તુઓ પર તેમની બયઅત કરી.

(૧) અલ્લાહની કિતાબ

(૨) સુન્નતે રસુલુલ્લાહ(સલ.)

(૩) હુસૈન(અલ.) અને અહલેબૈત(અલ.) ના લોહીનો બદલો

(૪) કમજોરોની હિફાઝત

આ વિષય પર કવિ કહે છે :

وَلَمَّا دَعَا الْمُخْتَارُ جِئْنَا لِنَصْرِهِ

عَلَى الْخَيْرِ تَرْدِى مِنْ كُمَيْتٍ وَاَشْقَرَا

دَعَا يَا لِثَارَاتِ الْحُسَيْنِ فَاَقْبَلَتْ

تُعَادِي بِفُرْسَانِ الصَّبَاحِ لِتَثْأَرَا

જનાબે મુખ્તારે અમને મદદ માટે બોલાવ્યા તો અમે આવી ગયા. જ્યારે કે અમે સફેદ, કાળા અને લાલ રંગના ઘોડા પર સવાર હતા. તેઓ યા લસારાતીલ હુસૈનનો નારો પોકારીને આગળ વધ્યા. જેથી પ્રભાતના સવારો સાથે બદલો લેવા માટે જંગ કરે.

(બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૩૩)

અયાસ બિન મઝારીબ

અયાસ બિન મઝારીબ(અબ્દુલ્લાહ બિન મુતીઅનો પોલીસનો અધિકારી હતો) અબ્દુલ્લાહ બિન મુતીઅ પાસે આવ્યો અને કહ્યું: જનાબે મુખ્તાર આજે રાતે અથવા કાલે રાતે બળવો કરશે. મેં મારા દિકરા કીનાસાને કૂફાના “મઝ્બલા” (ઉકરડો) પાસે મોકલ્યો છે. તમે કુફામાં દરેક જગ્યાએ તમારા માણસો મોકલી દો જેથી મુખ્તારના સહાયકોમાં ડર ફેલાઈ જાય અને તેઓ હુકૂમત વિરૂદ્ધ બળવો ન કરે.

અયાસ પોતાના સૈનિકો સાથે બહાર નીકળ્યો અને અબ્દુલ્લાહ બિન મુતીએ અબ્દુર્રહમાન બિન સઇદ બિન કૈસને બોલાવીને કહ્યું: તમે તમારા કબીલા પર ધ્યાન રાખજો જેથી તેઓ બળવો ન કરે. બીજા અમુક લોકોને કહ્યું તમે તમારા કબીલાઓ પ્રત્યે ચેતીને રહેજો અને જનાબે મુખ્તાર

સાથે બળવો કરવાથી રોકજો. શીસ બિન રબઇને સબ્બા મોકલ્યો અને તેને કહ્યું: મુખ્તાર અને તેમના સાથીઓની અવાજ સાંભળતા જ તેના તરફ નીકળી જજો.

૧૨ રબીઉલ અવ્વલ, સોમવારના દિવસે સૈનિકો અને ફોજીઓની ટુક્ડીઓ "જબાબીન"માં ભેગી થઇ ગઇ. ("જબાબીન" જબ્બાનાનું બહુવચન છે જેનો અર્થ કબ્રસ્તાન છે. રણ અને જાજમના અર્થમાં પણ આવ્યુ છે.) સૂર્યાસ્ત પછી ઇબ્રાહીમ બિન અશ્તર પોતાના ઘરેથી નીકળીને જનાબે મુખ્તાર પાસે જવા માંગતા હતા. તેમને કહેવામાં આવ્યું કે દુશ્મનની ફોજી ટુકડીઓ આખા શહેરમાં ગલી અને બજારમાં તથા મહેલની આસપાસ ફેલાયેલી છે.

હમીદ બિન મુસ્લીમ જે ઇબ્રાહીમ બિન માલીક અશ્તરના દોસ્ત હતા અને દરેક રાત્રે

જનાબે મુખ્તાર પાસે જતા હતા તે કહે છે: હું મંગળવારની રાતે સુર્યાસ્ત પછી ઇબ્રાહીમના ઘરેથી તેમની સાથે બહાર નીકળ્યો. ઇબ્રાહીમ સાથે અમે લગભગ ૧૦૦ માણસો હતા. તલવાર કમર પર લટકાવેલી હતી. તે સિવાય અમારી પાસે બીજું કોઇ હથિયાર ન હતું.

મેં ઇબ્રાહીમને કહ્યું: તમે બજારના રસ્તાથી ન જાવ. કેમ કે બજારને ઇબ્ને મુતીઅના સૈન્યએ ઘેરી લીધું છે. બહેતર એ છે કે આપણે ગલીઓ અને બજલાના મોહલ્લાથી જનાબે મુખ્તારના ઘરે જઇએ. જેથી ઇબ્ને મુતીઅના સૈન્ય સાથે ટકરાવ ના થાય.

ઇબ્રાહીમ કે જેઓ ઘણા જ બહાદુર અને નિડર જવાન હતા અને તેમને જંગ થવાથી જરાય બીક નહોતી લાગતી તેમણે કહ્યું: અલ્લાહની કસમ ! હું અમ્ર બિન હરીસના ઘરની સામેથી અને બજાર અને મહેલ તરફથી તલવારોની વચમાંથી જઇશ.

જેથી દુશ્મનના દીલમાં ડર બેસી જાય અને તેઓ સમજી જાય કે અમારી નજરમાં તેમની કોઇ હેસીયત નથી.

ત્યાર બાદ તેઓ બાબુલ ફીલના રસ્તાથી પસાર થયા (બાબુલ ફીલ મસ્જિદે કુફાના એક દરવાજાનું નામ છે.) અને ઉમ્ર બિન હરીસના ઘર પાસે પહોંચ્યા. ત્યાંથી આગળ વધ્યા તો અયાસ બિન મઝારિબ અને તેના હથિયારોથી સજ્જ સૈન્યનો સામનો થયો. અયાસે પૂછ્યું : તમે કોણ છો?

ઇબ્રાહીમે કહ્યું : હું માલીકે અશ્તરનો દીકરો છું.

અયાસે પૂછયું: તમારી સાથે આ કોણ લોકો છે અને તમારો શું ઇરાદો છે ? કેમકે મને તમારા પ્રત્યે શક છે. મને ખબર મળી છે કે તમે રોજ રાત્રે અહીંથી પસાર થાવ છો. એટલા માટે તમને

હાકીમની સામે હાજર કરૂં જેથી તે તમારા વિશે ફેંસલો સંભળાવે.

ઇબ્રાહીમે કહ્યું: રસ્તો છોડો તો અમે જઇએ.

અયાસે કહ્યું: અલ્લાહની કસમ હું રસ્તો નહીં છોડું.

અયાસ સાથે હમદાન કબીલાનો એક માણસ હતો જેને લોકો અબુ કતન કહેતા હતા. તેની સેનાપતિઓ સાથે દોસ્તી હતી. સેનાપતિઓ પણ તેને માન આપતા હતા. આ માણસ ઇબ્રાહીમ બિન અશ્તરનો દોસ્ત હતો. ઇબ્રાહીમે તેને પોતાની પાસે બોલાવ્યો. તેની પાસે એક લાંબો ભાલો હતો. અયાસે વિચાર્યું કે ઈબ્રાહીમ જરૂર તેના દોસ્ત દ્વારા ભલામણ કરાવશે. ઇબ્રાહીમ બિન અશ્તરે તેની પાસેથી ભાલો લઇને કહ્યું કે તારો ભાલો લાંબો છે. પછી તે ભાલાથી અયાસ બિન મઝારબી પર હુમલો કર્યો અને ભાલો તેના ગળામાં મારીને તેને જમીન

પર ફેંકી દીધો અને પોતાના એક સાથીને કહ્યું: ઘોડા પરથી ઊતરો અને તેનું સર જુદા કરી લો. તેણે ઊતરીને તેનું ગળું કાપી નાખ્યું.

અયાસ બિન મઝારીબના માણસો વિખેરાઈ ગયા અને ઇબ્ને મુતીઅ પાસે પહોંચ્યા. તેને આખો કીસ્સો બયાન કર્યો. તેણે અયાસ બિન મઝારીબના દીકરાને ફોજીઓનો સરદાર બનાવી દીધો.

ઇબ્રાહીમ જનાબે મુખ્તારના ઘરે પહોંચ્યા અને તેમની સાથે મુલાકાત કરીને કહ્યું: આપણે નક્કી કર્યું હતું કે ગુરૂવારની રાતે બળવો કરીશું. પરંતુ એક કીસ્સો એવો બન્યો કે જેના કારણે આજે રાત્રે જ બળવો કરવો પડશે.

જનાબે મુખ્તારે કહ્યું: શું થયું ?

ઇબ્રાહીમે જવાબ આપ્યો: અયાસ બિન મઝારીબે અમારો રસ્તો બંધ કરી દીધો હતો અને તે પોતાના વિચારોમાં અમારી ધરપકડ કરવા માંગતો

હતો. તેથી મેં તેને કતલ કરી નાખ્યો અને તેનું સર દરવાજા પર મારા સાથીઓ પાસે છે.

જનાબે મુખ્તારે કહ્યું: અલ્લાહ તમને સારી ખુશખબર આપે. આપણી જીતનું આ પહેલું પગલું છે. ઇન્શાઅલ્લાહ કામયાબી તમારી સાથે છે. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૨૫)

પ્રકરણ : ૪૫

બળવાનો હુકમ

જનાબે મુખ્તારે સઇદ બિન મુન્કીઝને કહ્યું: અગાશી પર જઇને આગ સળગાવો અને અબ્દુલ્લાહ બિન શદ્દાદને કહ્યું કે તમે કુફામાં 'યા મન્સુરો ઉમ્મત'નો નારો પોકારો. તેનાથી સાથીઓ અને મદદગારો ભેગા થઇ જશે અને સુફ્યાન બિન લૈલા અને કિદામા બિન માલીકને કહ્યું: તમે 'યા લસારાતીલ હુસૈન' નો નારો લગાવો. પછી જનાબે મુખ્તારે હથિયારો તૈયાર કર્યા. ઇબ્રાહીમે તેમને કહ્યું: અબ્દુલ્લાહ બિન મુતીઅનું સૈન્ય કુફામાં તૈનાત થઇ ગયું છે. શક્ય છે અમારી બયઅત કરવાવાળા અમારા સુધી ન પહોંચી શકે. પરંતુ હું મારા સાથીઓ સાથે કુફાની આસપાસ જાઉં છું અને તેમને મારા નારાથી બોલાવીશ અને ભેગા કરીને તમારી

પાસે લાવીશ. જેઓ અહીં આવી જાય તેઓ અહીં જ રહે. તેથી જો ઇબ્ને મુતીઅના સૈનિકો તમારા પર હુમલો કરે તો તેઓ તેમના હુમલાને રોકે.

જનાબે મુખ્તારે કહ્યું: જલ્દી કરો પરંતુ તેમના અમીર તરફ ન જશો અને ન તેમની સાથે જંગ કરજો. શક્ય એટલું જંગથી બચવાની કોશીષ કરજો. સિવાય કે તેઓ જંગ માટે પોતે પહેલ કરે.

ઝહર બિન કૈસની ફૌજ પર હુમલો

ઇબ્રાહીમ અને તેના ફોજીઓ બહાર નીકળ્યા અને પોતાની જગ્યા સુધી પહોંચી ગયા. તેમના ચાહકો જે ત્યાં હતા બધા તેમની પાસે એકત્ર થઇ ગયા અને તેમની સાથે રાત સુધી શહેરની ગલીઓમાં ચાલતા ફરતા રહ્યા અને જે વિસ્તારમાં ઇબ્ને મુતીઅના સૈનિકો તૈનાત હતા તેમનાથી બચતા રહ્યા. આ રીતે “મસ્જીદે સુકુન” સુધી પહોંચી ગયા. ત્યાં ઝહર બિન કૈસના સૈન્યની એક ટુકડી કે જેનો કોઇ સેનાપતિ ન હતો ત્યાં હતી. ઇબ્રાહીમે તેના પર હુમલો કર્યો અને તેમને કુન્દાના મેદાન તરફ પાછળ ધકેલી દીધા અને તેમનો પીછો કરતા કહ્યું: અય અલ્લાહ ! તું જાણે છે કે અમે તારા રસુલ(સલ.)ના એહલેબૈત(અલ.)માટે બળવો કર્યો છે. તેથી તું અમને તેમના પર વિજય આપ.

સુવૈદ બિન અબ્દુર્રહમાન

આ લોકોને (ઝહર બિન કૈસની ફૌજને) કુન્દાના મેદાન સુધી પાછળ ધકેલી દીધા પછી ઇબ્રાહીમ ઊભા થયા અને પોતાના નારાથી તેમને બોલાવ્યા. જ્યારે સુવૈદ બિન અબ્દુર્રહમાન (ઇબ્ને મુતીઅના સેનાપતિ)ને પરિસ્થિતિની જાણ થઇ તો તે ઇબ્રાહીમ અને તેના સૈનિકો તરફ આવ્યો. તે વિચારતો હતો કે ઈબ્રાહીમ અને તેના સૈનિકોનો ખાતેમો બોલાવી દેશે અને તેના કારણે ઇબ્ને મુતીઅ પાસે તેનું માન વધી જશે. ઇબ્રાહીમે પોતાના સાથીઓને કહ્યું: અય અલ્લાહના ફોજીઓ ! તમારી સવારીઓથી ઊતરી જાવ! આ ફાસીકો જેમણે એહલેબૈત રસુલ(સલ.)નું ખૂન વહાવ્યું છે તેમનો મુકાબલો કરો. ઈન્શાઅલ્લાહ સફળતા તમારા પગલા ચૂમશે.

ઇબ્રાહીમના સાથીઓ સવારીઓથી ઊતર્યા અને તેમણે સુવૈદ બિન અબ્દુર્રહમાનના સૈનિકો પર હુમલો કર્યો અને તેમને હરાવીને કિનાસા સુધી પાછા ધકેલી દીધા. ઇબ્રાહીમના સાથીઓએ કહ્યું: બેહતર છે કે આપણે તેમનો પીછો કરીએ. ઇબ્રાહીમે કહ્યું: આપણે જનાબે મુખ્તાર પાસે જઇને તેમની મદદ કરવી જોઇએ. કેમકે જ્યારે તેમને અને તેમના સાથીઓને આ ખબર મળશે કે આપણે તેમની મદદ કરી રહ્યા છે તો તેનાથી તેમની હિંમત વધી જશે અને શક્ય છે કે કોઇ સમૂહ જનાબે મુખ્તાર સાથે જંગ કરી રહ્યું હોય. (કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૧૮)

ઈબ્રાહીમ અને તેમના સાથીઓ જનાબે મુખ્તારના ઘરની નજીક આવી રહ્યા હતા. ત્યાં તેમણે તે સમૂહનો નારો સાંભળ્યો જે ત્યાં જંગ માટે એકત્ર થયો હતો અને જંગમાં વ્યસ્ત હતો. શીસ

બિન રબીઇ સબ્બા તરફથી આવી ગયો હતો. જનાબે મુખ્તારે યઝીદ બિન અનસને તેનો મુકાબલો કરવા માટે નક્કી કર્યો હતો. બીજી તરફ હજ્જાર બિન અબજરે પણ જનાબે મુખ્તાર પર હુમલો કર્યો હતો. તેના મુકાબલામાં જનાબે મુખ્તારે અહમર બિન શમીતને નક્કી કર્યા હતો.

જનાબે મુખ્તારના સૈનિકો જંગમાં વ્યસ્ત હતા કે દારૂલઅમારાહના મહેલથી ઇબ્રાહીમ આવી ગયા. હજ્જાર અને તેના સાથીઓને ખબર મળી કે તેમની પાછળ ઇબ્રાહીમ આવી રહ્યા છે તો તેઓ ઇબ્રાહીમના આવતા પહેલા જ મોરચો છોડીને વિખેરાઈ ગયા અને ગલીઓમાં ભાગી ગયા.

જનાબે મુખ્તારના સૈનિકોએ શીસ બિન રબી પર હુમલો કરી દીધો. જેના કારણે તેમને પીછેહઠ કરવી પડી. તેમણે ઇબ્ને મુતીઅ પાસે આવીને કહ્યું: જનાબે મુખ્તારનો સામનો કરી શકે

તેવા બહાદુર સેનાપતિને મોકલો. અને બધા લોકોને ભેગા કરીને તેમની તરફ રવાના કરો. ઉપરાંત એવા લોકોને ભેગા કરીને મુકાબલો કરવા માટે મોકલો જેમના પર તમને ભરોસો હોય. કેમકે મુખ્તાર અને તેમના સાથીઓ મજબૂત થઈ ગયા છે અને તેઓ આપણી વિરૂદ્ધ બળવો કરી ચૂક્યા છે. જ્યારે જનાબે મુખ્તારને ખબર પડી કે શીસ બિન રબીએ ઇબ્ને મુતીઅ પાસે બીજા સેનાપતિ અને લોકોને ભેગા કરીને જંગ માટે મોકલવાની માંગણી કરી છે તો તે પોતાના સાથીઓ સાથે “દીરેહિન્દ”ની પાછળ “જે બુસ્તાને ઝાએદાની નજીક છે” સબ્ખામાં ચાલ્યા ગયા.

અબુ ઉસ્માન નહ્દી અને શાકીર કબીલો

શાકીર કબીલાવાળા પોતાના ઘરોમાં ભેગા થયા હતા. કઅબ બિન અબી કઅબે(ઇબ્ને મુતીઅની ફોજી ટુકડીનો સરદાર) તેમના રસ્તાઓ બંધ કરી દીધા હતા. અબુ ઉસ્માન નહ્દી પોતાના મદદગારોના એક સમૂહ સાથે ગયા અને યા લસારાતીલ હુસૈન(અલ.)નો નારો પોકાર્યો. તેમણે બુલંદ અવાજથી કહ્યું : અય હીદાયત પામેલા લોકો! જાણી લો કે અમીને આલે મુહમ્મદ "મુખ્તારે" બળવો કર્યો છે અને તેઓ અત્યારે દીરેહિન્દમાં છે. મને તમારી પાસે મોકલ્યા છે જેથી તમને દાવત અને બશારત આપું કે તમે બધા ઘરથી બહાર નીકળો અને તેમની મદદ કરો.

શાકીર કબીલાવાળાઓ આ સાંભળીને યા લસારાતીલ હુસૈન(અલ.)ના નારા સાથે પોતાના ઘરોથી નીકળી ગયા અને કઅબ બિન અબી કઅબને ભગાડીને રસ્તો ખોલી નાખ્યો અને જનાબે મુખ્તાર તરફ ચાલ્યા ગયા.

કબીલએ ખસઅમ

અબ્દુલ્લાહ બિન કીરાદ કબીલએ ખસઅમના ૨૦૦ માણસો સાથે બહાર નીકળ્યા અને જનાબે મુખ્તાર સાથે જોડાઈ ગયા. કઅબ બિન અબી કઅબે તેમનો રસ્તો રોક્યો પરંતુ જ્યારે જોયું કે બધા તેમની જ કૌમ અને કબીલાના છે તો રસ્તો છોડી દીધો. એવી જ રીતે શબામનો કબીલો પણ જનાબે મુખ્તાર પાસે આવી ગયો.

ફજરથી પહેલા જે ૧૨,૦૦૦ લોકોએ જનાબે મુખ્તારની બયઅત કરી હતી તેમાંથી ૩,૮૦૦ માણસો તેમની પાસે ભેગા થઇ ગયા હતા અને પરોઢના સમયે જનાબે મુખ્તારે તેમને સંગઠિત કરી દીધા હતા. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૨૯)

મસ્જિદમાં સભા

અબ્દુલ્લાહ બિન મુતીએ (અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરનો કુફ્રામાં ગવર્નર) કોઇને શહેરના મેદાનોમાં મોકલ્યો કે તેઓ આ જાહેરાત કરી દે કે બધાં મસ્જીદમાં ભેગા થઇ જાય. જ્યારે લોકો મસ્જીદમાં ભેગા થઇ ગયા તો અબ્દુલ્લાહ બિન મુતીએ ૩૦૦૦ માણસોને શીસ બિન રબીઇની રેહબરીમાં જનાબે મુખ્તાર સાથે જંગ માટે મોકલ્યો. એવી જ રીતે રાશિદ બિન અયાસને ૪૦૦૦ સિપાહીઓ સાથે મોકલ્યો.

જનાબે મુખ્તારે જ્યારે સુબહની નમાઝ પઢી લીધી તો તેમને આ ખબર મળી કે શીસ બિન રબીઇ ૩૦૦૦ માણસો લઈને તેમની સાથે જંગ માટે આવી રહ્યો છે અને પછી સઅર બિન અબી સઅરે

(જનાબે મુખ્તારના દોસ્તે) પણ આ ખબર આપી કે રાશિદ અયાસને પણ મોકલવામાં આવ્યો છે.

રાશિદ બિન અયાસના મુકાબલામાં જનાબે મુખ્તારે ઇબ્રાહીમ બિન માલીકને ૭૦૦ સવાર અને ૬૦૦ પગપાળા સૈનિકો સાથે મોકલ્યા અને શીસ બિન રબીઇના મુકાબલામાં નઇમ બિન હુબૈરાને ૩૦૦ સવાર અને ૬૦૦ પગપાળા સૈનિકો સાથે મોકલ્યા અને તેમને કહ્યું: જંગ માટે ઉતાવળ ન કરશો અને દુશ્મનનો ભોગ ન બનશો. કેમ કે તેમની સંખ્યા તમારા કરતા વધારે છે. ત્યાર બાદ જનાબે મુખ્તારે યઝીદ બિન અનસને ૧૦૦ માણસો સાથે શીસનો સામનો કરવા માટે મોકલ્યા.

નઇમનું માર્યા જવું

નઇમ બિન હુબૈરાએ શીસ બિન રબીઇ સાથે સખત જંગ લડી અને સઅર બિન અબી સઅરને સવારોનો સેનાપતિ નક્કી કર્યો અને પગપાળા સૈનિકોનું નેતૃત્વ પોતે સંભાળ્યું. એટલે સુધી કે દિવસ ચઢયો અને શીસના સાથીઓ હારીને પોતાના ઘરે ભાગી ગયા.

શીસે પોતાના સાથીઓને જંગમાં દ્રઢતા અને મક્કમતાની વિનંતી કરી અને તેમને યુદ્ધ માટે પ્રોત્સાહિત કર્યા. એટલા માટે અમુક લોકો પાછા ફર્યા અને નઇમના ફોજીઓ પર હુમલો કર્યો. શીસના સાથીઓ હારીને ભાગી ગયા હોવાથી નઈમના ફોજીઓ નિશ્ચિંત બનીને આમ તેમ વિખેરાઈ ગયા હતા અને અચાનક પાછળથી શીસના સૈનિકોએ તેમના પર હુમલો કર્યો એટલે

તેઓ હારી ગયા. પરંતુ નઇમે પોતે માર્યા ગયા સુધી મક્કમતા અને દ્રઢતા દેખાડી. શીસના સાથીઓએ સઅર બિન અબી સઅરને તેમના સાથીઓ સાથે ધરપકડ કરી લીધા. ત્યાર બાદ અસીરોમાંથી અરબોને છોડી દીધા અને બિન અરબ અને ગુલામોને કતલ કરી નાખ્યા.

(કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૨૦)

પ્રકરણ : ૪૬

જનાબે મુખ્તારની નાકાબંધી

ત્યારબાદ શીસ બિન રબીઇ જનાબે મુખ્તાર તરફ ચાલ્યો અને મુખ્તાર અને યઝીદ બિન અનસને ઘેરામાં લઇ લીધા. જ્યારે કે અબ્દુલ્લાહ બિન મુતીએ ઇબ્ને રોયમ સાથે ૨૦૦૦ સૈનિકો "સિક્કતુલ્લેહામ"ની તરફ મોકલી દીધા હતા અને તેના દરવાજા પર ઊભા થઇ ગયા. (સીક્કા અસલમાં સીધા રસ્તાને કહેવામાં આવે છે. પરંતુ અહીં ગલી અથવા કુફાના કોઇ મોહલ્લાના અર્થમાં છે. સીક્કા ઇસ્તફા નુસની જેમ બસરાની એક જગ્યાનું નામ છે. - મોઅજમુલ બુલદાન, ભાગ ૩, પાના-૨૩૧, તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૩૨)

જનાબે મુખ્તાર પગપાળા લોકો સાથે હતા. એટલા માટે યઝીદ બિન અનસને સવારોના

સેનાપતિ તરીકે નિયુક્ત કર્યા. શીસ બિન રબીઇએ તેમના પર હુમલો કર્યો. પરંતુ જનાબે મુખ્તારના મદદગારોએ તેમનો સામનો કર્યો.

યઝીદ બિન અનસનું પ્રવચન

યઝીદ બિન અનસે પોતાના સાથીઓને પ્રોત્સાહિત કરવા માટે એક પ્રવચન આપ્યું. તેમણે કહ્યું: અય શીઆઓ! ભૂતકાળમાં આ લોકો તમને કતલ કરતા હતા અને તમારા હાથ પગ કાપી નાખતા હતા. તમારી આંખો ફોડી નાખતા હતા અને એહલેબૈતે રસુલ(સલ.) સાથે મોહબ્બત કરવાની સજામાં ખજૂરની ડાળીઓ પર ફાંસી પર ચઢાવી દેતા હતા. તમે ઘરોમાં બેઠા હતા અને તમારા દુશ્મનોની ઇતાઅત થઇ રહી હતી. જો આજે આ લોકો તમારા પર વર્ચસ્વ મેળવી લેશે અને જીતી જશે તો તમે શું વિચારો છો ? અલ્લાહની કસમ તમારામાંથી કોઇને જીવતા નહીં છોડે. તમને લાચારીની અવસ્થામાં કતલ કરશે અને તમારી

અવલાદ, માલ અને કુટુંબ સાથે એવો વર્તાવ કરશે કે જેનાથી મૌત બેહતર છે.

અલ્લાહની કસમ ! તમને ફકત સચ્ચાઇ, મક્કમતા અને તેમના પર ભાલા અને તલવાર ચલાવવાથી જ નજાત મળી શકે છે. તો પછી પોતાના માટે તકલીફોને આસાન બનાવી લો અને તેમના પર હુમલો કરવા માટે તૈયાર થઇ જાવ. પછી જ્યારે હું બીજી વખત મારૂં માથું હલાવીને ઈશારો કરૂં તો તમે હુમલો કરી દેજો. તેમના સાથીઓએ દુશ્મનનો મુકાબલો કરવા માટે પોતાને તૈયાર કરી લીધા અને તેઓ હુમલાના આદેશની રાહ જોતા હતા.

(કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૨૨)

રાશીદ બિન અયાસનું કતલ થવું

ઇબ્રાહીમે ખુઝૈમા બિન નસ્રને સવારોનો સેનાપતિ નક્કી કર્યો અને પોતે પગપાળા સૈનિકો સાથે ચાલતા રહ્યા અને તેમના અન્સાર આગળ વધતા રહ્યા. એટલે સુધી કે રાશીદ બિન અયાસ સાથે તેમનો સામનો થયો. તેની સાથે ૪૦૦૦નું લશ્કર હતું. ઇબ્રાહીમે પોતાના સૈનિકોને કહ્યું: તમે દુશ્મનની સંખ્યા વધારે હોવાથી જરાય ડરશો નહી. અલ્લાહની કસમ ! મોટા ભાગે એવું થાય છે કે એક બહાદુર ઈન્સાન દસ માણસોથી ઉત્તમ હોય છે અને અલ્લાહ પણ સબર કરનારાઓ સાથે છે.

ઇબ્રાહીમના મદદગારો અને રાશિદના સૈન્ય દરમિયાન ધમસાણ યુદ્ધ થયું. ખુઝૈમાએ રાશીદ બિન અયાસ પર હુમલો કર્યો અને તેને કતલ કરીને બુલંદ અવાજથી કહ્યું: રબ્બે કાબાની કસમ મેં

રાશિદને કતલ કરી નાખ્યો. રાશીદના કતલ થઇ ગયા પછી તેના સૈનિકો વિખેરાઈ ગયા. પછી ઇબ્રાહીમ અને ખુઝૈમા તે તરફ નીકળ્યા જ્યાં જનાબે મુખ્તાર હતા અને કોઇને પહેલા મોકલીને તેમને રાશીદના કતલની ખુશખબર આપી.

જનાબે મુખ્તાર રાશીદના કતલની ખબર સાંભળીને ઘણા ખુશ થયા અને તકબીર કહી. તેમના સહાબીઓએ પણ તકબીર કહી. આ સમાચાર સાંભળીને તેમની હિંમત અનેકગણી વધી ગઈ અને તેનાથી વિરદ્ધ ઇબ્ને મુતીઅના સૈનિકોને રાશીદના કતલ થવાની ખબર મળી તો તેમની હિંમત તૂટી ગઇ.

(કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૨૨)

હસ્સાન બિન કાએદ

અબ્દુલ્લાહ બિન મુતીએ જનાબે મુખ્તારના સૈનિકોનો મુકાબલો કરવા માટે અને ઇબ્રાહીમ બિન અશ્તરના રસ્તાને બંધ કરવા માટે તથા તેમને સબ્ખા પાછા મોકલવા માટે હિસ્સાન બિન કાએદ બિન બુકૈરને ઘણાં મોટા લશ્કર સાથે મોકલ્યો. ઇબ્રાહીમે તેનો હુમલો રોકવા માટે ખુઝૈમા બિન નસ્રને સવાર સૈનિકો સાથે મોકલ્યા અને પોતે પોતાની પગપાળા ફૌજ સાથે તે વિશાળ લશ્કર પર હુમલો કરી દીધો અને તેને હાર આપી.

હિસ્સાન બિન કાએદ પોતાના લશ્કરની પાછળ હતો. જ્યારે સૈન્ય ભાગ્યું તો ખુઝૈમાએ તેના પર હુમલો કરી દીધો જ્યારે તેની નજીક પહોંચ્યા તો ઓળખી ગયા અને કહ્યું: હિસ્સાન મેં તમને ઓળખી લીધો છે હવે પોતાને બચાવો.

હિસ્સાનનો પગ લપસી ગયો અને જમીન પર પડી ગયો. આ જોઈને બીજા માણસો તેની ચારે તરફ ભેગા થઇ ગયા. હિસ્સાન પણ તે સમૂહ સાથે મુકાબલો કરતો રહ્યો. ખુઝૈમાએ તેને અવાજ આપી કે પોતાને હલાકતમાં ન નાખો. મેં તમને અમાન આપી છે.

ખુઝૈમા તેની પાસે આવ્યા. સૈનિકોને તેની આસપાસથી હટાવ્યા. તે જ સમયે ઇબ્રાહીમ આવી ગયા. ખુઝૈમાએ કહ્યું: મેં હિસ્સાનને અમાન આપી છે.

ઇબ્રાહીમે કહ્યું: ઘણું સારૂં કામ કર્યું છે.

ખુઝૈમાએ પોતાના સાથીઓને કહ્યું: હિસ્સાનનો ઘોડો લાવો. તેને ઘોડા પર સવાર કર્યો અને કહ્યું: જાઓ,તમારા કુટુંબ સાથે ભેગા થઇ જાવ.

ઇબ્રાહીમ જનાબે મુખ્તાર અને તેમના અન્સાર તરફ નીકળી ગયા. તે સમયે શીસ બિન

રબીઇએ જનાબે મુખ્તાર અને યઝીદ બિન અનસની નાકાબંધી કરી લીધી હતી. ઇબ્ને મુતીઅના સેનાપતિ યઝીદ બિન હારીસે જ્યારે ઇબ્રાહીમને જોયા તો આગળ વધીને એમનો રસ્તો રોકવા ચાહ્યું. ઇબ્રાહીમે પોતાના સાથીઓમાંથી એક સમૂહને ખુઝૈમાના નેતૃત્વમાં મોકલ્યું. જેથી તેના હુમલાને રોકી શકે અને પોતે શીસ બિન રબીઇ તરફ ગયા. શીસના સાથીઓએ ઈબ્રાહીમને જોયા તો તેઓ ધીરે ધીરે પાછળ હટવા લાગ્યા. ઇબ્રાહીમે આગળ વધીને તેમના ઉપર હુમલો કરી દીધો અને પાછળ ધકેલી દીધા. બીજી તરફ ખુઝૈમાએ યઝીદ બિન હારીસ પર હુમલો કરીને તેને હરાવ્યો.

જ્યારે ઇબ્ને મુતીઅના સૈનિકો સબ્બાથી હારીને ભાગ્યા અને કુફામાં ઇબ્ને મુતીઅ પાસે પહોંચીને તેને રાશિદ બિન અયાસના કતલની ખબર આપી તો તેઓ ડરના કારણે ગભરાઈ ગયા.

અમ્ર બિન હજ્જાજનો અભિપ્રાય

અમ્ર બિન હજ્જાજે અબ્દુલ્લાહ બિન મુતીઅને કહ્યું: અય ભાઇ ! પોતાને હલાકતમાં ન નાખો. લોકો પાસે જાવ અને તેમને દુશ્મન સાથે મુકાબલો કરવાની દાવત આપો. તમારા સહાયકો ઘણાં બધા છે અને તમારા વિરૂદ્ધ બળવો કરનારાઓની સંખ્યા ઘણી ઓછી છે. સૌ પ્રથમ હું તમારી અવાજ પર લબ્બૈક કહીશ અને મારી સાથે બીજા અમુક લોકો પણ છે જેઓ તમારી મદદ કરશે.

ઇબ્ને મુતીઅનો ખુત્બો

ઇબ્ને મુતીએ ખુત્બો આપ્યો અને લોકોને જંગ માટે ઉત્તેજિત કરતા કહ્યું: અય લોકો! તમારી આબરૂ અને શહેરને બચાવો. એવું ન કરો કે તમારો માલ અને નફાને તેઓ લઇ જાય. અલ્લાહની કસમ! તમારા નફામાં તેઓ ભાગીદાર બની જશે જેમનો તેમાં કોઇ હક નથી. મને સમાચાર મળ્યા છે કે તે લોકોમાં પાંચ માણસો એવા છે જે તમારા ગુલામ હતા અને આઝાદ થઇ ગયા છે. જો તેમની સંખ્યા વધી જશે તો તમારી ઇઝ્ઝત અને તાકાત પણ ખતમ થઇ જશે.

તે જ સમયે યઝીદ બિન હારીસની સંપૂર્ણ કોશીષ એ હતી કે મુખ્તાર અને તેમના સાથી કુફામાં દાખલ ન થઇ શકે. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૩૩)

ઇબ્ને મુતીઅની નાકાબંધી

જનાબે મુખ્તાર અને તેમના સૈનિકો શહેરથી બહાર હતા અને અબ્દુલ્લાહ બિન મુતીઅનું લશ્કર તેમને શહેરમાં દાખલ થવા માટે અવરોધરૂપ હતું. કેમકે તેઓ ઘરોની છત પરથી તેમના પર તીરોનો વરસાદ વરસાવી રહ્યા હતા. જનાબે મુખ્તારે શહેરમાં દાખલ થવા માટે શહેરનો ચક્કર લગાવ્યો અને કબ્રસ્તાન તરફથી 'મઝીના', 'અહમસ' અને 'બારીક' મોહલ્લામાં દાખલ થયા. તે મોહલ્લાના ઘર શહેરના બીજા ઘરોની સરખામણીમાં અલગ અલગ હતા. જ્યારે ત્યાંના રહેવાસીઓને જાણ થઇ કે જનાબે મુખ્તાર અને તેમના સાથીઓ પ્યાસા છે તો તેમણે પાણી આપ્યું. (નફસુલ મહમુમ, પાના-૫૨૮)

જનાબે મુખ્તારે કહ્યું: આ જગ્યા જંગના મેદાન માટે ઘણી જ યોગ્ય છે.

ઇબ્રાહીમે કહ્યું: જ્યારે કે અલ્લાહે અમારા દુશ્મનોને પરાજિત કરી દીધા છે અને તેમના દીલોમાં ડર અને ભય નાખી દીધો છે તો પછી હવે આપણે અહીં ન રોકાવું જાઇએ. નહીં તો તેઓ આપણી નજીક આવી જશે. આપણે શહેરમાં દાખલ થઇને ઇબ્ને મુતીઅના મહેલ અને દારૂલ અમારહનો ઘેરો કરી લેવો જોઇએ.

જનાબે મુખ્તાર આ અભિપ્રાયથી ઘણા ખુશ થયા. એટલા માટે વૃદ્ધોને કહ્યું: તમે લોકો મેદાનમાં જ રહો અને ભારે હથિયારો પણ ત્યાં જ મૂકી દીધા. તેમણે અબુ ઉસ્માન નહદીને તેનો ચોકીદાર નક્કી કર્યો અને બાકીનું લશ્કર શહેરમાં દાખલ થઇ ગયું. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૩૪)

કુફામાં પ્રવેશ

જનાબે મુખ્તાર અને તેમના સાથીદારો કુફામાં દાખલ થઇ ગયા. પહેલા તેઓ "સૌરૈન" નામની ગલી સામે પહોંચ્યા. અમ્ર બિન હજ્જાજે ૨૦૦૦ના લશ્કર સાથે તેમનો રસ્તો રોક્યો. ઇબ્રાહીમે ચાહ્યું કે પોતાના લશ્કર વડે તેમની સાથે જંગ કરે. પરંતુ જનાબે મુખ્તારે તેમને પૈગામ મોકલ્યો કે જે તમારો ધ્યેય છે તેના તરફ જ આગળ વધો. તેમને તો અમે જોઇ લઇશું. પછી યઝીદ બિન અનસને હુકમ આપ્યો કે પોતાના ફોજીઓ સાથે અમ્ર બિન હજ્જાજ પર હુમલો કરો.

ઇબ્રાહીમ દારૂલ અમારા તરફ આગળ વધ્યા. તેમની પાછળ પાછળ જનાબે મુખ્તાર પણ નીકળ્યા. જ્યારે તેઓ "ઇબ્ને મુહરીઝ" નામની ગલી પર પહોંચ્યા તો શીમ્ર બિન ઝીલ જવશને ૨૦૦૦

સવારો સાથે તેમનો રસ્તો રોક્યો. જનાબે મુખ્તારે સઇદ બિન મુન્કીઝને તેની સાથે જંગ કરવા માટે હુકમ આપ્યો અને ઇબ્રાહીમ બિન અશ્તરને હુકમ આપ્યો કે પોતાનો ધ્યેય એટલે કે દારૂલ અમારહની નાકાબંધીનો પ્રયત્ન ચાલુ રાખો. (અલ બિદાયા વન્નિહાયા, ભાગ ૮, પાના-૨૯૩, તજારૂબુલ ઉમમ, ભાગ-૨,પાના-૧૩૪)

નૌફલ બિન મુસાહિક

જ્યારે તેઓ શબસ મોહલ્લામાં પહોંચ્યા તો નૌફલ બિન મસાહિકે ૫૦૦૦ની ફૌજ સાથે તેમનો રસ્તો રોક્યો. અબ્દુલ્લાહ બિન મુતીઅના પ્રચારકે શહેરમાં એલાન કર્યું કે બધા નૌફલના લશ્કરમાં સામેલ થઇ જાવ. ઇબ્રાહીમનો સામનો વિશાળ લશ્કર સાથે થયો તો તેમણે પોતાની ફૌજને હુકમ આપ્યો કે ઘોડેસવારો પોતાના ઘોડા પરથી ઊતરી જાય અને ઘોડાઓને એકબીજાની સાથે ઊભા કરી દે અને દુશ્મનો સાથે પગપાળા જંગ કરો. તેમણે આ પણ કહ્યું: જો દુશ્મન તરફથી આ એલાન થાય કે કબીલએ શબસ અથવા કબીલએ અતીબા અથવા કબીલએ અશઅસ વગેરે લોકો આવી ગયા છે તો તમે તેમનાથી ન ડરશો. કેમ કે તેઓ જ્યારે તલવારોની ગરમીની મજા ચાખશે તો તેઓ ઇબ્ને મુતીઅ તરફ એવી રીતે જ ભાગશે જેવી રીતે વરૂઓથી ઘેટાં ભાગે છે.

ત્યાર બાદ ઇબ્રાહીમે પોતાની કબાનું દામન કમરથી બાંધી દીધું અને પોતાની ફૌજને હુકમ આપ્યો કે હુમલો કરો.

પહેલા જ હુમલામાં કુફાની ફૌજ અને નૌફલના સાથીઓ ભાગી ગયા અને એવી રીતે હાર્યા અને ભાગ્યા કે એકબીજા પર પડી ગયા. ઇબ્રાહીમ લશ્કરના સેનાપતિ નૌફલની નજીક પહોંચ્યા અને તેના ઘોડાની લગામ પકડી અને તેને કતલ કરવા માટે તલવાર ખેંચી તો નૌફલે કહ્યું: અય અશ્તરના દીકરા! તમને અલ્લાહની કસમ ! શું મારા અને તમારા દરમિયાન કોઇ દુશ્મની છે જેનો બદલો લેવા માંગો છો ? ઇબ્રાહીમે તેને છોડી દીધા અને કહ્યું: આ સમયને યાદ રાખજે. એટલા જ માટે ઇબ્ને ઇસ્હાક ઇબ્રાહીમની આ માફીને હંમેશા યાદ રાખતા હતા. (કામીલ ઇબ્ને અસીર,ભાગ ૪, પાના-૨૨૩)

પ્રકરણ : ૪૭

દારૂલ અમારહની નાકાબંધી

ઇબ્રાહીમ બિન અશ્તરે દારૂલ અમારહની એ જગ્યા કે જ્યાં અબ્દુલ્લાહ બિન મુતીઅ રોકાયો હતો બજાર અને મસ્જિદે કુફા તરફથી નાકાબંધી કરી લીધી હતી અને સતત ત્રણ દિવસ સુધી આ ઘેરો નાખવાનું કામ ચાલુ રહ્યું.

આ સમયગાળામાં ઇબ્રાહીમ બિન અશ્તર, યઝીદ બિન અનસ અને અહમર બિન શમીતે મહેલને ઘેરામાં રાખ્યો. જ્યારે મહેલની નાકાબંધી લંબાઇ ગઇ તો અબ્દુલ્લાહ બિન મુતીએ કુફાના તે અગ્રણીઓ જેઓ તેમની સાથે મહેલમાં હતા તેમને કહ્યું: આપણે હવે શું કરવું જોઇએ ? કઇ વસ્તુમાં મસલેહત છે?

શીસ બિન રબીઇએ કહ્યું: આ લોકો જે મહેલમાં તમારી સાથે છે તેઓ તો તમારા માટે શું પોતાના માટે પણ કાંઇ નથી કરી શક્તા. ખોટી રીતે પોતાને હલાકતમાં ન નાખો. બલકે પોતાના અને અમારા માટે આ માણસ એટલે કે મુખ્તાર પાસેથી અમાન લઇ લો. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના ૧૩૬)

અબ્દુલ્લાહ બિન મુતીએ કહ્યું: મને આ પસંદ નથી કે હું અમાન માંગુ જ્યારે કે આખું બસરા અને હીજાજ અમીરૂલ મુઅમેનીન અબ્દુલ્લાહ બિન ઝુબૈરના નિયંત્રણમાં છે.

શીસે કહ્યું: તો પછી તમે છૂપી રીતે મહેલથી નીકળીને કોઇ વિશ્વાસુ માણસના ઘરે ચાલ્યા જાવ અને પછી ત્યાંથી હીજાઝ ઇબ્ને ઝુબૈરની પાસે ચાલ્યા જાવ.

તેણે આ વાતને માની લીધી અને રાતના સન્નાટામાં દારૂલઅમારહના મહેલથી છૂપી રીતે બહાર નીકળ્યો અને અબુ મુસા અશ્અરીના ઘરે ગયો અને ત્યાં સંતાઇ ગયો. (અલ બિદાયા વન્નિહાયા, ભાગ ૮,પાના-૨૯૮)

પ્રતિષ્ઠિત લોકો માટે અમાન

જ્યારે અબ્દુલ્લાહ બિન મુતીઅ મહેલથી નીકળી ગયા તો મહેલમાં જે પ્રતિષ્ઠિત અને અગ્રણી લોકો હતા તેમણે જનાબે મુખ્તાર પાસે અમાન માંગી. જનાબે મુખ્તારે તેમને અમાન આપી દીધી તો તેઓ મહેલથી બહાર આવ્યા અને જનાબે મુખ્તારની બયઅત કરી લીધી. મુખ્તારે તેમને આશ્વાસન આપ્યું અને તેમની સાથે ઘણા જ નરમાશથી વર્તાવ કર્યો અને તેમની સાથે ઘણું સારૂં વર્તન કર્યું.

(બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૬૯)

જનાબે મુખ્તારનો ખુત્બો

અબ્દુલ્લાહ બિન મુતીઅના માણસો જ્યારે દારૂલ અમારહથી નીકળી ગયા તો જનાબે મુખ્તાર તેમાં દાખલ થયા. આખી રાત મહેલમાં જ પસાર કરી. સવાર થઇ તો કુફાના અગ્રણીઓ મસ્જિદ અને મહેલના દરવાજા પર ભેગા થયા. જનાબે મુખ્તાર મસ્જિદમાં આવ્યા અને મીમ્બર પર ગયા અને છટાદાર ભાષામાં ખુત્બો આપ્યો અને લોકોને બયઅતની દાવત આપી. (અલ બિદાયા વન્નિયહાયા, ભાગ ૮, પાના-૨૯૪)

તેમણે કહ્યું: અય લોકો! હું તે અલ્લાહના વખાણ અને પ્રશંસા કરૂં છું જેણે પોતાના દોસ્તને કામયાબી અને પોતાના દુશ્મનને નુકસાનનો વાયદો આપ્યો છે. તેનો વાયદો પૂરો થઇ ગયો. જે

વ્યક્તિ ખોટું બોલશે તે નુકસાન ઉઠાવનારાઓમાંથી રહેશે.

અય લોકો! અમારો એક મકસદ હતો. એક પરચમ બુલંદ થયો અને તે પરચમ વિશે કહેવામાં આવ્યું છે હંમેશા તેને બુલંદ રાખો અને તેને નીચે ન ઝૂકવા દો અને ધ્યેય વિશે કહેવામાં આવ્યું કે તેને પ્રાપ્ત કરો અને કોઈ પણ હાલતમાં તેને છોડશો નહી. અમે બોલાવનારની દાવતને કબૂલ કરી અને તે મુહાફિઝની વાતને કબૂલ કરી લીધી. તે માણસનું ખરાબ થાય જે ઝુલ્મ કરે છે, બગાવત અને ઇન્કાર કરે છે, જૂઠલાવે અને પીઠ દેખાડે છે.

અય અલ્લાહના બંદાઓ! હીદાયતને કબૂલ કરો. દુશ્મનોથી જેહાદ અને આલે મોહંમ્મદ(અલ.)ની તે હસ્તીઓની હિફાઝત કરો જેમને કમજોર બનાવી દેવામાં આવ્યા છે અને હું દુશ્મનો પર વર્ચસ્વ પ્રાપ્ત કરીને ફરઝંદે

રસુલ(સલ.)ના લોહીનો બદલો લઇશ. તે અલ્લાહની કસમ જેણે વાદળોને પેદા કર્યા અને તે સખત અઝાબ આપનાર છે. અલ્લાહની કસમ હું તોહમત લગાવનાર, જૂઠ બોલનાર અને શંકા કરનાર ગુનેહગારોમાંથી શહાબના દીકરાની કબર જરૂર ખોદીશ. અમુક લોકોને દેશથી બહાર કાઢીશ. આલમીનના પરવરદીગારની કસમ ! હું ઝાલીમોના સમર્થકો અને ઝાલીમોમાંથી બાકી રહેલા લોકોને કતલ કરીશ.

પછી તેઓ મીમ્બર પર બેઠા અને ફરીથી ઊભા થયા અને કહ્યું: તે અલ્લાહની કસમ જેણે મને આંખો આપી અને મારા દીલને નૂરાની બનાવ્યું. હું આ શહેરના ઘરોમાં આગ લગાવીશ, કબ્રોને ઉખાડીશ અને તમારા દીલોને ઠંડક પહોંચાડીશ. ઝાલીમોએ નાશુક્રી કરી છે અને દગો આપ્યો છે તેમને કતલ કરીશ અને ટૂંક સમયમાં જ કુફાથી

અમુક પરચમ બિનઅરબ અને અરબ શહેરો તરફ મોકલીશ અને આ કામ માટે હું બની તમીમના કબીલામાંથી ખીદમત કરનારા માણસો વધારે લઈશ.

ત્યાર બાદ મીમ્બર પરથી ઊતર્યા અને દારૂલઅમારહના મહેલમાં દાખલ થઇ ગયા. (બીહારૂલ અન્વાર,ભાગ ૪૫, પાના-૩૬૯)

જનાબે મુખ્તારની બયઅત

કુફાના અગ્રણીઓ જનાબે મુખ્તાર પાસે આવ્યા અને તેમણે અલ્લાહની કિતાબ, રસુલ(સલ.)ની સુન્નત,એહલેબૈત (અલ.)ના લોહીનો બદલો, દુશ્મનો સાથે જેહાદ, કમજોરોનું રક્ષણ અને તેમની વિરૂદ્ધ જંગ કરનારાઓ સાથે લડાઇ અને દરેક તે વ્યક્તિ જે સુલેહ ઇચ્છે છે તેના માટે મુખ્તારની બયઅત કરી.

બયઅત કરનારાઓમાં મન્ઝર બિન હસ્સાન અને તેમના દીકરા હસ્સાન પણ સામેલ હતા. જ્યારે તેઓ મુખ્તાર પાસે ગયા તો તેમને સઇદ બિન મુન્કીઝ અને શીઆઓના એક સમૂહે જોઇ લીધા કે આ લોકો જનાબે મુખ્તાર પાસેથી આવી રહ્યા છે તો તે સમૂહે કહ્યું: આ ઝાલીમો અને અત્યાચારીઓના લીડર છે તેથી તેમને કતલ કરવામાં આવે. સઇદે તેમને રોક્યા અને કહ્યું: જનાબે મુખ્તારના હુકમની ઇતાઅત કરો. પરંતુ તેમણે ધ્યાન ન આપ્યું અને બંનેને કતલ

કરી નાખ્યા. તે બંનેના કતલની જ્યારે મુખ્તારને ખબર મળી તો ઘણાં જ નારાજ થયા. જનાબે મુખ્તારે પ્રતિષ્ઠિત અને અગ્રણી લોકોના દીલ જીતવાનો ઘણો પ્રયત્ન કર્યો. એટલા માટે તેમની સાથે ભલાઇથી વર્તાવ કર્યો.

મુખ્તારને જ્યારે ખબર મળી કે અબ્દુલ્લાહ બિન મુતીઅ અબુ મુસા અશ્અરીના ઘરે છૂપાએલો છે તો ચૂપ થઇ ગયા અને રાતના સમયે તેના માટે હજાર દીરહમ મોકલ્યા અને તેને કહેવડાવ્યું કે મને ખબર છે કે તમે ક્યાં છૂપાએલા છો અને આ પણ જાણું છું કે પૈસા ન હોવાના કારણે તમે કુફાથી બહાર નથી જઇ શક્યા. એટલે આ પૈસા તમારા માટે મોકલી રહ્યો છું. મુખ્તાર અને અબ્દુલ્લાહ બિન મુતીઅ દરમિયાન જૂની દોસ્તી હતી. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૨૬, તારીખે યાકુબી, ભાગ ૨, પાના ૨૫૯)

બયતુલમાલની વહેંચણી

જ્યારે લોકો જનાબે મુખ્તારની બયઅત કરી ચૂક્યા અને હુકૂમત તેમના હાથમાં આવી ગઇ તો તેમણે સહુ પ્રથમ કુફાના બયતુલમાલનું નિરીક્ષણ કર્યું. તેમાં ઘણો બધો માલ હતો. જનાબે મુખ્તારે હુકમ આપ્યો કે જે લોકોએ મહેલની નાકાબંધી વખતે અમારો સાથ આપ્યો છે તેમાંથી દરેકને પાંચસો પાંચસો દીરહમ આપવામાં આવે અને સાથ આપનારાઓની સંખ્યા ૩૫૦૦ હતી જેમણે જનાબે મુખ્તારને આ જીતમાં સાથ આપ્યો હતો. પરંતુ પાછળથી બીજા ૬૦૦૦ માણસો તેમની સાથે જોડાઈ ગયા હતા. એટલે તેમને બસ્સો બસ્સો દીરહમ આપ્યા. અને સામાન્ય લોકો સાથે સારો વ્યવહાર કર્યો અને કુફાના મોટા માણસોને પોતાની સાથે રાખ્યા.

એક દિવસ જનાબે મુખ્તાર સામે અબુ ઉમરહ ઊભો હતો અને જનાબે મુખ્તાર કુફ્રાના અગ્રણીઓ સાથે વાતચીત કરી રહ્યા હતા. અમુક મવાલીયો કે જેઓ અબુ ઉમરહના સાથીઓ હતા તેમણે કહ્યું: તમે અબુ ઇસ્હાક મુખ્તારને નથી જોયા કે અરબો સાથે કેવો સારો વર્તાવ કર્યો છે અને અમારા તરફ કોઇ ધ્યાન ન આપ્યું ?

જનાબે મુખ્તારે અબુ ઉમરહને પૂછયું: આ લોકોએ તમને શું કહ્યું ? અબુ ઉમરહે તેમને મવાલીયોની વાત જણાવી. જનાબે મુખ્તારે કહ્યું: તેમને કહી દો કે તે બાબતથી ગમગીન ન થાવ. તમે મારામાંથી છો અને હું તમારામાંથી છું. પછી ઘણીવાર સુધી આપ ચૂપ રહ્યા અને પછી આ આયત તિલાવત કરી :

إِنَّا مِنَ الْمُجْرِمِينَ مُنتَقِمُونَ

"બેશક અમે મુજરિમોથી બદલો લઇશું."

(સૂ. સજદા આ-૨૨)

મવાલીઓએ જ્યારે જનાબે મુખ્તારની ઝબાનથી આ આયત સાંભળી તો એકબીજાને કહ્યું : તમને બશારત થાય અલ્લાહની કસમ ! તમે આ સમૂહના ઝાલીમો અને અહલેબૈત(અલ.)ને શહીદ કરનારાઓને કતલ કરશો.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૨, પાના-૨૨૬)

શહેરોમાં ગવર્નરોને મોકલવું

જ્યારે જનાબે મુખ્તારે કુફાના હાલાત પર કંટ્રોલ મેળવી લીધો અને દારૂલઅમારહમાં સ્થાયી થઇ ગયા તો અબ્દુલ્લાહ બિન કામીલને લશ્કરનો સેનાપતિ અને અબુ ઉમરહના સગાઓને પોતાના લશ્કરના અધિકારી બનાવ્યા અને અશ્તરના પિતરાઈ ભાઇ અબ્દુલ્લાહ બિન હારીસને આરમિન્યાના, મુહમ્મદ બિન અતારૂદને આઝરબાઇજાનના, અબ્દુલ્લાહ બિન સઅદ બિન કૈસને મુસેલના, સઅદ બિન હુઝૈફા બિન યમાનને હલવાનના અને ઉમર બિન સાએબને કુરા અને હમદાનના ગવર્નર નિમણુંક કર્યા અને દેશના દરેક ખૂણામાં પોતાના પ્રતિનિધિ મોકલ્યા અને જ્યારે કોઇ લડાઇ ઝઘડો થઇ જતો હતો તો બંને પક્ષો દરમિયાન પોતે નિર્ણય આપતા હતા. પરંતુ જ્યારે જવાબદારીઓ અને પ્રવૃત્તિઓ વધી ગઇ તો પછી ન્યાયતંત્રનો હોદ્દો શુરૈહકાઝીને સોંપી દીધો.

પરંતુ જ્યારે તેમને ખબર પડી કે અલી(અલ.)એ તેને કુફાની હુકૂમતથી પદભ્રષ્ટ કર્યો હતો તો જનાબે મુખ્તારે તેને પોતાની પાસે બોલાવ્યો જેથી તેને પદભ્રષ્ટ કરે પણ તે બીમાર થઈ ગયો તો પણ જનાબે મુખ્તારે તેને પદભ્રષ્ટ કરી દીધો અને તેની જગ્યાએ અબ્દુલ્લાહ બિન અત્બા બિન મસઉદને ન્યાયાધીશ નક્કી કર્યા. જ્યારે તે બીમાર થઇ ગયા તો જનાબે મુખ્તારે ન્યાયતંત્રનો હોદ્દો અબ્દુલ્લાહ બિન માલીક તાઇને આપી દીધો. (બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૭૦)

(અમુક ઇતિહાસની કિતાબોમાં લખેલું છે કે જ્યારે મુખ્તારે શુરૈહને ન્યાયાધિશનો હોદ્દો આપવાનું ચાહ્યું તો અમુક શીઆઓ તેમની પાસે ગયા અને કહ્યું: આ તે જ વ્યક્તિ છે જેણે હુજ્ર બિન અદી વિરૂદ્ધ ગવાહી આપી હતી અને જ્યારે હાની બિન ઉરવહને ઇબ્ને ઝીયાદે દારૂલ અમારહમાં કૈદ કરીને તેમને માર્યા હતા

તો શુરૈહ કૈદખાનામાં તેમની પાસે ગયો. હાનીએ તેને કહ્યું: મારા પર જે ઝુલ્મ કરવામાં આવ્યો છે તેની મારી કૌમને જાણ કરી દો. પરંતુ શુરૈહે તેમની કૌમને ખબર ન આપી અને હઝરત અલી (અલ.) એ પણ તેને ન્યાયાધિશના હોદ્દાથી પદભ્રષ્ટ કર્યો હતો. જ્યારે શુરૈહ કાઝીને તેના પદભ્રષ્ટ થવાના સમાચાર મળ્યા તો તે બીમાર થઇ ગયો અને ઘરમાં બેસી રહ્યો. - અલબીદાયહ વન્નીહાયહ, ભાગ ૮, પાના-૨૯૫)

(જનાબે મુખ્તારની આ જંગ કુફામાં અબ્દુલ્લાહ બિન ઝુબૈરના સાથીઓ સાથે હતી જેણે પોતે હાકીમ અને ખલીફા હોવાનો દાવો કર્યો હતો અને તે મક્કામાં હતો. હવે કુફામાં જનાબે મુખ્તારની હુકૂમત અને વર્ચસ્વ હતું. હવે પછી જનાબે મુખ્તારની જંગ શામના સૈન્ય સાથે શરૂ થાય છે અને સાથે ઇમામ હુસૈન(અલ.)ના કાતીલોથી બદલો પણ લે છે.)

મરવાન બિન હકમની હલાકત

મરવાન બિન હકમ શામમાં હલાક થઇ ગયો. ત્યારબાદ તેનો દીકરો અબ્દુલ મલીક બિન મરવાન તેનો ઉત્તરાધિકારી બન્યો અને ઇબ્ને ઝીયાદને તેના બાપે(મરવાન બિન હકમે) જે હોદ્દો આપ્યો હતો તેના પર તેને બાકી રાખ્યો અને આ હુકમ આપ્યો કે તેની જવાબદારી માટે એક મીનીટ પણ ગાફીલ ન રહે.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના ૨૨૮)

બદલાની શરૂઆત

જનાબે મુખ્તારે ઈમામ હુસૈન(અલ.)ના કાતીલો તથા તે લોકો તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું જેમણે ઇમામ હુસૈન(અલ.)ને કતલ કરવામાં તેમનો સાથ આપ્યો અથવા તેમની મદદ કરી હતી. એટલા માટે તેમનામાંથી જે પણ વ્યક્તિ તેમના હાથમાં આવ્યો તેને મારી નાખ્યો. તેમાંથી અમુક કુફા છોડીને ભાગી ગયા હતા. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૩૮)

જનાબે મુખ્તારનું આ પગલું ભરવાનું કારણ એ હતું કે જ્યારે શામ પર મરવાન બિન હકમે કંટ્રોલ મેળવી લીધો તો તેણે બે લશ્કર તૈયાર કર્યા. એક લશ્કર જૈશ બિન દલજાના નેતૃત્વમાં અબ્દુલ્લાહ બિન ઝુબૈરને કચડવા માટે હીજાજ-મક્કા મોકલ્યું અને બીજા લશ્કરને ઉબૈદુલ્લાહ બિન

ઝીયાદની રહેબરીમાં ઇરાક-કુફા મોકલ્યું. તવ્વાબીન અને શામની ફોજ દરમિયાન ઐનુલ વરદહની જગ્યા પર જે કાંઇ બન્યું હતું તેને અમે બયાન કરી ચૂકયા છીએ.

મરવાન બિન હકમે ઇબ્ને ઝીયાદને હુકમ આપ્યો હતો કે કુફા પર કબ્જો કરીને ત્યાં ત્રણ દિવસ સુધી લૂંટફાટ અને પાયમાલી કરજો. એહલે કુફાના માલ અને જાનને શામવાળાઓ માટે જાએઝ કરી દેજે. પરંતુ ઉબૈદુલ્લાહ બિન ઝીયાદ લગભગ એક વર્ષ સુધી ટાપુના શહેરોમાં જ રહ્યો.(ત્યાં અબ્દુલ્લાહ બિન ઝુબૈરની ફૌજ હતી) તે કૈસ બિન ઇલાન અને ઝફર બિન હારીસ સાથે લડાઇમાં ફસાએલો હતો કે આ બંને અબ્દુલ્લાહ બિન ઝુબૈરના માણસો હતા. એટલા માટે ઇબ્ને ઝીયાદ એક વર્ષ સુધી ઇરાક-કુફા ન જઇ શક્યો.

પ્રકરણ : ૪૮

જનાબે મુખ્તારના નામે પત્ર

અબ્દુર્રહમાન બિન સઇદ બિન કૈસ મુખ્તાર તરફથી મુસીલના હાકીમ હતા. જ્યારે તેમને ખબર પડી કે ઇબ્ને ઝીયાદ મુસીલ તરફ આવી રહ્યો છે તો તેમણે જનાબે મુખ્તારને આ વિષય પર પત્ર લખ્યો:

અય અમીર, હું જાણ કરવા માટે લખી રહ્યો છું કે ઇબ્ને ઝીયાદ મુસીલની જમીનમાં દાખલ થઇ ચૂક્યો છે અને મારી તરફ સવાર અને પગપાળા લશ્કર મોકલી રહ્યો છે. ત્યાંથી તકરીત શહેરમાં આવી ગયો છું અને તમારા હુકમની રાહ જોઇ રહ્યો છું.

અબ્દુર્રહમાનના નામે પત્ર

જનાબે મુખ્તારે અબ્દુર્રહમાનને આ રીતે જવાબ આપ્યો: અત્યારે તમે જ્યાં છો મારો હુકમ પહોંચતા સુધી ત્યાં જ રહો. પછી જનાબે મુખ્તારે કોઇને મોકલીને યઝીદ બિન અનસને બોલાવ્યો અને કહ્યું: અય યઝીદ ! આલીમ અને જાહીલ બંને સરખા નથી હોતા. હું તમને જાણ કરૂં છું અને આ વાત જરાય ખોટી નથી અને ખબર આપનારને પણ જૂઠ નથી કહેવામાં આવ્યું. મારી પાસે ઝૈતુનના ઝાડના પાન જેટલું મોટું લશ્કર છે. અત્યારે તમે પણ મુસીલ માટે નીકળી જાવ અને જ્યારે તમે તે જમીન પર પહોંચી જશો તો હું બીજું સૈન્ય તમારી મદદ માટે મોકલીશ.

યઝીદ બિન અનસે કહ્યું: હું ૩૦૦૦ માણસો નક્કી કરૂં છું અને મને આ વાતનો અધિકાર આપો કે આ વિસ્તારમાં હું જ્યાં ચાહું પડાવ નાખું અને પછી હજી વધારે ફૌજની જરૂર પડશે તો હું તમને લખીશ.

જનાબે મુખ્તારે કહ્યું: તમે જેને ચાહો પસંદ કરી લો.

યઝીદ બિન અનસે પોતાની ફૌજ માટે ત્રણ હજાર માણસો પસંદ કર્યા અને મુસીલ તરફ નીકળી ગયા. જનાબે મુખ્તારે તેમને વળાવ્યા અને વિદાય વખતે તેમને કહ્યું: દુશ્મનને જોતા જ તેમના પર હુમલો કરી દેજો અને તેમને સમય ન આપજો. તમને જે તક મળે તેનો તરત જ ફાયદો ઉઠાવજો અને દરરોજ મને પરિસ્થિતીથી વાકેફ કરતા રહેશો. તમારી મદદ માટે તમે મારી પાસે માંગણી નહીં કરો તો પણ હું તમારા માટે લશ્કર મોકલીશ. કેમકે વધારાની ફૌજથી તમે મજબૂત થશો અને તમારા સૈનિકોની હિંમત બુલંદ રહેશે અને દુશ્મનના દીલમાં ડર પેદા થશે.

યઝીદ બિન અનસે કહ્યું: તમે દુઆઓથી મારી મદદ કરો. મારા માટે તમારી દુઆ પુરતી છે.

બીજા લોકોએ પણ યઝીદ બિન અનસ માટે દુઆ કરી અને તેમને વિદાય કર્યા. યઝીદ બિન અનસે લોકોને કહ્યું: અલ્લાહ પાસે દુઆ કરો કે મને શહાદત નસીબ થાય. અલ્લાહની કસમ ! જો હું દુશ્મન પર કામયાબ ન થયો તો ઈન્શાઅલ્લાહ શહાદતનો મોકો હરગીઝ નહીં ગુમાવું. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૩૮)

જનાબે મુખ્તારે મુસીલમાં પોતાના ગવર્નર અબ્દુર્રહમાન બિન સઇદને પત્ર લખ્યો કે યઝીદ બિન અનસને તેમની ઈચ્છા મુજબ કરવા દેજો અને તેમના કામમાં તમે કોઈ દખલગીરી ન કરજો.

યઝીદ બિન અનસ પોતાની ફૌજ સાથે નીકળી ગયા. તેઓ મદાઇન પહોંચ્યા અને ત્યાંથી જોખી અને રાઝાનાતની તરફ અને પછી મુસીલ તરફ ચાલ્યા અને બાતલી નામની જગ્યા પર ઊતર્યા. (મુઅજમુલ બુલ્દાન અને મરાસીદુલ ઇત્તેલાઅ વગેરે

કિતાબોમાં આ નામની કોઇ જગ્યા નથી મળી પરંતુ મસ્દરના લખાણમાં બાતલી, હાશીઆમા માયલી અને માતલી લખેલું છે.)

જ્યારે યઝીદ બિન અનસના નેતૃત્વમાં જનાબે મુખ્તારના સૈન્યની આવવાની ખબર ઉબૈદુલ્લાહ બિન ઝીયાદને મળી તો તેણે કહ્યું: તેના દરેક હજાર સૈન્યના મુકાબલામાં હું બે હજારનું સૈન્ય મોકલીશ. પછી રબીઆ બિન મખારીકના નેતૃત્વમાં ત્રણ હજારનું લશ્કર મોકલ્યું અને ત્યાર બાદ અબ્દુલ્લાહ બિન જુમલાની રહેબરીમાં બીજા ત્રણ હજાર સૈનિકો મોકલ્યા.

રબીઆ બિન મખારીકે પોતાના સૈન્યને અબ્દુલ્લાહ બિન જુમલાના લશ્કરથી એક દિવસ પહેલા મોકલ્યું અને માતલીમાં ઉતર્યો.

યઝીદ બિન અનસ ખૂબ જ બીમાર થઇ ગયા. તેમને સવારી પર સવાર કર્યા. અમુક લોકોએ

તેમને સંભાળ્યા અને તેમણે પોતાની ફૌજને સંગઠિત કરી લશ્કરને યુદ્ધ માટે ઉત્તેજિત કર્યા અને પ્રોત્સાહન આપ્યું અને કહ્યું: જો હું મરી ગયો તો વરકા બિન આઝીબ તમારા અમીર અને તે પણ મરી ગયા તો અબ્દુલ્લાહ બિન ઝમરહ તમારા અમીર રહેશે અને જો તે પણ દુનિયાથી ઊઠી ગયા તો સઅર બિન અબી સઅરા તમારા અમીર રહેશે. પછી અબ્દુલ્લાહને પોતાની ફૌજની જમણી બાજુ રાખ્યા અને સઅરને લશ્કરની ડાબી બાજુ રાખ્યા અને વરકાને સવાર ફૌજના સેનાપતિ નક્કી કર્યા. પોતે પથારી પર આડા પડીને પગપાળા લશ્કરમાં રહ્યા અને હુમલાનો હુકમ આપી દીધો. તેમની હાલત એટલી ગંભીર હતી કે ક્યારેક બેહોશ થઇ જતા હતા અને ક્યારેક હોશમાં આવી જતા હતા.

શામના સેનાપતિઓનું માર્યા જવું

૬૬ હીજરીમાં અરફાના દિવસે સવારના સમયે ઇરાકના લશ્કરે યઝીદ બિન અનસના નેતૃત્વમાં શામની ફૌજ સાથે જે રબીઆ બિન મહારીકની રહેબરીમાં હતી ઝોહરના સમય સુધી ઘમસાણ લડાઇ કરી. શામની ફૌજ હારી ગઇ અને તેમની ફૌજી છાવણી પર કબજો મેળવી લીધો. યઝીદ બિન મખારીકની ફૌજ પાછી આવી ગઇ જ્યારે કે તેના દોસ્તોએ તેને એકલો છોડી દીધો હતો. તે બૂમો પાડી પાડીને શામવાળાઓને બોલાવી રહ્યો હતો અને કહી રહ્યો હતો: તમે બધા પાછા આવી જાવ અને તે ગુલામો સાથે જંગ કરો જેઓ દીનથી બહાર નીકળી ગયા છે. તેના બોલાવવાથી શામની ફૌજનો એક સમૂહ તેની સાથે જોડાઇ ગયો અને તેની સાથે જંગના મેદાનમાં પાછો આવી ગયો

અને જંગની આગ ભડકી ઊઠી. એટલે સુધી કે તેમની હાર થઇ અને રબીઆ બિન મખારીક, અબ્દુલ્લાહ બિન વરકા અને અબ્દુલ્લાહ બિન ઝમરહના હાથેથી કતલ થયો જેઓ બંને ઇરાકી લશ્કરના સરદાર હતા.

શામનું લશ્કર હારી રહ્યું હતું અને પીછેહઠ કરી રહ્યું હતું. એટલામાં અબ્દુલ્લાહ બિન જુમલા ત્રણ હજાર સૈનિકો સાથે આવી ગયો અને હારનારાઓને પોતાની સાથે મેદાનમાં લઇ આવ્યો.

અરફાનો દિવસ પુરો થયો અને યઝીદ બિન અનસ બાતલીમાં રોકાયા. બંને લશ્કર રાતના ત્યાં જ રહ્યા અને એકબીજાની હિલચાલ પર નજર રાખતા હતા. કુરબાનીની ઇદના દિવસે સવારે બંને લશ્કર જંગ માટે તૈયાર થયા અને ઝોહર સુધી ધમસાણ લડાઇ થઇ. ઝોહરની નમાઝ પઢીને ફરીથી મેદાને જંગમાં પાછા ફર્યા અને જબરદસ્ત

યુદ્ધ થયું. શામની ફૌજ હારીને વિખેરાઇ ગઇ અને પોતાના સેનાપતિ અબ્દુલ્લાહ બિન જુમલાને એકલા છોડી દીધા. તેણે મક્કમતાથી મુકાબલો કર્યો એટલે સુધી કે અબ્દુલ્લાહ બિન કરાદ ખશ્અમીએ તેના પર હુમલો કરીને તેને કતલ કરી નાખ્યો.

કુફાના લશ્કરે શામવાળાઓની ફૌજી છાવણી પર કબજો કરી લીધો. શામના લશ્કરમાંથી ઘણાં બધા માર્યા ગયા અને ત્રણસો સૈનિકોની ધરપકડ થઇ. તેમને ઝૈદ બિન અનસ પાસે લાવવામાં આવ્યા. તેમણે કહ્યું: બધાની ગરદન ઊડાવી દો.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૨૯)

ઇરાકના સેનાપતિની વફાત

યઝીદ બિન અનસ ઇદે કુરબાનના દિવસે અસરના સમયે (બીમાર હોવાના કારણે) મૃત્યુ પામ્યા. તેમણે વસીયત કરી હતી કે મારા પછી વરકા બિન આઝીબ ઇરાકની ફૌજના સેનાપતિ છે. એટલા જ માટે તેમના મૃત્યુ પછી વરકાએ તેમની જનાઝાની નમાઝ પઢાવી અને તેમને દફન કર્યા. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૪૧)

વરકા બિન આઝીબની સલાહ

શામનું લશ્કર હારી ગયું. જંગ બંધ થઇ ગઇ તો ઇરાકની ફૌજના સેનાપતિએ પોતાની સવાર ફૌજના સેનાપતિને બોલાવ્યો અને કહ્યું: મને ખબર મળી છે કે ઇબ્ને ઝીયાદે તમારો મુકાબલો કરવા માટે ૮૦,૦૦૦નું સૈન્ય મોકલ્યું છે. હું પણ તમારામાંથી જ એક વ્યક્તિ છું. આ અંગે વિચારીને પગલું ભરો. હું વિચારૂં છું કે આવી પરિસ્થિતિમાં આપણે શામવાળાઓનો મુકાબલો નહીં કરી શકીએ. હવે જ્યારે કે આપણા સેનાપતિ યઝીદ બિન અનસ દુનિયાથી ચાલ્યા ગયા છે અને અમારા સાથીઓમાંથી પણ અમુક લોકો અમારાથી જુદા થઇ ગયા છે. જો આજે પાછા ફરીશું તો લોકો આમ જ કહેશે કે તેમનો અમીર મરી ગયો હતો એટલે પાછા ફરી ગયા અને દુશ્મનના દીલમાં આપણો ડર પણ

રહેશે અને જો શામની ફૌજ આજે આપણને હરાવી દે તો કાલે જે તેઓ હાર્યા હતા તેનો આપણને કોઇ ફાયદો નહીં થાય. તેમના સાથીઓએ કહ્યું: તમારી વાત સાચી છે. તેથી ઇરાકનું લશ્કર પાછુ આવી ગયું.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૩૦)

વરકા બિન આઝીબની ગેરસમજ

વરકાની સલાહ યોગ્ય અને પ્રશંસનીય હતી. કેમ કે ઇરાકની ફૌજ શામીઓની ૮૦,૦૦૦ના લશ્કરનો મુકાબલો કરી શકે તેમ નહતી. પરંતુ વરકાઅ બિન આઝીબે જનાબે મુખ્તારને પત્ર લખીને તેમને પોતાની ફોજના સેનાપતિ યઝીદ બિન અનસની બીમારીના કારણે મૌત અને શામની ફૌજના સેનાપતિઓના કતલ થવા વિશે અને શામના સૈન્યની હારની ખબર આપવી જોઇતી હતી. પરંતુ તેમણે આમ ન કર્યું અને પછી જે થવાનું હતું તે થયું. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૪૧)

(એટલે કે કુફામાં મુનાફીકો અને દુશ્મનો એમ કહેવા લાગ્યા કે ઇરાકી લશ્કરના સેનાપતિ માર્યા ગયા અને જનાબે મુખ્તારની ફૌજ હારી ગઇ છે જેથી તેઓએ મુખ્તાર વિરૂદ્ધ બળવો કર્યો.)

યઝીદ બિન અનસની વફાતની ખબર

ઈરાકના લશ્કરના સેનાપતિની વફાતની ખબર કુફા પહોંચી. જનાબે મુખ્તાર અને કુફાવાસીઓને આ બાબતની જાણ થઇ. કુફાવાળાઓ જનાબે મુખ્તારની વિરૂદ્ધ ભડકી ગયા અને ઇરાકના સેનાપતિના મૃત્યુની ખબરને કબૂલ ન કરી અને કહેવા લાગ્યા કે તેમને શામની ફૌજે કતલ કર્યા છે અને તેમની ફૌજ હારી ગઇ છે.

જનાબે મુખ્તારે ઇબ્રાહીમ બિન અશ્તરને સાત હજારની ફૌજના લશ્કર બનાવ્યા અને તેમને કહ્યું: નીકળી જાવ અને જ્યારે જુઓ કે ઇરાકનું લશ્કર પાછુ આવી રહ્યું છે તો તમે તેમના અમીર બની જજો અને તેમને લઇને શામના સૈન્ય અને ઇબ્ને ઝીયાદ તરફ જજો અને તેમની સાથે જંગ કરજો. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૩૦)

ઇબ્રાહીમ બિન અશ્તર નીકળી ગયા અને હમામ અઅયન પર પોતાનું લશ્કર ભેગું કર્યું અને ત્યાંથી શામ તરફ ગયા. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૪૨)

કુફામાં કાવતરૂ

ઇબ્રાહીમ બિન અશ્તર જ્યારે કુફાથી બહાર ચાલ્યા ગયા તો કુફાના અગ્રણીઓ શીસ બિન રબીઇ પાસે ભેગા થયા અને તેમને કહ્યું: અલ્લાહની કસમ ! જનાબે મુખ્તાર અમારી મરજી વગર અમારા અમીર બની બેઠા છે. અમારા ગુલામોને પોતાનાથી નજીક કરી લીધા છે, તેમને સવારીઓ પર બેસાડયા અને અમારો માલ અને ગનીમત તેમના દરમિયાન વહેંચે છે.

શીસ તેમનો રહેબર હતો. તેણે કહ્યું: મને સમય આપો હું મુખ્તાર સાથે મુલાકાત કરીને તેમને કહીશ. પછી તેઓ મુખ્તાર પાસે ગયા અને તેમની બધી જ ફરીયાદ બયાન કરી. જનાબે મુખ્તારે તેમની બધી જ વાતોના જવાબ આપ્યા અને કહ્યું કે હું તેમને ખુશ કરીશ. જે વસ્તુની તેઓ માંગણી કરશે

હું તેમને આપીશ. એટલે સુધી કે મવાલીઓ અને ગુલામોને ગનીમતનો માલ આપવાની વાત નીકળી તો જનાબે મુખ્તારે કહ્યું: જો હું ગનીમતનો માલ તમારા દરમિયાન વહેચું તો તમે કસમ ખાવ છો અને મને વચન આપો છો કે બની ઉમય્યા અને ઇબ્ને ઝુબૈર સાથેની જંગમાં મારો સાથ આપશો ?

શીસે કહ્યું: હું તેમને આ વાત કહીશ.

ત્યાર બાદ તે મુખ્તાર પાસેથી ચાલ્યો ગયો અને પછી પાછો ન આવ્યો અને તેમણે નક્કી કર્યું કે મુખ્તાર સાથે લડાઇ કરીશું. એટલા માટે શીસ બિન રબીઇ, મુહમ્મદ બિન અશઅસ, અબ્દુર્રહમાન બિન સઇદ અને શીમ્ર એક જગ્યાએ ભેગા થઇને કઅબ બિન અબી કઅબ ખસ્અમીની પાસે આવ્યા અને આ અંગે તેની સાથે વાત કરી. તેણે પણ આ લોકોની વાત કબૂલ કરી લીધી અને તેમની મદદ કરવાનું વચન આપ્યું. આ લોકો તેની પાસેથી

બહાર નીકળ્યા અને અબ્દુર્રહમાન બિન મિખ્નફ પાસે ગયા અને તેમને મુખ્તાર વિરૂદ્ધ બળવો કરવા માટે ઉશ્કેર્યા.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૩૧)

અબ્દુર્રહમાન બિન મીખનફની સલાહ

અબ્દુર્રહમાને તેમને કહ્યું: જો તમે લોકો બળવો કરવા માંગો છો તો હું તમને એકલા નહીં છોડું. પરંતુ જો મારી વાત માનતા હો તો તમે મુખ્તારની વિરૂદ્ધ બળવો ન કરો.

તે લોકોએ કહ્યું: કારણ શું છે?

અબ્દુર્રહમાને કહ્યું: મને ડર છે કે તમે વેરવિખેર થઇ જશો અને તમારા દરમિયાન મતભેદ થઇ જશે અને તમે બધાં એકબીજાને એકલા છોડી દેશો. જ્યારે કે તમારા બહાદુરો અને ઘોડે સવારો મુખ્તાર સાથે છે. શું ફલાણો માણસ મુખ્તાર સાથે નથી ? શું તમારા ગુલામો તેમની સાથે નથી ? તેઓ સંગઠિત છે અને આ લોકો તમારા માટે તમારા દુશ્મન કરતા વધારે ખતરનાક છે. કેમ કે તેમણે અરબની બહાદુરી અને બિન અરબની

દુશ્મની ભેગી કરી લીધી છે. જો તમે થોડીક ધીરજ રાખશો તો શામવાળા અથવા મીસરવાળા આવશે અને તેઓ જ તમારા માટે પુરતા છે. પછી તમારે તેમની સાથે સંઘર્ષ કરવાની જરૂર નહીં પડે. બીજાઓ તેમને નાબૂદ કરી દેશે.

તેમણે કહ્યું: તમને અલ્લાહની કસમ, અમારો વિરોધ ન કરો અને અમારી યોજનાને નિરર્થક ન કરો.

અબ્દુર્રેહમાને કહ્યું: હું પણ તમારામાંથી જ છું. તમે જ્યારે ચાહો ત્યારે બળવો કરી શકો છો.

તે લોકોએ એકબીજાને કહ્યું: આપણે ઇબ્રાહીમ બિન અશ્તરના બહાર નીકળી ગયા સુધી ધીરજ રાખવી જોઇએ. એટલે તેમણે ઇબ્રાહીમના નીકળતા સુધી રાહ જોઈ. એટલે સુધી કે ઇબ્રાહીમ સાબાત પહોંચી ગયા. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૪૩)

પ્રકરણ : ૪૯

બળવો

ઈબ્રાહીમના બહાર ચાલ્યા ગયા પછી જનાબે મુખ્તારના વિરોધીઓએ બળવો કર્યો અને મેદાનમાં ભેગા થઇ ગયા. દરેક લીડર પોતાના સાથીદારો સાથે એક વિસ્તારમાં ભેગા થયા. જ્યારે જનાબે મુખ્તારને આ સમુહના બળવાની ખબર પડી તો તેમણે કોઇને ઇબ્રાહીમ બિન અશ્તર પાસે મોકલીને કહેવડાવ્યું કે જેટલું જલ્દી થઇ શકે પાછા આવી જાવ. ત્યારબાદ જનાબે મુખ્તારે એક વ્યક્તિને બળવો કરનારા લોકો પાસે મોકલીને જાણ્યું કે તમારી શું ઈચ્છા છે ? તમારી જે માંગણી હોય તેને હું પૂરી કરીશ.

તેમણે જવાબ આપ્યો કે અમે ઈચ્છીએ છીએ કે તમે કુફાની હુકૂમતથી હટી જાવ. તમને મુહમ્મદ બિન હનફીયાએ નિમણુંક નથી કર્યા. આ માત્ર તમારો દાવો છે.

જનાબે મુખ્તારે કહ્યું: તમે એક પ્રતિનિધિ મંડળ મુહમ્મદ બિન હનફીયા પાસે મદીના મોકલો અને હું પણ એક પ્રતિનિધિ મંડળ મોકલું છું અને પછી દાવાની હકીકત સ્પષ્ટ થાય ત્યાં સુધી રાહ જુઓ.

આ રીતે જનાબે મુખ્તાર તેમને સમજાવવા માંગતા હતા અને તેમના વિચારમાં આ હતું કે આ બધી ચર્ચા થાય ત્યાં સુધી ઇબ્રાહીમ બિન અશ્તર પાછા આવી જશે અને પછી આ લોકો સાથે મુકાબલો કરી લઇશું. જનાબે મુખ્તારે પોતાના સાથીઓને હુકમ આપ્યો કે તમે હુમલો ન કરો. કુફાવાળાઓએ તેમનો રસ્તો બંધ કરી દીધો. તેઓ જનાબે મુખ્તાર અને તેમના સાથીઓ સુધી પાણી પહોંચવા નહોતા દેતા. પરંતુ તેમને ખબર ન પડે તે રીતે થોડુંક પાણી તેમના સુધી પહોંચી જતુ હતું.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૩૨)

શીમ્રનું યમન કબીલાથી જુદા થવું

ત્યાર બાદ શીમ્ર બિન ઝીલ જવશન યમન કબીલા પાસે આવ્યો અને તેમને કહ્યું: જો તમે બધા એક જગ્યાએ ભેગા થઇ જાવ અને એક તરફથી સાથે મળીને જંગ કરો તો હું તમારી મદદ કરીશ. નહીં તો મારો તમારી સાથે કોઇ સંબંધ નથી. કેમ કે હું સાંકડી ગલીઓમાં છૂટાછવાયા થઇને લડાઇ નહીં કરૂં. પરંતુ યમનના કબીલાવાળાઓએ તેની વાત ન માની. તેથી તે યમન કબીલાથી જુદા થઇને પોતાની કૌમ પાસે મેદાને બની સીલૂલમાં પહોંચ્યો અને તેમની સાથે જોડાઈ ગયો.

જ્યારે જનાબે મુખ્તારને ફરીથી આ ખબર મળી તો તેમણે ફરી ઇબ્રાહીમને પત્ર લખ્યો. ઇબ્રાહીમને પરિસ્થિતિની જાણ થઇ તો તેમણે તે જ દિવસે પોતાના ફોજીઓ દરમિયાન અવાજ આપી અને તરત જ તેમને પાછા જવાનો હુકમ આપ્યો. ઇબ્રાહીમ

અને તેમના સૈનિકો પાછા ફર્યા. આખી રાત સફર કર્યો અને 'સુવૈઆ' (મઆજીમ ડીક્ષનરીમાં અમને સુવૈઆ નામ નથી મળ્યું. શક્ય છે તેનું નામ સુબકા હોય જે એક જગ્યાને કહેવાય છે. - મરાસીદુલ ઇત્તેલાઅ, ભાગ ૨, પાના-૭૫૮) નામની જગ્યાએ થોડોક આરામ કર્યા પછી ત્યાંથી નીકળી ગયા અને સવારની નમાઝ 'સુરા' (સુરા હીલ્લાની નજીક એક શહેર છે. - મરાસીદુલ ઇત્તેલાઅ, ભાગ ૨, પાના-૭૫૩) માં પડી અને ફરી ચાલવા લાગ્યા. અસ્રની નમાઝ બાબે જસ્ર પર પઢી. ત્યાંથી પાછા આવ્યા અને મસ્જિદમાં રાત પસાર કરી.

આ પહેલા શીસ બિન રબીએ પોતાના દીકરા મારફત મુખ્તારને આ પૈગામ મોકલ્યો હતો કે અમે તમારા ખાનદાનમાંથી છીએ અને અમે તમારા છીએ. અલ્લાહની કસમ ! અમે તમારી સાથે ક્યારેય જંગ નહીં કરીએ. અમારા તરફથી નિશ્ચિંત રહો. એટલા માટે

શીસ બિન રબીઇ જનાબે મુખ્તાર સાથે લડાઇ કરવા પર રાજી ન હતો.

જ્યારે નમાઝનો સમય થયો તો યમન કબીલાવાળા ભેગા થયા. દરેક સમૂહનો સરદાર એવું નહોતો ઇચ્છતો કે હરીફ કબીલાનો સરદાર ઈમામ બનીને નમાઝે જમાઅત પઢાવે. અબ્દુર્રહમાન બિન મીખનફે કહ્યું: તમારા દરમિયાન ઝઘડાની શરૂઆત તો અહીંથી જ થઈ ગઈ. મારી સલાહ એ છે કે એવા માણસને ઇમામ બનાવો જેને બધા જ કબૂલ કરતા હોય. કેમ કે તમારા દરમિયાન શહેરના મોટા મોટા કારી છે. રૂફાઆ બિન શદ્દાદ તમારા દરમિયાન છે. તેમને ઇમામ બનાવીને તેમની પાછળ નમાઝ પઢો. બધાએ તેમની વાત કબૂલ કરી એટલે રૂફાઆને ઇમામ બનાવીને તેની ઇમામતમાં નમાઝ પઢવામાં આવી. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૪૪)

બળવો કરનારાઓ સાથે જંગ

જનાબે મુખ્તારે પોતાના સૈનિકોને બજારમાં ભેગા કર્યા અને ઇબ્રાહીમ બિન અશ્તરને કહ્યું: તમે મુઝીર કબીલા સામે લડવા જાવ. તે કબીલાની રહેબરી શીસ બિન રબી અને મુહમ્મદ બિન ઉમૈર બિન અતારૂદના હાથમાં હતી અને આ લોકો કિનાસા(ઉકરડા) પાસે ભેગા થયા હતા. જનાબે મુખ્તારે ઇબ્રાહીમને યમનવાળાઓના મુકાબલામાં નહોતા મોકલ્યા. તેનું કારણ આ હતું કે ઇબ્રાહીમ પણ તેમનામાંથી જ હતા. જનાબે મુખ્તારને આ વાતનો ડર હતો કે ક્યાંક એવું ન બને કે ઇબ્રાહીમ લડાઇમાં તેમની સાથે નરમાશથી વર્તન કરે. તેથી યમનવાસીઓના મુકાબલામાં જનાબે મુખ્તાર પોતે ગયા.

આ લોકો સબીઅના મેદાન પર ભેગા થયા હતા. જનાબે મુખ્તાર અમ્ર બિન સઇદના ઘરની પાસે રોકાયા અને અહમર બિન શમીત અને અબ્દુલ્લાહ બિન કામીલને આગળ આગળ મોકલ્યા અને આ વાતનો આગ્રહ કર્યો કે જે રસ્તાથી હું કહું છું તે રસ્તાથી તમે મેદાનમાં જાવ અને સાથે આ પણ કહ્યું: મને શબામ કબીલાના લોકોએ ખબર આપી છે કે બળવો કરનારા સતત ભેગા થઇ રહ્યા છે. આ બંનેએ મુખ્તારના કહેવા પ્રમાણે અમલ કર્યો. યમનવાસીઓને જ્યારે આ બંનેના આવવાની ખબર મળી તો તેઓ બે ટુકડીમાં વહેંચાઇ ગયા અને બંને સાથે ઘમસાણ યુદ્ધ થયું. અહમર બિન શમીત અને અબ્દુલ્લાહ બિન કામીલના સિપાહીઓ વેરવિખેર થઈને પાછા હટી ગયા અને મુખ્તાર પાસે આવ્યા. જનાબે મુખ્તારે તેમને અહમર બિન શમીત

અને અબ્દુલ્લાહ બિન કામીલ વિશે પૂછ્યું તો તેમણે કહ્યું અમને તેમના વિશે ખબર નથી.

જનાબે મુખ્તાર પોતે તેમની તરફ ગયા. અબી અબ્દીલ્લાહ જદલીના ઘર સુધી પહોંચ્યા અને ત્યાં જ ઊભા રહી ગયા. ત્યાર બાદ અબ્દુલ્લાહ બિન કીરાદને ચારસો માણસો સાથે અબ્દુલ્લાહ બિન કામીલની મદદ માટે મોકલ્યા અને તેમને કહ્યું: જો ઇબ્ને કામીલ કતલ થઈ ગયા હોય, તો ફૌજના અમીર તમે છો અને જો જીવતા હોય તો આ ત્રણસો સૈનિકો તેને આપી દેજો અને તમે પોતે સો સૈનિકો સાથે મેદાને સબીઅ તરફ નીકળી જજો અને હમ્મામ કતન તરફથી ત્યાં જજો.

અબ્દુલ્લાહ બિન કીરાદ આવ્યા. તેમણે જોયું કે અબ્દુલ્લાહ બિન કામીલ એક સમૂહ સાથે મક્કમતાપૂર્વક જંગ કરી રહ્યા છે. જનાબે મુખ્તારના કહેવા પ્રમાણે અબ્દુલ્લાહ બિન કીરાદે ત્રણસો

સૈનિકો અબ્દુલ્લાહ બિન કામીલને સોંપી દીધા અને પોતે સો સૈનિકો સાથે અબ્દુલ કૈસની મસ્જિદ પાસે આવી ગયા અને પોતાના સૈનિકોને કહ્યું: હું મુખ્તારની કામયાબી ઇચ્છું છું. પરંતુ મારા કબીલાના અગ્રણીઓ અને બુઝુર્ગોની હલાકત મને પસંદ નથી. અલ્લાહની કસમ ! હું મૌતને તેનાથી વધારે બહેતર સમજું છું કે તેઓ મારા હાથથી કતલ થાય. પરંતુ રાહ જુઓ શક્ય છે મને ખબર મળે કે કબીલએ શબામ તેમની પાછળ આવી રહ્યો છે. કદાચ તેઓ જંગમાં કુદી પડે અને આપણને જંગ કરવાની જરૂર ન પડે. તેના સાથીઓએ કહ્યું ઠીક છે. આ લોકો અબ્દુલ કૈસ નામની મસ્જિદમાં રોકાઇ રહ્યા.

માલીક બિન અમ્ર

જનાબે મુખ્તારે માલીક બિન અમ્રને જેઓ ઘણા બહાદુર હતા અને અબ્દુર્રહમાન બિન શરીક આ બંનેને બે બે સૈનિકો સાથે અહમર બિન શમીતની મદદ માટે મોકલ્યા. તેઓ તેમની મદદ માટે નીકળ્યા. તે વખતે તેઓ દુશ્મનના ઘેરામાં હતા અને સખત જંગ થઇ રહી હતી.

ઇબ્રાહીમ બિન અશ્તર શીસ બિન રબીના મુકાબલા માટે પહોંચ્યા જેની સાથે કબીલએ મુઝીર હતો અને તેમને કહ્યું: પાછા ચાલ્યા જાવ. અલ્લાહની કસમ મને આ વાત પસંદ નથી કે મુઝીર કબીલાનો કોઇ માણસ મારા હાથે કતલ થાય. તમે પોતાને પાયમાલ ન કરો. તે લોકોએ ઇબ્રાહીમ બિન અશ્તરની વાત ન માની. જેથી ઘમસાણ લડાઇ શરૂ થઇ ગઇ. ઇબ્રાહીમે તેમને હાર આપી અને જનાબે મુખ્તારને જીતની ખબર પહોંચી. તેમણે આ ખબર બીજા સેનાપતિઓ સુધી પહોંચાડી.

અબુલ કુલુસ

શબામ કબીલો કે જેનો સરદાર અબુલ કુલુસ હતો અને તેઓ જનાબે મુખ્તારના સાથીદારોમાંથી હતા. તેમણે નક્કી કરી લીધું હતું કે એહલે યમન પર પાછળથી હુમલો કરશે. તેમનામાંથી અમુક લોકોએ સલાહ આપી હતી કે જો આપણે કબીલએ મુઝીર અને રબીઆની પાસે ચાલ્યા જઇએ તો સારૂં છે. તે લોકોએ અબુલ કુલુસને પૂછયું: તમે શું સલાહ આપો છો? તેમણે કહ્યું :

قَاتِلُوا الَّذِينَ يَلُونَكُمْ مِنَ الْكُفَّارِ

(સૂ. તૌબા આ-૧૨૩)

(તે કાફીર સાથે જંગ કરો જેઓ તમારી નજીક છે.) કબીલાવાળાઓને હુકમ આપ્યો કે આગળ વધો. ત્રણ વખત હુકમ આપ્યો. તેઓ હજુ

થોડીક દૂર ગયા હશે કે તેમને બેસવાનો હુકમ આપવામાં આવ્યો. લોકોએ તેનું કારણ પૂછયું તો તેણે કહ્યું: હું ચાહું છું કે તમારા દીલોથી ડર અને ભય નીકળી જાય અને દુશ્મન પર શાંતિથી હુમલો ન કરજો. ત્યાર બાદ મેદાને સબીઅ તરફ ચાલ્યા. એક સમૂહે તેમને રોક્યા. આ લોકોએ તેમને વેરવિખેર કરીને તેમના સેનાપતિને કતલ કરી નાખ્યો અને મેદાને સબીઅમાં દાખલ થઇ ગયા અને યા લસારાતીલ હુસૈનનો નારો પોકાર્યો.

રૂફાઅહ બિન શદ્દાદનું કતલ થવું

બળવો કરનારાઓએ જનાબે મુખ્તારના સૈનિકોનો આ નારો સાંભળ્યો તો યઝીદ બિન ઉમૈરે કહ્યું: 'યા લસારાતી ઉસ્માન' તો રૂફાઅહ બિન શદ્દાદે તેને કહ્યું: આપણને ઉસ્માન સાથે શું લેવા દેવા ? હું એ સમૂહની જરાય હીમાયત નથી કરી શક્તો જે ઉસ્માનના લોહીનો બદલો લેવા માંગતો હોય.

તેના ઘરવાળાઓએ તેને કહ્યું: તમે અમને અહીં લાવ્યા છો. અમે તમારી ઇતાઅત કરી છે. હવે લડાઇનો સમય આવી ગયો છે તો કહો છો કે પાછા ફરી જાવ અને તેમને છોડી દો.

રૂફાઆએ તેમના (બળવો કરનારાઓ) પર હુમલો કરીને કહ્યું:

اَنَا بْنُ شَدَّادٍ عَلَى دِيْنِ عَلِّيٍ

لَسْتُ لِعُثْمَانِ بْنِ اَرْوَى بِوَلِيٍّ

لَاَصْلِيَنَّ الْيَوْمَ فِيْمَنْ يَصْطَلِي

بِحَرِّ نَارَ الْحَرْبِ غَيْرِ مُؤْتَلِ

હું શદ્દાદનો દીકરો છું. અલી(અલ.)ના દીન પર છું અને અરવાના દીકરા ઉસ્માનને પસંદ નથી કરતો.

આજે હું લડનારાઓ સાથે લડીશ અને જંગની આગની સદંતર પરવા નહીં કરું. (કામીલ ઈબ્ને અસીર,ભાગ ૪,૨૩૪)

રૂફ્આા જંગ કરતા કરતા માર્યા ગયા.

કુફ્ાના અમુક લોકોએ જનાબે મુખ્તાર સામે બળવો પોકાર્યો હતો. તેમના ઘણાં બધા બુઝુર્ગો માર્યા ગયા અને પાંચસો અસીર બન્યા કે જેમના હાથ બાંધી દેવામાં આવ્યા હતા. અબ્દુલ્લાહ બિન શરીક કૈદીઓને આઝાદ કરવામાં વ્યસ્ત હતા. જ્યારે જનાબે મુખ્તારને આ ખબર પહોંચી તો તેમણે કહ્યું કે તેમને મારી સામે રજૂ કરવામાં આવે અને તેમનામાંથી જેણે પણ ઇમામ

હુસૈન(અલ.)ના કતલમાં ભાગ લીધો હતો તેની ઓળખાણ કરાવવામાં આવે.

કૈદીઓને જનાબે મુખ્તારની સામે રજૂ કરવામાં આવ્યા અને તેમનામાંથી જે પણ ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવા માટે ગયા હતા તેમની ઓળખાણ કરાવવામાં આવી અને તેમને કતલ કરવામાં આવ્યા. એટલે સુધી કે કતલ થનારાઓની સંખ્યા ૨૪૦ સુધી પહોંચી ગઇ. અમુક લોકોને મુખ્તારના સાથીઓએ તેમને બતાવ્યા વગર કતલ કરી નાખ્યા હતા. ત્યાર બાદ બીજા કેદીઓને આઝાદ કરી દીધા અને તેમની પાસેથી વચન લેવામાં આવ્યું કે તેમના દુશ્મનોની મદદ નહીં કરે. પછી એલાન કરવામાં આવ્યું કે જે માણસ પોતાના ઘરે ચાલ્યો જશે તેના માટે અમાન છે પરંતુ જેણે ઈમામ હુસૈન(અલ.)ના કતલમાં ભાગ લીધો હશે તેના માટે અમાન નથી. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૪૭)

કુફાથી ભાગવું

જનાબે મુખ્તારે કુફામાં વર્ચસ્વ પ્રાપ્ત કરી લીધું અને હુકૂમત પોતાના હાથમાં લઇ લીધી. તો જે લોકોએ કરબલાના કીસ્સામાં ભાગ લીધો હતો અને રસુલ(સલ.)ના ફરઝંદ અને તેમના અસ્હાબનું ખૂન વહાવ્યું હતું તેઓ પોતાની જાનના ડરથી કુફાથી ભાગવા લાગ્યા. તે લોકો સમજી ગયા કે જનાબે મુખ્તારે ઇમામ હુસૈન(અલ.)ના ખૂનનો બદલો લેવા માટે બળવો કર્યો છે. એટલા માટે ઘણાં બધા રણમાં ચાલ્યા ગયા અને તેમના વિશે કાંઇ ખબર ન પડી અને અમુક કુફાથી શામ તરફ ભાગી ગયા અને અબ્દુલ મલીક બિન મરવાન પાસે પહોંચ્યા (જ્યાં પહેલા યઝીદ હાકીમ હતો અને તેની હલાકત પછી મરવાન બિન હકમ હાકીમ બન્યો અને તેની મૌત પછી તેનો દીકરો અબ્દુલ મલીક

બિન મરવાન હાકીમ બન્યો.) જેથી મુખ્તારના ડર અને ગુસ્સાથી બચવા માટે તેની પાસે પનાહ લે. અબ્દુલ મલીક બિન હીજાજ તગલબી પણ શામ પહોંચ્યો અને અબ્દુલ મલીક બિન મરવાનનો આશ્રય લીધો અને તેને કહ્યું: હું ઇરાકથી ભાગીને તમારી પાસે આવ્યો છું.

અબ્દુલ મલીકે ચીસ પાડીને કહ્યું: તમે ખોટું બોલો છો. તમે અમારા માટે ભાગીને નથી આવ્યા બલકે ઇમામ હુસૈન(અલ.)ના લોહીથી ભાગીને આવ્યા છો. તમને તમારી જાનની ચિંતા છે એટલે અમારી પનાહ શોધી લીધી છે.

અમુક કૂફાવાસીઓ કુફાથી ભાગીને મક્કામાં અબ્દુલ્લાહ બિન ઝુબૈર પાસે પહોંચ્યા અને તેના લશ્કરમાં સામેલ થઇ ગયા. (અબ્દુલ્લાહ બિન ઝુબૈરે મઆવીયાની મૌત પછી પોતાને ખલીફા જાહેર કર્યો હતો) પરંતુ તેના લશ્કરમાં સામેલ થવું

અકીદો અને ઇમાનના કારણે ન હતું બલકે જનાબે મુખ્તારના ડરે કુફાથી ભાગવા પર મજબૂર થયા હતા. એટલા માટે તેઓ મક્કા આવ્યા અને ઝુબૈર સાથે જોડાઇ ગયા. (હયાતુલ ઇમામ હુસૈન(અલ.) ભાગ ૩, પાના-૪૫૫)

અમ્ર બિન હજ્જાજ ઝુબૈદી

આ માણસ કરબલાના બનાવમાં હતો અને ઉબૈદુલ્લાહની ફૌજના સેનાપતિઓમાંથી એક હતો. જ્યારે જનાબે મુખ્તારે ઇમામ હુસૈન(અલ.)ના કાતીલોથી બદલો લેવાનો ઇરાદો કર્યો તો તે પોતાની સવારી પર સવાર થઇને વાકેસા તરફ ભાગી ગયો અને ત્યાર બાદ ગુમ થઇ ગયો.

કહેવાય છે કે જનાબે મુખ્તારના સાથીઓએ તેને રસ્તામાં જોયો તો પ્યાસની સખ્તીના કારણે પડી ગયો. તેમણે તેનું સર ઉડાવી દીધુ.

જનાબે મુખ્તાર સાથે બળવો કરનારાઓ સાથેની લડાઇમાં જે લોકો કતલ થયા છે તેમાં ફુરાત બિન ઝહર બિન કૈસ પણ સામેલ છે.

(શીઆઓના બુઝુર્ગ ઇબ્ને કલ્બીથી ઇસાબહમાં રીવાયત વર્ણન થઇ છે કે ઝહર બિન

કૈસ જોઅફીએ રસુલ અકરમ(સલ.)ના જમાનાને જોયો છે. અરબના બહાદુરમાં તેઓ ગણાતા હતા. તેઓ હઝરત અલી(અલ.) સાથે રહેતા હતા. જ્યારે પણ હઝરત અલી(અલ.) તેમને જોતા હતા તો ફરમાવતા હતા: જે માણસ જીવંત શહીદને જોવા માંગે છે તે આ વ્યક્તિને જોઇ લે. હઝરત અલી(અલ.)એ તેમને મદાઇનના હાકીમ બનાવ્યા હતા. તેમના ચાર દીકરા હતા. બધા જ કુફાના જાણીતા માણસો હતા. એકનું નામ કુરાત હતું જેને મુખ્તારે કતલ કર્યા. બીજો દીકરો ઇબ્ને અશઅસ સાથે માર્યો ગયો. તે અશઅસની ફૌજમાં ખારજીઓનો અમીર હતો. હજ્જાજે કહ્યું કોઇ પણ ઉઠનારો ફીત્નો શાંત નથી પડી શક્તો પરંતુ એ કે ફીત્નો પેદા કરનારના સરદારોમાંથી એકને મારી નાખવામાં આવે અને આ યમનના મોટા લોકો છે. ત્રીજા દીકરાનું જહીમ હતું. તે કતીબા બિન

મુસ્લીમની સાથે ખુરાસાનમાં હતો અને ગુરગાનનો ગવર્નર હતો. ચોથા દીકરાનું નામ હમ્માલ હતું. તે ગામડામાં જીવન પસાર કરતો હતો. - નફ્સુલ મહમુમ,પાના ૩૦૭)

અબ્દુલ્લાહ બિન મુતીઅ

આ અબ્દુલ્લાહ બિન ઝુબૈર તરફથી કુફાનો હાકીમ હતો. જનાબે મુખ્તારે કૂફા પર વર્ચસ્વ મેળવી લીધા પછી અબ્દુલ્લાહ બિન મુતીઅ અબુ મુસા અશઅરીના ઘરમાં છૂપાઇ ગયો હતો. મુખ્તારે તેને થોડાક પૈસા આ સંદેશ સાથે મોકલ્યા હતા કે આ પૈસા તારા સફરના ભાથા માટે છે. તેણે પૈસા લઇ લીધા અને બસરા ચાલ્યો ગયો કેમ કે અબ્દુલ્લાહ બિન ઝુબૈરની સામે જવામાં અને તેની સામે આ વાત કહેવામાં શરમ આવતી હતી કે મને મુખ્તારે હાર આપી દીધી છે.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૨, પાના-૨૩૬)

ઘરોને પાયમાલ કરવું

અમે પહેલા બયાન કરી ચૂક્યા છીએ કે એહલે કુફામાં જે લોકોનો હાથ ઈમામ હુસૈન(અલ.)ના કતલમાં હતો તેમનામાંથી જેમના માટે શક્ય હતું તેઓ ભાગી નીકળ્યા. અમુક લોકો મક્કામાં અબ્દુલ્લાહ બિન ઝુબૈર સાથે જોડાઇ ગયા. અમુક લોકો બસરામાં મુસઅબ બિન ઝુબૈર સાથે જોડાઈ ગયા અને એક સમુહ રણમાં આમતેમ વિખેરાઈ ગયું. જનાબે મુખ્તારે તેમનો પીછો કર્યો અને જે હાથમાં ન આવી શક્યા તેમના ઘરોને તોડી નખાવ્યા. નીચે વર્ણન કરેલા લોકોના ઘરોને તેમણે તોડી નખાવ્યા હતા.

(૧) મુહમ્મદ બિન અશઅસ બિન કૈસ કુન્દી : તેનું ઘર કાદસીયા નજીક એક ગામડામાં હતું. જનાબે મુખ્તારે તેની ધરપકડ કરવા માટે અમુક સૈનિકો ત્યાં મોકલ્યા. તેમણે તેના મહેલને ઘેરામાં લઇ લીધો અને મહેલમાં દાખલ થયા પરંતુ તે ભાગી ચૂકયો હતો. જ્યારે તેના

સીપાહીઓએ આ વાતની ખબર જનાબે મુખ્તારને આપી તો તેમણે હુકમ આપ્યો કે તેના મહેલને નાબૂદ કરી નાખો અને તે જ ઘરના સામાનથી હુજ્ર બિન અદીના ઘરને બનાવો જેને ઇબ્ને ઝીયાદે તોડી નાખ્યું હતું.

(૨) અબ્દુલ્લાહ બિન ઉરવહ ખશઅમી : આ માણસ પણ ભાગવામાં કામયાબ થઇ ગયો હતો. આ તે જ માણસ હતો જેણે કહ્યું હતું કે મેં અસ્હાબે હુસૈન(અલ.)તરફ બાર તીરો માર્યા છે. જનાબે મુખ્તારના હુકમથી તેનું ઘર પણ નષ્ટ કરી નાખવામાં આવ્યું. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૭)

(૩) અસ્માઅ બિન ખારજા : આ તે લોકોમાંથી છે જે જનાબે મુસ્લીમ બિન અકીલના કતલમાં સામેલ હતો. જનાબે મુખ્તારે કહ્યું: આસમાનના પરવરદીગાર અને નૂર અને અંધકારના રબની કસમ આસમાનથી આગ આવશે અને અસ્માઅના ઘરને બાળી નાખશે.

જનાબે મુખ્તારની આ વાત જ્યારે તેના કાન સુધી પહોંચી તો તેણે કહ્યું: અબુ ઇસ્હાક 'મુખ્તાર' મુસજ્જઅ વાત કહે છે. (મુસજ્જઅ વાત એટલે એવું કલામ,એવું વાક્ય કે જેના શબ્દોનો સ્વર અને સૂર સમાન હોય) હવે કુફા રહેવાની જગ્યા નથી. આમ કહીને તે ઘરેથી બહાર નીકળી ગયો અને જંગલમાં ચાલ્યો ગયો.

જનાબે મુખ્તારે હુકમ આપ્યો કે તેના અને તેના પિતરાઇ ભાઇઓના ઘરોને તોડી નાખો. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૨૭૭)

(૪) અબ્દુલ્લાહ બિન ઉક્બા ગનવી : મુખ્તારે જે લોકોને આ વ્યક્તિને પકડવા માટે મોકલ્યા હતા તે તેમને ન મળ્યો. જ્યારે મુખ્તારના સિપાહીઓ ત્યાં ગયા તો તેમને ખબર પડી કે તે જઝીરામાં ભાગી ગયો છે. તેણે એહલેબૈત(અલ.)ના એક બાળકને શહીદ કર્યું હતું જેથી તેનું ઘર પણ તોડી નાખવામાં

આવ્યું હતું. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૪૩)

(મદાઇનીએ અબુ મીખનફથી અને તેણે સુલેમાન બિન રાશીદથી વર્ણન કર્યું છે કે તે બાળક અબુ બકર બિન હસન બિન અલી છે. - બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૬)

(૫) શીસ બિન રબીઇ : આ પણ કુફાના એક જૂથ સાથે બસરા ભાગી ગયો. જનાબે મુખ્તારે હુકમ આપ્યો કે તેનું ઘર તોડી પાડવામાં આવે. (કુરસાનુલ હીજા, ભાગ ૨, પાના-૨૩૫)

(૬) સીનાન બિન અનસ : ઇબ્ને અસીરના બયાન પ્રમાણે સીનાન પણ તે લોકોમાંથી એક છે જે બસરા ભાગી ગયો હતો. જનાબે મુખ્તારે તેની ધરપકડ કરવાનો હુકમ આપ્યો હતો. પરંતુ જ્યારે તે તેમને ન મળ્યો તો તેનું પણ ઘર તોડી નાખ્યું. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૪૩)

ઈમામ હુસૈન(અલ.)નો કાતિલ

(બળવો કરનારા)કુફાના અગ્રણીઓ જ્યારે જનાબે મુખ્તારની સામે હારી ગયા તો તેઓ કુફાથી ભાગી નીકળ્યા અને બસરા પહોંચ્યા અને મુસઅબ બિન ઝુબૈર સાથે થઇ ગયા. (મુસઅબ બિન ઝુબૈર અબ્દુલ્લાહ બિન ઝુબૈરનો ભાઇ હતો અબ્દુલ્લાહ બિન ઝુબૈરે મુસઅબને બસરાનો ગવર્નર નક્કી કર્યો હતો.) જનાબે મુખ્તારે ઈમામ હુસૈન (અલ.)ના કાતીલોથી બદલો લેવા માટે પોતાને તૈયાર કર્યા અને કહ્યું: આ અમારો દીન નથી કે અમે તે સમુહને જીવતા છોડી દઇએ કે જેણે ઈમામ હુસૈન બિન અલી(અલ.)ને કતલ કર્યા છે. હું દુનિયામાં આલે મુહમ્મદ(અલ.)ની મદદ કરવાનો છું. હું તે જ કઝ્ઝાબ છું 'જે નામથી દુશ્મન મને પોકારે છે.' હું અલ્લાહનો શુક્ર અદા કરૂં છું કે તેણે મને એવી

તલવાર બનાવી છે જે તેમના પર ચલાવવામાં આવી છે અને એવો નેઝો બનાવ્યો છે કે જે તેમના સીનામાં ઉતરી ગયો છે. તેમણે મને આલે મુહમ્મદ(અલ.)ના લોહીનો બદલો લેનાર અને તેમના હક માટે બળવો કરનાર બનાવ્યો છે. તે કાતિલોના નામ બતાવો જેથી તેમનો પીછો કરવામાં આવે અને આખી જમીન પરથી તેમનું નામો નિશાન ખતમ કરી દેવામાં આવે.

મારા માટે ત્યાં સુધી ખાવું પીવું જાએઝ નથી જ્યાં સુધી જમીનને આ લોકોના અસ્તિત્વથી પાક નહીં કરૂં અને આ શહેરોને તેમના વુજુદથી ખાલી નહીં કરૂં.

અબ્દુલ્લાહ બિન દબ્બાસે કાતિલોમાંથી એક સમૂહનું નામ બતાવ્યું. જેમકે તેમના નામ અબ્દુલ્લાહ બિન ઉસૈદ, માલીક બિન નુસૈર અને હમ્લ બિન માલીક છે.

જનાબે મુખ્તારે તેમની શોધ માટે સૈનિકો મોકલ્યા. રાતના સમયે તેમને પકડીને મુખ્તાર પાસે લાવવામાં આવ્યા. જનાબે મુખ્તારે તેમને કહ્યું: અય અલ્લાહ અને અલ્લાહની કિતાબના દુશ્મનો, અય રસુલે ખુદા અને આલે રસુલ(સલ.)ના દુશ્મનો! તમે તેમને કતલ કર્યા છે જેમના પર તમને સલવાત મોકલવાનો હુકમ આપવામાં આવ્યો હતો.

તે લોકોએ કહ્યું: અલ્લાહ તમારા પર રહેમ કરે અમને બળજબરીથી મોકલવામાં આવ્યા હતા. અમે તે કામથી દીલથી રાજી ન હતા. અમારા ઉપર એહસાન કરો અને અમને માફ કરી દો.

જનાબે મુખ્તારે કહ્યું: તમે ઈમામ હુસૈન(અલ.)પર કેમ રહેમ ન કરી અને તેમને પાણી પીવા માટે કેમ ન આપ્યું ? શા માટે તમે તેમને જીવતા ન છોડી દીધા ?

તેમણે માલીક બિન નુસૈરને કહ્યું: શું તેં ઈમામ હુસૈન(અલ.)ની ટોપી લીધી હતી ?

અબ્દુલ્લાહ બિન કામીલે કહ્યું: હા, આ તે જ માણસ છે.

જનાબે મુખ્તારે કહ્યું: તેના હાથ પગ કાપીને છોડી દો જેથી એ જ હાલતમાં મરી જાય. તેને જનાબે મુખ્તારના હુકમ પ્રમાણે સજા આપવામાં આવી અને તેના બંને સાથીઓને પણ કતલ કરવામાં આવ્યા.

ઈમામ હુસૈન(અલ.)ની લાશને પાયમાલ કરનારાઓને સજા

મુસા બિન આમીર કહે છે: જનાબે મુખ્તારે સૌ પ્રથમ જે લોકોને તેમના ઝુલ્મની સજા આપી છે તે ઇમામ હુસૈન(અલ.)ની લાશને પાયમાલ કરનારા હતા. મુખ્તારે હુકમ આપ્યો કે તેમને પકડીને લાવવામાં આવે. જ્યારે તેમને મુખ્તારની પાસે લાવવામાં આવ્યા તો તેમને હુકમ આપવામાં આવ્યો કે તેમનો ચહેરો જમીન તરફ રાખીને સૂવડાવવામાં આવે. પછી તેમના હાથ પગમાં ખીલીઓ ઠોકવામાં આવી. ત્યાર બાદ તેમના ઉપર ઘોડા દોડાવવાનો હુકમ આપ્યો અને પછી તેમને આગમાં સળગાવી દીધા. (બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૭૪)

તે દસ માણસોના નામ આ છે:

(૧) ઇસ્હાક બિન હવીય્યા હઝરમી. આ માણસે ઇમામ હુસૈન(અલ.)નું કમીસ ઉતાર્યું હતું.

(૨) અખનસ બિન મુરસીદ. અમુક લોકો કહે છે કે આ કરબલામાં જ છાતી પર તીર ખાઇને હલાક થઇ ગયો હતો. (નફસુલ મહમુમ, ભાગ ૩૮૧, અમુક કિતાબોમાં ઇસ્હાક બિન હુયુહ અને અહબશ બિન મુરસદ લખ્યું છે.)

(૩) હકીમ બિન તુફૈલ સંબસી

(૪) અમ્ર બિન સબીહ સૈદાવી

(૫) રજાઅ બિન મુન્કીઝ અબ્દી

(૬) સાલીમ બિન ખૈસમા જઅફી

(૭) વાહિઝ બિન નઇમ

(૮) સાલેહ બિન વહબ જઅફી

(૯) હાની બિન સબીત હઝરમી

(૧૦) ઉસૈદ બિન માલીક

(બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૫૯)

દબ્બાબા

જનાબે મુખ્તાર સાથે એક સમૂહ હતો જેને દબ્બાબા કહે છે. તેમને મુખ્તારે હમરાઅ મોહલ્લામાં એક ઘર હતું ત્યાં મોકલ્યા. ત્યાં ઈમામ હુસૈન(અલ.)ના અમુક કાતિલો હતા. તેમાં અબ્દુર્રહમાન બિન અબી ખુશ્કારા, અબ્દુર્રહમાન બિન કૈસ ખુલાની અને બીજા માણસો પણ હતા. તેમને પકડીને જનાબે મુખ્તારની સામે લાવવામાં આવ્યા. મુખ્તારે તેમને કહ્યું: અય નેક લોકોને કતલ કરનારાઓ! અય જન્નતના જવાનોના સરદારને કતલ કરનારાઓ! શું તમે નથી જોઇ રહ્યા કે અલ્લાહ આજે તમારી પાસેથી બદલો લઇ રહ્યો છે? ઇમામ હુસૈન(અલ.)નો માલ લૂંટવાના કારણે આજે તમે આ દિવસ જોયો.

આ લોકો ઇમામ હુસૈન(અલ.)નો માલ તથા અમુક વસ્તુઓ લૂંટીને ગયા હતા. બજારમાં લોકોની સામે તેમની ગરદન ઉડાવી દેવામાં આવી. સાએબ

બિન માલીક અશ્અરી જે મુખ્તારના સૈનિકોમાંથી હતો તે આ ત્રણ માણસોને પકડીને મુખ્તારની પાસે લાવ્યો હતો જેઓ કરબલાના મેદાનમાં ઉબૈદુલ્લાહ બિન ઝીયાદની ફૌજમાં સામેલ હતા. મુખ્તારે હુકમ આપ્યો કે તેમને કુફાના બજારમાં લઇ જઇને કતલ કરી નાખો. (તજારૂબુલ ઉમમ,ભાગ ૨, પાના-૧૫૯)

અબ્દુલ્લાહ, અબ્દુર્રહમાન બિન સલહત અને અબ્દુલ્લાહ બિન વહબ હમદાનીને મુખ્તારની સામે હાજર કરવામાં આવ્યા. મુખ્તારે તેમને કતલ કરવાનો હુકમ આપ્યો અને તેમને કતલ કરી દેવામાં આવ્યા. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૪૦)

જનાબે મુખ્તારે અબ્દુલ્લાહ બિન કામીલને મોકલ્યો કે ઉસ્માન બિન ખાલીદ અને બુસ્ર બિન અબી સમતને પકડીને લઇ આવો. આ બંને કરબલામાં હતા અને ઇમામ હુસૈન(અલ.)ના કપડા ઉતારવામાં સામેલ હતા. અબ્દુલ્લાહ બિન કામીલે અસ્રના સમયે બની

ધમાનની મસ્જીદનો ઘેરો કરી લીધો અને કહ્યું: જો ઉસ્માન બિન ખાલીદને અમારા હવાલે કરી દેશો તો કબીલએ ધમાનના ક્યામત સુધીના ગુનાહ મારી ગરદન પર છે અને જો મને નહીં સોંપો તો તમને બધાને કતલ કરી નાખીશ. બની ધમાનવાળાઓએ કહ્યું: થોડોક સમય આપો જેથી અમે તેને હાજર કરીએ.

તે લોકો ઘોડા પર સવાર થઇને તેની શોધમાં નીકળ્યા. જિયાના નામની જગ્યા પર જઇને તેને પકડયો. એ તે સમયે જઝીરહ તરફ ભાગવા માંગતો હતો. ધમાનવાળા તેને અબ્દુલ્લાહ બિન કામીલ પાસે લાવ્યા. તેણે બંને (ઉસ્માન બિન ખાલીદ અને બુસ્ર બિન અબી સમત)ની ગરદન ઉડાવી દીધી અને પાછા આવીને મુખ્તારને કીસ્સો સંભળાવ્યો. જનાબે મુખ્તારે કહ્યું: પાછા જઇને તેમની લાશોને બાળી દો જેથી દફન ન થવા પામે. (તજારૂબુલ ઉમમ,ભાગ ૨, પાના-૧૫૧)

ખુલીનું કતલ

જનાબે મુખ્તારે અમુક સૈનિકોને ખુલી બિન યઝીદ અસ્બહીની શોધમાં મોકલ્યા. ઇમામ હુસૈન(અલ.)ના સર મુબારકને આ જ માણસ કુફા લાવ્યો હતો. ખુલી પોતાના ઘરમાં છૂપાયો હતો. જનાબે મુખ્તારના સૈનિકો તેના ઘરમાં દાખલ થયા અને ઘરમાં તેને શોધવા લાગ્યા. ખુલી જ્યારથી ઇમામ હુસૈન(અલ.)ના સરને કુફા લાવ્યો હતો ત્યારથી તેની પત્ની તેની દુશ્મન બની ગઇ હતી. ખુલીની પત્નીએ મુખ્તારના સૈનિકોને પૂછયું : તમે શું શોધો છો ? તે લોકોએ કહ્યું: તમારો પતિ ક્યાં છે? તે જાહેરમાં તો એવું બોલી કે મને ખબર નથી પરંતુ પોતાના હાથથી ઇશારો કરીને ખુલી જ્યાં છૂપાયો હતો તે જગ્યા તરફ ઇશારો કર્યો. મુખ્તારના સૈનિકોએ તેને પકડી લીધો અને તેને બહાર લાવ્યા.

તે વખતે ખુલીએ પોતાના સર પર કાંઇ નાખેલું હતું. તે લોકોએ ત્યાં જ તેને કતલ કરીને આગમાં બાળી દીધો.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના ૨૪૦)

ઉમર બિન સઅદનું કતલ

જે લોકો જનાબે મુખ્તારની નજરમાં માનનીય હતા અને મુખ્તાર પણ તેમની ઇઝ્ઝત કરતા હતા તેમાં અબ્દુલ્લાહ બિન જોઅદહ બિન હુબૈરહ હતા અને તેનું કારણ એ હતું કે અબ્દુલ્લાહને અમીરૂલ મુઅમેનીન(અલ.)સાથે મોહબ્બત હતી. ઉમર બિન સઅદ અબ્દુલ્લાહ બિન જોઅદહ પાસે આવ્યો. તે જાણતો હતો કે મુખ્તાર પાસે તેમની માન ઈઝ્ઝત છે અને મુખ્તાર જરૂર તેની વાત કબૂલ કરશે તેથી તેમને કહ્યું: મારા માટે મુખ્તાર પાસેથી અમાનનામું લઇ લો. અબ્દુલ્લાહે જનાબે મુખ્તારને સીફારીશ કરી તો મુખ્તારે આ રીતે અમાન નામું (સલામતી પત્ર) લખ્યું : આ અમાન છે મુખ્તાર બિન અબી ઉબૈદહ તરફથી ઉમર બિન સઅદ બિન અબી વક્કાસ માટે. તમે અમાનમાં છો.

તમે પોતે, તમારો માલ અને તમારા પત્ની બાળકો અલ્લાહની અમાનમાં છે. પરંતુ જે તમે કર્યું છે તેના કારણે તમે ત્યાં સુધી અમાનમાં છો જ્યાં સુધી તમે અમારી ઇતાઅત કરશો. જ્યાં સુધી તમે તમારા ઘરમાં, તમારા પોતાના પત્ની બાળકો સાથે અને પોતાના શહેરમાં રહેશો અને કોઈ બનાવમાં ભાગીદાર નહીં બનો ત્યાં સુધી અમાનમાં છો.

ત્યાર બાદ જનાબે મુખ્તારના સૈનિકો અને આલે મુહમ્મદ(સલ.)ના માનવાવાળાઓ ઉમર બિન સઅદને જોતા તો પણ કાંઇ નહોતા કહેતા. અમુક લોકોએ આ અમાનનામાની ગવાહી આપી અને મુખ્તારે પણ વચન આપ્યું હતું કે તેઓ પોતે પણ આ અમાનનામા પ્રમાણે અમલ કરશે. પરંતુ જો ઉમર બિન સઅદ કોઇ બનાવમાં ભાગીદાર બને તો પછી મુખ્તાર પોતાનું વચન તોડી શકે છે. આ

બાબત પર જનાબે મુખ્તારે અલ્લાહને ગવાહ બનાવ્યો હતો.

એક દિવસ જનાબે મુખ્તારે પોતાના ચાહકોને કહ્યું: કાલે હું તે માણસને કતલ કરીશ જેની નિશાની આ પ્રમાણે છે. તેના પગ લાંબા, આંખો અંદર દબાયેલી અને ભમર ભેગી થયેલી છે. તેના કતલ થવાથી મોઅમીનો અને મુકર્રબ મલાઇકા ખુશ થશે.

હયસમ બિન અસ્વદ નખઇ મુખ્તાર પાસે બેઠો હતો. તે આ નિશાનીઓ સાંભળીને સમજી ગયો કે મુખ્તારનો મતલબ ઉમર બિન સઅદ છે. તે પોતાના ઘરે આવ્યો અને પોતાના દીકરા ઉરયાનને ઉમર બિન સઅદ પાસે મોકલ્યો તેને મુખ્તારના ઇરાદાની જાણ કરે અને તેને કહે કે પોતાની જાન બચાવે.

ઉમર બિન સઅદે તેની વાત સાંભળીને કહ્યું: અલ્લાહ તને નેક બદલો આપે. તમે ભાઇચારાનો હક અદા કર્યો. પરંતુ મુખ્તાર મને અમાનનામું આપ્યા પછી આવું નથી કરી શકતા.

રાત થઇ તો ઉમર બિન સઅદ પોતાના ઘરેથી બહાર નીકળ્યો અને પોતાના ગુલામ પાસે ગયો. ગુલામને મુખ્તારના ઇરાદા વિશે અને તેણે આપેલી અમાનથી વાકેફ કર્યો.

ગુલામે કહ્યું: મુખ્તારે તમારી પાસેથી વચન લીધું હતું કે તમે કોઇ બનાવમાં સામેલ નહી થાવ. તો પછી આનાથી મોટો બનાવ કયો હોઈ શકે કે તમે તમારૂં ઘર અને પત્ની બાળકોને છોડીને અહીં આવી ગયા છો ? અત્યારે જ ઘરે પાછા ચાલ્યા જાવ અને આ અમાનનામાના તૂટવા માટે મુખ્તારના હાથમાં કોઈ બહાનુ ન આવવા દો.

ઉમર બિન સઅદ ગુલામની વાત માનીને ઘરે પાછો ચાલ્યો ગયો.

તેના પાછા ફરવાની ખબર મુખ્તાર સુધી પહોંચી તો જનાબે મુખ્તારે કહ્યું: તેની ગરદનમાં મારી સાંકળ છે જે તેને અહીં ખેંચીને લાવશે.

બીજા દિવસે સવારના સમયે મુખ્તારે અબુ ઉમરાને મોકલ્યો અને તેને હુકમ આપ્યો કે ઉમર બિન સઅદને મારી પાસે હાજર કરો. ઉબુ ઉમ્રા ઉમર બિન સઅદ પાસે ગયા અને તેને કહ્યું: તમને અમીરે બોલાવ્યા છે. ઉમર બિન સઅદ ઊભો થયો પરંતુ ડર અને ખોફના કારણે તેનો પગ કપડામાં ફસાઇ ગયો અને તે લપસી ગયો. અબુ ઉમરાએ તેના પર તલવારનો હુમલો કરીને કતલ કરી નાખ્યો અને તેનું સર મુખ્તારની સામે લઇને આવ્યા.

મુખ્તારે પોતાની પાસે બેઠેલા ઉમર બિન સઅદના દીકરા હફ્સને કહ્યું: તું આ સરને ઓળખે છે?

હફસ કલીમએ ઇસ્તેરજાઅ(ઈન્ના લિલ્લાહી વ ઈન્ના ઈલયહી રાજીઉન) પઢયો અને કહ્યું: હા! તેમના પછી જીવનમાં કોઇ ભલાઇ નથી.

મુખ્તારે કહ્યું: તું સાચુ બોલે છે. તેના પછી તું પણ જીવતો નહી રહે. પછી હુકમ આપ્યો કે હફસને પણ અબુ હફસ(તેના બાપ)સાથે મોકલી દો. ત્યારે ઉમર બિન સઅદના દીકરા હફસને કતલ કરવામાં આવ્યો અને બાપ અને દીકરાના સરોને એક જગ્યાએ મૂકી દીધા.

ત્યારે જનાબે મુખ્તારે કહ્યું: ઉમર બિન સઅદને મેં ઈમામ હુસૈન(અલ.)ના બદલામાં અને તેના દીકરા હફસને અલી અકબર(અલ.)ના બદલામાં કતલ કર્યા છે. પરંતુ આ બંનેનો આ બે મુબારક હસ્તીઓ સાથે કોઇ મુકાબલો થઈ શકે તેમ નથી. અલ્લાહની કસમ ! હું કુરૈશના ચાર ભાગમાંથી ત્રણ ભાગને કતલ કરી નાખું તો પણ ઈમામ

હુસૈન(અલ.)ની એક આંગળી જેટલા પણ નહીં થાય. (તજારૂબુલ ઉમમ,ભાગ ૨, પાના-૧૫૧)

મુખ્તારે ઉમર બિન સઅદને એટલા માટે કતલ કર્યા હતા કે યઝીદ બિન શરાહીલ અન્સારી મુહમ્મદ બિન હનફીયાની ખીદમતમાં આવ્યા અને તેમને સલામ કરી. થોડીક વાતચીત થઇ તે જ દરમિયાન મુખ્તારનું નામ આવ્યું તો મુહમ્મદ બિન હનફીયાએ કહ્યું: મુખ્તાર પોતાને અમારા શીઆ સમજે છે પરંતુ હુસૈન(અલ.)ને કતલ કરનારાઓ કુરસી પર બેસીને તેની સાથે વાતો કરે છે.

જ્યારે યઝીદ બિન શરાહીલ કુફા પાછા ગયા અને મુખ્તાર પાસે ગયા તો મુહમ્મદ બિન હનફીયાનું આ વાક્ય તેમની સામે વર્ણન કર્યું તો મુખ્તારે તેને (ઉમર બિન સઅદને) કતલ કરવાની યોજના ઘડી. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૨,પાના-૨૪૧)

પ્રકરણ : ૫૧

મદીનામાં સરો આવે છે

મુખ્તારે ઉમર બિન સઅદ અને તેના દીકરા હફ્સનું માથુ મુહમ્મદ બિન હનફીયાની પાસે મોકલી દીધું અને એક પત્ર લખ્યો.

بسم الله الرحمن الرحيم

આ પત્ર મુખ્તાર બિન ઉબૈદહ સકફી તરફથી મેહદી, મુહમ્મદ બિન અલીના નામે છે. અય મેહદી આપ પર સલામ થાય. હું અલ્લાહનો શુક્ર અદા કરૂં છું જે વહદહુ લાશરીક છે.

અલ્લાહના વખાણ અને તેની પ્રશંસા બાદ જણાવવાનું કે અલ્લાહે મને તમારા દુશ્મનો માટે અઝાબ બનાવ્યો છે. તમારા દુશ્મનોમાંથી અમુકને કૈદી બનાવી દેવામાં આવ્યા. એક જૂથ છુપાઇ ગયું, અમુક કતલ કરી દેવામાં આવ્યા અને અમુક લોકોને

દેશનિકાલ કરવામાં આવ્યા. હું અલ્લાહનો શુક્ર અદા કરૂં છું કે તેણે તમારા દુશ્મનોને કતલ કર્યા અને આપના અન્સારની મદદ કરી. મેં ઉમર બિન સઅદ અને તેના દીકરાનું સર તમારી સેવામાં મોકલી દીધું છે. ઇમામ હુસૈન(અલ.)અને એહલેબૈત(અલ.)ના કાતીલોમાંથી જે પણ મારા હાથમાં આવશે તેને હું કતલ કરી નાખીશ અને તેમાંથી જે બાકી રહી ગયા છે અલ્લાહ તેમની પાસેથી બદલો લેવાથી લાચાર નથી અને જ્યાં સુધી તેમનામાંથી એક પણ જમીન પર બાકી છે હું તેમને નહીં છોડું. હવે તમે તમારો અભિપ્રાય જણાવો જેથી હું તેના પ્રમાણે અમલ કરૂં અને તેના પર બાકી રહું.

والسلام علیکم ورحمة الله وبرکاته

ત્યાર બાદ જેના વિશે પણ મુખ્તારને કહેવામાં આવતું કે ફલાણો ઇમામ હુસૈન(અલ.) અને તેમના શીઆઓના કાતીલોમાંથી છે તો તેને કતલ કરીને બાળી દેતા હતા અને જે ભાગી જતો હતો તેના ઘરને જમીનદોસ્ત કરી દેતા હતા. (તજારૂબુલ ઉમમ,ભાગ ૨, પાના-૧૫૩)

શીમ્ર બિન ઝીલ જવશન

જ્યારે મુખ્તાર અને તેમના સાથીદારોએ કુફામાં થનારા બળવાને કચડી નાખ્યો તો કુફાની અગ્રણી વ્યક્તિઓ પોતાની જાનના ડરથી કુફા છોડીને ભાગવા લાગ્યા. આ ભાગનારાઓમાંથી એક શીમ્ર બિન ઝીલ જવશન પણ હતો. મુખ્તારે પોતાના ગુલામ ઝરનબને તેની શોધમાં મોકલ્યો. (તારીખે તબરી, ભાગ ૭ ના પાના ૧૨૧ પર, કિતાબ ઝરીબા અને તારીખે કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪ ના પાના ૨૩૬ પર, ઝરબી અને ઇબ્ને અઅસમ કૂફી ની કિતાબ ફુતૂહના ભાગ ૬ ના પાના ૧૫૫, રઝીન અને ઇબ્ને અસાકીરની કિતાબ તહઝીબના ભાગ ૬ના પાના ૩૩૯ પર ઝરીક લખેલું છે.)

જ્યારે મુખ્તારનો ગુલામ, શીમ્ર અને તેના સાથીઓની નજીક પહોંચ્યો તો શીમ્રે પોતાના સાથીઓને કહ્યું: લાગે છે આ માણસ મને કતલ કરવા

માટે આવ્યો છે. તમે બધા આગળ નીકળી જાવ અને મને પાછળ છોડી દો. એવી રીતે કે તમે મારાથી ભાગી રહ્યા છો જેથી તે મને કતલ કરવાની ચિંતામાં ન પડે.

શીમ્રના સાથીઓ આગળ વધી ગયા અને તેને પાછળ છોડી દીધો. જનાબે મુખ્તારનો ગુલામ આવ્યો અને શીમ્ર સાથે લડવા લાગ્યો. શીમ્રે તેની કમર પર વાર કરીને કતલ કરી દીધો અને તેને ત્યાં જ છોડીને ચાલ્યો ગયો. તેણે મુસઅબ બિન ઝુબૈરને બસરામાં એક પત્ર લખ્યો અને તેને પોતાના આવવાની ખબર આપી. બળવાના બનાવમાં જે પણ કુફાથી ભાગતો હતો તે બસરામાં મુસઅબ બિન ઝુબૈર પાસે જતો હતો.

શીમ્રે કલબાન્યાના (તારીખે કામીલ, ભાગ ૪, ૨૩૬ પર કલસ્તાનીયા લખ્યું છે.) એક માણસ મારફત મુસઅબ પાસે પત્ર મોકલ્યો અને પોતે તે જ

ગામમાં રોકાઇ ગયો જેના કીનારે નહેર છે. તે માણસ પત્ર લઇને બસરા તરફ નીકળ્યો. રસ્તામાં એક વ્યક્તિ સાથે મુલાકાત થઇ તો તેણે પૂછયું : તમે ક્યાં જઇ રહ્યા છો?

તેણે કહ્યું: હું બસરામાં મુસઅબ પાસે જઇ રહ્યો છું.

તેણે સવાલ કર્યો કે તમને કોણે મોકલ્યો છે?

તેણે જવાબ આપ્યો: મને શીમ્રે મોકલ્યો છે.

તે શખ્સે કહ્યું: મારી સાથે આવો. હું તમને મારા સરદાર પાસે લઇ જાઉ છું. તેને મુખ્તારના લશ્કરના સેનાપતિ અબુ ઉમરહ પાસે લાવ્યા. અબુ ઉમરહ શીમ્રની જ શોધમાં હતા.

તે પત્ર લઇ જનાર માણસે અબુ ઉમરહને શીમ્ર જ્યાં રોકાયો હતો તે જગ્યા બતાવી દીધી. અબુ ઉમરહ શીમ્ર તરફ જવા માટે નીકળ્યા. શીમ્ર સાથે જે માણસો હતા તે કહેતા હતા કે બહેતર છે આપણે અહીં

ન રોકાઈએ. શીમ્રે કહ્યું: ક્યારેય નહીં! અલ્લાહની કસમ હું ત્રણ દિવસ સુધી અહીં જ રહીશ. જેથી મુખ્તારના સાથીદારોના દીલોમાં ભય અને ડર બેસી જાય.

જ્યારે રાત થઇ તો અબુ ઉમરહએ સવારોની એક ટુકડી સાથે શીમ્ર પર હુમલો કર્યો. તે સમયે શીમ્ર નગ્ન હતો. તે નેઝો લઇને ઊભો થયો અને અબુ ઉમરહના માણસો પર હુમલો કરી દીધો. પછી ખૈમામાં જઇને તલવાર લાવ્યો. મુખ્તારના સૈનિકોએ તેને કતલ કરી નાખ્યો અને તેના સાથીઓને પરાજિત કર્યા. તે બધા ભાગી ગયા. રાતના અંધારામાં મુખ્તારના સૈનિકોએ બુલંદ અવાજમાં તકબીર કહી. લોકોએ સાંભળ્યું કે તેઓ કહી રહ્યા હતા કે તે ખબીસ માર્યો ગયો.

(અલ બિદાયા વન્નિહાયા, ભાગ ૮, પાના-૨૯૭)

સીનાન બિન અનસ

અમે પહેલા વર્ણન કરી ચૂક્યા છીએ કે સીનાન બિન અનસ બસરા ભાગી ગયો હતો અને મુસઅબ બિન ઝુબૈર સાથે જોડાઇ ગયો હતો તેનો જનાબે મુખ્તારને ઘણો જ અફસોસ હતો. મુખ્તારે બસરાના સરહદી વિસ્તારમાં જાસુસોની જાળ બીછાવી દીધી અને તેમને આ બાબત પર ભાર આપ્યો કે સીનાન બિન અનસ પર નજર રાખો. જાસુસોએ મુખ્તારને ખબર આપી કે સીનાન કાદસીયા તરફ જઇ રહ્યો છે. આ સમાચાર સાંભળીને મુખ્તાર ઘણાં જ ખુશ થયા. અમુક સૈનિકોને તેનો પીછો કરવા માટે મોકલ્યા. આ લોકોએ તેને અઝીબ અને કાદસિયા દરમિયાન જોઇ લીધો અને તેને પકડીને મુખ્તાર પાસે લાવ્યા. જનાબે મુખ્તારે હુકમ આપ્યો કે એક એક કરીને

તેની બધી જ આંગળીઓ કાપી નાખો. ત્યાર પછી તેના હાથપગ કાપી નાખો અને ત્યાર બાદ તેને ઝૈતુનના ઉકળતા તેલમાં નાખી દો. (બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૭૫) જનાબે મુખ્તારે જે પ્રમાણે હુકમ આપ્યો હતો તેમ જ કરવામાં આવ્યું. કેમ કે તેણે કરબલામાં ઘણા ઝુલ્મ કર્યા હતા. જ્યારે ઇમામ હુસૈન(અલ.) કરબલાની જમીન પર પડયા હતા તો સીનાને ઇમામના ગળાના હાડકાને ઝખ્મી કર્યું હતું અને સીનામાં નેઝો અને આપના મુબારક ગળામાં તીર માર્યું હતું.

(ફુરસાનુલ હયજા, ભાગ ૨, પાના-૨૩૪)

હમીદ બિન મુસ્લીમ

હમીદ બિન મુસ્લીમ ઉમર બિન સઅદના લશ્કરમાં હતો અને કરબલાના અમુક કીસ્સાઓ તેણે વર્ણન કર્યા છે. ઈમામ હુસૈન(અલ.)ની શહાદત બાદ જ્યારે ઝાલીમો અહલેબૈત(અલ.)ના ખૈમાઓ પર હુમલો કરતા કરતા અલી ઈબ્નુલ હુસૈન ઝયનુલ આબેદીન(અલ.) પાસે આવ્યા તે સમયે શીમ્રે ચાહ્યું કે ઈમામ સજ્જાદ(અલ.)ને પણ શહીદ કરી નાખે. ત્યારે હમીદ બિન મુસ્લીમે કહ્યું : સુબ્હાનલ્લાહ! શું નવજવાનને પણ કતલ કરવામાં આવે છે ? તે સમયે અલીયીબ્નીલ હુસૈન(અલ.) બીમાર હતા. ઉમર બિન સઅદ આવ્યો અને કહ્યું: કોઇ બીબીઓના ખૈમામાં ન જાય અને તે બીમાર જવાનને કાંઇ ન કહે. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાન-૭૯)

કહેવાય છે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ હમીદ બિન મુસ્લીમ માટે દુઆ કરી કે અલ્લાહ તારૂં ભલું કરે. તારા કહેવાથી અલ્લાહે મારા પરથી બલા દૂર કરી છે. (તારીખે તબરી, ભાગ ૭, પાના-૩૬૭) શક્ય છે આ જ કારણથી ઈમામ(અલ.) કતલ થવાથી બચી ગયા હોય. હમીદ બિન મુસ્લીમ પોતે જ કહે છે : જનાબે મુખ્તારે સાએબ બિન માલીકને અમારી પાસે મોકલ્યા. હું મારા મોહલ્લાથી અબ્દે કૈસના મોહલ્લામાં ચાલ્યો ગયો. મારી પાછળ બે માણસો આવી રહ્યા હતા. મુખ્તારના સૈનિકો તેમને પકડવામાં રહી ગયા અને હું ભાગીને બચી ગયો. (તારીખે તબરી, ભાગ ૭, પાના-૩૬૮)

હુરમલા બિન કાહીલ

મીન્હાલ બિન અમ્રે રીવાયત બયાન કરી છે કે હું મક્કાથી પાછા ફરતા હઝરત અલીયીબ્નુલ હુસૈન(અલ.)ની ખીદમતમાં હાજર થયો તો ઇમામે પૂછયું: હુરમલા બિન કાહીલની શું ખબર છે ?

મેં કહ્યું: અમે જ્યારે કુફાથી નીકળતા હતા ત્યારે તે જીવતો હતો.

મીન્હાલ કહે છે: મેં જોયું કે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ પોતાના બંને હાથને આસમાન તરફ ઉઠાવ્યા અને ફરમાવ્યું:

اَللّٰهُمَّ اَذِقْهُ حَرَّ النَّارِ اَللّٰهُمَّ اَذِقْهُ حَرَّ الْحَدِيْد

અય અલ્લાહ તેને આગની મજા ચખાડ, અય અલ્લાહ તેને આગની મજા ચખાડ.

પછી હું કુફા પાછો આવી ગયો. અહીં મુખ્તાર બિન અબુ ઉબૈદહ બળવો કરી ચૂક્યા હતા.

તેઓ પહેલાથી મારા દોસ્ત હતા. લોકોની મુલાકાત પછી હું સવાર થઇને જનાબે મુખ્તારના ઘર તરફ ગયો. ઘરની બહાર તેમની સાથે મુલાકાત થઇ.

મુખ્તારે કહ્યું: જ્યારથી કુફાની હુકૂમત અમારા હાથમાં આવી છે તમે અમારી મુલાકાત માટે નથી આવ્યા. ન અમને મુબારકબાદી આપી અને ન અમારી મદદ કરી.

મેં કહ્યું: તે સમયે હું મક્કામાં હતો. હવે તમારી પાસે આવ્યો છું જેથી થોડીક વાતચીત કરીએ. અમે વાતચીત કરતા રહ્યા અહીં સુધી કે કુફાથી કીનાસા (ઉકરડા) સુધી પહોંચી ગયા. જનાબે મુખ્તાર ત્યાં રોકાઇ ગયા. એમ લાગતું હતું જાણે તેઓ કોઈની રાહ જોઈ રહ્યા છે. હજી થોડીક વાર નહોતી થઇ કે અમુક લોકો ઝડપથી તેમની પાસે આવ્યા અને કહેવા લાગ્યા: અય અમીર અમે

તમને બશારત આપીએ છીએ કે હુરમલા બિન કાહીલ પકડાઈ ગયો છે.

જ્યારે હુરમલા પકડાઇ ગયો તો મુખ્તારે કહ્યું: અલ્લાહનો શુક્ર છે કે તેણે મને તારા ઉપર વર્ચસ્વ આપ્યું. જલ્લાદને બોલાવો અને હુકમ આપ્યો કે હુરમલાના હાથ કાપી નાખો. તેના હાથ કાપી નાખવામાં આવ્યા. પછી હુકમ આપ્યો કે તેના પગ કાપી નાખો. તેના પગ કાપી નાખવામાં આવ્યા. ત્યાર બાદ કહેવામાં આવ્યું: આગ સળગાવવામાં આવે. લાકડાઓમાં આગ લગાવવામાં આવી અને તેને આગમાં નાખી દેવામાં આવ્યો.

મીન્હાલ કહે છે: મને ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ની દુઆ યાદ આવી ગઇ અને અચાનક મેં કહ્યું: સુબ્હાનલ્લાહ!

મુખ્તારે કહ્યું: હંમેશા સુબ્હાનલ્લાહ કહેવું ઘણી સારી વાત છે પરંતુ આજે તમે આશ્ચર્ય સાથે સુબ્હાનલ્લાહ કહ્યું.

મીન્હાલે કહ્યું : મક્કાથી પાછા ફરતા સમયે હું ફરીથી અલી ઈબ્નુલ હુસૈન(અલ.)ની ખીદમતમાં હાજર થયો હતો. આપ(અલ.)એ મને હુરમલા વિશે પૂછ્યું તો મેં કહ્યું: તે જીવતો છે. આપે બદદુઆ માટે હાથ ઉઠાવ્યા અને ફરમાવ્યું: અય અલ્લાહ! તેને લોઢા અને આગની મજા ચખાડ. જ્યારે મેં તમારા દ્વારા ઇમામની દુઆને કબુલ થતા જોઇ તો આશ્ચર્યચકિત થઇ ગયો અને અચાનક ઝબાનથી સુબ્હાનલ્લાહ નીકળ્યું.

જનાબે મુખ્તારે કહ્યું: સાચે જ તમે આ વાત અલી ઈબ્નુલ હુસૈન(અલ.)પાસેથી સાંભળી છે?

મેં કહ્યું: હા. અલ્લાહની કસમ ! મેં તેમની ઝબાનથી આ વાત સાંભળી છે.

મીન્હાલ કહે છે: મેં જોયું કે જનાબે મુખ્તાર (આ વાત સાંભળીને એટલા ખુશ થઈ ગયા કે તરત જ) સવારીથી ઉતર્યા. બે રકઅત નમાઝ પઢી અને એક લાંબો સજદો કર્યો. પછી ઊભા થયા અને સવાર થયા. હું પણ સવાર થયો અને ફરીથી ચાલવા લાગ્યા. જ્યારે મારા ઘરની સામે પહોંચ્યા તો મેં કહ્યું: જો તમે મારા ઘરે જમવાનું કબૂલ કરશો તો મને બહુ જ ખુશી થશે અને તમારા મુબારક કદમથી મારા ઘરને સુશોભીત કરો.

મુખ્તારે કહ્યું: અય મીન્હાલ! તમે પોતે મને ખબર આપી છે કે અલી ઈબ્નુલ હુસૈન(અલ.)ની દુઆ મારા દ્વારા કબૂલ થઇ છે તો પણ તમે મને દાવત આપો છો ? આજે મેં આ વાતના શુક્રમાં કે અલ્લાહે મને તૌફીક આપી કે મારા દ્વારા આપ(અલ.)ની દુઆ કબૂલ થઇ મેં રોઝો રાખ્યો છે. (બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, ૩૨૨, અને ૩૭૫)

હુરમલાના ઝુલ્મ

(૧) હુરમલાએ ઇમામ હુસૈન(અલ.)ના છ મહિનાના દૂધ પીતા બાળક અલી અસગર (અલ.)ને તીરથી શહીદ કર્યા.

(૨) સય્યદ ઇબ્ને તાઉસ લખે છે કે અબ્દુલ્લાહ બિન અલહસન (ઈમામ હસન(અલ.)ના દીકરા) પોતાના ચાચા હુસૈન(અલ.)ની ગોદમાં હતા અને હુરમલાએ તીર મારીને તેમને શહીદ કરી દીધા. (અલ્લુહુફ, પાના-૫૧)

(૩) હુરમલા બિન કાહીલ જ ઇમામ હુસૈન(અલ.)ના મુકદ્દસ સરને લઇ ગયો હતો. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૩૨)

હકીમ બિન તુફૈલ

જનાબે મુખ્તારે હકીમ બિન તુફૈલ તાઇને પકડવા માટે સૈનિકો મોકલ્યા તેઓ તેને પકડીને મુખ્તાર પાસે લાવ્યા. તેના સગાવ્હાલા અદી બિન હાતમ પાસે ગયા અને તેમની પાસે વિનંતી કરી કે તેઓ સીફારીશ કરે. અદી મુખ્તારના સાથીઓ પાસે આવ્યા અને વિનંતી કરી કે હકીમ બિન તુફૈલને છોડી દો. તે લોકોએ કહ્યું કે તેનો અધિકાર જનાબે મુખ્તારના હાથમાં છે.

અદી બિન હાતમ હકીમ બિન તુફૈલની સીફારીશ માટે મુખ્તાર પાસે ગયા. મુખ્તારના સાથીઓએ વિચાર્યું કે શક્ય છે કે મુખ્તાર તેમની સીફારીશ કબૂલ કરી લે અને તેમને છોડી દે એટલે તેમણે હકીમને બાંધી દીધો અને તેના પર તીરો વરસાવ્યા. જેના કારણે તે હલાક થઇ ગયો.

અદી મુખ્તાર પાસે ગયા અને તેની સીફારીશ કરી. મુખ્તારે તેમને કહ્યું: તમે સારી રીતે જાણો છો અને તો પણ ઇમામ હુસૈન(અલ.)ના કાતીલોની સીફારીશ કરો છો !

અદીએ કહ્યું: તેના પર ખોટી તોહમત લગાવવામાં આવી છે.

મુખ્તારે કહ્યું: જો આમ છે તો હું છોડી દઇશ.

તે જ સમયે અબ્દુલ્લાહ બિન કામીલ આવ્યા અને મુખ્તારને હકીમના કતલની ખબર આપી. મુખ્તારે તેમને કહ્યું: તેને કતલ કરવામાં તમે કેમ ઉતાવળ કરી ? તેને મારી પાસે કેમ ન લાવ્યા? જનાબે મુખ્તાર આ વાત કહી રહ્યા હતા અને મનમાં હકીમ બિન તુફૈલના માર્યા જવાથી ખુશ થઇ રહ્યા હતા.

અબ્દુલ્લાહ બિન કામીલે કહ્યું: શીઆઓ મારા પર ગાલીબ આવી ગયા અને તેને કતલ કરી નાખ્યો.

અદી બિન હાતમે નારાજ થઇને ઇબ્ને કામીલને કહ્યું: તમે ખોટું બોલો છો. તમને એમ લાગ્યું કે જનાબે મુખ્તાર મારી સીફારીશ કબૂલ કરી લેશે એટલે તમે તેને કતલ કરી નાખ્યો.

આ બાબતે ઈબ્ને કામીલે અદીને સખત વાક્યો કહ્યા અને તેમની વચ્ચે થોડીક બોલાચાલી પણ થઈ. નજીક હતું કે બંને વચ્ચે ઝઘડો થઇ જાય. પરંતુ મુખ્તારે અબ્દુલ્લાહ બિન કામીલને રોકી લીધા. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૪૨)

હકીમ બિન તુફૈલના ઝુલ્મો

(૧) તેણે ઇમામ હુસૈન(અલ.)ને તીર માર્યું. (નફસુલ મહમુમ, પાના-૫૯૯)

(૨) હઝરત અબ્બાસ(અલ.)નો લીબાસ અને હથિયાર ઉતારી લીધા.

(૩) હઝરત અબ્બાસ(અલ.)ને તીર માર્યું. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૭૫)

(૪) આપનો ડાબો હાથ કાપી નાખ્યો. (મનાકિબ ઇબ્ને શહેર આશુબ, ભાગ ૪, પાના-૧૦૮)

મુર્રહ બિન મુન્કીઝ

આ હઝરત અલી અકબર(અલ.)નો કાતીલ છે. જ્યારે મુખ્તારના સૈનિકોએ તેના ઘરની નાકાબંધી કરી તો તેણે ઘોડા પર સવાર થઇને જનાબે મુખ્તારના સૈનિકો પર ભાલાથી હુમલો કર્યો. મુખ્તારના સૈનિકોએ પણ તેના હાથને ઘાયલ કરી દીધો. પરંતુ તેમના હાથોથી ભાગી છૂટ્યો અને મુસઅબ બિન ઝુબૈર પાસે બસરા ચાલ્યો ગયો. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના ૨૪૩)

આ તે જ માણસ છે જે આ વાત કહી રહ્યો હતો કે મેં એક નવજવાનને તીર માર્યું તો તેણે પોતાનો હાથ કપાળ પર મૂકી દીધો. તો તીરે તેના હાથને કપાળ પર ચોટાડી દીધો અને જવાન હાથને તેના કપાળથી જુદા ન કરી શક્યો અને કહ્યું: અય અલ્લાહ! તેમણે અમારી ઇઝ્ઝત ન કરી અને અમને રૂસ્વા કર્યા. ખુદાયા તેમને એવી રીતે જ કતલ કર જેવી રીતે અમને કતલ કરે છે અને એવી રીતે તેમને ઝલીલ કર જેવી રીતે અમને બદનામ કરે છે. પછી મેં તે જવાનને બીજું તીર માર્યું અને ત્યાર બાદ હું તેની પાસે ગયો. મેં તે તીરને કાઢવા પ્રયત્ન કર્યો જેનાથી તેને કતલ કર્યો હતો. જોયું કે તેની રૂહ પરવાઝ કરી ગઈ છે. તીર તો મેં ખેંચી લીધું પરંતુ તે તીરની અણી કપાળમાં જ રહી ગઇ.

જનાબે મુખ્તારે તેને પકડવા માટે અબ્દુલ્લાહ બિન કામીલના નેતૃત્વમાં ફોજીઓની એક ટુકડી મોકલી. તેમણે તેના ઘરને ઘેરી લીધું. તે તલવાર લઇને ઘરેથી બહાર નીકળ્યો. ઇબ્ને કામીલે મુખ્તારના સૈનિકોને કહ્યું: તેના પર તલવાર અને નેઝાથી હુમલો ન કરો. બલકે તેના પર તીર અને પથ્થર વરસાવો. તેથી તેને તીર અને પથ્થર મારવામાં આવ્યા. છેવટે તે જમીન પર પડી ગયો. પણ તે જીવતો હતો પછી તેને આગમાં બાળી નાખ્યો.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૪૩)

અબુલ હુતુફ જોઅફી

આ તે જ માણસ છે જેણે ઇમામ હુસૈન(અલ.)ના કપાળ પર પથ્થર માર્યો હતો. (ફુરસાનુલ હયજા, ભાગ ૨, પાના-૨૨૭)

તેને પકડીને જનાબે મુખ્તાર પાસે લાવવામાં આવ્યો. અમુક લોકોએ કહ્યું છે કે તેણે ઇમામ હુસૈન(અલ.)ના કપાળ પર તીર માર્યું હતું. (બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૫૨)

તેને પણ જનાબે મુખ્તારના સૈનિકો પકડીને તેમની પાસે લાવ્યા.

(કુરસાનુલ હયજા, ભાગ ૨, પાના-૨૨૭)

તેણે ઇમામ હુસૈન(અલ.)ના પેહલુ પર એવો ભાલો માર્યો હતો કે ઇમામ(અલ.)ઘોડા પરથી જમીન પર આવી ગયા અને પછી ઊભા થયા. (બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૫૪)

અબ્જર બિન કઅ્બ

આ માણસે તે સમયે ઇમામ હુસૈન(અલ.)પર તલવારથી હુમલો કર્યો હતો જ્યારે અબ્દુલ્લાહ બિન અલ-હસન મેદાનમાં ઇમામ હુસૈન(અલ.)પાસે આવ્યા હતા. અબ્દુલ્લાહ બિન અલ-હસને જ્યારે જોયું કે દુશ્મનો તેના ચાચાને મારી રહ્યા છે તો તેમણે કહ્યું: અય ખબીસની ઓલાદ! અલ્લાહ તને મૌત આપે. તું મારા ચાચાને કતલ કરવા માંગે છે ? આમ કહી તે બાળકે હાથ આગળ કર્યા અને તે મલઉને તે બચ્ચાના હાથ કાપી નાખ્યા. (નફસુલ મહમુમ, પાના-૩૫૯) તેને પણ પકડીને જનાબે મુખ્તાર સામે હાજર કરવામાં આવ્યો.

અબુ અય્યુબ ગનવીએ ઇમામ હુસૈન(અલ.)ના ગળાને તીરથી ઝખ્મી કર્યું હતું.

એવી જ રીતે નસ્ર બિન ખરશહ અને અમ્ર બિન ખલીફા જઅફીએ ઇમામ હુસૈન(અલ.)ને ઘાયલ કર્યા હતા અને સલખતના દીકરા અબ્દુલ્લાહ અને અબ્દુર્રહમાન અને ઉસ્માન બિન ખાલીદ અને બુશ્ર બિન સૌત આ લોકોએ અબ્દુર્રહમાન બિન અકીલને શહીદ કર્યા હતા.

આ બધાને જનાબે મુખ્તારની સામે હાજર કરવામાં આવ્યા. મુખ્તારે હુકમ આપ્યો કે આ બધાને કતલ કરી નાખો અને તેમના શરીરને આગ લગાડી દો. તેમના હકમાં ઇમામ હુસૈન(અલ.)ની તે દુઆ કબૂલ થઇ ગઇ છે કે આપ(અલ.)એ આશુરના દિવસે આસમાન તરફ ચહેરો કરીને ફરમાવ્યું હતું :

اَللّٰهُمَّ اشْهَدْ عَلَى هَؤُلَاءِ الْقَوْمِ فَإِنَّهُمْ دَعَوْنَا لِيَنْصُرَنَا ثُمَّ عَدَوْا عَلَيْنَا يُقَاتِلُوْنَنَا اَللّٰهُمَّ فَامْنَعْهُمْ بَرَكَاتِ الْأَرْضِ ، وَفَرِّقْهُمْ

تَفْرِيقًا وَّمَزِّقْهُمْ تَمْزِيقًا ، وَاجْعَلْهُمْ طَرَائِقَ قِدَدًا ، وَلَا تُرْضِ الْوُلَاةَ عَنْهُمْ أَبَدًا ، وَقَتِّلْهُمْ بَدَدًا وَلَا تُغَادِرْ مِنْهُمْ اَحَداً

(બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૭૬)

અય અલ્લાહ! આ કૌમ પર ગવાહ રહેજે કે તેમણે અમને દાવત આપી કે અમારી મદદ કરશે અને હવે અમારા દુશ્મન બની ગયા છે. અમને કતલ કરે છે અને અમારૂં લોહી વહાવે છે. અય પરવરદીગાર ! તેમને જમીનની બરકતોથી વંચિત કરી દે. તેમને ટૂકડા ટૂકડામાં વહેંચી નાખ. તેમનામાં ભાગલા પાડી દે અને જુદા જુદા પંથ અને અલગ અલગ જૂથમાં વિખેરી નાખ અને તેમના હાકીમોને તેમનાથી ખુશ ન થવા દે. તેમને ઝીલ્લતની મૌત આપ અને તેમનામાંથી કોઇને પણ જીવતો ન રાખ.

બજ્દલ બિન સુલૈમ

જનાબે મુખ્તારે હુકમ આપ્યો કે તેને પકડીને લાવો. તેને મુખ્તારની સામે લાવવામાં આવ્યો. જનાબે મુખ્તારને કહેવામાં આવ્યું કે આ તે જ માણસ છે જેણે ઇમામની મુબારક આંગળીને કાપીને આપ(અલ.)ની વીંટી ઉતારી લીધી હતી. જનાબે મુખ્તારે હુકમ આપ્યો કે તેના હાથ પગ કાપીને તે જ હાલતમાં તેને છોડી દો જેથી હલાક થઇ જાય.

(બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૭૬)

તેને રાતના સમયે પકડીને જનાબે મુખ્તારની પાસે લાવવામાં આવ્યો. તે કહી રહ્યો હતો કે મેં કરબલામાં ઈમામ હુસૈન(અલ.)ના સહાબીઓ પર ભાલાથી હુમલો કરીને તેમને ઝખ્મી કર્યા હતા. પરંતુ તેમનામાંથી કોઇને કતલ નથી કર્યા. જનાબે મુખ્તારે કહ્યું: ભાલા લાવો અને તેને પણ ભાલાથી મારીને હલાક કરવામાં આવ્યો. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૪૪)

સુરાકા બિન મીર્દાસ

આ માણસ કુફામાં બળવો કરનારાઓ સાથે હતો. જનાબે મુખ્તારના સૈનિકોએ તેને પકડી લીધો. તેને મુખ્તાર પાસે લાવ્યા તો તેણે પોતાની જાન બચાવવા માટે જનાબે મુખ્તારના વખાણમાં અમુક અશ્આર પઢયા. આ અશ્આરમાં માફી અને દરગુજરની માંગણી કરી હતી અને જનાબે મુખ્તારનો બળવો અને કામયાબીને એવી ગૈબી મદદ કહી હતી જેવી રીતે જંગે બદ્ર અને જંગે હુન્ૈનમાં મલાઇકાએ રસુલે અકરમ(સલ.)ની મદદ કરી હતી. પછી તેણે કહ્યું: અય અમીરૂલ મુઅમેનીન ! મેં જોયું કે મલાઇકા તમારી મદદ કરી રહ્યા હતા. જનાબે મુખ્તારે કહ્યું: મીમ્બર પર જા અને આ જ વાત લોકોની સામે બયાન કર.

તે મીમ્બર પર ગયો અને જે કાંઇ જનાબે મુખ્તાર વિશે કહ્યું તે લોકોની સામે બયાન કર્યું. જ્યારે નીચે ઉતરીને જનાબે મુખ્તાર પાસે ગયો તો તેમણે તેને કહ્યું: હું જાણુ છું કે તું ખોટું બોલે છે. તેં મલાઇકાને નથી જોયા. બલકે તું જાન બચાવવા માટે ખોટું બોલ્યો છે. તારે અહીંથી જ્યાં જવું હોય બહાર ચાલ્યો જા. કેમ કે તું મારા સાથીઓ અને મદદગારોને શંકાશીલ કરીશ.

તે કુફાથી ચાલ્યો ગયો અને બસરામાં મુસઅબ બિન ઝુબૈર સાથે જોડાઇ ગયો.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૩૭)

પ્રકરણ : ૫૨

ઉબૈદુલ્લાહ બિન ઝીયાદની સાથે જંગ

(જનાબે મુખ્તારે શામની ફૌજના મુકાબલામાં યઝીદ બિન અનસને મોકલ્યા હતા. ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદની ફૌજ સાથે માતલીમાં જંગ થઇ અને ઉબૈદુલ્લાહનું લશ્કર હારી ગયું. તેના સેનાપતિઓ માર્યા ગયા. ત્યાર બાદ કુફામાં જનાબે મુખ્તાર વિરૂદ્ધ બળવો થયો તેને 'સબીઅ' નો બનાવ કહેવાય છે. આ બળવો કચડવામાં આવ્યો. ઇબ્ને ઝિયાદે બીજુ ૮૦,૦૦૦ નું લશ્કર મોકલ્યું. સબીઅના બનાવના બે દિવસ પછી જનાબે મુખ્તાર ઇબ્રાહીમ બિન અશ્તરના નેતૃત્વમાં મોટું લશ્કર ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદ સાથે લડવા માટે મુસીલ મોકલે છે.)

સન ૬૬ હીજરી ઝીલહજ મહીનાના આઠ દિવસ બાકી રહી ગયા હતા કે ઇબ્રાહીમ બિન અશ્તર ઉબૈદુલ્લાહ બિન ઝીયાદ સાથે જંગ માટે નીકળ્યા. એટલે કે જનાબે મુખ્તારના સબીઅના બનાવને પૂરા થવાના બે દિવસ પછી નીકળ્યા. (સબીઅનો બનાવો તે બળવો છે જે કુફાવાળાઓએ મુખ્તારના વિરૂદ્ધ કર્યો હતો.)

જનાબે મુખ્તારે પોતાના સાથીઓમાંથી ખાસ પસંદ કરેલા, અનુભવી અને હોશિયાર સવારોને ઇબ્રાહીમ સાથે મોકલ્યા અને પોતે ઇબ્રાહીમ સાથે તેમની વિદાય માટે ગયા.

જનાબે મુખ્તારે તે સૈનિકો માટે અલ્લાહ પાસે દુઆ કરી જેઓ શામની ફોજ અને ઉબૈદુલ્લાહ બિન ઝીયાદ સાથે જંગ માટે જઇ રહ્યા હતા.

જનાબે મુખ્તારની વસીયત

જનાબે મુખ્તારે ઇબ્રાહીમને વિદાય કર્યા અને તેમને કહ્યું: હું તમને ત્રણ વસ્તુની વસીયત કરૂં છું તેને યાદ રાખજો.

(૧) બહારથી અને અંદરથી તથા જાહેરમાં અને એકાંતમાં અલ્લાહથી ડરજો.

(૨) દુશ્મન સાથે જંગ કરવા માટે જવામાં ઊતાવળ કરજો.

(૩) દુશ્મનના મુકાબલામાં જઇને તેમને મોકો ન આપશો અને તેમના પર તેજીથી હુમલો કરજો.

કુફાના લશ્કરનું નીકળવું

ઇબ્રાહીમ કુફાથી નીકળીને જલ્દીથી રસ્તો પસાર કરી રહ્યા હતા જેથી ઇબ્ને ઝીયાદ પહેલા ઈરાકની જમીન પર પહોંચી જાય.

ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝીયાદ શામના વિશાળ લશ્કર સાથે આવ્યો અને મુસીલ પર કબ્જો કરી લીધો. એવી જ રીતે ઇબ્રાહીમ કુફાથી આવ્યા. ઇરાકથી નીકળીને મુસીલની જમીન પર પહોંચી ગયા અને પોતાના લશ્કરની આગળ રહેનાર સૈન્યની ટુકડીનું નેતૃત્વ તુફૈલ ઇબ્ને નખ્ઇને સોંપ્યું. શામના લશ્કરની નજીક પહોંચ્યા તો પોતાના લશ્કરને સજાગ અને તૈયાર કર્યું. જ્યારે પણ તેઓ ચાલતા હતા તો શિસ્તબદ્ધ સૈનિકોની જેમ એકસાથે કદમ મીલાવીને ચાલતા હતા. પછી તુફૈલને એક ટુકડી સાથે રવાના કર્યા. તેઓ મુસીલના

શહેરોમાંથી નહરે ખાઝીર પર પહોંચી ગયા અને ‘બારશીઆ’ ગામમાં ઉતર્યા. (બીજી આવૃતિમાં ‘બરશીઆ’ આવ્યું છે અને મઆજીમુલ બુલ્દાનમાં ‘બારશીઆ’ અને ‘બરશીઆ’ અમારી નજરથી પસાર નથી થયું. પરંતુ હમવીએ મોઅજમુલ બુલ્દાન, ભાગ ૧, પાના-૩૨૪ પર ‘બાશીઆ’ એક જગ્યાનું નામ લખ્યું છે.) ઉબૈદુલ્લાહ બિન ઝીયાદ પણ આવી ગયો અને તે પણ નહરે ખાઝીરના કીનારે કુફાની ફૌજની નજીક ઉતર્યો. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૬૧)

ઉમૈર બિન હુબાબ

આ માણસ ઉબૈદુલ્લાહ બિન ઝીયાદની ફૌજના સેનાપતિઓમાંથી એક હતો. તેણે ઇબ્રાહીમ બિન અશ્તર પાસે કોઇને મોકલીને આ સંદેશ આપ્યો કે હું તમારી સાથે છું અને આજે રાત્રે તમારી સાથે મુલાકાત કરવા માંગુ છું.

ઇબ્રાહીમ બિન અશ્તરે પણ કોઇના દ્વારા સંદેશ મોકલ્યો કે હું મુલાકાત માટે તૈયાર છું. રાત્રે ઉમૈર ઇબ્રાહીમ પાસે આવ્યો અને તેમની બયઅત કરી અને કહ્યું: હું શામના લશ્કરની ડાબી બાજુનો સેનાપતિ છું. હું મારા આધીન સૈનિકોને પાછળ હટવાનો હુકમ આપી દઇશ.

ઇબ્રાહીમે કહ્યું: હું તમારી એક બાબત પર સલાહ લેવા માંગુ છું અને તે આ છે કે શું આ કામ સલાહભર્યું છે કે હું મારી ચારે તરફ ખંદક ખોદાવી દઉં અને બે ત્રણ દિવસ થોભી જાઉં અને જંગ ન કરૂં?

ઉમૈર બિન હુબાબે કહ્યું: અલ્લાહની કસમ ! તમારા દુશ્મનની ઇચ્છા પણ આ જ છે. તેનાથી તેમને ફાયદો પહોંચશે. તેમની સંખ્યા તમારા કરતા ઘણી વધારે છે. તેથી તેમના પર હુમલો કરવામાં જલ્દી કરો. કેમકે તે લોકોમાં તમારો ડર અને ભય બેઠેલો છે અને જો તમારી ફૌજ શામના લશ્કર સાથે લડાઇ શરૂ કરે તો પછી સતત હુમલો કરે જેથી શામના લશ્કરની હિંમત તૂટી જાય.

ઇબ્રાહીમે કહ્યું: હવે મને આ વાતનું યકીન છે કે તેં સાચી વાત કહી છે અને સાચી સલાહ આપી છે. કેમ કે મારા અમીરે પણ મને આ જ સલાહ આપી છે.

ઉમૈરે કહ્યું: તેમની સલાહ પર અમલ કરો અને તેમના મતની વિરૂદ્ધ ન કરો. કેમ કે જંગની બાબતમાં તેઓ અનુભવી માણસ છે અને સવાર થતા જ જંગ શરૂ કરી દો. ત્યાર બાદ ઉમૈર શામના લશ્કરમાં ચાલ્યો ગયો. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨,

પાના ૧૬૧, કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના ૩૬૧)

તે રાત્રે ઇબ્રાહીમ સવાર સુધી જાગતા રહ્યા અને સવાર થતા જ પોતાના લશ્કરને સંગઠિત કર્યું અને તેમને સાવધ રહેવાનો હુકમ આપ્યો. લશ્કરની ડાબી અને જમણી બાજુના સેનાપતિઓને તેમની જગ્યાએ મોકલી દીધા અને સૈન્યના અમીરને તેની જગ્યાએ મોકલી દીધા અને સવાર લશ્કરનું નેતૃત્વ પોતાના માતૃભાઇ અબ્દુર્રહમાન બિન અબ્દુલ્લાહને સોંપ્યું. પછી નીચે ઉતરીને પોતાના સૈનિકોને કહ્યું: ચાલો! તેઓ થોડાક આગળ એક ઊંચી ટેકરી પર પહોંચી ગયા જ્યાંથી શામની ફૌજ દેખાઇ રહી હતી. ઇબ્રાહીમે ત્યાં બેસીને જોયું કે હજી સુધી ઉબૈદુલ્લાહના લશ્કરમાં હલન ચલન નથી. કોઈ જાતની ચહલપહલ નથી. તેથી ઘોડો મંગાવ્યો અને સવાર થઇ ગયા.

ઇબ્રાહીમ બિન અશ્તરની તકરીર

ઇબ્રાહીમ પોતાના લશ્કરના પરચમદારો પાસેથી પસાર થયા અને તેમને કહ્યું: અય દીનના મદદગારો! અય હકની પયરવી કરનારાઓ! અય અલ્લાહનું લશ્કર! આ મરજાનાનો દીકરો હુસૈન ઇબ્ને અલી રસુલુલ્લાહ(સલ.)ની દીકરીના ફરઝંદનો કાતીલ છે. ઉબૈદુલ્લાહે જ એહલેબૈત(અલ.) પર પાણી બંધ કર્યું હતું અને તેમને એટલી મોહલત નહોતી આપી કે સુલેહ થઇ જાય અથવા ઇમામ હુસૈન(અલ.) મદીના પાછા ચાલ્યા જાય અથવા બીજી કોઇ જગ્યાએ ચાલ્યા જાય. આ મલઉને ઇમામ(અલ.)ને અને આપના એહલેબૈત(અલ.)ને કતલ કર્યા અને હવે ઉબૈદુલ્લાહ તમારી તરફ આગળ વધી રહ્યો છે. મારી ઇચ્છા એવી હતી કે એક દિવસ આપણે તેને ઘેરી લઇએ

તેથી તે તમારા હાથે કતલ થાય અને તમારા દીલોને શાંતિ મળી જાય.

ત્યાર બાદ જમણી અને ડાબી બાજુના લશ્કર પાસે પહોંચ્યા. તેમને જેહાદ માટે પ્રોત્સાહન આપી ઉત્તેજિત કર્યા અને પછી પોતાની જગ્યાએ પાછા ફર્યા અને ઘોડા પરથી ઉતરી ગયા. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના ૧૬૨)

શામનું લશ્કર

ઉબૈદુલ્લાહ બિન ઝીયાદે પણ પોતાના લશ્કરને યુદ્ધ માટે તૈયાર કર્યું. લશ્કરની જમણી બાજુ હસીન બિન નુમૈર સકુનીને અને ડાબી બાજુ ઉમૈર બિન હુબાબને રાખ્યા અને સવારોની રહેબરી શરજીલ બિન ઝીલ કલાઅને સોંપી. બંને લશ્કર જંગ માટે તૈયાર અને એકબીજાથી નજીક થઇ ગયા.

હુમલાની શરૂઆત

શામના સૈન્યની જમણી બાજુના સેનાપતિ હસીન બિન નુમૈરે પોતાની ફૌજ સાથે ઇબ્રાહીમ બિન અશ્તરના લશ્કરની ડાબી બાજુ હુમલો કરી દીધો. તેના સેનાપતિ અલી બિન માલીકે ઘણો સારો મુકાબલો કર્યો એટલે સુધી કે માર્યા ગયા.

ત્યાર બાદ તેમનો અલમ કુર્રા બિન અલીએ ઉઠાવ્યો અને તે પણ પોતાના સાથીઓ સાથે કતલ થઇ ગયા. ત્યાર બાદ અબ્દુલ્લાહ બિન વરકાએ અલમ લીધો. આ હબશી બિન જનાદાહના ભત્રીજા અને રસુલ(સલ.)ના સહાબી છે. તેમણે બૂમો પાડી પાડીને કહ્યું : અય અલ્લાહનું લશ્કર! મારી પાસે ભેગા થઇ જાવ. આ અવાજથી ઘણાં બધા સૈનિકો તેમની પાસે ભેગા થઇ ગયા. કુર્રાએ તેમને કહ્યું: તમારા અમીર ઇબ્રાહીમ બિન અશ્તર ઇબ્ને ઝીયાદ

સાથે જંગ કરવામાં વ્યસ્ત છે. આવો આપણે બધા તેમની પાસે જઇએ.

જ્યારે આ લોકો ઇબ્રાહીમની પાસે પહોંચ્યા તો જોયું કે ઇબ્રાહીમ ખુલ્લા માથા સાથે લોકોને પોકારી રહ્યા છે: અય અલ્લાહના સૈનિકો ! હું અશ્તરનો દીકરો છું. તમારા માટે અત્યારે શ્રેષ્ઠ કામ દુશ્મનો પર સતત હુમલા કરવાનું છે. તેમની અવાજ પર તેમના સાથીઓ મેદાને જંગમાં પાછા આવી ગયા. ત્યાર બાદ ઇબ્રાહીમની જમણી બાજુના લશ્કરે ડાબી બાજુના લશ્કર પર હુમલો કર્યો. ઈરાકીયોને આશા હતી કે ઉમૈર બિન હુબાબ પોતાના વાયદા પ્રમાણે પાછળ હટીને હારી જશે. પરંતુ ઉમૈરે પોતાના વચનને પૂરૂં ન કર્યું અને મૈદાનમાં મક્કમતાથી લડતો રહ્યો અને ઘમસાણ લડાઇ થઇ.

આ હાલત જોઇને ઇબ્રાહીમે પોતાની ફૌજને કહ્યું: હવે તમે દુશ્મનની બરાબર વચ્ચેની ફોજ પર હુમલો કરો. અલ્લાહની કસમ ! જો આપણે લશ્કરના મધ્ય ભાગને હરાવી દઇશું તો જમણી અને ડાબી બાજુનું લશ્કર હારીને વિખેરાઇ જશે.

પછી ઇબ્રાહીમે લશ્કરના મધ્ય ભાગ પર હુમલો કર્યો. પહેલા નેઝાઓથી અને પછી તલવારથી જંગ કરી. ઇબ્રાહીમે પોતાના અલમદારને કહ્યું: આગળ જાઓ અને દુશ્મનના લશ્કરની વચમાં જઇને અલમ ઊભો કરી દો. તેના અલમદારે કહ્યું : આ શક્ય નથી.

ઇબ્રાહીમે કહ્યું: આગળ વધો. તે આગળ વધતો જતો હતો અને જે શામી આગળ આવતો હતો ઇબ્રાહીમ તેને કતલ કરી દેતા હતા.

તે જ સમયે ઈબ્રાહીમના લશ્કરે એકસાથે હુમલો કર્યો. ધમસાણ લડાઇ થઇ અને છેવટે ઇબ્ને

ઝીયાદની ફૌજ હારી ગઇ. બંને તરફથી ઘણાં બધા સિપાહી માર્યા ગયા.

અમુક લોકોએ કહ્યું કે સૌ પ્રથમ ઉમૈર બિન હુબાબના લશ્કરે હાર ખાધી અને પીછે હઠ કરી. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૬૨)

ઉબૈદુલ્લાહ બિન ઝીયાદનું કતલ થવું

જ્યારે શામનું લશ્કર પરાજિત થઇ ગયું તો ઇબ્રાહીમ બિન અશ્તરે કહ્યું: મેં એક એવા માણસને કતલ કર્યો છે જે માત્ર એક અલમની નીચે હતો. તેને નહરે ખારિઝની નીચે શોધો. તેનાથી મુશ્કની ખુશ્બુ આવી રહી હતી. મેં તેના બે ટુકડા કર્યા છે. તેના બંને હાથ પૂર્વ તરફ અને પગ પશ્ચિમ તરફ પડયા છે. તેને શોધીને બહાર કાઢવામાં આવ્યો તો ખબર પડી કે તે ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝીયાદ છે જે ઇબ્રાહીમની તલવારથી બે ટુકડા થયો હતો. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૬૩) પછી તેનું સર કાપીને તેની લાશને આગમાં બાળી દીધી. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૬૪)

હસીન બિન નુમૈરનું કતલ

શરીક બિન જુદૈર જંગે સીફ્ફીનમાં હઝરત અલી(અલ.) સાથે હતા. તેમની એક આંખ ઝખ્મી થઇ ગઇ હતી. જંગ પછી તેઓ બૈતુલ મુકદ્દસ ચાલ્યા ગયા હતા. ઇમામ હુસૈન(અલ.) ની શહાદતની ખબર સાંભળીને કહ્યું: અલ્લાહ સાથે વાયદો કરૂં છું કે જે હુસૈન(અલ.) ના લોહીનો બદલો લેશે હું તેનો સાથ આપીશ અને ઇબ્ને મરજાનાને કતલ કરીશ. પછી તેઓ મુખ્તાર સાથે જોડાઇ ગયા હતા.

શરીક બિન જુદૈરે હસીન બિન નુમૈર પર જે શામની મોટી ફૌજનો સેનાપતિ હતો તેના પર હુમલો કર્યો. તેઓ સમજયા કે આ ઉબૈદુલ્લાહ બિન ઝીયાદ છે. બંને બાથંબાથા થઇ ગયા. શરીકે બુમ પાડીને કહ્યું: આ નાપાકને કતલ કરી નાખો. જનાબે

મુખ્તારના સૈનિકોએ હસીન બિન નુમૈરને કતલ કરી નાખ્યો. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૬૩, કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૬૪)

શરજીલનું કતલ થવું

આ જંગમાં શામના લશ્કરનો એક બીજો સેનાપતિ શરજીલ બિન ઝીલ કલાઅ કતલ થયો. સુફ્યાન બિન યઝીદે દાવો કર્યો હતો કે મેં તેને કતલ કર્યો છે.

શામની ફૌજ હારીને ભાગી ગઇ તો ઇબ્રાહીમના લશ્કરે તેનો પીછો કર્યો. શામના સૈન્યમાંથી ઘણાં બધા સૈનિકો જાન બચાવીને ભાગવા માટે નદીમાં કૂદી પડયા. તેમાંથી મોટા ભાગના ડૂબી ગયા એટલે કે ડૂબનારાઓની સંખ્યા કતલ થએલાઓથી વધારે હતી અને જનાબે મુખ્તારના લશ્કરને ઘણો બધો ગનીમતનો માલ મળ્યો.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૬૪)

પ્રકરણ : ૫૩

મુસિલ પર વિજય

ઇબ્રાહીમ બિન અશ્તર મુસિલ તરફ આગળ વધ્યા. તેના પર કબ્જો કર્યો અને શહેરની આસપાસ પોતાના પ્રતિનિધિ મોકલ્યા અને પોતાના ભાઇ અબ્દુર્રહમાન બિન અબ્દુલ્લાહને નસીબૈન મોકલ્યા. પછી સંજાર, દારૂલ અમારહ અને તેની આસપાસ પર કબ્જો કર્યો.

(તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૨૪)

જનાબે મુખ્તારનું મદાઇન આવવું

જનાબે મુખ્તાર પહેલાથી જ પોતાના સમર્થકોને ઇબ્રાહીમની ખબર આપતા હતા અને તેમને કહેતા હતા કે ટૂંક સમયમાં જ તમને ઇબ્રાહીમ બિન અશ્તરની કામયાબી અને ઉબૈદુલ્લાહની ફૌજની હારની ખબર મળશે. ત્યાર બાદ કૂફાથી નીકળ્યા. સાએબ બિન માલીકને કુફામાં પોતાનો ઉત્તરાધિકારી નક્કી કર્યો અને એક સમૂહ સાથે સબાત આવ્યા અને લોકોને કહ્યું: હું તમને ખુશબખરી આપું છું કે અલ્લાહના લશ્કરે નસીબૈનમાં શામના લશ્કર સાથે જંગ કરી અને તેમને પરાજિત કર્યા. ત્યાર બાદ મદાઇન પહોંચ્યા. મીમ્બર પર જઈને ખુત્બો આપ્યો અને લોકોને એહલેબૈત(અલ.)ની ઇતાઅત અને તેમના ખૂનનો

બદલો લેવાની બાબતમાં મક્કમ રહેવાની દાવત આપી.

તે સમયે જનાબે મુખ્તારને ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝીયાદના કતલ થવાની અને શામીઓની સતત હારની ખબર મળી તો જનાબે મુખ્તારે કહ્યું: અય અલ્લાહના સૈનિકો ! શું મેં તમને તેનાથી પહેલા ખુશખબર નહોતી આપી ? લોકોએ કહ્યું: હા, અલ્લાહની કસમ આ બશારત અમે પહેલા તમારી જબાનથી સાંભળી ચૂકયા હતા.

(તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૨૪)

ઉબૈદુલ્લાહનું સર જનાબે મુખ્તાર પાસે

ઇબ્રાહીમે ઉબૈદુલ્લાહ બિન ઝીયાદ અને શામના લશ્કરના બીજા સેનાપતિઓના સર જનાબે મુખ્તારની પાસે મોકલી દીધા અને પોતે મુસીલમાં જ રોકાઇ ગયા. જ્યારે ઉબૈદુલ્લાહ બિન ઝીયાદનું સર કુફાના દારૂલ અમારહમાં લાવીને મૂકી દીધું ત્યારે લોકોએ જોયું કે એક સાપ આવ્યો અને તે સરોમાં ચાલ્યો ગયો અને પછી ઉબૈદુલ્લાહ બિન ઝીયાદના મોઢામાં દાખલ થઇને તેના નાકથી બહાર નીકળ્યો અને વારંવાર આમ જ કર્યું. (સવાબુલ અઅમાલ વ ઇકાબુલ આમાલ, પાના-૨૬૦, કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૬૫ પર આ વસ્તુ તીરમીઝીથી નકલ થઇ છે.)

ઇબ્ને ઝીયાદનો એક ચોકીદાર કહે છે કે હું ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી મહેલમાં તેની

પાસે પહોંચ્યો. અચાનક જોયું કે એક આગ ઉબૈદુલ્લાહના ચેહરા તરફ આવી. તેણે પોતાની આસ્તીનથી ચેહરાને બચાવ્યો અને મને કહ્યું આ બનાવની કોઇને જાણ ન કરજે. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૬૫)

ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝીયાદની મા મરજાનાએ તેને કહ્યું: અય ખબીસ! તેં રસુલ(સલ.)ના ફરઝંદને કતલ કર્યા છે? તને જન્નત તો શું જન્નતની ખુશ્બુ પણ સૂંઘવા નહી મળે. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૬૫)

ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝીયાદનું સર મોહમ્મદ બિન હનફીયા પાસે

ઇબ્રાહીમ બિન અશ્તરે ઉબૈદુલ્લાહ બિન ઝીયાદનું સર જનાબે મુખ્તાર પાસે મોકલી દીધું હતું અને જનાબે મુખ્તારે ઉબૈદુલ્લાહ બિન ઝીયાદ, હસીન બિન નુમૈર, શરજીલ અને શામની ફોજના બીજા સેનાપતિઓના સર ૩૦,૦૦૦ દીરહમ સાથે મુહમ્મદ બિન હનફીયાની પાસે મોકલી દીધા અને તેમના નામે આ વિષય પર પત્ર લખ્યો.

તમારા શીઆ અને અન્સારમાંથી એક જમાઅતને મેં તમારા દુશ્મન ઉબૈદુલ્લાહ બિન ઝીયાદ તરફ મોકલ્યા જેથી તેઓ આપના ભાઇ હુસૈન(અલ.)ના ખૂનનો બદલો લે. આ લોકો દુશ્મન પર ક્રોધિત અને ઈમામ હુસૈન(અલ.)ની મઝલૂમીયત પર અફસોસ વ્યક્ત કરતા પોતાના

શહેર અને વતનથી નીકળ્યા અને નસીબૈનની નજીક દુશ્મનો સાથે મુકાબલો કર્યો. પરવરદીગારે શામવાસીઓને પરાજિત કર્યા અને તે અલ્લાહના દુશ્મનને કતલ કર્યા. હું અલ્લાહનો આભાર માનું છું કે તેણે આપના લોહીનો બદલો લીધો અને ઝાલીમોને જંગલ, રણ અને દરિયામાં હલાક કર્યા અને આ રીતે મોમીનોના દીલોને શીફા આપી અને તેમના દીલોને ઠંડક પહોંચાડી. (બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૩૬)

પછી અબ્દુર્રહમાન બિન ઉમૈર સકફી, અબ્દુલ્લાહ બિન શદ્દાદ હબશી અને સાઇબ બિન માલીક અશ્અરી આ લોકોના સરો, માલ અને પત્ર લઇને મુહમ્મદ બિન હનફીયા પાસે મક્કા ગયા. અલી ઇબ્નીલ હુસૈન(અલ.) પણ તે સમયે મક્કામાં હતા. જ્યારે મુહમ્મદ બિન હનફીયાએ ઉબૈદુલ્લાહ બિન ઝીયાદના સરને જોયું તો સજદો કર્યો અને

અલ્લાહનો શુક્ર કર્યો. આપે જનાબે મુખ્તાર માટે દુઆ કરી અને કહ્યું: અલ્લાહ તેને નેક બદલો આપે કે તેણે અમારા લોહીનો બદલો લીધો. આ રીતે જનાબે અબ્દુલ મુત્તલીબની બધી જ અવલાદનો તેમના પર હક છે. અય અલ્લાહ! ઈબ્રાહીમ બિન અશ્તરને દુશ્મનો પર કામયાબી આપ અને તેને તે તમામ બાબતોની તોફીક આપ જેમાં તારી ખુશી હોય અને દુનિયા તથા આખેરતમાં પોતાની રેહમતમાં સામેલ કર.

ત્યાર બાદ મુહમ્મદ બિન હનફીયાએ ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝીયાદનું સર હઝરત અલી ઇબ્નુલ હુસૈન(અલ.)ની સેવામાં મોકલી દીધું. ઉબૈદુલ્લાહનું સર જ્યારે આપની ખીદમતમાં લાવવામાં આવ્યું તે સમયે આપ જમી રહ્યા હતા. ઇમામ સજ્જાદ(અલ.)એ શુક્રનો સજ્દો કર્યો અને ફરમાવ્યું: અલ્લાહનો શુક્ર છે કે તેણે અમારા લોહીનો

બદલો લઇ લીધો છે. અલ્લાહ જનાબે મુખ્તારને સારો બદલો આપે. મને ઉબૈદુલ્લાહ પાસે ત્યારે લઇ જવામાં આવ્યો હતો કે જ્યારે તે જમી રહ્યો હતો અને મારા વાલીદનું સર મુબારક તેની સામે હતું. મેં અલ્લાહ પાસે આ દુઆ કરી હતી કે મને ત્યાં સુધી દુનિયાથી ન ઉઠાવજે જ્યાં સુધી હું સુફરા પર બેસીને ઇબ્ને ઝીયાદનું સર ન જોઇ લઉં.

ત્યાર બાદ મુહમ્મદ બિન હનફીયાએ તે પૈસા જે જનાબે મુખ્તારે તેમની પાસે મોકલ્યા હતા પોતાના સગાવ્હાલા અને શીઆઓ તથા મક્કા અને મદીનામાં રહેનારા મુહાજીરો અને અન્સાર દરમિયાન વહેંચી દીધા. (તારીખે યઅકુબી,ભાગ ૨, પાના-૨૫૯)

યાકુબીએ પોતાની તારીખમાં લખ્યું છે કે જનાબે મુખ્તારે પોતાના કોઇ નજીકના માણસ મારફત ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝીયાદનું સર મદીનામાં

અલી ઇબ્નુલ હુસૈન(અલ.)ની પાસે મોકલ્યું અને તેને કહ્યું: હઝરત અલી ઇબ્નુલ હુસૈન(અલ.)ના દરવાજા પર ઊભો રહેજે અને જ્યારે જુએ કે દરવાજો ખુલી ગયો છે અને લોકો દાખલ થઇ રહ્યા છે અને જ્યારે તેમના માટે જમવાનું લાવવામાં આવે તું પણ દાખલ થઇ જજે.

તે માણસ આવ્યો અને દરવાજા પાસે ઊભો થઇ ગયો. જ્યારે દરવાજો ખુલ્યો અને લોકો જમવા માટે આવવા લાગ્યા તો તે નજીક આવ્યો અને બુલંદ અવાજથી કહ્યું: અય એહલેબૈતે રીસાલત, અય રીસાલતની ખાણ! હું મુખ્તાર ઇબ્ને અબી ઉબૈદનો સંદેશવાહક છું અને ઉબૈદુલ્લાહનું સર લાવ્યો છું.

તે સંદેશવાહક દાખલ થયો અને ઉબૈદુલ્લાહનું સર બહાર કાઢયું. જ્યારે અલી ઇબ્નુલ હુસૈન(અલ.)એ ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝીયાદનું સર

જોયું તો કહ્યું: અલ્લાહ તેને જહન્નમમાં દાખલ કરે અને તેને પોતાની રેહમતથી દૂર રાખે.

અમુક લોકોએ રીવાયત વર્ણન કરી છે કે જ્યારથી ઇમામ હુસૈન(અલ.)શહીદ થયા હતા તે દીવસથી કોઈએ ઈમામ સજ્જાદ(અલ.)ને મુસ્કુરાતા નહોતા જોયા. પરંતુ ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝીયાદના સરને જોયા પછી તેમના હોંઠ પર મુસ્કુરાહટ આવી ગઈ હતી.

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) માટે શામથી ફળો મોકલવામાં આવ્યા હતા. ઇમામે ફરમાવ્યું: આ ફળો મદીનાવાસીઓમાં વહેંચી દો. ઇમામ હુસૈન(અલ.)ની શહાદત પછી રસુલ(સલ.)ના ખાનદાનમાં કોઇએ માથામાં કાંસ્કી અને વાળમાં ખીઝાબ નહોતો કર્યો. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૮૬)

એક વ્યક્તિએ ઇમામ જાફર સાદીક(અલ.)થી બયાન કર્યું છે કે બની હાશીમમાં કોઇ બીબીએ આંખમાં સુરમો અને વાળમાં ખીઝાબ નહોતો લગાવ્યો અને બની હાશીમમાંથી કોઈના ઘરમાં ધૂમાડો ઊઠતો જોવામાં નહોતો આવ્યો.(ચૂલો સળગાવવામાં નહોતો આવ્યો.) અહીંયા સુધી કે ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝીયાદની કતલની ખબર આવી.

બયાન કરવામાં આવ્યું છે કે જનાબે મુખ્તારે પોતાની અઢાર મહીનાની હુકૂમત દરમિયાન તે ૧૮,૦૦૦ માણસોને જહન્નમ વાસીલ કર્યા જેઓ ઇમામ હુસૈન(અલ.)ના કતલમાં ભાગીદાર હતા. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૩૮૬)

પરંતુ બીજી રીવાયતમાં આવ્યું છે કે ઈમામ હુસૈન(અલ.)ના ખૂનની ગરમી ખતમ ન થઇ એટલે સુધી કે મુખ્તાર બિન ઉબૈદે બળવો કર્યો અને

સીત્તેર હજાર માણસોને કતલ કર્યા. તેઓ પોતે કહેતા હતા: મેં ઇમામે હુસૈન(અલ.)ના ખૂનના બદલામાં જમીન પર સીત્તેર હજાર માણસોને કતલ કર્યા છે. અલ્લાહની કસમ ! જો હું તેમના બદલામાં જમીન પરના તમામ ઇન્સાનોને કતલ કરી નાખત તો પણ તેમના નખનો બદલો ના થઇ શકત. (ઇસ્બાતુલ વસીય્યહ,પાના-૧૬૮)

શોઅબે આરીમ

અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરે બની હાશીમની અઢાર વ્યક્તિઓ મુહમ્મદ બિન હનફીયા, અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને તે બધામાંથી એક હસન બિન હસન બિન અલી(અલ.)ને 'શોઅબે આરીમ' માં કેદ કરી દીધા અને તેમને કહ્યું: હું તમને મારી બયઅત માટે છ દિવસનો સમય આપું છું. જો મારી બયઅતથી મોઢું ફેરવશો તો હું તમારી ગરદન કાપી નાખીશ અથવા આગમાં બાળી નાખીશ. ત્યાર બાદ તેણે જુમ્આથી પહેલા જ તેમને આગમાં બાળવાનો નિર્ણય લઇ લીધો.

મસ્વરહ બિન મુખ્રીમાએ ભલામણ કરી અને અબ્દુલ્લાહ બિન ઝુબૈરને કસમ આપી કે બીજા જુમ્આ સુધી રાહ જુઓ. બીજો જુમ્આ આવ્યો તો મોહમ્મદ બિન હનફીયાએ પાણી માંગ્યું, ગુસ્લ કર્યું,

સફેદ લીબાસ પહેર્યો અને પોતાને હુનુત કર્યું. કેમકે તેમને આ વાતનું યકીન હતું કે તેમને જરૂર કતલ કરવામાં આવશે.

જનાબે મુખ્તારે કુફાથી ૪૦૦૦ માણસો અબુ અબ્દીલ્લાહ જદ્લીના નેતૃત્વમાં મુહમ્મદ બિન હનફીયાને નજાત અપાવવા માટે મોકલ્યા. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૪૯ પર લખ્યું છે કે અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરે તેમને ઝમઝમમાં કૈદ કર્યા હતા અને બાળવાની અને કતલ કરવાની ધમકી આપતો હતો અને તેના માટે સમયગાળો પણ નક્કી કરી દીધો હતો. જે લોકો મુહમ્મદ બિન હનફીયા સાથે કેદમાં હતા તેમણે ઇબ્ને હનફીયાને કહ્યું: તમે આ બનાવની જનાબે મુખ્તારને ખબર આપો. એટલા માટે મુહમ્મદ બિન હનફીયાએ જનાબે મુખ્તારને પત્ર લખ્યો અને તેમની પાસે મદદ માંગી. આપે મુહમ્મદ બિન હનફીયાનો પત્ર કુફાના

લોકોની સામે વાંચ્યો અને કહ્યું: અબ્દુલ્લાહ બિન ઝુબૈર તેમને બાળવા અને કતલ કરવા માંગે છે. હું અબુ ઇસ્હાક નથી જો તેમની મદદ ન કરૂં અને પૂરની જેમ સતત સવારોને ન મોકલું. આ સાંભળીને કુફા વાસીઓ રોવા લાગ્યા અને કહેવા લાગ્યા જલ્દી કરો અને અમને મોકલી દો. જનાબે મુખ્તારે અબુ અબ્દીલ્લાહની સરદારીમાં સીત્તેર બહાદુર માણસો મોકલ્યા અને તેમના પછી ઝીબ્યાન બિન અમ્મારની સાથે ચારસો માણસો મોકલ્યા અને મુહમ્મદ બિન હનફીયા માટે ચાર લાખ દીરહમ પણ મોકલ્યા. ત્યારબાદ અબુ મુઅમરની સાથે સો માણસો, હાની બિન કૈસ સાથે સો માણસો, ઉમૈર બિન તારીક સાથે ચાલીસ અને યુનુસ બિન ઇમરાન સાથે બીજા ચાલીસ માણસો મોકલ્યા.) તેઓ આવ્યા અને ઝાતે અરક પહોંચ્યા. તેમાંથી સીત્તેર માણસો ઝડપથી ઘોડા પર સવાર

થયા અને જુમ્આની સવારે મક્કામાં દાખલ થયા અને હાથોમાં હથિયાર લઇને બુલંદ અવાજથી યા મોહમ્મદ, યા મોહમ્મદ કહેતા કહેતા શોઅબે આરીમ સુધી પહોંચી ગયા અને મુહમ્મદ બિન હનફીયા અને બીજા કેદીઓને નજાત અપાવી.

મુહમ્મદ બિન હનફીયાએ હસન ઇબ્નુલ હસનને તે લોકો પાસે મોકલ્યા જેમને જનાબે મુખ્તારે મોકલ્યા હતા. તેઓ તેમની પાસે ગયા અને બુલંદ અવાજથી કહ્યું: તલવારોને નીયામમાં મૂકી દો. (શરહે નહ્જુલ બલાગાહ, ઇબ્ને અબીલ હદીદ,ભાગ ૨, પાના-૧૨૩)

પરંતુ ઇબ્ને અસીરે પોતાની તારીખમાં બયાન કર્યું છે કે તેમના હાથમાં લાકડીઓ હતી અને ૧૫૦ માણસો હતા. મસ્જીદમાં દાખલ થઇને તેમણે તે લાકડીઓ પર ફરેરો બાંધ્યો અને યા લસારાતીલ હુસૈનનો નારો બુલંદ કરીને ઝમઝમ

સુધી પહોંચી ગયા. અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરે કેદીઓને સળગાવવા માટે લાકડીઓ તૈયાર કરી લીધી હતી અને તેણે નક્કી કરેલા સમયગાળાના બે દિવસો બાકી રહી ગયા હતા કે જનાબે મુખ્તારના મોકલેલા માણસો તે જગ્યાનો દરવાજો તોડીને કે જ્યાં મુહમ્મદ બિન હનફીયાને કેદ કરી રાખ્યા હતા અંદર આવી ગયા અને તેમને કહ્યું : અમને રજા આપો કે અમે અલ્લાહના દુશ્મન અબ્દુલ્લાહ બિન ઝુબૈર સાથે જંગ કરીએ.

મુહમ્મદ બિન હનફીયાએ કહ્યું: હું હરમની જમીન પર જંગ પસંદ નથી કરતો.

અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરે કહ્યું: મને તે લોકો પર આશ્ચર્ય છે જેઓ હાથમાં લાકડીઓ લઇને યા લસારાતીલ હુસૈનનો નારો પોકારે છે જાણે કે મેં હુસૈન(અલ.)ને કતલ કર્યા છે. અલ્લાહની કસમ !

જો હુસૈન(અલ.)ના કાતીલો પર મને વર્ચસ્વ મળી ગયું તો હું જરૂર તેમને કતલ કરીશ.

જનાબે મુખ્તારે મુહમ્મદ બિન હનફીયા અને બીજા બની હાશીમને કૈદથી આઝાદ કરાવવા માટે જે લોકોને મોકલ્યા હતા તે ગિરોહને 'ખશબીય્યહ' કહેતા હતા. કેમ કે જ્યારે આ લોકો મક્કામાં દાખલ થયા તો તેમના હાથમાં લાકડીઓ હતી. તેમને આ વાત પસંદ ન હતી કે તેઓ હરમમાં તલવાર લઇને દાખલ થાય.(અરબીમાં લાકડીને ખશબ કહેવાય છે.)

અમુક લોકોએ આ પણ કહ્યું કે તેમને 'ખશબીય્યહ' કહેવાનું કારણ આ છે કે તેમણે તે લાકડીઓ ઉઠાવી હતી જે અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરે બની હાશીમને સળગાવવા માટે ભેગી કરી હતી.

અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરે જનાબે મુખ્તારના સિપાહીઓને કહ્યું: તમે શું એમ વિચારો છો કે હું

બયઅત લીધા વગર તેમને છોડી દઇશ ? આવું ક્યારેય નહીં થાય.

જનાબે મુખ્તારના સૈન્યના સેનાપતિ અબુ અબ્દુલ્લાહ જદલીએ તેને કહ્યું: તું મોહમ્મદ બિન હનફીયા તથા તેમના સાથીઓને છોડી દે. નહીં તો રૂકન અને મકામના પરવરદીગારની કસમ હું તારી સાથે જંગ કરીશ. મુહમ્મદ બિન હનફીયાએ તેમને જંગના ફીત્નાથી રોકયા.

ત્યાર બાદ જનાબે મુખ્તારના બાકી રહેલા ફોજીઓ ત્યાં પહોંચી ગયા. તેમની સાથે માલ પણ હતો. તેઓ તકબીર કહેતા અને યા લસારાતીલ હુસૈન(અલ.)નો નારો પોકારતા મસ્જીદુલ હરામમાં દાખલ થયા. અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરને તેમનો ડર લાગ્યો. મુહમ્મદ બિન હનફીયા અને તેમના સાથીઓ આઝાદ થઇ ગયા. તેમના સાથીઓ અબ્દુલ્લાહ બિન ઝુબૈરની નિંદા કરતા શોઅબે

અલીમાં ચાલ્યા ગયા અને તેમને કહ્યું: તમે અમને અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈર સાથે જંગ કરવાની રજા આપો. પરંતુ મુહમ્મદ બિન હનફીયાએ તેમને રજા ન આપી.

આ શોઅબમાં મુહમ્મદ બિન હનફીયાની પાસે ચાર હજાર માણસો ભેગા થઇ ગયા અને આપે તે માલ તેમના દરમિયાન વહેંચી દીધો. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના ૨૫૧)

બની હાશીમને મક્કાથી બહાર કાઢવું

જ્યારે અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરને એવું લાગ્યું કે તે બની હાશીમનો મુકાબલો નથી કરી શકતો અને તેમણે તેની બયઅત પણ નથી કરી. તેમના વિરૂદ્ધ જે આયોજન કર્યું હતું તે પણ અમલમાં નથી લાવી શક્યો તો તેણે બની હાશીમને મક્કાથી બહાર કાઢી મૂક્યા. તેણે મુહમ્મદ બિન હનફીયાને રીઝવા નામના વિસ્તારમાં દેશ નિકાલ કર્યા અને અબ્દુલ્લાહ બિન અબ્બાસને વર્ણન ન કરી શકાય તેવી સ્થિતિમાં તાએફમાં દેશ નિકાલ કર્યા.

અમુક લોકોએ બયાન કર્યું છે કે મુહમ્મદ બિન હનફીયા પણ તાએફ ચાલ્યા ગયા અને ત્યાં જ રોકાઇ ગયા. અહીં સુધી કે સન ૬૮ હીજરીમાં અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસનો ૭૧ વર્ષની ઉંમરમાં ઇન્તેકાલ થઇ ગયો. મુહમ્મદ બિન હનફીયાએ

તેમના જનાઝાની નમાઝ પઢી અને તેમને તાએફની જામેઅ મસ્જીદમાં દફન કરવામાં આવ્યા.

(તારીખે યઅકુબી,ભાગ ૨, પાના-૨૬૨)

મુસઅબ બિન ઝુબૈર

(જનાબે મુખ્તારે ઈરાક-કુફામાં અબ્દુલ્લાહ બિન ઝુબૈરના માણસોને હરાવ્યા અને કુફામાં પોતાની હુકૂમત બનાવી. ત્યારબાદ કુફામાં મુખ્તાર વિરૂદ્ધ બળવો થયો જેને 'વાકએ સબીઅ' કહેવામાં આવે છે. આ બળવાને કચડયા પછી ઘણાં બધા કુફાથી જનાબે મુખ્તારના ડરથી બસરા ભાગી ગયા અને ત્યાં પનાહ લીધી. બસરામાં મુસઅબ બિન ઝુબૈર ગવર્નર હતો. મુસઅબ, અબ્દુલ્લાહ બિન ઝુબૈરનો ભાઇ છે. અબ્દુલ્લાહ બિન ઝુબૈર મક્કામાં હતો અને પોતે ખલીફા હોવાનો દાવો કર્યો હતો. તેણે પોતાના ભાઇ મુસઅબને બસરામાં ગવર્નર બનાવ્યો હતો. હવે પછી આ મુસઅબ સાથે જનાબે મુખ્તારની જંગ થાય છે. એટલે કે હકીકતમાં આ જંગ અબ્દુલ્લાહ બિન ઝુબૈર સાથે છે.)

સબીઅના કીસ્સા પછી જેમાં એક જૂથે જનાબે મુખ્તારની વિરૂદ્ધ બળવો પોકાર્યો હતો જેને કચડી નાખવામાં આવ્યો હતો. આ બળવાખોરોનું એક જૂથ મુસઅબ બિન ઝુબૈર પાસે ભાગી ગયું હતું. તેમાંથી એક શીસ બિન રબીઇ પણ હતો. તે ઊંટ પર સવાર થયો અને તેની પૂંછડી અને કાન કાપી નાખ્યા અને પોતાની કબાને ફાડી નાખી અને બૂમો પાડતો નીકળ્યો. મુસઅબ બિન ઝુબૈરને ખબર પડી કે શીસ આવ્યો છે તો તેને મુસઅબ પાસે લાવવામાં આવ્યો. કુફાના બીજા સરદારો પણ આવ્યા અને મુસઅબની સામે કુફાના હાલાત બયાન કર્યા, તેની પાસે મદદ માંગી અને જનાબે મુખ્તાર સાથે જંગ કરવાનું કહ્યું.

મુહમ્મદ બિન અશઅસ આવ્યો તો તેણે જનાબે મુખ્તાર સાથે જંગ કરવા માટે મુસઅબ બિન ઝુબૈરને ઉશ્કેર્યો. મુસઅબે તેને દિલાસો આપ્યો અને

કુફાવાસીઓને કહ્યું: મને મુહલ્લબ બિન અબી સફરાના આવવા સુધી સમય આપો.

મુસઅબે મુહલ્લબને જે તેના તરફથી ફારસનો ગવર્નર હતો તેને પત્ર લખ્યો અને તેને જનાબે મુખ્તાર સાથે જંગ કરવાનું કહ્યું. મુહલ્લબે આવવામાં મોડું કર્યું કેમકે તે જનાબે મુખ્તાર સાથે જંગ કરવા નહોતો માંગતો.

મુસ્અબે તેને બોલાવવા માટે મુહમ્મદ બિન અશઅસને એક પત્ર લખીને તેની પાસે મોકલ્યો. મુહલ્લબે મુસઅબનો પત્ર વાંચીને મુહમ્મદ બિન અશઅસને કહ્યું: મુસઅબને તારા સિવાય બીજો કોઇ સંદેશવાહક નહોતો મળ્યો ?

મુહમ્મદ બિન અશઅસે કહ્યું: હું કોઇના માટે પત્ર નથી લાવ્યો પરંતુ એ કે અમારા ગુલામોએ અમારા પરિવાર પર કબ્જો કરી લીધો છે.

પ્રકરણ : ૫૪

મુહલ્લબ બિન અબી સુફ્રહનું નીકળવું

મુહલ્લબ ઘણો બધો માલ અને વિશાળ લશ્કર સાથે નીકળ્યો અને બસરા આવ્યો અને મુસઅબને કહ્યું: પુલ પાસે ફૌજી છાવણી નાખો.

અબ્દુર્રહમાન બિન મીખનફ

મુસઅબે અબ્દુર્રહમાનને કુફા મોકલ્યો જેથી લોકોને તેની મદદ કરવાની અને બસરા જવાની દાવત આપે.ઉપરાંત લોકોને મુખ્તાર પાસેથી દૂર કરે અને ખાનગીમાં અબ્દુલ્લાહ બિન ઝુબૈરની બયઅત લે. તે ત્યાંથી આવ્યો અને છૂપી રીતે પોતાના ઘરમાં બેસી ગયો અને પોતાની જવાબદારી પૂરી કરવાનો પ્રયત્ન કરતો રહ્યો. (કામીલ ઇબ્ને અસીર,ભાગ ૪, પાના-૨૬૭)

જનાબે મુખ્તારને જ્યારે મુસઅબના લશ્કરના નીકળવાની ખબર મળી તો તે મસ્જીદમાં આવ્યા અને પ્રવચન આપ્યું અને કહ્યું: અય કુફાવાળાઓ ! તમે દીનનું રક્ષણ કરનારા, હકની મદદ કરનારા, મઝલૂમોનું રક્ષણ કરનારા અને રસુલ અકરમ(સલ.)ના એહલેબૈતના શીઆ છો.

જાણી લો કે જે લોકોએ ઝુલ્મ કર્યો છે તેઓ હવે ભાગી ગયા છે અને પોતાના જેવા પાસે ભેગા થઇ ગયા છે. એટલું જ નહીં, તેઓ હકને કચડવા માટે અને બાતીલને ફેલાવવા માટે પોતાના જેવા ફાસીક માણસોને ઉશ્કેરી રહ્યા છે. જાણી લો કે જો તમે કતલ કરી દેવામાં આવ્યા તો પછી જમીન પર જૂઠા ઈબાદત કરનારાઓ સિવાય કોઇ બાકી રહેશે નહીં. એ પણ રસુલે અકરમ(સલ.)ના એહલેબૈતની નિંદા કરશે. એટલે તમે અલ્લાહ માટે ઊભા થાવ અને અહમર બની શમીતના પરચમ હેઠળ જંગ કરો. સમજી લો કે જ્યારે તમારો તેમની સાથે મુકાબલો થશે તો તમે કૌમે આદ અને કૌમે સમુદની જેમ તેમને કતલ કરશો.

(તારીખે તબરી,ભાગ ૮, પાના ૭૧૮)

બસરાથી મુસઅબનું નીકળવું

મુસઅબ જનાબે મુખ્તાર સાથે જંગ કરવાના ઇરાદાથી બસરાથી નીકળ્યો અને ઉબ્બાદ બિન હસીનને પોતાની આગળ રાખ્યો. ઉમર બિન અબ્દુલ્લાહને લશ્કરની જમણી બાજુ અને મુસઅબ બિન અબી સફ્રાને લશ્કરની ડાબી બાજુ રાખ્યો. માલીક બિન મસ્મઅને બક્ર કબીલાનો, માલીક બિન મન્ઝરને અબ્દુલ કૈસ કબીલાનો, અહનફ બિન કૈસને તમીમ કબીલાનો, ઝીયાદ બિન અમ્રને અઝ્દ કબીલાનો અને કૈસ બિન મૈસમને આલીયા લોકોનો અમીર નિમણુંક કર્યો.

જનાબે મુખ્તાર પણ કુફાથી બહાર નીકળ્યા અને 'હમ્મામ અઅયન' પર પોતાની સેનાને ભેગી કરી અને જે માણસો ઇબ્રાહીમ બિન અશ્તર સાથે હતા તેમને અહમર બિન શમીત સાથે મોકલ્યા અને

અબ્દુલ્લાહ બિન કામીલને કરાવીલ ટુકડીનો અમીર બનાવ્યો અને બંને દળો મઝારની (મઝાર વાસીત અને બસરા દરમિયાનની એક જગ્યાને કહે છે. મુઅજમુલ બુલ્દાન, ભાગ ૫, પાના-૮૮) જગ્યા પર એકબીજાની સામસામે ઊભા થઇ ગયા.

ભૂલ કે દગો

અબ્દુલ્લાહ બિન વહબ કે જે જનાબે મુખ્તારની ડાબી બાજુની સેનાના સેનાપતિ હતા તે લશ્કરના સેનાપતિ અહમર બિન શમીત પાસે આવ્યા અને કહ્યું: મવાલીયોમાંથી મોટા ભાગના સવાર છે અને તેમાં માત્ર એક નાનું જુથ પગપાળા છે. તમે પણ પગપાળા છો. શક્ય છે ઘમસાણ લડાઇ વખતે મવાલીઓ (મવાલી તે ઇરાનીઓ હતા જે તે જમાનામાં મોટી સંખ્યામાં કુફામાં રહેતા હતા ઇમામ અલી(અલ.) તેમનું ઘણું જ ધ્યાન રાખતા હતા અને જનાબે મુખ્તારે પણ તેમને મહત્વ આપ્યું હતું.) ભાગી જાય અને પગપાળી સેના હારી જાય. તેથી બહેતર છે કે તમે હુકમ આપી દો કે બધા જ પગપાળા જંગ લડે કે જો ભાગવાનો વારો આવે તો

તેઓ ભાગી ન શકે અને મજબૂર થઇને અડગતાથી જંગ કરે અને એકબીજાનો બચાવ કરે.

અબ્દુલ્લાહ બિન વહબે દગો આપ્યો, ખયાનત કરી કેમ કે જનાબે મુખ્તારની સેનામાં મવાલીઓની બહુમતી હતી. તેમને આઘાત લાગ્યો. અબ્દુલ્લાહ ચાહતો હતો કે જો જનાબે મુખ્તારનું લશ્કર હારી જાય તો મવાલીઓમાંથી કોઇ પણ મવાલી જીવતો ન રહે.

જનાબે મુખ્તારની સેનાના સરદાર અહમર બિન શમીતે આ અભિપ્રાયને સારો અને ભલાઇવાળો સમજયો અને સવારોને પગપાળા થઇ જવાનો હુકમ આપી દીધો.

(તારીખે તબરી,ભાગ ૮, પાના ૭૨૦)

હુમલાની શરૂઆત

મુસઅબના લશ્કરનો સેનાપતિ ઉબ્બાદ બિન હસીન જનાબે મુખ્તારની ફૌજના સેનાપતિ અહમર બિન શમીત અને મુખ્તારના સાથીઓની નજીક આવી ગયા. અહમરે તેને કહ્યું: હું તમને અલ્લાહની કિતાબ, રસુલ(સલ.)ની સુન્નત અને જનાબે મુખ્તારની બયઅતની દાવત આપું છું અને બધા એક થઇને ખિલાફતને શુરા દ્વારા આલે રસુલ(સલ.)ને સોંપી દઇએ.

ઉબ્બાદ પાછો ગયો અને મુસઅબને બધી માહિતી આપી. મુસઅબે કહ્યું : પાછા જાવ અને હુમલો કરો. તેથી તેણે અહમર બિન શમીત અને તેમના સૈનિકો પર હુમલો કરી દીધો. અહમર બિન શમીત પોતાની જગ્યાએ અડગ રહ્યા અને ભાગ્યા નહીં. ઉબ્બાદ ફરીથી પાછો ચાલ્યો ગયો.

ત્યાર બાદ મુહલ્લબ બિન અબી સફરહએ જનાબે મુખ્તારની સેનાની જમણી બાજુના સેનાપતિ અબ્દુલ્લાહ બિન કામીલ પર હુમલો કર્યો. થોડીક વાર યુદ્ધ ચાલ્યું અને મુહલ્લબ પણ પોતાની જગ્યાએ પાછો ચાલ્યો ગયો. તેણે પોતાના લશ્કરને ફરીથી હુમલો કરવાનું કહ્યું. આ વખતે ઇબ્ને કામીલના સૈનિકોએ મૈદાન છોડી દીધું. ઇબ્ને કામીલ પોતે હમદાન કબીલાના એક સમૂહ સાથે મુકાબલો કરતા રહ્યા. પરંતુ થોડીક જ વાર થઇ હતી કે તેમની પણ હાર થઇ અને પીછેહઠ કરી.

તે જ સમયે મુસઅબની સેનાની ડાબી બાજુના સેનાપતિ અબ્દુલ્લાહ બિન અનસે કુફાના લશ્કરની ડાબી બાજુ પર હુમલો કર્યો અને એક કલાક સુધી લડયા પછી પોતાની જગ્યાએ પાછો ફરી ગયો.

અહમર બિન શમીત પર મુસઅબની સેનાનો ચોથો હુમલો બધી જ ટુકડીઓનો સામુહિક હુમલો હતો. અહમર બિન શમીતે મુકાબલો કર્યો એટલે સુધી કે કતલ થઇ ગયા. તેમના સૈનિકો એકબીજાને અડગ રહેવાની દાવત આપતા હતા. મુહલ્લબે બૂમ પાડીને કહ્યું તમે શા માટે પોતાને હલાકતમાં નાખી રહ્યા છો ? ભાગી જાવ. તમારા માટે ભાગી જવું વધારે સારૂં છે. અલ્લાહની કસમ ! આજે હું મારા કબીલાનું વધારે નુકસાન જોઇ રહ્યો છું.

પછી અહમર બિન શમીતના સૈનિકો પર મુસઅબની સવાર ફૌજે હુમલો કર્યો. મુસઅબ બિન ઝુબૈરે પોતાના સેનાપતિ ઉબ્બાદને મોકલ્યો અને કહ્યું: જેને પણ પકડો તેની ગરદન ઉડાવી દો અને કોઇને કૈદી બનાવવાની જરૂર નથી.

ત્યાર બાદ કુફાવાસીઓના એક મોટા ટોળા સાથે મુહમ્મદ બિન અશઅસને મોકલ્યો. મુહમ્મદે પોતાની સેનાને કહ્યું: હવે તમારા લોહીનો બદલો લો. જેથી જેને પણ તેમણે ભાગતા જોયો કતલ કરી નાખ્યો. મુસઅબના સૈનિકોએ ઝુલ્મની હદ કરી નાખી. જનાબે મુખ્તારના સાથીદારોમાંથી માત્ર સવાર જ જાન બચાવી શક્યા. પગપાળા સૈનિકોમાંથી કદાચ કોઈ જીવતો બચ્યો હોય.

મુઆવીયા બિન કુર્રેહ બસરાનો કાઝી કહે છે મેં મારા એક નેઝાની અણી મુખ્તારના એક સૈનિકની આંખમાં મારીને ફેરવી દીધી અને કહ્યું: તેં પણ આવું જ કર્યું હતું.

તેણે કહ્યું: હા. તેમનું લોહી તુર્કીઓ અને અજમીઓ કરતા પણ વધારે જાએઝ છે.

(કામીલ ઇબ્ને અસીર,ભાગ ૪, પાના-૨૬૯)

સેનાની હાર

જ્યારે જનાબે મુખ્તારને તેમના લશ્કરના હારવાની ખબર મળી તો તેમને જણાવવામાં આવ્યું કે તમારા લશ્કરના મોટા મોટા સિપાહીઓ બધા જ માર્યા ગયા છે. તો તેમણે અબ્દુર્રહમાન બિન ઉમૈરના કાનમાં કહ્યું: અલ્લાહની કસમ ગુલામ અને મવાલી જેઓ બિન અનુભવી છે તેઓ માર્યા ગયા છે. પછી કહ્યું: અહમર બિન શમીત અને અબ્દુલ્લાહ બિન કામીલ પણ માર્યા ગયા. ફલાણા ફલાણા જીવતા નથી. અમુક લોકોના નામ લીધા અને પછી કહ્યું: આ તે લોકો હતા જેઓ મેદાને જંગમાં લશ્કર કરતા સારા હતા.

અબ્દુર્રહમાને કહ્યું: સાચે જ આ ઘણી મોટી દુર્ઘટના છે.

જનાબે મુખ્તારે જવાબ આપ્યો કે મૌતથી કોઈ ભાગી શકતું નથી. મારૂં પણ દીલ ચાહે છે કે ઇબ્ને શમીતની જેમ માર્યો જાઉં.

અબ્દુર્રહમાન કહે છે: તે વખતે હું સમજી ગયો કે જો જંગમાં મુખ્તારની મુસઅબ સાથે ન બની તો તે પોતાની છેલ્લી શ્વાસ સુધી જંગ કરશે.

(તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૬૯)

કુફા તરફ

મુસઅબ નીકળ્યો અને વાસીતથી પસાર થયો. તેનું અમુક લશ્કર જમીની રસ્તાથી અને અમુક પાણીમાં કશ્તીઓ દ્વારા જઇ રહ્યું હતું. જનાબે મુખ્તાર જેઓ મુસઅબની સેનાના મુકાબલામાં નીકળી ગયા હતા જ્યારે તેમણે આ જોયું તો નદીનું પાણી નાની નાની નહેરોમાં વહેંચી નાખ્યું. નદીનું પાણી કપાઇ ગયું અને તેમની કશ્તીઓ કીચડમાં ફસાઈ ગઇ. તેઓ કશ્તીઓથી ઊતર્યા અને ઘોડા પર સવાર થઇને કુફા તરફ ચાલ્યા ગયા.

હરૂવરાઅ

હરૂવરા કુફાની નજીક એક ગામ છે. (મુઅજમુલ બુલદાન, ભાગ ૨, પાના-૨૪૫)

જનાબે મુખ્તાર પોતાની સેના સાથે નીકળ્યા અને હરૂવરાઅમાં રોકાઇ ગયા. જેથી મુસઅબ અને કુફાના લશ્કરની વચમાં રૂકાવટ બની જાય. મુસઅબ પોતાના લશ્કર સાથે પહોંચી ગયો અને જનાબે મુખ્તારની સેના સામે આવી ગયો. મુસઅબે મુહલ્લબ બિન અબી સફરહને પોતાના લશ્કરની જમણી બાજુનો અમીર બનાવ્યો અને ઉમર બિન ઉબૈદુલ્લાહને ડાબી બાજુની ફૌજનો અમીર બનાવ્યો અને સવાર લશ્કરનો સેનાપતિ ઉબાદ બિન હસીનને નક્કી કર્યો.

જનાબે મુખ્તારે પણ પોતાની સેનાની જમણી બાજુનો અમીર સલીમ બિન યઝીદ કુન્દીને,

ડાબી બાજુનો અમીર સઇદ બિન મુન્કીઝ હમદાનીને અને સવાર ફોજનો અમીર ઉમર બિન અબ્દુલ્લાહને બનાવ્યો અને પગપાળા સેનાની રહેબરી માલીક બિન અબ્દુલ્લાહને સોંપી.

ત્યાર બાદ જનાબે મુખ્તારે પોતાના સહાબીઓમાંથી એક વ્યક્તિને બસરાના પાંચેય કબીલા પાસે મોકલ્યા. સઇદ બિન કૈસે બકરના કબીલા અને અબ્દુલ બિન કૈસ પર જે મુસઅબની સેનાના જમણી બાજુ પર હતો તેના પર હુમલો કરી દીધો અને ઘમસાણ લડાઇ થઇ. મુસઅબે કોઇના મારફત મુહલ્લબને બોલાવ્યો અને તેને કહ્યું: હુમલો કરો. મુહલ્લબે કહ્યું: હું મોકાની શોધમાં છું.

જનાબે મુખ્તારે અબ્દુલ્લાહ બિન જોઅદહને હુકમ આપ્યો કે જે લોકો તમારી સામે આવી ગયા છે તેમના પર હુમલો કરો. અબ્દુલ્લાહ બિન જોઅદહએ આલીયા કબીલા પર જબરદસ્ત હુમલો કર્યો અને

તેમને મુસઅબની જગ્યા સુધી પાછળ ધકેલી દીધો. મુસઅબ અને તેના સૈનિકોએ જમીન પર ગોઠણ ટેકીને એક કલાક સુધી મુકાબલો કર્યો. અબ્દુલ્લાહ બિન જોઅદહ પોતાની જગ્યાએ પાછા આવી ગયા.

પછી મુહલ્લબે પોતાની સેના સાથે જનાબે મુખ્તારના લશ્કર પર સખત હુમલો કર્યો અને તેમને વેરવિખેર કરી દીધા (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૭૦) અને તે સમયે મુખ્તારના લશ્કરના એક સરદાર અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર નહદ જેઓ સીફ્ફીનમાં હઝરત અલી(અલ.) સાથે હતા તેમણે કહ્યું: અય અલ્લાહ ! હું આજે પણ આ જ અકીદા પર બાકી છું જેના પર ગુરૂવારના દિવસે સીફ્ફીનમાં હતો. અય અલ્લાહ ! હું તે સમૂહથી નફરત કરૂં છું જે મેદાનમાં મુકાબલો કરવાથી ભાગી ગયા છે. ત્યાર બાદ તલવાર ખેંચીને જંગ શરૂ કરી અને છેલ્લા શ્વાસ સુધી લડતા રહ્યા.

ત્યાર બાદ પગપાળા સેનાના સેનાપતિ માલીક બિન અમ્ર નહદ જેઓ જંગમાં વ્યસ્ત હતા પોતાનો ઘોડો લાવ્યા અને તેના પર સવાર થયા અને જનાબે મુખ્તારનું લશ્કર વિખેરાઇ ગયા પછી કહ્યું: અલ્લાહની કસમ મારી નજરમાં ઘરમાં કતલ થવા કરતા બહેતર છે કે આ જ જગ્યાએ જાન તેના પેદા કરનારને સોંપી દઉં ત્યારે બુલંદ અવાજથી કહ્યું: અય બસીરત રાખનારાઓ! તમે ક્યાં છો ? તેમની અવાજ પર લગભગ પચાસ માણસો ભેગા થઇ ગયા. તેમણે સૂર્યાસ્ત વખતે મુહમ્મદ બિન અશઅસના સૈનિકો પર હુમલો કર્યો. આ જ લોકો તેમનાથી નજીક હતા. તેમાં મુહમ્મદ બિન અશઅસ અને તેના સાથી માર્યા ગયા. તે વખતે મુખ્તારે બુલંદ અવાજમાં ફરીથી હુમલો કરવાનો હુકમ આપ્યો.

ખોટો અભિપ્રાય

જે માણસો જનાબે મુખ્તાર સાથે હતા તેમાંથી અમુક લોકોએ એવો અભિપ્રાય આપ્યો કે અય અમીર તમે શેની રાહ જુઓ છો ? તમારા સાથીઓ વેરવિખેર થઇ ગયા છે. કોઇ પણ પોતાની જગ્યાએ રહ્યો નથી. દારૂલ અમારહમાં પાછા ચાલ્યા જાવ.

જનાબે મુખ્તારે કહ્યું : અલ્લાહની કસમ, હું ઘોડા પરથી નીચે નથી ઉતર્યો કે સવાર થઇ જાઉં. જ્યારે મારા સાથીઓ ચાલ્યા ગયા તો મારો ઘોડો લાવો અને હારવાની સ્થિતિમાં દારૂલ અમારહ તરફ નીકળી ગયા.

સવાર થઇ તો સાથીઓએ જોયું કે તેમની કાંઇ ખબર નથી. અમુક લોકોએ કહ્યું કે તેઓ કતલ કરી દેવામાં આવ્યા. આ સાંભળીને તેઓ ભાગીને

ઘરોમાં છૂપાઇ ગયા. જે લોકો જંગથી થાકી ગયા હતા, બીજો સમૂહ દારૂલ અમારહ તરફ ગયો. આ હજાર માણસો હતા. જ્યારે કે શરૂઆતમાં તેઓ વીસ હજાર હતા. દારૂલ અમારહમાં પહોંચ્યા તો ત્યાં જનાબે મુખ્તારને જોયા પછી દારૂહ અમારહમાં દાખલ થઇ ગયા. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૭૧)

મુસઅબ અમુક બસરી અને અમુક કુફીઓ સાથે સબ્બા તરફ ગયો. ત્યાં મુહલ્લબને જોયો તો તેને કહ્યું: જો મુહમ્મદ બિન અશઅસ કતલ ન થયા હોત તો જીત કેટલી સારી હતી.

તેણે ક્હ્યું : તમે સાચું કહો છો. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાન-૨૭૨)

પ્રકરણ : ૫૫

મુખ્તારનો ઘેરાવ

મુસઅબે કુફાના દારૂલ અમારહને 'જ્યાં મુખ્તાર અને તેના સાથીઓએ આશ્રય લીધો હતો' ઘેરી લીધો અને તેમના પર ખાવા પીવાનો સામાન બંધ કરી દીધો. જનાબે મુખ્તાર અને તેમના સાથી દારૂલ અમારાથી બહાર નીકળતા, થોડીક જંગ કરતા અને પછી અંદર ચાલ્યા જતા હતા. પરંતુ કમજોર પડી ગયા હતા. અમુક લોકોની પત્નીઓ પણ દારૂલ અમારહમાં હતી. તેઓ અમુક વખતે થોડી ઘણી ખાવા પીવાની સામગ્રી લાવતી હતી. મુસઅબને જ્યારે આ વાતની જાણ થઈ તો તેણે આ રસ્તો પણ બંધ કરી દીધો. હવે તેમના માટે પરેશાની વધી ગઇ. પ્યાસથી જનાબે મુખ્તાર અને તેમના સાથીઓ ખૂબ જ પરેશાન હતા. જનાબે

મુખ્તારે કહ્યું: દારૂલ અમારહમાં જે કૂવા છે તેમાં થોડુક મધ નાખી દેવામાં આવે જેથી તેનું પાણી પીવા લાયક બની જાય.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાન-૨૭૨)

મુખ્તારનો અભિપ્રાય

જનાબે મુખ્તારે પોતાના સાથીઓને કહ્યું: આ ઘેરાવના કારણે આપણે દિવસે ને દિવસે કમજોર બનતા જઇએ છીએ. ચાલો બહાર નીકળીને જંગ કરીએ. જો માર્યા ગયા તો ઝીલ્લત સાથે મારવામાં ન આવીએ. અલ્લાહની કસમ હું નાઉમેદ નથી. તમે મારી વાત માનશો તો અલ્લાહ જરૂર તમારી મદદ કરશે.

જનાબે મુખ્તારના સાથીઓએ પોતાને કમજોર અને લાચાર બતાવ્યા. મુખ્તારે તેમને કહ્યું: અલ્લાહની કસમ ! હું ક્યારેય પોતાને તેમના હવાલે નહીં કરૂં અને મારા હથિયાર નહીં મુકી દઉં.

અબ્દુલ્લાહ બિન જોઅદહ બિન હુબૈરાએ જ્યારે આવી પરિસ્થિતિ જોઇ તો દારૂલ અમારહથી નીચે ઉતર્યો અને પોતાના અમુક દોસ્તો પાસે જઇને છૂપાઇ ગયો. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૭૩)

મુખ્તાર અને સાએબ બિન માલીક

જનાબે મુખ્તારે સાએબ બિન માલીકને (જ્યારે મુખ્તાર કુફાથી બહાર ગયા હતા તો સાએબ તેમના ઉત્તરધિકારી હતા) કહ્યું તમારો શું મત છે ?

સાએબે કહ્યું: તમારો શું વિચાર છે ?

જનાબે મુખ્તારે કહ્યું: અફસોસ છે તમારી હાલત પર! હું અરબ છું. મેં જોયું કે અબ્દુલ્લાહ બિન ઝુબૈરે હીજાજ પર કબ્જો કરી લીધો છે અને ઇબ્ને નજ્દાએ યમામા પર વર્ચસ્વ મેળવી લીધું છે અને ઇબ્ને મરવાને શામ પર કબ્જો કરી લીધો છે. હું પણ તેમના જેવો એક છું. ફક્ત તફાવત એટલો છે કે મેં આલે રસુલ(સલ.)ના લોહીનો બદલો લેવાનું ચાહ્યું તેથી એક જૂથને જે તેમના કતલમાં સામેલ હતા તેમને કતલ કર્યા જ્યારે કે બીજા તેને ભૂલી ગયા હતા. જો તમારી નીય્યત પાક, સાફ

અને ખાલીસ નથી તો ઓછામાં ઓછું તમારી આબરૂ અને મરતબાનો તો બચાવ કરો અને આ જ નીય્યતથી જંગ કરો.

સાએબે કહ્યું ઇન્નાલિલ્લાહી વ ઇન્ના ઇલયહી રાજીઉન તો પછી અમે આ મકસદ માટે કેવી રીતે જંગ કરીએ અને જો પોતાની આબરૂ અને મરતબા માટે જંગ ન કરી તો તેનો મતલબ એમ કે અમે કોઇ કામ નથી કર્યું.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાન-૨૭૩)

મુખ્તારની સાચી આગાહી

જનાબે મુખ્તારે દારૂલ અમારહથી નીકળતા સમયે પોતાના સાથીઓને કહ્યું: જો હું માર્યો જઇશ તો તમે ઝલીલ અને કમજોર થઇને ઘરે જશો અને જો તમે મુસઅબ અને તેના સાથીઓની વાતને સાંભળી તો તમારા દુશ્મનો તમને પોતાના કતલ થએલાઓના બદલામાં કતલ કરી નાખશે અને તમે પોતાના દોસ્તોને કતલ થએલા જોશો અને કહેશો કે અફસોસ આપણે મુખ્તારની વાત માની હોત અને તેમના કહેવા પર અમલ કર્યો હોત. જો તમે મારી સાથે બહાર નીકળ્યા અને કામયાબ પણ ન થયા તો પણ તમે અપમાનિત થઇને નહીં મરો (બલકે ઇઝ્ઝતની મોત મરશો) અને બીજી પરિસ્થિતિમાં તમે જમીન પરના સૌથી તુચ્છ અને પસ્ત ઇન્સાન બની જશો.

જનાબે મુખ્તારનું કતલ થવું

જયારે જનાબે મુખ્તારે પોતાના સાથીઓની કમજોરી અને નાફરમાની જોઇ તો તેમણે દારૂલઅમારહથી નીકળીને મુસઅબના લશ્કર સાથે જંગ કરવાનો ઇરાદો કર્યો. કોઇને પોતાની પત્ની ઉમ્મે સાબીત બિન સમરહ બિન જુન્દુબની પાસે મોકલ્યા. તેમની પત્નીએ જનાબે મુખ્તાર માટે થોડુંક અત્તર મોકલ્યું. આપે ગુસ્લ કર્યું અને હુનુત લગાવ્યું. ચેહરા પર પણ અત્તર લગાવ્યું. પોતાના નજીકના સાથીઓ સાથે કે જેમાં સાએબ બિન માલીક અશ્અરી પણ બહાર નીકળ્યા અને મુસઅબના લશ્કરને સંબોધીને કહ્યું: જો હું બહાર નીકળું તો મને અમાન આપજો.

તે લોકોએ કહ્યું : જે તમારા માટે હુકમ હશે તે કબૂલ કરવો પડશે.

જનાબે મુખ્તારે કહ્યું: હું ક્યારેય પોતાને તમારા હવાલે નહીં કરું.

ત્યાર બાદ મુસઅબના સાથીઓએ જનાબે મુખ્તારને કતલ કરવા માટે જંગ શરૂ કરી. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૭૪)

જનાબે મુખ્તારને બની હનફીયા કબીલાના બે માણસો તરફા અને તર્રાફ બિન અબ્દુલ્લાહ દજાજાએ કતલ કર્યા. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાન-૨૭૩ પરંતુ તતીમ્મતુલ મુન્તહામાં લખ્યું છે કે જનાબે મુખ્તારનો કાતીલ અબ્દુર્રહમાન બિન અસદ હનફી છે.)

યઅકુબી ઇતિહાસકારે લખ્યું છે કે તે સમયમાં જનાબે મુખ્તાર ઘણાં જ બીમાર હતા. મુખ્તાર અને મુસઅબ દરમિયાન સખત લડાઇ થઇ અને આ હુમલાઓ ચાર મહીના સુધી ચાલતા રહ્યા. એટલે સુધી કે જનાબે મુખ્તારના સાથીઓ ધીરે ધીરે

તેમને છોડીને ચાલ્યા ગયા. તેમની પાસે થોડાક જ માણસો રહી ગયા. જનાબે મુખ્તાર મહેલમાં આવી ગયા અને મુસઅબના લશ્કરે મહેલને ઘેરી લીધો.

જનાબે મુખ્તાર અને તેમના સાથીઓ રોજ મહેલથી નીકળતા અને જંગ કરતા અને ફરીથી મહેલમાં ચાલ્યા જતા હતા. એક દિવસ તેઓ મહેલથી નીકળ્યા અને મુસઅબના લશ્કર સાથે સખત જંગ લડી અને જંગ કરતા માર્યા ગયા. તેમના સાથીઓ પાછા મહેલમાં ચાલ્યા ગયા અને ત્યાં આશ્રય લીધો. તેમની સંખ્યા સાત હજાર હતી. મુસઅબે તેમને અમાન આપી અને એક કરાર લખવામાં આવ્યો અને વાયદો કર્યો કે મહેલમાં આશ્રય લેનારાઓને દરેક રીતે અમાન આપવામાં આવશે. પરંતુ તેણે પોતે આપેલા વચનનો ભંગ કર્યો અને મહેલમાં આશ્રય લેનારા બધાની જ ગરદન ઉડાડી દીધી. મુસઅબ બિન ઝુબૈરનું વચન

ભંગ અને ખયાનત તે મોટી ખયાનતોમાંથી એક છે જે ઇસ્લામમાં પ્રખ્યાત છે. (તારખી યાકુબી, ભાગ ૨, પાના-૨૯૩)

આ રીતે જનાબે મુખ્તારની આગાહી સાચી પડી. બુજૈર બિન અબ્દુલ્લાહે મુખ્તારના માર્યા ગયા પછી મહેલમાં ઘેરાએલા લોકોને કહ્યું: ગઇ કાલે મુખ્તારે તમને સલાહ આપી હતી અને તમે ન માન્યા અને જો તમે આ સમૂહ સામે હથિયાર નાખી દીધા અને પોતાને તેમને સોંપી દીધા તો તેઓ તમને ઘેટા બકરાની જેમ કતલ કરશે. પોતાની તલવાર કાઢી લો. જો માર્યા ગયા તો પણ ઝલીલ અને અપમાન સાથે નહીં માર્યા જાવ. તે લોકોએ કહ્યું: જ્યારે મુખ્તારે અમને હુકમ આપ્યો અમે તેમની વાત ન માન્યા તો શું અમે તમારી વાત માનશું ? તે લોકોએ પોતાને મુસઅબને સોંપી દીધા અને તેનો હુકમ કબૂલ કરી લીધો.

મુસઅબે ઉબ્બાદ બિન હસીનને મોકલ્યો કે તેમના હાથ બાંધીને બહાર લાવો અને તેમને બધાને જ કતલ કરી નાખવામાં આવ્યા. જ્યારે કે તેઓ પસ્તાવો કરી રહ્યા હતા કે અમે જનાબે મુખ્તારના હુકમને કેમ ન માન્યો.

વર્ણન થયું છે કે જે લોકોએ મહેલમાં આશ્રય લીધો હતો તેમને બહાર લાવવામાં આવ્યા અને મુસઅબની સામે હાજર કરવામાં આવ્યા. જે લોકો અરબ જાતિના હતા શરૂઆતમાં મુસઅબ તેમને આઝાદ કરવા માંગતો હતો અને બિનઅરબને કતલ કરવા ચાહતો હતો. પરંતુ તેના સાથીઓએ આ વાતને કબૂલ ન કરી અને બધાને જ કતલ કરવાની ઇચ્છા બતાવી. (કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાન-૨૭૩)

આ મવાલીયોમાંથી હતા. ઘણાં બધા લોકો સાથે તેમને પણ મુસઅબ પાસે લાવવામાં આવ્યા. તેમણે કહ્યું: અલ્લાહતઆલા અમને કેદી અને તમને માફી અને બક્ષિસ દ્વારા પરીક્ષા લઇ રહ્યો છે કે એકમાં પરવરદીગારની ખુશી અને બીજામાં તેની નારાઝગી છે. જે માણસ બીજાને માફ કરે છે અલ્લાહ પણ તેને માફ કરે છે અને તેને ઇઝ્ઝત આપે છે અને જે સજા આપે છે તે (કીસાસ) સજા અને બદલાથી બચી નથી શક્તો.

પછી કહ્યું: અય ઝુબૈરના દીકરા ! અમે તમારા દીન પર છીએ. અમારો અને તમારો કીબ્લો એક જ છે. અમે તુર્ક અને દૈલમમાંથી નથી. અમે અમારા શહેરવાસીઓનો વિરોધ કર્યો. અમારાથી ભૂલ થઇ અથવા તેમનાથી ભૂલ થઈ. અમે તે

મુસલમાનોની જેમ છીએ જેઓએ એકબીજા સાથે જંગ કરી અને પછી સુલેહ કરી અને એક થઇ ગયા. તો પછી અમને માફ કરીને તારી બહાદુરી અને મરદાનગીને સાબીત કર.

આ વાતોથી મુસઅબ અને અમુક બીજા લોકોના દીલો નરમ પડી ગયા અને તેમને આઝાદ કરવાનો નિર્ણય લીધો.

(તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૭૫)

અબ્દુર્રહમાન બિન મુહમ્મદ બિન અશ્અસ

આ હજ્જાજ તરફથી સજીસ્તાનનો અમીર હતો. જ્યારે હજ્જાજે ઝુલ્મ શરૂ કર્યો તો અબ્દુર્રહમાન અને આલીમો અને સાલેહ ઇન્સાનોમાંથી એક સમૂહે તેની સાથે જંગ કરી. જેના પરિણામે અબ્દુર્રહમાનનું લશ્કર હારી ગયું. તેણે રતબીલમાં પનાહ લીધી. કહેવાય છે કે તે ક્ષય રોગના કારણે મર્યો. અમુક લોકોએ કહ્યું છે કે તેણે પોતાને મહેલ પરથી નીચે ફેંકીને હલાક કર્યો. આ હિ.સ.૮૪ નો બનાવ છે. (સૈરે અઅલામુન્નબવી, ભાગ ૪, પાના-૧૮૩)

અબ્દુર્રહમાન ઊભો થયો અને મુસઅબને સંબોધીને કહેવા લાગ્યો કે જો તમે તેને આઝાદ કરશો તો અમને તમારાથી દૂર કરી દેશો. પછી અમારી પાસે કોઇ જાતની આશા ન રાખજો. અમને તમારી સાથે રાખો અથવા તેમને તમારી સાથે રાખો. કેમ કે અમારા

અને તેમના દરમિયાન ક્યારેય સુલેહ નથી થઈ શક્તી.

પછી અબ્દુર્રહમાન બિન સઇદ ઊભો થયો. તેણે પણ આવી જ વાતો કહી. કુફાના અગ્રણીઓએ પણ તેમને સમર્થન આપ્યું. જેના કારણે મુસઅબે બધાને કતલ કરવાનો હુકમ આપ્યો. તે બધા આજીઝી કરવા લાગ્યા: અય ઝુબૈરના દીકરા ! અમને કતલ ન કરો. અમને શામીઓ સાથે જંગ માટે આગળ રાખો. તમે અમારાથી સ્વતંત્ર નથી થઇ શક્તા. પરંતુ મુસઅબે તેમની બૂમો પર ધ્યાન ન આપ્યું.

બુજૈરે કહ્યું: મને આ લોકોથી અલગ કતલ કરશો. જેથી મારૂં ખુન તેમના ખુનથી ભેગું ના થાય. કેમ કે તે લોકોએ તસલીમ થવામાં મારી વાત નહોતી માની. (તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૭૫)

તેણે મુસઅબ બિન ઝુબૈરને સંબોધીને કહ્યું: અય ઝુબૈરના દીકરા ! અલ્લાહની બારગાહમાં તું શું જવાબ આપીશ કે તું આટલા બધા લોકોને કતલ કરે છે જેમણે પોતાને તારા હવાલે કર્યા હતા. જ્યારે કે હક આ છે કે કીસાસ સિવાય કોઇ કતલ કરવામાં ન આવે.

જો અમારામાંથી અમુકે તારા માણસોને કતલ કર્યા છે તો તમે અમારામાંથી એટલા જ માણસોને કતલ કરો અને બાકીના લોકોને આઝાદ કરી દો. કેમ કે અમારા દરમિયાન એવા માણસો પણ છે કે જેમણે કોઇ પણ જંગમાં ભાગ નથી લીધો. બલકે તેઓ પહાડો અને ગામડાઓમાં રહીને ટેક્સ (વેરો) આપતા હતા.

પરંતુ મુસઅબ અને તેમના સાથીઓએ મુસાફીરની પણ વાત ન સાંભળી.

મુસાફીરે કહ્યું: અલ્લાહ ખરાબ કરે તે લોકોનું જેમને મેં એવું કહ્યું હતું કે એક ગલીથી હુમલો કરો અને સમુહને વેરવિખેર કરીને પોતાની કૌમ અને કબીલા સાથે જોડાઈ જાવ. પરંતુ તેમણે મારી વાત ન સાંભળી. હવે ગુલામોની જેમ અમને મારવામાં આવી રહ્યા છે.

ત્યાર બાદ મુસઅબને કહ્યું: મારી તને વિનંતી છે કે મને આ લોકોથી અલગ કતલ કરો. જેથી તેમના લોહીમાં મારૂ લોહી ભેગું ન થાય. માટે તેને એક કીનારે લઇ જઇને કતલ કરી દેવામાં આવ્યા.

આ લોકોની સંખ્યા જેમને મુસઅબે કતલ કર્યા છે ૬૦૦૦ હતી, આ સંખ્યા તેને છોડીને છે. જે મુખ્તાર સાથે જંગમાં માર્યા ગયા હતા.

(તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૭૬)

અબ્દુલ્લાહ બિન ઉમર

મુસઅબ બિન ઝુબૈર એક દિવસ અબ્દુલ્લાહ બિન ઉમરની મુલાકાત માટે ગયો. તેણે અબ્દુલ્લાહ બિન ઉમરને સલામ કરી તો તેણે તેનાથી મોઢું ફેરવી લીધું.

મુસઅબે કહ્યું: હું તમારો ભત્રીજો મુસઅબ છું.

અબ્દુલ્લાહ બિન ઉમરે કહ્યું: હા, તું તે જ છે જેણે એક દિવસમાં ૭૦૦૦ મુસલમાનોને કતલ કર્યા. હવે તું જેટલું ચાહે ઐશ કરી લે.

મુસઅબે કહ્યું: અલ્લાહની કસમ, મેં જે લોકોને કતલ કર્યા છે તેઓ મુસલમાન ન હતા, બલકે કાફીર અને ફાજીર હતા.

અબ્દુલ્લાહે તેને કહ્યું: અલ્લાહની કસમ, જેટલા માણસોને તેં કતલ કર્યા છે તેટલા પ્રમાણમાં

જો તેં ઘેટા બકરાઓને મારી નાખ્યા હોત જે તને તારા વાલેદૈન તરફથી વારસામાં મળ્યા હોત તો પણ ઇસરાફ (ફુઝૂલખર્ચી-ઝુલ્મ) થાત.

(તજારૂબુલ ઉમમ, ભાગ ૨, પાના-૧૭૬)

જનાબે મુખ્તારની પત્નીઓ

જ્યારે મુસઅબે અસીરોને કતલ કરી નાખ્યા તો તેણે જનાબે મુખ્તારની પત્નીઓને બોલાવી અને તેમની પત્ની ઉમ્મે સાબીત બીન્તે સમરહ બિન જુન્દુબને કહ્યું: મુખ્તાર વિશે તમારો શું વિચાર છે ?

ઉમ્મે સાબીતે કહ્યું: તેમના વિશે હું એ જ કહું છું જે તમે કહો છો. મુસઅબે તેને આઝાદ કરી દીધી.

મુખ્તારની બીજી પત્ની ઉમરહ બીન્તે નોઅમાન બિન બશીર અન્સારીને કહ્યું: તમે શું કહો છો?

ઉમરહે કહ્યું: અલ્લાહ તેમના પર રેહમત નાઝીલ કરે તે અલ્લાહના નેક બંદા હતા. (યઅકુબીએ તારીખમા લખ્યું છે કે ઉમરહએ મુસઅબના જવાબમાં કહ્યું : મુખ્તાર મુત્તકી, પાક

અને રોઝેદાર હતા, અય અલ્લાહના દુશ્મન તું તેમની પાકીઝગી વિશે બયાન કરીશ? મુસઅબે કહ્યું: તેની ગરદન ઉડાવી દો, ઇસ્લામમાં આ પહેલી ઔરત છે જેને આવી રીતે કતલ કરવામાં આવી. - તારીખે યઅકુબી, ભાગ ૨, પાના-૨૬૪)

મુસઅબે તેમને કેદ કરી દીધા અને પોતાના ભાઇ અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરને પત્ર લખ્યો કે આ સ્ત્રીનો અકીદો આ છે કે મુખ્તાર પૈગમ્બર હતા.

અબ્દુલ્લાહે જવાબ લખ્યો કે તેને કતલ કરી નાખો.

પછી મુસઅબના સૈનિકોમાંથી એક સૈનિકે તેમને ત્રણ વારથી કતલ કરી નાખ્યા જ્યારે કે તે બૂમો પાડી રહ્યા હતા યા અબતાહ (અય બાબા)!

તે સમયે જનાબે મુખ્તારની પત્ની(ઉમરહ)ના ભાઇ અબાન બિન નોઅમાન બિન

બશીરે કાતીલને એક તમાચો માર્યો અને કહ્યું: અય નાલાયક, તેં મારી બહેનને વાર કરીને ખુનમાં ડૂબાડી દીધી.

તે ફૌજી અબાનને મુસઅબ પાસે લાવ્યો અને કહ્યું કે અબાને મને તમાચો માર્યો છે.

મુસઅબે કહ્યું: તેને જવા દો અને કાંઇ ન કહો. તેણે પોતાની બહેનના કતલનું કરૂણ દ્રશ્ય જોયું છે.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૭૫)

જનાબે મુખ્તારની લાશ

મુસઅબના હુકમથી જનાબે મુખ્તારના હાથ કાપીને મસ્જીદની દીવાલ પર રાખીને તેના પર ખીલીઓ ઠોકવામાં આવી અને હજ્જાજના આવતા સુધી આ જ રીતે રહ્યું. હજ્જાજે હાથ જોયા તો પૂછયું કે આ શું છે? લોકોએ બતાવ્યું કે આ મુખ્તારના હાથ છે. તેણે હુકમ આપ્યો કે હાથને દીવાલ પરથી ઉતારીને નીચે મૂકી દો.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૭૫)

કુફ્રામાં જનાબે મુખ્તારની હુકૂમતનો સમયગાળો

કુફ્રામાં જનાબે મુખ્તારની હુકૂમતનો સમયગાળો દોઢ વર્ષ છે.

(તનકીહુલ મકાલ, ભાગ ૩, પાના-૨૦૬)

કતલ થવાના સમયે તેમની ઉમર ૬૭ વર્ષની હતી. તેઓ ૧૪ રમઝાન, ૬૭ હીજરી ના કતલ કરવામાં આવ્યા.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૭૮)

ઉરવહ બિન ઝુબૈર

જ્યારે મુસઅબે મુખ્તારને મારી નાખ્યા તો મક્કામાં અબ્દુલ્લાહ બિન ઝુબૈરને આ વાતની ખબર આપી અને મુખ્તારનું સર તેની પાસે મોકલ્યું. ઉરવહ બિન ઝુબૈરે ઇબ્ને અબ્બાસને કહ્યું: કઝ્ઝાબ(જુઠો) મુખ્તાર માર્યો ગયો અને આ તેનું સર છે.

અબ્દુલ્લાહ બિન અબ્બાસે કહ્યું: હજી તમારી સામે મોટી ચટાન છે. જો તમે તેનાથી પસાર થઇ ગયા તો કામયાબ થઇ જશો. ઇબ્ને અબ્બાસનો મતલબ અબ્દુલ મલીક બિન મરવાન હતો જેના હાથમાં તે સમયે શામની હુકૂમત હતી.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૨૭૮)

અબ્દુલ્લાહ બિન ઝુબૈર

અબ્દુલ્લાહ બિન ઝુબૈરને જ્યારે મક્કામાં મુખ્તારના કતલની ખબર મળી તો તેણે ઇબ્ને અબ્બાસને કહ્યું: શું તમે કઝ્ઝાબ (જૂઠા)ની ખબર નથી સાંભળી?

ઇબ્ને અબ્બાસે કહ્યું: કોણ કઝ્ઝાબ?

અબ્દુલ્લાહ બિન ઝુબૈરે કહ્યું: અબુ ઉબૈદનો દીકરો મુખ્તાર.

ઇબ્ને અબ્બાસે કહ્યું: મને જનાબે મુખ્તારના કતલ થવાની ખબર મળી હતી.

અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરે કહ્યું: લાગે છે તમે તેને કઝ્ઝાબ કહેવું સહીહ નથી સમજતા. તેના કતલનો તમને અફસોસ છે ?

ઇબ્ને અબ્બાસે કહ્યું: તે મર્દ હતો કે જેણે અમારા કાતીલોને કતલ કર્યા અને અમારા લોહીનો

બદલો લીધો અને અમારા દીલોના જખમોને સાજા કર્યા. તો પછી અમારા તરફથી તેનો બદલો આ ન હોવો જોઇએ કે અમે તેને ખરાબ કહીએ.

(કામીલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાન-૨૭૮)

જનાબે મુખ્તારની કબ્ર

જનાબે મુખ્તારની કબ્ર મસ્જિદે કુફામાં પૂર્વ તરફની દિવાલ સાથે જોડાએલી છે.

(તારીખે નજફ વ હીરહ, પાના-૧૪૪)

અને આજે તો મુસ્લીમ બિન અકીલ(અલ.)ની કબ્રથી નજીક છે. તેમ છતાં મસ્જિદે કુફાના સહેનથી બહાર છે. પરંતુ અંદર જવાનો રસ્તો મસ્જીદની અંદરથી છે.

(તારીખે કુફા, અલ મીબરાકી, પાના-૮૫)